# ACKNOWLEDGEMENT

We sincerely express our gratitude to **“Kahan Smruti Prakashan, Songadh”** from where we have sourced **“Shree Nay Pragnaapan”**.

**“Shree Kahan Smruti Prakashan, Songadh”** have taken due care, However, if you find any error, for which we request all the reader to kindly inform us at info@vitragvani.com or to **“Shree Kahan Smruti Prakashan, Songadh”**

# નય-પ્રજ્ઞાપન

[૪૭ નયોદ્વારા અનેકાન્તસ્વભાવી આત્માનું વર્ણન]

卐

'પ્રવચનસાર'ના પરિશિષ્ટ ઉપર
પરમ પૂજ્ય આત્મજ્ઞ સદ્ગુરુદેવ
શ્રી કાનજીસ્વામીનાં સૂક્ષ્મ ન્યાયયુક્ત પ્રવચનોનો સાર

: પ્રકાશક :

કહાન સ્મૃતિ પ્રકાશન

: પ્રાપ્તિસ્થાન :

કહાન સ્મૃતિ પ્રકાશન
'સંત-સાન્નિધ્ય', સોનગઢ-૩૬૪૨૫૦

પ્રથમ આવૃત્તિ : પ્રત-૧૦૦૦, સંવત ૨૦૧૭, ઈ.સ. ૧૯૬૧
દ્વિતીય આવૃત્તિ : પ્રત-૧૦૦૦, સંવત ૨૦૫૬, ઈ.સ. ૨૦૦૦

પડતર કિંમત રૂા. ૫૦=૦૦ વેચાણ કિંમત રૂા. ૧૦=૦૦

: મુદ્રક :
સ્મૃતિ ઓફસેટ
જૈન વિદ્યાર્થી ગૃહ કંપાઉન્ડ,
સોનગઢ-૩૬૪૨૫૦
ફોન : (૦૨૮૪૬) ૪૪૩૮૧

# મંગલં કુંદકુંદાર્યો

**હું આત્માના નિજવૈભવથી શુદ્ધાત્મા દેખાડું છું.**
**તે તમે સ્વાનુભવથી પ્રમાણ કરજો.**



**અહો, આનંદમય સ્વાનુભૂતિપ્રધાન નિજવૈભવના બળથી સમયસારની અચિંત્ય રચનાદ્વારા સમ્યક્ત્વના મહામંત્રો આપીને જેમણે શુદ્ધાત્મા દેખાડ્યો તે શ્રી પરમગુરુને નમસ્કાર હો.**

# નિવેદન

ભગવાન શ્રી તીર્થંકરદેવો તો સાક્ષાત્ દિવ્યધ્વનિદાતાર છે. તે દિવ્યધ્વનિમાં આવેલ અપૂર્વ તત્ત્વોનું અમૃતમય રહસ્ય શ્રી આચાર્ય ભગવંતોએ શ્રી સમયસાર, પ્રવચનસાર આદિ અધ્યાત્મશાસ્ત્રોમાં ભરી દીધું છે, પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ તે અધ્યાત્મ શાસ્ત્રોનાં રહસ્યો ખોલનારાં અનેક પ્રવચનો પોતાની અમોઘ આત્મસ્પર્શી અનુભવપૂર્ણ વાણી દ્વારા આપ્યાં છે. તે સર્વનો જગતના જીવો ઉપર અનંત ઉપકાર છે.

જેમ શ્રી સમયસારજીના પરિશિષ્ટમાં શ્રી અમૃતચંદ્રાચાર્યે ૪૭ શક્તિઓનું વર્ણન કર્યું છે, (આ શક્તિઓ ઉપરનાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં અપૂર્વ પ્રવચનો "આત્મપ્રસિદ્ધિ" નામના પુસ્તકમાં પ્રસિદ્ધ થયાં છે.) તેમ શ્રી પ્રવચનસારજીના પરિશિષ્ટમાં તેમણે ૪૭ નયોનું વર્ણન કર્યું છે. આ વર્ણન ઘણું જ અલૌકિક છે.

નયોના સંબંધમાં વર્તમાન કાળે અનેક પ્રકારના વિપરીત અભિપ્રાયો પ્રવર્તે છે. તે સર્વનું નિરાકરણ થઈ જાય એવાં અદ્ભુત અને સૂક્ષ્મ ન્યાયયુક્ત પ્રવચનો પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ વીર નિર્વાણ સં. ૨૪૭૭માં સોનગઢમાં આપેલાં, તે આ ગ્રંથમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે. આમાં ૪૭ નયો ઉપરનાં પ્રવચનોની લેખમાળા 'આત્મધર્મ'ના જુદા જુદા અંકોમાં અગાઉ આવી ગયેલ છે. તે પુસ્તકાકારે પ્રસિદ્ધ કરવાની સંમતિ આપવા બદલ તેના લેખક તથા સંપાદક મહોદયના અમો અત્યંત ઋણી છીએ. ત્યારપછી પરિશિષ્ટમાં જે મૂળ લખાણ બાકી રહ્યું તેના ઉપરનાં પ્રવચનો 'સદ્ગુરુપ્રવચન-પ્રસાદ'માં આવી ગયાં છે. તે બધાંનો સંગ્રહ કરીને અહીં પુસ્તકાકારે પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે. મિથ્યાત્વરૂપી ઝેર ઉતારવા માટે આમાં પૂ. ગુરુદેવે અપૂર્વ સંજીવની આપી છે, તે બદલ તેમનો ઉપકાર માનીએ છીએ.

આ 'નય-પ્રજ્ઞાપન' નામના ગ્રંથની પ્રથમ આવૃત્તિ રાજકોટથી બહાર પડી ગઈ છે. અને આ ગ્રંથ વાંચીને એક મુમુક્ષુભાઈને અતિ ઉલ્લાસ આવી જવાથી તેમના તરફથી આ બીજી આવૃત્તિ છપાવવાની ભાવના દર્શાવી અને બધો જ ખર્ચ તેમણે આપેલ છે. આવી ઉદારતા માટે તેમનો આભાર માનવામાં આવે છે. તેમનું આ કાર્ય પ્રસંશનીય અને અનુકરણીય છે.

આ આવૃત્તિ, પ્રથમ આવૃત્તિના અક્ષરશઃ જ લીધેલ છે. અને અમો પ્રથમ આવૃત્તિના કાર્ય કર્તાઓના પણ આભારી છીએ. આ પુસ્તક ખૂબ જ ખંતથી સ્મૃતિ ઓફસેટે છાપી આપેલ છે તેનો પણ અમો આભાર માનીએ છીએ.

જગતના જીવો આ નયોના યથાર્થ સ્વરૂપ સમજી આત્મકલ્યાણ સાધે અને નયાતીતદશાની પ્રાપ્તિ કરે એવી ભાવના ભાવીએ છીએ.

સોનગઢ
સંવત ૨૦૫૬, ઈ.સ. ૨૦૦૦
વૈશાખ સુદ ૨

શ્રી કહાન સમૃતિ પ્રકાશન
સોનગઢ




પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

[પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલ હસ્તાક્ષર]

ॐ

સાધક જીવને વર્તમાનમા વર્તતા
ધ્યાનમા હોય એવા લાયક ધર્મોમાં કેટલાક
કાયમી ધર્મો છે, કેટલાક વર્તમાન પર્યાયના
ધર્મો છે. તેને બરાબર જાણી યથાર્થ જ્ઞાન
કરવું તે પ્રમાણ જ્ઞાન છે.

આત્મામાં રહેલી શક્તિઓ-ગુણો તો અનાદિ અનંત છે. પણ નય સાધકને જ હોય છે, ૪૭ નયો દ્વારા સાધક જીવ શુદ્ધ ચૈતન્યમાત્ર આત્મતત્ત્વને કઈ રીતે સાધે છે તે દર્શાવવામાં આવ્યું છે. નય દ્વારા વર્ણિત ધર્મોમાંથી કેટલાક સાધક અવસ્થામાં જ વર્તે છે, સાધ્ય અવસ્થા થતાં તેનું માત્ર જ્ઞાન રહી જાય છે.


અહો આવું વેદન! આવો આનંદ!
एगो मे सासदो अप्पा
જગતથી જુદું મારું જ્ઞાન તત્ત્વ
अहमिक्को....
આનન્દ સરોવર આત્મા

# વિષયસૂચી


| ક્રમાંક | | | | નય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| | આત્મા કોણ છે. | .... | .... .... | | ૧ |
| ૧ | દ્રવ્યનયે | આત્માનું | વર્ણન | ૧ | ૧૧ |
| ૨ | પર્યાયનયે | ,, | ,, | ૨ | ૧૬ |
| ૩ | અસ્તિત્વનયે | ,, | ,, | ૩ | ૧૯ |
| ૪ | નાસ્તિત્વનયે | ,, | ,, | ૪ | ૨૭ |
| ૫ | અસ્તિત્વ-નાસ્તિત્વનયે | ,, | ,, | ૫ | ૩૬ |
| ૬ | અવક્તવ્યનયે | ,, | ,, | ૬ | ૪૨ |
| ૭ | અસ્તિત્વ-અવક્તવ્યનયે | ,, | ,, | ૭ | ૪૪ |
| ૮ | નાસ્તિત્વ-અવક્તવ્યનયે | ,, | ,, | ૮ | ૪૫ |
| ૯ | અસ્તિત્વ-નાસ્તિત્વ-અવક્તવ્યનયે | ,, | ,, | ૯ | ૪૬ |
| ૧૦ | વિકલ્પનયે | ,, | ,, | ૧૦ | ૫૧ |
| ૧૧ | અવિકલ્પનયે | ,, | ,, | ૧૧ | ૫૩ |
| ૧૨ | નામનયે | ,, | ,, | ૧૨ | ૫૪ |
| ૧૩ | સ્થાપનાનયે | ,, | ,, | ૧૩ | ૫૯ |
| ૧૪ | દ્રવ્યનયે | ,, | ,, | ૧૪ | ૬૨ |
| ૧૫ | ભાવનયે | ,, | ,, | ૧૫ | ૭૩ |
| ૧૬ | સામાન્યનયે | ,, | ,, | ૧૬ | ૭૫ |
| ૧૭ | વિશેષનયે | ,, | ,, | ૧૭ | ૭૮ |
| ૧૮ | નિત્યનયે | ,, | ,, | ૧૮ | ૮૩ |
| ૧૯ | અનિત્યનયે | ,, | ,, | ૧૯ | ૮૫ |
| ૨૦ | સર્વગતનયે | ,, | ,, | ૨૦ | ૮૭ |
| ૨૧ | અસર્વગતનયે | ,, | ,, | ૨૧ | ૯૩ |
| ૨૨ | શૂન્યનયે | ,, | ,, | ૨૨ | ૯૬ |
| ૨૩ | અશૂન્યનયે | ,, | ,, | ૨૩ | ૧૦૧ |
| ૨૪ | જ્ઞાનજ્ઞેય-અદ્વૈતનયે | ,, | ,, | ૨૪ | ૧૦૩ |
| ૨૫ | જ્ઞાનજ્ઞેય-દ્વૈતનયે | ,, | ,, | ૨૫ | ૧૦૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬ | નિયતિનયે | આત્માનું વર્ણન | ૨૬ | ૧૧૧ |
| ૨૭ | અનિયતિનયે | ,, ,, | ૨૭ | ૧૧૯ |
| ૨૮ | સ્વભાવનયે | ,, ,, | ૨૮ | ૧૨૫ |
| ૨૯ | અસ્વભાવનયે | ,, ,, | ૨૯ | ૧૨૮ |
| ૩૦ | કાળનયે | ,, ,, | ૩૦ | ૧૩૨ |
| ૩૧ | અકાળનયે | ,, ,, | ૩૧ | ૧૩૬ |
| ૩૨ | પુરુષકારનયે | ,, ,, | ૩૨ | ૧૩૯ |
| ૩૩ | દૈવનયે | ,, ,, | ૩૩ | ૧૪૦ |
| ૩૪ | ઈશ્વરનયે | ,, ,, | ૩૪ | ૧૪૫ |
| ૩૫ | અનીશ્વરનયે | ,, ,, | ૩૫ | ૧૪૮ |
| ૩૬ | ગુણીનયે | ,, ,, | ૩૬ | ૧૫૨ |
| ૩૭ | અગુણીનયે | ,, ,, | ૩૭ | ૧૫૬ |
| ૩૮ | કર્તૃનયે | ,, ,, | ૩૮ | ૧૫૮ |
| ૩૯ | અકર્તૃનયે | ,, ,, | ૩૯ | ૧૬૩ |
| ૪૦ | ભોક્તૃનયે | ,, ,, | ૪૦ | ૧૬૯ |
| ૪૧ | અભોક્તૃનયે | ,, ,, | ૪૧ | ૧૭૪ |
| ૪૨ | ક્રિયાનયે | ,, ,, | ૪૨ | ૧૭૭ |
| ૪૩ | જ્ઞાનનયે | ,, ,, | ૪૩ | ૧૯૧ |
| ૪૪ | વ્યવહારનયે | ,, ,, | ૪૪ | ૧૯૩ |
| ૪૫ | નિશ્ચયનયે | ,, ,, | ૪૫ | ૨૦૦ |
| ૪૬ | અશુદ્ધનયે | ,, ,, | ૪૬ | ૨૦૪ |
| ૪૭ | શુદ્ધનયે | ,, ,, | ૪૭ | ૨૦૭ |
| ૪૮ | આત્મપ્રાપ્તિનો ઉપાય | ,, ,, | | ૨૦૯ |

नमः श्री सिद्धेभ्यः

नमः अनेकान्ताय

# નય-પ્રજ્ઞાપન

[શ્રી પ્રવચનસાર (ગુજરાતી પૃષ્ઠ ૪૩૭ થી ૪૪૬ સુધી)ના પરિશિષ્ટમાં ૪૭ નયો દ્વારા 'આત્મા કોણ છે અને તે કઈ રીતે પ્રાપ્ત કરાય છે?' એ સંબંધીનું વર્ણન છે, તેના ઉપર પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં વિશિષ્ટ અપૂર્વ પ્રવચનોનો સાર.]

(વીર સં. ૨૪૭૭ના જેઠ વદ ૩ થી શરૂ)

પ્રવચનસારમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે રચેલી ૨૭૫ ગાથાઓ પૂરી થઈ છે, હવે શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે રચેલું 'પરિશિષ્ટ' વંચાય છે. જેમ મંદિર ઉપર કળશ ચડાવે તેમ આ પરિશિષ્ટમાં 'આત્મા કેવો છે ને તેની પ્રાપ્તિ કઈ રીતે થાય છે' તેનું વર્ણન કરીને આચાર્યદેવે પ્રવચનસાર ઉપર કળશ ચડાવ્યો છે.

## શિષ્યની જિજ્ઞાસા ને આચાર્યદેવની કરુણા

**"આ આત્મા કોણ છે, કેવો છે અને કઈ રીતે પ્રાપ્ત કરાય છે, એવો પ્રશ્ન કરવામાં આવે તો તેનો ઉત્તર પૂર્વે કહેવાઈ ગયો છે અને અહીં ફરીને પણ કહેવામાં આવે છે.''**

જેને આત્માની બહુ ઝંખના થઈ હોય તે શિષ્ય વારંવાર આત્માની વાત પૂછ્યા કરે છે. જેમ જેને પુત્રનો પ્રેમ છે તે વારંવાર તેની સંભાળ કરે છે, તેમ જેને આત્માનો પ્રેમ જાગ્યો છે—આત્માનું કલ્યાણ કરવાની ધગશ જાગી છે તે જીવ આત્માનું સ્વરૂપ સમજવા માટે વારંવાર પ્રશ્ન પૂછે છે. જેને જેની જરૂરિયાત જણાય તેમાં તેનું જ્ઞાન-શ્રદ્ધા ને પુરુષાર્થ વળ્યા વગર રહે નહિ. શિષ્યને આત્માનું રટણ લાગ્યું છે એટલે વારંવાર પ્રશ્ન પૂછે છે કે પ્રભો! આ મારો આત્મા કેવો છે? ને તેની પ્રાપ્તિ કેવી રીતે થાય? આવું પૂછનાર શિષ્યને આચાર્યદેવ ફરીથી પણ આત્માનું સ્વરૂપ સમજાવે છે. 'આ આત્મા કોણ છે' એવું પૂછનાર શિષ્યને આત્માની દરકાર થઈ છે એટલે તેની રુચિ અને જ્ઞાનનો પ્રયત્ન આત્મસ્વભાવ તરફ વળ્યા વગર રહેશે નહીં.

અહીં આચાર્યપ્રભુ કહે છે કે 'જો પ્રશ્ન કરવામાં આવે તો' અમે તેનો ઉત્તર કહીએ છીએ. જેને સમજવા માટે ઝંખનાથી પ્રશ્ન ઊઠ્યો છે તેવા શિષ્યને માટે અમારો ઉપદેશ છે, કાપડના ફેરિયાની જેમ કે શાકભાજી વેચનારની જેમ કોઈના ઘરે જઈને પરાણે સમજાવતા નથી; જેને તૃષા લાગી નથી

તેને પાણી પાતા નથી, જેને ભૂખ લાગી નથી તેને ખવરાવતા નથી, તેમ જેને આત્માની દરકાર થઈ નથી તેવા જીવોને અમે સંભળાવતા નથી, પણ જેને આત્માની ધગશ છે તેને જ અમારો ઉપદેશ આપવામાં આવે છે.

શ્રીગુરુ પાસે જઈને 'આત્મા કોણ છે' એમ પૂછનાર જીવને પ્રથમ તો આત્માના અસ્તિત્વની શ્રદ્ધા છે, સાચા દેવ-ગુરુ કેવા હોય તેની શ્રદ્ધા છે, ને તેવા ગુરુ પાસે જઈને આત્મા સમજવા માટે ધા નાખી છે, એવા સુપાત્ર શિષ્યને આચાર્યદેવ આ પરિશિષ્ટ વડે સમજાવે છે, તે શિષ્ય આત્મસ્વરૂપને પામ્યા વગર રહે જ નહીં.

શિષ્યને એક આત્મા સમજવાની જ ઝંખના છે એટલે બીજા કોઈ આડાઅવળા પ્રશ્ન ન પૂછતાં આત્માનો જ પ્રશ્ન પૂછ્યો છે કે પ્રભો! આ આત્મા કેવો છે ને તેની પ્રાપ્તિ કેમ થાય? પુણ્ય—પાપની, સ્વર્ગ—નરકની કે કર્મની વાત ન પૂછી પણ આત્માની જ વાત પૂછી; બીજું બધું જાણપણું તો અનંતવાર કર્યું છે પણ પોતાનો આત્મા કેવો છે તે જ પૂર્વે કદી જાણ્યું નથી, તેથી શિષ્ય તે જ સમજવા માંગે છે. પુણ્ય કેમ થાય અને સ્વર્ગ કેમ મળે—એમ શિષ્ય નથી પૂછતો પણ આત્મા કેવો છે ને તેની પ્રાપ્તિ કેમ થાય?—એમ પૂછે છે, તે પ્રશ્નમાં જ તેની આત્મા સમજવાની પાત્રતા આવી જાય છે.

વળી પ્રશ્ન પૂછવામાં પણ 'આ આત્મા કેવો છે'—એમ કહીને પોતાના આત્માને જુદો પાડીને પૂછે છે. **'આ આત્મા'** એમ કહેવામાં પોતે પોતાના આત્મા તરફ વળવા માંગે છે, બીજા આત્માની સામે જોતો નથી. પોતે અંતર્મુખ થઈને પોતાના આત્માને જાણતાં બીજાના આત્મા કેવા છે તે પણ જણાઈ જાય છે, કેમ કે જેવો પોતાના આત્માનો સ્વભાવ છે તેવો જ દરેક આત્માનો સ્વભાવ છે.

'હે પ્રભો! આ મારો આત્મા કેવો છે? તે હું જાણવા માંગું છું.'—આમ પૂછનાર શિષ્યને આત્માની ધગશ એવી છે કે તે મોક્ષની લાયકાતવાળો જ છે, તે અલ્પકાળે આત્માને સમજીને મોક્ષ પામવાનો છે; આવો પ્રશ્ન જેને અંતરમાંથી ઊગ્યો તે આત્મસ્વભાવ સમજીને મોક્ષ પામ્યા વગર રહે જ નહિ. પોતે પૂર્વે જે કાંઈ સાંભળ્યું અને જાણ્યું છે તે બધા જાણપણા ઉપર મીંડાં વાળીને, પક્ષપાત છોડી દઈને, શ્રીગુરુ પાસે જઈને વિનયપૂર્વક પૂછે છે કે હે ભગવાન! આ મારો આત્મા કેવો છે અને પોતાને પોતાની પ્રાપ્તિ કેવી રીતે થાય?—આમ પૂછનારને પરની—પૈસા વગેરેની કે પુણ્યની પ્રાપ્તિની ભાવના નથી પણ આત્મસ્વભાવને જાણીને તેની જ પ્રાપ્તિની ભાવના છે, તેથી જિજ્ઞાસુ થઈને એકલા આત્માનો જ પ્રશ્ન પૂછ્યો છે.

જો કે પૂર્વે 'આત્મા કોણ છે અને તે કેમ પ્રાપ્ત થાય' તે વાત કહેવાઈ તો ગઈ છે, પરંતુ અહીં શિષ્યની જિજ્ઞાસાને પૂરી કરવા માટે શ્રી આચાર્યદેવ આ પરિશિષ્ટમાં ફરીને પણ તે વાત સમજાવે છે.

અનાદિકાળથી સંસારમાં રખડતા જીવે બહારમાં પરનું તો કાંઈ કર્યું જ નથી, પરને લેવું કે

મૂકવું તે આત્માના હાથની વાત છે જ નહિ. અનાદિથી અજ્ઞાન ભાવે જીવે વિકારી ભાવો જ કર્યા છે ને તેને જ પોતાનું સ્વરૂપ માનીને રખડ્યો છે. તેને બદલે હવે આત્માનું હિત કરવાનો—આત્માના આનંદની પ્રાપ્તિ કરવાનો જેને ભાવ થયો છે એવો શિષ્ય આત્મા સમજવા માટે પ્રશ્ન પૂછે છે. અનાદિથી પૂર્વે જે કર્યું તેના કરતાં કાંઈક નવું કરવું છે એવા શિષ્યને અંતરની જિજ્ઞાસાથી પ્રશ્ન ઊઠ્યો છે કે પ્રભો! આ આત્મા કોણ છે ને તેની પ્રાપ્તિ કેમ થાય છે? એવા શિષ્યને સમજાવવા માટે આ પરિશિષ્ટ દ્વારા તે વાત ફરીને પણ કહેવામાં આવે છે.

જુઓ! અહીં જે શિષ્ય જિજ્ઞાસાથી પૂછે છે કે 'પ્રભો! આત્મા કોણ છે અને કેવી રીતે તે પ્રાપ્ત થાય?' એવા શિષ્યને તે ફરીથી સમજાવે છે. જેને આત્માનું સ્વરૂપ જાણીને તે પ્રાપ્ત કરવાની પિપાસા જાગી છે, 'હું કોણ છું' એવો જિજ્ઞાસાનો પ્રશ્ન જાગ્યો છે તેમ જ 'આત્મા કઈ રીતે પમાય—કઈ રીતે તેનો અનુભવ થાય' એવો પ્રશ્ન જેને ઊગ્યો છે એવા શિષ્યને આચાર્યદેવ ફરીથી પણ આત્માનું સ્વરૂપ જણાવે છે. પહેલાં જ્ઞાન અધિકાર, જ્ઞેય અધિકાર અને ચરણાનુયોગમાં જે વર્ણન કર્યું તેમાં આત્મા કોણ છે અને તેની પ્રાપ્તિ કેમ થાય એ બંને વાત આવી તો જાય છે, પણ અહીં ફરીથી બીજી ઢબથી આચાર્યદેવ તે વાત સમજાવે છે.

શિષ્યના પ્રશ્નમાં બે વાત મૂકી છે : એક તો—આત્મા કેવો છે? અને બીજું—તે કઈ રીતે પ્રાપ્ત થાય? આત્મા કેવો છે તેનું જ્ઞાન કરું અને તેની પ્રાપ્તિની ક્રિયા કરું—એમ શિષ્યના પ્રશ્નમાં સમ્યગ્જ્ઞાન અને ચારિત્ર બંનેની વાત આવી જાય છે. શિષ્ય પાત્ર થઈને પૂછે છે કે હે નાથ! મારો આત્મા કોણ છે તે જાણ્યા વિના હું અનાદિથી સંસારમાં રખડ્યો છું, તેથી 'આત્માનું સ્વરૂપ શું છે? અને તેની પ્રાપ્તિ કઈ રીતે થાય છે? તે મને સમજાવો,—કે જે સમજીને હું આત્માની પ્રાપ્તિ કરીને પરમાત્મા થઈ જાઉં ને મારે ફરીને અવતાર ન રહે.'

જુઓ! શિષ્ય કોઈ બીજા આડાઅવળા પ્રશ્ન નથી પૂછતો પણ 'આ મારો આત્મા કેવો છે' એમ જ પૂછે છે. જેમ બજારમાં જાય ત્યાં જે વસ્તુ લેવી હોય તેના ભાવ પૂછે. કિંમતી હીરો લેવો હોય તે કાંઈ શાકવાળાની દુકાને ભાવ પૂછવા ન જાય. તેમ જે શિષ્યને આત્માની દરકાર થઈ છે તે પૂછે છે કે હે પ્રભો! આત્મા કેવો છે અને તેની પ્રાપ્તિ કેમ થાય? તે સમજાવો.

—એમ પૂછનાર જિજ્ઞાસુ શિષ્યને આચાર્યદેવ ફરીથી વિશેષપણે આ પરિશિષ્ટ દ્વારા સમજાવે છે; પહેલાં તે કથન આવી તો ગયું છે પણ જિજ્ઞાસુને માટે હજી ફરીને કહેવામાં આવે છે. અમે નિરર્થક બકવાદ નથી કરતાં, તેમ જ કોઈના ઘરે જઈને પરાણે ઉપદેશ નથી દેતા, પણ વિનયથી સમજવા માટે જે જિજ્ઞાસુ પૂછે છે તેને કહેવામાં આવે છે;—એ વાત, 'પ્રશ્ન કરવામાં આવે તો' એમ કહીને આચાર્યદેવે જણાવી દીધી છે. પ્રશ્નની ભાષા તો જડ છે, પણ તેની પાછળનો વાચ્યભાવ એવો છે કે શિષ્યને અંદર તે જાતની-આત્મા સમજવાની-ભાવના જાગી છે. આવા પાત્ર શિષ્યને સમજાવવા માટે અમે ફરીથી આત્માનું વર્ણન કરીએ છીએ. અહા! જુઓ, આચાર્યપ્રભુની કરુણા અને શિષ્યની પાત્રતા!

આત્મા કેવો છે તે જાણીને મારે મારું કલ્યાણ કરવું છે એવી જેને ભાવના થઈ હોય તેને જ આવો પ્રશ્ન ઊઠે છે અને તેને જ આચાર્યદેવ સમજાવે છે. જે જીવ સમજીને ઠરી ગયો હોય તેને તો આવા પ્રશ્નનો વિકલ્પ નથી ઊઠતો, તેમ જ જેને સમજવાની દરકાર જ નથી તેને પણ આવો જિજ્ઞાસાનો પ્રશ્ન ઊઠતો નથી ને તેને માટે આ કહેવાતું નથી. પણ જેને અંતરમાં જિજ્ઞાસા જાગી છે અને વિનયથી પૂછે છે એવા શિષ્યને માટે આચાર્યદેવ ફરીને 'આત્મા કેવો છે' તે કહે છે.—

## અનંતનયાત્મક શ્રુતપ્રમાણથી પ્રમેય થતો આત્મા

**'પ્રથમ તો, આત્મા ખરેખર ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત અનંત ધર્મોનું અધિષ્ઠાતા (સ્વામી) એક દ્રવ્ય છે, કારણ કે અનંત ધર્મોમાં વ્યાપનાર જે અનંત નયો તેમાં વ્યાપનારું જે એક શ્રુત-જ્ઞાનસ્વરૂપ પ્રમાણ તે પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે (તે આત્મદ્રવ્ય) પ્રમેય થાય છે.–જણાય છે'.**

આ ભગવાન આત્મા એક દ્રવ્ય છે ને તેમાં અનંત ધર્મો છે. એકેક આત્મા અનંત ધર્મોનો અધિષ્ઠાતા એટલે કે સ્વામી છે. અનંત ધર્મો ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત છે અનંત ધર્મોને રહેવાનું સ્થાન આત્મા છે. ધર્મો અનંતા હોવા છતાં તેને ધરનાર એક જ દ્રવ્ય છે. જગતમાં બધા થઈને એક જ આત્મા છે—એમ નથી, જગતમાં ભિન્ન ભિન્ન અનંત આત્માઓ છે, ને તે દરેક આત્મા અનંતધર્મવાળો છે. દરેક આત્મા અનંતધર્મોના આધારરૂપ એક દ્રવ્ય છે, કેમ કે અનંત ધર્મોને જાણનાર જે અનંત નયો છે તેમાં વ્યાપનારા એક શ્રુતજ્ઞાનપ્રમાણપૂર્વક સ્વાનુભવથી આત્મા જણાય છે.

એક આત્મપદાર્થમાં અનંત ધર્મો છે, ને તેને જાણનારા શ્રુતપ્રમાણમાં અનંત નયો છે. એકેક ધર્મને જાણનાર એકેક નય, એ રીતે અનંત ધર્મને જાણનારા અનંત નયો છે; જેમ અનંત ધર્મો એક આત્મદ્રવ્યમાં સમાઈ જાય છે તેમ અનંત નયો એક શ્રુત જ્ઞાનમાં સમાઈ જાય છે. જેમ પોતાના અનંત ધર્મોમાં એક દ્રવ્ય વ્યાપ્યું છે તેમ તે ધર્મોને જાણનારા અનંતા નયોમાં શ્રુતજ્ઞાન-પ્રમાણ વ્યાપ્યું છે. કોઈ કહે કે છદ્મસ્થને પોતાના આત્માની ખબર ન પડે,-તો તે વાત ખોટી છે. અહીં તો કહ્યું કે અનંતનયોવાળા શ્રુતજ્ઞાનથી અનંતધર્મોવાળો આખો આત્મા જણાઈ જાય છે, સ્વસન્મુખ વળતા શ્રુતજ્ઞાનથી આખો આત્મા સ્વાનુભવમાં આવી જાય છે.

આત્મા કેવો છે? અને તે કઈ રીતે જણાય? એ બંને વાત આમાં આવી જાય છે.

આત્મા કેવો છે?—કે આત્મા ખરેખર ચૈતન્યસામાન્યથી વ્યાપ્ત અનંતધર્મોવાળું એક દ્રવ્ય છે.

તે આત્મા કઈ રીતે જણાય છે?—તો કહ્યું કે આત્માના અનંતધર્મોને જાણનારા જે અનંત નયો, તેમાં વ્યાપ્ત શ્રુતજ્ઞાન પ્રમાણવડે સ્વાનુભવથી આત્મદ્રવ્ય જણાય છે.

અહીં અનંત ધર્માત્મક પોતાનો આત્મા તે પ્રમેય છે ને અનંત નયાત્મકશ્રુતજ્ઞાન તે પ્રમાણ છે; એવા પ્રમાણ વડે સ્વાનુભવથી પોતાનો આત્મા પ્રમેય થાય છે—જણાય છે. પર નિમિત્તથી કે રાગના વિકલ્પથી આવો આત્મા પ્રમેય થતો નથી પણ સાધકને સ્વસન્મુખ વળતા શ્રુતજ્ઞાનથી જ આવો આત્મા પ્રમેય થાય છે. અનંત ધર્મવાળા આત્માને જેમ છે તેમ ન કબૂલે તો તેનું નિર્વિકલ્પ

સ્વસંવેદન થાય નહિ. આવા આત્માને સ્વાનુભવથી જેમ છે તેમ જાણવો તે ધર્મ છે.

અહીં આત્માને અનંત ધર્મવાળો કહ્યો છે. તો ધર્મ એટલે શું? ધર્મ એટલે વસ્તુનો સ્વભાવ. દરેક વસ્તુમાં પોતપોતાના અનંત સ્વભાવો રહેલા છે તેને અહીં ધર્મ કહે છે. જડ પુદ્‌ગલમાં પણ તેના અનંત ધર્મો રહેલા છે, પણ અહીં તો શિષ્યે 'આત્મા કેવો છે' એમ પૂછ્યું છે એટલે આત્માના ધર્મની વાત છે. આત્મામાં જ્ઞાન, દર્શન, અસ્તિ,નાસ્તિ, નિત્ય, અનિત્ય, પુરુષાર્થ, નિયત વગેરે અનંત સ્વભાવો રહેલા છે તે બધાય તેના ધર્મો છે, પોતાના તે ધર્મોથી ધર્મી એવો આત્મા ઓળખાય છે. અહીં ધર્મ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે મોક્ષમાર્ગ છે તેનું વર્ણન નથી પણ વસ્તુ અનંત ધર્મસ્વરૂપ છે તેનું આ વર્ણન છે. આવા અનંતધર્મોવાળા આત્માને જાણીને તેની રુચિ અને તેમાં એકાગ્રતા કરતાં જે સમ્યક્‌દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે છે તે મોક્ષમાર્ગરૂપ ધર્મ છે.

વસ્તુમાં તો અનંત ધર્મો સ્વયંસિદ્ધ છે, તે જ જ્ઞાનમાં જણાય છે. વસ્તુના અનંત ધર્મોને કાંઈ નવા કરવા પડતા નથી, વસ્તુ તો સ્વભાવથી જ તેવી છે, પણ જ્યારે તે વસ્તુનું જ્ઞાન થયું ત્યારે સમ્યગ્જ્ઞાન થયું, તે સમ્યગ્જ્ઞાન નવું પ્રગટે છે. વળી વસ્તુમાં અનંત ધર્મો કાંઈ એક પછી એક નથી પણ બધા ધર્મો એક સાથે જ છે, ને તે અનંત ધર્મો એક સાથે જ્ઞાનમાં આવી જાય છે, અનંત ધર્મોને જાણવા માટે અનંત કાળ નથી લાગતો. જ્યાં શ્રુતજ્ઞાનને સ્વસન્મુખ વાળીને અંદર સ્વભાવમાં એકાગ્ર કર્યું, ત્યાં અનંત ધર્મોનો ચૈતન્ય પિંડલો સ્વસંવેદનમાં આવી જાય છે. એકેક ધર્મને જુદો પાડીને અનંત ધર્મો છદ્મસ્થને ભલે ન જણાય પણ જ્યાં અંતરસ્વભાવમાં વળ્યો ત્યાં અનંત ગુણનો પિંડ ભગવાન આત્મા શ્રુતજ્ઞાનના સ્વસંવેદનમાં આવી જાય છે. અનંતધર્મોવાળા આત્માનો અનુભવ કરવા માટે અનંત ધર્મના ભેદ પાડીને જુદાં જુદાં વિકલ્પ કરવા પડતા નથી કેમ કે અનંત ધર્મોને ધારણ કરનાર ધર્મી એક છે. જેમ આત્મા અનંત ધર્મોનો સ્વામી એક છે તેમ તેને જાણનાર શ્રુતજ્ઞાન પણ અનંત નયોનું સ્વામી એક છે. એટલે એક ધર્મને જુદો પાડીને ભેદના વિકલ્પ વડે આખો આત્મા પ્રમેય થતો નથી. ને આખા આત્માને પ્રમેય કર્યા વિના જ્ઞાન પ્રમાણ થતું નથી. જ્ઞાનમાં અનંત નયો છે, ને પદાર્થમાં અનંત પ્રકારના ધર્મો છે; જ્ઞાન અનંત નયોવાળું હોવા છતાં પ્રમાણપણે તે એક છે, તેમ જ પદાર્થ અનંત ધર્મોવાળો હોવા છતાં વસ્તુપણે તે એક છે, આવા પ્રમાણ અને પ્રમેયની એકતા થતાં એટલે કે શ્રુતજ્ઞાનપ્રમાણ સ્વસન્મુખ થઈને અભેદ આત્મામાં વળતાં આત્માનો સ્વાનુભવ થાય છે,—આત્મા જણાય છે.

આત્મા પોતે ખરેખર અનંત ધર્મોનો સ્વામી છે. અનંતગુણો-ધર્મો, પર્યાયો કે અપેક્ષિત ધર્મો તે બધાનો પિંડ આત્મા છે, તે બધા ધર્મોને આત્મા ખરેખર ધારણ કરે છે. આત્માના કોઈ ધર્મમાં પરની અપેક્ષા ભલે આવતી હોય પરંતુ તેનો કોઈ પણ ગુણ પર્યાય કે ધર્મ પરને લીધે નથી. નિત્ય-અનિત્યપણું કે ગતિસ્થિતિ વગેરે ધર્મો તેના પોતાના છે, તે ધર્મોને પણ આત્મા જ ધારી રાખે છે, કાંઈ કાળ વગેરે નિમિત્તોને લીધે તે ધર્મો નથી. અશુદ્ધતામાં કર્મ નિમિત્ત છે માટે તે અશુદ્ધતા કર્મને લઈને થાય છે—એમ નથી, અશુદ્ધતા પણ પોતાની જ પર્યાયનો ધર્મ છે. આત્માનો એકેય ધર્મ પરના

આધારે નથી. શુદ્ધતા કે અશુદ્ધતા તે રૂપે થનાર પોતે જ છે. કર્મને લીધે અશુદ્ધતા થાય એમ નથી, અશુદ્ધતા થવાની લાયકાતરૂપ ધર્મ પણ પોતાનો છે, કાળને લીધે આત્મા પરિણમે-એમ નથી, પરિણમવાનો ધર્મ પોતાનો છે, ધર્માસ્તિકાયને લીધે આત્મા ગતિ કરે—એમ નથી, ગતિ કરવારૂપ ધર્મ પોતાનો છે, તેમ જ અધર્માસ્તિકાયને લીધે આત્મા સ્થિતિ પામે—એમ નથી, સ્થિર રહેવારૂપ ધર્મ પણ તેનો પોતાનો જ છે; એ પ્રમાણે પોતાના બધા ધર્મોનો ધણી આત્મા પોતે જ છે. કાળ વગેરે બીજા નિમિત્તો જગતમાં ભલે હો, પણ આત્માના ધર્મો કાંઈ નિમિત્તના આધારે નથી, ધર્મો તો આત્મદ્રવ્યના જ આધારે છે. સિદ્ધ ભગવાનને સમયે સમયે પરિણમન થાય છે. તેમનો તે પરિણમનધર્મ કાંઈ કાળદ્રવ્યને આધીન નથી, પણ પરિણમન થવાનો તે આત્માનો પોતાનો અનાદિ અનંત ધર્મ છે. એ પ્રમાણે દરેક આત્મા પોતે પોતાના અનંત ધર્મોનો સ્વામી છે.

આત્મદ્રવ્યમાં અનંત ધર્મો છે, ને તે અનંત ધર્મોને જાણનારા અનંત નયો છે; તે અનંત નયોમાં વ્યાપનારા એક શ્રુતજ્ઞાન પ્રમાણપૂર્વક સ્વાનુભવથી આત્મા જણાય છે. આખું શ્રુતજ્ઞાન તે પ્રમાણ છે અને તેનું એક પડખું તે નય છે; પ્રમાણ આખી વસ્તુને જાણે છે ને નય એકેક ધર્મને જાણે છે. અહીં તો, જે નય જે ધર્મને જાણે છે તે નય તે ધર્મમાં વ્યાપી જાય છે—એમ કહીને આચાર્યદેવ નયને અને નયના વિષયને અભેદ બતાવે છે. જે ધર્મની સન્મુખ થઈને તેને જે નય જાણે છે તે ધર્મની સાથે તે નય અભેદ થઈ જાય છે. એટલે પોતામાં નય અને નયનો વિષય એક થઈ જાય છે.

આ પ્રવચનસારના ત્રણ અધિકારમાં વસ્તુસ્વરૂપનું ઘણું વર્ણન કર્યા પછી હવે તો આ છેલ્લું પરિશિષ્ટ છે, તેમાં આચાર્યદેવે ઘણી વાત સ્પષ્ટ કરી છે. શાસ્ત્રમાં ભલે નિમિત્તથી એમ કથન કર્યું હોય કે કર્મને લીધે વિકાર થાય, ધર્માસ્તિકાયને લીધે જીવ-પુદ્ગલ ગતિ કરે, કાળને લીધે વસ્તુ પરિણમે,—એમ નિમિત્તથી ગમે તેટલાં કથન કર્યાં હોય, પરંતુ એમ સમજવું કે તે તે પ્રકારનો ધર્મ વસ્તુનો પોતાનો જ છે, નિમિત્તને લીધે તેનો ધર્મ નથી. કોઈ વસ્તુનો કોઈ ધર્મ બીજી વસ્તુને લીધે હોતો નથી, દરેક વસ્તુ પોતે જ પોતાના અનંત ધર્મોવાળી છે. એકેક આત્મા પોતે પોતાના અનંત ધર્મોનો સ્વામી છે.

અહો! આચાર્યદેવે ટૂંકા કથનમાં ઘણું રહસ્ય ભરી દીધું છે. આચાર્યદેવ કહે છે કે અહીં થોડાક ધર્મોનું વર્ણન કર્યું છે, તે થોડું લખ્યું ઘણું કરીને જાણજો. 'થોડું લખ્યું ઘણું કરીને જાણજો' એમ ક્યારે કહેવાય? કાંઈ પણ લખ્યું જ ન હોય તો તેમ કહેવાય નહિ, થોડીક મુદ્દાની બાબત લખી હોય તો પછી 'થોડું લખ્યું ઘણું કરીને જાણજો' એમ કહેવાય. તેમ અહીં આત્માના અનંત ધર્મો છે તેમાંથી કેટલાક મુદ્દાના ધર્મો આચાર્યદેવે વર્ણવ્યા છે, તે પ્રયોજનભૂત ધર્મોને જાણીને પછી 'આવા બીજા અનંત ધર્મો સર્વજ્ઞદેવે જાણ્યા તે પ્રમાણે છે' એમ પ્રતીત કરે તો તે બરાબર છે; પરંતુ આત્મા શું ને તેના ધર્મો શું તે કાંઈ જાણે નહીં, પ્રયોજનભૂત વસ્તુનો નિર્ણય કરે નહિ અને ભગવાને કહ્યું તે સાચું—એમ માત્ર ઓઘિકપણે માની લ્યે તો તેથી પોતાને કાંઈ લાભ થાય નહીં.

અહીં 'ખરેખર' શબ્દ વાપરીને આચાર્યદેવ કહે છે કે વસ્તુમાં અનંત ધર્મો કાંઈ કલ્પનાથી કહેતા નથી પણ ખરેખર વસ્તુમાં જ તે અનંત ધર્મો છે. વસ્તુમાં વાચ્યરૂપ જે ધર્મો છે. તેનું જ આ કથન છે. અને તે જ જ્ઞાનમાં જણાય છે. જો વસ્તુમાં આવું વાચ્ય ન હોય તો તેનું કથન પણ ન હોય અને તેને જાણનારું જ્ઞાન પણ ન હોય. માટે વસ્તુમાં અનંત ધર્મો, તે ધર્મોને જાણનારું જ્ઞાન અને તેનું કથન—એ ત્રણે સત્ છે, ખરેખર છે.

વસ્તુ જેવી હોય તેવી પૂરેપૂરી જે જ્ઞાનમાં જણાય તે જ્ઞાનને પ્રમાણ કહે છે. પ્રમાણ એટલે વસ્તુનું માપ કરનારું જ્ઞાન. 'પ્ર' એટલે વિશેષપણે અને 'માણ' એટલે માપ. જેમ માણું દાણા વગેરે ચીજોનું માપ કરનારું છે—ત્યાં પણ તે માપને જાણનારું તો જ્ઞાન જ છે. તેમ આત્માના અનંત ધર્મોને જાણનારું-આત્માનું માપ કરનારું જ્ઞાન તે પ્રમાણે છે. અનંત ધર્મોને કહેનારી વાણી નિમિત્ત છે પણ તે વાણીને આત્માના ધર્મોની ખબર નથી, વાણી અને ધર્મ તે બંનેને જાણનારું તો જ્ઞાન છે, તે જ્ઞાન જ પ્રમાણ છે.

જુઓ ભાઈ! અનંત ધર્મોવાળો પોતાનો આત્મા છે તેની આ વાત છે, આ વાત સમજવા જેવી છે. જેમ રૂપિયાનો ઢગલો પડ્યો હોય તે ગણવાની કેવી હોંશ આવે છે! તો અહીં તારા આત્મામાં એક સમયમાં અનંતા ધર્મોનો ઢગલો પડ્યો છે. અંતર્મુખ થઈને તેનું માપ કરવાની તને હોંશ આવે છે? જો તેનું માપ કરવું હોય તો તે તારા શ્રુતજ્ઞાનપ્રમાણથી જ થાય છે, કોઈ પર નિમિત્તથી કે રાગથી તેનું માપ થતું નથી, પણ જ્ઞાનને અંતરમાં વાળે તો તે જ્ઞાનથી જ આત્માનું માપ થાય છે. અનંતધર્મોની મૂડી દરેક આત્મામાં સદાય પડી છે પણ અંતર્મુખ થઈને તેને જાણવાની અજ્ઞાનીએ કદી દરકાર કરી નથી. આત્માના અનંત ધર્મોમાં જરાય ઓછું માનશે તો તે નહિ પાલવે, તેમ જ તે મૂડીને માપવામાં કોઈ પરની મદદ કામ નહિ આવે. જેમ ઘરની ધણી મૂડીને પટારામાં મૂકવી હોય તો ત્યાં બહારના મજૂર પાસે તે નથી મુકાવતો પણ ઘરના માણસ પાસે જ તે મુકાવે છે, તેમ આત્માના સ્વભાવઘરની જે બેહદ મૂડી છે તેનું માપ કોઈ બહારના સાધનથી થતું નથી પણ પોતે પોતાના શ્રુતજ્ઞાનપ્રમાણને અંતરમાં વાળે તો જ તેનું યથાર્થ માપ અને સ્વાનુભવ થાય છે. પોતાના અનંત ધર્મોને જાણનારું જ્ઞાન પોતાની પાસે જ છે, તે જ્ઞાનને અંતર્સ્વભાવમાં વાળે તો જ આત્મા જણાય, તેમાં બીજા કોઈનું જ્ઞાન પોતાને કામ ન આવે. 'ગુરુનું જ્ઞાન તો અમારા આત્માને જાણે છે ને?'—એમ કોઈ કહે તો તેને ખુલાસો : ગુરુનું જ્ઞાન બીજાના આત્માને પણ જાણે છે એ ખરું, પરંતુ તે ગુરુનું જ્ઞાન તો ગુરુ પાસે રહ્યું, તેમાં બીજાને શો લાભ? ગુરુનું જ્ઞાન તેમના પોતાના આત્માને જ સ્વદ્રવ્યપણે જાણે છે, તેમના જ્ઞાનમાં આ આત્મા તો પરદ્રવ્યપણે જણાય છે, તેઓ કાંઈ આ આત્માના ધર્મોને સ્વામી તરીકે જાણતા નથી, તેમના પોતાના આત્માના ધર્મોને જ સ્વામી તરીકે તેઓ જાણે છે તેમની જેમ આ આત્મા પણ જો પોતે પોતાના જ્ઞાનને અંતરમાં વાળે તો તે જ્ઞાન પોતાના અનંત ધર્મોને સ્વામી તરીકે જાણે છે એટલે કે પોતે પોતાના આત્માને સ્વદ્રવ્ય તરીકે જાણે છે, ને તે જ્ઞાન જ પોતાને પરમાનંદનું કારણ થાય છે. આ સિવાય, પોતાના આત્માને સ્વદ્રવ્યપણે જાણવા માટે કોઈ પરનું જ્ઞાન કામ આવતું નથી. પ્રમેય પણ પોતે જ છે ને પ્રમાણજ્ઞાન પણ પોતાનું જ છે.

ધર્મો અનંત છે પણ વસ્તુ એક જ છે;
નયો અનંત છે પણ પ્રમાણ એક જ છે.

અનંત નયો છે તે બધા એક શ્રુતજ્ઞાનપ્રમાણમાં સમાઈ જાય છે, શ્રુતજ્ઞાનપ્રમાણથી નય જુદો રહી જતો નથી; અનંત ધર્મો છે તે બધા એક વસ્તુમાં સમાઈ જાય છે, વસ્તુનો એક ધર્મ જુદો રહી જતો નથી. પ્રમાણપૂર્વક સ્વાનુભવવડે જ આત્મદ્રવ્ય પોતાને પ્રમેય થાય છે. અનંત ધર્મો અને અનંત નયો છે- એમ બતાવ્યું ખરું, પણ અનુભવમાં તે ધર્મોનો કે નયોનો ભેદ રહેતો નથી, અભેદ થઈ જાય છે; એક અભેદ શ્રુતપ્રમાણ સ્વાનુભવથી આખી વસ્તુને જાણે છે. શ્રુતજ્ઞાનમાં અનંતનય તરીકે ભેદ છે પણ પ્રમાણ તરીકે તે અભેદ છે; તેમ વસ્તુમાં અનંત ધર્મ તરીકે ભેદ છે ને વસ્તુ તરીકે એક અભેદ છે. જેમ વસ્તુમાં અભેદ ને ભેદ એવા બે પ્રકારો પડે છે તેમ તેને જાણનારા જ્ઞાનમાં પણ અભેદ ને ભેદ (એટલે પ્રમાણ અને નય) એવા બે પ્રકાર છદ્મસ્થને પડે છે.

આત્મા કેવો છે એમ શિષ્યે પૂછ્યું હતું તેનું આ વર્ણન ચાલે છે. જેને અંદરથી ખટક મારતો આત્માનો પ્રશ્ન ઊઠ્યો તેવા શિષ્યને આત્મા સમજાઈ ને મુક્તિ થયા વિના રહે નહિ. જેને આત્મા સમજવાની ધગશ જાગી તે જીવ અનંતધર્મવાળા આત્માને સમજશે અને અનંત ધર્મોમાં જેટલા અવ્યક્ત-શક્તિરૂપ છે તે બધાય તેને પૂર્ણ વ્યક્ત થઈ જશે. અનંતધર્મવાળા આત્માની રુચી—પ્રતીતિ કરી તેને કેવળજ્ઞાનાદિ બધાય ધર્મ ખીલી ગયા વિના રહે જ નહિ. કેવળજ્ઞાન પૂરું પ્રત્યક્ષપ્રમાણ છે, શ્રુતજ્ઞાન પુરૂં પ્રત્યક્ષ નથી, તો પણ કેવળજ્ઞાનમાં જેવો આત્મા જણાયો તેવો જ આત્મા શ્રુતજ્ઞાનપ્રમાણથી પરોક્ષ જણાય છે. શ્રુતજ્ઞાન પરોક્ષ હોવા છતાં તે સંદેહવાળું નથી પણ નિઃસંદેહ છે. શ્રુતજ્ઞાન તે પરોક્ષપ્રમાણ છે તે જ્ઞાનને અંતરમાં વાળીને જેણે અનંતધર્મવાળા આત્માને સ્વીકાર્યો તેને તેમાં એકાગ્રતા થઈને કેવળજ્ઞાનરૂપ પ્રત્યક્ષપ્રમાણ ખીલી જશે અને અનંત ધર્મવાળી વસ્તુ પણ તેના જ્ઞાનમાં પ્રત્યક્ષ થઈ જશે, એટલે સ્વજ્ઞેય અને જ્ઞાન બંને પૂરાં થઈ જશે.

કેવળજ્ઞાન પૂર્ણ પ્રત્યક્ષ છે ને શ્રુતજ્ઞાન પરોક્ષ છે; તે પરોક્ષ હોવા છતાં સ્વસંવેદનમાં અંશે પ્રત્યક્ષ છે, શ્રુતજ્ઞાન અંતર્મુખ થતાં રાગરહિત ચૈતન્યસ્વસંવેદનનો જે અંશ છે તે તો પ્રત્યક્ષ છે. આત્માના અનંતધર્મોને શ્રુતજ્ઞાન પરોક્ષ જાણે છે, પરોક્ષ હોવા છતાં તે જ્ઞાન પણ પ્રમાણ છે,— નિઃસંદેહરૂપ છે. તે પરોક્ષપ્રમાણથી જેણે પોતાના આત્માને અનુભવ્યો તેને પૂરું પ્રત્યક્ષ કેવળજ્ઞાનપ્રમાણ થયા વિના રહેશે નહિ.

શ્રુતજ્ઞાન પ્રમાણ હોવા થતાં તે પૂરું જ્ઞાન નથી, પૂરું જ્ઞાન તો કેવળજ્ઞાન છે, શ્રુતજ્ઞાન અધૂરું છે. પૂરું જ્ઞાન થઈ ગયા પછી તેમાં નય ન હોય. શ્રુતજ્ઞાન અધૂરું હોવા છતાં તે પણ યથાર્થ પ્રમાણ છે, કેવળીએ જેવો જાણ્યો તેવા યથાર્થ આત્માને તે પણ પરોક્ષપણે બરાબર જાણે છે. સાધકને એવા શ્રુતજ્ઞાનપ્રમાણથી સ્વાનુભવ વડે આત્મા જણાય છે.

અહીં શ્રુતજ્ઞાનમાં અનંતનયો અને વસ્તુમાં અનંત ધર્મો સ્થાપ્યા છે; આ વાત બેઠા વગર પ્રમેય પદાર્થ યથાર્થ જણાતો નથી તેમ જ શ્રુતજ્ઞાન પ્રમાણ થતું નથી, એટલે કે પ્રમાણ અને પ્રમેયની એકતા થતી નથી ને ત્યાં આત્માની પ્રાપ્તિ થતી નથી. જે વસ્તુને પ્રાપ્ત કરવી હોય તેને પહેલાં

બરાબર ઓળખવી તો જોઈએ ને! ભગવાન આત્માની પ્રાપ્તિ કરીને પરમાત્મા થવા માટે પહેલાં તેનું યથાર્થ જ્ઞાન કરવું જોઈએ. આત્માનું જ્ઞાન કઈ રીતે થાય તેનું આ વર્ણન ચાલે છે: જે શ્રુતજ્ઞાન અનંત નયોવાળું છે એવા શ્રુતજ્ઞાનપૂર્વક સ્વાનુભવથી આત્મા જણાય છે.

શ્રુતજ્ઞાન અનંત નયોવાળું ક્યારે થાય?—કે અનંત ધર્મોવાળા એક આત્માને જાણે ત્યારે. જો એમ ન જાણે અને આત્માને સર્વથા નિત્ય, સર્વથા અનિત્ય, સર્વથા શુદ્ધ કે સર્વથા અશુદ્ધ ઈત્યાદિ રૂપે એક જ ધર્મવાળો માની લ્યે તો તેણે માનેલો આત્મા પૂરો (અનંત ધર્માત્મક) ન થાય અને તેનું શ્રુતજ્ઞાન પણ અનંત નયોવાળું ન થાય એટલે કે પ્રમાણજ્ઞાન ન થાય પણ મિથ્યાજ્ઞાન જ રહે. માટે અહીં એમ કહ્યું કે અનંત નયવાળા શ્રુતજ્ઞાનપ્રમાણથી સ્વાનુભવવડે આત્મા જણાય છે. એવા શ્રુતજ્ઞાનને કે આત્માના અનંતધર્મોને જે ન સ્વીકારે તેને આત્માનો સ્વાનુભવ કદી સાચો હોતો નથી.

આ જગતમાં અનંત આત્માઓ ભિન્ન–ભિન્ન છે, એકેક આત્મામાં અનંત ધર્મો છે, તે એકેક ધર્મને જાણનાર એકેક નય છે; એવા અનંત નયોવાળું એક શ્રુતજ્ઞાન પ્રમાણ છે, ને તે ધર્મોને કહેનારી વાણી પણ છે; એ રીતે પદાર્થના ધર્મો, તેને જાણનારું જ્ઞાન અને તેને કહેનારી વાણી— એ બધાને જો ન કબૂલે તો શ્રુતજ્ઞાન પ્રમાણ થઈને આત્માનો અનુભવ થાય નહિ, આખા આત્માના સ્વાનુભવ વગર તેના એકેક અંશનું—એકેક ધર્મનું—પણ સાચું જ્ઞાન થાય નહિ, અને તેને સમ્યક્ નય પણ હોય નહિ, એટલે તેનું જ્ઞાન ખોટું, તેની વાણી ખોટી, અને તેણે માનેલો ધર્મ પણ ખોટો છે. અહીં તો સાધક જીવની વાત છે. સાધક જીવ અનંત ધર્મવાળા આત્માને શ્રુતજ્ઞાન પ્રમાણથી અનુભવે છે ને તેને જ સમ્યક્ નય હોય છે. તે નય-પ્રમાણથી આત્માને કેવો જાણે છે તેનું અહીં વર્ણન કરે છે. આ નયો સાધકને હોય છે, અજ્ઞાનીને કે કેવળીને નય હોતા નથી. કેવળીને તો કેવળજ્ઞાનમાં આત્મા પૂરો પ્રત્યક્ષ જણાઈ ગયો છે ને પૂર્ણતા થઈ ગઈ છે એટલે તેમને હવે નયથી કાંઈ સાધવાનું રહ્યું નથી, ને અજ્ઞાનીને તો વસ્તુનું ભાન જ નથી એટલે તેને પણ નય હોતા નથી. નય તે શ્રુતજ્ઞાનપ્રમાણનો અંશ છે, તે સાધકને જ હોય છે.

આત્માના જ્ઞાનની પાંચ પ્રકારની અવસ્થા છે : મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મન:પર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન. તેમાંથી મુખ્યપણે શ્રુતજ્ઞાન જ આત્માનું સાધક થઈ શકે છે. કેમ કે કેવળજ્ઞાન તો છદ્મસ્થ જીવને હોતું નથી; અવધિ અને મન:પર્યયજ્ઞાનનો વિષય પર પદાર્થ છે એટલે તે પણ સાધક થતા નથી, મતિજ્ઞાન સામાન્યરૂપે જાણે છે એટલે તેમાં નય પડતા નથી. શ્રુતજ્ઞાન પ્રમાણ જ અનંત ધર્મવાળા આત્માને જાણે છે, ને તે પ્રમાણથી જ આત્માનો સ્વાનુભવ થાય છે. તે શ્રુતજ્ઞાનમાં નય હોય છે.

અનંત ધર્મોવાળો આત્મા છે તે પ્રમેય છે ને અનંત નયોવાળું શ્રુતજ્ઞાન છે તે પ્રમાણ છે. તેમાંથી હવે ૪૭ નયોદ્વારા આત્માના ૪૭ ધર્મોનું વર્ણન કરશે. વસ્તુમાં અનંત ધર્મો છે તે બધાય વાણીથી ભિન્ન ભિન્ન વર્ણવી શકાય નહિ, વાણીમાં તો અમુક જ આવે. અહીં ૪૭ નયથી ૪૭

ધર્મો કહીને આત્મદ્રવ્યનું વર્ણન કર્યું છે પણ તેમાં બીજા અનંતા ધર્મો પણ સાથે આવી જ જાય છે. નયોના સમૂહ વડે આત્મા કેવો જણાય છે તેનું આ વર્ણન છે, બધા નયોનો સમૂહ તે પ્રમાણ; અને બધા ધર્મોનો સમૂહ તે પ્રમેય વસ્તુ. એવા પ્રમાણપૂર્વક પ્રમેય તરફ ઢળતાં સ્વાનુભવથી આત્મા જણાય છે.,

હે પ્રભો! આ આત્મા કેવો છે? એમ શિષ્યે પૂછ્યું હતું તેના ઉત્તરમાં આચાર્યદેવે પહેલાં તો ટૂંકમાં કહ્યું કે આત્મા અનંતધર્મોવાળું એક દ્રવ્ય છે અને તે અનંત નયોવાળા શ્રુતજ્ઞાનપ્રમાણથી સ્વાનુભવવડે જણાય છે.

હવે આચાર્યદેવ ૪૭ નયોથી આત્માનું વર્ણન કરે છે અહીં એકેક નયથી એકેક ધર્મનું વર્ણન છે પણ તેમાં પૂરું પ્રમાણ અને પૂરું પ્રમેય સાથે જ આવી જાય છે.

* * * * *

આત્માના કોઈ પણ ધર્મને કબૂલનાર આત્મદ્રવ્ય સામે જોઈને જ તે ધર્મને સ્વીકારે છે,—નહિ કે પર સામે; કેમ કે આત્માના અનંત ધર્મોમાંથી કોઈ પણ ધર્મ પરના આધારે નથી પણ અનંત ધર્મના પિંડરૂપ આત્મદ્રવ્યના આધારે જ દરેક ધર્મ રહેલ છે. એટલે આખો ધર્મી દૃષ્ટિમાં આવ્યા વગર તેના એકેક ધર્મની કબૂલાત યથાર્થ હોય નહિ. નયથી એકેક ધર્મને મુખ્ય કરીને જોનાર ગૌણપણે અનંત ધર્મવાળી આખી વસ્તુને પણ સ્વીકારે છે, કેમ કે ધર્મ તો વસ્તુનો છે. એક ધર્મ કાંઈ વસ્તુથી જુદો પડીને નયનો વિષય થતો નથી, માટે કોઈ પણ નયથી એક ધર્મને મુખ્ય કરીને જોનારની દૃષ્ટિ પણ એકલા ધર્મ ઉપર હોતી નથી. ધર્મ તો ધર્મી એવી અખંડ વસ્તુના આધારે રહેલો છે; માટે તેના ઉપર જ દૃષ્ટિ રાખીને એકેક ધર્મનું સાચું જ્ઞાન થાય છે. બધાય નયોના વર્ણનમાં આ વાત ખાસ ધ્યાનમાં રાખવી.

વસ્તુના સ્વભાવનું આ વર્ણન છે. વસ્તુના સ્વભાવનો જે નિર્ણય કરે તેને પોતામાં સ્વભાવના આશ્રયે નિર્મળપર્યાય શરૂ થઈ જાય છે. કોઈપણ શક્તિથી આત્મસ્વભાવનો નિર્ણય કરતાં જ્ઞાન અંતર્મુખ થઈને પરિણમે છે....એટલે તે જ્ઞાનમાં આત્માની પ્રસિદ્ધિ થાય છે.....એ જ તેનું ફળ છે.

આત્મા પોતાના અનંત ધર્મોથી ને પરના અભાવથી ટકેલું દ્રવ્ય છે. જો આત્મા અનંત ધર્મવાળો ન હોય તો તે ટકીને પલટે કેમ? પરથી ભિન્ન સ્વપણે રહી શકે કેમ? જો આત્મામાં 'નિત્ય' ધર્મ જ હોય ને 'અનિત્ય' ધર્મ ન હોય તો તે પલટી જ ન શકે; જો 'અનિત્ય' ધર્મ જ હોય અને 'નિત્ય' ધર્મ ન હોય તો તે કાયમ ટકી ન શકે, પલટતાં તેનો નાશ જ થઈ જાય; વળી આત્મામાં અસ્તિ ધર્મ જ હોય ને નાસ્તિધર્મ ન હોય તો તે પરરૂપે પણ થઈ જાય. એ રીતે નિત્ય-અનિત્ય, અસ્તિ-નાસ્તિ વગેરે અનંતધર્મો આત્મામાં એક સાથે ન હોય તો આત્મવસ્તુ જ સિદ્ધ ન થાય. અસ્તિ-નાસ્તિ, દ્રવ્ય-પર્યાય વગેરે અનંત ધર્મો વગર આત્મા રહી જ ન શકે. અને તેને જાણનારું જ્ઞાન પણ જો અનંત નયોવાળું ન હોય તો તે અનંત ધર્મોને જાણી ન શકે. અનંતધર્માત્મક એક આત્માને અનંત નયાત્મક એક જ્ઞાનથી જાણે તો જ આત્મા જણાય. આખા અનંતધર્માત્મક પદાર્થનું જ્ઞાન તે પ્રમાણ છે, અને વસ્તુના એકેક ધર્મને જાણે તે એકેક નય છે. શ્રુતજ્ઞાનથી આત્મસ્વભાવને બરાબર જાણીને ઉપયોગને તેમાં જોડવો તેનું જ નામ યોગ છે. શ્રુતજ્ઞાનથી જેવો આત્મા છે તેવો જાણ્યા વિના તેની સાથે ઉપયોગનું જોડાણ થાય નહિ એટલે જ્ઞાન તેમાં એકાગ્ર થઈ શકે નહિ, તેમાં એકાગ્રતા વગર તેનું ધ્યાન થાય નહિ. જાણ્યા વિના ધ્યાન કોનું? પહેલાં પ્રમાણ વડે આવા આત્માને પ્રમેય કરે તો જ તેમાં એકાગ્રતારૂપ ધ્યાન થઈ શકે. માટે પ્રથમ બધા પડખાંથી આત્માનો નિર્ણય કરવો જોઈએ.

અનાદિકાળથી જીવે બધું કર્યું છે પણ પોતાના આત્મસ્વભાવને કદી જાણ્યો નથી, એકવાર પણ જો આત્માને બરાબર જાણે તો તેના પરમ આનંદની પ્રાપ્તિ થયા વગર રહે નહિ. આત્મા કોણ છે અને તે કેમ પ્રાપ્ત થાય?—એ જાણવાની જેને જિજ્ઞાસા જાગી છે એવા શિષ્યના પ્રશ્નોનો આ ઉત્તર ચાલે છે. આત્મા કેવો છે તેનું આ વર્ણન ચાલે છે, તેની પ્રાપ્તિનો ઉપાય પછી કહેશે. પહેલાં જેવો છે તેવો આત્મા જાણ્યા વિના તેની પ્રાપ્તિ થાય નહિ.

અનંત ધર્માત્મક આત્મદ્રવ્ય કહ્યું તે તો સામાન્યવિશેષનો પિંડ, પ્રમાણનો વિષય છે, અને અહીં આત્માને સામાન્ય ચિન્માત્ર કહ્યો તે દ્રવ્યનયનો વિષય છે, વિશેષને ગૌણ કરીને એક સામાન્ય પડખું છે. અનંતધર્માત્મક એક આત્મદ્રવ્ય તે પ્રમાણનો વિષય છે તેની વાત પહેલાં કરી, હવે અહીં નયના વિષયનું વર્ણન છે. પ્રમાણના વિષયરૂપ જે આખું આત્મદ્રવ્ય છે તેના એક ધર્મને નય જાણે છે, નયનો વિષય વસ્તુનો એક ધર્મ છે. ગુણ–પર્યાયના ભેદને ગૌણ કરીને, સામાન્ય ચિન્માત્ર પડખાથી આત્માને લક્ષમાં લેવો તેનું નામ દ્રવ્યનય છે.

આત્માના અનંત ધર્મોમાંથી આ એક ધર્મ છે, તેની સાથે બીજા અનંત ધર્મો છે તેને જો ન માને તો જ્ઞાન પ્રમાણ થતું નથી. કોઈ એમ કહે કે 'આત્મા તો ચૈતન્યમાત્ર જ છે ને વિકાર તો પરને લીધે થાય છે'—તો એમ માનનારે આત્માના બધા ધર્મોને માન્યા નથી. જેમ ચૈતન્યમાત્રપણું તે આત્માનો એક ધર્મ છે તેમ અવસ્થામાં વિકાર થાય તે પણ આત્માની પર્યાયનો ધર્મ છે; તેને ન માને તો પ્રમાણજ્ઞાન થાય નહિ.

આત્મા ચૈતન્યમાત્ર સ્વભાવ છે- એમ જે આત્માના ચિન્માત્રધર્મને જાણે તે જીવ પોતાનું

જ્ઞાન બહારથી આવવાનું માને નહિ, કેમ કે ચૈતન્યધર્મ તો પોતાનો છે, તેમાંથી જ વિશેષજ્ઞાન આવે છે, વિશેષજ્ઞાન ક્યાંય બહારથી આવતું નથી, કોઈ શાસ્ત્રમાંથી કે વાણીના શ્રવણમાંથી આત્માનું જ્ઞાન આવતું નથી જ્ઞાન તો આત્માના ચૈતન્યમાત્ર ધર્મમાંથી જ આવે છે, તે ધર્મ આત્માના પોતાના જ આશ્રયે છે. આત્માનો જે સામાન્ય ચૈતન્યસ્વભાવ છે તે પોતે જ ત્રણે કાળે વિશેષપણે પરિણમ્યે જાય છે, અજ્ઞાનીને પણ તેનો જે સામાન્ય ચૈતન્યસ્વભાવ છે તે જ વિશેષજ્ઞાનપણે પરિણમ્યા કરે છે, પણ તેને તે સામાન્યની પ્રતીત નથી એટલે સામાન્ય સાથે વિશેષની એકતા તે નથી કરતો પણ પર સાથે એકતા માને છે એટલે તેનું વિશેષ અયથાર્થ થાય છે.

દ્રવ્યનયથી આત્માને ચિન્માત્ર કહ્યો, આ ચિન્માત્રધર્મને ક્યાં જોવો?—પરમાં નહિ પણ આત્મ-વસ્તુમાં જોવો; કેમ કે તે ધર્મ પરમાં નથી પણ પોતામાં જ છે.

**પ્રશ્ન:**—આત્મા તો સૂક્ષ્મ છે તેને જોવાનું કોઈ સૂક્ષ્મદર્શક યંત્ર નહિ હોય?

**ઉત્તર:**—આત્માને કઈ રીતે જોવો તેની જ આ વાત ચાલે છે; શ્રુતજ્ઞાનને અંતરમાં વાળવું તે જ આત્માને જોવાનું સૂક્ષ્મદર્શક યંત્ર છે. આત્મા પોતે સૂક્ષ્મ અરૂપી વસ્તુ છે, તે દ્રવ્ય અરૂપી, તેના ગુણો અરૂપી ને તેની પર્યાયો પણ અરૂપી છે એટલે તે ત્રણે સૂક્ષ્મ અને તેને જાણનારૂં શ્રુતજ્ઞાનપ્રમાણ તે પણ સૂક્ષ્મ છે, આત્મા તરફના વલણવાળું તે જ્ઞાન જ સૂક્ષ્મ આત્માને જોનારું સૂક્ષ્મદર્શક યંત્ર છે, એ સિવાય ઈન્દ્રિય વગેરે કોઈ બાહ્ય પદાર્થોથી કે વિકલ્પથી આત્મા જણાય તેવો નથી. એકવાર યથાર્થ સાંભળીને આવી વસ્તુને સમજે તા ક્યાંય સંદેહ રહે નહી. દેવાધિદેવ સર્વજ્ઞ પરમાત્મા એમ કહે છે કે તારો આત્મા જ તારો ચૈતન્યદેવ છે તું જ તારા અનંતધર્મને ધારનારો છો, તેને ઓળખીને તેની આરાધના કર તો તારી પરમાત્મદશા પ્રગટી જાય.

નય એક ધર્મને મુખ્ય કરીને જાણે છે પણ વસ્તુમાં અનંતધર્મો એક સાથે જ છે. જ્યાં રંગ હોય ત્યાં તેની સાથે જ ગંધ-રસ ને સ્પર્શ પણ હોય જ છે. વર્ણ-ગંધ-રસને સ્પર્શ એ બધા પુદ્ગલના ધર્મો છે, તેમાંથી એક હોય ને બીજા ન હોય એમ ન બને, જ્યાં એક ધર્મ હોય ત્યાં બીજા બધા ધર્મો પણ સાથે જ રહેલા છે. તેમ આત્મામાં જ્ઞાનાદિ અનંત ધર્મો છે, તેમાંથી કોઈ એક ધર્મ મુખ્ય કરીને કહ્યો ત્યાં વસ્તુમાં બીજા અનંત ધર્મો પણ ભેગા જ છે; તેને જાણે તે જ્ઞાન પ્રમાણ છે.

આત્મામાં અનંત ધર્મો છે, આત્મા અનંત ધર્મોવાળું એક સ્વતંત્ર દ્રવ્ય છે, તેને જાણનારૂં શ્રુતજ્ઞાન અનંતનયોના સમૂહરૂપ છે; એવા શ્રુતજ્ઞાનપ્રમાણથી સ્વાનુભવવડે આત્મા જણાય છે. કેવળી ભગવાનને તો આત્મા પૂર્ણ પ્રત્યક્ષ જણાય છે, તેમને માટે આ વર્ણન નથી; અહીં તો સાધકજીવને માટે વર્ણન છે, તેથી શ્રુતજ્ઞાન અને નયથી વર્ણન કર્યું છે. સાધકજીવ શ્રુતજ્ઞાનપ્રમાણથી આત્માને જાણે છે, તે શ્રુતજ્ઞાન અનંતનયોવાળું છે, તેમાંથી દરેક નય આત્માના એકેક ધર્મને જાણે છે.

અહીં, દ્રવ્યનયથી આત્મા કેવો છે તે વાત ચાલે છે. દ્રવ્યધર્મથી એટલે કે સદૃશ એકરૂપ ચિન્માત્રસ્વભાવથી આત્માને લક્ષમાં લ્યે તેનું નામ દ્રવ્યનય છે. આત્માના અનંત ધર્મોમાં એક એવો ધર્મ છે કે આત્મા એકરૂપ સદૃશ છે. તે ધર્મને દ્રવ્યનય જાણે છે. વસ્તુમાં જે ધર્મ હોય તેનું જ જ્ઞાન

થાય. વસ્તુમાં ધર્મ ન હોય તો તેનું જ્ઞાન પણ ક્યાંથી થાય? આત્મામાં કેવા કેવા ધર્મો છે તે અહીં વર્ણવે છે, ચિન્માત્રપણે કાયમ સદૃશરૂપ ટકવું એવો આત્માનો પોતાનો સ્વભાવ છે; એટલે આત્મા કોઈ પરના આધારે ટકેલો નથી, કોઈ ઈશ્વર તેનો ટકાવનાર નથી, પણ પોતે પોતાના ચિન્માત્રસ્વભાવથી ટકેલો છે, એવો તેનો એક ધર્મ છે. એકેક ધર્મમાં જ આખો આત્મા સમાઈ જતો નથી પણ અનંત ધર્મોનો એકરૂપ પિંડ આત્મા છે; તેમ જ એકેક નયમાં આખી વસ્તનું જ્ઞાન આવી જતું નથી પણ બધા નયો ભેગા થઈને આખી વસ્તુનું પ્રમાણજ્ઞાન થાય છે, આત્માના અનંતધર્મોમાં ચૈતન્યમાત્રપણું તે એક ધર્મ છે, તે ધર્મથી ચૈતન્યમાત્ર આત્માને જાણે તે દ્રવ્યનય છે.

જે ધર્મને જે નય જાણે, તે ધર્મનો તે નયમાં આરોપ થાય છે, એટલે દ્રવ્યધર્મને જાણે તે નયને દ્રવ્યનય કહ્યો, પર્યાયધર્મને જાણે તે નયને પર્યાયનય કહ્યો, અસ્તિત્વધર્મને જાણે તે નયને અસ્તિત્વનય કહ્યો. એ રીતે ૪૭ નયો દ્વારા આત્મા કેવો જણાય છે તે આચાર્યદેવ બતાવે છે. નય વસ્તુના એક ધર્મને મુખ્ય કરીને જાણે છે અને પ્રમાણ બધા ધર્મોને એકસાથે જાણે છે. વસ્તુ તો એક સાથે અનંતધર્મનો પિણ્ડ છે. ૪૭ નયોથી આત્માનું વર્ણન કરીને છેવટે આચાર્યદેવ એમ કહેશે કે સ્યાદ્‌વાદને વશ વર્તતા નયસમૂહ વડે જીવ જુએ તો પણ અનંતધર્મોવાળા પોતાના આત્માને અંદરમાં શુદ્ધ ચૈતન્યમાત્ર દેખે છે જ. એટલે ગમે તે નયથી વર્ણન કર્યું હોય પણ પોતાના આત્માને શુદ્ધચૈતન્યમાત્ર દેખવો તે જ બધા નયોનું પ્રયોજન છે; કોઈ પણ એક સમ્યક્ નયથી જોનાર પોતાના શુદ્ધચૈતન્યમાત્ર આત્માને દેખે છે.

જુઓ! જગતમાં આત્મા છે ને તે એકેક આત્મામાં અનંત ધર્મો છે—આવું વસ્તુસ્વરૂપ જે કહેતા હોય તે જ દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા છે. જગતમાં ભિન્ન ભિન્ન અનંત આત્મા, અને દરેક આત્મામાં અનંત ધર્મ—એને જે કબૂલતા ન હોય તે કોઈ દેવ-ગુરુ કે શાસ્ત્ર સાચાં નથી; એવા કુદેવ કુગુરુ-કુશાસ્ત્રને જે માને તેને તો હજી વ્યવહારશ્રદ્ધાનું પણ ઠેકાણું નથી, તે તો ધર્મથી ઘણો દૂર છે. વસ્તુનું સ્વરૂપ જે રીતે છે તે રીતે જ્ઞાનમાં આવ્યા વિના જ્ઞાન ઠરે નહિ ને જ્ઞાન ઠર્યા વિના વિકલ્પ તૂટે નહિ એટલે કે ચિત્તનો નિરોધ થાય નહિ. વસ્તુસ્વરૂપને જેમ છે તેમ જાણીને જ્યાં જ્ઞાન તેમાં એકાગ્ર થાય ત્યાં રાગ કે વિકલ્પની ઉત્પત્તિ જ થતી નથી એનું નામ જ ચિત્તનો નિરોધ છે આ સિવાય 'હું ચિત્તને રોકું, હું વિકલ્પને રોકું' એમ નાસ્તિના લક્ષે કાંઈ વિકલ્પ તૂટતો નથી પણ વિકલ્પ ઉત્પન્ન થાય છે. 'હું ચૈતન્યમાત્ર સ્વભાવ છું' એમ અસ્તિસ્વભાવ તરફ જ્ઞાનનું જોર આપતાં ચિત્તનો નિરોધ સહેજે થઈ જાય છે, સ્વભાવની એકાગ્રતાના જોરે રાગનો અભાવ થઈ જાય છે. માટે પહેલાં વસ્તુના સ્વભાવને બધા પડખેથી જેમ છે તેમ જાણવો જોઈએ. તેનું આ વર્ણન ચાલે છે.

અહીં જે દ્રવ્યનય કહ્યો તેનો વિષય તો એક જ ધર્મ છે અને સમયસારાદિમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એવા બે જ મુખ્યનયો લીધા છે તેમાં જે દ્રવ્યાર્થિકનય છે તેનો વિષય તો અભેદદ્રવ્ય છે; અહીં કહેલો દ્રવ્યનય તો વસ્તુમાં ભેદ પાડીને તેના એક ધર્મને લક્ષમાં લ્યે છે ને દ્રવ્યાર્થિકનય તો ભેદ પાડ્યા વગર, વર્તમાન પર્યાયને ગૌણ કરીને અભેદ દ્રવ્યને લક્ષમાં લ્યે છે. એ રીતે બંનેના

વિષયમાં ઘણો ફેર છે. સમયસારમાં કહેલા શુદ્ધ નિશ્ચનયનો વિષય છે તે આ દ્રવ્યનયનો વિષય નથી; તે નિશ્ચયનયનો વિષય તો વર્તમાન અંશને તથા ભેદને ગૌણ કરીને આખો અનંત ગુણનો પિંડ છે, ને આ દ્રવ્યનય તો અનંત ધર્મોમાંથી એક ધર્મનો ભેદ પાડીને વિષય કરે છે.

અધ્યાત્મદૃષ્ટિના નયોમાં તો નિશ્ચય અને વ્યવહાર (અથવા દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક) એવા બે જ ભાગ પડે છે ને અહીં તો અનંત નયો લેવા છે. ત્યાં બે નયોમાં આખું પ્રમાણ સમાઈ જાય છે ને અહીં તો શ્રુતપ્રમાણના અનંત નયો કહ્યા છે. અહીં કહેલા નયોનો વિષય એકેક ધર્મ છે ને સમયસારાદિમાં કહેલ દ્રવ્યાર્થિકનયનો વિષય તો ધર્મનો ભેદ પાડયા વગરની અભેદ વસ્તુ છે. અહીં જેને દ્રવ્યનય કહ્યો છે તે અધ્યાત્મદૃષ્ટિના કથનમાં તો પર્યાયાર્થિક નયમાં અથવા વ્યવહારનયમાં જાય છે.

આ પરિશિષ્ટમાં જ્ઞાનપ્રધાન વર્ણન છે, પ્રમાણથી વર્ણન છે એટલે બંધ-મોક્ષ પર્યાયને પણ નિશ્ચયમાં ગણશે, જ્યારે સમયસારાદિમાં કહેલા નિશ્ચયનયના વિષયમાં તો આત્માને બંધ-મોક્ષ છે જ નહિ.—આ પ્રમાણે જુદી જુદી અપેક્ષાથી જેમ કહ્યું છે તેમ બરાબર સમજવું જોઈએ.

દ્રવ્યનયથી આત્મા ચૈતન્યમાત્ર છે એ વાત કરી, હવે તે દ્રવ્યનયની સામે પર્યાયનયની વાત કરે છે.

ચૈતન્યનો મહિમા એવો છે કે પોતે પોતાના સ્વસંવેદનથી સ્પષ્ટ અનુભવમાં આવે છે. ચૈતન્યના આવા મહિમાને જાણે તો અપૂર્વ કલ્યાણ પ્રગટે. આત્માનો મહિમા પોતાની અનંતશક્તિઓથી જ છે, કોઈ બાહ્ય વસ્તુવડે આત્માનો મહિમા નથી. જેને મોક્ષમાં જવું હોય તેને માટે આચાર્યદેવ આ ચૈતન્યનો કરિયાવર આપે છે.

# પર્યાયનયે આત્માનું વર્ણન
# (૨)

અનંત ધર્માત્મક આત્મદ્રવ્ય છે તે પર્યાયનયે, તંતુમાત્રની માફક, દર્શનજ્ઞાનાદિમાત્ર છે; જેમ વસ્ત્ર તંતુમાત્ર છે તેમ આત્મા પર્યાયનયે દર્શન-જ્ઞાન-ચારિત્રાદિમાત્ર છે.

પર્યાયનય તે શ્રુતજ્ઞાનનો પ્રકાર છે, તે પર્યાયનયથી જોતાં આત્મદ્રવ્ય દર્શન-જ્ઞાન-ચારિત્રાદિમાત્ર જણાય છે. દ્રવ્યનયથી અભેદ એકરૂપ ચૈતન્યસ્વભાવમાત્ર જણાય છે ને પર્યાયનયથી તે આત્મા જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરે ગુણ-પર્યાયના ભેદવાળો પણ જણાય છે, એવો આત્માનો સ્વભાવ છે. પર્યાયનયથી જ્ઞાનાદિ અનંત ગુણ પર્યાયના ભેદરૂપે આત્મા ભાસે છે, ને દ્રવ્યનયે એક અભેદરૂપ ચૈતન્યસ્વભાવમાત્ર આત્મા જણાય છે. વસ્તુ એક છે પણ તેમાં પડખાં અનેક છે. ચીજને જેમ છે તેમ બધા પડખાથી જાણીને નક્કી કરે ત્યાર પછી જ જ્ઞાન તેમાં ઠરે ને? વસ્તુના સ્વરૂપને જાણ્યા વિના શેમાં એકાગ્ર થઈને ધ્યાન કરે? જેમ કોઈએ હાથમાં બાણ તો લીધું પણ તે બાણ મારવું છે કોને? જેને બાણ મારવું છે તે લક્ષ્યને નક્કી ન કર્યું હોય તો બાણ લીધું શા કામનું? પહેલાં જેનાં ઉપર બાણ છોડવું હોય તે લક્ષ્યને બરાબર નક્કી કર્યા પછી જ બાણ છોડે છે; તેમ આત્માનું ધ્યાન કરવા માટે પહેલાં તેનું બરાબર જ્ઞાન કરવું જોઈએ. આત્મા જેવો છે તેવો લક્ષમાં લીધા વિના ધ્યાન કોનું કરશે? ઘણા લોકો કહે છે કે અમારે ધ્યાન કરવું છે પણ કોનું? ધ્યાનમાં લેવા યોગ્ય આત્માનો સ્વભાવ શું છે તે જાણ્યા વિના તેનું ધ્યાન કઈ રીતે કરીશ? વસ્તુને યથાર્થજ્ઞાનથી જાણ્યા પછી તે વસ્તુમાં જ્ઞાનની એકાગ્રતા થાય તેનું નામ ધ્યાન છે. જેને વસ્તુનું સાચું જ્ઞાન જ નથી તેને તો જ્ઞાનની એકાગ્રતારૂપ ધ્યાન પણ હોતું નથી.

જેમ વસ્ત્ર સામાન્યપણે એક હોવા છતાં તે લાંબું-પહોળું, રંગવાળું તથા તાણાવાણાવાળું—એવા ભેદરૂપે પણ ખ્યાલમાં આવે છે, તેમ ચૈતન્યબિંબ ભગવાન આત્મા દ્રવ્યરૂપે એક હોવા છતાં તેનામાં દર્શન-જ્ઞાનાદિ અનંત ધર્મો ભર્યા છે એટલે પર્યાયનયે તે દર્શન-જ્ઞાનાદિ ભેદરૂપ છે. દ્રવ્યનયે જોતાં ભેદો ગૌણ થઈને એકરૂપ ચિન્માત્ર ભાસે છે અને પર્યાયનયે જોતાં દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ ગુણપર્યાયોના ભેદરૂપ પણ ભાસે છે—એવો આત્માનો સ્વભાવ છે. આત્મામાં જ્ઞાન-દર્શન વગેરે ભેદો છે તે કાંઈ કલ્પનારૂપ નથી પણ સત્ છે, વસ્તુમાં કથંચિત્ ગુણભેદ પણ છે; વસ્તુ સર્વથા અભેદ નથી પણ ભેદાભેદરૂપ છે.—એવી વસ્તુ તે જ પ્રમાણનો વિષય છે.

ત્રણે કાળે પર્યાય થવાનો આત્માનો સ્વભાવ છે. વસ્તુમાં ગુણભેદ પડે તેને પણ પર્યાય કહેવાય છે અને વિશેષ અવસ્થા થાય તેને પણ પર્યાય કહેવાય છે. દ્રવ્યનયથી વસ્તુ નિત્ય એકરૂપ હોવા છતાં પર્યાયનયથી તેનામાં ત્રણેકાળે નવી નવી અવસ્થા થયા કરે છે એવો તેનો સ્વભાવ છે.

આત્માની કોઈ પર્યાય પરને લીધે થતી નથી પણ પોતાના પર્યાયસ્વભાવથી જ તેની પર્યાય ત્રણેકાળે થયા કરે છે આત્મામાં પર્યાયધર્મ ક્યારે નથી?—સદાય છે. જો આત્માના પર્યાયધર્મને જાણે તો પરના આશ્રયે પોતાની પર્યાય થવાનું માને નહિ, પણ દ્રવ્યના આશ્રયે જ પર્યાય થવાનું માને, એટલે તેને પરથી લાભ-નુકશાન થાય એવી મિથ્યાબુદ્ધિ રહે જ નહિ. જો પરથી પોતાની પર્યાયમાં લાભ-નુકશાન માને તો તેણે આત્માના પર્યાયધર્મને ખરેખર જાણ્યો નથી.

દ્રવ્યનયે નિગોદથી સિદ્ધ સુધી સદાય આત્મા એકરૂપ છે, ઓછી પર્યાય કે વધારે પર્યાય એવા ભેદ તેનામાં નથી, પણ પર્યાયનયે તે ભેદરૂપ છે, સંસાર-મોક્ષ એવી પર્યાયરૂપે આત્મા પોતે પરિણમે છે. પર્યાયધર્મ પોતાનો છે, કોઈ બીજી ચીજને લીધે તેનો પર્યાયધર્મ થતો નથી. જો બીજો પદાર્થ આત્માની પર્યાય કરે તો આત્માના પર્યાયધર્મે શું કર્યું? જો નિમિત્તથી પર્યાય થઈ એમ હોય તો આત્માનો પર્યાયધર્મ જ ન રહ્યો! પોતાની અનાદિ અનંત પર્યાયો પોતાથી જ થાય છે—એમ જો પોતાના પર્યાયધર્મને ન જાણે તો જ્ઞાન પ્રમાણ થાય નહિ સ્વભાવ તરફ ઢળતું જ્ઞાન પ્રમાણપૂર્વક જ ઢળે છે; વસ્તુસ્થિતિ જાણીને જ્ઞાન પ્રમાણ થયા વગર તે વસ્તુસ્વભાવમાં ઢળે જ નહિ એટલે તેને આત્માનો સ્વાનુભવ થાય જ નહિ.

જો દ્રવ્યનયથી પણ આત્માને સંસાર હોય તો તે સંસાર નિત્ય રહ્યા જ કરે; અને જો પર્યાયનયથી પણ આત્માને સંસાર ન હોય તો આત્માની મુક્તિ જ હોવી જોઈએ. માટે બંને નયથી વસ્તુના સ્વરૂપને જાણવું જોઈએ. દ્રવ્યનયથી જો આત્મદ્રવ્યમાં સંસાર હોય તો તે ટળે ક્યાંથી? અને પર્યાયમાં સંસાર છે, તે પર્યાયના અવલંબને ટળે ક્યાંથી? દ્રવ્યનયે તો આત્માને સંસાર—મોક્ષ નથી, સંસારપર્યાયમાં કે મોક્ષપર્યાયમાં સદાય આત્મા ચિન્માત્ર જ છે; પરંતુ પર્યાયમાં સંસાર-મોક્ષ છે તેને પર્યાયનય જાણે છે. પણ તે પર્યાયના આશ્રયે સંસાર ટળતો નથી, દ્રવ્યનો આશ્રય કરતાં સંસારપર્યાય ટળીને મોક્ષપર્યાય થઈ જાય છે; એટલે પર્યાયનયવાળો પણ પર્યાયબુદ્ધિ રાખીને પર્યાયને નથી જાણતો પણ દ્રવ્ય ઉપર દૃષ્ટિ રાખીને પર્યાયનું જ્ઞાન કરે છે. દ્રવ્યની દૃષ્ટિ વગર એકલી પર્યાયને જાણવા જાય તો તેને પર્યાયબુદ્ધિનું મિથ્યાત્વ થઈ જાય છે. આખા દ્રવ્યના જ્ઞાનપૂર્વક તેના પર્યાયધર્મને પર્યાયનય જાણે છે, તે પર્યાયનયથી આત્મદ્રવ્ય ગુણ—પર્યાયના ભેદવાળું જણાય છે.

દ્રવ્યદૃષ્ટિથી જે વસ્તુ સામાન્ય એકરૂપ રહે છે તે જ **પર્યાયદૃષ્ટિથી સમયે સમયે** અનેરી અનેરી થાય છે; જો **પર્યાયદૃષ્ટિથી પણ** તે એવી ને એવી જ રહ્યા કરતી હોય તો સમયે સમયે જે વિશેષ કાર્ય થાય છે તે જ ન બની શકે, અથવા વિશેષ બદલતાં સામાન્ય જુદું રહી જાય એટલે સામાન્ય અને વિશેષ સર્વથા જુદા થઈ જાય. પણ એમ બને જ નહિ, કેમ કે સામાન્ય કદી વિશેષ વગર ન હોય અને વિશેષ કદી સામાન્ય વગર ન હોય. વસ્તુ અનેક ધર્માત્મક છે, સામાન્ય વિશેષ બંનેને એક સાથે ન માનો તો વસ્તુ જ સિદ્ધ ન થાય.

નયથી વિચાર કરનાર પણ, બધા ધર્મોનો સમુદાય તે આત્મા છે—એમ લક્ષમાં રાખીને તેના એકેક ધર્મનો ભેદ પાડીને નયથી વિચારે છે; તત્ત્વના વિચાર કાળે આવા ધર્મોથી વસ્તુને નક્કી કરવી

જોઈએ. તત્ત્વનો નિર્ણય કરીને અભેદ ચૈતન્યસ્વભાવ ઉપર દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્ર પ્રગટે છે. જયાં અભેદસ્વભાવના અનુભવમાં વળ્યો ત્યાં આવા ધર્મના ભેદના વિચાર રહેતા નથી.

નયથી એક ધર્મને જોતાં પણ દૃષ્ટિમાં તો આખી વસ્તુ આવી જાય છે, અને ત્યારે જ એક ધર્મના જ્ઞાનને નય કહ્યો. નય કહેતાં જ વસ્તુનું એક પડખું આવ્યું એટલે બીજા પડખા બાકી છે એમ પણ તેમાં આવી ગયું. નય એક ધર્મને મુખ્ય કરીને વસ્તુને લક્ષમાં લ્યે છે, તે ધર્મ વસ્તુનો છે ને વસ્તુ અનંતધર્મવાળી છે, એટલે નયની સાથે જ તે અનંતધર્મવાળી વસ્તુનું પ્રમાણજ્ઞાન પણ સાથે જ છે. નય તો અંશને જાણે છે, અંશ કોનો?—કે અંશીનો. અંશીના જ્ઞાન વગર અંશનું જ્ઞાન યથાર્થ ન થાય. આખી વસ્તુના પ્રમાણજ્ઞાનપૂર્વક તેના એક અંશનું જ્ઞાન હોય તો જ તેને નય કહેવાય. એ રીતે નય ભેગું પ્રમાણ પણ સાથે જ છે.

એ પ્રમાણે દ્રવ્યનય અને પર્યાયનય એ બે નયથી આત્માનું વર્ણન કર્યું; હવે અસ્તિત્વનય વગેરે સાત નયોથી આત્માના અસ્તિ-નાસ્તિ વગેરે સાત ધર્મોનું વર્ણન કરે છે.

સ્વ-પરને સંપૂર્ણપણે જાણે એવું આત્માનું સ્વભાવસામર્થ્ય છે. આત્માના સ્વભાવસામર્થ્યને જે જાણે તે જીવને ''હું મારું કાર્ય નહિ સાધી શકું'' એવો અનુત્સાહભાવ ન રહે તેમજ 'હું પરનું કરું' એવું અભિમાન પણ ન રહે એટલે પરથી ઉદાસીનતા થઈને સ્વભાવનો ઉત્સાહ વધે. સ્વભાવશક્તિના ભરોસે ગમે તેવા પ્રસંગમાં પણ તે ઉત્સાહહીન ન થાય....પણ ઉત્સાહપૂર્વક તે સ્વકાર્યને સાધે.

# અસ્તિત્વનયે આત્માનું વર્ણન

## (૩)

આત્મદ્રવ્ય અસ્તિત્વનયે સ્વદ્રવ્ય ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાળું છે; લોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા અને લક્ષ્યોન્મુખ તીરની માફક.

અનંત ધર્મના પિંડરૂપ આખું આત્મદ્રવ્ય તો પ્રમાણનો વિષય છે, અને તેને જ અસ્તિત્વનયે જોતાં તે અસ્તિત્વવાળું છે. સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી આત્મા અસ્તિત્વવાળો છે, એમ અસ્તિત્વનય સ્વથી અસ્તિને જ લક્ષમાં લ્યે છે; પરથી આત્મા નાસ્તિત્વરૂપ છે તે વાત નાસ્તિત્વનયમાં આવશે. અસ્તિત્વધર્મને જાણે તે અસ્તિત્વનય, નાસ્તિત્વધર્મને જાણે તે નાસ્તિત્વનય, પ્રમાણજ્ઞાનથી આખી વસ્તુના સ્વીકારપૂર્વક તેના એક પડખાંને મુખ્ય કરીને જાણે તેનું નામ નય છે. વસ્તુ પોતાના અનંત ભાવોથી ભરેલી છે, ભાવ વગરની કોઈ વસ્તુ હોય નહિ. વસ્તુને ઓળખવા માટે તેમાં રહેલા ભાવોને ઓળખવા જોઈએ. વસ્તુના ભાવોને (-ધર્મોને) જાણ્યા વગર તેની પ્રાપ્તિ થાય નહિ. જેમ બજારમાં કાંઈ વસ્તુ લેવા જાય તો તેના ભાવને જાણે છે તેમ અહીં ચૈતન્યવસ્તુની પ્રાપ્તિ કરવા માટે તેમાં રહેલા તેના સ્વ-ભાવોને જાણવા જોઈએ. વસ્તુમાં અનંત સ્વભાવો છે તેમાંથી આ અસ્તિત્વ સ્વભાવનું વર્ણન ચાલે છે. [સ્વભાવ એટલે વસ્તુનો ધર્મ.]

આત્માનું અસ્તિત્વ છે એમ સામાન્યપણે તો ઘણા માને છે પણ તેનું અસ્તિત્વ કઈ રીતે છે, તેના સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ કેવા છે? તે જાણ્યા વિના યથાર્થ આત્માનું અસ્તિત્વ જણાય નહિ. આત્માનું અસ્તિત્વ જેવા સ્વરૂપે છે તેવા સ્વરૂપે ઓળખીને માને તો તે ખરેખર આસ્તિક કહેવાય, પણ આત્માના અસ્તિત્વને જે વિપરીતરૂપે માને તે પરમાર્થે નાસ્તિક છે.

આત્મા પોતાના દ્રવ્યથી ક્ષેત્રથી કાળથી ને ભાવથી અસ્તિરૂપ છે. આત્માના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સમજાવવા માટે અહીં આચાર્યદેવે તીરનું દૃષ્ટાંત આપ્યું છે : જેમ કોઈ તીર સ્વદ્રવ્યથી લોહમય છે, સ્વક્ષેત્રથી દોરી અને કામઠાના વચગાળામાં રહેલું છે, સ્વકાળથી સંધાન દશામાં એટલે કે ધનુષ્ય પર ખેંચાયેલી સ્થિતિમાં છે અને સ્વભાવથી લક્ષ્યોન્મુખ એટલે કે નિશાનની સન્મુખ છે; એ પ્રમાણે તે તીર પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ને ભાવથી અસ્તિત્વવાળું છે, તેમ આત્મા પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ–ભાવરૂપ સ્વચતુષ્ટયથી અસ્તિત્વવાળો છે,

**૧. સ્વદ્રવ્ય :** જેમ બાણ લોહમય છે તે તેનું સ્વદ્રવ્ય છે તેમ આત્મા અનંત ગુણ-પર્યાયનો પિંડ ચૈતન્યમય છે તે તેનું સ્વદ્રવ્ય છે.

**૨. સ્વક્ષેત્ર :** જેમ દોરી અને કામઠાની વચમાં રહેલું છે તે તીર સ્વક્ષેત્ર છે તેમ આત્મા **પોતાના** અસંખ્ય ચૈતન્યપ્રદેશોમાં રહેલો છે તે તેનું સ્વક્ષેત્ર છે.

**૩. સ્વકાળ :** જેમ બાણ છૂટવાની તૈયારીમાં એટલે કે ખેંચાયેલી અવસ્થામાં છે તે તેનો સ્વકાળ છે તેમ આત્મા પોતાની સાધક વગેરે વર્તમાન અવસ્થામાં છે તે તેનો સ્વકાળ છે.

**૪. સ્વભાવ :** જેમ પોતાના નિશાનની સન્મુખ રહેવારૂપ ભાવ તે તીરનો સ્વભાવ છે તેમ તે તે કાળની પર્યાયની સન્મુખ થયેલો આત્માનો જે ત્રિકાળી ભાવ છે તે તેનો સ્વભાવ છે.

એ રીતે, જેમ બાણ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ને ભાવમાં રહેલું છે તેમ આત્મા પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ને ભાવથી અસ્તિત્વવાળો છે. વસ્તુનું આવું અસ્તિત્વ પોતાથી જ છે, કોઈ પરને લીધે નથી.

બાણની ખેંચાયેલી અવસ્થા તે બાણનો પોતાનો સ્વકાળ છે, માણસના વિકલ્પને લીધે કે હાથને લીધે બાણની તે અવસ્થાનું અસ્તિત્વ નથી, કેમ કે જો એમ હોય તો બાણનો પોતાનો સ્વકાળ રહેતો નથી. તેનો સ્વકાળ તેના પોતાના અસ્તિત્વધર્મથી છે, કોઈ બીજાને લીધે નથી. તેમ આત્માની સમ્યગ્દર્શનાદિ પર્યાય તે તેનો પોતાનો સ્વકાળ છે, કોઈ દેવ-ગુરુ વગેરે પરને લીધે તે સ્વકાળનું અસ્તિત્વ નથી. પોતાના વર્તમાન વર્તતા સ્વકાળમાં દ્રવ્ય પોતે જ રહેલું છે, દ્રવ્યનો જ તેવો અસ્તિત્વધર્મ છે. એ જ પ્રમાણે કામઠા અને દોરીની વચ્ચે, પોતાની લંબાઈ-પહોળાઈમાં તીર રહેલું છે તે જ તેનું ક્ષેત્ર છે, આકાશનું ક્ષેત્ર તે બાણનું સ્વક્ષેત્ર નથી, તે તો પરક્ષેત્ર છે, તેમાં બાણ રહેલું નથી. તેમ આત્મા શરીરના ક્ષેત્રમાં રહેલો નથી પણ પોતાના અસંખ્ય આત્મપ્રદેશી ક્ષેત્રમાં જ રહેલો છે. ભાઈ! તું જો તો ખરો કે તારું અસ્તિત્વ ક્યાંય બહારમાં નથી, તારામાં જ તારું અસ્તિત્વ પૂરેપૂરું ભર્યું છે, સિદ્ધ ભગવાન થવાનું સામર્થ્ય પણ તારા અસ્તિત્વમાં જ પડ્યું છે, તે ક્યાંય બહારથી આવતું નથી.

જે જ્ઞાન આવા સ્વ અસ્તિત્વને જાણે તેનું નામ અસ્તિત્વનય છે. અહો! એક અસ્તિત્વધર્મ કહેતાં તેમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ને ભાવ ચારેય સમાઈ જાય છે. આત્માનું અસ્તિત્વ જાણવા માટે તેનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ—ભાવ જાણવા જોઈએ. તે આ પ્રમાણે છે—

૧. ચૈતન્યમય અનંત ગુણનો પિંડ તે આત્માનું સ્વદ્રવ્ય છે.

૨. શરીરના પ્રમાણમાં છતાં શરીરથી ભિન્ન, અસંખ્ય પ્રદેશી પહોળું તે આત્માનું સ્વક્ષેત્ર છે.

૩. સમ્યગ્દર્શન, મુનિપણું કે સિદ્ધદશા વગેરે એકેક સમયની વર્તમાન વર્તતી પર્યાય તે આત્માનો સ્વકાળ છે. આત્માનો સ્વકાળ કહ્યો એટલે પરથી કોઈ અવસ્થા થાય એ વાત જ રહેતી નથી. નિગોદીયા જીવની નિગોદદશા તે પણ તેનો સ્વકાળ છે, તે પોતાથી છે, કર્મને લીધે નથી.

૪. તે તે સમયની પર્યાયમાં પરિણમતા આત્માના જ્ઞાનાદિ ભાવો ત્રિકાળ રહે છે, વર્તમાન પર્યાયની સન્મુખ થયેલો ભાવ કાયમ રહે છે એટલે કે જ્ઞાનાદિ ગુણો ત્રણે કાળે તે તે કાળની પર્યાયે પરિણમી જાય છે, એવો જે ત્રિકાળ ટકનારો ભાવ તે આત્માનો સ્વભાવ છે.

—આવા સ્વદ્રવ્ય-સ્વક્ષેત્ર-સ્વકાળ ને સ્વભાવથી આત્મા અસ્તિત્વરૂપ છે. એક અસ્તિત્વધર્મથી આત્માને બરાબર સમજે તો બધા ગોટા નીકળી જાય તેવું છે. અસ્તિત્વધર્મ એમ બતાવે છે કે આત્મા પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ભાવથી છે, પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને ધરનાર આત્મા જ છે. બસ

સમયના ઉપાદાનની ખબર નથી. તીરમાં પહેલાં બીજા પ્રકારની અવસ્થાનો સ્વકાળ હતો, ને પછી ધનુષ્ય ઉપર અનુસંધાન થવાનો તેનો સ્વકાળ આવ્યો તે અવસ્થા તેના જ ઉપાદાનથી થઈ છે.

ઉપાદાન બે પ્રકારના છે : એક શાશ્વત ઉપાદાન અને બીજું ક્ષણિક ઉપાદાન. દ્રવ્યનો જે ત્રિકાળી સ્વભાવ છે તે શાશ્વત ઉપાદાન છે અને તેની એકેક સમયની પર્યાયની યોગ્યતા તે ક્ષણિક ઉપાદાન છે, ક્ષણિક ઉપાદાન દરેક પર્યાયનું જુદું-જુદું છે. અજ્ઞાનીને સમય-સમયની પર્યાયના સ્વતંત્ર ઉપાદાનનું એટલે કે સ્વકાળનું ભાન નથી, એટલે જેવું નિમિત્ત આવે તેવી પર્યાય થાય એમ તે માને છે, તે તેની મૂળમાં ભૂલ છે. તેમજ ક્ષણિક પર્યાયના રાગ જેટલો જ આખા આત્માનો સ્વભાવ જે માની લ્યે તેને વસ્તુના ત્રિકાળી શુદ્ધ ઉપાદાનનું એટલે કે સ્વભાવનું ભાન નથી. સ્વકાળ તે ક્ષણિક ઉપાદાન છે ને સ્વભાવ તે ત્રિકાળી ઉપાદાન છે. આત્માના અસ્તિત્વ ધર્મને જાણે તેમાં આ બધું આવી જાય છે. અસ્તિત્વમાં સ્વદ્રવ્ય—ક્ષેત્ર-કાળ-ભાવ આવી જાય છે, ને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ભાવમાં આ બધું રહસ્ય સમાઈ જાય છે.

વસ્તુની દરેક પર્યાય પોતાના સ્વકાળથી થાય છે, નિમિત્તથી થતી નથી, આવું વસ્તુસ્વરૂપ છે. શાસ્ત્રોમાં 'કર્મ જીવને વિકાર કરાવે' એમ વ્યવહાર કથન કર્યું હોય ત્યાં અજ્ઞાની તેનો અર્થ ખરેખર તેમ જ માની લ્યે છે, તેને નિશ્ચય વ્યવહારની ખબર નથી. નિશ્ચય—વ્યવહારમાં પણ અનેક અપેક્ષાઓ છે. તે આ પ્રમાણે—

(૧) જ્યારે વિકારી પરિણામ આત્મા પોતે કરે છે એમ બતાવવા માટે તેને નિશ્ચય કહ્યો ત્યારે, તેમાં કર્મનો ઉદય નિમિત્ત છે તેનું જ્ઞાન કરાવવા માટે તે નિમિત્તને વ્યવહાર કહ્યો. પણ ખરેખર કર્મનો ઉદય જીવને વિકાર કરાવે છે—એમ કહેવાનો તે વ્યવહારનો આશય નથી. [ત્યાં સ્વ તે નિશ્ચય ને પર તે વ્યવહાર એવી શૈલિ છે.]

(૨) મોક્ષમાર્ગનું વર્ણન ચાલતું હોય ત્યાં શુભરાગને વ્યવહાર કહે ને શુદ્ધતાને નિશ્ચય કહે છે. [ત્યાં પર્યાયની શુદ્ધતા તે નિશ્ચય અને પર્યાયની અશુદ્ધતા તે વ્યવહાર એવી શૈલી છે.]

(૩) જ્યારે દ્રવ્યની વાત ચાલતી હોય ત્યારે અભેદ દ્રવ્ય તે નિશ્ચય ને ગુણ-પર્યાયના જેટલા ભેદ પડે તે બધોય વ્યવહાર છે—એમ કહેવામાં આવે છે. [ત્યાં અભેદ તે નિશ્ચય ને ભેદ તે વ્યવહાર એવી શૈલી છે.]

એ પ્રમાણે જયાં જે અપેક્ષા હોય તે સમજવી જોઈએ.

સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ—ભાવથી અસ્તિ છે ને પરથી નાસ્તિ છે—એ વાત યથાર્થ સમજે તો બધા ગોટા નીકળી જાય. આ અસ્તિ-નાસ્તિધર્મ બધા દ્રવ્યોમાં છે, દરેક દ્રવ્ય પોતપોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિરૂપ છે ને પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તે નાસ્તિરૂપ છે. અહીં આત્માના અસ્તિત્વ ધર્મની વાત ચાલે છે. દરેક વસ્તુમાં અસ્તિ-નાસ્તિ આદિ પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓ છે, તે વસ્તુને સિદ્ધ કરે છે; વિરોધી શક્તિ એવી ન હોય કે એકબીજાનો નિષેધ કરે. જો એક ધર્મ બીજા ધર્મનો

નિષેધ કરે તો તો વસ્તુ જ અનંતધર્મવાળી સિદ્ધ ન થાય. અસ્તિધર્મ અને નાસ્તિધર્મ એ બંને પરસ્પર વિરુદ્ધ હોવા છતાં વસ્તુમાં બંને સાથે રહેલા છે, એટલે વસ્તુ અનેકાંત સ્વભાવવાળી છે. ધર્મ અપેક્ષાએ વિરોધ હોવા છતાં એક વસ્તુમાં સાથે રહેવાની અપેક્ષાએ તેમને વિરોધ નથી. ધર્મો અનંત ભિન્ન ભિન્ન હોવા છતાં ધર્મી વસ્તુ એક છે, તે અનંતધર્મવાળી વસ્તુ પ્રમાણનો વિષય છે, ને તેનો એકેક ધર્મ તે નયનો વિષય છે.

આત્મા ત્રણે કાળે પોતાથી જ અસ્તિત્વવાળો છે; તેથી, કોઈ પરવસ્તુની મદદ હોય તો મારું અસ્તિત્વ ટકે ને મને ઠીક પડે—એ વાત રહેતી નથી. અહો! હું મારી ચૈતન્યસત્તાથી જ સદાય ટકનારો છું—એમ જો પોતાના અસ્તિત્વનો નિર્ણય કરે તો કેટલી નિર્ભયતા થઈ જાય? જગતનો કોઈ પણ પ્રતિકૂળ સંયોગ આવીને મારો નાશ કરશે કે મને હેરાન કરશે એવો ભય ટળી જાય. પોતાથી જ આત્માનું અસ્તિત્વ છે એટલે આત્માને બધાય પદાર્થો વિના જ ચાલી રહ્યું છે. 'મારે પર વિના ન ચાલે' એવી ઊંધી માન્યતા કરનાર અજ્ઞાની જીવને પણ પર વિના જ ત્રણે કાળ ચાલી રહ્યું છે. તેની પર્યાયમાં તેણે રાગ વિના અનાદિથી નથી ચલાવ્યું છતાં દ્રવ્યસ્વભાવમાં તો રાગ નથી, ત્રિકાળી તત્ત્વ તો રાગ વિના જ નભી રહ્યું છે.—આમ ઓળખે તો સ્વભાવસન્મુખ થઈને રાગથી જુદો પડી જાય, પરથી જુદો તો છે જ. અહીં પ્રમાણના વિષયભૂત આખી વસ્તુનું વર્ણન હોવાથી રાગને પણ આત્માનો ધર્મ-આત્માનો સ્વભાવ—કહેશે. પણ તે જાણવાનું ય ફળ તો રાગરહિત ચૈતન્યસ્વભાવ તરફ ઢળવું તે જ છે. રાગરૂપે આત્મા પરિણમે છે માટે રાગ પણ આત્માનો જ એક ધર્મ છે. એમ જાણનાર જીવ રાગમાં અટકીને તે નથી જાણતો, પણ રાગનો જ્ઞાતા રહીને તે જાણે છે. રાગને જાણનારું જ્ઞાન રાગમાં એકાકાર થઈને નથી જાણતું પણ રાગથી જુદું રહીને જાણે છે.

(૧) બધા ગુણ-પર્યાયોનો પિંડ તે સ્વદ્રવ્ય;

(૨) પોતાના અસંખ્ય આત્મ-પ્રદેશો તે સ્વક્ષેત્ર,

(૩) પોતાની વર્તમાન સમયની અવસ્થા તે સ્વકાળ, અને

(૪) તે તે પર્યાયની સન્મુખ ઝુકેલો જે ત્રિકાળી શક્તિરૂપ ભાવ તે સ્વભાવ;

—એ પ્રમાણે સ્વદ્રવ્ય-સ્વક્ષેત્ર-સ્વકાળ અને સ્વભાવથી આત્મા અસ્તિત્વરૂપ છે. આચાર્યદેવે તીરનું દૃષ્ટાંત આપીને આ વાત સ્પષ્ટ કરી છે.

(૧) જેમ તીર છે તે લોહમય છે, લોહમયપણું તે તેનું સ્વદ્રવ્ય છે, તેમ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા પોતાના ગુણપર્યાયમય છે તે તેનું સ્વદ્રવ્ય છે, એવા સ્વદ્રવ્યથી તેનું અસ્તિત્વ છે.

(૨) જેમ તે લોહમય બાણ દોરી અને ધનુષ્યની વચ્ચે પોતાના લોહમય સ્વક્ષેત્રમાં રહેલું છે; તેમ આત્મા પોતાના અસંખ્યાત ચૈતન્ય પ્રદેશોરૂપી સ્વક્ષેત્રમાં રહેલો છે તે જ આત્માનું રહેઠાણ અર્થાત્ સ્વક્ષેત્ર છે. એ સિવાય, આત્મા સૌરાષ્ટ્ર દેશમાં રહેલો છે કે આત્મા શરીરમાં રહેલો છે—એમ કહેવું તે આત્માનું ખરું ક્ષેત્ર નથી, તે તો આત્માથી બાહ્યક્ષેત્ર છે. બાહ્યક્ષેત્રમાં આત્માનું અસ્તિત્વ નથી પણ

પોતાના ક્ષેત્રમાં જ આત્માનું અસ્તિત્વ છે.

(૩) કોઈ લક્ષની સામે સંધાયેલી અવસ્થા તે તીરનો સ્વકાળ છે, તેમાં તે રહેલું છે; તેમ આત્મા પોતાની વર્તમાન એક સમયની જે અવસ્થા વર્તી રહી છે તેમાં રહેલો છે, તે તેનો સ્વકાળ છે. પૈસા કુટુંબ-આબરુ વગેરે બધું બરાબર હોય ત્યારે લોકો કહે છે કે હમણાં અમારે સારો કાળ છે, અને જ્યાં કાંઈક ફેરફાર થાય ત્યાં કહે છે કે હમણાં અમારે માઠો કાળ આવ્યો છે, પણ ખરેખર પૈસા વગેરે પર વસ્તુ આવે કે જાય તેની સાથે આત્માના સ્વકાળનો સંબંધ નથી. આમ સમજે તો, પૈસા વગેરેનો સંયોગ આવે કે જાય તેમાં એકત્વબુદ્ધિથી હર્ષ કે શોક ન થાય. મારી એકેક સમયની પર્યાયરૂપ સ્વકાળથી મારું અસ્તિત્વ છે, દ્રવ્ય ત્રિકાળ છે તે કારણ છે અને પર્યાય એકેક સમયની છે તે કાર્ય છે, મારા ત્રિકાળી દ્રવ્યનું એકેક સમયનું વર્તમાન કાર્ય તે જ મારો સ્વકાળ છે. આમ સમજીને દ્રવ્યસન્મુખ થતાં જે નિર્મળપર્યાય પ્રગટી તે આત્માનો શુદ્ધ સ્વકાળ-સુકાળ છે.

(૪) લક્ષ્યની સામે રહેવારૂપ જે ભાવ છે તે તીરનો સ્વભાવ છે, તેમ આત્માનો જે શક્તિરૂપ ભાવ છે તે પરિણમીને પર્યાયની સન્મુખ થાય છે એટલે સમય સમયની પર્યાય થવાની તાકાતવાળો જે કાયમનો ભાવ (-શક્તિ) છે તે આત્માનો સ્વભાવ છે.

એ રીતે, અસ્તિત્વનય એમ જાણે છે કે મારૂં આત્મદ્રવ્ય મારા પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાળું છે. આવું અસ્તિત્વ સમજનારને આત્માની સ્વતંત્રતાની પ્રતીત થાય છે ને પરાધીનતાની દૃષ્ટિ છૂટી જાય છે, એનું નામ અપૂર્વ ધર્મ છે.

પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ને ભાવ એ ચારે થઈને પોતાનું અસ્તિત્વ છે, એક અસ્તિત્વધર્મમાં તે ચારે પ્રકાર સમાઈ જાય છે. સ્વકાળ એટલે પોતાના જ્ઞાન શ્રદ્ધા વગેરેની સમય-સમયની વર્તમાન પર્યાય, તેનાથી આત્મા સત્ છે. અશુભ, શુભ કે શુદ્ધભાવરૂપ તે તે સમયની પર્યાયમાં તે દ્રવ્ય જ રહેલું છે, તે પોતાનો જ સ્વકાળ છે, પોતાના સ્વકાળ વગરની વસ્તુ હોતી નથી અને વસ્તુનો સ્વકાળ બીજાથી હોતો નથી.

રાગપર્યાય તે એક સમયનો સ્વકાળ છે, અને સ્વદ્રવ્યમાં તો સિદ્ધદશાના અનંતા સ્વકાળ પ્રગટવાનું સામર્થ્ય છે; તેથી જો રાગના કાળે માત્ર રાગ જેટલુ જ આત્માનું અસ્તિત્વ માની લ્યે તો બીજા સમયે નિર્મળ સ્વકાળ આવશે ક્યાંથી? તેમ જ તે રાગ ટળીને બીજા સમયે દ્રવ્યનું અસ્તિત્વ રહેશે શેમાં? વર્તમાન સ્વકાળ પલટીને બીજા સમયનો સ્વકાળ થાય તે દ્રવ્યમાંથી જ આવે છે અને તે સ્વકાળમાં પણ દ્રવ્યનું જ અસ્તિત્વ છે. માટે જે જીવ વર્તમાન વિકારી સ્વકાળ જેટલો જ પોતાને માને, અને તે સ્વકાળ પલટીને બીજી સવળી પર્યાયોનો સ્વકાળ પ્રગટે એવું સ્વભાવ સામર્થ્ય છે તેની પ્રતીત ન કરે તો તેણે પોતાના પૂરા અસ્તિત્વને ઓળખ્યું નથી. એક સમયના સ્વકાળ જેટલું જ મારું આખું અસ્તિત્વ નથી પણ હું તો ત્રણે કાળના સ્વકાળના સામર્થ્યનો પિંડ છું--એમ સમજે તો ક્ષણિક રાગ જેટલો જ આત્માને ન માને એટલે રાગ સાથેની એકત્વબુદ્ધિ છૂટીને ત્રિકાળી ચૈતન્યભાવ તરફ વળ્યા વગર રહે નહિ. પ્રથમ આવી દૃષ્ટિ વિના આત્મા તરફ વળીને એકાગ્ર થવાનું રહેતું નથી, એટલે

તેને મોક્ષ થવાનું બનતું નથી. માટે પ્રથમ વસ્તુનું સ્વરૂપ સમજવું તે જ મોક્ષમાર્ગનો ઉપાય છે. તે સિવાય કોઈ પણ રીતે મોક્ષમાર્ગની શરૂઆતનો અંશ પણ થતો નથી.

શ્રી જિનેન્દ્ર ભગવંતની પૂજા-ભક્તિ કરવાનો જે શુભભાવ થયો તે પણ આત્માનો સ્વકાળ છે, ધર્મીને પણ વીતરાગી સ્વકાળ પ્રગટ્યા પહેલાં તેવો ભાવ થઈ જાય છે. ત્યાં ધર્મી જીવને અંતરમાં ભાન છે કે મારી નબળાઈનો કાળ છે તેથી આ રાગ થાય છે. સ્વભાવની પ્રભુતાનું ભાન છે ને પર્યાયના રાગનું પણ ભાન છે. આ રાગ મને કોઈ પરના કારણે થતો નથી પણ મારા સ્વકાળને લીધે થાય છે; અને તે વખતે બહારમાં જે ફૂલ--પાણી વગેરેની ક્રિયા થાય છે તે મારા સ્વકાળથી ભિન્ન છે, મારા શુભરાગને લીધે તે ક્રિયા થતી નથી, આત્મા તે સમયના પોતાના સ્વકાળના જ્ઞાનભાવને તથા પૂજા-ભક્તિના ભાવને કરે છે પણ ફૂલ--પાણી વગેરે પર દ્રવ્યને લેવા--મૂકવાની ક્રિયા આત્મા કરતો નથી. પાણી વગેરેની જે ક્રિયા થાય તેમાં પરના વસ્તુના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ છે, તેમાં પરનું અસ્તિત્વ છે, આત્માનું અસ્તિત્વ તેમાં નથી તેથી આત્મા તેને કરી શકે નહિ. આત્માનું અસ્તિત્વ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં છે અને પરનું અસ્તિત્વ પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં છે, કોઈના અસ્તિત્વને લીધે કોઈ બીજામાં કાંઈ થતું નથી. આમ હોવાથી ફૂલ-પાણી વગેરે પર વસ્તુની ક્રિયા થાય તેમાં આત્માનો આરંભ-સમારંભ નથી ને તેને લીધે આત્માને પુણ્ય કે પાપ થતું નથી. આત્માનો આરંભ-સમારંભ તો પોતાના અસ્તિત્વમાં—પોતાના ભાવમાં છે, પોતાના ભાવમાં જો શુભપરિણામ હોય તો તે પુણ્યનું કારણ છે ને પોતાના ભાવમાં જો અશુભપરિણામ હોય તો તે પાપનું કારણ છે, તથા શુભ-અશુભથી રહિત શુદ્ધપરિણામ તે ધર્મ છે. આ રીતે આત્માને પોતાના ભાવનું જ ફળ છે. બહારની ક્રિયા થાય તેથી આત્માને આરંભ-સમારંભનું પાપ લાગી જાય અને બહારની ક્રિયાને આત્મા રોકે તો આરંભ-સમારંભનું પાપ અટકે—એ માન્યતા મિથ્યા છે કેમ કે બહારની ક્રિયામાં તો આત્માનું અસ્તિત્વ જ નથી. અજ્ઞાની લોકો બહારમાં ફૂલ-પાણીને દેખીને ભડકે છે પણ અંતરમાં પરિણામ કેવા છે તે ઓળખતા નથી. ભગવાનની પરમશાંત વીતરાગી પ્રતિમા પાસે સમકીતિ એકાવતારી ઈંદ્ર-ઈંદ્રાણી પણ ભક્તિથી નાચી ઊઠે છે. જુઓ નંદીશ્વર નામના દ્વીપમાં રત્નના શાશ્વત જિનબિંબો છે, ત્યાં કારતક, ફાગણ અને અષાઢ મહિનામાં સુદ ૮ થી ૧૫ સુધી દેવો ભક્તિ કરવા જાય છે. જેમ આત્મામાં પરમાત્માપણાની શક્તિ સદાય છે અને તે શક્તિ પ્રગટેલા સર્વજ્ઞ પરમાત્મા પણ જગતમાં સદાય એક પછી એક થયા જ કરે છે. તેમ પરમાત્મપણાના પ્રતિબિંબ તરીકે વીતરાગી પ્રતિમા પણ જગતમાં શાશ્વત છે. આત્માનો જ્ઞાયકબિંબ સ્વભાવ અનાદિનો છે તેમ તેના નિમિત્ત તરીકે તેના પ્રતિબિંબરૂપે જિનપ્રતિમા પણ અનાદિથી છે. તેમની પાસે જઈને ઇન્દ્ર-ઇન્દ્રાણી જેવા એકાવતારી જીવો પણ ભક્તિથી થનગન કરતાં નાચી ઊઠે છે. તે વખતે અંદર ભાન છે કે આ મૂર્તિનું અસ્તિત્વ તેના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં છે, શરીરનું ઊંચું-નીચું થવાની ક્રિયાનું અસ્તિત્વ તેના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં છે, મૂર્તિમાં કે દેહની ક્રિયામાં મારું અસ્તિત્વ નથી, મારું અસ્તિત્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં છે. આવા સમ્યક્ ભાનમાં સ્વાશ્રયે પોતાનો સ્વકાળ અંશે તો નિર્મળ થયો છે ને અલ્પકાળમાં દ્રવ્યનો પૂરો આશ્રય કરતાં પૂર્ણ નિર્મળ સ્વકાળ તેને પ્રગટી જશે એટલે તે પોતે પરમાનંદમય પરમાત્મા થઈ જશે. ભગવાનની ભક્તિ વખતે,

અશુભરાગ ટળીને જે શુભરાગ થયો તે આત્માનો સ્વકાળ છે, તેમાં આત્માનું અસ્તિત્વ છે પણ પરની ક્રિયામાં આત્માનું અસ્તિત્વ નથી. અષ્ટપ્રકારી પૂજા વખતે આઠ ચીજો ભેગી કરવાની જે બાહ્ય ક્રિયા થાય તેને આત્માની પ્રવૃતિ માને, અને તે ક્રિયા ન થાય તેને આત્માની નિવૃત્તિ માને, તેને પોતાના પરના ભિન્ન ભિન્ન સ્વકાળનું ભાન નથી, અસ્તિત્વધર્મની ખબર નથી, તેનું જ્ઞાન મિથ્યા છે. મિથ્યાજ્ઞાન તે મોટો અધર્મ છે.

સાધકના શ્રુતજ્ઞાનમાં નય પડે છે, તે નયથી આત્મા કેવો જણાય છે તેનું આ વર્ણન છે. કેવળજ્ઞાન થતાં તો જ્ઞાન અને સ્વજ્ઞેય બંને પૂરા થઈ ગયા, પૂરું જ્ઞાન થઈ ગયા પછી નયથી જાણવાનું રહેતું નથી. ત્યાં તો લોકાલોકના બધાય પદાર્થો જ્ઞાનના જ્ઞેય થઈ ગયા છે, બધા જ્ઞેયોને એક સાથે જ્ઞાન સ્પષ્ટ-પ્રત્યક્ષ જાણી લે છે એટલે તે જ્ઞાનનો વિષય પલટાતો નથી અર્થાત્ જ્ઞાન એક જ્ઞેયમાંથી બીજા જ્ઞેયમાં જતું નથી ને ત્યાં રાગ પણ નથી. નીચલી દશામાં રાગી જીવને પૂર્ણ જ્ઞાન સ્વભાવનું ભાન હોવા છતાં જ્ઞાન હજી પુરું પ્રગટ્યું નથી એટલે તેના જ્ઞાનનું લક્ષ એક જ્ઞેયમાંથી બીજા જ્ઞેયમાં પલટે છે, એક સમયમાં લોકાલોકને જાણવાના સામર્થ્યવાળું પુરું દ્રવ્ય તેની શ્રદ્ધામાં આવ્યું છે પણ જ્ઞાન હજી અધુરું છે. એટલે એક સમયમાં લોકાલોકને તે જાણી શકતું નથી. એટલે તેના જ્ઞાનનો ઉપયોગ એક જ્ઞેયમાંથી બીજા જ્ઞેયમાં પલટે છે, અને રાગ પણ છે. જે સમયે જે પ્રકારના રાગની લાયકાત હોય તે સમયે તેવો જ રાગ હોય અને તેવું જ નિમિત્ત હોય, ત્યાં તે તે સમયના રાગને તેમ જ નિમિત્તને જ્ઞાન જાણે છે. એટલે જેમ રાગ અને નિમિત્તો જુદાં જુદાં પલટે છે તેમ તેને જાણનારું જ્ઞાન પણ પલટે છે. રાગ અનેક પ્રકારનો છે, જે વખતે જેવા પ્રકારનો રાગ હોય તે વખતે તેવા પ્રકારના નિમિત્ત ઉપર જ લક્ષ જાય. ભક્તિના ભાવ વખતે ભગવાન ઉપર લક્ષ જાય પણ કાંઈ સ્ત્રી ઉપર લક્ષ ન જાય અને વિષયના ભાવ વખતે સ્ત્રી ઉપર લક્ષ જાય પણ કાંઈ સિદ્ધ ઉપર લક્ષ ન જાય, એ રીતે જેવો રાગ હોય તેવા નિમિત્ત ઉપર જ લક્ષ જાય. છતાં રાગના કારણે નિમિત્ત આવતું નથી ને નિમિત્તના કારણે રાગ થતો નથી. રાગ અને નિમિત્ત બંનેનો સ્વકાળ જુદો છે. અને જ્ઞાન પણ જે કાળે જેવો રાગ અને જેવું નિમિત્ત હોય તેને જાણે છે. પણ રાગ કે નિમિત્તને લીધે મને જ્ઞાન થયું એમ ધર્મી માનતા નથી, તે કાળે તેવો જ રાગ અને તેવા જ નિમિત્તને જાણે એવી મારા સ્વપરપ્રકાશક જ્ઞાનની જ લાયકાત હતી તેથી મને જ્ઞાન થયું છે—એમ ધર્મી જાણે છે. એટલે તેને જ્ઞાન અને રાગની ભિન્નતાનું ભાન છે તેથી એકત્વબુદ્ધિનો રાગ તો તેને થતો જ નથી. આ બધું સમજે ત્યારે જ અસ્તિત્વ ધર્મને યથાર્થ ઓળખ્યો કહેવાય. સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી આત્માનું અસ્તિત્વ છે--એમ સમજે તેમાં આ બધી વાત પણ ભેગી આવી જાય છે.

એ રીતે અસ્તિત્વનયથી આત્માને અસ્તિત્વધર્મવાળો વર્ણવ્યો. હવે નાસ્તિત્વનયથી જોતા તે જ આત્મા પર ચતુષ્ટયથી નાસ્તિત્વરૂપ છે—એમ કહે છે.

# નાસ્તિત્વનયે આત્માનું વર્ણન

## [૪]

આત્મદ્રવ્ય નાસ્તિત્વનયે પરદ્રવ્ય ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિત્વવાળું છે;—અલોહમય, દોરીને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક.

અસ્તિત્વ અને નાસ્તિત્વ એ બંને ધર્મો એક જ વસ્તુમાં એક સાથે રહેલાં છે; તેથી અસ્તિત્વધર્મના વર્ણનમાં જે તીરનું દૃષ્ટાંત હતું તે જ તીર નાસ્તિત્વધર્મના દૃષ્ટાંતમાં લીધું છે. એટલે અસ્તિત્વધર્મ જુદી વસ્તુનો, ને નાસ્તિત્વધર્મ જુદી વસ્તુનો—એમ નથી પણ એક જ વસ્તુના તે બંને ધર્મો છે.

જે તીરને સ્વચતુષ્ટયથી અસ્તિરૂપ કહ્યું તે જ તીર, અન્ય તીરના દ્રવ્યની અપેક્ષાથી અલોહમય છે, અન્ય તીરના ક્ષેત્રની અપેક્ષાથી દોરી ને કામઠાના વચગાળામાં નહિ રહેલું છે, અન્ય તીરના કાળની અપેક્ષાથી સંધાયેલી સ્થિતિમાં નહિ રહેલું છે, અને અન્ય તીરના ભાવની અપેક્ષાથી અલક્ષ્યોન્મુખ છે; તેમ આત્મા પોતાના સ્વચતુષ્ટયની અપેક્ષાએ અસ્તિરૂપ છે ને તે જ આત્મા પર વસ્તુના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ નાસ્તિરૂપ છે.

આત્માનો જાણનાર—દેખનાર સ્વભાવ છે, તેની સાથે બીજા અનંત ધર્મો છે; તે બધા ધર્મોનો પિંડ આત્મા છે. આત્માના અનંત ધર્મોમાંથી કોઈપણ ધર્મ પરના આધારે નથી તેમ જ પરને લીધે નથી, અને પર વસ્તુનો કોઈ ધર્મ આત્મામાં નથી તેમ જ આત્માને લીધે નથી. પોત પોતાના અનંતધર્મો દરેક વસ્તુમાં સ્વતંત્ર છે. અહીં તો આત્માને ઓળખાવવા માટે આત્માના ધર્મોનું વર્ણન ચાલે છે.

આત્મદ્રવ્યમાં અનંત ધર્મો છે, તે બધા ધર્મોને એક સાથે પ્રમાણ જાણે છે અને નય તેના એકેક ધર્મને મુખ્ય કરીને જાણે છે. વસ્તુમાં ધર્મો અનંત છે તેમ તેને જાણનારા નયો પણ અનંત છે. તેમાંથી દ્રવ્યનય, પર્યાયનય અને અસ્તિત્વનય એ ત્રણ નયથી આત્માના ધર્મોનું વર્ણન કર્યું. હવે ચોથા નાસ્તિત્વનયથી આત્મા કેવો છે તે વાત ચાલે છે.

જે આત્મદ્રવ્ય પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાળુ છે તે જ આત્મદ્રવ્ય પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવપણે નથી એટલે કે નાસ્તિત્વવાળું છે. પરથી ન હોવાપણું તે પણ વસ્તુનો જ એક અંશ છે. વસ્તુમાં જ્યાં ભાવ-અંશ છે, ત્યાં જ આવો અભાવ-અંશ છે, જ્યાં સ્વથી અસ્તિત્વરૂપ ધર્મ છે, ત્યાં જ પરથી નાસ્તિત્વરૂપ ધર્મ પણ ભેગો જ છે; એક જ અંશીના બે અંશો છે. નાસ્તિત્વધર્મ પણ પોતાનો જ અંશ છે. નાસ્તિત્વધર્મ પોતે કાંઈ વસ્તુમાં અભાવરૂપ નથી, પણ સત્

છે. તે ધર્મમાં 'પરપણે નથી' એવી પરની અપેક્ષા ભલે આવે પણ તે નાસ્તિત્વધર્મ કાંઈ પરના આધારે કે પરનો નથી, તે ધર્મ તો વસ્તુનો પોતાનો જ છે.

આત્માનો નાસ્તિત્વધર્મ એમ બતાવે છે કે બધાય પર પદાર્થોપણે આત્મા નાસ્તિરૂપ છે, એટલે પર વસ્તુ આત્મામાં શું કરે? ને આત્મા કોઈ પરવસ્તુમાં શું કરે? બે દ્રવ્યોની વચ્ચે પરસ્પર અભાવરૂપ એવી અભેદ્ય દીવાલ છે કે કોઈ કોઈમાં કાંઈ કરી શકે નહીં. પર વસ્તુના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પરમાં તેના પોતાથી છે, ને આત્માના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આત્મામાં પોતાથી છે, એકબીજામાં નાસ્તિ છે. જે જીવ આ વાત બરાબર સમજે તે પરાશ્રયની બુદ્ધિ છોડીને સ્વાશ્રય તરફ વળ્યા વગર રહે જ નહિ.

કર્મના ચતુષ્ટયપણે કર્મનું અસ્તિત્વ છે ને તેના ચતુષ્ટયપણે આત્મા નથી, એટલે કર્મ આત્માને કાંઈ કરે એમ બને નહિ. તેમ શાસ્ત્ર કે વાણી તેનું અસ્તિત્વ આત્માથી ભિન્ન છે, તેના અસ્તિત્વમાં આત્માનું નાસ્તિત્વ છે, માટે તે શાસ્ત્ર કે વાણીને લીધે આત્માને જ્ઞાન થાય એમ બનતું નથી. શાસ્ત્ર વગેરે પર વસ્તુથી મને જ્ઞાન થાય કે કર્મ વગેરે પર વસ્તુથી **મારું જ્ઞાન અટકે એમ જેણે માન્યું છે, તેણે પરપણે આત્માનું નાસ્તિત્વ છે એમ જાણ્યું નથી એટલે કે આત્માના નાસ્તિત્વ ધર્મને જાણ્યો નથી, તેથી તેણે આત્માને જ જાણ્યો નથી. આત્મા કેવો છે તે જાણ્યા વિના ધર્મ કરશે શેમાં?**

જગતમાં એક આત્મા જ છે ને બીજું બધું ભ્રમ છે એમ જે માને તે આત્માના નાસ્તિત્વધર્મને માની શકે નહિ. જગતમાં આત્માનું તેમ જ આત્મા સિવાય બીજા પદાર્થોનું અસ્તિત્વ છે તેને કબૂલે તો જ 'આત્મા તે પરવસ્તુપણે નથી' એમ નાસ્તિત્વધર્મને માની શકે. સર્વજ્ઞના શાસન સિવાય બીજે ક્યાંય આવા વસ્તુધર્મોનું વર્ણન હોઈ શકે નહિ.

જેમ જગતમાં 'સસલાના શીંગડા' છે જ નહિ એટલે 'સસલાના શીંગડા મને લાગ્યા' એવું જ્ઞાન પણ કોઈને થતું નથી; તેમ જગતમાં જો અજીવ વગેરે પર પદાર્થો પણ સર્વથા અભાવરૂપ જ માને તો તેને 'પરથી મારું નાસ્તિત્વ છે' એમ સમજવાનું પણ રહેતું નથી એટલે કે પર તરફનું વલણ છોડીને પોતાના સ્વભાવ તરફ વળવાનું તેને બનતું નથી. આ રીતે પરનો સર્વથા અભાવ માનતાં પોતાનો 'અભાવધર્મ' જ સિદ્ધ થતો નથી, એટલે આત્મવસ્તુનું યથાર્થ જ્ઞાન થતું નથી.

આ જગતમાં આત્મા સિવાયની પરવસ્તુ જો ન હોય તો આત્માને ભ્રાંતિ કેમ થાય? એકલા સ્વભાવમાં ભ્રાંતિ ન હોય. જો એકલા સ્વભાવમાં પણ ભ્રાંતિ હોય તો તો તે ભ્રાંતિ પણ સ્વભાવરૂપ થઈ જાય એટલે તે ટળે જ નહિ. માટે, ભ્રાંતિના નિમિત્તરૂપ પરવસ્તુ છે તેના અસ્તિત્વને જે ન માને તેને કદી ભ્રાંતિ ટળી શકતી નથી.

તેમજ, તે ભ્રાંતિ જો પર વસ્તુને લીધે થતી હોય તો, પરવસ્તુઓ જગતમાં સદાય હોવાથી તે ભ્રાંતિ પણ સદાય થયા જ કરે! આત્માની સન્મુખ થતાં તે ભ્રાંતિ છેદાઈ જાય છે; એટલે નક્કી થયું કે ભ્રાંતિ પરના લક્ષે છે પણ પરના લીધે નથી. જે પરવસ્તુને જ ન માને તેને તો ભ્રાંતિ

ટાળવાનું ન બને અને જે પરવસ્તુને લીધે ભ્રાંતિ માને તેને ય ભ્રાંતિ ટળી ન શકે.

જગતમાં હું સ્વ છું ને પર પણ છે, તેમાં સ્વપરની એકત્વબુદ્ધિને લીધે જ ભ્રાંતિ છે. તે ભ્રાંતિ છેદવા માટે સ્વ-પરની એકત્વબુદ્ધિ છેદવી જોઈએ તેને બદલે અજ્ઞાનીઓ પર વસ્તુના અસ્તિત્વનો જ સર્વથા નિષેધ કરી નાંખે છે તે સ્થૂળ મિથ્યાત્વ છે. હું સ્વપણે છું તેમ જ પર પરપણે છે, પરથી મારું નાસ્તિત્વ છે એમ સમજીને સ્વ-પરનું ભેદજ્ઞાન કરતાં ભ્રાંતિ ટળીને સમ્યગ્જ્ઞાન પ્રગટે છે; તે અપૂર્વ ધર્મ છે.

નય ભલે વસ્તુના ધર્મોને મુખ્ય–ગૌણ કરીને જાણે, પણ વસ્તુમાં તો બધા ધર્મો એક સાથે જ છે. વસ્તુનું સ્વથી અસ્તિપણું જાણે તેમાં પરથી નાસ્તિપણાનું જ્ઞાન ભેગું આવી જ જાય છે. અસ્તિ નાસ્તિ બંને ધર્મો એક સાથે જ છે.

જ્ઞાનનું અસ્તિત્વ જ્ઞેયને લીધે નથી. એકેક આત્મામાં જ્ઞાનધર્મ તેમ જ જ્ઞેય થવાનો ધર્મ છે. તેમાં જ્ઞેયધર્મ (પ્રમેયત્વધર્મ)ને લીધે જ્ઞાનધર્મ નથી તેમજ જ્ઞાનને લીધે પ્રમેયત્વધર્મ નથી **અહો! પોતામાં પણ એક ધર્મને લીધે બીજો ધર્મ નથી તો પછી પોતાનો કોઈ ધર્મ પરને લીધે હોય એ વાત તો ક્યાં રહી?** જ્ઞાનધર્મપણે જ્ઞાનનું અસ્તિત્વ છે ને પ્રમેયત્વધર્મપણે તે ધર્મનું નાસ્તિત્વ છે.– જો એમ ન હોય તો અનંત ધર્મો સિદ્ધ ન થઈ શકે.

વળી, જ્ઞાન જ્ઞાનરૂપે છે ને પરજ્ઞેયરૂપે તે નથી; એટલે જ્ઞેયને લીધે જ્ઞાન થાય એ વાત રહેતી નથી. જો જ્ઞેયને લીધે જ્ઞાન થતું હોય તો કેવળજ્ઞાન પરાધીન થઈ જાય....તેમજ જ્ઞેયો તો જગતમાં સદાય છે એટલે કેવળજ્ઞાન પણ સદાય હોવું જોઈએ. તેમ તો બનતું નથી, માટે જ્ઞેયને લીધે જ્ઞાન થતું નથી. જેમાં જ્ઞાનનું નાસ્તિત્વ છે તેનાથી જ્ઞાન કેમ થાય? જો કે **જેવા જ્ઞેય પદાર્થો હોય તેવું જ કેવળજ્ઞાનમાં જણાય તો પણ જ્ઞેયને લીધે તે જ્ઞાન થતું નથી, જ્ઞાનનો પોતાનો તેવો સ્વભાવ છે.**

જેમ પરને લીધે જ્ઞાન થતું નથી તેમ પરને લીધે જ્ઞાન અટકતું યે નથી. જ્ઞાનવરણીયકર્મ જ્ઞાનને રોકે એમ કહેવું તે નિમિત્તના ઉપચારનું કથન છે; ત્યાં ખરેખર જ્ઞાન પોતાના સ્વકાળથી અટક્યું છે એવા **અનુપચાર વસ્તુસ્વરૂપને લક્ષમાં રાખીને સમજે તો જ ઉપચાર કથનનો આશય સમજી શકે.** યથાર્થ વસ્તુસ્વરૂપ શું છે તેના ભાન વગર ઉપચારને ખરું સ્વરૂપ માની લ્યે તો તે વસ્તુસ્થિતિને સમજતો નથી.

ગોમ્મટસાર વગેરેમાં એક કથન આવે કે—

'જ્ઞાનાવરણીયકર્મ જ્ઞાનને રોકે,
દર્શનાવરણીયકર્મ દર્શનને રોકે,
મોહનીયકર્મ ચારિત્ર તથા સમ્યક્ત્વને રોકે,
અંતરાયકર્મ વીર્યને રોકે.'

—એ બધા ય કથન નિમિત્તથી કહેવાયા છે. સામે જ્યારે કર્મના ઉદયનો સ્વકાળ છે તે જ વખતે તે નિમિત્તથી જુદો આત્માનો પોતાનો સ્વકાળ છે કે નહિ? જ્યારે આત્મા પોતે પોતાના સ્વકાળમાં પોતાની યોગ્યતાથી જ્ઞાનાદિના વિકાસમાં અટક્યો છે ત્યારે સામે કેવા નિમિત્તનું અસ્તિત્વ છે તે બતાવવા માટે નિમિત્તથી કથન કર્યું છે. ત્યાં અજ્ઞાની પોતાના સ્વકાળને ચૂકીને નિમિત્તને જ વળગી પડે છે, કેમ જાણે નિમિત્તથી જુદો પોતાનો કોઈ સ્વકાળ જ ન હોય! ભાઈ! સામે જે જ્ઞાનાવરણીયકર્મ નિમિત્ત છે તે નિમિત્ત તો તારા નૈમિત્તિક ભાવની એમ જાહેરાત કરે છે કે તે વખતે આત્માના સ્વકાળમાં જ્ઞાનની પૂર્ણતા નથી. જ્ઞાનની પૂર્ણતા હોય તો સામે આવરણનું નિમિત્ત ન હોય. 'કર્મે જ્ઞાનને રોક્યું' એમ નિમિત્તથી કથન ભલે હોય, પણ ત્યાં ઉપાદાનનો સ્વકાળ નિમિત્તથી જુદો સ્વતંત્ર છે તે ઓળખી લેવો જોઈએ. કથનની ઢબ ભલે જુદી જુદી હોય પણ વસ્તુસ્વરૂપ તો જેમ હોય તેમ સમજવું જોઈએ ને! ચરણાનુયોગ હો કે પ્રથમાનુયોગ હો—કોઈ પણ અનુયોગનું કથન હો, પણ ચારે અનુયોગમાં આત્મા તો એક જ પ્રકારનો છે, આત્મા કાંઈ જુદા જુદા ચાર પ્રકારનો નથી. દ્રવ્યાનુયોગનો આત્મા જુદો, ને ચરણાનુયોગનો આત્મા કોઈક જુદો—એમ નથી. પ્રયોજનવશ માત્ર કથનશૈલીમાં ફેર હોય છે.

સમયસાર અને નિયમસાર વગેરેમાં એમ કહે કે ભગવાન શુદ્ધ આત્મામાં કોઈ ઉદયભાવો છે જ નહિ, ત્યાં દ્રવ્યદૃષ્ટિનું વર્ણન છે. દૃષ્ટિના વિષયમાં પર્યાય ગૌણ થઈ જાય છે. અને તત્ત્વાર્થસૂત્ર વગેરેમાં એમ કહે કે ઉદયભાવ આત્માનું સ્વતત્વ છે; ત્યાં પ્રમાણના વિષયનું વર્ણન છે. ઉદયભાવરૂપે પણ આત્મા પોતે પરિણમે છે, આત્માની જ તે પર્યાય છે માટે તેને સ્વતત્વ કહ્યું. તે ઉદયભાવ આત્માના સ્વકાળથી અસ્તિરૂપ છે ને કર્મથી તે નાસ્તિરૂપ છે, એટલે કર્મના ઉદયને લીધે તે ઉદય ભાવ થયો—એમ ખરેખર નથી. પરથી તો આત્માનું નાસ્તિત્વ છે, એટલે આત્મા અને પરની વચ્ચે મોટો નાસ્તિત્વરૂપી કિલ્લો છે, તેથી પર આત્માને કાંઈ કરી શકે એમ બની શકતું નથી.

અરિહંત પ્રભુ સંસારમાં રહ્યા છે તે પોતાના યોગનું કંપન વગેરેની યોગ્યતાથી રહ્યા છે, ચાર અઘાતિકર્મ બાકી છે તે માટે અરિહંતપ્રભુને સંસારમાં રહેવું પડ્યું છે—એમ નથી. ચાર અઘાતિ કર્મોનું અરિહંતના આત્મામાં તો નાસ્તિત્વ છે, તો તે શું કરે?

'આ આત્મા અલ્પકાળે મોક્ષ પામવાનો છે' એમ કેવળી ભગવાને જ્ઞાનમાં જોયું, ત્યાં ભગવાનના જ્ઞાનને લીધે આ આત્મા મોક્ષ પામે છે એમ નથી. ભગવાનનું કેવળજ્ઞાન તે તેમનો સ્વકાળ છે, આ આત્માને માટે તો તે પર કાળ છે, તે પર કાળથી આત્માનું અસ્તિત્વ નથી પણ નાસ્તિત્વ છે. **જો આવા અસ્તિ-નાસ્તિ ધર્મને બરાબર જાણે તો, જગતના બધાય પદાર્થો સ્વતંત્ર ભિન્ન ભિન્ન છે એમ સમજે, એટલે ક્યાંય પણ પરમાં એકત્વબુદ્ધિ ન રહે, કોઈ બીજાથી લાભ નુકશાન થવાની માન્યતા ન રહે, કોઈ પરના આશ્રયની રુચિ ન રહે ને પોતાના સ્વભાવ તરફ વળે—એ જ તેનું ફળ છે.**

પરથી હું જુદો છું એમ કહેનાર જો **સ્વતરફ** વળીને તેમ માનતો હોય તો જ પરથી

જુદાપણું ખરેખર માન્યું કહેવાય. શાસ્ત્ર વાંચીને 'પરથી જુદો છું' એમ તો કહે, પણ પરસન્મુખ પર્યાયબુદ્ધિ છોડીને સ્વભાવના આશ્રય તરફ ન વળે તો તેણે યથાર્થપણે પરથી ભિન્નતા જાણી નથી. પર્યાયમાં વિકાર ઉત્પન્ન થાય છે તેને હું ટાળું—એવી બુદ્ધિ તે પણ પર્યાયબુદ્ધિ છે, તેની દૃષ્ટિ વિકાર ઉપર છે, સ્વભાવ ઉપર નથી. 'આ વિકાર થયો તેને ટાળું' એમ વિકાર સામે જોવાથી વિકારનો અભાવ થતો નથી પણ ઉત્પત્તિ થાય છે. જે સમયે જે વિકાર ઉત્પાદરૂપ છે તે સમયે તો તે સત્ છે; તે જ સમયે તેનો અભાવ ન થઈ શકે, અને બીજા સમયે તો તે સ્વયં વ્યય થઈ જ જાય છે એટલે બીજા સમયે પણ તેને ટાળવાનું રહેતું નથી. આ રીતે વિકારને ટાળવાનું રહેતું નથી પણ **દ્રવ્યની સન્મુખતામાં વિકારની ઉત્પત્તિ જ ન થાય એ જ વિકારના અભાવની રીત છે. એટલે ખરેખર બધાનું છેલ્લું તાત્પર્ય તો દ્રવ્યની સન્મુખતા તો કરવી તે જ આવે છે.**

* * *

આત્મા કેવો છે તેનું આ વર્ણન ચાલે છે. આત્મામાં અનંત ધર્મો છે, તે અનંત નયોથી જણાય છે. આત્માને જાણે તો જ તેની પ્રાપ્તિ થઈ શકે. પ્રથમ, બધા પડખાથી આત્મતત્ત્વનો નિર્ણય કરવા માટે ધર્મના ભેદથી વિચાર આવે છે. સ્વભાવના સાક્ષાત્ અનુભવ વખતે ભેદના વિકલ્પ નથી હોતા; પણ પ્રથમ જે વિચારથી નિર્ણય ન કરે તેને તો અભેદ આત્માનો અનુભવ થાય નહિ.

જેને આત્મા સમજવાની ઝંખના જાગી છે એવા શિષ્યને આચાર્યભગવાન સમજાવે છે કે હે ભાઈ! તારો આત્મા પોતાના સ્વરૂપે છે ને પરપણે તે નાસ્તિત્વવાળો છે. આત્મા જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ સિદ્ધ જેવો છે, તેના સ્વભાવમાં આનંદ જ છે, પણ અંતરના અવલંબને તે સ્વભાવનું ભાન અનાદિથી કદી કર્યું નથી તેથી તેની પ્રાપ્તિ થઈ નથી. પૂર્વે આત્માની પ્રાપ્તિ ન થઈ તે કાળ તો વીતી ગયો, પણ હવે તેનું ભાન કરીને પરમાત્મદશાની પ્રાપ્તિ કઈ રીતે થાય તેની આ વાત ચાલે છે. લોકો પણ કહે છે કે 'જાગ્યા ત્યાંથી સવાર.' તેમ આત્માનું ભાન જ્યારે પોતે કરે ત્યારે થાય છે. તેમાં પૂર્વનો કાળ નડતો નથી.

આત્મા પોતાના સ્વચતુષ્ટયપણે છે, ને કોઈ પણ પર વસ્તુપણે કોઈ કાળે કોઈ ક્ષેત્રે તે નથી; માટે આત્માને પરને લઈને સંસાર કે મોક્ષ થતો નથી. આત્મા સ્વપણે છે તેમાં પરનો અભાવ છે, તે અભાવ તેને કાંઈ લાભ-નુકશાન કરે એમ બની શકે નહિ. વર્તમાન દશામાં પરમ આનંદનો અભાવ છે અને વિકારદશા પ્રગટ છે તે જ સંસાર છે. **શરીરાદિ પરનો આત્મામાં અભાવ છે, તેથી તેની ક્રિયાવડે આત્મામાં કાંઈ ભાવ થાય—એમ નથી. અભાવમાંથી ભાવ કેમ થાય?**

આત્મા પોતે પરિપૂર્ણ અનંતધર્મવાળો છે પણ પોતાના મહિમાનું તેને ભાન નથી તેથી પોતાના સ્વભાવની મૈત્રી ચૂકીને પર નિમિત્તની મૈત્રીથી સંસારમાં રખડે છે. પરથી આત્માને સંસાર નથી પણ પરના સંગથી સંસાર છે. સ્વભાવનો સંગ (—સ્વભાવનો આશ્રય) કરે તો તેમાં પરના સંગની (પરના આશ્રયની) નાસ્તિ છે. પરનો આશ્રય છોડીને પોતાનો આશ્રય ક્યારે કરે? કે પરથી

પોતાની ભિન્નતા જાણે ત્યારે. મારા સ્વચતુષ્ટયથી મારી અસ્તિ છે ને પરના સ્વચતુષ્ટયથી તેની અસ્તિ છે, પરના ચતુષ્ટયમાં મારી નાસ્તિ છે ને મારા ચતુષ્ટયમાં પરની નાસ્તિ છે.

ચતુષ્ટય એટલે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવ—એ ચાર તેમાંથી દ્રવ્ય-ક્ષેત્ર અને ભાવ તો ત્રિકાળી છે ને કાળ તે એકેક સમયની વર્તમાન પર્યાય છે. દરેક વસ્તુમાં પોતાના એકેક સમયના સ્વકાળની પણ પોતાથી અસ્તિ છે ને પરની નાસ્તિ છે, એટલે કે પર્યાય સ્વતંત્ર છે તેમાં કોઈ બીજાની અસર નથી.

એક પરમાણુની બીજા પરમાણુમાં નાસ્તિ છે, એટલે ખરેખર એક પરમાણુ બીજા પરમાણુને સ્પર્શતો નથી. શરીરમાં છરો ભોંકાય અને દુઃખ થાય ત્યાં સંયોગથી જોનાર લોકોને એમ લાગે છે કે 'શરીરમાં છરો ભોંકાયો માટે દુઃખ થયું' પણ ખરેખર વસ્તુસ્વભાવ તેમ નથી. શરીરની અવસ્થા શરીરમાં, છરાની અવસ્થા છરામાં અને દુઃખરૂપ આત્માની અવસ્થા આત્મામાં. છરાને લઈને શરીરની અવસ્થા થતી નથી. ને શરીર છેદાયું તેને લીધે આત્માની દુઃખ અવસ્થા થઈ નથી. દરેકની અવસ્થા પોતપોતાના સ્વકાળથી સ્વતંત્ર છે. નાસ્તિત્વધર્મને યથાર્થ સમજે તો તેમાં આ બધા ન્યાય ભેગા આવી જાય છે.

જેમ, જે તીર પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિરૂપ છે તે જ તીર બીજા તીરના લોઢાપણે નથી, બીજા ક્ષેત્રે નથી, બીજી અવસ્થામાં નથી અને બીજા ભાવમાં નથી, એ રીતે પરદ્રવ્ય ક્ષેત્ર-કાળ-ભાવપણે તે નાસ્તિરૂપ છે; તેમ આત્મા પોતાના ચતુષ્ટયથી અસ્તિરૂપ છે અને તે જ પરવસ્તુના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિરૂપ છે. બીજા આત્માની અપેક્ષાએ બીજા આત્માઓ છે, પણ એક આત્માની અપેક્ષાએ બીજા બધા આત્માઓ 'અનાત્મા' છે, તો એક આત્મા બીજા આત્માને શું કરે? નાસ્તિત્વ એટલે અભાવ; એકમાં બીજાનો અભાવ છે. જેમાં જેનો અભાવ હોય તેમાં તે શું કરે? 'અભાવ' કાંઈ ન કરી શકે. જેમ સસલાના શીંગડાંનો જગતમાં અભાવ છે તો તે લાગે અને ગૂમડું થાય એમ કદી બને નહિ. તેમ પરમાં આત્માનો અભાવ છે તો આત્મા પરમાં શું કરે? ને પરવસ્તુ આત્માને શું કરે? સિદ્ધ ભગવાનથી માંડીને નિગોદ સુધીના બધાય જીવો પોંતપોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે ને પરથી નથી. આવું વસ્તુસ્વરૂપ જાણ્યા વગર સમ્યગ્જ્ઞાન કે સમ્યગ્દર્શન થાય નહિ. સમ્યગ્દર્શનનો વિષય તો હજી ઘણો સૂક્ષ્મ છે. પહેલાં પરથી ભેદજ્ઞાન કર્યા વગર અંતરના સૂક્ષ્મ રાગાદિ ભાવોથી સ્વભાવનું ભેદજ્ઞાન કઈ રીતે કરશે?

ક્ષણિક રાગાદિ ભાવો પણ પોતાના સ્વકાળથી અસ્તિત્વરૂપ છે, જડ કર્મને લીધે તેનું અસ્તિત્વ છે—એમ નથી, એટલે કે કર્મને લીધે રાગાદિ થતા નથી પણ સ્વપર્યાયની યોગ્યતાથી થાય છે.—આમ નક્કી કરીને સ્વભાવની અંતર્દષ્ટિથી એમ સમજે કે આ રાગનું અસ્તિત્વ તો માત્ર એક સમય પૂરતું છે ને મારા સ્વભાવનું અસ્તિત્વ ત્રિકાળ છે, મારો ત્રિકાળી સ્વભાવ રાગ પૂરતો નથી, મારા ત્રિકાળી સ્વભાવમાં એક સમયના રાગનું નાસ્તિત્વ છે; એમ સ્વભાવને દૃષ્ટિમાં લઈને તેની પ્રતીતિ કરે ત્યારે ભેદજ્ઞાન અને સમ્યગ્દર્શન થયું કહેવાય.

**પર્યાયમાં અશુદ્ધતાનું એક સમયનું અસ્તિત્વ જો ન હોય તો જીવને સંસાર જ સાબિત ન થાય, ને મોક્ષ પર્યાય તો થઈ નથી, એટલે સ્વકાળનો અભાવ થતાં જીવનો જ અભાવ થઈ જાય. જો જીવનું અસ્તિત્વ માને તો જીવનો સ્વકાળ પણ માનશે કે નહિ? સ્વકાળમાં પૂર્ણ શુદ્ધતા તો છે** નહિ એટલે સંસારદશા છે. આ **પ્રમાણે જીવના** સ્વકાળને માન્યા વિના જીવનું અસ્તિત્વ જ ખરેખર માની ન શકે. પરથી ભિન્ન અસ્તિત્વ જાણ્યા પછી, પોતામાં ક્ષણિક રાગ જેટલું ત્રિકાળી સ્વભાવનું અસ્તિત્વ નથી, ત્રિકાળી સ્વભાવ તો રાગરહિત છે—એમ ઓળખીને, તે સ્વભાવની મૈત્રી કરીને પરની મૈત્રી છોડે તેનું નામ ધર્મ છે. પરથી મને લાભ-નુકશાન થાય એવી **પર સાથે એકત્વપણાની માન્યતા તે પર સાથે મૈત્રી છે, તે સંસારનું કારણ છે, ને સ્વભાવ સાથે મૈત્રી તે મુક્તિનું** કારણ છે. જેને સ્વ-પરનું ભેદજ્ઞાન નથી તેને અંતરમાં સ્વભાવ અને પરભાવ વચ્ચેનું ભેદજ્ઞાન ક્યાંથી હોય? અને તેના વગર ધર્મ ક્યાંથી થાય? આત્માના આ અસ્તિત્વ, નાસ્તિત્વ વગેરે ધર્મોને સમજે તો ભેદજ્ઞાન થયા વગર રહે નહિ.

આત્માનું દ્રવ્ય, અસંખ્યપ્રદેશી ક્ષેત્ર ને અનંત ગુણોરૂપ ભાવ તે તો ત્રિકાળ છે, પર્યાયો ક્રમે કરીને ત્રણે કાળ થયા કરે છે પણ તે પર્યાયનો કાળ એક સમય પુરતો છે. વિકારી કે અવિકારી ભાવ થાય તે તેનો સ્વકાળ છે. તે વખતે જગતમાં બીજી ચીજનું અસ્તિત્વ છે પણ તેનાથી આ આત્માના સ્વકાળનું નાસ્તિત્વ છે એટલે તે પરથી કાંઈ પણ લાભ-નુકશાન થતું નથી. હવે આત્મામાં સ્વકાળનો આધાર તો સ્વદ્રવ્ય છે, એટલે શુદ્ધ દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય છે. હું સ્વપણે છું ને પરપણે નથી—એમ પરથી ભેદજ્ઞાન કરીને, સ્વમાં પણ 'હું ત્રિકાળ શુદ્ધ ચિદાનંદ છું ને વિકાર જેટલો નથી' એમ ભેદજ્ઞાન કરીને શુદ્ધ સ્વભાવનો આશ્રય કરતાં અપૂર્વ ધર્મ થાય છે. **દ્રવ્ય ત્રિકાળ છે ને પર્યાય ક્ષણિક છે—એમ જે ઓળખે તેની રુચિનું જોર ત્રિકાળી દ્રવ્ય તરફ વળ્યા વગર રહે જ નહીં.**

જેમ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ ને સ્વભાવ એ ચારે થઈને એક અસ્તિત્વ છે, કાંઈ અસ્તિત્વના જુદા જુદા ચાર પ્રકાર નથી, તેમ પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ ને પરભાવ એ ચારેયપણે નહિ હોવારૂપ એક જ નાસ્તિત્વ ધર્મ છે, કાંઈ જુદા જુદા ચાર ધર્મો નથી.

સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વ કહ્યું તેમાં તો એક પોતાના જ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષા આવી; ને પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિત્વ કહ્યું તેમાં તો પોતાના સિવાય બીજા અનંતા પદાર્થોના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આવી ગયા, તે બધાયપણે આત્માનું નાસ્તિત્વ છે.

આ આત્મા પોતાના સ્વદ્રવ્યથી અસ્તિરૂપ છે ને તે જ આત્મા પરદ્રવ્યની અપેક્ષાએ 'અદ્રવ્ય' છે. પરથી નાસ્તિત્વ છે એમ કહો, કે પરની અપેક્ષાએ અદ્રવ્ય છે એમ કહો, તે બંને એક જ છે. તે જ પ્રમાણે આત્મા સ્વક્ષેત્રથી છે ને પરક્ષેત્રની અપેક્ષાએ તે 'અક્ષેત્ર' છે; સ્વકાળથી છે ને પરકાળની અપેક્ષાએ તે 'અકાળ' છે, અને સ્વભાવથી છે ને પરભાવની અપેક્ષાએ તે 'અભાવ' છે.

જેમ તીર પોતાની અપેક્ષાએ લોહમય છે અને બીજા તીરના લોઢાની અપેક્ષાએ તે પોતે અલોહમય પણ છે; તેમ આત્મા પોતાના દ્રવ્યમય છે ને પરના દ્રવ્યમય નથી માટે અદ્રવ્યમય પણ

છે. અસ્તિત્વનયથી જોતાં તે પોતાના દ્રવ્યમય છે ને નાસ્તિત્વનયથી જોતાં તે પોતે જ અદ્રવ્યમય છે એટલે કે પરના દ્રવ્યપણે તે નથી. એ જ પ્રમાણે પરનું ક્ષેત્ર, પરનો કાળ ને પરનો ભાવ, તેનાથી પણ આત્માનું નાસ્તિત્વ છે. પોતાના ચતુષ્ટયથી જોતાં આત્મા છે ને પરના ચતુષ્ટયથી જોતાં આત્મા પોતે અભાવરૂપ છે. આવા બંને ધર્મો દરેક આત્મામાં એક સાથે રહેલા છે. આ ધર્મો પરસ્પર સાપેક્ષ છે એટલે કોઈ એક ધર્મને મુખ્ય કરીને જાણતી વખતે જ તેની સાથે બીજા અનંત ધર્મોની અપેક્ષા ભેગી જ છે.

અજ્ઞાનીને એમ લાગે છે કે જે તીર લોહમય છે તે જ અલોહમય કઈ રીતે હોય? જે આત્મા 'છે' તે જ આત્મા 'નથી' એમ કઈ રીતે હોય? પણ ભાઈ! તું સ્યાદ્વાદથી સમજ. સ્યાદ્વાદમાં અપેક્ષા કયાં ફરે છે તે જાણ્યા વગર વસ્તુનું સ્વરૂપ નહિ સમજાય. તીરને લોહમય કહ્યું તે પોતાની અપેક્ષાએ છે ને તેને જ અલોહમય કહ્યું તે પરની અપેક્ષાએ છે, જગતમાં બીજા જે લોહમય તીરો છે તેની અપેક્ષાએ પહેલું તીર અલોહમય છે. એ રીતે જુદી જુદી અપેક્ષાએ બંને ધર્મો તેનામાં સિદ્ધ થાય છે. તેમ જે આત્મા સ્વચતુષ્ટયથી છે તે જ આત્મા પરચતુષ્ટયથી નથી, એમ બંને ધર્મો તેનામાં સિદ્ધ થાય છે. આવું અનેકાન્ત વસ્તુસ્વરૂપ છે.

મારો આત્મા મારા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવપણે છે ને મારા સિવાયના સમસ્ત પદાર્થોના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવપણે હું અદ્રવ્યમય અક્ષેત્રમય-અકાળમય ને અભાવમય છું—આવો **નાસ્તિત્વધર્મ છે; તેને જે સમજે તે જીવ પરમાંથી મને સુખ મળે એમ ન માને, પર મને અનુકૂળ હોય તો ઠીક ને પર મને પ્રતિકૂળ હોય તો અઠીક—એવો મિથ્યાભાવ તેને ન થાય.** પરથી મને સુખ થાય એવો મિથ્યાભાવ પોતે દુ:ખરૂપ છે; પરમાંથી સુખ તો આવતું જ નથી. 'પરથી મને સુખ થાય' એમ અજ્ઞાનીએ માન્યું ભલે, પણ ત્યાં તેને પરમાંથી સુખ થવાનો તો અભાવ જ છે; તેની પર્યાયમાં તે મિથ્યા માન્યતાનો ભાવ અસ્તિરૂપ છે ને તે મિથ્યાભાવનું આત્માને દુ:ખ થાય છે. તે દુ:ખરૂપ ભાવ આત્માની પર્યાયમાં એક સમય પુરતો થાય છે, પણ ત્રિકાળી ભાવમાં તો તેનો પણ અભાવ છે.

આમ, **નાસ્તિત્વનયથી આત્માને પરના અભાવરૂપ જાણતાં જ્ઞાન સ્વમાં વળે છે.** આત્મા પરથી તો તદ્દન અભાવરૂપ છે એટલે પરથી જરા પણ લાભ-નુકશાન તેને નથી. આમ નક્કી કરે તેને પર પ્રત્યે તીવ્ર રાગ-દ્વેષ તો થતા નથી; અલ્પ રાગ-દ્વેષ થાય તે પણ પરને લીધે થતા નથી. રાગ તે પોતાનો સ્વકાળ છે, સ્વકાળનો પરકાળમાં અભાવ છે, એટલે રાગ તે પોતાનો સ્વકાળ છે એમ નક્કી કરનારને સ્વમાં વળવાનું રહ્યું. **સ્વ પર્યાયમાં વિકાર છે તે ત્રિકાળી દ્રવ્યમાં નથી**—એમ જેણે જાણ્યું તેના જ્ઞાનનું બળ ત્રિકાળી સ્વભાવ તરફ વળ્યા વગર રહે નહિ. એ રીતે, સ્વભાવ તરફ વળવું તે જ નયનું તાત્પર્ય છે. નય ભલે ગમે તે ધર્મને મુખ્ય કરીને જાણે—શુદ્ધતાને જાણે કે રાગને જાણે, પણ તેનું પરમાર્થ તાત્પર્ય—છેલ્લો સરવાળો તો શુદ્ધ ચૈતન્યદ્રવ્ય તરફ ઢળવું તે જ છે.

પરની અપેક્ષાએ આત્માનો અભાવ છે ને આત્મામાં પરનો અભાવ છે; માટે પરને લીધે આત્માનું જ્ઞાન ખીલે કે પરથી આત્માની બુદ્ધિ બગડે એમ નથી. નિર્દોષ સાદો આહાર કરે તો તેને

લીધે નિર્દોષ ભાવ રહે અને રસવાળો સદોષ આહાર કરે તો તેને લીધે બુદ્ધિ બગડી જાય—એમ નથી. આ બધી વાત નાસ્તિત્વધર્મમાં આવી જાય છે.

અસ્તિ-નાસ્તિ સ્વભાવ બરાબર સમજે તો બધાય ગોટા નીકળી જાય તેવું છે. સિદ્ધનો આત્મા કે નિગોદનો આત્મા, કોઈ પણ આત્મા પરથી નથી. સિદ્ધ ભગવાનના આત્માનો સ્વકાળ જ એવો છે કે અલોકમાં તે ન જાય, લોકમાં જ રહેવાનો તેનો સ્વકાળ છે, નિમિત્ત નથી માટે તે અલોકમાં નથી જઈ શકતા—એમ નથી. એ જ પ્રમાણે નિગોદનો જીવ નિગોદદશામાં રહ્યો છે તે પણ તેના પોતાના અસ્તિત્વનો સ્વકાળ છે, તેમાં કર્મની નાસ્તિ છે, અને કર્મના અસ્તિત્વમાં આત્માનું નાસ્તિત્વ છે, માટે કર્મને લીધે તે જીવ નિગોદમાં રહ્યો છે—એમ નથી. કર્મના જોરને લીધે તે જીવને નિગોદમાં રહેવું પડે છે એમ કોઈ માને તો ત્યાં કર્મના અસ્તિત્વને લીધે આત્માના સ્વકાળનું અસ્તિત્વ થઈ જાય છે એટલે જીવનું સ્વતંત્ર અસ્તિત્વ રહેતું નથી, તેમ જ જીવનો નાસ્તિત્વધર્મ પણ રહેતો નથી. જીવ તો કર્મના અભાવરૂપ છે તો કર્મ તેને શું કરે?

અહો! પરપણે મારો અભાવ છે એટલે પરમાં મારી શાંતિનો પણ અભાવ છે. માટે મારી શાંતિ મારે મારામાં જ શોધવાની રહી.—આમ નક્કી કરનાર સ્વ તરફ વળીને શાંતિનો અનુભવ કરે છે. આત્માના પોતાના અંતરના સ્વભાવમાં જ શાંતિ છે ને અશાંતિ પણ પોતાની પર્યાયમાં જ છે. આત્માને શાંતિ કે અશાંતિ પરને કારણે નથી. શરીર અને આત્મા વચ્ચે નાસ્તિત્વ હોવાથી તેને અનંતા જોજનનું આંતરું છે, આકાશના ક્ષેત્ર અપેક્ષાએ ભલે અંતર ન હોય પણ ભાવથી તો તેને અનંતા જોજનનું અંતર છે; એટલે આ દેહની સાથે આત્માની શાંતિ-અશાંતિનો સંબંધ નથી. આત્મા તો પોતાના નાસ્તિત્વધર્મના બળે દેહાતીત....વચનાતીત....કર્માતીત છે, અને પર્યાયમાં જે ક્ષણિક વિકાર છે તે ત્રિકાળી સ્વભાવમાં નથી એટલે તે સ્વભાવ તો વિકારથી પણ અતીત છે, આત્માના અસ્તિ-નાસ્તિ સ્વભાવને સમજતાં આ પ્રમાણે ભેદજ્ઞાન થાય છે.—આવું આ લોકોત્તર વીતરાગી વિજ્ઞાન છે. આ વિજ્ઞાન સમજે તેને પર સાથેની એકત્વબુદ્ધિ તૂટીને અંતરસ્વભાવમાં એકત્વબુદ્ધિ થાય ને અલ્પકાળમાં જ તેની મુક્તિ થઈ જાય.

# અસ્તિત્વ-નાસ્તિત્વનયે આત્માનું વર્ણન
## [૫]

'આત્મદ્રવ્ય અસ્તિત્વનાસ્તિત્વનયે ક્રમશઃ સ્વપર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વનાસ્તિત્વવાળું છે.' [અહીં તીરનું દૃષ્ટાંત છે તે મૂળમાં જોઈ લેવું.]

આત્મા સ્વચતુષ્ટયથી અસ્તિરૂપ છે અને પરચતુષ્ટયથી નાસ્તિરૂપ છે; સ્વથી અસ્તિરૂપ અને પરથી નાસ્તિરૂપ એવા 'અસ્તિત્વ-નાસ્તિત્વ' ધર્મને જે જાણે તેનું નામ 'અસ્તિત્વ-નાસ્તિત્વનય' છે. સ્વથી અસ્તિ અને પરથી નાસ્તિ—એવા બંને ધર્મો તો આત્મામાં એક સાથે જ છે. વાણી દ્વારા ક્રમથી તે ધર્મોનું કથન થઈ શકે છે, અને તેના વાચ્યરૂપ એક 'અસ્તિત્વ-નાસ્તિત્વ' ધર્મ પણ આત્મામાં છે, તથા તેને જાણનાર અસ્તિત્વ-નાસ્તિત્વનય પણ છે. વસ્તુનો ધર્મ તેને કહેનારી વાણી અને તેને જાણનારું જ્ઞાન—એ ત્રણે સ્વતંત્ર છે, કોઈને કારણે કોઈ નથી.

વસ્તુમાં એક સાથે અસ્તિ-નાસ્તિધર્મ છે ને વાણી દ્વારા તે કથંચિત્ કહી પણ શકાય છે; આત્મા સર્વથા અવક્તવ્ય નથી. આત્મા પોતે વાણી બોલી શકતો નથી, પણ વાણી દ્વારા આત્માના ધર્મોનું વર્ણન થઈ શકે એવો આત્માનો એક ધર્મ છે. જો આત્મા સર્વથા અવક્તવ્ય જ હોય તો સર્વજ્ઞભગવાનના જ્ઞાનમાં જે વસ્તુસ્વરૂપ જણાયું તેની બીજા જીવોને કઈ ખબર પડે? વળી આત્મા સર્વથા અવક્તવ્ય જ હોય તો 'આત્મા અવક્તવ્ય છે' એટલું કહેવાનું પણ બની ન શકે, કેમ કે 'આત્મા અવક્તવ્ય છે' એમ કહ્યું ત્યાં જ કથંચિત્ વક્તવ્યપણું થઈ ગયું. અહીં આત્માને વક્તવ્ય કહ્યો તેનો અર્થ એમ નથી કે આત્મા ક્યારેક વાણી બોલી શકે છે. આત્મા ત્રણેકાળે વાણીને કરી શકતો જ નથી, તેમ જ વાણીથી તે જણાતો પણ નથી; કેમકે વાણી તો જડ છે. આત્મા 'વાણીથી વક્તવ્ય' છે પણ 'વાણીથી જણાવાયોગ્ય' નથી;—જણાય છે તો પોતાના જ્ઞાનથી જ.

આત્મામાં સ્વથી અસ્તિપણું છે તે જ ક્ષણે પરથી નાસ્તિપણું પણ ભેગું જ છે. છદ્મસ્થની વાણીમાં તે બંને ધર્મો એક સાથે ભલે ન કહી શકાય, પણ ક્રમે ક્રમે તે બંને ધર્મો કહી શકાય છે, વસ્તુમાં તો ધર્મો એક સાથે જ છે, અને જ્ઞાન પણ તેને એક સાથે જાણે છે.

જેમ સ્વથી હોવારૂપ અસ્તિત્વધર્મ વસ્તુનો પોતાનો સ્વભાવ છે તેમ પરથી ન હોવારૂપ નાસ્તિત્વધર્મ પણ વસ્તુનો પોતાનો સ્વભાવ છે.

**શંકા :**—વસ્તુમાં એકલો અસ્તિત્વધર્મ જ કહોને? નાસ્તિત્વધર્મ કહેવામાં તો પરની અપેક્ષા આવે છે માટે તેનું શું કામ છે?

**સમાધાન :**—જેમ સ્વપણે અસ્તિત્વ તે વસ્તુનો પોતાનો ધર્મ છે તેમ પરપણે નાસ્તિત્વ તે પણ વસ્તુનો પોતાનો જ ધર્મ છે. તેમાં પરની અપેક્ષા ભલે આવે પણ તે ધર્મ પરને લીધે કે પરના

આશ્રયે નથી. પરપણે ન હોવું એવો જે પરના અભાવસ્વરૂપ ભાવ (–નાસ્તિત્વધર્મ) છે તે પણ સ્વજ્ઞેયનો અંશ છે, જો તેને ન માનો તો આખા સ્વજ્ઞેયની પ્રતીત થતી નથી. વળી આત્મામાં એકલું અસ્તિત્વ જ માનશો ને નાસ્તિત્વને નહિ માનો તો, જેમ આત્મા ચેતન સ્વરૂપે અસ્તિરૂપ છે તેમ આત્મા જડસ્વરૂપે પણ અસ્તિરૂપ થઈ જશે. 'આત્મા જડસ્વરૂપે નથી', એમ કહેતાં જ આત્માનો નાસ્તિત્વધર્મ સિદ્ધ થઈ જાય છે. જડ તે ત્રણેકાળે જડ રહે છે ને ચેતન ત્રણેકાળે ચેતન રહે છે; તેમ જ એક આત્મા બીજા આત્માપણે પણ કદી થતો નથી.

અહીં તો આચાર્યદેવે અસ્તિ નાસ્તિના સાતે ભંગોને સાતધર્મ તરીકે વર્ણવ્યા છે. એક અસ્તિત્વધર્મ અને બીજો નાસ્તિત્વધર્મ, એ ઉપરાંત અસ્તિત્વ-નાસ્તિત્વ નામનો ત્રીજો ધર્મ પણ આત્મામાં છે. 'આત્મામાં અસ્તિત્વ અને નાસ્તિત્વ એ બે જ ધર્મો છે ને બાકીના પાંચ ભંગ કહ્યા તે તો ઉપચારથી જ છે'—એમ નથી; સપ્તભંગીના જે સાત ભંગ છે તે સાતેયના વાચ્યરૂપ સાત ભિન્ન ભિન્ન ધર્મો આત્મામાં છે. જેમ વાચકમાં સાત પ્રકાર છે તેમ વાચ્યમાં પણ તે સાત ધર્મો છે.

જુઓ, આ કોઈ બહારના પદાર્થની વાત નથી, પણ પોતાનો આત્મા અનંતધર્મોથી ભરેલો ચૈતન્યપિંડ છે તેની જ આ વાત છે. માટે પોતાના આત્માનો મહિમા લાવીને આ વાત સમજવી જોઈએ. ઘણા પ્રકારો આવે તેથી કંટાળવું ન જોઈએ. ઘણા પ્રકારો જાણવા તે કાંઈ ઉપાધિ નથી, પણ તે તો જ્ઞાનની નિર્મળતાનું કારણ છે. જેણે પોતાનું આત્મહિત કરવું હોય–ધર્મ કરવો હોય તેણે પહેલાં આટલું તો નક્કી કરી લેવું જોઈએ કે ક્યાંય પણ બહારમાંથી મારો ધર્મ થવાનો નથી, અંતરમાં આત્મસ્વભાવને સમજ્યા વિના ધર્મ કોઈ રીતે થાય નહિ; માટે પહેલાં આત્માની સાચી ઓળખાણ કરવી તે જ ધર્મનો ઉપાય છે. જેને આ વાતની જરૂર લાગે અને જિજ્ઞાસુ થઈને સમજવા માગે તેને આ સમજાયા વિના રહે નહિ.

આ પરિશિષ્ટમાં શિષ્યે એ જ પૂછ્યું હતું કે પ્રભો! આ આત્મા કેવો છે? જેને ધર્મ કરવાની ભાવના જાગી તેને પ્રથમ આત્મા સમજવાનો આવો પ્રશ્ન ઊઠે છે, કેમ કે આત્મા કેવો છે તે જાણ્યા વિના ધર્મ થઈ શકતો નથી. ધર્મ તો આત્મામાં એકાગ્રતારૂપ દશા છે; પ્રથમ આત્મા કેવો છે તે ઓળખે અને તેનો મહિમા જાણે તો તેમાં ઠરીને જ્ઞાન એકાગ્ર થાય. આત્મા કેવો છે તે જાણ્યા વિના જીવે અનાદિથી પરમાં ને વિકારમાં એકાગ્રતા કરી છે, તેનું નામ અધર્મ છે. અનંતધર્મોવાળા આત્માનો મહિમા જાણીને તેમાં એકાગ્ર થવું તે ધર્મ છે. આવો ધર્મ પ્રગટ કરવાની ભાવનાવાળો શિષ્ય પૂછે છે કે પ્રભો! આ આત્મા કેવો છે?—આત્મા કેવડો મોટો છે?—કે જેનો મહિમા જાણીને તેમાં લીન થતાં મારી પરમાત્મદશા પ્રગટી જાય ને મારું સંસારભ્રમણ ટળી જાય?'

—આવા શિષ્યને સમજાવવા માટે આચાર્યદેવ આત્માનું વર્ણન કરે છે : આત્મા અનંત સ્વભાવોને ધારી રાખનારું દ્રવ્ય છે અનંતધર્મોવાળો આત્મા સ્વાનુભવથી જણાય છે. સ્વાનુભવ સિવાય બહાર ક્રિયાકાંડ વગેરે કોઈ પણ ઉપાયે આત્માની પ્રાપ્તિ થતી નથી. આત્મદ્રવ્યનું સ્વરૂપ સમજાવવા અહીં ૪૭ નયોથી તેનું વર્ણન કર્યું છે. તેમાં પ્રથમ એમ કહ્યું કે દ્રવ્યનયથી આત્મા સામાન્ય ચિન્માત્ર

એકરૂપ છે. પછી તેની સામે બીજો ધર્મ બતાવતાં કહ્યું કે પર્યાયનયે આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ ભેદરૂપ છે. એમ વસ્તુમાં પરસ્પર વિરુદ્ધ બે ધર્મો સિદ્ધ કર્યા. વસ્તુમાં બધા ધર્મો એક સાથે જ છે. પહેલાં દ્રવ્યનય અને પર્યાયનય એ બે નયોથી વર્ણન કરીને પછી ત્રીજા બોલથી સપ્તભંગીનું વર્ણન શરૂ કર્યું છે. ત્રીજા બોલમાં એમ કહ્યું કે અસ્તિત્વનયે જોતાં આત્મદ્રવ્ય સ્વચતુષ્ટયથી અસ્તિત્વવાળું છે; ચોથા બોલમાં કહ્યું કે નાસ્તિત્વનયે આત્મદ્રવ્ય પરચતુષ્ટયથી નાસ્તિત્વવાળું છે અને આ પાંચમા બોલમાં એમ કહે છે કે અસ્તિત્વ—નાસ્તિત્વનયથી જોતાં આત્મદ્રવ્ય ક્રમશઃ સ્વ-પરચતુષ્ટયથી અસ્તિત્વ-નાસ્તિત્વવાળું છે.

કેટલાક લોકોને આવું જ્ઞાન કરવામાં તો કંટાળો આવે છે ને અંદર ધ્યાન કરવા માંગે છે. પણ આવા ધર્મોવડે આત્માને જાણ્યા વિના ધ્યાન કોનું કરશે? આત્માનો મહિમા કેવો છે તે તો જ્ઞાનમાં ભાસ્યો નથી તો જ્ઞાન તેમાં ઠરશે ક્યાંથી? સ્થૂળ વિકલ્પો ઓછા થાય અને અંદર સાતાવેદનીયને લીધે આનંદ જેવું લાગે એટલે માની લ્યે કે મને ઘણી એકાગ્રતા થાય છે, ખરેખર તેને એકાગ્રતા થતી નથી પણ મૂઢતા વધતી જાય છે. મૂઢતાને લીધે તે પોતાના પરિણામને પકડી શકતો નથી. હજી તત્ત્વના નિર્ણયનું પણ ઠેકાણું નથી ત્યાં એકાગ્રતા કેવી ને આનંદ પણ કેવો? મૂઢપણે રાગમાં એકાગ્ર થઈને આનંદ માની રહ્યો છે, તે ધર્મ નથી પણ મિથ્યાદષ્ટિ છે.

અહીં તો આચાર્યદેવે સ્પષ્ટપણે વસ્તુસ્વરૂપ સમજાવ્યું છે. દરેક આત્મા સ્વતંત્ર જુદે જુદો, પોતપોતાના અનંતધર્મોવાળો છે. એકેક આત્મામાં પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિપણું ને પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિપણું—એવા બંને પ્રકાર એક સાથે છે.

**શંકા :—**એકલું અસ્તિત્વ જ કહોને? એક અસ્તિત્વમાં વળી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ને ભાવ એવા ચાર પ્રકાર કેમ પાડો છો? ચાર પ્રકારને જાણવા જતાં તો વિકલ્પ થાય છે!

**સમાધાન :—**દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એવા પ્રકારો વસ્તુમાં જ છે, વસ્તુના દ્રવ્યને, ક્ષેત્રને, કાળને અને ભાવને બરાબર સમજે તો જ વસ્તુના અસ્તિત્વને માન્યું કહેવાય. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવ એવા ચાર પ્રકારને જાણવા તે તો વસ્તુનું યથાર્થ જ્ઞાન છે, તે કાંઈ વિકલ્પનું નથી. 'આત્મા છે' એમ માને પણ તેનું ક્ષેત્ર કેટલું છે, તેની પર્યાયો કેવી છે ને તેનામાં ધર્મો કેવા છે તે ન ઓળખે તો આત્મવસ્તુનું અસ્તિત્વ જ યથાર્થપણે ખ્યાલમાં ન આવે. અસ્તિત્વ કહેતાં તેમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ને ભાવ એ ચારે સમાઈ જાય છે. માટે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જાણવા જોઈએ..

**દ્રવ્ય :—**આત્મા અનંતગુણપર્યાયનો પિંડ છે તે દ્રવ્ય છે. બીજા અનંતા આત્મા અને જડ દ્રવ્યોથી તે ભિન્ન છે.

**ક્ષેત્ર :—**આત્મા પોતાના અસંખ્યપ્રદેશોવાળો છે તે તેનું સ્વક્ષેત્ર છે. જે ક્ષેત્રમાં આત્મા છે તે જ ક્ષેત્રે બીજા જીવ તેમ જ પુદ્‌ગલ વગેરે દ્રવ્યો પણ રહેલાં છે પણ દરેકનું સ્વક્ષેત્ર જુદું છે.

**કાળ :—**એકેક સમયની પર્યાય તે આત્માનો સ્વકાળ છે. દરેક પર્યાય તે પોતાથી અસ્તિરૂપ છે, ને બીજાથી નાસ્તિરૂપ છે.

**ભાવ :**—આત્માની અનંતશક્તિઓ તે આત્માનો સ્વભાવ છે. આમ પોતાના સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ ને ભાવથી આત્મા છે ને પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી; આવો અસ્તિત્વ-નાસ્તિત્વ નામનો આત્માનો ધર્મ છે.

નિગોદથી માંડીને સિદ્ધ સુધીની આત્માની કોઈપણ પર્યાય લ્યો, તે દરેક પર્યાય સ્વથી છે ને પરથી નથી. નિગોદ પર્યાય હોય તે વખતે તે પર્યાય પોતાથી છે ને પરથી નથી, સિદ્ધપર્યાય પણ પોતાથી છે ને પરથી નથી, સાધકપર્યાય પણ પોતાથી છે ને પરથી નથી. બસ! સમય સમયની દરેક પર્યાય સ્વતંત્ર છે, જો સ્વતંત્ર પર્યાય ન માનો તો સ્વકાળથી અસ્તિત્વ જ સિદ્ધ થાય નહિ.

નિગોદની પર્યાય સ્વતંત્ર છે એમ કહ્યું તેનો અર્થ એમ ન સમજવો કે તે પર્યાય પણ પૂરી છે. જેમ સિદ્ધપર્યાય પરિપૂર્ણ છે તેમ કાંઈ નિગોદની પર્યાય પણ પરિપૂર્ણ નથી. નિગોદની પર્યાય તો અનંતમાં ભાગે હીણી છે, તે પર્યાયમાં જ્ઞાન, દર્શન, વીર્ય વગેરે અનંતમાં ભાગે છે. પણ અહીં તો એમ કહેવું છે કે તે પર્યાય અત્યંત હીણી હોવા છતાં સ્વકાળથી આખા દ્રવ્યના અસ્તિત્વને તે ટકાવી રાખે છે, એટલે તે એક પર્યાયમાં આખા દ્રવ્યના અસ્તિત્વને સિદ્ધ કરવાની તાકાત છે. જો તે એક અંશને કાઢી નાંખો તો દ્રવ્ય જ સિદ્ધ થતું નથી. વર્તમાન વર્તતા સ્વકાળ વગર દ્રવ્યનું અસ્તિત્વ જ ક્યાંથી નક્કી થશે? 'અસ્તિત્વ' કહેતાં તેમાં સ્વકાળ ભેગો આવી જ જાય છે.

નિગોદ પર્યાય વખતે પણ આત્મા પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપ સ્વચતુષ્ટયથી પરિપૂર્ણ અસ્તિત્વવાળો છે. જો કે પર્યાયનું પરિણમન પૂરું નથી પણ અસ્તિત્વ તો સમયે સમયે પૂરું જ છે. પછીની વિશેષ પર્યાયની અપેક્ષાએ વર્તમાન પર્યાયમાં અધૂરાપણું કહેવાય, પણ વર્તમાન સમયની અપેક્ષાએ તો તે સમયનું અસ્તિત્વ સ્વચતુષ્ટયથી પૂરું છે. જ્યારે જુઓ ત્યારે એક સમયમાં આત્મા પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ને ભાવમાં ટકેલો છે. આત્મા એક સમય પણ પરની અપેક્ષાએ ટક્યો નથી. દરેક દ્રવ્ય પોતાના સ્વચતુષ્ટયમાં જ રહેલું છે.

આત્મા કેવો છે તેનું આ વર્ણન ચાલે છે. આત્મા અનંત ધર્મોવાળો છે, ને તેને જાણનાર જ્ઞાનમાં અનંત નયો છે. અનંત ધર્મોવાળા આત્માને સ્વીકારવો તેમાં જ્ઞાનનો અનંત પુરુષાર્થ આવે છે. કોઈ ઇન્દ્રિયોથી કે રાગથી અનંતધર્મોવાળા આત્માનો સ્વીકાર થઈ શકતો નથી, સ્વસન્મુખ થયેલા જ્ઞાનમાં જ અનંતધર્મોવાળા આત્માનો યથાર્થ સ્વીકાર થાય છે. સાધક જીવનું શ્રુતજ્ઞાનપ્રમાણ છે તે અનંત નયોવાળું છે, અને તે સ્વાનુભવથી પોતાના અનંતધર્માત્મક આત્માને જાણે છે.

જ્ઞાનના પાંચ પ્રકારમાંથી શ્રુતજ્ઞાનમાં જ નય હોય છે, બીજા કોઈ જ્ઞાનમાં નય હોતા નથી.

**શંકા :**—શ્રુતજ્ઞાનમાં જ નય કેમ?—બીજા જ્ઞાનમાં કેમ નહિ?

**સમાધાન :**—મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળ એ પાંચ પ્રકારના જ્ઞાનમાં અવધિ-મનઃપર્યય અને કેવળજ્ઞાન તો પ્રત્યક્ષ છે ને મતિ તથા શ્રુતજ્ઞાન પરોક્ષ છે; હવે નય તે પરોક્ષજ્ઞાન છે. પ્રત્યક્ષ જ્ઞાનનો અંશ તો પ્રત્યક્ષ જ હોય એટલે તેમાં નય ન હોય. કેવળજ્ઞાન પૂર્ણ

સ્પષ્ટ પ્રત્યક્ષ છે તેમ જ અવધિ અને મન:પર્યયજ્ઞાન પણ પોતપોતાના વિષયમાં પ્રત્યક્ષ છે, તેથી તે પ્રત્યક્ષ જ્ઞાનોમાં તો પરોક્ષરૂપ નય હોતા નથી.

મતિજ્ઞાન જો કે પરોક્ષ છે, પણ તેનો વિષય અલ્પ છે, તે માત્ર સાંપ્રતિક એટલે વર્તમાન પદાર્થને જ વિષય કરે છે, સર્વક્ષેત્ર અને સર્વકાળવર્તી પદાર્થોને તે ગ્રહણ કરતું નથી તેથી તેમાંય નય પડતા નથી. કેમ કે પૂરા પદાર્થના જ્ઞાનપૂર્વક તેમાં ભાગ પાડીને જાણે તેને નય કહેવાય.

શ્રુતજ્ઞાન પોતાના વિષયભૂત સમસ્ત ક્ષેત્ર-કાળવર્તી પદાર્થને પરોક્ષપણે ગ્રહણ કરે છે, તેથી તેમાં જ નય પડે છે. શ્રુતજ્ઞાનમાં પણ જેટલું સ્વસંવેદન પ્રત્યક્ષ થઈ ગયું છે તેટલું તો પ્રમાણ જ છે, ને જેટલું પરોક્ષપણું રહ્યું છે તેમાં નય પડે છે. શ્રુતજ્ઞાન સર્વથા પરોક્ષ જ નથી. સ્વસંવેદનમાં તે અંશે પ્રત્યક્ષ છે; એવા સ્વસંવેદનપૂર્વક જ સાચા નયો હોય છે. શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનની જેમ સકલ પદાર્થોને ભલે ન જાણે, પણ પોતાના વિષયને યોગ્ય પદાર્થને સકલ કાળ-ક્ષેત્રસહિત પૂરો ગ્રહણ કરે છે, ને તેમાં એકદેશરૂપ નય હોય છે.

આ રીતે, જે જ્ઞાન પરોક્ષ હોય અને સર્વ ક્ષેત્રકાળવર્તી પદાર્થને ગ્રહણ કરતું હોય તે જ્ઞાનમાં જ નય હોય છે;—એવું તો શ્રુતજ્ઞાન છે તેથી તેમાં જ નય હોય છે. ત્રણ જ્ઞાનો તો પ્રત્યક્ષ છે-સ્પષ્ટ છે, અને મતિજ્ઞાનનો વિષય અલ્પ છે તેથી તે કોઈ જ્ઞાનમાં નય હોતા નથી.

'શ્રુતજ્ઞાન ત્રિકાળી પદાર્થને પરોક્ષ જાણે છે તેથી તેમાં જ નય હોય છે' આમ આચાર્યદેવે કહ્યું છે, તેમાં સૂક્ષ્મ રહસ્ય છે; તેમાંથી એવો ન્યાય પણ નીકળે છે કે દ્રવ્યાર્થિકનય મુખ્ય છે ને પર્યાયાર્થિકનય ગૌણ છે. ત્રિકાળી પદાર્થનું જ્ઞાન હોય તો જ તેના અંશના જ્ઞાનને પર્યાયાર્થિકનય કહેવાય. જ્યારે દ્રવ્યાર્થિકનયથી ત્રિકાળી દ્રવ્યને જાણ્યું ત્યારે તેના પર્યાયરૂપ અંશને જાણનાર જ્ઞાનને પર્યાયાર્થિકનય કહેવાયો. ત્રિકાળી દ્રવ્યની સન્મુખ થઈને તેને જાણ્યું ત્યારે જ તેના અંશના જ્ઞાનને વ્યવહારનય કહેવાયો. ત્રિકાળીના જ્ઞાન વગર અંશના જ્ઞાનરૂપ વ્યવહારનય હોય નહિ. એટલે એ વાત નક્કી થઈ કે નિશ્ચય વિના વ્યવહાર નહિ, દ્રવ્યના જ્ઞાન વિના પર્યાયનું જ્ઞાન નહિ. વ્યવહારનય તો અંશને જાણે છે, અંશ કોનો? કે ત્રિકાળી પદાર્થનો. તો તે ત્રિકાળી પદાર્થના જ્ઞાન વિના તેના અંશનું જ્ઞાન યથાર્થ થાય નહિ. શ્રુતજ્ઞાન પણ ત્રિકાળી-દ્રવ્યસ્વભાવ તરફ વળે તો જ તેમાં નય હોય છે. ત્રિકાળીના જ્ઞાન વગર એકલી પર્યાયને કે ભેદને જાણવા જાય તો ત્યાં પર્યાયબુદ્ધિનું એકાંત થઈ જાય છે, મિથ્યાત્વ થઈ જાય છે, તેમાં નય હોતા નથી. આત્મા નિત્ય છે, શુદ્ધ છે—એવું જાણનારા નયો ત્રિકાળી પદાર્થના જ્ઞાન વિના હોય નહિ. અને શુદ્ધતા, નિત્યતા વગેરેને જાણ્યા વગર એકલી અશુદ્ધતાને કે અનિત્યતાને જાણવા જાય તો ત્યાં એકાંત મિથ્યાત્વ થઈ જાય છે, એટલે ત્યાં વ્યવહારનય પણ હોતો નથી.

અહીં સાધકના નયોની વાત છે. સાધકને કેવળજ્ઞાન હોતુ નથી; સાધકના ચાર જ્ઞાનમાં શ્રુતજ્ઞાનનું સામર્થ્ય ઘણું વધારે છે; અવધિ-મન:પર્યાયજ્ઞાન પ્રત્યક્ષ હોવા છતાં તેનો વિષય અલ્પ છે, ને શ્રુતજ્ઞાન પરોક્ષ હોવા છતાં તેનો વિષય ઘણો વિશાળ છે, શ્રુતજ્ઞાન પોતાના વિષયભૂત પદાર્થના

સર્વ ક્ષેત્ર-કાળને જાણે છે. એવા શ્રુતજ્ઞાનમાં અનંત નયો છે. અહીં પરને જાણવાના નયોની વાત નથી પણ પોતાના આત્માને જાણનારા નયોની વાત છે. સાધક જીવ પોતાના આત્માને નયો વડે કેવો જાણે છે તેનું આ વર્ણન છે.

'અસ્તિત્વ-નાસ્તિત્વ' નામના નયથી જોતાં આત્મા અસ્તિત્વ-નાસ્તિત્વવાળો છે. સ્વથી અસ્તિપણું અને પરથી નાસ્તિપણું વસ્તુમાં એક સાથે જ છે, જ્ઞાન પણ એક સમયમાં જ તેને જાણે છે અને વાણી દ્વારા તે કથંચિત્ કહી પણ શકાય છે; એ રીતે સપ્તભંગીના ત્રીજા બોલમાં 'અસ્તિ-નાસ્તિ' ધર્મ કહ્યો. વાણી વડે અસ્તિ નાસ્તિ બંને ધર્મો એક સાથે કહી શકાતા નથી તેથી અવક્તવ્ય છે એ વાત હવેના બોલમાં આવશે. આ તો વક્તવ્યનો બોલ છે, અસ્તિ-નાસ્તિ બંને ધર્મો જ્ઞાનમાં એક સાથે આવી જાય છે ને વાણીથી તે ક્રમે કરીને કહી પણ શકાય છે, આવો અસ્તિત્વ-નાસ્તિત્વ નામનો આત્માનો ધર્મ છે.

વાણીમાં ક્રમ પડે છે પણ જ્ઞાન અને વસ્તુના ધર્મો તો અક્રમ છે. અસ્તિ, નાસ્તિ એમ કહેવામાં ક્રમ પડે છે પણ વાચ્યરૂપ વસ્તુમાં કાંઈ તે ધર્મો ક્રમે ક્રમે રહેલા નથી, વસ્તુમાં તો બધા ધર્મો એક સાથે જ છે. દ્રવ્યમાં અનંતા ધર્મો એક સાથે જ છે, અનંતા ધર્મોનો ભાવ એક સાથે વર્તે છે તે જ દ્રવ્ય છે, જ્ઞાનમાં પણ અનંત ધર્મો એક સાથે જણાય છે, વાણીમાં અનંતા ધર્મો એક સાથે આવી શકતા નથી પણ ક્રમ પડે છે, વાણીથી બધા ધર્મો ન કહી શકાય પણ અમુક ધર્મો જ કહી શકાય છે; માટે શબ્દ સામે જોયે વસ્તુ પકડાય તેવી નથી પણ જ્ઞાનને અંતરમુખ કરીને વસ્તુસ્વભાવને પકડે તો જ વસ્તુ સમજાય તેવી છે. આ ૪૭ નયોથી ૪૭ ધર્મોનું વર્ણન કર્યું છે તેનું તાત્પર્ય એકેક ધર્મના ભેદ સામે જોવાનું નથી પણ એવા અનંત ધર્મોને ધારણ કરનાર ચૈતન્યદ્રવ્યને લક્ષમાં લઈને તેનો અનુભવ કરવો તે જ તાત્પર્ય છે.

[અહીં અસ્તિત્વ-નાસ્તિત્વધર્મનું વર્ણન પૂરું થયું.–૫.]

# અવક્તવ્યનયે આત્માનું વર્ણન

[૬]

'આત્મદ્રવ્ય અવક્તવ્યનયે યુગપદ્ સ્વ–પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અવક્તવ્ય છે.' [અહીં તીરનું દૃષ્ટાંત છે તે મૂળમાં જોઈ લેવું.]

સ્વચતુષ્ટયથી અસ્તિત્વ અને પરચતુષ્ટયથી નાસ્તિત્વ, એવા બંને ધર્મો આત્મામાં એક સાથે છે, પણ વાણી દ્વારા તે બંને ધર્મો યુગપદ કહી શકાતા નથી. 'સ્વથી અસ્તિ છે' એમ કહેતાં તે જ વખતે બીજા નાસ્તિધર્મનું કથન બાકી રહી જાય છે અને 'પરથી નાસ્તિ છે' એમ કહેતાં તે જ વખતે બીજા અસ્તિત્વધર્મનું કથન બાકી રહી જાય છે, એ રીતે વાણી દ્વારા બંને ધર્મો એક સાથે કહી શકાતા નથી માટે આત્મા અવક્તવ્ય છે. સર્વથા અવક્તવ્ય નથી પણ બંને ધર્મો યુગપદ કહી શકાતા નથી તે અપેક્ષાએ અવક્તવ્ય છે, ક્રમે તો કહી શકાય છે, તે અપેક્ષાએ વક્તવ્ય છે. વસ્તુમાં બંને ધર્મો એક સાથે જ છે. અવક્તવ્યનયથી વસ્તુને અવક્તવ્ય કીધી, તે વખતે જ વસ્તુમાં કથંચિત 'વક્તવ્ય'ધર્મ પણ છે તેને જો ન સ્વીકારે તો અવક્તવ્યનય પણ મિથ્યા છે. અનંતધર્મવાળી આખી વસ્તુના સ્વીકારપૂર્વક તેના એકેક ધર્મનું જ્ઞાન તે નય છે.

અવક્તવ્ય' એવો શબ્દ તે વાચક છે ને તેના વાચ્યરૂપ ભાવ તે આત્માનો અવક્તવ્યધર્મ છે. 'અવક્તવ્ય' એવા શબ્દમાં આત્માનો અવક્તવ્ય નામનો ધર્મ રહેલો નથી; તે ધર્મ તો આત્મામાં રહેલો છે.

આત્મા કેવડો?–કે એક સાથે અનંતધર્મોને પોતામાં ધારણ કરી રાખે તેવડો. કોઈ પણ બીજાની સહાય વિના પોતે પોતાના સ્વભાવથી જ અનંતધર્મોવાળો છે. આવડા મોટા અનંતમહિમાવાળા પોતાના આત્માને પ્રતીતમાં લ્યે તો જ સમ્યક્ શ્રદ્ધા કહેવાય. આવડા મોટા ધર્મીની કબૂલાત કરે તો જ તેના આશ્રયે ધર્મની શરૂઆત થાય છે. દરેક આત્મા અનંતધર્મોવાળો ધર્મી છે તેને કબૂલનારી શ્રદ્ધા પણ આવડી મોટી અને ગંભીર છે. તે શ્રદ્ધા કોઈ નિમિત્તના આશ્રયે કે રાગના આશ્રયે થતી નથી પણ સ્વભાવના આશ્રયે જ થાય છે. આવા આત્માની કબૂલાત વગર 'આત્મા તો અખંડ છે, શુદ્ધ છે' એમ ઉપર–ઉપરથી સાંભળીને માને, તો તેને આત્માનો જેવડો મહિમા છે તેવડો ભાસે નહિ એટલે તેની શ્રદ્ધા છીછરી પાતળી–મિથ્યા છે. જેટલા અનંતધર્મોવાળો આત્મા કેવળજ્ઞાનમાં જણાય છે તે બધાય ધર્મોવાળો આત્મા સમ્યક્શ્રદ્ધાની પ્રતીતમાં આવી જાય છે. શ્રદ્ધા ધર્મોના ભેદ નથી પાડતી પણ અભેદ આત્માની પ્રતીતમાં તે બધા ધર્મો સમાઈ જાય છે; અનંતધર્મોના સ્વીકારપૂર્વક અભેદ આત્માની શ્રદ્ધા કરે છે. જે જીવ પોતાના આત્માને અનંતધર્મવાળો

કબૂલે તે જીવ ક્ષણિક રાગાદિભાવો જેટલો પોતાને માને જ નહિ. જો રાગ જેટલો જ પોતાને માને તો અનંતધર્મોવાળો આત્મા કબૂલી શકે નહિ; એટલે અનંતધર્મોવાળા આત્માની યથાર્થ કબૂલાતમાં તો સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન આવી જાય છે.

જે આત્મા પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વધર્મવાળો છે તે જ આત્મા પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિત્વધર્મવાળો છે, તે જ આત્મા એક સાથે બંને ધર્મોવાળો હોવાથી અસ્તિત્વ-નાસ્તિત્વધર્મવાળો છે, અને તે બંને ધર્મો એકસાથે કહી શકાતા નથી તે અપેક્ષાએ, તે જ આત્મા અવક્તવ્યધર્મવાળો છે;—એ પ્રમાણે સપ્તભંગીના ચાર ભંગ કહ્યા. જુઓ! આ અસ્તિ–નાસ્તિ આદિ સપ્તભંગી છે તે સર્વજ્ઞવીતરાગદેવે કહેલા આત્મદ્રવ્યને ઓળખવાનો 'ટ્રેઇડ માર્ક' છે, તેના વડે તારા આત્માને પરથી જુદો ને પોતાના અનંતધર્મોથી એકમેક ઓળખી લેજે. આ સપ્તભંગી તો દરેકે દરેક પદાર્થમાં લાગુ પડે છે, પણ અત્યારે તો આત્માના ધર્મોનું વર્ણન ચાલે છે, તેથી આત્મા ઉપર તે સપ્તભંગી ઉતારી છે.

સપ્તભંગીના ચાર ભંગ કહ્યા; હવે પાંચમો ભંગ કહે છે : ૪૭ ધર્મોના ક્રમમાં આ સાતમો ધર્મ છે :

હે ભાઈ! વિકાર વગરના તારા જ્ઞાયકસ્વભાવને પ્રસિદ્ધ કરીને સંતો કહે છે કે તું ગભરા મા. તારા સ્વભાવનો મહિમા સાંભળીને તું પ્રસન્ન થા.

સિદ્ધભગવાનમાં જે નથી તે તારા સ્વરૂપમાં પણ નથી, અને સિદ્ધભગવાનમાં જે છે તે તારા સ્વરૂપમાં છે. આમ જાણીને, વિકારના કર્તૃત્વથી વિરામ પામીને તું ઉપશાંત થા!

# અસ્તિત્વ-અવક્તવ્યનયે આત્માનું વર્ણન

## [૭]

જે અનંતધર્મોવાળું આત્મદ્રવ્ય છે તે અસ્તિત્વ અવક્તવ્યનયે સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તથા યુગપદ્ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાળું—અવક્તવ્ય છે. [અહીં તીરનું દૃષ્ટાંત છે તે મૂળમાં જોઈ લેવું.]

આ અસ્તિત્વ, નાસ્તિત્વ આદિ સાતે પ્રકારના ધર્મો વસ્તુના સ્વભાવમાં છે; અસ્તિત્વ અને નાસ્તિત્વ એ બે જ ધર્મો વસ્તુમાં છે ને બીજા પાંચ ધર્મો નથી—એમ નથી. જો વસ્તુમાં સાતે ધર્મો ન હોય તો તેનું કથન પણ ન હોય, કેમ કે વાચક છે તે વાચ્યને બતાવે છે.

(૧) વસ્તુ સ્વપણે છે; એમ અસ્તિત્વ કહી શકાય છે.

(૨) વસ્તુ પરપણે નથી, એમ નાસ્તિત્વ કહી શકાય છે.

(૩) વસ્તુ સ્વપણે છે ને પરપણે નથી, એમ અસ્તિત્વ-નાસ્તિત્વ ક્રમથી કહી શકાય છે. —એ રીતે પહેલા ત્રણે ભંગ વક્તવ્યમાં આવે છે.

(૪) વસ્તુ સ્વપણે છે ને પરપણે નથી, એમ બંને એક સાથે કહી શકાતા નથી માટે અવક્તવ્ય છે.

(૫) 'વસ્તુ સ્વપણે છે' એમ અસ્તિત્વનું કથન કરતાં 'વસ્તુ પરપણે નથી' એવું નાસ્તિત્વનું કથન બાકી રહી જાય છે, 'અસ્તિત્વ' કહી શકાયું પણ બંને સાથે ન કહી શકાયા તે અપેક્ષાએ વસ્તુ અસ્તિ—અવક્તવ્ય છે.

અસ્તિત્વ અને અવ્યક્તવ્ય એ બંને ધર્મો ભેગા કરીને આ ધર્મ કહ્યો છે—એમ નથી, પણ અસ્તિત્વ અને અવક્તવ્ય એ બંને સિવાયનો આ પણ એક સ્વતંત્ર ધર્મ છે. જ્ઞાનના અનંતનયોમાં અસ્તિત્વનય વગેરે સાત નયો ભિન્ન ભિન્ન છે. તેમજ તે સાતે નયોના વિષયભૂત સાત ધર્મો વસ્તુમાં ભિન્ન ભિન્ન છે.

'અસ્તિત્વ' કહેતાં વસ્તુના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એ ચારે એક સાથે આવી જાય છે. હું આત્મા છું, મારા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છું. એમ અસ્તિત્વને જાણ્યું તે ક્ષણે જ 'હું પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી' એવું નાસ્તિત્વનું જ્ઞાન પણ ભેગું જ પડ્યું છે; વસ્તુમાં બધા ધર્મો એક સાથે છે, પ્રમાણજ્ઞાનમાં બધા એક સાથે જણાય છે, પણ વાણીમાં એક સાથે કહી શકાતા નથી. આત્મા સ્વપણે છે એમ કહ્યું તે જ વખતે આત્મામાં બીજા અનંતધર્મો છે તે કહી શકાયા નહિ—આ અપેક્ષાએ આત્મા 'અસ્તિત્વ-અવક્તવ્ય' ધર્મવાળો છે. જે જ્ઞાન આ અપેક્ષાથી આત્માને લક્ષમાં લ્યે તેને અસ્તિત્વ-અવક્તવ્યનય કહેવાય છે.

દરેક આત્મા એક સમયમાં પોતાના અનંત ધર્મોનો અધિષ્ઠાતા છે; તેને ઓળખવા માટે આ વર્ણન ચાલે છે. જેટલા ધર્મી જીવો હોય તે બધાયના શ્રદ્ધા-જ્ઞાનમાં આવો અનંત ધર્મવાળો આત્મા એક સરખો જ હોય છે. એક ધર્મીના શ્રદ્ધા-જ્ઞાનમાં અમુક પ્રકારનો આત્મા હોય ને બીજા ધર્મીના શ્રદ્ધા-જ્ઞાનમાં તેથી જુદા પ્રકારનો આત્મા હોય-એવી વિવિધતા હોતી નથી. આવા આત્માના સમ્યક્શ્રદ્ધા—જ્ઞાન કર્યા પછી કોઈને તેમાં વિશેષ લીનતા હોય ને કોઈને ઓછી લીનતા હોય—એમ ચારિત્રમાં વિવિધતા હોય છે, પણ તેમાં વિરોધતા હોતી નથી. હીન—અધિકતાના કારણે વિવિધતા હોવા છતાં તેની જાત તો એક જ પ્રકારની છે તેથી તેમાં વિરોધતા નથી. અનંતા જ્ઞાનીઓનો અભિપ્રાય એક સરખો જ છે. જેવો આત્મા કેવળી ભગવાનની શ્રદ્ધામાં આવ્યો છે તેવો જ આત્મા ચોથા ગુણસ્થાને વર્તતા નાનામાં નાના ધર્મી જીવની શ્રદ્ધામાં આવ્યો છે. આત્માને તેના ધર્મો દ્વારા ઓળખે તો જ તેની સાચી શ્રદ્ધા થાય; તેથી અહીં આચાર્યદેવે ધર્મોનું વર્ણન કર્યું છે. તેમાં સપ્તભંગીમાંથી 'અસ્તિત્વ—અવક્તવ્ય' નામનો પાંચમો ભંગ કહ્યો; હવે છઠ્ઠો ભંગ કહે છે, ૪૭ ધર્મમાં તે આઠમો ધર્મ છે.

## નાસ્તિત્વ—અવક્તવ્યનયે આત્માનું વર્ણન

## [૮]

આત્મદ્રવ્ય નાસ્તિત્વ—અવક્તવ્યનયે પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તથા યુગપદ્ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિત્વવાળું—અવક્તવ્ય છે. [અહીં તીરનું દૃષ્ટાંત છે તે મૂળમાં જોઈ લેવું.]

અસ્તિત્વ—અવક્તવ્યની માફક આ ધર્મ પણ સમજી લેવો. જેમ અસ્તિત્વધર્મનું કથન કરતાં નાસ્તિત્વ વગેરેનું કથન બાકી રહી જતું હતું માટે અસ્તિત્વ—અવક્તવ્ય ધર્મ કહ્યો; તેમ અહીં 'આત્મા પરપણે નથી' એમ નાસ્તિત્વધર્મ કહેતાં 'આત્મા સ્વપણે છે' એવું અસ્તિત્વનું કથન બાકી રહી જાય છે, નાસ્તિત્વ કહી શકાય છે પણ બંને સાથે કહી શકાતા નથી, માટે આત્મા 'નાસ્તિત્વ—અવક્તવ્ય' ધર્મવાળો છે.

હવે સપ્તભંગીનો છેલ્લો ભંગ કહે છે.

# અસ્તિત્વ–નાસ્તિત્વ–અવક્તવ્યનયે આત્માનું વર્ણન

[૯]

આત્મદ્રવ્ય અસ્તિત્વ–નાસ્તિત્વ–અવક્તવ્યનયે સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તથા યુગપદ્ સ્વપર દ્રવ્ય ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાળું–નાસ્તિત્વવાળું–અવક્તવ્ય છે. [અહીં તીરનું દૃષ્ટાંત છે તે મૂળમાં જોઈ લેવું.]

આત્મામાં સ્વપણે અસ્તિત્વ છે, પરપણે નાસ્તિત્વ છે, એ બંને ધર્મો એક પછી એક કહી શકાય છે પણ એકસાથે કહી શકાતા નથી; એ રીતે આત્મા 'અસ્તિત્વ-નાસ્તિત્વ-અવક્તવ્ય' નામના ધર્મવાળો છે. આ ધર્મમાં ત્રણ શબ્દો આવ્યા તેથી તેના વાચ્યરૂપ ત્રણ જુદા ધર્મો ન સમજવા, પણ ત્રણેના વાચ્યરૂપ એક ધર્મ છે એમ સમજવું.

એ પ્રમાણે અસ્તિ, નાસ્તિ આદિ સાત ભંગોનું વર્ણન પૂરું થયું.

આ અસ્તિ, નાસ્તિ આદિ ધર્મો કહ્યા તે તો બધાય પદાર્થોમાં છે. એકેક સૂક્ષ્મ રજકણમાં પણ આ સાતે ધર્મો છે. મારું અસ્તિત્વ મારામાં છે ને પરમાં નથી. પરનું અસ્તિત્વ તેનામાં છે ને મારામાં નથી, એટલે કોઈપણ પર ચીજથી મને સુખ નથી તેમજ કોઈપણ પર ચીજથી મને દુઃખ નથી, અને મારાથી પર ચીજમાં કાંઈ આઘું–પાછું થતું નથી;—આમ સમજે તો અસ્તિ–નાસ્તિ ધર્મને યથાર્થ સમજ્યો કહેવાય. પરથી મને સુખ–દુઃખ થાય છે અને હું પર ચીજને આઘી–પાછી કરી શકું છું—એમ માનનાર વસ્તુના અસ્તિ–નાસ્તિ ધર્મને સમજ્યો નથી. દેવ–ગુરુ–શાસ્ત્રથી મને લાભ થાય કે કર્મોથી મને નુકશાન થાય—એમ જે માને તે જીવ આ ધર્મોને સમજ્યો નથી; કેમકે જેનો પોતામાં અભાવ છે તે પોતાને લાભ–નુકશાન કઈ રીતે કરી શકે? ન જ કરી શકે.

નરકના જીવને અગ્નિનું કે ઠંડીનું દુઃખ નથી, કેમકે તેનાથી તો આત્મા નાસ્તિરૂપ છે.

ઇન્દ્રના જીવને ઇન્દ્રાણીના સંયોગનું સુખ નથી, કેમકે તેનાથી તો આત્મા નાસ્તિરૂપ છે.

—આમ જે સમજે તેને અનુકૂળતામાં સુખબુદ્ધિ ન રહે ને પ્રતિકૂળતામાં દુઃખબુદ્ધિ ન રહે, એટલે અનંતાનુબંધીના રાગ–દ્વેષ તો તેને થાય જ નહિ. આ રીતે વસ્તુસ્વરૂપ સમજતાં જ અનંત રાગ–દ્વેષ ટળી જાય છે. વસ્તુસ્વરૂપ સમજ્યા વિના બીજા ગમે તેટલા બહારના ઉપાય કરે તો પણ અનંતાનુબંધી રાગ-દ્વેષ મટે નહિ. અસ્તિ–નાસ્તિધર્મ વડે વસ્તુનું સ્વરૂપ સમજતાં પરથી ભિન્નપણાનું ભાન થઈને સ્વાશ્રયે સાચું સુખ પ્રગટે છે.

આત્મા પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવપણે વર્તે છે ને કર્મના ચતુષ્ટયપણે વર્તતો નથી, તેમજ કર્મો આત્માના ચતુષ્ટયપણે વર્તતા નથી, માટે આત્માને જડ કર્મોનો બોજો છે જ નહિ. જેમ સિદ્ધના

આત્મામાં કર્મનો બોજો નથી તેમ કોઈ પણ આત્મામાં કર્મનો બોજો નથી. આત્મા ઉપર કર્મનો બોજો છે એમ કહેવું તે તો માત્ર નિમિત્તના સંયોગનું કથન છે, ખરેખર આત્મામાં કર્મની નાસ્તિ જ છે, લોકના છેડે જ્યાં અનંતા સિદ્ધ ભગવંતો પોતાના પૂર્ણાનંદમાં બિરાજી રહ્યા છે ત્યાં જ નિગોદના અનંત જીવો પણ રહેલા છે તે જીવો અનંત દુ:ખના વેદનમાં પડ્યા છે. જ્યાં સિદ્ધ ત્યાં જ નિગોદ, છતાં બંનેના આત્મા ભિન્ન; બંનેનું સ્વ ક્ષેત્ર ભિન્ન, બંનેની સ્વપર્યાય ભિન્ન અને બંનેના ભાવો પણ ભિન્ન છે. સિદ્ધના ચતુષ્ટયનો નિગોદના ચતુષ્ટયમાં અભાવ છે. અનંત સિદ્ધભગવંતો અને નિગોદના જીવો જે આકાશક્ષેત્રે રહેલાં છે તેજ ક્ષેત્રે અનંત કર્મો પણ રહેલાં છે; ત્યાં જેમ સિદ્ધભગવંતોને તે કર્મનો બોજો નથી તેમ ખરેખર નિગોદના જીવોને પણ કર્મનો બોજો નથી. સિદ્ધ કે નિગોદ દરેક આત્મા પોતાના સ્વચતુષ્ટયથી અસ્તિરૂપ છે, ને કર્મના ચતુષ્ટયનો તેનામાં અભાવ છે. નિગોદના જીવની અત્યંત હીણી પર્યાય છે તે તેના પોતાના સ્વકાળને લીધે જ છે, કર્મના બોજાને લીધે નથી. જો આમ ન માને તો અસ્તિ—નાસ્તિધર્મ જ સાબિત નહિ થાય!

દરેક જીવને સુખ કે દુ:ખ પોતાના કારણે જ થાય છે—એમ જાણવું તે નિશ્ચય છે, અને કોઈ પણ બીજી ચીજથી સુખ કે દુ:ખ થાય એમ કહેવું તે માત્ર સંયોગરૂપ નિમિત્તનું જ્ઞાન કરવા માટેનો વ્યવહાર છે; ખરેખર પરની આત્મામાં નાસ્તિ છે, તેનાથી આત્માને સુખ—દુ:ખ વગેરે કંઈ પણ થતું નથી.

આત્મામાં અસ્તિ-નાસ્તિ આદિ અનંતા સ્વધર્મો અનાદિઅનંત એક સમયમાં વર્તી રહ્યા છે, એવા આત્માને જાણીને તેની શ્રદ્ધા અને જ્ઞાન કરે તો સમ્યક્ત્વ થાય, એ સિવાય ધર્મનો અંશ પણ થાય નહિ. પરસન્મુખ જોવાથી આત્માનો ધર્મ પ્રગટે નહિ કેમકે આત્માનો કોઈ ધર્મ પરમાં નથી. આત્માના અનંતા ધર્મો આત્મામાં છે તેની સન્મુખતાથી જ પર્યાયમાં સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્રરૂપ ધર્મ પ્રગટે છે.

* * *

અસ્તિ, નાસ્તિ આદિ સપ્તભંગી તે જૈનધર્મનું મૂળ છે, તેનાથી જગતની કોઈપણ વસ્તુનું સ્વરૂપ નક્કી થઈ જાય છે. કોઈ એમ કહે કે શાસ્ત્રને લીધે જ્ઞાન થાય. તો કહે છે કે ના; કેમકે આત્માના અસ્તિત્વમાં શાસ્ત્રની નાસ્તિ છે. કોઈ કહે કે કર્મો આત્માના જ્ઞાનને રોકે તો કહે છે કે ના; કેમકે આત્માના અસ્તિત્વમાં કર્મનું નાસ્તિત્વ છે. સપ્તભંગી વડે જીવ બીજા છએ દ્રવ્યોથી જુદો પડી જાય છે.

(૧) જીવ જીવપણે છે ને બીજા અનંત પર જીવો પણે તે નથી; એટલે જીવ બીજા જીવોનું કાંઈ કરી શકે નહિ તેમ જ બીજા જીવોથી તેનું કાંઈ થાય નહિ.

(૨) જીવ પોતાપણે છે ને અનંત પુદ્‌ગલપણે નથી; તેથી જીવ શરીરાદિ પુદ્‌ગલમાં કાંઈ કરી શકે નહિ તેમજ શરીર—કર્મ વગેરે જીવમાં કાંઈ રાગાદિ કરી શકે નહિ.

(૩) જીવ પોતાપણે છે ને ધર્માસ્તિકાયદ્રવ્યપણે નથી; એટલે ધર્માસ્તિકાયને લીધે જીવ ગતિ કરતો નથી.

(૪) જીવ પોતાપણે છે ને અધર્માસ્તિકાયદ્રવ્યપણે નથી; એટલે અધર્માસ્તિકાયને લીધે જીવ સ્થિર રહે છે—એમ નથી.

(૫) જીવ પોતાપણે છે ને કાળદ્રવ્યપણે તે નથી; તેથી કાળદ્રવ્ય જીવને પરિણમાવે છે—એમ નથી.

(૬) જીવ પોતાપણે છે ને આકાશદ્રવ્યપણે નથી; તેથી ખરેખર જીવ આકાશના ક્ષેત્રમાં રહેલો નથી પણ પોતાના સ્વક્ષેત્રમાં જ રહેલો છે.

—આ પ્રમાણે અસ્તિ—નાસ્તિધર્મવડે જે જીવ પોતાને સમસ્ત પરદ્રવ્યોથી જુદો જાણે તે પોતાના સ્વભાવ તરફ વળ્યા વિના રહે નહિ. આત્માનો નાસ્તિત્વધર્મ કહેતાં પર દ્રવ્યોનું અસ્તિત્વ પણ સિદ્ધ થઈ જાય છે; કેમકે જો પર દ્રવ્યો ન હોય તો તેના અભાવરૂપ જીવનો નાસ્તિત્વધર્મ સિદ્ધ ન થઈ શકે.

સપ્તભંગી વડે સમસ્ત પરદ્રવ્યથી તો આત્માને ભિન્ન પાડ્યો; હવે પોતામાં ને પોતામાં પણ અનંતી સપ્તભંગી ઉતરે છે.

જગતમાં અનંતા દ્રવ્યો છે તેમાં એકેક દ્રવ્યની પોતાપણે અસ્તિ ને બીજા અનંત દ્રવ્યોપણે તેની નાસ્તિ;—એમ દ્રવ્યમાં અનંત સપ્તભંગી સમજવી.

પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે અનંત ગુણો છે, તેમાં એકેક ગુણ પોતાપણે છે ને બીજા અનંત ગુણોપણે તે નથી;—એમ દરેક ગુણમાં અનંત સપ્તભંગી સમજવી.

એકેક ગુણની અનંતી પર્યાયો છે, તેમાં એકેક પર્યાય પોતાપણે છે ને આગળ—પાછળની બીજી અનંત પર્યાયોપણે તે નથી; એમ અનંત પર્યાયોમાં દરેકની અનંતી સપ્તભંગી સમજવી.

એકેક પર્યાયમાં અનંત અવિભાગપ્રતિચ્છેદઅંશો છે; તેમાંનો દરેક અંશ પોતાપણે છે ને બીજા અનંત અંશોપણે તે નથી;—એમ એકેક અવિભાગપ્રતિચ્છેદઅંશમાં પણ અનંત સપ્તભંગી ઉતરે છે.

વળી દ્રવ્ય—ગુણ—પર્યાયમાં પરસ્પર અસ્તિ—નાસ્તિરૂપ સપ્તભંગી ઉતરે છે; તે આ પ્રમાણે—

દ્રવ્ય દ્રવ્યપણે છે, ને એક ગુણપણે કે પર્યાયપણે તે નથી;

એક ગુણ ગુણપણે છે ને આખા દ્રવ્યપણે કે એક પર્યાયપણે તે નથી;

એક પર્યાય પર્યાયપણે છે ને દ્રવ્ય કે ગુણપણે તે નથી; આમ ન હોય તો દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેયનું ભિન્ન ભિન્ન લક્ષણ જ સિદ્ધ ન થઈ શકે.

આ સપ્તભંગીમાં ઘણો વિસ્તાર છે, ચૌદ બ્રહ્માંડ તેમાં આવી જાય છે; આ તો સૂક્ષ્મ વીતરાગી વિજ્ઞાન છે. લોકો બહારના સંયોગથી પદાર્થને જુએ છે, તે જોવાની જ ભૂલ છે,—'દેખતભૂલ' છે. સંયોગીદૃષ્ટિ કહો કે દેખતભૂલ કહો, તે જ સંસારનું મૂળ છે. વસ્તુમાં સંયોગનો તો

અભાવ છે—એમ જો અસ્તિ–નાસ્તિથી વસ્તુના નિરપેક્ષસ્વભાવને જુએ તો દેખતભૂલ ટળે.

જુઓ, આ સ્વતંત્રતાનો ઢંઢેરો—

જગતમાં અનંત દ્રવ્યો છે, તેમાં એક દ્રવ્ય બીજા દ્રવ્યપણે કદી થતું નથી.

એકેક દ્રવ્યમાં અનંતા ગુણો છે, તેમાં એક ગુણ કદી બીજા ગુણપણે થતો નથી.

એકેક ગુણની અનંત પર્યાયો, તેમાં એક પર્યાય બીજી પર્યાયપણે કદી થતી નથી. દ્રવ્યપણે દ્રવ્ય સત્, ગુણપણે ગુણ સત્ અને પર્યાયપણે એકેક સમયની પર્યાયપણ સત્; કોઈ એકબીજાપણે થઈ જતાં નથી. અહો! જુઓ તો ખરા, આ વસ્તુદર્શન. કેટલી નિરપેક્ષતા! આવું નિરપેક્ષ સ્વરૂપ સમજે તો જ્ઞાનમાં નિરપેક્ષતા એટલે કે વીતરાગતા થઈ જાય એકલો જ્ઞાતાભાવ રહી જાય, એનું નામ ધર્મ.

દ્રવ્ય સત્ ગુણ સત્ ને પર્યાય સત્ બધુંય પોતપોતાપણે સત્રૂપ એમ ને એમ બિરાજી રહ્યું છે. જ્ઞાતાદૃષ્ટા થઈને તેને જ્ઞેય કરવું એ જ તારું કામ છે. ક્યાંય આઘુંપાછું કે હેરફેર થાય તેવો વસ્તુનો સ્વભાવ નથી તેમજ 'આમ કેમ?' એવો રાગ-દ્વેષનો વિકલ્પ કરવો તે જ્ઞાનનું પણ સ્વરૂપ નથી. આવા વસ્તુસ્વભાવની પ્રતીત કરતાં કર્તાપણાનો મોહ ટળીને જ્ઞાતાપણું પ્રગટે તેનું નામ ધર્મ છે.

* * *

દરેક આત્મામાં અનંત ધર્મો છે; તે આત્માને સ્વાનુભવથી શ્રુતજ્ઞાનપ્રમાણ જાણે છે. તે શ્રુતજ્ઞાનમાં અનંત નયો છે; એકેક નય આત્માના એકેક ધર્મને જાણે છે. ધર્મ એટલે દ્રવ્યનો ભાગ, અને નય એટલે શ્રુતજ્ઞાનનો ભાગ. અનંતધર્માત્મક આખી વસ્તુને જાણે તે પ્રમાણજ્ઞાન છે, અને તેના એક ધર્મને મુખ્ય કરીને જાણે તે નય છે. આ નયો સાધકના શ્રુતજ્ઞાનમાં જ હોય છે, કેવળીભગવાનના આત્મામાં અસ્તિત્વ વગેરે અનંત ધર્મો છે પણ તેમના જ્ઞાનમાં અસ્તિત્વનય વગેરે કોઈ નય હોતા નથી, તેઓ તો નયાતીત થઈ ગયા છે. અહીં તો નય દ્વારા જેણે વસ્તુસ્વરૂપને સાધવું છે એવા સાધકને ૪૭ નયો દ્વારા આત્માનું સ્વરૂપ ઓળખાવે છે. સિદ્ધ પરમાત્મા કે પરમાણું, તે દરેક દ્રવ્ય અનંતધર્માત્મક છે; પણ અહીં તો આત્માને ઓળખાવવાનું પ્રયોજન હોવાથી આત્માના ધર્મોની વાત છે. આત્મા વસ્તુ કેવી છે ને તે કેમ જણાય તેની આ વાત ચાલે છે.

સ્વચતુષ્ટયથી આત્મા અસ્તિરૂપ છે ને પરચતુષ્ટયથી આત્મા નાસ્તિરૂપ છે. જે અસ્તિરૂપ છે તે જ નાસ્તિરૂપ છે. કઈ રીતે?—કે સ્વઅપેક્ષાએ જે અસ્તિરૂપ છે તે જ પર અપેક્ષાએ નાસ્તિરૂપ છે; પરંતુ જે અપેક્ષાએ અસ્તિરૂપ છે તેને તે જ અપેક્ષાએ નાસ્તિરૂપ નથી. એક જ વસ્તુના બે ધર્મો છે પણ એક જ અપેક્ષાએ બંને ધર્મો નથી. જે અપેક્ષાએ અસ્તિત્વ છે તે અપેક્ષાએ તો અસ્તિત્વ જ છે, તે અપેક્ષાએ નાસ્તિત્વ નથી. જે આત્મા છે તે જ અનાત્મા છે.–કઈ રીતે?—કે સ્વપણે જે આત્મા છે તે જ આત્મા પર સ્વરૂપની અપેક્ષાએ નથી માટે તે અનાત્મા છે. આત્માને 'અનાત્મા' કહેતાં ઘણા મુંઝાઈ જાય છે કે અરે! આત્મા તે વળી અનાત્મા હોય? પણ આત્મા પરપણે નથી'— એમ કહો કે 'પરની અપેક્ષાએ આત્મા અનાત્મા છે' એમ કહો. અથવા તો આત્મા પોતાના

આત્માની અપેક્ષાએ આત્મા છે અને બીજા આત્મારૂપે પોતે નથી માટે બીજા આત્માની અપેક્ષાએ આ આત્મા 'અનાત્મા' છે.

જે ક્ષેત્રરૂપ છે તે જ અક્ષેત્રરૂપ છે; આત્મા પોતાના અસંખ્યપ્રદેશ, અપેક્ષાએ ક્ષેત્રરૂપ છે પણ પરના ક્ષેત્રની અપેક્ષાએ આત્મા અક્ષેત્રરૂપ છે. ક્ષેત્રરૂપપણું અને અક્ષેત્રરૂપપણું એ બંને ધર્મો આત્માના છે.

એ જ પ્રમાણે, સ્વકાળ અપેક્ષાએ જે કાળરૂપ છે. તે જ પરકાળ અપેક્ષાએ અકાળરૂપ છે. આત્મા પોતાના સ્વકાળથી અસ્તિરૂપ છે ને પરકાળથી તે નાસ્તિરૂપ છે. પોતાની એકેક સમયની પર્યાય સ્વકાળથી હોવારૂપ છે ને તે જ પર્યાય પરકાળથી નાસ્તિરૂપ છે.

તેમ જ જે ભાવરૂપ છે તે જ અભાવરૂપ છે. આત્માનો ભાવ પોતાપણે છે ને પરના ભાવની અપેક્ષાએ તે ભાવ નથી એટલે કે અભાવ છે. સ્વઅપેક્ષાએ આત્માનો ભાવ છે ને પરઅપેક્ષાએ તે અભાવરૂપ છે.

—આમ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ચારેમાં અસ્તિનાસ્તિ સમજવી. આત્માના સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ કે ભાવનો એક અંશ પણ પરપણે નથી, ને પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો એક અંશ પણ આત્માપણે નથી; આમ નિર્ણય કરનારું જ્ઞાન પરની એકતાબુદ્ધિથી છૂટીને સ્વભાવના આશ્રય તરફ જ વળી જાય છે, એટલે મોક્ષમાર્ગ શરૂ થઈ જાય છે.

સ્વ-પર તત્ત્વ ભિન્ન ભિન્ન છે—એવું સ્વતંત્ર વસ્તુસ્વરૂપ સમજે નહિ ને વસ્તુને પરાધીન માને તેને સાચો સમતાભાવ હોઈ શકે નહિ. વસ્તુસ્વરૂપને પરાધીન માન્યું તે માન્યતામાં જ અનંતો વિષમભાવ પડ્યો છે. ભલે બહારથી ક્રોધી ન દેખાય ને મંદકષાય રાખતો હોય તોપણ, વસ્તુસ્વરૂપનું જ્યાં ભાન નથી ત્યાં સમતાનો અંશ પણ હોતો નથી; આત્માના જ્ઞાનસ્વભાવનો અનાદર છે તે જ મોટો વિષમભાવ છે. દરેક તત્ત્વ સ્વતંત્ર છે, કોઈ કોઈને આધીન નથી, મારો સ્વભાવ બધાને માત્ર જાણવાનો છે—એમ વસ્તુની સ્વતંત્રતાને જાણીને પોતાના જ્ઞાનસ્વભાવને આદરવો તે જ સાચો સમભાવ છે.

દરેક વસ્તુ પોતાના અનંતધર્મોને સ્વતંત્રપણે ધારી રાખે છે. વસ્તુનો ધર્મ પરને લીધે હોતો નથી. દરેક આત્મા પોતાના અનંત ધર્મનો આધાર છે. દ્રવ્યનય, પર્યાયનય તથા અસ્તિત્વ નાસ્તિત્વ આદિ સાત નયો, એમ કુલ નવ નયોથી આત્માનું વર્ણન કર્યું. હવે દસમા 'વિકલ્પનય'થી આત્માનું વર્ણન કરશે.

# વિકલ્પનયે આત્માનું વર્ણન
## [૧૦]

આત્મદ્રવ્ય વિકલ્પનયે, બાળક, કુમાર અને વૃદ્ધ એવા એક પુરુષની માફક, સવિકલ્પ છે

અહીં વિકલ્પનો અર્થ ભેદ છે. જેમ એક પુરુષમાં બાળક, કુમાર અને વૃદ્ધ એવા ભેદ પડે છે તેમ ભેદનયથી આત્મા ગુણ–પર્યાયના ભેદવાળો છે. વસ્તુમાં અનંત ગુણો છે તેમને પરસ્પર કથંચિત્ ભેદ છે અને તેની ક્રમેક્રમે થતી પર્યાયોમાં પણ પરસ્પર ભેદ છે. વસ્તુમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ઇત્યાદિ જે ભેદ છે તેને વિકલ્પ કહેવાય છે. વિકલ્પ એટલે રાગ નહિ પણ વિકલ્પ એટલે ભેદ. એક આત્મા જ એક સમયમાં ભેદવાળો છે. વિકલ્પનયથી જોતાં આત્મા અનંત ગુણ–પર્યાયોના ભેદપણે ભાસે છે, એવો તેનો ધર્મ છે. જેમ પુરુષ એક હોવા છતાં તે બાળક, યુવાન વગેરે ભિન્ન ભિન્ન અવસ્થાઓરૂપે જણાય છે, તેમ આત્મા વસ્તુપણે એક હોવા છતાં તેનામાં ગુણ-પર્યાયના ભેદ પણ છે. ગુણ-પર્યાયના ભેદ પડે છે તે કાંઈ ઉપાધિ નથી, વિકાર નથી, દોષ નથી, પણ વસ્તુનું સ્વરૂપ જ છે. દૃષ્ટાંતમાં તો પુરુષની બાળ, યુવાન ને વૃદ્ધ દશા એક સાથે નથી પણ ક્રમે છે, બાળપણા વખતે યુવાનપણું નથી ને યુવાનપણા વખતે વૃદ્ધપણું નથી, પરંતુ સિદ્ધાન્તમાં તે પ્રમાણે નથી; સિદ્ધાંતમાં તો આત્મામાં અનંત ધર્મો એક સાથે જ કથંચિત ભેદરૂપ રહેલા છે, એક ધર્મ પહેલો ને બીજો ધર્મ પછી–એવા પ્રકારનો ભેદ નથી, પણ દર્શન તે જ્ઞાન નહિ, જ્ઞાન તે દર્શન નહિ–એવા ભેદથી દર્શનજ્ઞાન ચારિત્ર વગેરે અનંતધર્મો એક સાથે જ રહેલા છે. એક સમયમાં અનંતા ગુણો છે; 'અનંતા ગુણો' એમ કહેતાં જ કથંચિત્ ભેદ સિદ્ધ થઈ જાય છે. એક ધર્મને બીજા ધર્મથી જો ભેદ ન હોય તો અનંતા ધર્મો જ ન રહે.

આત્મા એક દ્રવ્ય હોવા છતાં તેનાં સ્વભાવમાં અનેક પ્રકારતા છે. તેને વિકલ્પનય જાણે છે.

દ્રવ્ય એક છે ને ગુણો અનંત છે; તે ગુણોમાં એક ગુણ બીજા ગુણપણે થતો નથી એવો ભેદ છે.

દ્રવ્ય એક છે ને પ્રદેશો અસંખ્ય છે; તેમાંથી એક પ્રદેશ બીજા પ્રદેશપણે નથી એવો ભેદ છે.

દ્રવ્ય એક અને પર્યાયો અનંત; એકેક ગુણની એકેક પર્યાય એ રીતે અનંત ગુણોની અનંતી પર્યાયો એક સમયમાં છે. તેમાં એક ગુણની પર્યાય બીજા ગુણની પર્યાયપણે નથી એવો ભેદ છે. અથવા એક વસ્તુની ત્રણકાળની અંનત પર્યાયો છે, તેમાંથી એક સમયની પર્યાય તે બીજા સમયની પર્યાયથી ભેદવાળી છે.

વળી દ્રવ્ય–ગુણ–પર્યાયને પણ પરસ્પર કથંચિત્ ભેદ છે. જે દ્રવ્ય છે તે ગુણ નથી, ગુણ તે

પર્યાય નથી, 'દ્રવ્ય' અને 'ગુણ'–એમ બંનેના નામ જુદા, દ્રવ્ય એક અને ગુણો અનંત–એમ બંનેની સંખ્યા જુદી, ઇત્યાદિ પ્રકારે ભેદ પડે છે.

—આવો આત્માનો ભેદધર્મ છે; વિકલ્પનયથી જોતાં આત્મા ભેદવાળો જણાય છે. પણ એ ધ્યાન રાખવું કે ભેદધર્મ વખતે જ અભેદધર્મ પણ સાથે જ છે. અભેદતાને ચૂકીને એકાંત ભેદવાળો જ માને તો તેને ભેદનય ન કહેવાય, તે તો એકાંત મિથ્યા માન્યતા છે.

બધા આત્મા ભેગા થઈને તો એક–અદ્વૈત નથી, પરંતુ એક જુદો આત્મા પણ સર્વથા અદ્વૈત નથી, તેમાં પણ કથંચિત્ ભેદ છે. અહીં 'કથંચિત્ ભેદ' કહ્યો તેનો અર્થ 'પરથી કથંચિત્ ભેદ સાથે અભેદ'–એમ ન સમજવો. પરથી તો તદ્દન ભેદ જ છે–જુદાપણું જ છે, પણ અહીં તો પોતામાં ને પોતામાં જ કથંચિત્ ભેદ–અભેદપણું છે, તેની આ વાત છે. આ ભેદ તે અશુદ્ધતા નથી, દોષ નથી પણ વસ્તુનો ધર્મ છે; શુદ્ધ આત્મામાં પણ આવો ભેદધર્મ છે. સિદ્ધના આત્મામાંથી જ્ઞાન–દર્શન–ચારિત્ર ઇત્યાદિના ભેદો નીકળી જતા નથી, સિદ્ધના આત્મામાં પણ તેવા ભેદ છે, તેને વિકલ્પ કહેવાય છે. સિદ્ધને રાગરૂપ વિકલ્પ નથી પણ આવો ગુણ ભેદરૂપ વિકલ્પ છે.–આમ વિકલ્પનયવાળો સાધક જાણે છે, સિદ્ધને કાંઈ નય હોતા નથી.

સિદ્ધ ભગવાનને સાદિ–અનંત સિદ્ધદશા રહેતી હોવા છતાં ક્ષણે ક્ષણે તેમની પર્યાય પલટયા કરે છે, પહેલા સમયની પર્યાય બીજા સમયે રહેતી નથી. એવો ભેદ છે. ક્ષણે ક્ષણે પર્યાયનું પલટવું તે કાંઈ ઉપાધિ નથી પણ વસ્તુનો સ્વભાવ છે. સિદ્ધને પણ દરેક સમયે નવી નવી આનંદમગ્ન પર્યાયો થયા કરે છે. આત્માની અપૂર્ણ પર્યાયનો નાશ થઈને પૂર્ણ પ્રગટ થાય, પણ પછી તે પૂર્ણ પર્યાયનો નાશ થઈને ફરીને અપૂર્ણ પર્યાય થાય એમ કદી ન બને અને પૂર્ણદશા પ્રગટી ગયા પછી પરિણમન બંધ થઈ જાય–એમ પણ નથી, પૂર્ણદશા થયા પછી એવી ને એવી પૂર્ણદશાપણે સદાય પરિણમન થયા જ કરે છે. ત્યાં પણ ગુણભેદ અને પર્યાયભેદ રહે છે, આવો આત્માનો ભેદધર્મ છે, આ ધર્મ દરેક પદાર્થમાં અનાદિઅનંત છે.

હવે ભેદધર્મની સામે અભેદધર્મ કહે છે.

# અવિકલ્પનયે આત્માનું વર્ણન

## [૧૧]

આત્મદ્રવ્ય અવિકલ્પનયે, એક પુરુષમાત્રની માફક અવિકલ્પ છે. જેમ એક પુરુષ બાલ–યુવાન–વૃદ્ધ એવા ભેદ વિનાનો એક પુરુષમાત્ર જ છે, તેમ અભેદનયથી આત્મા અભેદ છે. અનંતગુણો હોવા છતાં આત્મા કાંઈ અનંત થઈ જતા નથી, આત્મા તો એક જ છે. જેમ બાલ, યુવાન ને વૃદ્ધ ત્રણે અવસ્થામાં રહેનારો પુરુષ તો એક જ છે, જે બાળ અવસ્થામાં હતો તે જ યુવાન અવસ્થામાં છે,—એ રીતે પુરુષપણે તેમાં ભેદ નથી પડતા, પુરુષપણે તો એક જ છે; તેમ ગુણ–પર્યાયના ભેદ હોવા છતાં દ્રવ્યપણે તો આત્મા એક અભેદ છે. અભેદનયથી આત્માને જુઓ તો તેમાં ભેદ નથી, આવો આત્માનો અભેદધર્મ છે. વસ્તુમાં જો ભેદ ન હોય તો અનંત ધર્મો ન હોઈ શકે, અને જો અભેદ ન હોય તો વસ્તુની એકતા ન હોઈ શકે અથવા દરેક ગુણ પોતે જ સ્વતંત્ર વસ્તુ ઠરે. ગુણો અનંત હોવા છતાં તેનો ધરનાર ગુણી તો એક જ છે. શક્તિઓ અનંત અને શક્તિમાન એક–એ રીતે વસ્તુમાં ભેદ–અભેદ ધર્મ છે. અભેદનયમાં તો નિગોદથી સિદ્ધ સર્વ અવસ્થામાં રહેલો એક અભેદ આત્મા જ ભાસે છે, નિગોદ અને સિદ્ધ એવી પર્યાયના ભેદો તેમાં ભાસતા નથી. જેમ બાલ, યુવાન, વૃદ્ધ દશામાં પુરુષ તો પુરુષ જ છે તેમ અશુભ, શુભ કે શુદ્ધ સર્વે અવસ્થામાં આત્મા તો તે ને તે જ છે; અવસ્થાના કે ગુણના ભેદ પાડ્યા વગર એક અભેદ આત્માને લક્ષમાં લ્યે તેનું નામ અભેદનય અથવા અવિકલ્પનય છે.

વસ્તુમાં ભેદધર્મ અને અભેદધર્મ બંને એક સમયમાં એક સાથે છે; આત્મા ત્રણેકાળે આવા ધર્મવાળો છે; આવી અનંત ધર્મવાળી વસ્તુનું જ્ઞાન તે અનેકાન્ત છે. આવા જ્ઞાન વગર આત્માનો અનુભવ થાય નહિ.

જેમ રાજાને તેના વિશેષણોથી સંબોધન કરીને અરજી કરે તો જવાબ આપે, તેમ ચૈતન્યસ્વરૂપ આત્મા ત્રણલોકનો રાજા છે–ત્રણલોકમાં શ્રેષ્ઠ પદાર્થ આત્મા છે, તેને તેના અનંતધર્મોથી જેમ છે તેમ સંબોધે–જાણે તો તે જવાબ આપે એટલે કે તેનો અનુભવ થાય. અનંત ધર્મોવાળા આત્માને જેમ છે તેમ જાણ્યા વગર જ્ઞાન સાચું થાય નહિ, ને તે જ્ઞાન વગર આત્માની પ્રાપ્તિ–અનુભવ–થાય નહિ. માટે જેણે ધર્મ કરવો હોય તેણે આત્માના ધર્મો વડે આત્માને ઓળખવો જોઈએ.

૧૧ નયોથી આત્મદ્રવ્યનું વર્ણન કર્યું; હવે નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ—એવા ચાર નયોથી આત્મ દ્રવ્યનું વર્ણન કરશે.

# નામનયે આત્માનું વર્ણન

## [૧૨]

આત્મદ્રવ્ય નામનયે, નામવાળાની માફક, શબ્દબ્રહ્મને સ્પર્શનારું છે. જેમ નામવાળો પદાર્થ તેના નામરૂપ શબ્દથી કહેવાય છે તેમ નામનયે આત્મા શબ્દબ્રહ્મથી કહેવાય છે. જેમ 'સાકર' એવા નામવડે સાકર પદાર્થ કહેવાય છે. તેમ 'આત્મા' એવા નામવડે આત્મપદાર્થ કહેવાય છે. શબ્દનો આત્મામાં અભાવ છે, પણ શબ્દબ્રહ્મ વડે કહી શકાય—વાચ્ય થાય—એવો નામનયથી આત્માનો સ્વભાવ છે. આત્મા પોતે શબ્દ બોલી શકે છે—એવો આનો અર્થ નથી પણ શબ્દો બોલાય તેનાથી આત્મા વાચ્ય થાય એવો તેનો સ્વભાવ છે, તે અપેક્ષાએ આત્મા શબ્દબ્રહ્મને સ્પર્શનારો છે. શબ્દબ્રહ્મ પોતે તો જડ છે, જીવ પોતે કાંઈ શબ્દબ્રહ્મનો કર્તા નથી. જીવ પોતે શબ્દબ્રહ્મ વડે પોતાને કહે છે—એમ ન સમજવું. શબ્દબ્રહ્મનો કર્તા તો જડ છે, પણ વાણીના શબ્દદ્વારા આત્મા વાચ્ય થાય છે, એટલો સંબંધ છે, તેથી આત્મા શબ્દબ્રહ્મને સ્પર્શે છે એમ નામનયથી કહેવામાં આવ્યું છે. આત્માને જાણે તો જ્ઞાન, કાંઈ વાણીમાં જાણવાનું સામર્થ્ય નથી. 'આત્મા' એવો શબ્દ બોલતાં આત્મા નામનો પદાર્થ જ્ઞાનના લક્ષમાં આવે છે, માટે નામનયે આત્મા તે શબ્દને સ્પર્શે છે. 'આત્મા' એવો શબ્દ કહેવાની તાકાત કાંઈ આત્મામાં નથી, શબ્દ કહેવાની તાકાત તો ભાષાવર્ગણામાં છે; તે વાણીથી વાચ્ય થાય એવો ધર્મ આત્મામાં અનાદિ અનંત છે. સિદ્ધભગવાનના આત્મામાં પણ આ ધર્મ છે. સિદ્ધને પોતાને વાણી નથી પણ 'સિદ્ધ' 'ભગવાન' 'પરમાત્મા' એવા શબ્દથી તે કહેવાય છે; માટે નામનયે સિદ્ધનો આત્મા પણ શબ્દબ્રહ્મને સ્પર્શે છે.

'અર્હંત ભગવાનને વાણી છે માટે તેમનામાં તો આ ધર્મ હોય, પણ સિદ્ધભગવાનને વાણી નથી માટે તેમનામાં આ ધર્મ ન હોય'—એમ નથી. ખરેખર કોઈ આત્મા વાણીવાળો છે જ નહિ, પણ વાણીથી વાચ્ય થાય એવા ધર્મવાળો છે. આત્મામાં વાણીનો અભાવ છે, પણ વાણીથી વાચ્ય થાય તેવા ધર્મનો અભાવ નથી. તે ધર્મ તો આત્માનો પોતાનો જ છે, કાંઈ વાણીને લીધે તે ધર્મ નથી. 'આત્મા' એવો શબ્દ છે માટે તેને લીધે આત્માનો વાણીથી વાચ્ય થવાનો ધર્મ છે—એમ નથી. વાણી અને આત્મા પૃથક છે, આત્માને પોતાને વાણી નથી પણ આત્મા વાણીથી વાચ્ય થાય છે. જો આત્મા શબ્દબ્રહ્મને બિલકુલ ન સ્પર્શતો હોય એટલે કે શબ્દથી બિલકુલ વાચ્ય ન થતો હોય તો સર્વજ્ઞના દિવ્યધ્વનિનો ઉપદેશ નકામો જાય! આત્મા સર્વથા વાણીથી અગોચર નથી, જે જીવ શબ્દ ઉપરથી આત્માને સમજી જાય તેને કથંચિત્ વાણીગોચર કહેવાય છે. ચૈતન્ય ભગવાન આત્મા તે પરમબ્રહ્મ છે ને તેની દ્યોતક વાણી તે શબ્દબ્રહ્મ છે. તે શબ્દબ્રહ્મને આત્મા સ્પર્શે છે એટલે કે શબ્દબ્રહ્મથી આત્માનું વર્ણન થાય છે.

'સિદ્ધભગવંતો અશરીરી, ચૈતન્યમૂર્તિ, પરમસુખી છે'—એમ કહેતાં સિદ્ધનું સ્વરૂપ લક્ષમાં આવે છે; માટે સિદ્ધમાં પણ કથંચિત્ વચનગોચર થવાનો ધર્મ છે. જો સર્વથા વચનાતીત હોય તો

'સિદ્ધભગવંતો અશરીરી, ચૈતન્યમૂર્તિ પરમસુખી છે'—એટલું પણ વચનમાં ન આવી શકે. આત્મા સર્વથા વચનાતીત નથી. આત્મા શબ્દને જાણે છે, તેના વાચ્યરૂપ પદાર્થને પણ જાણે છે, અને તેનું જે જ્ઞાન થયું તે જ્ઞાનને પણ જાણે છે; એ રીતે શબ્દ, અર્થ અને જ્ઞાન એ ત્રણેને આત્મા જાણે છે.

વાણી દ્વારા આત્માના અનેક ધર્મોનું વિવેચન કરતાં ક્રમ પડે અને વાર લાગે, પણ જ્ઞાનમાં સમજતાં વાર ન લાગે. વસ્તુમાં એક સાથે અનંતધર્મો છે તે બધાને ક્રમ વગર એક સમયમાં જાણી લેવાની જ્ઞાનની તાકાત છે. શબ્દનું પરિણમન થતાં અસંખ્ય સમય લાગે છે, શબ્દમાં એક સમયમાં કહેવાની તાકાત નથી, 'આત્મા' એટલું કહેતાં અસંખ્ય સમય વીતી જાય છે. વસ્તુમાં અનંતધર્મો એક સાથે છે ને તેને એક સમયમાં જાણવાની જ્ઞાનની તાકાત છે. દરેક આત્મામાં એવી જ્ઞાન તાકાત ભરેલી છે; તે જ્ઞાનસામર્થ્યનો વિશ્વાસ કરીને સમજવા માંગે તો બધું સમજાય તેમ છે, જ્ઞાન સામર્થ્યનો અવિશ્વાસ કરીને 'મને નહિ સમજાય' એમ માની લ્યે તો તેના જ્ઞાનનો પુરુષાર્થ ક્યાંથી ઊછળે?

જગતમાં વાણી છે અને વાણી દ્વારા આત્માનું વર્ણન થઈ શકે છે,—એવા આત્માના ધર્મને જાણે તેનું નામ 'નામનય' છે. ત્યાં જ્ઞાનને કારણે વાણી નથી ને વાણીને કારણે જ્ઞાન નથી; તેમ જ વાણી છે માટે આત્મામાં તેનાથી વાચ્ય થવાનો ધર્મ છે—એમ નથી અને આત્માનો ધર્મ છે માટે વાણી છે—એમ પણ નથી, આત્મા સર્વથા અવક્તવ્ય નથી. 'આત્મા અવક્તવ્ય છે' એમ કહેનારે પણ આત્માના અવક્તવ્ય ધર્મનું તો કથન કર્યું કે નહિ? માટે આત્મા વક્તવ્ય સિદ્ધ થઈ ગયો; છતાં આત્માને સર્વથા અવક્તવ્ય કહે તો તે સ્વવચનબાધિત છે. 'આત્માનો સ્વભાવ અવક્તવ્ય છે' એમ પોતે કહેતો હોવા છતાં આત્માને સર્વથા અવક્તવ્ય માને તો તે,—'મારા મોઢામાં જીભ નથી' એમ કહેનારની જેમ જૂઠો છે. આત્માનો સ્વભાવ નામનયે વાણીથી વક્તવ્ય છે અને વાણીમાં તે કહેવાનો ધર્મ છે. કોઈ પણ શબ્દ હોય તે વાચ્ય વગરનો ન હોય. જો પદાર્થમાં વાચ્ય થવાનો સ્વભાવ ન હોય તો વાણી બતાવે કોને?—વાણીએ કહ્યું શું? 'સત્ પ્રરૂપણા' હોય છે એટલે કે જે સત્ હોય તેનું જ પ્રરૂપણ—કથન હોય. સર્વથા અસત્ હોય તેનું વાચક પણ ન હોય. નામ છે તેનું વાચ્ય પણ છે, નામ સર્વથા નિરર્થક નથી. 'ભગવાન' એવો શબ્દ, 'ભગવાન' એવો પદાર્થ અને 'ભગવાન' એવું જ્ઞાન—એ ત્રણે સત્ છે; 'ભગવાન' એવો શબ્દ ભગવાન પદાર્થને બતાવે છે અને જ્ઞાન તેમ જાણે છે. એ રીતે શબ્દસમય, અર્થ-સમય ને જ્ઞાનસમય એ ત્રણે સત્ છે.

વસ્તુ અનંતધર્મવાળી છે તેને સ્વીકાર્યા વગર જ્ઞાનપ્રમાણ થતું નથી, અને પ્રમાણજ્ઞાન વગર આત્માની પ્રાપ્તિ થતી નથી.

શબ્દથી વાચ્ય થાય એવો આત્માનો ધર્મ છે; આ ધર્મ કબૂલવા માટે કાંઈ શબ્દ સામે જોવું પડતું નથી, પણ આત્મા સામે જોઈને આ ધર્મની કબૂલાત થાય છે, કેમ કે ધર્મ તો આત્મામાં રહેલો છે, કાંઈ શબ્દમાં રહેલો નથી. લક્ષ્મીચંદ અને પાનાચંદ એવા નામના બે માણસો બેઠા હોય, ત્યાં 'લક્ષ્મીચંદ' એમ કહેતાં લક્ષ્મીચંદ નામનો માણસ જ આવે છે, 'લક્ષ્મીચંદ' કહેતાં પાનાચંદ આવતો નથી, કેમકે લક્ષ્મીચંદ એવા નામથી ઓળખાય તેવો ધર્મ લક્ષ્મીચંદમાં છે પણ પાનાચંદમાં નથી અને

પાનાચંદ એવા શબ્દથી પાનાચંદ ઓળખાય છે, એવો તેનો ધર્મ છે. તેમ 'આત્મા' એવો શબ્દ કહેતાં આત્મા ચૈતન્યમૂર્તિ વસ્તુ ખ્યાલમાં આવે છે, પણ કાંઈ 'આત્મા' શબ્દ કહેતાં લાકડાનો કટકો ખ્યાલમાં નથી આવતો.—એ રીતે નામનયથી આત્મદ્રવ્ય શબ્દબ્રહ્મને સ્પર્શનારું છે.

આત્મામાં નામથી વાચ્ય થવાનો ધર્મ જો ન હોય તો વાણી દ્વારા તેનો ઉપદેશ આપી ન શકાય. 'આત્મા દેહથી ભિન્ન જ્ઞાનમૂર્તિ છે, આત્મા પરનો અકર્તા છે'—એમ વાણી દ્વારા તેનું કથન થઈ શકે છે, અને તેનાથી આત્મા વાચ્ય થાય એવો આત્માનો એક ધર્મ છે. જડમાં આત્માનો ધર્મ નથી પણ જડથી વાચ્ય થાય તેવો તેનો ધર્મ છે. વાણી જડ છે ને આત્મા ચેતન છે, માટે વાણીથી આત્મા કોઈ રીતે વાચ્ય ન જ થાય—એમ નથી. જો વાણીથી આત્માનું સ્વરૂપ કહી શકાતું ન હોય તો સંતોએ કરેલી શાસ્ત્રરચના નિરર્થક ઠરે, અને પોતાને જેવો આત્માનો અનુભવ થયો તેવો બીજાને કોઈ રીતે સમજાવી શકાય જ નહિ. જો કે વાણી તો માત્ર નિમિત્ત છે પણ આત્મામાં તેવો ધર્મ છે કે વાણી દ્વારા તે વાચ્ય થાય.

જુઓ, અહીં નામનયે આત્મા વાણીથી વાચ્ય છે—એમ કહ્યું અને 'અપૂર્વ અવસર'માં શ્રીમદ્ કહે છે કે :

**'જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,**
**કહી શકયા નહિ તે પણ શ્રી ભગવાન જો....**
**તેહ સ્વરૂપને અન્ય વાણી તો શું કહે?**
**અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.'**

—ત્યાં તો વાણીના લક્ષે જ રોકાય તો આત્મા સમજાતો નથી એમ બતાવવા કહ્યું છે. વાણીનું આલંબન છોડાવીને આત્માના સ્વભાવનો અનુભવ કરવા માટેનું તે કથન છે. સર્વજ્ઞની વાણીમાં પણ આત્મા પૂરો કહી શકાયો નહિ માટે તું વાણીનું લક્ષ છોડીને આત્મા તરફ વળ—એમ બતાવવા તે કથન છે.

અહીં પણ ધર્મને જાણીને આત્મા તરફ વળવું તે જ તાત્પર્ય છે. 'વાણીથી વાચ્ય થાય એવો ધર્મ છે' એમ કહીને વાણીની સામે જોવાનું નથી કહ્યું, પણ વાણીથી વાચ્ય થવારૂપ ધર્મને તારા આત્મામાં શોધ, તારા આત્માની સન્મુખ થઈને આ ધર્મની પ્રતીત કર. શબ્દ સામે જોવાથી આ ધર્મની પ્રતીત નહિ થાય.

જે જીવો કથનનો આશય સમજે નહિ, વસ્તુસ્વરૂપ શું છે તે લક્ષમાં લ્યે નહિ ને માત્ર શબ્દોની આંટીઘૂંટીમાં ગૂંચવાઈ જાય તેને શાસ્ત્રમાં 'શબ્દ મ્લેચ્છ' કહ્યા છે. ચૈતન્યબ્રહ્મ આત્માને સમજે તો નિમિત્તરૂપ વાણીને શબ્દબ્રહ્મ કહેવાય. વાણીમાં ચૈતન્યને કહેવાની તાકાત છે તેથી તે શબ્દબ્રહ્મ છે,—પણ કોને?—કે જે સમજે તેને. જે વાણીનો આશય સમજે નહિ તેને તો વાણી નિમિત્ત તરીકે પણ આત્માને દેખાડનારી ન થાય. આત્માને સમજે તેને માટે શબ્દબ્રહ્મ નિમિત્ત છે, જે આત્માને સમજે નહિ ને શબ્દમાં અટકે તે તો 'શબ્દમ્લેચ્છ' છે. પોતાની યોગ્યતા ન હોય તો વાણી શું કરે? પોતે

અંતરસ્વભાવસન્મુખ થઈને સમજે તો તેને માટે વાણી શબ્દબ્રહ્મ' કહેવાય, ને જે પોતે ન સમજે ને વાણીના લક્ષમાં જ અટકે તેને શબ્દમ્લેચ્છ કહેવાય છે. વાણીના લક્ષે પુણ્ય બંધાશે, પણ સમ્યગ્દર્શન–જ્ઞાનરૂપ ધર્મ નહિ થાય.

જુઓ; આ નયોનું કથન છે. જે નય સાપેક્ષ હોય એટલે કે બીજા અનંત ધર્મોની અપેક્ષાસહિત હોય તે જ નય સમ્યક્ છે. બીજા અનંત ધર્મોનો સર્વથા નિષેધ કરીને એક ધર્મને માને તો તે મિથ્યાનય છે. નામનયે આત્મા વાણીથી વાચ્ય છે—એમ કહેતાં માત્ર વાણીને જ વળગે તો તેણે અનંતધર્મવાળા આત્માને જાણ્યો નથી, ને તેણે એક ધર્મનું પણ જ્ઞાન સાચું નથી. નામનયનું તાત્પર્ય વાણીનો આશ્રય કરવાનું નથી પણ અનંતધર્મવાળા આત્મા તરફ વળવું તે જ તેનું તાત્પર્ય છે.

જૈનશાસન સિવાય બીજા મતમાં આત્માને સર્વથા નિત્ય કે સર્વથા ક્ષણિક સર્વથા શુદ્ધ કે સર્વથા અશુદ્ધ માને છે, તેમને નય કહેવાય નહિ. એકેક નય અપેક્ષાએ પણ તે સાચા નથી, કેમકે તેઓ તો બીજા પડખાંનો તદ્દન નિષેધ કરે છે; એટલે તેમણે તો પૂરી વસ્તુને જ જાણી નથી, તેથી તેમનો એક અંશ પણ સાચો નથી. જૈનશાસનમાં તો અનંતધર્માત્મક સર્વાંગ–પૂરી વસ્તુના સ્વીકારપૂર્વક તેના એકેક અંગને (ધર્મને) જાણે છે તેથી તે સમ્યક્ નય છે. અંશ કોનો છે? તે વસ્તુના ભાન વિના અંશને અંશ તરીકે પણ જાણ્યો ન કહેવાય. મિથ્યાદૃષ્ટિઓના એકાંત મતમાં તો સર્વાંગી વસ્તુને જાણ્યા વગર માત્ર તેના એકેક અંશને પકડીને તેટલું જ વસ્તુસ્વરૂપ માની લીધું છે, તેથી તેને અંશનું જ્ઞાન પણ સાચું નથી ને વસ્તુનું પણ જ્ઞાન નથી.

હે ભાઈ! શબ્દથી વાચ્ય થવારૂપ ધર્મ તો આત્માનો છે, ને તે ધર્મની સાથે બીજા અનંતધર્મો પણ આત્મામાં રહેલા છે, માટે તું શબ્દ સામે ન જો, એક ધર્મના ભેદ સામે ન જો, પણ અનંતધર્મના પિંડ આત્માની સામે જો. વાણી ઉપરથી લક્ષ ઉઠાવીને તારા ધર્મને તારા આત્મામાં શોધ. વાણી સામે ન જોતાં તેના વાચ્યને જો. વાણીથી વાચ્ય થાય તેવો ધર્મ તારામાં જ છે, તારો ધર્મ કાંઈ વાણીમાં નથી.

શબ્દ છે માટે આત્મા વાચ્ય થાય છે–એમ નથી; અને આત્મામાં વાચ્ય થવાનો ધર્મ છે માટે વાણી તેને કહે છે–એમ નથી; આત્માના ધર્મને અને વાણીને કારણ–કાર્યપણું નથી. વાચ્ય થવારૂપ ધર્મ આત્માનો છે, ને વાચક થવારૂપ ધર્મ વાણીનો છે. બંને સ્વતંત્ર છે.

નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એવા જે ચાર નયો છે તે તો જ્ઞાન છે, તેમના વિષયભૂત જે ચાર ધર્મો છે તે નિક્ષેપ છે, અને શબ્દો તો જડ છે. નય તે જ્ઞાન છે, નિક્ષેપ તે વસ્તુનો ધર્મ છે ને વાણી જડ છે,–એમ જ્ઞાન, પદાર્થ અને વાણી એવા ત્રણ પ્રકાર થયા.

નય પ્રમાણપૂર્વક જ હોય છે. આખી વસ્તુના જ્ઞાનપૂર્વક તેના એક અંશને જાણે તેને નય કહેવાય. પણ આખી વસ્તુના જ્ઞાન વિના તેના એક અંશને જ આખું સ્વરૂપ માની લ્યે તો તેણે અંશને પણ અંશ તરીકે ન જાણ્યો, તેથી તેનું અંશનું જ્ઞાન પણ મિથ્યા છે. જેમ કોઈ માણસ એક પાઈને

જ આખો રૂપિયો માની લ્યે તો તેનું પાઈનું જ્ઞાન પણ ખોટું છે.

**પ્રશ્ન :**—પાઈ તે રૂપિયાનો ૧૯૨મો ભાગ છે, માટે તેટલા અંશે તો તે સાચો છે ને?

**ઉત્તર :**—ના; તેણે તો પાઈને જ રૂપિયો માન્યો છે માટે તેનો અંશ પણ સાચો નથી. પાઈ તે રૂપિયો નથી પણ રૂપિયાનો એક અંશ છે—એમ જાણે તો તેનો અંશ સાચો કહેવાય. તેમ કોઈ જીવો વસ્તુને એકાંત નિત્ય માને તો તેનો નિત્ય-અંશ પણ સાચો નથી. કેમકે તેણે તો નિત્ય-અંશને જ વસ્તુ માની લીધી એટલે તેને અંશ અંશપણે ન રહ્યો ને વસ્તુ પણ ન રહી; વસ્તુ અનંતધર્મવાળી છે ને નિત્યપણું પણ તેનો એક ધર્મ છે—એમ ઓળખે તો જ નિત્ય અંશ સાચો કહેવાય, અને તેને જ નય હોય.

**પ્રશ્ન :**—નયજ્ઞાન સ્વ–પરપ્રકાશક છે કે નહિ?

**ઉત્તર :**—હા; નયજ્ઞાન પણ સ્વ-પરપ્રકાશક છે, કેમકે નય તે પ્રમાણનો અંશ છે તેથી, જેમ પ્રમાણ સ્વ-પરપ્રકાશક છે તેમ નય પણ સ્વ-પરપ્રકાશક છે.

**પ્રશ્ન :**—નય સ્વ-પરપ્રકાશક કઈ રીતે છે?

**ઉત્તર :**—નય આત્માના ધર્મને પણ જાણે છે ને પોતે પોતાને (નયને) પણ જાણે છે. નય પોતાના વિષયરૂપ ધર્મને જાણે છે અને 'મને આ ધર્મનું જ્ઞાન થયું' એમ જ્ઞાનને પોતાને પણ જાણે છે એ રીતે નય સ્વ-પરપ્રકાશક છે. અહીં નયજ્ઞાન પોતે સ્વ, અને તેમાં જે ધર્મ જણાય તે પર,—એમ સ્વ-પરનો અર્થ છે. એ રીતે નયજ્ઞાન પણ સ્વ-પરપ્રકાશક ઉપયોગરૂપ છે. દરેક નયો સ્વ-પરપ્રકાશક છે, આવું નયનું સામર્થ્ય છે. વાણીમાં સ્વને કે પરને જાણવાનું સામર્થ્ય નથી. વાણી દ્વારા કહેવાતા ધર્મને જોવો ક્યાં? આત્મામાં; માટે દરેક નયનો ઉપયોગ સ્વતરફ વળે છે.

આ નયો ગૂંચવણ ઊભી કરનારા દોરડાં નથી, પણ વસ્તુના ધર્મોનું જ્ઞાન કરાવીને વસ્તુસ્વરૂપ સ્પષ્ટ કરનારા છે. નયોની વિવક્ષા સમજવી તેમાં જ્ઞાનની સૂક્ષ્મતા અને વિશાળતા છે. ન સમજે તેને ગૂંચવણ જેવું અને ક્લિષ્ટ લાગે છે. આ સમજવાનો કંટાળો ન લાવતાં, રુચિથી સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. જેમ આખા સળંગ તાકામાંથી વચ્ચેનો એક દોરો કાઢી નાંખો તો તાકો આખો ન રહ્યો પણ તેના કટકા થઈ ગયા. તેમ આત્મા અનંતધર્મનો પિંડ છે, તેના અનંતધર્મમાંથી એક પણ ધર્મને જો કોઈ કાઢી નાંખે (ન માને) તો આત્મદ્રવ્ય આખું ન રહ્યું પણ ખંડિત થઈ ગયું, એટલે કે તેની શ્રદ્ધામાં પૂરો આત્મા ન આવ્યો તેથી તેની શ્રદ્ધા જ મિથ્યા થઈ.

છદ્મસ્થના જ્ઞાનમાં અનંતધર્મ જુદા જુદા ન જણાય; સાધક જીવ પોતાના જ્ઞાનની શક્તિ પ્રમાણે પ્રયોજનભૂત ધર્મોને તો આળખે છે અને બાકી બીજા અનંતા ધર્મો સર્વજ્ઞ ભગવાને કહ્યા તે પ્રમાણે છે—એમ પ્રતીત કરે છે; જો અનંતધર્મોની પ્રતીત પણ ન કરે અને પ્રયોજનભૂત ધર્મોને જાણે પણ નહિ—તો તો શ્રદ્ધા–જ્ઞાન સાચા થાય નહિ.

અહીં આચાર્યદેવે પ્રથમ તો આત્માને અનંતધર્મવાળો બતાવ્યો છે ને પછી તેના ૪૭ ધર્મોનું ૪૭ નયોથી વર્ણન કર્યું છે. તેમાં બાર ધર્મો ઉપરનું વિવેચન પુરું થયું. હવે તેરમો ધર્મ કહેવાશે.

# સ્થાપનાનયે આત્માનું વર્ણન

## [૧૩]

આત્મદ્રવ્ય સ્થાપના નયે, મૂર્તિપણાની માફક, સર્વ પુદ્ગલોને અવલંબનારું છે. જેમ મૂર્તિમાં ભગવાનની સ્થાપના થાય છે તેમ પુદ્ગલોમાં આત્મદ્રવ્યની સ્થાપના કરી શકાય છે. જેમ સીમંધર ભગવાનની પ્રતિમા છે તે પુદ્ગલ છે, તેમાં કાંઈ સીમંધર ભગવાનનો આત્મા નથી; સીમંધર ભગવાનનો આત્મા તો અત્યારે મહાવિદેહક્ષેત્રમાં અર્હંતપદે સમવસરણમાં બિરાજમાન છે, તે આત્મા કાંઈ અહીં આ પ્રતિમામાં નથી આવતો, પણ પ્રતિમામાં 'આ સીમંધર ભગવાન છે' એવી સ્થાપના દ્વારા સીમંધર ભગવાનનો આત્મા ખ્યાલમાં આવે છે. સીમંધર ભગવાનના આત્મામાં તે પ્રકારનો ધર્મ છે. તેને સ્થાપનાનય જાણે છે. જો ભગવાનના આત્મામાં તેવો ધર્મ ન હોય તો મૂર્તિમાં સ્થાપના દ્વારા તેમનો આત્મા ખ્યાલમાં ન આવી શકે. માટે આત્મા સર્વ પુદ્ગલોને અવલંબનારો છે—આમ સ્થાપનાનયે સમજવું.

મૂર્તિ ચિત્ર વગેરે પુદ્ગલમાં આત્માની સ્થાપના કરીને આત્મા જણાય તેવો આત્માનો ધર્મ છે. આત્મા પુદ્ગલને અવલંબનારો છે એમ અહીં કહ્યું છે તેનો અર્થ એવો છે કે પુદ્ગલ સાથે આત્માને એવા પ્રકારનો નિમિત્તનૈમિત્તિક સંબંધ છે કે પુદ્ગલમાં તેની સ્થાપના કરી શકાય છે પુદ્ગલ મૂર્તિક હોવા છતાં, તેમાં સ્થાપના દ્વારા અમૂર્તિક આત્માનું લક્ષ થાય છે એવો આત્માનો એક ધર્મ છે. આ ધર્મ સિદ્ધમાં પણ છે. સિદ્ધના આત્માની પણ મૂર્તિ, ચિત્ર વગેરેમાં સ્થાપના થઈ શકે છે. અહીં જિનમંદિરમાં સિદ્ધભગવાનની પ્રતિમા છે, તે પ્રતિમાની આકૃતિમાં સિદ્ધ ભગવાનની સ્થાપના છે કે 'આ સિદ્ધ ભગવાન છે.' આ રીતે સ્થાપનાનયે આત્મા પુદ્ગલને અવલંબે છે એમ કહેવાય છે. વળી જુઓ! આ પૌદ્ગલિક ચિત્રમાં સ્થાપના દ્વારા 'આ જીવ છે' એમ બતાવી શકાય છે, એ રીતે પુદ્ગલમાં જીવની સ્થાપના થઈ શકે છે, અને જીવમાં તે પ્રકારનો ધર્મ છે.

વળી અહીં તો એમ કહ્યું છે કે આત્માદ્રવ્ય સર્વ પુદ્ગલોને અવલંબનારું છે; એટલે કે માત્ર મૂર્તિમાં જ તેની સ્થાપના થઈ શકે ને બીજામાં ન થાય—એમ નથી; પરંતુ ફૂલ, લવિંગ, લાકડાની સોગઠી વગેરે ગમે તે પુદ્ગલમાં સ્થાપના કરીને આત્મા સમજાવી શકાય છે. શેત્તરંજની સોગઠીમાં 'આ રાજા, આ હાથી, આ સિપાઈ' ઇત્યાદિ પ્રકારે સ્થાપના કરાય છે તેમ કોઈ પણ પુદ્ગલમાં 'આ આત્મા છે' એમ સ્થાપના થઈ શકે છે આત્મામાં તે જાતનો ધર્મ છે.

જડ—પુદ્ગલમાં આત્માની સ્થાપના કરી શકાય છે એનો અર્થ એમ ન સમજવો કે તે જડ વડે આત્મા સમજાય છે. સમજનાર તો પોતાના જ્ઞાનની તાકાતથી જ સમજે છે, પણ તેને નિમિત્ત

તરીકે કોઈ વાર શબ્દો હોય છે ને કોઈ વાર સ્થાપના પણ હોય છે. સમજનારને સ્થાપનાનયથી આત્મા આવા પ્રકારના ધર્મવાળો જણાય છે.

જુઓ, આ આત્માનો મહિમા! દરેક આત્મા અનંત ધર્મોનો ધણી છે. પોતાના ધર્મનું જેને ભાન નથી તે બહારમાં ધર્મ શોધવા જાય છે. પોતાના આત્મામાં જ આવા આવા અનંત ધર્મો ભરેલા છે એ વાત ઘણા જીવોએ તો સાંભળી પણ નહિ હોય.

પુદ્‌ગલમાં આત્માની સ્થાપના થઈ ત્યાં અજ્ઞાનીને તે પુદ્‌ગલનો મહિમા લાગે છે, કેમ જાણે કે પુદ્‌ગલમાંથી તેનો ધર્મ આવતો હોય? પણ ભાઈ! પુદ્‌ગલમાં જેની સ્થાપના થઈ તેના ધર્મને તો જો. જો પુદ્‌ગલમાં સ્થાપના થઈ શકે તેવા પ્રકારનો ધર્મ આત્મામાં ન હોય તો તેની સ્થાપના જ કયાંથી થાય? માટે આત્માના તે ધર્મને જો, અને એવા અનંતધર્મો જેનામાં એક સાથે રહેલા છે એવા તારા આત્માનો મહિમા પ્રગટ કર. અનંત ધર્મનો પિંડ આત્મા જેવડો છે તેવડો જાણીને જ્ઞાનમાં તેનું માહાત્મ્ય આવતાં જ્ઞાન સમ્યક્ થાય છે. એવા સમ્યગ્જ્ઞાન વગર કદી સાચી શાંતિ થતી નથી.

અનાદિથી આત્મા જેવો છે તેવો કદી જાણ્યો નથી ત્યાં સુધી આત્માનું સાચું જ્ઞાન ન થાય ત્યાં સુધી તેનો મહિમા અને તેમાં એકાગ્રતા કેમ થાય? ને આત્મામાં એકાગ્રતા વગર ભવથી નીવેડો થાય નહિ. જેને ચૈતન્યનું ભાન નથી તે પરનો મહિમા કરીને પરમાં એકાગ્ર થાય છે તેથી તે ભવમાં રખડે છે. ચૈતન્યવસ્તુ જેવી છે તેવી જાણીને તેના મહિમામાં એકાગ્ર થાય તો કલ્યાણ પ્રગટે. પોતાના કલ્યાણ માટે શિષ્યને જિજ્ઞાસા થઈ છે તેથી અહીં પ્રશ્ન પૂછ્યા છે કે પ્રભો! આ આત્મા કેવો છે? તે જિજ્ઞાસુ શિષ્યને સમજાવવા માટે અહીં આચાર્યદેવે આત્માનું વિશેષ વર્ણન કર્યું છે.

ભગવાન આત્માને પ્રસન્ન કરવા માટે તેને ઓળખીને તેનો મહિમા આવવો જોઈએ. જો આત્મા કરતાં જગતના કોઈ પણ પદાર્થનો મહિમા કે રુચિ વધી જાય તો ભગવાન આત્મા પ્રસન્ન થાય તેમ નથી. જેમ કોઈ રાજાને અરજી આપવી હોય તો તેમાં 'નેકનામદાર, મહારાજાધિરાજ' વગેરે વિશેષણો લગાડવા પડે છે તેમ જ ટિકિટ ચોંટાડવી પડે છે; તેમ અહીં ભગવાન આત્મા ચૈતન્યરાજા છે તેને અરજી કરવા માટે—એટલે કે તેનો અનુભવ કરવા માટે—તેના અનંત ધર્મોરૂપી વિશેષણોથી ઓળખીને તેની રુચિ કરે તો જ તે જવાબ આપે તેવો છે; જો એક પણ ધર્મને ઓછો માને તો ભગવાન આત્મા જવાબ નહિ આપે એટલે કે તેનો અનુભવ નહિ થાય.

આત્મા પોતાના અનંત ધર્મોનો સ્વામી છે પણ પર વસ્તુના કોઈ ધર્મનો સ્વામી આત્મા નથી, તેમ જ આત્માના ધર્મનો કોઈ બીજો સ્વામી નથી. આત્માની મિલ્કત કેટલી?—કે પોતાના અનંત ધર્મો છે તેટલી. પોતાના અનંત ધર્મોમાં આત્મા વ્યાપી રહ્યો છે, પરમાં તે રહ્યો નથી ને તેનામાં પર રહ્યાં નથી. આમ આત્માના ભિન્ન ધર્મો વડે આત્માને ઓળખીને શ્રદ્ધા કરે તો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય; ત્યાર પછી જ આત્મામાં એકાગ્રતા રૂપ સમ્યક્ચારિત્ર હોય.

તેથી આત્માને ઓળખાવવા માટે અહીં તેના ધર્મોનું વર્ણન ચાલે છે.

બારમા ધર્મમાં એમ કહ્યું કે નામનયે આત્મા શબ્દબ્રહ્મથી વાચ્ય થાય તેવો છે. પરમ બ્રહ્મનું પૂર્ણસ્વરૂપ કહેનારી દિવ્યવાણી તે શબ્દબ્રહ્મ છે. તે વાણીમાં બધુંય આવે છે. આત્મામાં એવો ધર્મ છે કે આખો આત્મા શબ્દબ્રહ્મવડે કહી શકાય છે. તે પૂર્ણ કહેનાર તીર્થંકર દેવાધિદેવનો ૐ ધ્વનિ છે તે શબ્દબ્રહ્મ છે. નામનયથી જોતા આત્મા દિવ્યધ્વનિને સ્પર્શનારો છે એટલે કે દિવ્યધ્વનિથી તેનું સ્વરૂપ વાચ્ય થાય છે એવો તેનો ધર્મ છે.

ત્યારપછી સ્થાપનાનયથી એમ કહ્યું કે આત્મા સર્વપુદ્ગલોને અવલંબનારો છે, એટલે કે જ્યારે જ્યારે જે પુદ્ગલમોમાં આત્માની સ્થાપના કરવામાં આવે ત્યારે તે તે પુદ્ગલોથી આત્મા જણાય એવો તેનો ધર્મ છે.

નામવડે જણાય તેવો ધર્મ જુદો છે ને સ્થાપનાથી જણાય તેવો ધર્મ જુદો છે, તેમજ તે બંને ધર્મોને જાણનારા બે નયો નામનય અને સ્થાપનાનય—પણ ભિન્ન ભિન્ન છે.

—એ પ્રમાણે અત્યાર સુધીમાં તેર નયોથી આત્માનું વર્ણન કર્યું; હવે ચૌદમા દ્રવ્યનયથી આત્મા કેવો છે તે કહે છે. તેમાં ઘણી સરસ વાત આવશે.

જેઓ પરમાત્મા થયા તેમને પણ પૂર્વે બહિરાત્મદશા હતી, પછી પોતાની પરમાત્મશક્તિનું શ્રવણ કરતાં તેનું બહુમાન લાવીને, તેની સન્મુખ થતાં તે બહિરાત્મપણું ટળ્યું ને અંતરાત્મપણું થયું; પછી સ્વભાવમાં લીન થઈને તેઓ પરમાત્મા થયા. આ રીતે પહેલાં જેઓ બહિરાત્મા હતા તેઓ જ પોતાની શક્તિના અવલંબને અંતરાત્મા થઈને પરમાત્મા થયા. આવી પરમાત્મા થવાની તાકાત દરેક આત્મામાં છે.

# દ્રવ્યનયે આત્માનું વર્ણન

## [૧૪]

આત્મદ્રવ્ય અનંત ધર્મસ્વરૂપ છે; તેને જો દ્રવ્યનયથી જોતાં, બાળક શેઠની માફક અને શ્રમણ રાજાની માફક અનાગત અને અતીત પર્યાયે તે પ્રતિભાસે છે. જેમ કોઈ બાળક ભવિષ્યમાં શેઠ થવાનો હોય ત્યાં 'આ શેઠ છે' એમ ભાવિપર્યાયપણે તે ખ્યાલમાં આવે છે, તથા કોઈ જીવ પહેલાં રાજા હોય ને પછી મુનિ થઈ ગયો હોય ત્યાં 'આ રાજા છે' એમ ભૂતકાળની પર્યાયપણે તે ખ્યાલમાં આવે છે, તેમ દ્રવ્યનયથી જીવદ્રવ્ય પોતાની ભાવિ તેમજ ભૂત પર્યાયોપણે ખ્યાલમાં આવે છે—એવો તેનો ધર્મ છે.

આત્મા વર્તમાન પર્યાયપણે જ જણાય ને ભૂત-ભાવિ પર્યાયોપણે અત્યારે ન જણાય—એમ નથી; દ્રવ્ય પોતાની ભૂત-ભવિષ્યની પર્યાયોપણે પણ વર્તમાનમાં જણાય છે એવો તેનો ધર્મ છે અને જ્ઞાનનો પણ ત્રણ કાળને જાણી લેવાનો સ્વભાવ છે. 'ભવિષ્યની પર્યાય જયારે થાય ત્યારે તેને જાણે, અત્યારે ન જાણે' એમ જે માને તેને સર્વજ્ઞની કે વસ્તુના સ્વભાવની ખબર નથી. કોઈ આત્માને ભવિષ્યમાં સિદ્ધપર્યાય થવાની હોય, ત્યાં 'આ આત્મા સિદ્ધ છે' એમ ભાવીપર્યાયપણે વર્તમાનમાં દ્રવ્ય જણાય છે. ભૂત-ભવિષ્યની પર્યાયોપણે વર્તમાનમાં જણાય એવો દ્રવ્યનો ધર્મ છે, ને તે ધર્મને જાણનારા શ્રુતજ્ઞાનને દ્રવ્ય નય કહે છે.

પહેલો દ્રવ્યનય કહ્યો હતો અને આ ચૌદમો દ્રવ્યનય કહ્યો તે બંનેના વિષયમાં ફેર છે. પહેલાં જે દ્રવ્યનય કહ્યો તેને વિષય તો સામાન્ય ચૈતન્યમાત્ર દ્રવ્ય છે, અને આ દ્રવ્યનયનો વિષય તો ભૂત-ભાવિ પર્યાયવાળું દ્રવ્ય છે, એટલે અહીં પર્યાયની વાત છે.

દ્રવ્યની જે જે પર્યાયો ભૂતકાળમાં થઈ અને જે જે પર્યાયો ભવિષ્યમાં થવાની છે તે તે પર્યાયોપણે દ્રવ્ય વર્તમાનમાં જણાય એવો તેનો સ્વભાવ છે. જે દ્રવ્યમાં જે જે જાતની ભવિષ્યની પર્યાયો થવાની છે તે તે જાતનો ધર્મ તે દ્રવ્યમાં ત્રિકાળ પડ્યો છે. ભવિષ્યની પર્યાયો તો તેના કાળે થશે, પણ જે પર્યાયો થવાની છે તેવો ધર્મ તો વસ્તુમાં અનાદિ અનંત છે જ. બધા દ્રવ્યોમાં પોતપોતાની ત્રિકાળી પર્યાયો થવાનો ધર્મ પડ્યો છે. ભવિષ્યમાં કોઈ આત્મા સિદ્ધ થવાનો હોય અને અત્યારે તે નિગોદમાં પડ્યો હોય, તે નિગોદના આત્મામાં પણ ભાવિ સિદ્ધપર્યાય થવાનો ધર્મ તો વર્તમાનમાં પડ્યો છે. વર્તમાનમાં તેને સિદ્ધ પર્યાય પ્રગટ નથી પણ ભવિષ્યમાં જે સિદ્ધપર્યાય થવાની છે તે પર્યાય થવાનો ધર્મ તો તેનામાં અત્યારે પણ રહેલો છે.

શ્રી ૠષભદેવ, મહાવીર વગેરે ભગવંતોના આત્માને અત્યારે તો સિદ્ધદશા વર્તે છે; તે સિદ્ધજીવોને પૂર્વે તીર્થંકરત્વ પર્યાય હતી; દ્રવ્યનયથી તેમનો આત્મા અત્યારે ભૂતકાળની તીર્થંકર-

પર્યાયપણે ઓળખાય છે. ઋષભાદિ ચોવીસ ભગવંતો અત્યારે કાંઈ તીર્થંકરપણે વિચરતા નથી, અત્યારે તો તેઓ સિદ્ધદશામાં બિરાજે છે, છતાં વર્તમાનમાં તેમને તીર્થંકરપણે લક્ષમાં લઈને તેમની સ્તુતિ પૂજા કરવી તે દ્રવ્યનય છે; અને ભૂતકાળની તીર્થંકરાદિ પર્યાયપણે અત્યારે લક્ષમાં આવે છે એવો તે દ્રવ્યમાં ધર્મ છે. એ જ પ્રમાણે ભવિષ્યકાળની પર્યાયપણે પણ લક્ષમાં આવે એવો દ્રવ્યનો ધર્મ છે. જેમકે શ્રેણિક રાજાનો આત્મા અત્યારે તો નરકમાં છે, તે ભવિષ્યમાં તીર્થંકર થવાના છે. 'આ તીર્થંકર છે' એમ ભવિષ્યની તીર્થંકરપર્યાયપણે તેમને અત્યારે લક્ષમાં લેવા તે દ્રવ્યનય છે ત્યાં ભવિષ્યની તીર્થંકરપર્યાયપણે અત્યારે લક્ષમાં આવે છે તેવો તે આત્મામાં ધર્મ છે. વર્તમાનમાં તો નરકપર્યાય હોવા છતાં, ભૂતકાળની શ્રેણિકપર્યાયરૂપે તેમજ ભવિષ્યકાળની તીર્થંકરપર્યાયરૂપે તે આત્મા ખ્યાલમાં આવે છે એવો તેનો એક ધર્મ છે.

શ્રી કુંદકુંદ ભગવાન પહેલાં મુનિદશામાં હતા, અત્યારે એમનો આત્મા સ્વર્ગમાં છે; પૂર્વની મુનિદશારૂપે તેમના આત્માને અત્યારે લક્ષમાં લેવો તે દ્રવ્યનય છે. આ ભૂતકાળની પર્યાયની વાત કરી, તે જ પ્રમાણે ભવિષ્યની પર્યાયનું પણ સમજવું. દ્રવ્યમાં ત્રણે કાળની પર્યાયો નિશ્ચિત છે; જો દ્રવ્યની ત્રણેકાળની પર્યાયો નિશ્ચિત ન હોય તો ભૂત-ભાવિપર્યાયોપણે તેનું જ્ઞાન થઈ શકે નહિ. દ્રવ્યની ત્રણેકાળની પર્યાયો નિશ્ચિત છે એમ નક્કી કર્યું તેમાં પુરુષાર્થ ઊડી જતો નથી, પણ તેમાં તો દ્રવ્યની સન્મુખતા થઈને મોક્ષમાર્ગનો અપૂર્વ પુરુષાર્થ પ્રગટી જાય છે. કેમ કે ભવિષ્યની પર્યાય થવાનો ધર્મ તો દ્રવ્યનો છે, તેથી ભવિષ્યની પર્યાયનો નિર્ણય કરવા જતાં દ્રવ્યની સન્મુખ થઈને દ્રવ્યનો જ નિર્ણય થઈ જાય છે એટલે તેમાં દ્રવ્યદૃષ્ટિનો પુરુષાર્થ આવી જાય છે. દ્રવ્ય તરફ વલણ થઈને દ્રવ્ય-પર્યાયની એકતા થઈ તે જ મોક્ષમાર્ગનો પુરુષાર્થ છે, એનાથી જુદો બીજો પુરુષાર્થ નથી.

જે દ્રવ્યમાં ચક્રવર્તીપણું, તીર્થંકરપણું, સિદ્ધપણું વગેરે પર્યાયો થાય છે તે દ્રવ્યમાં તેવો સ્વભાવ અનાદિથી જ છે. તીર્થંકર થનારા અમુક આત્માઓ જ હોય છે અને તેમને જ તીર્થંકર નામકર્મ બંધાય છે; એ સિવાય બીજા સામાન્ય જીવો સોળ ભાવના ભાવિને તીર્થંકર—નામકર્મ બાંધવા માગે તો એમ કાંઈ તીર્થંકર—નામકર્મ બંધાતું નથી. તીર્થંકર થનારા ખાસ આત્મામાં જ તીર્થંકર પર્યાય થવાનો અનાદિ સ્વભાવ હોય છે. એ જ પ્રમાણે ચક્રવર્તીપણું, ગણધરપણું, બળદેવપણું, વાસુદેવપણું વગેરે પર્યાયો થવાનું પણ તે તે પ્રકારના ખાસ આત્મામાં અનાદિથી સિદ્ધ થયેલ છે, એવો તે તે દ્રવ્યનો અનાદિસ્વભાવ છે. તે તીર્થંકરપણું વગેરે પર્યાયો જ્યારે પ્રગટ હોય ત્યારે તો તે ભાવનયનો વિષય છે. અને તે પર્યાય પ્રગટ થયા પહેલાં અથવા તો પ્રગટ થઈ ગયા પછી તે પર્યાયપણે દ્રવ્યને જાણવું તેનું નામ દ્રવ્યનય છે. કોઈ જીવો ભૂતકાળમાં તીર્થંકર થઈ ગયા અને કોઈ જીવો ભવિષ્યમાં તીર્થંકર થશે, તેઓ વર્તમાનમાં 'આ જીવ તીર્થંકર છે' એમ ભૂત—ભાવિ પર્યાયપણે લક્ષમાં આવે છે,—એવો દ્રવ્યનો ધર્મ છે; અને તે ધર્મ દ્વારા આત્માને લક્ષમાં લેનારા જ્ઞાનને દ્રવ્યનય કહેવાય છે.

બધા જીવોની પર્યાયો સરખી હોતી નથી, જુદી જુદી થાય છે; એવી પર્યાય થવાનો દ્રવ્યનો સ્વભાવ અનાદિથી નક્કી થઈ ગયેલો છે. દ્રવ્યની પર્યાયનો અનાદિ સંતતિપ્રવાહ નક્કી થઈ ગયેલો

છે; તેમાં કાંઈ આડું અવળું કે ફેરફાર થાય નહિ. કોઈ જીવ બળદેવ થાય, કોઈ ચક્રવર્તી થાય, કોઈ તીર્થંકર થાય, કોઈ એક જ ભવમાં ચક્રવર્તી અને તીર્થંકર બંને પદવી પામે, કોઈ સામાન્ય કેવળી થઈને મોક્ષ પામે—એ વગેરે પર્યાયોની યોગ્યતા તે તે દ્રવ્યના સ્વભાવમાં અનાદિથી જ છે. પર્યાય અપેક્ષાએ તે પર્યાય નવી પ્રગટતી દેખાય છે. પણ દ્રવ્યના સ્વભાવમાં તો અનાદિથી જ તે પર્યાય થવાનું નક્કી થઈ ગયેલું છે આવું દ્રવ્યનું સ્વરૂપ જે નક્કી કરે તેને પર્યાયબુદ્ધિ છૂટીને દ્રવ્યની પ્રતીત થઈ ગઈ, તે સાધક થઈ ગયો, હવે દ્રવ્યના આશ્રયે તેને અલ્પકાળમાં સિદ્ધ પર્યાય પ્રગટી જશે એટલે દ્રવ્યનયે તો તે વર્તમાનમાં સિદ્ધ થઈ ગયો. આ રીતે, સાધક જીવ આ નયો વડે પોતે પોતાના આત્માને જુએ છે—એવી અહીં વાત છે; અજ્ઞાનીને તો નય હોતા નથી. કોઈ જીવ ભવિષ્યમાં ભગવાન થવાનો છે પણ વર્તમાનમાં અજ્ઞાની છે; તો તે અજ્ઞાનભાવ વખતે પણ ભવિષ્યમાં સિદ્ધ થવાનો તેના દ્રવ્યનો સ્વભાવ છે, પણ તેને પોતાને તેની ખબર નથી; બીજો જ્ઞાની પોતાના જ્ઞાનની નિર્મળતાથી તેને જાણી લ્યે છે. વર્તમાન અજ્ઞાનદશા હોવા છતાં ભવિષ્યમાં ભગવાન થવાનો તે જ આત્મદ્રવ્યનો ધર્મ તેનામાં વર્તમાન પડ્યો છે—આમ જે જાણે તેને પર્યાયબુદ્ધિથી રાગ-દ્વેષ થાય નહિ ને પોતામાં વર્તમાન અજ્ઞાનદશા રહે નહિ. વર્તમાન પર્યાયમાં અજ્ઞાનીપણું અને વળી તે જ ક્ષણે તેનામાં ભવિષ્યમાં સિદ્ધપર્યાય થવાનો ધર્મ!—એ ધર્મને કોની સામે જોઈને નક્કી કરશે? વર્તમાનમાં અજ્ઞાની—પર્યાય છે તેની સામે જોઈને કાંઈ ભવિષ્યની સિદ્ધપર્યાયનો નિર્ણય થાય નહિ સિદ્ધપર્યાય થવાની તાકાત તો દ્રવ્યના સ્વભાવમાં ભરી છે, એટલે પોતામાં દ્રવ્યસ્વભાવનો નિર્ણય થયા વિના 'આ જીવ ભવિષ્યમાં સિદ્ધ થવાનો છે' એવો સામા જીવના ધર્મનો નિર્ણય થઈ શકે નહિ. આ રીતે, ભવિષ્યની પર્યાયપણે જણાય એવો દ્રવ્યનો સ્વભાવ છે તેને જે જાણે તે પોતે તો વર્તમાનમાં સાધક થઈ જાય છે. વસ્તુમાં જે પર્યાયો થાય છે તે પર્યાયો થવાનો સ્વભાવ તો તેનામાં અનાદિથી છે એટલે વસ્તુમાં પ્રાપ્તની જ પ્રાપ્તિ છે. દ્રવ્યનો સ્વભાવ જ અનાદિઅનંત પર્યાયોથી વ્યવસ્થિત છે.

આત્મામાં ભૂતકાળે જે પર્યાયો થઈ કે ભવિષ્યકાળે જે પર્યાયો થશે તે તે પદનો પદવીધર આત્મા પોતે છે; જીવદ્રવ્યનો સ્વભાવ જ એવો છે કે દ્રવ્યનયે તે ભૂતભાવી પર્યાયોપણે જણાય છે. જે જીવને ભવિષ્યમાં જે પર્યાય થવાની જ નથી તે ભૂતકાળમાં પણ થઈ નથી તેનામાં તે જાતની પર્યાય થવાનો ધર્મ જ અનાદિ અનંત નથી; અને જે જીવને ભવિષ્યમાં જે જાતની પર્યાય થવાની છે તેનામાં તે જાતની પર્યાય થવાનો ધર્મ અનાદિથી જ રહેલો છે. દ્રવ્યનયે જે દ્રવ્યમાં જે પદવી સ્થિત છે તે પલટે નહિ, અને જે પદવી ન હોય તે કદી થાય નહિ. આમાં ક્રમબદ્ધ પર્યાયનો મહા સિદ્ધાંત પણ સમાઈ **જાય છે.**

અહો! ભાવિ પર્યાયપણે વર્તમાનમાં લક્ષિત થાય એવો પણ દ્રવ્યનો ધર્મ છે; અનાદિ અનંતકાળના સમયોમાં જેવા જેવા પર્યાયો છે તેવો દ્રવ્યનો અનાદિ સ્વભાવ જ છે; એટલે 'હું આવી પર્યાયરૂપે થાઉં'—એવી પર્યાયની માગણી (પર્યાયની ભાવના) જ યથાર્થ નથી. પણ પર્યાય થવાનો ધર્મ દ્રવ્યમાં છે—એમ દ્રવ્યને લક્ષમાં લઈને તેની ભાવનામાં એકાગ્ર થતાં જ્ઞાન નિર્વિકલ્પ થાય છે ને નિર્મળ પર્યાય પ્રગટી જાય છે. જ્ઞાનીની દૃષ્ટિમાં દ્રવ્યની જ ભાવના છે, તેને પર્યાયની બુદ્ધિ નથી

એટલે આવી પર્યાયને ટાળું ને આવી પર્યાય પ્રગટ કરું—એવો પર્યાય બુદ્ધિનો વિષમભાવ કે ખદબદાટ તેને હોતો નથી. જ્ઞાની મોક્ષની ભાવના ભાવે છે—એમ કયારેક વ્યવહારનયથી કહેવાય પણ ખરેખર તો જ્ઞાનીની દૃષ્ટિમાં અખંડ દ્રવ્યની જ ભાવના છે. ભવિષ્યની મોક્ષ પર્યાય થવાનો ધર્મ દ્રવ્યમાં પડયો છે, તેથી તે દ્રવ્યની ભાવનામાં મોક્ષ પર્યાય ખીલી જાય છે 'જ્ઞાનીને બંધ–મોક્ષ પ્રત્યે સમભાવ છે' એનો આશય એમ છે કે જ્ઞાનીને અખંડ દ્રવ્યની ભાવનામાં 'બંધ ટાળું ને મોક્ષ કરું' એવો પર્યાયબુદ્ધિનો વિકલ્પ નથી. આ રીતે દ્રવ્યની ભાવનામાં જ મોક્ષનો વીતરાગી પુરુષાર્થ આવી જાય છે; પણ પર્યાયની ભાવનામાં તો રાગની ઉત્પત્તિ થાય છે.

ત્રણકાળની પર્યાયપણે દ્રવ્ય જણાય છે—એવો દ્રવ્યસ્વભાવ જેણે નક્કી કર્યો તેને પર્યાયની ભાવના રહેતી નથી પણ સ્વભાવ બુદ્ધિથી જ તેનું પરિણમન થાય છે એટલે ક્ષણે ક્ષણે તેની પર્યાય નિર્મળ થતી જાય છે; અમુક પર્યાયને ફેરવીને અમુક પર્યાય કરું—એવી પર્યાયબુદ્ધિ તેને રહેતી નથી. પર્યાયો તો દ્રવ્યના સ્વભાવ પ્રમાણે થાય છે ને દ્રવ્યનો સ્વભાવ અનાદિઅનંત સ્વયંસિદ્ધ છે—જેણે આવો દ્રવ્યસ્વભાવ નક્કી કર્યો તેનું જ્ઞાન સ્વભાવના આશ્રયે નિર્મળ થઈ જ ગયું અને તેને મોક્ષમાર્ગ શરૂ થઈ ગયો. હવે તે પર્યાયના પદની સામે મુખ્યપણે જોતો નથી, દ્રવ્યની મુખ્યતાની ભાવનામાં અલ્પકાળે તેની મુક્તિ થઈ જાય છે.

જ્યાં દ્રવ્યના સ્વભાવને નક્કી કરીને જ્ઞાન તેમાં એકાગ્ર થયું ત્યાં વચ્ચે તીર્થંકરાદિ કેવી પદવી આવે છે તેના ઉપર જ્ઞાનનું વજન ન રહ્યું. જ્ઞાને આખા દ્રવ્યને વિશ્વાસમાં લઈ લીધું, તે દ્રવ્યમાં જે જે પદ ભર્યાં છે તે બહાર આવ્યા વિના રહેશે નહિ. જેણે આખું દ્રવ્ય નક્કી કર્યું તેને દ્રવ્યમાંથી કેવળજ્ઞાન અને સિદ્ધપદ તો અલ્પકાળે આવ્યા વિના રહે જ નહિ; વચ્ચે તીર્થંકરાદિ પદ તો કોઈને હોય ને કોઈને ન પણ હોય. વચ્ચે તીર્થંકરાદિ જે પદ હશે તે આવ્યા વિના રહેશે નહિ.

જે દ્રવ્યમાં જે પર્યાય થવાનો ધર્મ છે તે દ્રવ્યમાં તે પર્યાય થયા વિના રહેવાની નથી. જે જે પર્યાય થવાની છે તે પ્રકારનો દ્રવ્યનો અનાદિ સ્વભાવ જ છે એટલે પ્રાપ્તની પ્રાપ્તિ છે, દ્રવ્યમાં જે પર્યાય થવાનો સ્વભાવ છે તે જ પર્યાય વ્યક્ત થાય છે. વસ્તુનો આવો ધર્મ અનાદિ અનંત છે. આવા વસ્તુ ધર્મને નક્કી કરતાં ત્રિકાળી દ્રવ્યનું સમ્યગ્જ્ઞાન થાય છે, તે સમ્યગ્જ્ઞાનનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે. અનંત ધર્મવાળા વસ્તુ સ્વભાવનો નિર્ણય કરીને સાધક જીવ સ્વભાવના આશ્રયે જ્ઞાતાદૃષ્ટાપણે સ્વ-પર પ્રકાશક રહ્યો, ત્યાં તેના જ્ઞાનના સ્વ-પર પ્રકાશક સામર્થ્યનો જેવો વિકાસ હશે તેવા જ જ્ઞેયો આવશે, અને દ્રવ્યમાં તીર્થંકર, ગણધર, ચક્રવર્તી વગેરે જે પર્યાય થવાનો ધર્મ છે તે જ પર્યાય થશે.

કોઈ આત્મદ્રવ્ય ચક્રવર્તી પદ પામીને મોક્ષ જાય એવા અનાદિ સ્વભાવવાળું હોય ને કોઈ દ્રવ્ય તીર્થંકર પદ પામીને મોક્ષ જાય એવા અનાદિ સ્વભાવવાળું હોય, કોઈ દ્રવ્ય ચક્રવર્તી પદ તેમજ તીર્થંકરપદ બન્ને પદ પામીને મોક્ષ જાય એવા સ્વભાવવાળું હોય, કોઈ ગણધર થઈને મોક્ષ જાય, કોઈ બળદેવ થઈને મોક્ષ જાય, કોઈ અનુક્રમે બળદેવ અને ચક્રવર્તી એમ બંને પદ પામીને મોક્ષ

જાય—એ પ્રમાણે દ્રવ્યનો તે પ્રકારનો અનાદિ સ્વભાવ જ હોય છે; ને કોઈ દ્રવ્ય ચક્રવર્તી, બળદેવ કે તીર્થંકરાદિ કોઈ પદ પામ્યા વગર સામાન્ય કેવળીપણે મોક્ષ પામે—એવો પણ તેનો અનાદિ સ્વભાવ જ છે. કોઈ જીવ એક જ ભવમાં ચક્રવર્તીપદ અને તીર્થંકરપદ—એ બન્ને પદ પામે; પણ બળદેવ કે વાસુદેવ પદ હોય અને તે જ ભવે તીર્થંકર પદ પામે—એમ ન બને; તીર્થંકરપણે મોક્ષ જનાર તે જ પર્યાય પામીને મોક્ષ જાય, તે પર્યાય ફરે નહિ, બળદેવ થઈને મોક્ષ જવાની યોગ્યતાવાળો જીવ બળદેવ પર્યાય પામીને જ મોક્ષ જાય ને તીર્થંકર થઈને ન જાય;—એ પ્રમાણે જે દ્રવ્યમાં જે પર્યાય થવાનો સ્વભાવ હોય તે જ પર્યાય થાય છે; કોઈ કહે કે એક આત્મા તીર્થંકર થઈને મોક્ષ પામે ને બીજો આત્મા એમ ને એમ સામાન્યપણે મોક્ષ પામે,—ગુણમાં બંને સરખા, છતાં આમ કેમ? તો અહીં કહે છે કે—તેવી જ પર્યાય થવાનો તે દ્રવ્યનો અનાદિ ધર્મ છે. અહો! આમાં નિર્વિકલ્પતા છે—વીતરાગતા છે 'આમ કેમ' એવો વિષમભાવનો પ્રશ્ન રહેતો નથી. 'આમ કેમ?'—કે એવો જ દ્રવ્યનો સ્વભાવ! એટલે પોતાને પોતાના દ્રવ્યસ્વભાવની સન્મુખ જોઈને જ્ઞાતાદૃષ્ટાભાવ થઈ જાય છે, એવું આ નિર્ણયનું ફળ છે.

પરને લીધે મારી પર્યાય થાય અથવા તો હું પરની પર્યાયમાં કાંઈ ફેરફાર કરી દઉં—એવી માન્યતાના ભાવમાં તો મિથ્યાત્વની અનંતી વિષમતા છે, અને હું મારી પર્યાયોમાં ફેરફાર કરું—એવી જે પર્યાયને ફેરવવાની બુદ્ધિ છે તેમાં પણ પર્યાયદૃષ્ટિની વિષમતા છે. ધર્મી જીવ તો જાણે છે કે મારી જે પર્યાય થવાની છે તે મારા દ્રવ્યમાંથી જ થવાની છે અને મારા દ્રવ્યના સ્વભાવ પ્રમાણે જ તે પર્યાય થવાની છે; એટલે દ્રવ્ય સ્વભાવના આશ્રયે તેને પર્યાયબુદ્ધિનો વિષમભાવ ટળી ગયો છે. તે સાધક જીવ પોતાની એકેક પર્યાયને જુદી પાડીને ભલે ન જાણી શકે, પણ સામાન્યપણે તેને એવો નિ:સંદેહ નિર્ણય થઈ ગયો છે કે મારી બધી પર્યાયો થવાનો ધર્મ મારા દ્રવ્યમાં જ ભર્યો છે; આથી તે સાધકના અભિપ્રાયમાં સદા સ્વદ્રવ્યનો જ આશ્રય વર્તે છે, ને તે જ મોક્ષમાર્ગ છે.

જુઓ, આમાં ક્યાંય કાંઈ ફેરવવું નથી; દ્રવ્યશક્તિ અનાદિ—અનંત છે, તેને ફેરવવી નથી, તે દ્રવ્યમાં જે જે પર્યાયો થવાનો ધર્મ છે તે પર્યાયને ફેરવવી નથી, શુભાશુભ વિકલ્પને ફેરવવા નથી નિમિત્તને ફેરવવા નથી, સંયોગને ફેરવવા નથી—એ બધું જેમ છે તેમ છે, તેને નક્કી કરીને પોતે પોતાના અંતરસ્વભાવસન્મુખ થઈને વીતરાગી જ્ઞાતાભાવે રહી ગયો ત્યાં પોતાની પર્યાય મોક્ષમાર્ગ અને મોક્ષરૂપે પરિણમી જાય છે.—આવી ધર્મની રીત છે. બધું જેમ છે તેમ નક્કી કરતાં પોતાની સંયોગીદૃષ્ટિ છૂટીને સ્વભાવદૃષ્ટિ થઈ જાય છે એટલે આત્મામાં મોક્ષમાર્ગ શરૂ થઈ જાય છે.

વસ્તુની અનાદિ અનંત પર્યાયો વસ્તુના સ્વભાવમાં અનાદિથી નિર્માણ થઈ ગયેલી છે, ઈશ્વર વગેરે કોઈ બીજો પદાર્થ તેની પર્યાયનું નિર્માણ કરનાર નથી. જીવની પર્યાયને બીજો તો ન ફેરવે, પણ જીવ પોતે ય પોતાની પર્યાયના ક્રમને તોડીને તેને આઘી પાછી કરી ન શકે. અહીં કોઈને એમ શંકા થાય કે—જો દ્રવ્ય પોતે પણ પોતાની અવસ્થામાં ફેરફાર ન કરી શકે તો તો પુરુષાર્થ ન રહ્યો! તેનું સમાધાન : ભાઈ! એ વાત ઘણીવાર કહેવાઈ ગઈ છે કે પોતાની ત્રણેકાળની પર્યાયો પોતાના

દ્રવ્યમાંથી જ આવે છે એમ જેણે નક્કી કર્યું છે તેની **દૃષ્ટિ પોતાના સ્વદ્રવ્ય ઉપર પડી છે ને તેમાં** જ મોક્ષનો પરમ પુરુષાર્થ સમાઈ જાય છે. મારી પર્યાય પરમાંથી નહિ આવે પણ મારા દ્રવ્યસ્વભાવમાંથી જ આવશે, અને તેમાં ફેરફાર નહિ થાય—આમ નક્કી કરનારે કોની સામે જોઈને તે નક્કી કર્યું છે? નિમિત્ત સામે કે પર્યાય સામે જોઈને તે નક્કી થતું નથી, પણ બધી પર્યાયો થવાનો ધર્મ જેનામાં ભર્યો છે એવા અખંડ દ્રવ્યની સામે જોઈને જ તે નક્કી થાય છે. આ રીતે આમાં દ્રવ્યના આશ્રયનો અપૂર્વ પુરુષાર્થ આવી જાય છે, ને તે જ મોક્ષનો પુરુષાર્થ છે.

દ્રવ્યનયથી જોતાં ભૂત-ભાવિની પર્યાયરૂપે દ્રવ્ય જણાય છે એવો તેનો એક ધર્મ છે. આચાર્યદેવે વસ્તુના ધર્મોનું જે વર્ણન કર્યું છે તેમાં ઘણી ગંભીરતા છે. દ્રવ્યનયવાળો સાધક એમ જાણે છે કે વર્તમાનમાં જ મારા દ્રવ્યમાં ભવિષ્યની પર્યાય થવાનો સ્વભાવ પડ્યો છે એટલે સત્‌નો જ ઉત્પાદ થાય છે અને મારી પર્યાય પ્રગટવા માટે મારે ક્યાંય પરાશ્રય સામે જોવાનું રહેતું નથી પણ મારા સત્ દ્રવ્યની સામે જ જોવાનું રહે છે. દ્રવ્યનો જે સમયે જેવી પર્યાય થવાનો સ્વભાવ છે તે સમયે તેવી જ પર્યાય થાય, તેવો જ વિકલ્પ આવે અને તેવો જ સંયોગ હોય. આમ નક્કી કરનારને શું કરવાનું રહ્યું?–કે જેમાંથી પર્યાયો પ્રગટે છે એવું પોતાનું ત્રિકાળી સત્ દ્રવ્ય કેવું છે તેનું જ્ઞાન કરીને તેમાં એકાગ્ર થવાનું જ રહ્યું; એ સિવાય ક્યાંય પરમાં કે પોતાની પર્યાયમાં ફેરફાર કરવાનું રહેતું નથી.

**શંકા :**—આત્મા પરમાં તો કાંઈ ફેરફાર ન કરી શકે એ તો ઠીક, પણ પોતાની પર્યાયોમાં ફેરફાર કરવામાં પણ તેનો કાબુ નહિ?

**સમાધાન :**—અરે ભાઈ! જ્યાં દ્રવ્યને નક્કી કર્યું ત્યાં વર્તમાનપર્યાય પોતે દ્રવ્યમાં વળી જ ગઈ, પછી તારે કોને ફેરવવું છે? મારી પર્યાય મારા દ્રવ્યમાંથી આવે છે એમ નક્કી કરતાં જ પર્યાય દ્રવ્યમાં અંતર્મુખ થઈ ગઈ, તે પર્યાય હવે ક્રમેક્રમે નિર્મળ જ થયા કરે છે અને શાંતિ વધતી જાય છે. આ રીતે પર્યાય પોતે જ્યાં દ્રવ્યમાં અંતર્મગ્ન થઈ ગઈ ત્યાં તેને ફેરવવાનું ક્યાં રહ્યું? તે પર્યાય પોતે દ્રવ્યના કાબુમાં આવી જ ગયેલી છે. પર્યાય આવશે ક્યાંથી?—દ્રવ્યમાંથી, માટે જ્યાં આખા દ્રવ્યને કાબુમાં લઈ લીધું (–શ્રદ્ધા–જ્ઞાનમાં સ્વીકારી લીધું) ત્યાં પર્યાયો કાબુમાં આવી જ ગઈ એટલે કે દ્રવ્યના આશ્રયે પર્યાયો સમ્યક્ નિર્મળ જ થવા માંડી. જ્યાં સ્વભાવ નક્કી કર્યો ત્યાં જ મિથ્યાજ્ઞાન ફરીને સમ્યગ્જ્ઞાન થયું, મિથ્યા શ્રદ્ધા પલટીને સમ્યગ્દર્શન થયું.–એ પ્રમાણે નિર્મળ પર્યાયો થવા માંડી તે પણ વસ્તુનો ધર્મ છે. વસ્તુનો સ્વભાવ ફર્યો નથી ને પર્યાયના ક્રમની ધારા તૂટી નથી. દ્રવ્યના આવા સ્વભાવનો સ્વીકાર કરતાં પર્યાયની નિર્મળધારા શરૂ થઈ ગઈ ને જ્ઞાનાદિનો અનંતો પુરુષાર્થ તેમાં ભેગો જ આવી ગયો.

સ્વ કે પર કોઈ દ્રવ્યને, કોઈ ગુણને કે કોઈ પર્યાયને ફેરવવાની બુદ્ધિ જ્યાં ન રહી ત્યાં જ્ઞાન જ્ઞાનમાં જ ઠરી ગયું એટલે એકલો વીતરાગી જ્ઞાતા ભાવ જ રહી ગયો, તેને અલ્પકાળમાં મુક્તિ થાય જ. બસ! જ્ઞાનમાં જ્ઞાતાદૃષ્ટાપણું રહેવું તે જ સ્વરૂપ છે, તે જ બધાનો સાર છે. અંતરની આ વાત જેને ખ્યાલમાં ન આવે તેને ક્યાંક પરમાં કે પર્યાયમાં ફેરફાર કરવાનું મન થાય છે;

જ્ઞાતાભાવને ચૂકીને કયાંય પણ ફેરફાર કરવાની બુદ્ધિ તે મિથ્યા બુદ્ધિ છે.

જ્ઞાની ધર્માત્માને ચક્રવર્તી વગેરે પદ આવે ત્યાં તેને એમ નથી થતું કે આવી પર્યાય આવી તેના કરતાં હું નિર્ધન હોત તો! પોતાની જ ભૂમિકા છે તે અનુસાર પર્યાયમાં રાગ અને સંયોગ આવ્યા વિના રહે નહિ. ચક્રવર્તી આદિ પર્યાય થાય તે પણ મારા દ્રવ્યનો તે પ્રકારનો ધર્મ છે, દ્રવ્યમાં જે જે પર્યાય થવાનો અનાદિ સ્વભાવ છે તે પર્યાય ફરે નહિ—આમ જાણતો થકો ધર્મી પોતાના દ્રવ્ય તરફના વલણથી પર્યાયનો જ્ઞાતા રહે છે; ચક્રવર્તી પદમાં જે અલ્પ રાગ અને સંયોગ છે તેનો તે ખરેખર જ્ઞાતા જ છે; 'આવી પર્યાય અને આવો સંયોગ કેમ આવ્યો' એવો વિષમભાવ તેના જ્ઞાનમાંથી ટળી ગયો છે. 'સંયોગની કે રાગની ભાવના ન હોવા છતાં વચ્ચે રાગ પર્યાય કેમ આવી?'—એમ જ્ઞાનીને શંકા કે વિષમભાવ થતો નથી. જ્ઞાની તો જાણે છે કે સંયોગ તો મારાથી પર છે અને રાગ પર્યાય તે પણ મારો ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ નથી. આમ દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિમાં ધર્મીને વીતરાગ ભાવ જ વધતો જાય છે. આનું નામ સમ્યક્ ધર્મ છે.

બે કેવળી ભગવાનમાં એકને તીર્થંકરપદ હોય ને બીજાને ન હોય, મુનિઓમાં કોઈકને આચાર્ય પદવી હોય અને બીજાને ન હોય, સાધકમાં કોઈને વિશેષ પુણ્યનો યોગ હોય ને કોઈને વિશેષ પુણ્યનો યોગ ન પણ હોય,—ત્યાં ધર્મીને અંદરની પવિત્રતાની શંકા પડતી નથી. તે તે પ્રકારની વિશેષ પર્યાય થાય એવો તે તે દ્રવ્યનો સ્વભાવ જ છે. પોતાના દ્રવ્યસ્વભાવને સ્વીકારીને તેમાં જ્યાં પર્યાયની એકતા થઈ ત્યાં મોક્ષનું પ્રયોજન સિદ્ધ થઈ જાય છે, પછી વચ્ચે તીર્થંકરાદિ વિશેષ પદવી હોય કે ન હોય—તેને જ્ઞાની જાણે છે, પણ તેની સાથે મોક્ષમાર્ગનો સંબંધ નથી; મોક્ષમાર્ગ તો અંતરના અખંડ દ્રવ્યના આશ્રયે જ છે.

અહીં તો કહે છે કે આત્મામાં ભવિષ્યમાં જે પર્યાય થવાની છે તે પર્યાયપણે વર્તમાનમાં તે જણાય—એવો તેનો સ્વભાવ છે. દ્રવ્યનયથી જોતાં આત્મા આવા સ્વભાવવાળો જણાય છે. જેમ જ્યોતિષી ભવિષ્યમાં જે થવાનું હોય તેને જાણે પણ જે થવાનું હોય તેને કાંઈ આઘુંપાછું ન કરી દે; તેમ દ્રવ્યમાં એવો એક સ્વભાવ છે કે તેમાં ભવિષ્યમાં જે પર્યાય થવાની હોય તે પર્યાયરૂપે તે વર્તમાનમાં જણાય, પણ તે પર્યાયમાં ફેરફાર થાય—એવો તેનો સ્વભાવ નથી. જ્યોતિષી શું જુએ? જે થવાનું હોય તે જુએ; ભવિષ્યમાં આ કાળે આવું ગ્રહણ થશે—એમ તે જાણે, પણ શું તે ગ્રહણને ફેરવી શકે?—ન જ ફેરવી શકે. બસ! જેમ થવાનું છે તેમ તેણે જાણ્યું છે. તેમ અહીં ત્રિકાળી દ્રવ્યના અનાદિ અનંત પર્યાયો થવાનો જેવો ધર્મ છે તેવો જ્ઞાન જાણે છે; જ્ઞાન તેનો નિષેધ ન કરે અને તેને ફેરવે પણ નહિ. દ્રવ્યમાં ભવિષ્યની જે જે પર્યાયો થવાની હોય તે પર્યાય થયા પહેલાં, વર્તમાનમાં પણ, તેનામાં તે તે પર્યાયો થવાનો ધર્મ રહેલો છે; અને તે ભાવિપર્યાયપણે દ્રવ્યને વર્તમાનમાં જાણી લ્યે એવો શ્રુતજ્ઞાનનો એક પ્રકાર છે, તેનું નામ દ્રવ્યનય છે. વસ્તુની અનંત પર્યાયોમાંથી દરેકને જુદી પાડીને શ્રુતજ્ઞાની ભલે ન જાણી શકે, પણ સામાન્યપણે તો તેના નિર્ણયમાં આવી ગયું છે કે દ્રવ્યમાં ત્રણ કાળની જે જે પર્યાયો છે તે બધી પર્યાયો થવાનો દ્રવ્યનો પોતાનો સ્વભાવ છે. આવો નિર્ણય

હોવાથી કોઈ પણ પર્યાય વખતે ધર્મીને દ્રવ્યદૃષ્ટિ ખસતી નથી. આવો દ્રવ્ય સ્વભાવ સમજ્યા પછી તેનું ઘુંટણ અને તેમાં એકાગ્રતા રહે તેનું નામ ચારિત્ર છે.

જ્યાં સ્વભાવ સન્મુખ સાધકદશા થઈ ત્યાં 'હું અલ્પકાળે સિદ્ધ થવાનો છું' એમ સાધકને નિર્ણય થઈ જાય છે. ભવિષ્યમાં અલ્પકાળે સિદ્ધદશા થવાની છે ત્યાં 'હું સિદ્ધ છું' એમ ભાવી પર્યાયરૂપે વર્તમાનમાં પોતાનો આત્મા જણાય—એવો તેનો ધર્મ છે, અને શ્રુતજ્ઞાનનો તેવું જાણવાનો સ્વભાવ છે.

જુઓ! અહીં તો જેને ભવિષ્યમાં સિદ્ધપર્યાય થવાની છે એવા આત્માની જ વાત લીધી છે એટલે કે ભવ્યજીવની જ વાત લીધી છે. જેને ભવિષ્યમાં સિદ્ધ પર્યાય થવાની છે તે પોતે પોતાને વર્તમાનમાં સિદ્ધપણે દ્રવ્યનયથી જાણે છે. આ નયો સમ્યગ્દૃષ્ટિ—જ્ઞાનીને જ હોય છે. ભવિષ્યમાં સિદ્ધપર્યાય થવાનો જેના દ્રવ્યનો સ્વભાવ છે અને જેનું પોતાનું જ્ઞાન ભાવિ—સિદ્ધપર્યાયપણે પોતાના દ્રવ્યને જાણનાર છે એવા સમ્યગ્જ્ઞાનીની જ અહીં વાત છે. તેને જ યથાર્થ દ્રવ્યનય હોય છે. અભવ્ય વગેરેને કદી સિદ્ધપર્યાય થવાની નથી, તેમ જ તેનામાં તે પ્રકારની પર્યાયપણે દ્રવ્યને જાણે એવો નય પણ હોતો નથી. તે પોતે પોતાના દ્રવ્યસ્વભાવને જાણતો નથી; તેના દ્રવ્યના સ્વભાવને કે ભૂત-ભાવિ પર્યાયને બીજા શ્રુતજ્ઞાની જાણે છે, પણ તે પોતે પોતાને જાણતો નથી; અને જે જીવ પોતે જાણે છે તેને પોતાને તો ભવિષ્યમાં સિદ્ધપર્યાય થવાનો જ સ્વભાવ છે; સિદ્ધપર્યાય ન થવાની હોય તેવા જીવો તો તેને પરજ્ઞેયમાં છે, સ્વજ્ઞેયમાં તો સિદ્ધપર્યાય થવાની જ છે. આ વાત જાણે અને તેને મોક્ષપર્યાય ન થાય એમ બને જ નહિ. અભવ્યની અહીં વાત નથી; અહીં તો જે પોતે પોતાના સ્વભાવને જ્ઞાનનું જ્ઞેય બનાવીને જાણે એવા મોક્ષગામી જીવની જ વાત છે. જ્ઞાનની અને વસ્તુના સ્વભાવની એકતાની વાત છે. નયોદ્વારા વસ્તુસ્વભાવને સાધીને તેમાં જ્ઞાનની એકતા કરવા માટે અહીં નયોથી આત્માનું વર્ણન કર્યું છે. આ વાત આચાર્યદેવ ૧૯મા કલશમાં કહેશે કે ''આ રીતે સ્યાત્કારશ્રીના વસવાટને વશ વર્તતા નયસમૂહો વડે જીવો જુએ તોપણ અને પ્રમાણ વડે જુએ તોપણ સ્પષ્ટ અનંત ધર્મવાળા નિજ આત્મ દ્રવ્યને અંદરમાં શુદ્ધ ચૈતન્યમાત્ર દેખે છે જ.'' એટલે પોતાના શુદ્ધ ચૈતન્ય માત્ર આત્મસ્વભાવને દેખવો તે જ આ બધાય નયોનું તાત્પર્ય છે.

વસ્તુ અનાદિ અનંત છે, તેમાં વર્તમાન એક પર્યાય પ્રગટ છે, તે સિવાયની ભૂત-ભવિષ્યની પર્યાયો અપ્રગટ છે; તે ભૂત-ભવિષ્યની અપ્રગટ પર્યાયોપણે વર્તમાનમાં જણાય એવો દ્રવ્યનો ધર્મ છે. દ્રવ્ય વર્તમાનપર્યાય જેટલું જ નથી પણ તે તો ત્રણકાળની પર્યાયના સામર્થ્યનો પિંડ છે. વર્તમાન પર્યાય જ જણાય ને ભૂત-ભવિષ્યની પર્યાય જ્ઞાનમાં ન જણાય—એમ નથી, વર્તમાન પર્યાયની માફક ભૂત-ભવિષ્યની પર્યાયો પણ જ્ઞાનમાં જણાય છે. શ્રુતજ્ઞાનથી સામાન્યપણે એમ ખ્યાલમાં આવે છે કે આ દ્રવ્યે પૂર્વે અનંત ભવો કર્યા છે; ને જો વિશેષ નિર્મળતા થાય તો શ્રુતજ્ઞાનીને પૂર્વના અસંખ્ય વર્ષોના અનેક ભવો ખ્યાલમાં આવી જાય છે. જીવ અનાદિનો છે ને તેની પર્યાયો પણ અનાદિથી છે. પૂર્વે એકલું દ્રવ્ય જ હતું ને પર્યાયો ન હતી—એમ નથી, કેમકે પર્યાય વગરનું દ્રવ્ય કદી હોય

નહિ. પૂર્વે મોક્ષપર્યાય આ જીવને કદી થઈ નથી, કેમકે જો મોક્ષપર્યાય થઈ હોય તો તેને આ સંસાર હોય નહિ; માટે અત્યાર સુધીનો અનાદિકાળ જીવે જુદા જુદા ભવમાં જ ગાળ્યો છે. આ રીતે શ્રુતજ્ઞાનમાં દ્રવ્યની ભૂત-ભાવિ પર્યાયો પણ પ્રતિભાસે છે. પૂર્વ ભવની પર્યાયપણે જણાય એવો આત્મામાં ધર્મ છે. એક દ્રવ્યનયમાં આટલું સામર્થ્ય છે કે દ્રવ્યની ભૂત ભવિષ્યની પર્યાયોને નક્કી કરી શકે; દ્રવ્યમાં આવો જ્ઞેયધર્મ છે ને જ્ઞાનમાં તેવું જાણવાનો ધર્મ છે. આ એક ધર્મને પણ યથાર્થ નક્કી કરતાં ત્રિકાળી દ્રવ્યનું સ્વરૂપ પ્રતીતમાં આવ્યા વગર રહેતું નથી.

દરેક આત્મામાં એકેક સમયે અનંત ધર્મોની રિદ્ધિ છે, તેને કોઈ બીજાના આશ્રયની જરૂર નથી. આવા આત્માને ખ્યાલમાં લીધા વિના અનાદિથી અજ્ઞાની જીવ ભવભ્રમણ કરી રહ્યો છે; જ્યાં સુધી યથાર્થ આત્મા જ્ઞાનમાં અને રુચિમાં ન આવે ત્યાં સુધી તે ભવભ્રમણ ટળે નહિ. આત્મજ્ઞાન વગર અનંતવાર બાહ્ય ત્યાગી કે પંડિત થઈને પણ જીવ ભવમાં રઝળ્યો; શાસ્ત્ર પણ અનંતવાર ભણ્યો, પણ આત્માને ન જાણ્યો; પોતાના આત્માનો જેવો સ્વભાવ છે તેને જાણ્યા વિના પર સન્મુખ રહીને જ બધુંય કર્યું છે, પોતાના આત્મસ્વભાવની અંતરસન્મુખ થઈને રુચિ—પ્રતીતિ કદી કરી નથી. જો આત્મસ્વભાવની રુચિ-પ્રતીતિ કરે તો આ ભવભ્રમણ રહે નહિ. જેને ભવભ્રમણનો ત્રાસ લાગ્યો છે અને આત્માને સમજીને ભવભ્રમણથી છૂટવા માંગે છે એવા જિજ્ઞાસુ જીવને અહીં આચાર્યદેવ આત્માનું સ્વરૂપ સમજાવે છે.

આત્મા કેવો છે તેની આ વાત ચાલે છે; તેમાં ચૌદમો બોલ છે. આત્મા ત્રિકાળી દ્રવ્ય છે; તેની ભૂતકાળમાં જે પર્યાયો થઈને ભવિષ્યમાં જે પર્યાયો થશે તે પર્યાયોપણે પણ આત્મા વર્તમાનમાં જણાય એવો તેનો સ્વભાવ છે. ભૂત-ભવિષ્યની પર્યાયોને જાણી લેવાની તાકાત જ્ઞાનમાં જ છે, ઈન્દ્રિયોમાં કે રાગમાં એવી તાકાત નથી. જુઓ, જ્ઞાનની કેટલી મોટાઈ છે! તે ભવિષ્યની સિદ્ધ પર્યાયપણે આત્માને વર્તમાનમાં જાણી લ્યે છે. આત્મામાં અનંતા ગુણ—પર્યાયો છે તે બધાયને જ્ઞાન જાણી લ્યે એવી તેનામાં તાકાત છે. ત્રણ કાળના પર્યાયોપણે થનારું મારું દ્રવ્ય છે—એમ જ્યાં જાણે ત્યાં જ્ઞાન દ્રવ્યસ્વભાવની સન્મુખ થઈને, વિકલ્પ તૂટીને વીતરાગતા ને કેવળજ્ઞાન થયા વિના રહે નહિ. દ્રવ્યસન્મુખ દૃષ્ટિ થતાં જ વર્તમાનપર્યાયમાં અંશે શુદ્ધતારૂપ ભાવ થયો એટલે કે ભૂત-ભવિષ્યની પર્યાયપણે દ્રવ્યને જાણનાર જીવને વર્તમાન પર્યાયમાં નિર્મળતા પ્રગટેલી છે; વર્તમાન પર્યાયમાં અંશે નિર્મળતા સહિત ભૂત-ભવિષ્યની પર્યાયપણે દ્રવ્યને જાણે—એવો આ દ્રવ્યનય છે.

જે જીવને કેવળજ્ઞાન પ્રગટવાનું છે તે જીવમાં કેવળજ્ઞાન પ્રગટવાનો ધર્મ તો સદાય છે. 'કેવળજ્ઞાનની શક્તિ' અને કેવળજ્ઞાન પ્રગટવાનો ધર્મ'—એ બંને જુદી ચીજ છે; કેવળજ્ઞાનની શક્તિ તો અભવ્યમાં પણ છે, પરંતુ કેવળજ્ઞાન પ્રગટવાનો ધર્મ તેનામાં નથી. અભવ્યમાં કેવળજ્ઞાનની શક્તિરૂપ સ્વભાવ છે, પણ તેને કેવળજ્ઞાનપર્યાય કદી પ્રગટે નહિ—એવો પણ તેનો સ્વભાવ છે. અહીં તો, જે જીવ પોતાના દ્રવ્યસ્વભાવને નક્કી કરે તે જીવને પોતામાં કેવળજ્ઞાન

અલ્પકાળે પ્રગટે એવો સ્વભાવ હોય જ, તેને કેવળજ્ઞાન ન પ્રગટે—એમ બને નહિ. વર્તમાન પર્યાયમાં કેવળજ્ઞાન પ્રગટ ન હોવા છતાં 'ભવિષ્યમાં કેવળજ્ઞાનની પર્યાયપણે મારો આત્મા થવાનો છે'—એમ જેણે નક્કી કર્યું તેણે કોની સામે જોઈને તે નક્કી કર્યું? દ્રવ્યમાં કેવળજ્ઞાન થવાનો સ્વભાવ ત્રિકાળ ભર્યો છે તેની સામે જોઈને તેણે તે નક્કી કર્યું છે, એટલે વર્તમાનમાં તો તે સાધક થઈ ગયો છે ને અલ્પકાળે તેને કેવળજ્ઞાનદશા પ્રગટી જશે.

* * *

અહીં દ્રવ્યનયના દૃષ્ટાંતમાં બાળકનું દૃષ્ટાંત આપ્યું છે; તે બાળક એવો છે કે આયુષ્યવંત છે અને ભવિષ્યમાં શેઠ થવાનો છે; તેને લોકો ભાવી પર્યાયપણે લક્ષમાં લઈને કહે છે કે 'આ શેઠ છે; ત્યાં ભવિષ્યમાં શેઠ થનાર બાળક વર્તમાનમાં શેઠ તરીકે પ્રતિભાસે છે એવો તેનો ધર્મ છે. તેમ સિદ્ધાંતમાં એવો જીવ લેવો કે જે ભવિષ્યમાં સિદ્ધ થનાર છે, તે વર્તમાનમાં સિદ્ધપણે પ્રતિભાસે એવો તેનો ધર્મ છે. ધર્મી પોતે પોતાના આત્માને ભવિષ્યની સિદ્ધપર્યાયપણે વર્તમાનમાં જુએ છે. આ દ્રવ્યમાં ભવિષ્યમાં આ પર્યાય થવાની છે—એમ પોતાના જ્ઞાનમાં તે વાત આવી ગઈ ત્યારે દ્રવ્યનય લાગુ પડ્યો.

શ્રી ભગવાનની વાણીમાં આવ્યું કે 'આ જીવ ભવિષ્યમાં સિદ્ધ થશે'; બીજા શ્રુતજ્ઞાનીના ખ્યાલમાં તે વાત આવી અને 'આ આત્મા સિદ્ધ છે' એમ ભાવિ પર્યાયપણે તે આત્માને વર્તમાનમાં ખ્યાલમાં લીધો, તો તે જ્ઞાનમાં દ્રવ્યનય છે; ત્યાં દ્રવ્યનયથી જોતાં ભવિષ્યની સિદ્ધ-પર્યાયપણે જણાય તેવો ધર્મ તો તે આત્માનો છે; ભગવાનની વાણીને લીધે કે જ્ઞાનને લીધે તે ધર્મનું હોવાપણું નથી.

દ્રવ્યનયમાં બીજો દાખલો શ્રમણ થઈ ગયેલા રાજાનો આપ્યો છે. પહેલા રાજા હોય ને પછી વૈરાગ્ય પામીને મુનિ થઈ ગયા હોય, છતાં પૂર્વની રાજા પર્યાય તરીકે વર્તમાનમાં ભાસે એવો તેનો ધર્મ છે. સનત્કુમાર ચક્રવર્તી મુનિ થયા ને તેમને રોગ થયો; ત્યાં દ્રવ્યનયથી એમ કહેવાય કે 'આ સનત્કુમાર ચક્રવર્તીને રોગ થયો.'—એ રીતે પૂર્વની પર્યાય તરીકે જણાય એવો વસ્તુનો એક ધર્મ છે.

દ્રવ્યને ભૂતકાળની પર્યાયપણે જાણવું કે ભવિષ્યકાળની પર્યાયપણે જાણવું તે બંને પ્રકારો દ્રવ્યનયમાં સમાઈ જાય છે. ભૂતકાળની પર્યાયરૂપે ઓળખાય એવો ધર્મ જુદો ને ભવિષ્યની પર્યાયરૂપે ઓળખાય એવો ધર્મ જુદો—એમ જુદા જુદા બે ધર્મો નથી, એક જ ધર્મમાં તે બંને પડખા સમાઈ જાય છે.

નામ, સ્થાપના, દ્રવ્ય ને ભાવ એ ચારે નિક્ષેપો થાય એવા ચાર ધર્મો દરેક આત્મામાં છે; વસ્તુ પોતે અનંત ધર્મોનો પિંડ છે, તેમાં કાંઈ એકેક ધર્મ જુદા પડતા નથી. એકેક ધર્મ તે એકેક નયનો વિષય છે ને આખી વસ્તુ પ્રમાણનો વિષય છે. શ્રુતજ્ઞાન જાણનાર છે ને ધર્મો તેનો વિષય છે, એક નયનો વિષય એક ધર્મ છે. વસ્તુમાં અનંત ધર્મો છે તેમાંથી એક પણ અંશને જો ઓછો માને તો વસ્તુ જ સિદ્ધ થાય નહિ. આત્માને સર્વથા ક્ષણિક ધર્મવાળો જ માનનાર બૌદ્ધની કે સર્વથા કૂટસ્થ ધર્મવાળો જ માનનાર વેદાંત વગેરેની કોઈ વાત આમાં રહેતી નથી; કેમ કે તે તો બધા એકાંત એક પક્ષને જ પુરું માનનારા છે એટલે તેનો એક પક્ષ પણ સાચો રહેતો નથી. અંશ અંશપણે

ત્યારે સાચો કહેવાય કે જો અંશીના બીજા અંશોને પણ માનતો હોય! પરંતુ જે એક અંશને જ આખું સ્વરૂપ માની લ્યે તેને તો અંશ અંશ તરીકે પણ ન રહ્યો ને અંશી પણ ન રહ્યો. એટલે તેને તો અંશી કે અંશ એકેય સાચા નથી.

જો કોઈ આત્માને સર્વથા શુદ્ધ જ માને, ને તેની પર્યાયમાં ક્ષણિક અશુદ્ધતારૂપ ધર્મ છે તેને ન માને તો એક જ અંશને આખી વસ્તુ માનતાં તેનો અંશ અંશ તરીકે ન રહ્યો, તેમજ બીજા અંશો ન માન્યા એટલે અંશી પણ ન રહ્યો—એટલે કે વસ્તુ જ તેની શ્રદ્ધામાં ન આવી, તેની શ્રદ્ધા મિથ્યા થઈ. વસ્તુ તો અનંત ધર્મવાળી જેમ છે તેમ છે.

એજ પ્રમાણે જે આત્મામાં એકલી ક્ષણિક અશુદ્ધતાને જ માને ને સામાન્ય શુદ્ધ પડખું છે તેને ન માને તો તેને પણ અંશ કે અંશી એકેય રહેતા નથી, એટલે કે તેની શ્રદ્ધા મિથ્યા થાય છે. અનંતધર્મવાળી વસ્તુમાં કાંઈ પણ આઘું પાછું માને તો ચાલે તેમ નથી.

જેણે એક ધર્મને જ આખો આત્મા માન્યો તેને તો તે ધર્મ અંશ તરીકે પણ સાચો ન રહયો. અંશ સાચો કયારે કહેવાય? કે આખાના સ્વીકારપૂર્વક અંશને સ્વીકારે તો અંશ સાચો કહેવાય; આખાને સ્વીકાર વગર અંશ કોનો? આખી વસ્તુના સ્વીકારપૂર્વક તેના અંશને જાણે તો અંશી અને અંશ બંને યથાર્થ રહે છે. આ રીતે અંશી અને અંશ (અર્થાત્ વસ્તુ અને ધર્મ) એ બંનેનું યથાર્થ જ્ઞાન સાથે જ છે. અખંડ અંશીને માન્યા વગર તેના અંશનું યથાર્થ જ્ઞાન હોય નહિ તેમજ અંશીના બધા અંશોને સ્વીકાર્યા વગર અંશીનું યથાર્થજ્ઞાન થાય નહિ; એટલે અનેકાન્તમાં તો જરાય અધૂરાશ નથી રહેતી ને એકાન્તવાદીનો જરાય અંશ પણ સાચો રહેતો નથી, એકમાં પુરું સત્ય છે ને બીજામાં અંશ પણ સત્ય નથી.

**દ્રવ્યનય** એમ જાણે છે કે સિદ્ધ, તીર્થંકર, ગણધર, ચક્રવર્તી વાસુદેવ—બળદેવ વગેરે જે જે પર્યાય **ભવિષ્યમાં** થવાની છે તે તે પર્યાય થવાનો ધર્મ દ્રવ્યમાં વર્તમાનમાં જ છે; તે પર્યાય પગટ્યા પહેલાં તે પર્યાય થવાનો ધર્મ તો આત્મામાં ત્રિકાળ છે એટલે કોઈ સંયોગોના કારણે તે પર્યાય થાય છે એ વાત રહેતી નથી. આમ જે સમજે તેને સંયોગદૃષ્ટિ છૂટીને સ્વભાવદૃષ્ટિ થયા વગર રહે નહિ. આ રીતે સ્વભાવદૃષ્ટિ થવી તે જ નયનું તાત્પર્ય છે.

—એ પ્રમાણે ચૌદમા દ્રવ્યનયથી આત્માનું વર્ણન પૂર્ણ થયું.

# ભાવનયે, આત્માનું વર્ણન

## [૧૫]

આત્મ દ્રવ્ય ભાવનયે, પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રીની માફક, તત્કાળના (વર્તમાન) પર્યાયરૂપે ઉલ્લસે છે–પ્રકાશે છે–પ્રતિભાસે છે, જેમ પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રી પુરુષત્વરૂપ પર્યાયરૂપે પ્રતિભાસે છે તેમ આત્મા ભાવનયે વર્તમાન પર્યાયરૂપે જણાય છે.

ત્રિકાળી દ્રવ્ય ઉલ્લસીને વર્તમાન પર્યાયપણે પ્રતિભાસે છે એવો તેનો ધર્મ છે. પર્યાય તો દ્રવ્યમાં સમાય, પરંતુ અહીં તો કહે છે કે આખું દ્રવ્ય વર્તમાન પર્યાયમાં ઉલ્લસી આવે છે એટલે કે ભાવનયથી જોતાં વર્તમાન વર્તતી પર્યાયપણે દ્રવ્ય દેખાય છે. વર્તમાન સમ્યગ્દર્શન પર્યાય હોય ત્યાં આત્મા જ સમ્યગ્દર્શનપણે દેખાય છે. 'આત્મા સમ્યગ્દષ્ટિ છે, મુનિ છે, આત્મા કેવળજ્ઞાની છે' એમ વર્તમાન પર્યાયપણે દ્રવ્યને જોવું તે ભાવનય છે; અને દ્રવ્યમાં એવો એક ધર્મ છે કે વર્તમાન પર્યાયપણે તે જણાય.

અહીં આચાર્યદેવે સ્ત્રીનો દાખલો આપીને સમજાવ્યું છે. શાસ્ત્રકાર આચાર્ય ભગવાન તો વીતરાગી સંત છે; વસ્તુનું સ્વરૂપ સમજાવવા માટે જે દૃષ્ટાંત લક્ષમાં આવ્યું તે દૃષ્ટાંત નિ:શંકપણે આપ્યું છે તેમાં પોતાને તો વીતરાગભાવ છે. જેમ કોઈ વાર પુરુષના જેવી ચેષ્ટારૂપે સ્ત્રી પ્રવર્તતી હોય ત્યારે તે સ્ત્રી પુરુષપણે પ્રતિભાસે છે, તેમ વર્તમાન પર્યાયપણે પ્રવર્તતું દ્રવ્ય પણ ભાવનયથી તે પર્યાયપણે પ્રતિભાસે છે, પર્યાય તો દ્રવ્યમાં તન્મય થઈને પરિણમે છે પણ અહીં તો કહે છે કે દ્રવ્ય પોતે ઉલ્લસીને તે તે કાળના પર્યાયમાં તન્મય થઈ જાય છે, એટલે તે પર્યાયપણે જણાય છે. શુદ્ધ સમ્યગ્દર્શન વગેરે પર્યાયો થઈ તે પર્યાયમાં તન્મયપણે આખું દ્રવ્ય જ પ્રતિભાસે છે, એવો આત્માનો સ્વભાવ છે. સમ્યગ્દર્શનાદિ પર્યાય થઈ તેમાં તન્મયપણે આત્મા જ પ્રતિભાસે છે એટલે કે આત્મા જ સમ્યગ્દર્શન છે–એમ ભાવનયે પ્રતિભાસે છે.

આખું દ્રવ્ય વર્તમાન પર્યાયપણે જણાય એવો અનાદિ અનંત સ્વભાવ છે, જ્યાં આવો સ્વભાવ નક્કી કર્યો ત્યાં નિર્મળ પર્યાયમાં ઉલ્લસતું દ્રવ્ય પ્રતિભાસ્યું. પર્યાયમાં દ્રવ્ય ઉલ્લસતું પ્રતિભાસે છે,—પણ કોને? કે જેણે દ્રવ્યને પ્રતીતમાં લીધું છે તેને. આ રીતે અહીં સાધકના સમ્યક્ પર્યાયોની વાત છે. કેવળી ભગવાન તો નયાતિક્રાન્ત છે, તેમને નયથી કાંઈ સાધવાનું રહ્યું નથી; ને અજ્ઞાની જીવને તો દ્રવ્યનું ભાન નથી તેથી તેને પણ પર્યાયમાં દ્રવ્ય ઉલ્લસતું ભાસતું નથી; તેણે તો વિકલ્પને અને રાગને જ આત્મા માન્યો છે એટલે તેને તો પર્યાયમાં રાગ જ ઉલ્લસતો ભાસે છે, જેને અખંડ દ્રવ્યનું ભાન છે એવા સાધક જીવને પર્યાયમાં દ્રવ્ય ઉલ્લસતું

પ્રતિભાસે છે. તે જ્યારે ભાવનયથી જુએ છે ત્યારે સમ્યગ્દર્શનાદિ વર્તમાન પર્યાયપણે આખો આત્મા તેને ભાસે છે. એ પ્રમાણે વર્તમાનપર્યાયરૂપે ઉલ્લસતું પ્રતિભાસે એવો દ્રવ્યનો ધર્મ છે. અજ્ઞાનીના આત્મામાં પણ આવો ધર્મ તો છે, પરંતુ તેને પોતાને દ્રવ્યનું ભાન નથી એટલે 'વર્તમાન પર્યાયમાં દ્રવ્ય ઉલ્લસે છે' એમ તેને પ્રતિભાસતું નથી, તેથી તેને ભાવનય હોતો નથી. દ્રવ્ય પોતે પર્યાયપણે ઉલ્લસે છે—એમ જેને ભાસે તે બહારના આશ્રયે પર્યાયની નિર્મળતા થવાનું માને નહિ. મારી વર્તમાન પર્યાયમાં મારૂં દ્રવ્ય ઉલ્લસે છે એમ જેને પ્રતિભાસ્યું તેને દ્રવ્યસન્મુખ દૃષ્ટિ ગઈ ને સમ્યગ્જ્ઞાન થયું અને તેને ભાવનય લાગુ પડ્યો; આ સિવાય ભાવનય હોતો નથી કેમ કે ભાવનય તે સમ્યગ્જ્ઞાનનો અંશ છે.

સર્વજ્ઞભગવાને અનંત ધર્મોવાળો આત્મા પ્રત્યક્ષ જોયો છે, તેવો જ અનંતધર્મોવાળો આત્મા સાધકને શ્રુતજ્ઞાનપ્રમાણથી પરોક્ષ ખ્યાલમાં આવે છે,. તેમાં અંશે સ્વસંવેદનપ્રત્યક્ષ પણ છે. શ્રુતજ્ઞાનમાં અનંત નયો સમાય છે; એવા શ્રુતજ્ઞાનને સ્વસન્મુખ કરીને, જેવો સર્વજ્ઞે જોયો તેવો આત્મા પોતાના ખ્યાલમાં આવ્યા વિના જ્ઞાન સમ્યક્ પ્રમાણ થાય નહિ, તેથી અહીં આચાર્યદેવે આત્માની યથાર્થ ઓળખાણ કરાવી છે.

અહીં ૪૭ નયોથી આત્મસ્વભાવનું વર્ણન કર્યું છે, તેમાંથી ૧૫માં નય ઉપરનું વિવેચન પૂરું થયું છેલ્લે નામ—સ્થાપના-દ્રવ્ય અને ભાવ એ ચાર નયોથી આત્માનું વર્ણન કર્યું. હવે સમાન્યનય અને વિશેષનયથી આત્માનું વર્ણન કરે છે.

એક સેકંડનું સમ્યગ્દર્શન અનંત જન્મમરણનાં દુ:ખોનો નાશ કરીને મોક્ષસુખનો અપૂર્વ સ્વાદ ચખાડે છે. જીવને ત્રણકાળ ત્રણલોકમાં સમ્યગ્દર્શન-સમાન શ્રેષ્ઠ હિતકારી બીજું કોઈ નથી. આવા સમ્યગ્દર્શનને હે જીવો! તમે સર્વ ઉદ્યમપૂર્વક આજે જ આરાધો....એમ શ્રી ગુરુઓનો ઉપદેશ છે.

# સામાન્યનયે આત્માનું વર્ણન

## [૧૬]

આત્મદ્રવ્ય સામન્યનયે, હાર-માળા-કંઠીના દોરાની માફક, વ્યાપક છે; જેમ મોતીની માળાનો દોરો સર્વ મોતીમાં વ્યાપે છે તેમ આત્મા સામાન્યનયે સર્વ પર્યાયોમાં વ્યાપે છે.

ભાવનયથી આત્મા વર્તમાન પર્યાયપણે પ્રતિભાસે છે એટલે કે વર્તમાન એક પર્યાયમાં વ્યાપેલો પ્રતિભાસે છે—એમ કહ્યું, અને અહીં કહે છે કે સામાન્યનયથી આત્મા બધી પર્યાયોમાં વ્યાપક એક દ્રવ્યપણે દેખાય છે. આ સામાન્યનય એમ બતાવે છે કે હે જીવ! તારી પર્યાયમાં સદાય તું જ વ્યાપક છો, તારી પર્યાયમાં કોઈ બીજો આવતો નથી, એટલે તારી પર્યાય પ્રગટવા માટે તારે કોઈ પર સામે જોવાનું રહેતું નથી, પણ તારા દ્રવ્યની સામે જ જોવાનું રહે છે.

જે પોતાની પર્યાયમાં કદી વ્યાપક નથી એવા પરદ્રવ્ય ઉપર દૃષ્ટિ રાખતાં નિર્મળ પર્યાય પ્રગટતી નથી, પણ જે પોતાની સમસ્ત પર્યાયોમાં વ્યાપક છે એવા સ્વદ્રવ્ય ઉપર દૃષ્ટિ કરતાં તેના આશ્રયે નિર્મળ પર્યાય પ્રગટે છે, તે ધર્મ છે. આ સિવાય નિર્દોષ આહારના કારણે ધર્મ થાય એમ જેણે માન્યું તેણે પોતાની ધર્મપર્યાયમાં આત્માને વ્યાપક ન માન્યો પણ અચેતન આહારને પોતાની પર્યાયમાં વ્યાપક માન્યો; પણ આહાર તો પરદ્રવ્ય છે, તે પોતાની પર્યાયમાં વ્યાપતું નથી તો તેના કારણે ધર્મ કેમ થાય? પોતાની પર્યાયમાં પોતાનો આત્મા વ્યાપક છે તે જ ધર્મનું કારણ છે.

દેવ—ગુરુ-શાસ્ત્ર પણ આ આત્માની પર્યાયમાં વ્યાપતા નથી; તેથી તે દેવ—ગુરુ-શાસ્ત્રની ભક્તિનો ભાવ કે દુઃખી જીવોની સેવા વગેરેનો ભાવ તે પુણ્યભાવ છે, પણ તે ધર્મની ક્રિયા નથી. ધર્મની ક્રિયા કઈ?—કે અનંત ધર્મને ધરનાર એવા નિજ આત્માને પ્રથમ શ્રદ્ધા-જ્ઞાનમાં નક્કી કરવો ને પછી તેમાં એકાગ્ર થવું તે ધર્મની ક્રિયા છે. ધર્મી એવો જે આત્મા તેના આધારે જ ધર્મની ક્રિયા થાય છે, આત્મા સિવાય પરના આધારે ધર્મની ક્રિયા થતી નથી.

પહેલાં દ્રવ્યનયથી આત્માને ચૈતન્યમાત્ર કહીને અભેદપણું બતાવ્યું; અને અહીં સામાન્યનયથી આત્માનું સમસ્ત પર્યાયોમાં વ્યાપકપણું કહીને સામાન્યપણું બતાવે છે; આ બધા એકેક ધર્મ છે અને તે એકેક નયનો વિષય છે. સર્વ ગુણ—પર્યાયોમાં આત્મદ્રવ્ય જ એકરૂપે વ્યાપક છે એટલે તે સામાન્ય છે.—આમ સામાન્ય ધર્મથી દ્રવ્યને જાણવું તે સામાન્યનય છે.

દરેક ધર્મના વર્ણનમાં આચાર્યદેવે દૃષ્ટાંત આપીને સમજાવ્યું છે; અહીં મોતીની માળાનું દૃષ્ટાંત છે જેમ માળા તેના બધા મોતીમાં વ્યાપેલી છે, માળાનો દોરો અમુક મોતીમાં હોય ને અમુક

મોતીમાં ન હોય-એમ નથી, બધા મોતીમાં માળાનો દોરો સળંગ છે; વળી તે માળાનું દરેક મોતી ક્રમસર ગોઠવાયેલું છે, તે આડું અવળું થતું નથી તેમ આત્મદ્રવ્ય તેની અનાદિ અનંતકાળની બધી પર્યાયોમાં વ્યાપેલું છે, કોઈપણ પર્યાય આત્મદ્રવ્ય વગરની હોતી નથી, તેમ જ તે બધી પર્યાયો ક્રમસર છે, કોઈ પર્યાય આડીઅવળી થતી નથી. આ રીતે દ્રવ્યનો એવો વ્યાપકધર્મ છે કે પોતાના સમસ્ત પર્યાયોમાં તે વ્યાપે છે.

**ભાવનયે જોતા વર્તમાનપર્યાયપણે જ દ્રવ્ય પ્રતિભાસે છે;**
**દ્રવ્યનયે જોતાં ભૂત–ભાવીપર્યાયપણે દ્રવ્ય પ્રતિભાસે છે;**

અને સામાન્યનયે જોતાં ત્રણકાળના પર્યાયોમાં વ્યાપકપણે દ્રવ્ય પ્રતિભાસે છે.—આનો અર્થ જ એ થયો કે વર્તમાનની પર્યાય વર્તમાનમાં છે, ભૂતકાળની પર્યાય ભૂતકાળમાં છે ને ભવિષ્યની પર્યાય ભવિષ્યમાં છે, કોઈ પર્યાય આઘી પાછી થતી નથી. જો ભવિષ્યની પર્યાયનો ક્રમ દ્રવ્યમાં નિશ્ચિત ન હોય તો ભાવિપર્યાયપણે દ્રવ્ય પ્રતિભાસી શકે જ નહિ. જેમ મોતીની માળામાં મોતીનો ક્રમ આઘો પાછો થતો નથી, તેમ ત્રણકાળની પર્યાયમાળામાં વ્યાપક એવા દ્રવ્યમાં કોઈ પર્યાયનો ક્રમ આઘોપાછો થતો નથી; અને પરને લીધે કોઈ પર્યાય થતી નથી એ વાત પણ આમાં આવી જ ગઈ. દ્રવ્યની પર્યાયો તેના સ્વઅવસરે જ થાય છે; આગળ-પાછળ થતી નથી—એ વાત ૯૯ મી ગાથાના પ્રવચનોમાં વિશેષ વિસ્તારથી આવી ગઈ છે.


અહીં અધ્યાત્મનયો છે તેથી નય અને નયના વિષયરૂપ ધર્મને એકરૂપે વર્ણવે છે. વસ્તુના અનંતધર્મોમાં અનંત નયો વ્યાપે છે—એમ કહીને નયોની સ્વસન્મુખતા બતાવી છે; આ નયો પરમાં વ્યાપતા નથી પણ વસ્તુના નિજધર્મોમાં વ્યાપે છે એટલે પર સામે જોવાનું ન રહ્યું પણ વસ્તુની સામે જ જોવાનું રહ્યું.

અહીં કહે છે કે આત્મદ્રવ્યમાં એક એવો ધર્મ છે કે પોતાની સમસ્ત પર્યાયોમાં તે વ્યાપે છે; કોઈ પર પદાર્થ તો આત્માની પર્યાયમાં વ્યાપતા નથી ને રાગાદિભાવોમાં કે પર્યાયમાં પણ એવી તાકાત નથી કે તે સર્વ પર્યાયોમાં વ્યાપે! આથી આ વ્યાપક ધર્મને સ્વીકારવા જતાં દ્રવ્ય ઉપર જ દૃષ્ટિ જાય છે. આત્મ દ્રવ્યમાં જ એવો ધર્મ છે કે સર્વ પર્યાયોમાં વ્યાપે છે. પર્યાય તે તે કાળે દ્રવ્યમાં તન્મય થઈને વ્યાપે છે અને દ્રવ્ય પોતાની બધી પર્યાયોમાં વ્યાપે છે; એટલે કોઈ નિમિત્ત ઉપર, વિકલ્પ ઉપર કે પર્યાય ઉપર મુખ્યપણે જોવાનું ન રહ્યું, પણ દ્રવ્ય ઉપર જ જોવાનું રહ્યું. અનાદિથી જીવની દૃષ્ટિ જ પોતાના દ્રવ્ય ઉપર પડી નથી, પણ સંયોગ અને વિકારમાં જ દૃષ્ટિ રાખી છે. સામાન્યનયે સર્વ પર્યાયો વ્યાપક એવા આત્મદ્રવ્યને જે જાણે તેને નિર્મળ પર્યાય થયા વિના રહે નહિ. એકેક ધર્મ એવો છે કે તેને યથાર્થપણે નક્કી કરવા જતાં આખું દ્રવ્ય જ નક્કી થઈ જાય છે. બધા ધર્મોનો આધાર તો આત્મદ્રવ્ય છે, તેથી તે ધર્મોને જોતા ધર્મી એવું આત્મદ્રવ્ય જ પ્રતીતમાં આવી જાય છે ને તેના આશ્રયે સમ્યગ્દર્શનાદિ ધર્મ પ્રગટે છે.

**પ્રશ્ન :**—આત્મદ્રવ્ય સમસ્ત પર્યાયોમાં વ્યાપક છે એમ કહ્યું, તો શું વિકારપર્યાયમાં પણ આત્મા વ્યાપક છે?

**ઉત્તર :**—હા; વિકારપર્યાયમાં પણ તે સમયપૂરતો આત્મા વ્યાપક છે;–પણ આમ જેણે નક્કી કર્યું તેને પોતાની પર્યાયમાં એકલો વિકારભાવ જ નથી હોતો, પરંતુ સાધકભાવ હોય છે. કેમ કે 'વિકાર–ભાવ કર્મને લીધે થતો નથી એટલે કે તેમાં કર્મ વ્યાપક નથી, તે વિકારપર્યાયમાં પણ આત્મદ્રવ્ય જ વ્યાપક છે' આમ જેણે નક્કી કર્યું તેને વિકાર વખતે પણ દ્રવ્યની પ્રતીતિ ખસતિ નથી, એટલે 'પર્યાયમાં દ્રવ્ય વ્યાપક છે' એમ નક્કી કરનારને એકલા વિકારમાં જ વ્યાપકપણું રહેતું નથી પણ સમ્યકત્વાદિ નિર્મળપર્યાયમાં વ્યાપકપણું હોય છે, અને તેને જ આવો સામાન્યનય હોય છે.

એ રીતે સામાન્યનયથી આત્માનું વર્ણન કર્યું, હવે તેની સાથે વિશેષનયથી આત્માનું વર્ણન કરે છે.



જૈન શાસનનાં ઊંડાં રહસ્ય ખોલીખોલીને, આપે અદ્ભુત મહિમાવંત આત્મસ્વરૂપ સ્પષ્ટ સમજાવ્યું છે....આપના આશીર્વાદથી અમને જિનમાર્ગની પ્રાપ્તિ થઈ છે. હજારો મુમુક્ષુજીવો આપના પ્રતાપે જાગ્યા છે ને આત્મ-હિતના માર્ગમાં લાગ્યા છે. અમારી સૌની હૃદય-વીણા આપના ઉપકારના મધુર ગુંજારવથી ગુંજી રહી છે.

# વિશેષનયે આત્માનું વર્ણન
## [૧૭]

આત્મદ્રવ્ય વિશેષનયે, માળાના એક મોતીની માફક અવ્યાપક છે; જેમ માળાનું એક મોતી આખી માળામાં વ્યાપતું નથી તેથી તે અવ્યાપક છે, તેમ આત્માની એક પર્યાય સમસ્ત પર્યાયોમાં વ્યાપતી નથી તેથી વિશેષનયે આત્મા અવ્યાપક છે.

જે આ અનંત ધર્મો છે તે બધા ધર્મોને આત્માએ ધારી રાખ્યા છે; તેથી અનંત ધર્મવાન અખંડ આત્માની પ્રતીતમાં આ બધાય ધર્મોની પ્રતીત આવી જાય છે. જો આત્માના બધાય ધર્મોમાંથી એક પણ ધર્મનો નિષેધ કરે તો તેને ધર્મી એવો અખંડ આત્મા પ્રતીતમાં આવે નહિ, ને યથાર્થ આત્મા પ્રતીતમાં આવ્યા વિના કોઈ રીતે કલ્યાણનો માર્ગ પ્રગટે નહિ.

દ્રવ્ય અપેક્ષાએ આત્મા સમસ્ત પર્યાયોમાં વ્યાપક છે—એવા વ્યાપકસ્વભાવને સામાન્યનય જાણે છે; અને આત્માની એકેક પર્યાય બધી પર્યાયોમાં વ્યાપતી નથી એટલે પર્યાય અપેક્ષાએ અવ્યાપક સ્વભાવ છે—એમ વિશેષનય જાણે છે.

'નય' તે સ્વ-પરપ્રકાશક પ્રમાણજ્ઞાનનો અંશ છે, પ્રમાણથી જાણેલા અનંત ધર્માત્મક પદાર્થના એક અંશને મુખ્ય કરીને જાણે તે નય છે. નયજ્ઞાન વસ્તુમાં એક ધર્મને મુખ્ય કરીને જાણે છે, પણ તે વખતે વસ્તુમાં બીજા જે અનંત ધર્મો રહેલા છે તેમનો તે નિષેધ નથી કરતું. જો બીજા ધર્મોનો સર્વથા નિષેધ કરીને એક ધર્મને જ જાણે તો વસ્તુનું પ્રમાણજ્ઞાન નથી, તેમ જ તે નય નથી પણ નયાભાસ છે.

પર્યાય અપેક્ષાએ આત્મા સર્વવ્યાપક નથી, કેમ કે એક પર્યાય બીજી પર્યાયમાં વ્યાપતી નથી; એટલે એક પર્યાયમાંથી બીજી પર્યાય પ્રગટતી નથી, તેથી પર્યાય પ્રગટવા માટે પર્યાયની સામે જોવાનું ન રહ્યું પણ સામાન્ય વ્યાપક એવા દ્રવ્ય સામે જોવાનું રહ્યું. મિથ્યાત્વ પર્યાય ટળીને દ્રવ્યના આશ્રયે સમ્યકત્વ પર્યાય પ્રગટી, તે બંને પર્યાયમાં દ્રવ્ય વ્યાપક છે, પણ સમ્યક્ત્વપર્યાયમાં મિથ્યાત્વપર્યાય વ્યાપક નથી; આ રીતે દ્રવ્યપણે આત્મા વ્યાપક છે ને પર્યાયપણે અવ્યાપક છે. પર્યાય અપેક્ષાએ પણ જો આત્મા પોતાની સર્વ પર્યાયોમાં વ્યાપક હોય તો મિથ્યાત્વ પર્યાય પણ બધી પર્યાયોમાં વ્યાપક થઈ જાય એટલે પર્યાયમાંથી મિથ્યાત્વ કદી ટળી જ ન શકે! માટે પર્યાય અપેક્ષાએ આત્મા વ્યાપક નથી. મિથ્યાત્વ પર્યાય ટળીને સમ્યકત્વપર્યાય થતાં જાણે કે આખો આત્મા પલટી ગયો હોય—તેમ પર્યાય અપેક્ષાએ જણાય છે.

સાધકની સમ્યગ્જ્ઞાનપર્યાય વધીને કેવળજ્ઞાન થતું નથી પણ તે અધૂરીપર્યાયનો અભાવ થઈને દ્રવ્યમાંથી કેવળજ્ઞાનપર્યાય પ્રગટે છે; પૂર્વની પર્યાયનો તે કેવળજ્ઞાનપર્યાયમાં અભાવ છે. સાધકની સમ્યગ્જ્ઞાનપર્યાય થઈ તે કેવળજ્ઞાનપર્યાયમાં અવ્યાપક છે, પણ દ્રવ્ય પોતે કેવળજ્ઞાન-પર્યાયમાં વ્યાપક છે. માટે, કેવળજ્ઞાનપર્યાય પ્રગટ કરવા કોની સામે જોવું?—વ્યાપક એવા દ્રવ્યની સન્મુખતાથી જ કેવળજ્ઞાન પ્રગટે છે. જ્યાં સાધકની નિર્મળ સમ્યગ્જ્ઞાનપર્યાય પણ કેવળજ્ઞાનપર્યાયમાં વ્યાપતી નથી તો પછી રાગાદિભાવ તો આત્માની નિર્મળપર્યાયમાં કેમ વ્યાપે?

પર્યાયના આશ્રયે પર્યાય થતી નથી, કેમ કે એક પર્યાય બીજી પર્યાયમાં અવ્યાપક છે; મોક્ષમાર્ગની પર્યાયમાંથી મોક્ષપર્યાય પ્રગટતી નથી કેમ કે મોક્ષપર્યાયમાં મોક્ષમાર્ગની પર્યાય અવ્યાપક છે. જ્યાં એક નિર્મળ પર્યાય પણ બીજી પર્યાયને મદદ નથી કરતી, તો પછી શુભરાગરૂપ વિકારી પર્યાય કે શરીરાદિ જડની પર્યાય આત્માને ધર્મની પર્યાયમાં મદદ કરે એ વાત ક્યાં રહી? એક પર્યાયનું બીજી પર્યાયમાં અવ્યાપકપણું છે માટે પર્યાયનો આશ્રય છોડ, ને સર્વ પર્યાયમાં વ્યાપક એવા દ્રવ્યનો આશ્રય કર.

આત્મા અવ્યાપક છે એટલે કે તે તે કાળે વર્તતી પર્યાયને જ તે પ્રાપ્ત કરે છે, તે એક પછી એક પર્યાયને પામે છે, એક સાથે બધી પર્યાયોને પામતો નથી;—આવું અવ્યાપકપણું તે પણ આત્માનો એક ધર્મ છે, અને તે ત્રિકાળ છે. અવ્યાપકપણું પર્યાય-અપેક્ષાએ હોવા છતાં તે ધર્મ તો આત્મદ્રવ્યનો છે, એટલે પર્યાયનો વ્યય થઈ જવા છતાં આત્માના અવ્યાપકધર્મનો નાશ થઈ જતો નથી; બીજી ક્ષણે બીજા ક્ષણની પર્યાયમાં જ આત્મા વ્યાપે છે, એ રીતે તેનો અવ્યાપકધર્મ ચાલુ જ રહે છે. વિશેષપણે જોતાં તે તે સમયની પર્યાયમાં આત્મા વ્યાપે છે અને સામાન્યપણે જોતાં આત્મા પોતાની ત્રણેકાળની સમસ્ત પર્યાયોમાં વ્યાપક છે.

અજ્ઞાની લોકો કોઈ ઈશ્વરને સર્વ પદાર્થોમાં વ્યાપક માને છે, તે તો ભ્રમણા છે. અહીં તો કહે છે કે ચૈતન્ય પરમેશ્વર એવો તારો આત્મા જ તારી સમસ્ત પર્યાયોમાં વ્યાપક છે, એ સિવાય આત્મામાં કોઈ બીજું વ્યાપતું નથી ને આત્મા કોઈ બીજામાં વ્યાપતો નથી. આવા તારા આત્માનો ભરોસો કર તો તેના આશ્રયે તારું કલ્યાણ પ્રગટે. દ્રવ્યપણે વ્યાપક અને પર્યાયપણે અવ્યાપક એવા બંને ધર્મો આત્મામાં એક સાથે જ રહેલા છે. આવા બધા ધર્મોથી આત્મવસ્તુનો નિર્ણય કરતાં બધાં વિરુદ્ધ પડખાં ટળીને જ્ઞાનની નિર્મળતા થાય છે.

જેમ માળા બધા મોતીમાં રહેલી છે, પણ માળાનું એક મોતી બીજા મોતીમાં રહેલું નથી. તેમ આત્મદ્રવ્ય બધા ગુણ—પર્યાયોમાં વ્યાપક છે, પણ તેની એક પર્યાય બીજી પર્યાયમાં વ્યાપક નથી. દ્રવ્ય-ગુણ ત્રિકાળ તે ને તે જ રહે છે ને પર્યાયો ક્ષણે ક્ષણે નવી નવી થાય છે. પહેલી ક્ષણે અજ્ઞાનદશા હતી ને બીજી ક્ષણે જ્ઞાનદશા થઈ, તો ત્યાં પહેલાંની અજ્ઞાનપર્યાય બીજી જ્ઞાનપર્યાયમાં અવ્યાપક છે, પણ દ્રવ્ય તો બંને પર્યાયોમાં વ્યાપક છે.

કેવળજ્ઞાન સાદિ—અનંત એવું ને એવું રહે છે, પરંતુ તેમાં પણ પહેલા સમયની કેવળજ્ઞાન પર્યાય બીજા સમયની પર્યાયમાં વ્યાપતી નથી. બીજી સમયે 'એવી ને એવી' પર્યાય થવા છતાં 'તે ને તે જ' પર્યાય નથી. એક સમયની પર્યાયમાં ત્રણકાળને જાણવાનું સામર્થ્ય હોવા છતાં તે પોતે તો એક સમય જ ટકે છે. ક્ષાયિકભાવને સાદિ—અનંત કહ્યો તે તો પ્રવાહે છે, પણ તેમાં પહેલી ક્ષણનો ક્ષાયિકભાવ બીજી ક્ષણે રહેતો નથી, બીજી ક્ષણે બીજો નવો ક્ષાયિકભાવ પ્રગટે છે. એ—પ્રમાણે પર્યાયોનું પરસ્પર અવ્યાપકપણું છે. આવો યથાર્થ નિર્ણય કરતાં પર્યાયના આશ્રયની બુદ્ધિ છૂટીને દ્રવ્યસન્મુખ બુદ્ધિ થતાં સાધકભાવ પ્રગટે છે.

(૪૭ નયોથી આત્મદ્રવ્યનું વર્ણન કર્યુ છે તેમાંથી ૧૭માં નય ઉપર વિવેચન અહીં પૂરું થયું.)

* * *

ચૈતન્યમૂર્તિ આત્મા અનંત ધર્મોથી મહિમાવંત છે. જેણે પોતાનું અપૂર્વ આત્મહિત પ્રગટ કરવું હોય તેણે આત્માના સ્વભાવને જેમ છે તેમ જાણવો જાઈએ. આત્મસ્વભાવને બરાબર જાણ્યા વિના તેનો મહિમા આવે નહિ અને પરનો મહિમા ટળે નહિ. આત્માનો મહિમા આવ્યા વગર જ્ઞાન તેમાં ઠરે નહિ એટલે કે આત્મહિત પ્રગટે નહિ. આત્માને ઓળખતાં તેનો મહિમા આવે અને જ્ઞાન તેમાં ઠરે એટલે આત્મહિત પ્રગટે. માટે જીવ આત્મહિતનો કામી હોય તેણે સત્સમાગમે આત્માના સ્વભાવને ઓળખવો જાઈએ.

એકેક આત્મા સ્વતંત્ર, અને દરેક આત્મામાં અનંત ધર્મ,—આવી વસ્તુસ્વરૂપની વાત જૈનદર્શન સિવાય બીજે તો ક્યાંય સાંભળવા પણ મળે તેમ નથી. સર્વજ્ઞ સિવાય અન્યવાદીઓએ વસ્તુસ્વરૂપને યથાર્થ જાણ્યું નથી પણ પોતપોતાની કલ્પના પ્રમાણે કલ્પી લીધું છે. જગતમાં અનંત આત્માઓ અને અનંત પરમાણુઓ સ્વતંત્ર—સ્વયંસિદ્ધ તત્ત્વો છે, તે દરેક પદાર્થ એક જ સમયમાં ઉત્પાદ—વ્યયધ્રુવતા સહિત છે; એકેક આત્મા અસંખ્યપ્રદેશી અને અનંત ધર્મોથી પરિપૂર્ણ છે—એવી વાત સર્વજ્ઞશાસન સિવાય બીજે ક્યાં છે? શ્રી સમન્તભદ્ર આચાર્યદેવ સ્વયંભૂસ્તોત્રમાં કહે છે કે 'હે જિનેન્દ્ર! આખું જગત પ્રત્યેક સમયે ઉત્પાદ—વ્યય—ધ્રૌવ્યલક્ષણવાળું છે—આવું જે તારું વચન છે તે તારી સર્વજ્ઞતાને જાહેર કરે છે.' ધ્રુવતા અપેક્ષાએ વસ્તુ નિત્ય છે ને ઉત્પાદ—વ્યય અપેક્ષાએ વસ્તુ અનિત્ય છે; એ રીતે એક જ વસ્તુમાં નિત્ય—અનિત્યપણું એક સાથે જ રહેલું છે; અજ્ઞાનીઓને આ વાત વિરોધાભાસ જેવી લાગી છે કે અરે! જે નિત્ય હોય તે જ અનિત્ય કઈ રીતે હોય? અને જે અનિત્ય હોય તે નિત્ય કેવી રીતે હોય? એકેક વસ્તુમાં અનંત ધર્મો છે—એ વાત અજ્ઞાનીઓને સમજાતી નથી. પણ, દ્રવ્યપણે જે વસ્તુ નિત્ય છે તે જ વસ્તુ પર્યાયપણે અનિત્ય છે—આમ યથાર્થ વસ્તુસ્વરૂપ સમજતાં જ્ઞાનીને તો પ્રમોદ આવે છે કે અહો! આવી અપૂર્વ વાત મેં પૂર્વે કદી સાંભળી ન હતી.

## મિથ્યાજ્ઞાનનો વિષય જગતમાં નથી એટલે કે મિથ્યાજ્ઞાન નિરર્થક છે

વસ્તુ એક સાથે અનંત ધર્મોવાળી છે, તેને ન માનતાં વસ્તુને એકાન્ત ક્ષણિક કે એકાન્ત નિત્ય જ માને તો તે જ્ઞાન મિથ્યા છે, અને તે મિથ્યાજ્ઞાનના વિષયભૂત કોઈ વસ્તુ આ જગતમાં નથી. જે જ્ઞાનના અભિપ્રાય પ્રમાણેની વસ્તુ જગતમાં ન હોય તેને મિથ્યાજ્ઞાન કહેવાય છે; જગતમાં પદાર્થો જે સ્વરૂપે સત્ છે તે પ્રમાણે તેમને ન જાણતાં અસત્ કલ્પના કરે છે તેથી તે જ્ઞાન અસત્ છે. તે મિથ્યાજ્ઞાનનો વિષય એટલે કે તેની કલ્પના પ્રમાણેનો પદાર્થ આ જગતમાં છે જ નહિ. જગતમાં મિથ્યાજ્ઞાન છે પણ તેનું જ્ઞેય નથી. અહો! આખું જગત સમ્યગ્જ્ઞાનનો જ વિષય છે. જો જ્ઞાન પ્રમાણે વસ્તુનું સ્વરૂપ હોય તો તો તે જ્ઞાન મિથ્યા ન કહેવાય. પણ જે જ્ઞાનપ્રમાણે વસ્તુનું સ્વરૂપ ન હોય તે જ્ઞાનને મિથ્યા કહેવાય છે એટલે કે મિથ્યાજ્ઞાનનો વિષય જ નથી. આ સંબંધમાં કેટલાક ઉદાહરણ—

જેમ કોઈ કહે કે હું આકાશના ફૂલને ચૂંટું છું, તો તેની વાત મિથ્યા છે, કેમ કે આકાશનું ફૂલ જગતમાં છે જ નહિ; તેમ કોઈ એમ માને કે હું પર દ્રવ્યની ક્રિયા કરુ છું, તો તેની માન્યતા પણ મિથ્યા છે, કેમ કે જગતમાં કોઈ આત્મા એવો નથી કે જે પર દ્રવ્યની ક્રિયા કરી શકે. જેમ આકાશનું ફૂલ જગતમાં વસ્તુ જ નથી, તેમ પરની ક્રિયા કરી શકે એવી વસ્તુ જ જગતમાં નથી. તેથી 'હું પરનું કાંઈ કરી શકું' એવી મિથ્યા માન્યતાનો વિષય આ જગતમાં નથી. તે મિથ્યા માન્યતા પરમાં નિરર્થક છે અને આત્મામાં અનર્થકારી છે.

જગતમાં અજ્ઞાનીનો મિથ્યા અભિપ્રાય છે પણ તેના મિથ્યા અભિપ્રાય પ્રમાણે જગતમાં જ્ઞેય પદાર્થ નથી.

કોઈ એમ માને કે 'જગતમાં એક સર્વવ્યાપક આત્મા જ છે ને બીજું બધું સર્વથા ભ્રમ છે,' તો તેનું જ્ઞાન મિથ્યા છે, તેના મિથ્યાજ્ઞાન પ્રમાણે જગતમાં વસ્તુસ્વરૂપ નથી.

કોઈ એમ માને કે 'આત્મા સર્વથા કૂટસ્થ નિત્ય જ છે,' તો તેનું જ્ઞાન પણ મિથ્યા છે, કેમકે તેની માન્યતા પ્રમાણે સર્વથા કૂટસ્થ આત્મા જગતમાં છે જ નહિ.

કોઈ કહે કે :—તેણે આત્માને તો માન્યો ને? એટલું તો તેનું સાચું છે ને?

**ઉત્તર :—**તેણે ખરેખર આત્માને માન્યો જ નથી. તેણે જેવા સ્વરૂપે આત્માને માન્યો છે તેવો આત્મા જગતમાં છે જ નહિ, અને જેવો આત્મા છે તેવો માન્યો નથી, તેથી તેણે આત્માને માન્યો નથી.

વળી એ જ પ્રમાણે કોઈ એમ માને કે 'આત્મા સર્વથા ક્ષણિક જ છે' તો તેનું જ્ઞાન પણ મિથ્યા છે, કેમ કે તેની માન્યતા પ્રમાણે સર્વથા ક્ષણિક આત્મા જગતમાં છે જ નહિ. આ રીતે મિથ્યાજ્ઞાનનો વિષય જ જગતમાં નથી.

કોઈ એમ માને કે 'પુણ્યથી ધર્મ થાય' તો તેની માન્યતા પ્રમાણેનું જ્ઞેય જગતમાં નથી એટલે તેનું જ્ઞાન મિથ્યા છે.

ઉપાદાન–નિમિત્ત સંબંધમાં કોઈ એમ માને કે નિમિત્તને લીધે ઉપાદાનનું કાર્ય થાય, તો તેના જ્ઞાનનો વિષય જગતમાં નથી કેમ કે નિમિત્તને લીધે ઉપાદાનનું કાર્ય થાય એવી કોઈ વસ્તુ જ નથી, તેથી તેનું જ્ઞાન મિથ્યા છે. જેમ વાંઝણીનો પુત્ર એ કોઈ વસ્તુ જ નથી તેમ જગતમાં મિથ્યા જ્ઞાનનો કોઈ વિષય જ નથી, એટલે કે મિથ્યાજ્ઞાન નિરર્થક છે.

આત્મા અનંતધર્મના પિંડસ્વરૂપ છે, તે સમ્યગ્જ્ઞાનનો વિષય છે. અનંત ધર્મના પિંડસ્વરૂપ આત્માને જાણ્યા વિના સમ્યગ્જ્ઞાન થાય નહિ અનંતધર્મ સ્વરૂપ આત્માને ઓળખાવવા માટે અહીં આચાર્યદેવે ૪૭ નયોથી તેનું વર્ણન કર્યું છે, તેમાં ૧૭ નયો ઉપરનું વિવેચન આવી ગયું છે, હવે નિત્યનય અને અનિત્યનયથી આત્માનું વર્ણન કરે છે.

## ભગવાન અને ભક્ત

સર્વજ્ઞભગવંતોનું જ્ઞાન અને સુખ અતીન્દ્રિય છે એમ ઓળખનારને પોતાને પણ અતીન્દ્રિય જ્ઞાન અને સુખ થયું છે, ને તેના બળે જ તેણે સર્વજ્ઞના અતીન્દ્રિયજ્ઞાન-સુખનો નિર્ણય કર્યો છે.

એકલા ઇન્દ્રિયજ્ઞાન ને ઇન્દ્રિયસુખમાં જ ઊભા રહીને અતીન્દ્રિયજ્ઞાન-સુખનો નિર્ણય થઈ શકે નહિ.

ભગવાન અને ભક્ત એક જાતના થયા ત્યારે જ ભગવાનની ઓળખાણ થઈ.....ભગવાનની ખરી ઓળખાણ થતાં, જેવા જ્ઞાનઆનંદ ભગવાન પાસે છે તેનો નમૂનો પોતાને મળ્યો....ભક્ત અને ભગવાન વચ્ચે આવી સંધિ છે.

**"મારા પ્રભુ મને પ્રભુજી જેવા બનાવે"**

# નિત્યનયે આત્માનું વર્ણન
# [૧૮]

આત્મદ્રવ્ય નિત્યનયે, નટની માફક, અવસ્થાયી છે; જેમ રામ-રાવણરૂપ અનેક અનિત્ય સ્વાંગ ધરતો હોવા છતાં પણ નટ તો તે જ છે, તેમ પર્યાયો ક્ષણે ક્ષણે પલટતી હોવા છતાં દ્રવ્યપણે આત્મા નિત્ય ટકનારો છે, આવો આત્માનો ધર્મ છે તેને નિત્યનય જાણે છે.

અહીં આત્માને અવસ્થાયી કહ્યો તેથી એમ ન સમજવું કે તેની પર્યાય બદલતી જ નથી! અહીં તો નિત્યનયથી આત્માનો સ્વભાવ કેવો છે તે બતાવવા તેને અવસ્થિત કહ્યો છે; મનુષ્ય, સ્વર્ગ, નરક વગેરેના અનંત અવતાર થયા છતાં આત્મા તેનો તે જ અવસ્થિત છે, અવતાર બદલતાં આત્મા બદલી જતો નથી, આવો તેનો નિત્યધર્મ છે, અને તે જ વખતે તેનામાં અનિત્યધર્મ પણ સાથે જ રહેલો છે. જો આત્માના અનિત્યધર્મને ન માને એટલે કે ક્ષણે ક્ષણે તેની પર્યાય પલટે છે એમ ન માને ને સર્વથા અવસ્થિત જ માને તો તેનું શ્રુતજ્ઞાન પ્રમાણ થતું નથી. એટલે તેનો નિત્યનય પણ સાચો રહેતો નથી. વસ્તુના અનિત્ય ધર્મને માન્યા વિના બંધ-મોક્ષ વગેરે કોઈ કાર્ય સાબિત નહિ થાય.

જેમ નાટકમાં વેશ ભજવનાર કોઈ વાર રામ થાય ને કોઈ વાર રાવણ થાય, કોઈ વાર ભરથરીનો વેષ ધરીને આવે ને કોઈવાર પિંગલા થઈને આવે,—એમ અનેક વેષ ધારણ કરતો હોવા છતાં નટ તો તેનો તે જ છે. તેમ આ સંસારરૂપી નાટકમાં જીવ કોઈ વાર રાજા, કોઈ વાર રંક, કોઈ વાર મનુષ્ય ને કોઈ વાર દેવ, કોઈ વાર પુરુષ ને કોઈ વાર સ્ત્રી—એમ જુદી જુદી ક્ષણિક પર્યાયોને ધારણ કરે છે છતાં પોતે જીવપણે નિત્ય અવસ્થિત છે, આવો તેનો એક ધર્મ છે.

નાટકમાં રામ—રાવણાદિ જુદા જુદા ક્ષણિક સ્વાંગો ધરવા છતાં નટ પોતે નટ તરીકે કાયમ રહે છે, નટપણું છોડીને તે કાંઈ પાડો કે સિંહ થઈ જતો નથી. તેમ આત્મા સ્વર્ગ—નરક, રાજા અને મુનિપણું વગેરે નવી નવી ક્ષણિક પર્યાયો ધારણ કરતો હોવા છતાં આત્મા મટીને અન્યરૂપ થઈ જતો નથી, પણ આત્મપણે નિત્ય ટકનારો છે. આત્મામાં એક સાથે અનંત ધર્મો છે તેમાંથી, નિત્યનયે જોતાં આત્મા નિત્યધર્મસ્વરૂપે પ્રતિભાસે છે.

ઉત્પાદ—વ્યય—ધ્રુવસહિત જ દરેક વસ્તુ છે, આત્મા પણ એક સમયમાં ઉત્પાદ—વ્યય ને ધ્રુવતા એવા ત્રણ અંશોને ધારણ કરે છે. તેમાં ઉત્પાદ-વ્યય અપેક્ષાએ ક્ષણિકતા છે ને ધ્રુવ અપેક્ષાએ નિત્યતા છે. ધ્રુવ અપેક્ષાએ જોતાં આત્મા નિત્યપણે દેખાય છે; અને ઉત્પાદ-વ્યય અપેક્ષાએ જોતા તે

જ આત્મા ક્ષણિકપણે દેખાય છે. અહો! આવો વસ્તુભાવ સર્વજ્ઞભગવાનના શાસન સિવાય બીજે ક્યાંય સાંભળવા મળતો નથી. સર્વજ્ઞના માર્ગ સિવાય આવું અનેકાન્તસ્વરૂપ જાણવામાં આવી શકે નહિ અને જે આવું અનેકાન્તસ્વરૂપ જાણે તે સર્વજ્ઞ થયા વિના રહે નહિ.

સર્વજ્ઞ પરમાત્મા સિવાય બીજાઓએ પૂરું વસ્તુસ્વરૂપ જાણ્યા વિના તેના એકેક અંશને પકડીને તેને જ વસ્તુસ્વરૂપ માની લીધું. જેમ આંધળાના હાથમાં હાથીનું જે અંગ આવ્યું તેવો જ હાથી તેણે કલ્પી લીધો તેમ અજ્ઞાનીઓએ વસ્તુના એક ધર્મને પકડીને તેને જ આખી વસ્તુ માની લીધી છે. વેદાંત વગેરે વસ્તુના એક નિત્યધર્મને પકડીને આત્માને એકાંત નિત્ય જ માને છે, ને બૌદ્ધ એકલા અનિત્યધર્મને પકડીને આત્માને એકાંત ક્ષણિક જ માને છે, તેઓએ યથાર્થ વસ્તુને જાણી નથી અને તેમનો અંશ પણ સાચો નથી. જૈનમાં સર્વજ્ઞભગવાન કહે છે કે આત્મામાં નિત્યપણું અને અનિત્યપણું બંને ધર્મો એક સાથે જ રહેલા છે, ને એ પ્રમાણે દરેક વસ્તુમાં અનંતધર્મો એક સાથે રહેલા છે. આમ આખી વસ્તુના સ્વીકારપૂર્વક કોઈ અપેક્ષાએ તેને નિત્ય કહે અને કોઈ અપેક્ષાએ અનિત્ય કહે, તો તેનો નિત્યઅંશ અને અનિત્યઅંશ બંને સાચા છે. વેદાંતમતમાં વસ્તુને એકાંત નિત્ય માને છે પણ તેની સાથે રહેલા અનિત્યઅંશને કબૂલતા નથી એટલે તેનો નિત્યઅંશ પણ સાચો નથી. અને બૌદ્ધમતમાં વસ્તુને એકાંત ક્ષણિક માને છે પણ તેની સાથે રહેલા બીજા નિત્યઅંશને નથી માનતા, તેથી તેનો ક્ષણિકઅંશ પણ સાચો નથી, જેનો અંશી સાચો નથી તેનો અંશ પણ સાચો નથી, વસ્તુના યથાર્થ સ્વરૂપને જાણ્યા વિના તેના એક ધર્મનું પણ યથાર્થ જ્ઞાન થતું નથી. એક ધર્મથી વસ્તુને કહેતાં તે જ વખતે બીજા અનંત ધર્મો પણ વસ્તુમાં રહેલા છે તેના સ્વીકાર વગર એક ધર્મનો સ્વીકાર પણ સાચો નથી. માટે બધા પડખેથી વસ્તુસ્વરૂપને નક્કી કરવું જોઈએ.

નિત્યનયથી વસ્તુને ધ્રુવ અવસ્થિત વર્ણવી, પણ તે જ વખતે વસ્તુમાં અનિત્યધર્મ પણ રહેલો છે, તેથી હવે અનિત્યનયથી તેનું વર્ણન કરે છે.

# અનિત્યનયે આત્માનું વર્ણન

## [૧૯]

આત્મદ્રવ્ય અનિત્યનયે, રામ–રાવણની માફક, અનવસ્થાયી છે; જેમ નટે ધારણ કરેલા રામ–રાવણ વગેરે સ્વાંગો ક્ષણિક છે તેમ અનિત્યધર્મની અપેક્ષાએ જોતાં આત્મા ક્ષણિક છે અનિત્યનયથી આત્માને અનિત્યધર્મપણે જોતી વખતે પણ ધર્મીને આત્માની નિત્યતાનું ભાન સાથે જ વર્તે છે.

આત્માની નિત્યતા વગર દુ:ખ–સુખાદિ પર્યાયો દ્રવ્યની છે એમ સિદ્ધ થાય નહિ; દુ:ખ ટાળીને સુખ પ્રગટ કર્યું તે બંને દશાઓમાં સળંગપણે રહીને જીવ તે દુ:ખ–સુખને વેદે છે.–એમ નિત્યતા વિના સાબિત થાય નહિ. તેમ જ અનિત્યતા વગર દુ:ખ ટાળીને સુખ કરવાનું, શ્રવણ–મનન કરવાનું વગેરે કાંઈ કાર્ય બની શકે નહિ. નિત્યતા અને અનિત્યતા એવા બંને ધર્મો વગર આત્માનું અસ્તિત્વ જ સિદ્ધ ન થાય. આત્મામાં નિત્યપણું અને અનિત્યપણું એ બંને ધર્મો ત્રિકાળ છે.

કોઈ એમ કહે છે કે 'સંસારદશા વખતે તો આત્મામાં અનિત્યધર્મ છે, પણ સિદ્ધ થયા પછી તે રહેતો નથી'–તો એમ નથી. સિદ્ધના આત્મામાંય અનિત્યધર્મ પણ રહેલો છે. કેવળજ્ઞાન અને સિદ્ધદશા પ્રગટ્યા પછી એવા ને એવા અનંતકાળ રહેતા હોવા છતાં તેમાંય ક્ષણે ક્ષણે પરિણમન તો થયા જ કરે છે.

દુ:ખ અને સુખ બંને દશામાં જો આત્માની સળંગતા ન હોય તો દુ:ખ ટાળીને સુખ પ્રગટ્યું તેને ભોગવશે કોણ? અને જો આત્મામાં ક્ષણિકતા ન હોય તો દુ:ખનો નાશ થઈને સુખ પ્રગટે કઈ રીતે? માટે આત્મા ધ્રુવપણે નિત્ય ટકનારો હોવા છતાં ઉત્પાદ વ્યયપણે ક્ષણિક પણ છે, દ્રવ્યરૂપે સળંગ ટકીને ક્ષણે ક્ષણે નવી નવી પર્યાયપણે ઉપજે છે, ને જુની પર્યાયથી નાશ પામે છે. જેમ રામના સ્વાંગ વખતે રાવણનો સ્વાંગ ન હોય ને રાવણના સ્વાંગ વખતે રામનો સ્વાંગ ન હોય એટલે સ્વાંગ અપેક્ષાએ ક્ષણિકતા છે, પણ નટ તો બધાય સ્વાંગોમાં સળંગપણે રહેલો છે; તેમ આત્મામાં સંસાર વખતે સિદ્ધદશા ન હોય ને સિદ્ધદશા વખતે સંસાર ના હોય, એટલે પર્યાય અપેક્ષાએ આત્મા અનિત્ય છે. અને સંસાર કે સિદ્ધ બધી પર્યાયોમાં સળંગપણે આત્મા રહેલો છે તે અપેક્ષાએ આત્મા નિત્ય છે.

શાસ્ત્રમાં કોઈવાર કેવળજ્ઞાન અને સિદ્ધદશાને 'કૂટસ્થ' પણ કહેવાય, કૂટસ્થ કહીને ત્યાં પરિણમનનો અભાવ નથી બતાવવો, પરંતુ સમયે સમયે પરિણમન થતું હોવા છતાં સદૃશરૂપ કેવળજ્ઞાન અને સિદ્ધદશાપણે જ પરિણમન થાય છે, અન્યથા પરિણમન નથી થતું, તે અપેક્ષાએ તેને કૂટસ્થ કહેલ છે એમ સમજવું. उत्पादव्यय-ध्रौव्ययुक्तंसत् એટલે જે સત્ હોય તે હમેશાં ઉત્પાદ

વ્યય–ધ્રુવતા સહિત જ હોય છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ કહો કે નિત્ય–અનિત્યધર્મ કહો, તેના વગર કોઈ વસ્તુ હોઈ શકે જ નહિ.

એક વખત એક વેદાંતી ચર્ચા સાંભળવા આવ્યો. થોડી વાર બેસીને ચર્ચા સાંભળી, પણ અનિત્ય પર્યાયની વાત સાંભળી ત્યાં તો ભડકી ઉઠ્યો અને 'અનિત્યતાની વાત મારે સાંભળવી નથી' એમ કહીને ભાગ્યો. પણ અરે ભાઈ! તું એટલું વિચાર તો ખરો કે પહેલા કરતાં તું કાંઈક નવું જાણવા આવ્યો તે જ તારા જ્ઞાનની અનિત્યતા સિદ્ધ કરે છે. પહેલા સાંભળવાની જિજ્ઞાસાથી આવ્યો ને પછી એમ થયું કે મારે આ વાત નથી સાંભળવી,—ત્યાં તારા વિચારો બદલ્યા કે નહિ? જો આત્માની સર્વથા નિત્યતા હોય તો આવો વિચારનો પલટો થઈ શકે નહિ.

વળી જો આત્મામાં અનિત્યતા ન જ હોય તો 'આત્મા નિત્ય છે' એવો ઉપદેશ પણ હોઈ શકે નહિ; કેમ કે સામો જીવ આત્માને નિત્ય નથી માનતો અને હવે તેને નિત્ય માનવાનું કહે છે, ત્યાં જ તેની માન્યતાનું ક્ષણિકપણું સાબિત થઈ ગયું.

આ રીતે આત્મામાં નિત્યધર્મ અને અનિત્યધર્મ બંને એક સાથે જ રહેલા છે. 'નય' તેને મુખ્ય–ગૌણ કરીને જાણે છે, પણ વસ્તુમાં તો બધા ધર્મો એક સાથે રહેલા છે.

અહીં ૧૯મા અનિત્યનયથી આત્માનું વર્ણન પૂરું થયું.

અહા, મોક્ષસુખની મજાની વાત સાંભળતાં મુમુક્ષુને સહેજે ઉલ્લાસ આવે છે : જ્ઞાનીના શ્રીમુખથી આત્માના અતીન્દ્રિય સ્વભાવસુખની વાર્તા સાંભળતાં જેના અંતરમાં ઉલ્લાસ આવે છે તે મુમુક્ષુજીવ જરૂર મોક્ષ પામે છે. આવા મોક્ષસુખની અદ્‌ભુત વાત બેહજાર વર્ષ પહેલાં કુંદકુંદાચાર્યદેવ આ ભરતક્ષેત્રમાં સંભળાવતા હતા, એ જ વાત ગુરુદેવ આજે આપણને સંભળાવે છે.....આવો, આનંદથી એનો સ્વાદ ચાખીએ.

# સર્વગતનયે આત્માનું વર્ણન

## [૨૦]

સાધક જીવ પોતાના શ્રુતજ્ઞાનને સ્વસન્મુખ કરીને અંનત ધર્મસ્વરૂપ આત્માને સ્વાનુભવથી જાણે છે; સર્વગતનયથી જોતા તે આત્મા, ખુલ્લી રાખેલી આંખની માફક, સર્વવર્તી છે. જેમ ખુલ્લી આંખ બધા પદાર્થોમાં પહોંચી વળે છે તેમ આત્માનું જ્ઞાન સર્વ પદાર્થોમાં પહોંચી વળે છે તેથી આત્મા સર્વમાં વ્યાપક છે. ખરેખર આત્મા પોતાનું સ્વક્ષેત્ર છોડીને કાંઈ પરદ્રવ્યમાં પેસી જતો નથી; પણ તેના જ્ઞાનસામર્થ્ય વડે તે સર્વ પદાર્થોને જાણી લ્યે છે, તે અપેક્ષાએ તેને સર્વવ્યાપક કહ્યો છે—એમ સમજવું. આ પણ આત્માનો એક ધર્મ છે, ને તે જ વખતે તેની સાથે બીજા અનંત ધર્મો રહેલા છે. બીજા ધર્મોનો સર્વથા નિષેધ કરીને એકાંત એક ધર્મને જ પકડી બેસે. તો તે નય કહેવાય નહિ, તે તો મિથ્યાજ્ઞાન છે, મિથ્યાજ્ઞાનમાં નય હોય નહીં.

જેમ ખુલ્લી આંખ બધાને દેખે છે એટલે 'આંખ બધે ઠેકાણે પહોંચી વળે છે' એમ કહેવામાં આવે છે, તેમ આત્મા લોકાલોકના સમસ્ત પદાર્થોને જાણે છે તે અપેક્ષાએ તેનામાં સર્વગતધર્મ છે. આત્માનું જ્ઞાન બધાને જાણતાં જાણે કે બધામાં વ્યાપતું હોય!—એમ સર્વગતધર્મ કહીને જ્ઞાનસામર્થ્ય બતાવ્યું છે. આત્મા પોતે ફેલાઈને કાંઈ સર્વ પદાર્થોમાં વ્યાપી જતો નથી પણ પૂરું જ્ઞાન ખીલતાં તે સર્વ પદાર્થોને જાણી લે છે તે અપેક્ષાએ તેને 'સર્વગત' કહ્યો છે. પોતાના આત્મામાં આવો સર્વગત સ્વભાવ સદાય છે, તેની પ્રતીત કરતાં જ્ઞાનનું પરિણમન વિકાસરૂપે થઈને એવું ખીલે છે કે એક સમયમાં સર્વને જાણી લ્યે. કેવળજ્ઞાન થયા પહેલાં પણ આત્મામાં 'સર્વગતધર્મ' તો છે, પણ તેની પ્રતીત કરે તેને સર્વગતધર્મ એવું કેવળજ્ઞાન પ્રગટે છે. આત્માના સર્વગતપણાની પ્રતીત કરે અને સર્વજ્ઞતા ન પ્રગટે એમ બને નહિ.

પ્રશ્ન :—એક જીવ સર્વજ્ઞ થતાં તેના કેવળજ્ઞાનમાં લોકાલોકના બધા ભાવો જણાયા, અને જેમ તેના જ્ઞાનમાં જણાયું છે તેમ જ થવાનું છે, તો પછી જીવોને પુરુષાર્થ કરવાનું ક્યાં રહ્યું? કેવળીભગવાને જે જોયું છે તેમાં કાંઈ ફેરફાર તો થવાનો નથી!

ઉત્તર :—કેવળીભગવાનના જ્ઞાનમાં જેમ જણાયું તેમ જ થશે. તેમાં કાંઈ ફેરફાર થવાનો નથી—એ વાત સાચી, પરંતુ તેથી પુરુષાર્થ ઊડી જતો નથી પણ તેમાં જ યથાર્થ પુરુષાર્થ આવી જાય છે. અહો! સર્વજ્ઞ ભગવાનના કેવળજ્ઞાનનું અચિંત્ય સામર્થ્ય જેણે પોતાની પ્રતીતમાં લીધું તેને પોતાના જ્ઞાનસ્વભાવ તરફનો અપૂર્વ પુરુષાર્થ આવી જાય છે. ભગવાનને કેવળજ્ઞાન પ્રગટ્યું તે ક્યાંથી પ્રગટ્યું?–કે જ્ઞાનસ્વભાવમાંથી; એટલે કેવળજ્ઞાનનો નિર્ણય કરતાં જ્ઞાન–સ્વભાવની સન્મુખ

દૃષ્ટિ થઈ જાય છે અને મોક્ષમાર્ગનો પુરુષાર્થ શરૂ થઈ જાય છે. કેવળીભગવાને પોતાના જ્ઞાનમાં બધું જોયું તેમાં પુરુષાર્થને પણ જોયો છે.

કેવળીભગવાનને જે કેવળજ્ઞાન પ્રગટ્યું તે આત્માની શક્તિમાંથી જ પ્રગટ્યું છે; કાંઈ બહારથી કે રાગમાંથી નથી આવ્યું. અહો! મારા આત્મામાં સર્વગતપણું પ્રગટ થાય એવું સામર્થ્ય છે.—આમ જેણે પોતાની પર્યાયમાં સર્વગતશક્તિનો નિર્ણય કર્યો તેણે દ્રવ્યસન્મુખ એકાગ્રતાવડે જ તે નિર્ણય કર્યો છે, એટલે તે પોતે સ્વભાવ તરફના પુરુષાર્થથી મોક્ષમાર્ગમાં આવી જ ગયો છે અને કેવળીપ્રભુના સર્વગતજ્ઞાનમાં પણ એમ જ ભાસ્યુ છે; તે જીવને હવે અલ્પકાળમાં મોક્ષદશા થઈ જશે. જુઓ આ આત્માના સર્વગતધર્મની પ્રતીતનું ફળ! એક ધર્મને જુદો પાડીને પ્રતીતમાં લેવાની આ વાત નથી, પણ એક ધર્મનો યથાર્થ નિર્ણય કરવા જતાં દૃષ્ટિ અખંડ દ્રવ્યમાં ઘૂસી જાય છે. આત્માના સર્વગતધર્મની પ્રતીત કોઈ પરની સામે જોઈને નથી થતી; પણ સર્વગતધર્મ આત્માનો છે તેથી આત્મા સામે જોઈને તેની પ્રતીત થાય છે. સર્વગતધર્મની પ્રતીત કરનારને પર સામે જોવાનું તો ન રહ્યું ને પોતામાં પણ રાગ દ્વેષ કે અલ્પજ્ઞતા ઉપર દૃષ્ટિ ન રહી; 'અલ્પજ્ઞતા જેટલો હું' એવી પ્રતીત ન રહી, રાગાદિનો આશ્રય ન રહ્યો, અને ક્ષણિક પર્યાય ઉપર કે એકેક ધર્મના ભેદ ઉપર પણ દૃષ્ટિ ન રહી, પણ અનંત ધર્મને ધરનાર એવા અભેદ દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગઈ. અભેદ દ્રવ્યની દૃષ્ટિ વગર તેના એકેક ધર્મનું પણ સાચું જ્ઞાન થતું નથી. આ રીતે સર્વગતધર્મને કબૂલનાર જીવની દૃષ્ટિમાં કોઈપણ પરનો, વિકારનો, અલ્પજ્ઞતાનો કે ભેદનો આશ્રય ન રહ્યો પણ અખંડ પરિપૂર્ણ શુદ્ધ સ્વદ્રવ્યનો જ આશ્રય રહ્યો; સ્વભાવના આશ્રયે તેને અલ્પકાળમાં સર્વજ્ઞદશા થયા વિના રહે નહીં.

'અહો, સર્વ પદાર્થોને જાણી લઉં એવું મારા જ્ઞાનનું સામર્થ્ય છે તેથી મારો આત્મા સર્વગત છે'—આમ સાધક ધર્માત્માને પોતાના સમ્યગ્જ્ઞાનમાં આત્માનો સ્વભાવ જણાય છે, અને તેને જ 'સર્વગતનય' હોય છે. અભવ્યને ત્રણકાળમાં કદી પણ સર્વગતપણું વ્યક્ત થાય એવો તેનો સ્વભાવ જ નથી તેમ જ તેને આવો સર્વગતધર્મ પ્રતીતમાં પણ આવતો નથી, અને જેને આવો ધર્મ પ્રતીતમાં આવે તેને સર્વગતપણું (–કેવળજ્ઞાન) પ્રગટ્યા વગર રહેતું નથી. અભવ્ય જીવને કેવળજ્ઞાનાવરણીય કર્મ છે એટલે તેને પણ કેવળજ્ઞાનની શક્તિ તો છે પણ તે કેવળજ્ઞાન પ્રગટીને સર્વગતપણું થાય એવો ધર્મ તેનામાં નથી. ધર્મી જીવને સર્વજ્ઞદશા પ્રગટ્યા પહેલાં પણ ભાવશ્રુતજ્ઞાનમાં પોતાના સર્વગત ધર્મનો નિર્ણય થઈ જાય છે, અને અલ્પકાળમાં સર્વગતપણું પ્રગટે એવો ધર્મ તેનામાં હોય છે.

'સર્વ જીવ છે સિદ્ધસમ'—નિશ્ચયથી સર્વે જીવો સિદ્ધ જેવા છે—એ કથનમાં તો અભવ્ય જીવ પણ આવી જાય છે, પરંતુ અત્યારે જે સર્વગતધર્મ કહેવાય છે એવું સાર્વગતપણું પ્રગટવાનો ધર્મ તેનામાં નથી, પણ અહીં પરની વાત નથી લેવી, અહીં તો પોતાના આત્માને જાણવાની વાત છે જે જીવ સર્વગતધર્મની પ્રતીત કરે તેને પોતામાં સર્વગતપણું પ્રગટવાનો ધર્મ ન હોય એમ બને નહીં. જેણે પોતાના સર્વગતસ્વભાવની પ્રતીત કરી તેને પર્યાય ક્ષણેક્ષણે નિર્મળ થતી જાય છે ને

અલ્પકાળમાં સર્વજ્ઞતા પ્રગટી જાય છે જેણે આત્માના સર્વગતધર્મની પ્રતીત કરી તેને, પર્યાયમાં અલ્પજ્ઞતા અને વિકાર હોવા છતાં, 'હું સદા અલ્પજ્ઞતાપણે કે રાગપણે રહીશ'—એવી શંકા રહેતી નથી, પણ તે તો નિઃશંક છે કે મારા સ્વભાવના આશ્રયે રાગ અને અલ્પજ્ઞતાને તોડીને અલ્પકાળમાં હું સર્વજ્ઞ થઈશ. નાનામાં નાના ધર્માત્માને પણ આવી નિઃશંકતા હોય છે. જો સર્વગતધર્મને જાણે તો આવી નિઃશંકતા થયા વિના રહે નહિ; અને જો આવી નિઃશંકતા ન થાય તો તેણે સર્વગતધર્મને જાણ્યો જ નથી.

'આત્મા તો સદા અલ્પજ્ઞ જ રહે, આત્માને કદી ત્રણકાળ ત્રણલોકનું પરિપૂર્ણ જ્ઞાન થાય જ નહીં'—એમ જે માને તેણે તો આત્માને અભવ્ય જેવો માન્યો છે; જો અભવ્યની મુક્તિ થાય તો એવી માન્યતાવાળાની મુક્તિ થાય! અભવ્ય જીવોને ત્રણલોકમાં સર્વજ્ઞતા પ્રગટતી નથી. જો કોઈ એમ માને કે 'આત્મા કદી સર્વજ્ઞ થાય જ નહિ, આત્મા સદા અલ્પજ્ઞ જ રહે'—તો તેણે અભવ્ય કરતાં પોતાના આત્માની કાંઈ વિશેષતા ન માની. અહીં એવા જીવોની વાત નથી. અહીં તો જેને પોતાના સર્વગતસ્વભાવની પ્રતીત થઈ જાય છે અને અલ્પકાળમાં જ સર્વજ્ઞદશા પ્રગટવાની નિઃશંકતા થઈ જાય છે એવા સાધક જીવની વાત છે. જ્યાં પોતાના સર્વગતધર્મને માન્યો ત્યાં પૂર્ણસ્વભાવની પ્રતીત થઈ, અને અલ્પજ્ઞતાનો, વિકારનો કે નિમિત્તનો આદરભાવ દૃષ્ટિમાંથી છૂટી ગયો, એટલે તેમાં જ સમ્યક્ત્વનો મહાન પુરુષાર્થ આવી ગયો. જેને આત્માના સર્વગતસ્વભાવની પ્રતીત થઈ હોય તે એમ ન માને કે 'સમ્યગ્દર્શનમાં આત્માનો પુરુષાર્થ નથી.' ચારિત્રમાં આત્માનો પુરુષાર્થ છે પણ સમ્યક્ત્વમાં આત્માનો પુરુષાર્થ નથી—એ માન્યતા તો મહા વિપરીત છે; પહેલાં સમ્યક્ત્વ વગર ચારિત્રદશા કે મુનિપણું હોવાનું જે માને તેને તો ધર્મના એકડાની પણ ખબર નથી. ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે, સમ્યગ્દર્શન વગર કોઈ જાતનો ધર્મ હોતો નથી, પણ અરેરે! મૂઢ જીવોને સમ્યગ્દર્શનના મહિમાની ખબર નથી, અને સમ્યગ્દર્શન વગર ધર્મ માની રહ્યા છે.

અહીં આત્માને 'સર્વગત' કહ્યો તેથી એવો ભ્રમ ન કરવો કે એક આત્મા સર્વ-પદાર્થોમાં વ્યાપક હશે! અહીં તો સર્વને જાણવાના સામર્થ્યની અપેક્ષાએ આત્મામાં સર્વગતપણું કહ્યું છે, પણ આત્માનું જ્ઞાન કાંઈ પરમાં જતું નથી. જેમ ચપળ માણસની આંખ ચારે કોર ફરી વળે છે—એમ કહેવાય છે પણ આંખ કાંઈ પોતાનામાંથી બહાર નીકળીને પરમાં જતી નથી, તેમ આત્માનું જ્ઞાન પરને જાણતી વખતે આત્મામાંથી નીકળીને કાંઈ પરમાં ચાલ્યું જતું નથી, પણ સર્વને જાણવાનું તેનું સામર્થ્ય છે તે અપેક્ષાએ તેને 'સર્વગત' કહેવાય છે. આવું સર્વગતપણું તે આત્માનો એક ધર્મ છે.

સર્વગતધર્મ આત્માનો પોતાનો છે એટલે ત્રણકાળ ત્રણલોકને જાણવાનું સામર્થ્ય પોતામાંથી જ પ્રગટે છે; શરીરના સંહનનને લીધે કે કર્મ ખસ્યું તેને લીધે આત્મામાં સર્વગતપણું પ્રગટ્યું નથી. આત્માના જ્ઞાનસામર્થ્યનો પરિપૂર્ણ વિકાસ થઈ જતાં તે સર્વને જાણે છે માટે સર્વગત છે, પણ ક્ષેત્રથી કાંઈ આત્મા સર્વગત નથી; ક્ષેત્રથી તો અસંખ્યપ્રદેશી જ છે પણ સામર્થ્યથી અનંત છે. અહો! આત્મામાં એવું અચિંત્ય જ્ઞાનસામર્થ્ય છે કે પોતાના સ્વક્ષેત્રમાં જ રહીને સમસ્ત પદાર્થોને એક

સમયમાં જાણી લે છે; આખા જગતમાં તેની આણ વર્તે છે. ત્રણલોકના નાથ એવા ચૈતન્ય બાદશાહનો હુકમ જગતમાં સર્વત્ર ચાલે છે, તે જ્ઞાનની આજ્ઞા બહાર જગતમાં કાંઈ પણ થતું નથી. જુઓ, અજ્ઞાનીઓ ઈશ્વરને જગતના કર્તા કહે છે એવી આ વાત નથી, પણ જ્ઞાનસામર્થ્યમાં ત્રણકાળ ત્રણલોક જણાઈ ગયા છે અને તે જ પ્રમાણે જગતમાં બની રહ્યું છે, સર્વજ્ઞના જ્ઞાનમાં જે જણાયું તેમાં કદી કાંઈ ફેરફાર થતો નથી—આ અપેક્ષાએ જ્ઞાનની આણ આખા જગતમાં વર્તે છે,—એમ કહ્યું છે. જે જીવ સર્વગતસ્વભાવને જાણે તેને સર્વજ્ઞતા પ્રગટ્યા વગર રહે નહિ. સાધક જીવ સ્વસન્મુખ થઈને પોતાની આવી શક્તિની પ્રતીત કરે છે અને તેને અલ્પકાળમાં તે શક્તિ ઊઘડી જાય છે. જે જીવ આવી શક્તિની પ્રતીત નથી કરતો તેની અહીં વાત નથી. અહીં તો જે જીવ સમજવા માટે તૈયાર થઈને ઝંખનાથી પૂછે તેને આચાર્યદેવ સમજાવે છે; એટલે ઉપાદાન નિમિત્તની સંધિ સહિતનું આ વર્ણન છે.

સર્વગતશક્તિ આત્મામાં ત્રિકાળ છે; આ સર્વગતશક્તિને જે સ્વીકારે તેને પોતાના જ્ઞાનની ખીલવટ માટે ક્યાંય નિમિત્તો સામે જોવાનું રહેતું નથી કેમ કે નિમિત્તોમાંથી સર્વગતશક્તિ આવતી નથી, સર્વગતશક્તિ પોતાની છે; એ જ પ્રમાણે પુણ્ય–પાપ કે અલ્પજ્ઞપર્યાયની સામે પણ જોવાનું રહેતું નથી કેમ કે તેના આધારે સર્વગતશક્તિ રહેલી નથી. સર્વગતશક્તિ તો દ્રવ્યના આધારે રહેલી છે એટલે સર્વગતશક્તિ કબૂલનારે દ્રવ્યની સામે જોવાનું જ રહે છે. જેની દૃષ્ટિમાં નિમિત્તોની કે પુણ્યની રુચિ છે તેને પોતાના સર્વગતસ્વભાવની પ્રતીત થતી નથી; અને પોતાની સર્વગતશક્તિને જાણનારો જીવ પુણ્યની કે નિમિત્તોના આશ્રયની રુચિ કરતો નથી. જુઓ, એક સર્વગતશક્તિ કબૂલવામાં કેટલી જવાબદારી આવે છે? સર્વગતધર્મની પ્રતીત કરનારને નિમિત્તના, પુણ્યના કે પર્યાયના આશ્રયની દૃષ્ટિ છૂટીને, અંતરમાં ચિદાનંદ અખંડ દ્રવ્ય સન્મુખ દૃષ્ટિ હોવી જોઈએ. અખંડ દ્રવ્યની દૃષ્ટિ કર્યા વગર ધર્મમાં એક ડગલું પણ આગળ ચલાય તેમ નથી.

* * *

આ પરિશિષ્ટમાં અનેક ધર્મોથી આત્મદ્રવ્યનું વર્ણન કરીને આચાર્યદેવે સ્પષ્ટ વસ્તુસ્વરૂપ ઓળખાવ્યું છે. જેને સુખી થવું હોય તેણે યથાર્થ વસ્તુસ્વરૂપ ઓળખવું જાઈએ. જેવો વસ્તુસ્વભાવ હોય તેવો જાણે તો જ સાચું જ્ઞાન થાય, અને સાચું જ્ઞાન થાય તો જ તેના ફળરૂપ સાચું સુખ પ્રગટે; એટલે સમ્યગ્જ્ઞાન તે જ ધર્મ છે અને તે જ સુખ તથા શાંતિ છે. આત્માનું જેવું સ્વરૂપ છે તેવું જ્ઞાનમાં જાણે તો તેનો મહિમા આવે અને જ્ઞાન આત્મા સન્મુખ થાય, એટલે આત્મા અને જ્ઞાનની એકતા થતાં વચ્ચેનો રાગ તૂટી જાય તેનું નામ સમ્યગ્જ્ઞાન અને વીતરાગતા છે, તે જ સુખનો ઉપાય છે, તેજ મોક્ષમાર્ગ છે, તેજ ધર્મ છે. આત્માનો અસલી સ્વભાવ જાણતાં, જ્ઞાન અને રાગની એકત્વબુદ્ધિ ટળે ને જ્ઞાન અને સ્વજ્ઞેયની (આત્મસ્વભાવની) એકત્વબુદ્ધિ થાય એનું નામ ભેદવિજ્ઞાન અથવા સમ્યગ્જ્ઞાન છે.

આત્મદ્રવ્યમાં સર્વગતધર્મ છે, તે ધર્મદ્વારા ધર્મી એવા અખંડદ્રવ્યની પ્રતીત કરીને તેમાં

એકાગ્ર થતાં સર્વગતપણું (–કેવળજ્ઞાન) પ્રગટે છે. જેણે પોતાની સર્વગતશક્તિની પ્રતીત કરી તે કોઈ પરથી, વિકારથી કે અલ્પજ્ઞતાના આધારે પોતાનું કેવળજ્ઞાન થવાનું માને નહિ. સર્વગતશક્તિવાળો આત્મા છે તેમાંથી જ સર્વજ્ઞપણું ઉઘડે છે, તેની પ્રતીત કરીને તેમાં એકાગ્ર થતાં સર્વગતજ્ઞાન પ્રગટી જાય છે. આ સર્વગતધર્મની મુખ્યતાથી આત્માને જાણવો તે સર્વગતનય છે; અભવ્યને આવો સર્વગતનય કદી હોતો નથી. સર્વગતનયથી સર્વગતધર્મવાળા આત્માને જે જાણે તેને સર્વગતપણું પ્રગટે—એવી જ અહીં વાત છે; કેમ કે સર્વગતધર્મની પ્રતીત કરનારને અખંડ આત્મસ્વભાવનો આશ્રય થાય છે.

સમ્યક્‌રૂપ એકેક ધર્મથી આત્માની પ્રતીત કરવા જતાં પણ ધ્રુવસ્વભાવનો જ આશ્રય થઈ જાય છે; કેમ કે તે ધર્મ કોઈ પરના, વિકારના કે પર્યાયના આશ્રયે નથી, પણ ધર્મી એવા અખંડ દ્રવ્યના આશ્રયે જ તેના દરેક ધર્મ રહેલા છે; માટે તે દ્રવ્યના આશ્રયે જ તેના ધર્મની યથાર્થ પ્રતીત થાય છે, પણ કોઈ પરના નિમિત્તના કે ભેદના આશ્રયે તેની પ્રતીત થતી નથી. જો દ્રવ્યથી તેના ધર્મને જુદો પાડીને પ્રતીતમાં લેવા જાય તો ત્યાં ધર્મીનું કે ધર્મનું એકેયનું સાચું જ્ઞાન થતું નથી.

જુઓ! આ વાત કરીને એમ બતાવે છે કે હે જીવ! તારી અનંતશક્તિઓ તારામાં એક સાથે ભરી છે તેને તું સંભાળ! તું જ તારો સર્વશક્તિમાન પરમેશ્વર છો—એનો વિશ્વાસ કરીને તેમાં અંતર્મુખ થા તો તારી પર્યાયમાં સર્વ શક્તિ પ્રગટી જાય. તારી જેટલી શક્તિ છે તે બધી તારામાં જ ભરી છે, માટે ક્યાંય પણ પરાશ્રયની આશા છોડીને તારા સ્વભાવનો જ આશ્રય કર. જીવ પોતાની શક્તિથી પરિપૂર્ણ છે પણ તે પોતાની સંભાળ કરતો નથી તેથી પરાશ્રયની ભીખ માગી માગીને ભટકી રહ્યો છે. જો નિજશક્તિને સંભાળે તો પરાશ્રય છૂટીને સ્વાશ્રયે અલ્પકાળમાં સિદ્ધ થઈ જાય. જે અનંત સિદ્ધભગવંતો થયા તે બધાય નિજશક્તિની સંભાળ કરીને તેના આશ્રયે જ સિદ્ધ થયા છે.

આત્મામાં સર્વગતધર્મ ત્રિકાળ છે, પણ તેની પ્રતીત કરનારી પર્યાય છે તે નવી પ્રગટે છે; અને તે પર્યાયને પરનો રાગનો કે ક્ષણિક પર્યાયનો આશ્રય રહેતો નથી પણ ત્રિકાળી સ્વભાવનો જ આશ્રય હોય છે.

જુઓ ભાઈ! આ અંતરની અચિંત્ય વાત છે; આ ઇન્દ્રિયોથી જણાય એવો સ્થૂળ વિષય નથી પણ અતીન્દ્રિય જ્ઞાનથી જણાય એવો સૂક્ષ્મ વિષય છે. ચૈતન્ય પદાર્થ મન-વાણી–દેહથી તો પાર છે ને મનના સંકલ્પ-વિકલ્પોથી પણ પાર છે. શ્રી સર્વજ્ઞભગવાન શરીર-મન-વાણીથી પાર એવી ઊંડી ઊંડી ખીણમાં લઈ જઈને ચૈતન્યના બેહદ નિધાન બતાવે છે; તેનો વિશ્વાસ કરીને હે જીવ! તારા જ્ઞાનચક્ષુમાં રુચિના અંજન આંજ તો તને તારા ચૈતન્યનિધાન દેખાય. અજ્ઞાનથી અંધ થયેલા જીવો પોતાની પાસે જ પડેલા નિજનિધાનને દેખતા નથી, શ્રી ગુરુ તેને સમ્યક્‌શ્રદ્ધારૂપી અંજન આંજીને તેનાં નિધાન બતાવે છે કે—જો! તારા નિધાન તારા અંતરમાં જ પડ્યા છે; બાહ્યદૃષ્ટિ છોડીને અંતરમાં દૃષ્ટિ કર તો સિદ્ધભગવાન જેવા નિધાન તારામાં ભર્યા છે તે તને દેખાશે. એક

ચૈતન્યની પ્રતીત કરતાં અનંતા સિદ્ધભગવંતો, કેવળીઓ અને સંતોની બધી ઋદ્ધિ તને તારામાં જ દેખાશે, તે ઋદ્ધિ તારે ક્યાંય બીજે નહિ શોધવી પડે. સંત-મહંતો જે ઋદ્ધિ પામ્યા તે પોતાના ચૈતન્યમાંથી જ પામ્યા છે કાંઈ બહારમાંથી નથી પામ્યા. તારા ચૈતન્યમાં પણ એ બધી ઋદ્ધિ ભરી છે, આંખ ઉઘાડીને અંતરમાં જો તો દેખાય. પણ જો પરમાંથી તારી ઋદ્ધિ લેવા જઈશ તો આંધળો થઈને ઘોર સંસારરૂપી જંગલમાં ભટકીશ. અજ્ઞાની જીવો અંતર્મુખ થઈને પોતાના સ્વભાવના મહિમાની પ્રતીત કરતા નથી ને પુણ્ય—પાપનાં ટપલાં ખાઈને અનાદિથી ભવચક્રમાં ભટકી રહ્યાં છે; અહીં આચાર્ય પ્રભુ કરુણા કરીને ભવ ભ્રમણથી છુટકારાનો માર્ગ બતાવે છે કે અંતર્મુખ થઈને નિજશક્તિની સંભાળ કર તો ભવભ્રમણથી છૂટકારો થાય.

અહો! આચાર્યદેવ ચૈતન્યના એવા નિધાન બતાવે છે કે બીજી કોઈ ચીજની જરૂર ન પડે. સુપાત્ર જીવોને સંબોધીને આચાર્યદેવ કહે છે કે : અરે જીવ! તને ચૈતન્યના એવા નિધાન બતાવું કે બીજી કોઈ ચીજની તારે જરૂર ન પડે.... તારા ચૈતન્યનો મહિમા દેખતાં જ તને પરનો મહિમા છૂટી જશે....અનંતધર્મ સ્વભાવી તારો આત્મા જ ચૈતન્યમૂર્તિ ભગવાન છે, તેને કોઈ બીજાની જરૂર નથી; તું પોતે જ નિધાનને જોનારો છે. સદાય અલ્પજ્ઞસેવક જ રહ્યા કરે એવો તારા આત્માનો સ્વભાવ નથી, તારો આત્મા તો સર્વજ્ઞનો સમોવડિયો છે; જેટલું સર્વજ્ઞે કર્યું તેટલું કરવાની તાકાત તારામાં પણ ભરી છે. જે જીવ આવી શક્તિવાળા નિજાત્માની પ્રતીત કરે તેને કોઈ નિમિત્તના કે વિકલ્પના આશ્રયની શ્રદ્ધા ઊડી જાય છે, પર્યાયબુદ્ધિ છૂટી જાય છે ને અનંત ચૈતન્યશક્તિનો પિંડ તેની પ્રતીતમાં આવી જાય છે....તે સમ્યગ્દૃષ્ટિ થઈને મોક્ષમાર્ગે વિચારવા માંડે છે.... અંતર્દષ્ટિથી તે પોતેજ પોતાને ત્રણલોકના નાથ પરમેશ્વર તરીકે દેખે છે.

પ્રથમ જે જીવ શ્રુતજ્ઞાનચક્ષુ ઉઘાડીને અંતરના ચૈતન્યનિધાનને જુએ તેને કેવળજ્ઞાનચક્ષુ પણ ઊઘડ્યા વિના રહે નહિ. માટે શ્રી આચાર્યભગવાન કહે છે કે હે ભાઈ! ઉઘાડ....રે.... ઉઘાડ! તું તારા જ્ઞાનચક્ષુઓને ઉઘાડ. તારી આંખ ઉઘાડીને ચૈતન્યનિધાનને દેખ. તારું અપૂર્વ નિધાન દેખાડવા માટે આ તને અંજન અંજાય છે.

શ્રુતજ્ઞાન તે અનંત કિરણોથી ઝળહળતા સૂર્યસમાન છે અને નય તેનું એક કિરણ છે; તેમાં 'સર્વગત નય' આત્માના સર્વગત ધર્મને દેખે છે. 'સર્વગત' કહેતાં ક્યાંય અટકવાનું ન આવ્યું. આત્મા રાગ-દ્વેષ કરીને ક્યાંય અટકે નહિ ને સંસારમાં ક્યાંય ભટકે નહિ—એવો તેનો જ્ઞાન સ્વભાવ છે. જ્યાં તે સ્વભાવને પ્રતીતમાં લીધો ત્યાં દૃષ્ટિમાં તો ભગવાન થયો, ને હવે અલ્પકાળે પર્યાયે પણ પ્રભુતા પ્રગટશે એટલે એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણી લ્યે એવું સર્વગત જ્ઞાનસામર્થ્ય ખીલી જશે.

—અહીં ૨૦મા સર્વગતનયથી આત્માનું વર્ણન પૂરું થયું.

*

# અસર્વગતનયે, આત્માનું વર્ણન

## [૨૧]

'સર્વવર્તી' ધર્મની સાથે આત્મામાં એક 'આત્મવર્તી' ધર્મ પણ છે; અસર્વગતનયથી જોતાં આત્મા સર્વવર્તી નથી પણ આત્મવર્તી છે. જેમ મીચેલી આંખ પોતામાં જ રહેલી છે તેમ અસર્વગત-નયે આત્મા પોતામાં જ રહેલો છે, તેથી તે આત્મવર્તી છે. અહીં આત્માને'અસર્વગતનય'થી 'આત્મવર્તી' કહ્યો તેનો અર્થ 'અલ્પજ્ઞતા' નથી, મીંચેલી આંખનું દૃષ્ટાંત અલ્પજ્ઞતા બતાવવા માટે નથી આપ્યું પણ 'આત્મવર્તીપણું' બતાવવા માટે આપ્યું છે. આત્મા પોતાના—સામર્થ્યથી સર્વને જાણતો હોવા છતાં પોતે પોતામાં જ લીન રહે છે, સર્વમાં વ્યાપી જતો નથી,—માટે તે સર્વવર્તી નથી પણ આત્મવર્તી છે. સમસ્ત જ્ઞેયોને જાણી લે છે તે અપેક્ષાએ આત્માને સર્વવર્તી કહ્યો, પણ આત્મા પરજ્ઞેયોમાં વર્તતો નથી પણ પોતામાં જ વર્તે છે તે અપેક્ષાએ તે આત્મવર્તી છે. 'સર્વવર્તી' કહીને આત્માનું પરિપૂર્ણ જ્ઞાનસામર્થ્ય બતાવ્યું, ને 'આત્મવર્તી કહીને પરથી ભિન્નતા બતાવી. અહો! સમસ્ત પદાર્થોને જાણવા છતાં જ્ઞાન પરજ્ઞેયોમાં વર્તતું નથી, જ્ઞાન તો આત્મવર્તી છે, આત્મામાં જ લીન રહીને તે સર્વને જાણી લે છે; માટે પરજ્ઞેયોની સન્મુખ થઈને તેને જાણવાની આકુળતા છોડ, ને તારા જ્ઞાનને સ્વભાવસન્મુખ એકાગ્ર કર તો તેમાં લોકાલોકના સમસ્ત જ્ઞેયો જણાઈ જશે. જુઓ, આ ચૈતન્યપદનું અચિંત્ય સામર્થ્ય! અનંત ધર્મવાળા ચૈતન્યપદનો મહિમા વાણીથી પૂરો પડે તેમ નથી; જ્ઞાનમાં પરિપૂર્ણ આવે પણ વાણીથી તેનો મહિમા પૂરો પડે તેમ નથી; માટે કહ્યું છે કે—

**'જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં**
**કહી શક્યા નહિં તે પણ શ્રી ભગવાન જો;**
**તેહ સ્વરૂપને અન્ય વાણી તો શું કહે?**
**અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.'**

—અહીં પરિશિષ્ટની શરૂઆતમાં પણ આચાર્યદેવે કહ્યું હતું કે શ્રુતજ્ઞાનપૂર્વક **સ્વાનુભવથી** આત્મા પ્રમેય થાય છે. પરિપૂર્ણ પ્રત્યક્ષ તો કેવળજ્ઞાનમાં થાય છે. આવા આત્માના મહિમાને જાણ્યા વગર બહારમાં ગમે તેટલા ફાંફાં મારે પણ ધર્મ થાય તેમ નથી.

જેમ આંખ બધા પદાર્થોને જાણતી હોવા છતાં આંખ તો આંખમાં જ રહે છે, આંખ કાંઈ બહાર નીકળીને બીજા પદાર્થોમાં જતી નથી તેમ આત્માનું જ્ઞાન સર્વ જ્ઞેયોને જાણતું હોવા છતાં તે પોતાના સ્વક્ષેત્રમાં જ રહે છે; આત્માની પૂર્ણ જ્ઞાનશક્તિ ખીલે તેથી કાંઈ તે બહાર ફેલાઈ જાય—એમ નથી. જ્યાં ચૈતન્યનું દિવ્ય કેવળજ્ઞાન ઝળહળી ઉઠે ત્યાં ભાવથી અનંતતા થાય છે પણ ક્ષેત્રથી અનંતતા થતી નથી. અસંખ્યપ્રદેશી ક્ષેત્રમાં અનંતસામર્થ્ય ભર્યું છે—એવો ચૈતન્યનો મહિમા છે.

કેવળજ્ઞાનનું ક્ષેત્ર પોતાના આત્મા પ્રમાણે જ છે, એટલે કેવળજ્ઞાન પ્રગટ કરવા માટે ક્યાંય બહારમાં એકાગ્ર થવું પડતું નથી, પણ આત્મામાં જ એકાગ્ર થતાં કેવળજ્ઞાન થાય છે. જેમ મીચેલી આંખ પોતે પોતામાં જ રહેલી છે તેમ આત્મા પરની સન્મુખ થયા વિના અને પરમાં ગયા વિના પોતે પોતામાં જ રહીને જાણે છે તેથી તે આત્મવર્તી છે,—આમ અસર્વગતનય જાણે છે.

લોકાલોકને જાણવા છતાં આત્મદ્રવ્ય પોતામાં જ સ્વસન્મુખ રહે છે માટે તે પોતામાં જ વર્તે છે; પરને જાણતાં પરમાં વ્યાપે છે એમ કહેવું તે ઉપચાર છે અને સ્વમાં જ વ્યાપે છે—તે પરમાર્થ છે. એક જીવ અનંતને જાણવા છતાં પોતે તે અનંત પદાર્થપણે થઈ જતો નથી. પોતે તો પોતાના એકપણે રહીને જ જાણે છે,

જુઓ, કેવળજ્ઞાનનું પરિપૂર્ણ સામર્થ્ય ખીલી ગયું છે, તેમાં બધા જ્ઞેયો જણાય છે, તેથી તેને 'સર્વગત' કહીને તેમાં બધા પદાર્થોનું નિમિત્તપણું પણ બતાવ્યું છે. કેવળજ્ઞાનમાં જગતના બધા પદાર્થો નિમિત્ત છે. પણ જ્ઞાનમાં આવા નિમિત્ત-નૈમિત્તિક—સંબંધની પૂર્ણતા ક્યારે થાય?—કે નિમિત્તની અપેક્ષા છોડીને જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થાય ત્યારે! કેવળજ્ઞાનનો વિષય તો 'બધુંય' છે અને મિથ્યાજ્ઞાનનો કોઈ વિષય જગતમાં છે જ નહિ. મિથ્યાજ્ઞાનમાં નિમિત્ત હોય, પણ તે મિથ્યાજ્ઞાન પ્રમાણે સામી વસ્તુનું સ્વરૂપ નથી તેથી મિથ્યાજ્ઞાનનો વિષય જગતમાં નથી,

એક જીવ સામી વસ્તુને પોતાના જ્ઞાનથી જાણે, ત્યાં તે વસ્તુમાં જ્ઞાનનું નિમિત્ત થવાનો ધર્મ છે;

તે જ વસ્તુના લક્ષે કોઈ જીવ રાગદ્વેષ કરે તો તેના રાગદ્વેષમાં નિમિત્ત થાય એવો પણ તે વસ્તુનો ધર્મ છે;

કોઈ જીવ તે વસ્તુના લક્ષે મિથ્યાજ્ઞાન કરે તો ત્યાં સામી વસ્તુને 'મિથ્યાજ્ઞાનનું નિમિત્ત' કહેવાય, પણ તેના મિથ્યાજ્ઞાન પ્રમાણે સામી વસ્તુનું સ્વરૂપ નથી એટલે તે 'મિથ્યાજ્ઞાનનો વિષય' નથી અહો! આખું જગત સમ્યગ્જ્ઞાનનો જ વિષય છે.

જે જ્ઞાન એમ માને કે 'આત્મા સર્વથા ક્ષણિક જ છે અથવા સર્વથા નિત્ય જ છે'—તો તે જ્ઞાનના વિષયભૂત થાય એવી કોઈ વસ્તુ જગતમાં નથી, એટલે તે જ્ઞાન મિથ્યા છે. તે મિથ્યાજ્ઞાનમાં નય પણ હોય નહિ. નય તો ક્યારે કહેવાય? કે વસ્તુનું પ્રમાણજ્ઞાન થયું હોય ત્યારે નય કહેવાય. પણ વસ્તુના ભાન વગર એકાંત નિત્ય કે એકાંત ક્ષણિક માને તો નય કહેવાય નહિ, તે તો કુનય છે. મિથ્યાજ્ઞાનમાં નય ન હોય. મિથ્યાજ્ઞાનને વિષય પણ ન હોય, પરંતુ મિથ્યાજ્ઞાનમાં નિમિત્ત તો હોય.

એકેક આત્મા અનંત ધર્મોથી પરિપૂર્ણ છે, આવડા મોટા આત્માને આખો જાણ્યા વિના શ્રદ્ધા-જ્ઞાનમાં સાચું બળ આવે નહિ એટલે તે સમ્યક્ થાય નહિ. આત્માનો જેવડો મહિમા છે તેવડો જાણતાં શ્રદ્ધા-જ્ઞાન તેની સન્મુખ થઈને સમ્યક્ થઈ જાય છે. જેમ એકેક આત્મામાં પોતાના અનંત

ધર્મો છે તેમ એકેક પુદ્‌ગલપરમાણુમાં પણ તેના અનંતધર્મો છે; જગતના દરેક દ્રવ્યમાં પોતપોતાના અનંતધર્મો છે, પણ અહીં તો આત્માની જ પ્રધાનતા છે. બધાને જાણનારો તો આત્મા છે, આત્મા વગર 'બીજાનું અસ્તિત્વ છે' એમ જાણે કોણ? માટે 'જાણનાર' તરીકે આત્માનો મહિમા છે. આત્મા જ બધાને જાણે છે માટે સર્વ દ્રવ્યમાં આત્મા જ ઉત્તમ પદાર્થ છે.—આવા આત્માને જાણવો તે મોક્ષનું કારણ છે.

—એવા આત્માને જાણવા માટે જિજ્ઞાસુ શિષ્યે પ્રશ્ન પૂછ્યો હતો, તેના ઉત્તરમાં 'અનંતધર્મોવાળું આત્મદ્રવ્ય છે' એમ કહીને પછી આચાર્યદેવે ૪૭ ધર્મોથી તેનું વર્ણન કર્યું છે; તેમાં ૨૦માં બોલમાં 'સર્વગતનયથી સર્વવર્તી' કહીને જ્ઞાનનું પરિપૂર્ણ જાણવાનું સામર્થ્ય બતાવ્યું અને ૨૧મા બોલમાં 'અસર્વગતનયથી આત્મવર્તી' કહીને જ્ઞાન પરમાં જઈને જાણતું નથી પણ પોતામાં રહીને જ જાણે છે—એમ બતાવ્યું.

અહીં ૨૧મા અસર્વગતનયથી આત્માનું વર્ણન પૂરું થયું.

*

આ પરિશિષ્ટમાં ૪૭ નયોથી આત્માનું વર્ણન કર્યા પછી, 'આત્મા કેવો છે' તે વિષેનું કથન પૂરું કરતાં આચાર્યદેવ એમ કહેશે કે: 'આ રીતે સ્યાત્કારશ્રીના વસવાટને વશ વર્તતા નયસમૂહો વડે જુએ તો પણ, અને પ્રમાણ વડે જુએ તો પણ, સ્પષ્ટ **અનંત ધર્મોવાળા નિજ આત્મદ્રવ્યને અંદરમાં શુદ્ધચૈતન્યમાત્ર દેખે છે જ.'—એટલે કોઈપણ નયથી આત્માનું વર્ણન કર્યું હોય પણ તેનું તાત્પર્ય તો અંદરમાં શુદ્ધચૈતન્યમાત્ર નિજ આત્મદ્રવ્યને દેખવું તે જ છે—એ ખાસ ધ્યાન રાખવું.**

આત્માનો પરમ સ્વભાવ સત્‌ છે; તે સતને લક્ષમાં લઈ, તેનો પક્ષ કરી, તેના અભ્યાસમાં દક્ષ થઈ ને તેને સ્વાનુભવથી પ્રત્યક્ષ કરો.....એટલે અપૂર્વ આનંદસહિત મોક્ષનો માર્ગ આત્મામાં ખૂલી જશે.

# શૂન્યનયે આત્માનું વર્ણન

# [૨૨]

આત્મદ્રવ્ય શૂન્યનયે, શૂન્ય (–ખાલી) ઘરની માફક, એકલું (અમિલિત) ભાસે છે, જેમ ખાલી ઘરમાં બીજું કોઈ ન હોય તેમ શૂન્યનયથી જોતાં આત્મા પરથી તદ્દન ખાલી એકલો છે. તે કોઈ સાથે મળેલો નથી,

આત્મામાં પરનો બિલકુલ અભાવ છે એટલે પરથી આત્મા તદ્દન ખાલી એકાકી છે; જેમ ઘર ખાલી પડ્યું હોય. તેમ આત્માનું ચૈતન્યઘર પરથી તદ્દન ખાલી છે, ચૈતન્યઘરમાં કોઈ પરનો પ્રવેશ નથી. ખરેખર ત્રિકાળી ચૈતન્યઘરમાં વિકલ્પનો પણ પ્રવેશ નથી. શૂન્યનયથી જોતાં આત્મા એકલો દેખાય છે; એકલો એટલે બીજાના સંબંધ વગરનો; પોતામાં પોતાના અનંત ધર્મો તો એકપણે છે પણ પરથી તે બિલકુલ ખાલી હોવાથી એકલો છે. આત્મા નિજસ્વભાવથી તો પરિપૂર્ણ ભરેલો છે, પણ પરથી તે ખાલી છે. આવા આત્માને જે જાણે તેને પરમાંથી સુખ લેવાની મિથ્યાબુદ્ધિ ન રહે, એટલે પરાશ્રિત બુદ્ધિ છૂટીને એકલા આત્માના આશ્રયે સ્વભાવનું સુખ પ્રગટે.

અહો! મારો આત્મા કોઈ પરજ્ઞેયોની સાથે મળેલો નથી, એકલો ખાલી જ્ઞાનપિંડ જ છે—આમ જે જીવ પોતાના આત્માને પ્રતીતમાં લ્યે તે જીવ પછી કોનો વળગાડ રાખે? એકલા જ્ઞાનપિંડનો જ આશ્રય રાખીને પરથી તદ્દન ઉદાસીન-વીતરાગ થઈ જાય,

બાહ્ય દૃષ્ટિથી જીવોને એમ લાગે છે કે અમને ઘણી ઉપાધિ વળગી છે. પણ અરે ભાઈ! બહારની કાંઈ પણ ઉપાધિ તારા આત્મામાં નથી, કેમ કે બહારની ચીજનો તો તારામાં સદાય અભાવ જ છે. પર પદાર્થો તને વળગ્યા નથી પણ તું પોતાના સ્વભાવમાં સ્થિત ન રહેતા જે પરાશ્રયભાવ કરે છે તે પરાશ્રયભાવની જ તને ઉપાધિ છે. એકાકી જ્ઞાનસ્વભાવની પ્રતીત કરીને તેનું અવલંબન લે તો તે ઉપાધિભાવ છૂટી જાય.

જેમ ચારે બાજુ મજબૂત સળિયાવાળા મકાનમા કોઈ માણસ એકલો રહેતો હોય, અને બહારમાં સિંહ વગેરે ફરતા હોય, ત્યાં તે માણસ ઘરમાં બેઠો બેઠો સિંહને જુએ છે, પણ સિંહનો ઘરમાં પ્રવેશ થતો નથી એટલે તે સિંહ તેને શું કરી શકે? તેમ આ અસંખ્યપ્રદેશી ચૈતન્ય–મકાનમાં જ્ઞાનસ્વભાવી આત્મા એકલો છે, પર ચીજથી તે તદ્દન ખાલી છે; આત્મા પોતાના જ્ઞાનમાં રહીને બધાને જાણે છે, પણ પરનો તેનામાં પ્રવેશ જ નથી એટલે કોઈ પરથી તેને લાભ નુકસાન થાય એમ નથી. આત્માના આવા એકાકી સ્વભાવને ઓળખે તો સમ્યગ્જ્ઞાન થાય. હું પરથી તદ્દન ખાલી એકલો ચૈતન્યજ્યોત છું, શરીર-મન-વાણી વગેરેનો મારા સ્વરૂપમાં પ્રવેશ નથી ને 'એકલું જ્ઞાન' કહેતાં તેમાં વિકાર પણ નથી, એકલું જ્ઞાન જ છે—આમ પરથી શૂન્ય એકાકી જ્ઞાનસ્વભાવપણે

આત્માને જોનાર જ્ઞાનકિરણને 'શૂન્યનય' કહેવાય છે.

આત્મા જ્ઞાનપ્રકાશથી ભરેલો છે તેને બદલે અજ્ઞાની જીવ આત્માને પરસંયોગથી અને વિકારથી ભરેલો માને છે. ભગવાન આત્મા પરથી તદ્દન ખાલી અને ચૈતન્યપ્રકાશથી ભરેલો છે, તેને બદલે પરસંયોગથી જે આત્માની મહત્તા માને છે તેણે આત્માના મહિમાને જાણ્યો નથી; ઉકરડાના કચરાથી ઘર ભરે તે ભર્યા ન કહેવાય. આ સંબંધમાં એક દૃષ્ટાંતઃ—એક શેઠ પાસે બે માણસો નોકરીમાં રહેવા માટે આવ્યા. શેઠે બંનેની પરીક્ષા કરવા માટે તેમને ચાર ચાર પૈસા આપ્યા અને કહ્યું કે 'આ પૈસાનો માલ લાવીને ઓરડો ભરીદ્યો.' તે બેમાંથી એક મૂરખ હતો; તેણે વિચાર્યું કે ક્યા માલથી ઓરડો ભરવો? કોઈ માલ ન જડ્યો એટલે તેણે મજૂરને ચાર પૈસા આપીને તેની પાસે ઉકરડાનો કચરો ઉપડાવી તેનાથી ઓરડો ભરી દીધો! બીજા માણસે વિચાર્યું કે શેઠ ચાર પૈસામાં ઓરડો ભરી દેવાનું કહે છે. તેમાં કાંઈક બીજો આશય લાગે છે. એમ વિચારી ચાર પૈસામાંથી બાકસ અને મીણબત્તી લઈને આવ્યો; અંધારામાં શેઠને બોલાવીને કહ્યું કે જુઓ શેઠ! આ ઓરડો પ્રકાશથી ભરી દઉં છું.—એમ કહીને બાકસથી મીણબતી સળગાવી; ત્યાં આખો ઓરડો પ્રકાશથી ભરાઈ ગયો; અને ઓરડાનો કોઈ ભાગ પ્રકાશથી ખાલી નથી. આમ જુઓ તો ઓરડામાં અનાજ કે બીજી કોઈ વસ્તુ નથી, ઓરડો ખાલી છે, છતાં પ્રકાશ તો તેમાં બધેય ભરેલો છે; તેમ આત્મા પરથી તદ્દન ખાલી હોવા છતાં ચૈતન્યપ્રકાશથી ભરપૂર છે. જેને આવા આત્માનું ભાન નથી તે અજ્ઞાની જીવ, દૃષ્ટાંતના મૂર્ખ માણસની જેમ આત્માને સંયોગથી ને વિકારથી જ ભરેલો માને છે; ને જ્ઞાની તો પોતાના આત્માને ચૈતન્યપ્રકાશથી ભરપૂર ને પરથી ખાલી જાણે છે. પર્યાયમાં વિકાર છે તેનો પણ તે પ્રકાશક છે. વિકાર આત્માની ક્ષણિક પર્યાયમાં જ છે ને ચૈતન્યપ્રકાશથી આત્મા ત્રિકાળ ભરેલો છે. સમ્યગ્જ્ઞાન આત્માને પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેથી ભરેલો બતાવે છે. ને પરથી તેનું ખાલીપણું બતાવે છે. પર ચીજ વિના મારે ન ચાલે—એવી અજ્ઞાનીની માન્યતા છે તે મિથ્યા છે. 'પર ચીજ વિના મારે ન ચાલે' એમ જેણે માન્યું તેણે આત્માને પરથી ખાલી નથી માન્યો, પણ પરથી ભરેલો માન્યો છે; અને પરથી ભરેલો માન્યો તેણે આત્માને પોતાના સ્વભાવથી ખાલી માન્યો છે એટલે કે આત્માને ખરેખર માન્યો જ નથી. જીવમાં પર **ચીજ**નો તો અભાવ જ છે એટલે ત્રણેકાળે તેને પર ચીજ વિના જ ચાલી રહ્યું છે; મારે પર **ચીજ** વગર ન ચાલે—એમ અજ્ઞાની માને ભલે, પરંતુ તે ઊંધી માન્યતા વખતે પણ તેને પર **ચીજો**ના અભાવથી જ ચાલી રહ્યું; છે.—આ વાત દરેક જીવોએ ખાસ સમજવા જેવી છે.

જુઓ આ કલ્યાણની રીત! જે જીવ પોતાના કલ્યાણ માટે ઝંખતો આવ્યો છે તેને આચાર્યદેવ કલ્યાણનો ઉપાય બતાવે છે. જેમ તીર્થંકર ભગવાનના જન્મકલ્યાણ વગેરે પ્રસંગે સૌધર્મ સ્વર્ગમાં સુઘોષ ઘંટ સ્વયં વાગે છે, તેમ હે ભાઈ! આ તારા કલ્યાણનો પ્રસંગ આવ્યો છે, તો સાચું સ્વરૂપ સમજીને તારા આત્માની સ્વતંત્રતાનો સુઘોષ ઘંટ વગાડ! 'અરેરે! સંયોગોને પ્રતિકુળ છે, કર્મ મને હેરાન કરે છે, કર્મનું જોર ઘણું છે'—એવા પ્રકારની ઊંધી ઘોષણા અને ઊંધી માન્યતા છોડ,

અને 'અહો! મારો આત્મા કર્મ વગેરે પરદ્રવ્યોથી તો ત્રણેકાળે તદ્દન ખાલી જ છે, હું મારા ચૈતન્યભાવથી ત્રિકાળ ભરેલો છું, કોઈપણ પરદ્રવ્ય મારામાં પ્રવેશીને મારું અહિત કરવા સમર્થ નથી'—આમ સાચી સમજણની ઘોષણા જગાડ. અહો, હું મારા સ્વભાવથી પરિપૂર્ણ ભરેલો છું ને પરથી તદ્દન શૂન્ય છું એટલે મારા કલ્યાણ માટે મારા સિવાય કોઈ પણ પરનો આશ્રય મને નથી–આવી અપૂર્વ દૃષ્ટિ થતાં જીવને પોતાના સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટે છે તેનું કલ્યાણ થાય છે.

જુઓ, આત્મા કેવો છે તે અહીં ઓળખાવે છે, શરીર અને કર્મ વગેરે બધી પર વસ્તુથી તો આત્મા ખાલી છે, ને પોતાના અનંત ગુણ–પર્યાયોથી ભરેલો છે. પોતામાં ગતિ વગેરે પર્યાયની તથા જ્ઞાનાદિની જે યોગ્યતા છે તે તો પોતાનો ધર્મ છે. સંસાર પર્યાય વખતે તેનાથી આત્મા ખાલી નથી પણ તે વખતેય કર્મથી તો આત્મા ખાલી જ છે. શ્રેણિકને જે નરકપર્યાય થઈ તેનાથી તેનો આત્મા ખાલી નથી, કેમ કે તે પણ પોતાનો અંશ છે અને પોતાની યોગ્યતાથી જ તે પર્યાય થઈ છે; કર્મને લીધે તેને નરકપર્યાય થઈ—એમ નથી, કેમ કે શ્રેણિકનો આત્મા પણ કર્મથી તો ખાલી જ છે. આ પ્રમાણે સમજતાં કર્મની સન્મુખ જોવાનું રહેતું નથી પણ આત્માની સન્મુખ દૃષ્ટિ જાય છે.

આત્મામાં કર્મ છે જ નહિ એટલે 'મેં કર્મ બાંધ્યા અને મારે તે ખપાવવા' એ વાત રહેતી નથી; તેમ જ કર્મ તરફના વલણથી પોતામાં ક્ષણિક વિકારની જે યોગ્યતા છે. તે પણ સ્વનો આશ્રય લેતાં ઉત્પન્ન થતી નથી. જો આત્મામાં જડ કર્મ પેસી ગયા હોય તો તો જડ કર્મ સાથે આત્મા એકમેક થઈ જાય, એટલે આત્મા જેમ જ્ઞાનથી ભરેલો છે તેમ કર્મથી પણ ભરેલો થઈ જાય. પણ કર્મથી તો આત્મા ત્રિકાળ ખાલી છે. હું જગતના બધાય પદાર્થોથી ખાલી એકાકી જ્ઞાનમૂર્તિ છું—આમ સમજે તો આત્મા કેટલો હળવો થઈ જાય! જેમ કોઈનું હૈયું ભરાઈ ગયું હોય, પછી તે કોઈક પાસે ખોલી કરીને હળવું કરે છે; તેમ અજ્ઞાની જીવ અનાદિથી પોતાને કર્મવાળો અને સંયોગવાળો માનીને મોહથી ભારે થઈ ગયો છે, તેને જ્ઞાની સમજાવે છે કે અરે આત્મા! તું શાંત થા, ધીરો થા; તારા એકાકી આત્મામાં કોઈ પણ અન્ય દ્રવ્યનો પ્રવેશ થતો જ નથી; એકવાર તો બધાય પદાર્થોને લક્ષમાંથી છોડી દે ને એકલા આત્મદ્રવ્યને જ લક્ષમાં લે. જો પોતાના આત્માને આ પ્રમાણે પરથી તદ્દન ખાલી સમજે તો જીવ એકદમ હળવો થઈ જાય એટલે કે તેના મોહનો નાશ થઈ જાય. હું પરનું કરું ને પર મારું કરે—એમ મફતનો પરનો બોજો પોતાના માથે માનીને અજ્ઞાની જીવ ફરે છે; જો પરના અભાવરૂપ નિજ સ્વભાવને જાણે તો પોતાના આત્માને કોઈ પણ પરના બોજા વગરનો છૂટો અનુભવે. માટે આચાર્યદેવ કહે છે કે હે જીવ! તું કર્મથી ખાલીખમ છો એમ સમજીને એકવાર હળવો થઈ જા. જ્યાં પરથી ખાલીપણું સમજ્યો ત્યાં પર સામે જોવાનું ન રહ્યું. પણ પોતામાં જ વળવાનું રહ્યું. પરથી હું ખાલી છું એમ જે સમજ્યો તેની પર્યાયબુદ્ધિ છૂટીને નિર્મળ સ્વભાવ ઉપર દૃષ્ટિ ગયા વગર રહેશે નહિ. જેને નિમિત્ત સાથે એકત્વબુદ્ધિ હોય તેને વિકાર સાથે પણ એકતાબુદ્ધિ હોય જ છે, અને જ્યાં નિમિત્ત સાથેની એકતા બુદ્ધિ છૂટી ત્યાં વિકાર સાથેની એકતાબુદ્ધિ પણ

છૂટ્યા વિના રહે નહિ. જ્યાં નિમિત્તથી ભિન્નપણું જાણીને પોતાના સ્વભાવમાં એકત્વબુદ્ધિ થઈ ત્યાં નિમિત્ત અને વિકાર-એ બંનેમાંથી એકત્ત્વબુદ્ધિ છૂટી જાય છે.

જડકર્મની પ્રકૃતિને આત્મા બાંધે અને તે પ્રકૃતિનું ફળ આત્મામાં આવે—તે તો બધાં નિમિત્ત નૈમિત્તિક સંબંધના કથનો છે. ખરેખર જડ કર્મનો બંધ, ઉદય. સત્તા, ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય વગેરે જેટલી અવસ્થા છે તે બધી પુદ્‌ગલમાં છે, આત્મામાં નથી, આત્મા તેનાથી શૂન્ય છે. જે આવું ભિન્નપણાનું ભાન કરે તે જ નિમિત્ત નૈમિત્તિક સંબંધને યથાર્થ જાણી શકે. જેને હજી જીવ અને કર્મની તદ્દન ભિન્નતાનું ભાન ન હોય તેને નિમિત—નૈમિત્તિક સંબંધનું યથાર્થ જ્ઞાન હોય જ નહિ. પરથી આત્મા શૂન્ય છે એમ નક્કી કરનારની દૃષ્ટિ પર ઉપરથી ખસીને સ્વ તરફ વળી જાય છે, એટલે જેને પોતાના સ્વભાવની દૃષ્ટિ થઈ તેને જ ખરો 'શૂન્યનય' હોય છે.

'બ્રહ્મ સત્‌ ને જગત મિથ્યા' એમ અજ્ઞાનીઓ માને છે તે તો જૂઠી વાત છે, તેને કાંઈ 'શૂન્યનય' ન કહેવાય. જગતમાં આત્મા સિવાયની પર ચીજો પણ નિજ નિજ સ્વરૂપે સત્‌ છે પરંતુ આત્મામાં પર ચીજ નથી—આમ જે જાણે તેને જ 'શૂન્યનય' હોય છે.

'નાસ્તિત્વ નય' એમ બતાવે છે કે આત્મા પરપણે નથી, અને આ 'શૂન્યનય' એમ બતાવે છે કે આત્મામાં પર નથી, એક તો આત્માનું પરમાં નહિ હોવાપણું બતાવે છે ને બીજો, પરનું આત્મામાં નહિ હોવાપણું બતાવે છે.

પ્રશ્ન :—જો આત્મા કર્મથી ખાલી હોય તો, એકનું શરીર નિરોગી ને બીજાનું રોગી, એક નિર્ધન ને બીજો સધન-એવા ફેરફાર કેમ દેખાય છે?

ઉત્તર :—અરે ભાઈ! તે નિરોગી કે રોગી શરીર તથા પૈસા વગેરેથી પણ આત્મા ખાલી જ છે, તે કોઈ ચીજો આત્મામાં આવી જ નથી. કર્મ પણ તારામાં નથી ને શરીરાદિ પદાર્થો પણ તારામાં નથી. તારા આત્માના અસંખ્ય ચૈતન્યપ્રદેશમાં જે પેસે તે ચીજ જ તારી કહેવાય. શરીર કે કર્મ વગેરે કોઈ ચીજ તારા આત્મપ્રદેશમાં પેસતી નથી.

પ્રશ્ન :—જો આત્મામાં જ્ઞાનાવરણીય કર્મ ન હોય તો જ્ઞાનની હીણી અવસ્થા કેમ?

ઉત્તર :—જુઓ ભાઈ! જીવ પોતાના કારણે જ્યારે જ્ઞાનની હીણી અવસ્થારૂપે પરિણમે છે ત્યારે જગતમાં નિમિત્ત તરીકે જ્ઞાનાવર્ણીયકર્મ છે પણ આત્મામાં તો તેનો અભાવ જ છે, પોતાનો નૈમિત્તિકભાવ પોતામાં છે પણ નિમિત્તનો તો પોતામાં અભાવ જ છે. જ્ઞાનાવરણીય કર્મને લીધે જ્ઞાનની હીણી અવસ્થા થઈ નથી, પણ જ્ઞાનની પોતાની લાયકાતથી જ તેનું હીણું પરિણમન થયુ છે. માટે આમ સમજીને, 'કર્મનો ઉદય જીવને હેરાન કરે'—એવી પોકને બંધ કરીને તારું હૈયું હળવું કર, ને આત્માની સંભાળ કર. કર્મનો ઉદય, ઉપશમ, ક્ષયોશમ, વગેરે બધાથી આત્મા ખાલી છે માટે તેની દૃષ્ટિ છોડીને તારા જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા ઉપર દૃષ્ટિ કર, તે જ કલ્યાણનો ઉપાય છે.

મારો આત્મા પરથી તદ્દન ખાલી એકાકી છે-આ વાત સમજે તો નિમિત્તબુદ્ધિ ટળી જાય,

અને નિમિત્તબુદ્ધિ ટળતાં પોતાની પર્યાયમાં અંશબુદ્ધિ પણ ટળીને ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિ થાય અને અનુક્રમે વીતરાગી ચારિત્ર પ્રગટીને મોક્ષદશા થયા વિના રહે નહિ.

શ્રવણના શબ્દોથી આત્મા ખાલી છે પણ તેના જ્ઞાનથી આત્મા ખાલી નથી, એટલે શબ્દને લીધે મને જ્ઞાન થાય–એ વાત ન રહી, પણ જ્ઞાનસ્વભાવનું જ અવલંબન રહ્યું.

અસાતા વેદનીયને લીધે શરીરમાં સર્પ કરડ્યો; તો ત્યાં અસાતાવેદનીયકર્મ કાંઈ આત્મામાં આવી જતું નથી. સર્પ પણ આત્મામાં નથી, સર્પનું ઝેર પણ આત્મામાં નથી, અને શરીરને સર્પ કરડ્યો તે શરીર પણ આત્મામાં નથી, આત્મા તે બધાયથી ખાલી એકાકી ચૈતન્યબિંબ છે. આત્માનું આવું સ્વરૂપ સમજે તો કયાંય પરથી લાભ-નુકસાનની બુદ્ધિ ન રહે, એટલે પરાશ્રય છૂટીને સ્વાશ્રિત વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર પ્રગટે.

ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મામાં તીર્થંકર નામકર્મનો તથા સમવસરણાદિનો પણ અભાવ છે. તીર્થંકરભગવાનનો આત્મા પોતાના કેવળજ્ઞાનદિથી ભરેલો છે પણ સમવસરણાદિથી તો ખાલી છે. જે જીવ આવું ન સમજે તેને, જેનાથી તીર્થંકર નામકર્મ બંધાય એવા પ્રકારનો શુભરાગ પણ હોય નહિ, કેમ કે મિથ્યાદૃષ્ટિને તેવો શુભભાવ હોતો જ નથી. સમ્યગ્દૃષ્ટિને શુભરાગથી તીર્થંકર નામકર્મ બંધાય છે પણ તે સમ્યગ્દૃષ્ટિ તો તીર્થંકર નામકર્મનો પોતામાં અભાવ માને છે, માટે તેનાથી પરંપરા પોતાનું કલ્યાણ થશે-એમ તે ખરેખર માનતા નથી. ક્યાંક નિમિત્તથી કથન કર્યું હોય તે ત્યાં યથાર્થ સ્થિતિ આ પ્રમાણે સમજે છે કે ખરેખર આ રાગવડે કે તીર્થંકર નામકર્મ વડે મારું કલ્યાણ નથી પણ જ્યારે સ્વભાવના આશ્રયે તે રાગને ટાળીશ ત્યારે મારું પૂર્ણ કલ્યાણ થશે. એ જ પ્રમાણે ક્યાંક નિમિત્તથી કર્મને દુઃખદાયક કહ્યું હોય તો ત્યાં પણ ધર્મી જીવ એમ સમજે છે કે ખરેખર જડકર્મ જીવને દુઃખ દેતા નથી, પણ કર્મ તરફના વલણવાળો વિકારીભાવ જ દુઃખરૂપ છે. કર્મ તરફની બુદ્ધિ છોડાવીને આત્મા તરફની બુદ્ધિ કરાવવા માટે નિમિત્તથી કર્મને દુઃખનું બીજ કહ્યું છે, ખરેખર આત્મામાં કર્મનો અભાવ છે. આત્મામાં એક એવો ધર્મ છે કે તે સમસ્ત અન્ય પદાર્થોથી ખાલી છે,–આવા એકાકી આત્માને જાણનાર ‘શૂન્યનય’ છે તે શ્રુતજ્ઞાનપ્રમાણનો એક અંશ છે.

—અહીં ૨૨મા શૂન્યનયથી આત્માનું વર્ણન પૂરું થયું.

# અશૂન્યનયે આત્માનું વર્ણન

## [૨૩]

આત્મદ્રવ્ય અશૂન્યનયે, લોકોથી ભરેલા વહાણની માફક, મિલિત ભાસે છે. આત્માના જ્ઞાનમાં બધાય જ્ઞેયો ભાસે છે. તેથી જાણે કે જ્ઞાનરૂપી વહાણમાં આખો લોકાલોક ભરેલો હોય—એમ આત્મા ભરેલો દેખાય છે. જુઓ તો ખરા! વન-જંગલમાં આત્માના અનુભવમાં ઝૂલતા ઝૂલતા સંતોએ ચૈતન્યનો કેવો અદ્ભુત મહિમા ગાયો છે! શૂન્યનયથી આત્માને પરપદાર્થોથી ખાલી કહ્યો તેથી કાંઈ તેનો મહિમા ઘટી જતો નથી તે બતાવવા માટે અશૂન્યનયથી કહ્યું કે આત્માના જ્ઞાનમાં જાણે કે લોકાલોક ભરેલા હોય—એવું તેનું અચિંત્ય જ્ઞાનસામર્થ્ય છે. પરને જાણવા માટે આત્માને પરસન્મુખ જોવું પડતું નથી પણ જ્ઞાનમાં એકાગ્ર થતાં પોતે જ બધા જ્ઞેયોથી ભરાઈ જાય છે એટલે કે બધા જ્ઞેયોને જાણી લે છે. ખરેખર કાંઈ જ્ઞેયો જ્ઞાનમાં આવી જતા નથી, પણ જ્ઞાનમાં તે બધા જણાય છે તે અપેક્ષાએ આત્માને મિલિત કહ્યો છે.

દરિયામાં તરતું વહાણ તેમાં બેઠેલા માણસોથી ભરેલું છે, પણ બહાર કાંઠા ઉપર ઊભેલા માણસોથી કાંઈ તે ભરેલું નથી, તેમ આત્મા પોતામાં રહેલા અનંતધર્મોથી ભરપૂર છે પણ બહારના પર પદાર્થોથી તે ભરેલો નથી. અસંખ્ય પ્રદેશી ભગવાન આત્મા લોકમાં તરતું વહાણ છે, તે પ્રદેશે પ્રદેશે અનંત ગુણોથી ભરચક ભરેલો છે; પરથી ખાલી છે પણ પરના જ્ઞાનથી ભરેલો છે જ્ઞાન તો પોતાનું છે. પણ જ્ઞાનના પરપ્રકાશક સ્વભાવમાં લોકોલોકના બધા પદાર્થો જણાય છે એટલે જાણે કે આત્મા તે જ્ઞેયો સાથે મળી ગયેલો હોય—એમ ઉપચારથી તેને મિલિત કહ્યો છે. ખરેખર કાંઈ આત્મામાં પરજ્ઞેયો ભર્યા નથી, આત્મા તો પોતાના દ્રંવ્ય-ગુણ પર્યાયથી ભરેલો છે. જેમ માણસોથી ભરેલું વહાણ પોતે તરતું તરતું ચાલ્યું જાય છે તેમ પોતાના ગુણ-પર્યાયથી ભરેલો આત્મા પરિણમ્યા કરે છે અને જે જીવ આવા આત્માનો આશ્રય લે તે જીવ સંસાર-સમુદ્રને તરી જાય છે. જે જીવ અંતર્મુખ થઈને પોતાના આત્માને સાધે છે એવા સાધક જીવના નયોનું આ વર્ણન છે, આ નયો અંતર્મુખ જુએ છે. આગળ એ વાત ખાસ ભારપૂર્વક કહેવાઈ ગઈ છે કે કોઈ પણ નયથી આત્માને લક્ષમાં લેનારની દૃષ્ટિ અંતરમાં શુદ્ધ આત્મા ઉપર જ પડી છે; કેમકે આ ધર્મો કોઈ નિમિત્તના આશ્રયે, રાગના આશ્રયે કે ક્ષણિક પર્યાયના આશ્રયે રહેલા નથી; તેમ જ એકેક ધર્મ જુદો રહેલો નથી, પણ અખંડ આત્મદ્રવ્યના આશ્રયે જ બધા ધર્મો રહેલા છે, માટે તે અખંડ આત્માની દૃષ્ટિપૂર્વક જ તેના ધર્મનો યથાર્થ સ્વીકાર થાય છે.

જેમ વહાણમાં માણસો ભર્યા હોય ત્યાં વહાણ ભરેલું દેખાય છે, તેમ આત્માના જ્ઞાનમાં અનંતા જ્ઞેયો જણાતાં આત્મા પણ ભરેલો દેખાય છે; પર પદાર્થોનું જ્ઞાન પણ આત્મામાં નથી—એમ નથી. પોતાના જ્ઞાનસ્વભાવથી પરવસ્તુને પણ આત્મા જાણે છે, તેથી અનંત જ્ઞેયોના જ્ઞાનથી તે

ભરેલો છે; આવા જ્ઞાનસામર્થ્યને લીધે બધાય જ્ઞેયો જાણે કે જ્ઞાનમાં આવી ગયા હોય.....જ્ઞાનમાં ઊતરી ગયા હોય.....જ્ઞાનમાં ડૂબી ગયા હોય.....એમ જ્ઞાન ભરેલું લાગે છે. જેમ સ્વચ્છ અરીસામાં રંગબેરંગી પદાર્થો ઝળકતાં અરીસો તેનાથી ભરેલો લાગે છે, તેમ આત્માના સ્વચ્છ જ્ઞાનમાં બધા જ્ઞેયો જણાતાં આત્મા પણ બધા જ્ઞેયોથી ભરેલો લાગે છે. જ્ઞાનમાં એકાગ્ર થતાં પોતાના જ્ઞાનમાં બધું જણાઈ જાય છે. કોઈ પૂછે કે ભગવાનને ક્યાં શોધવા?—તો કહે છે કે તારા જ્ઞાનમાં! અનંતા તીર્થંકરો–સિદ્ધો અને સંતોને બહારમાં ગોતવા જવું પડે તેમ નથી. પોતાના જ્ઞાનમાં તે બધાય જણાય છે એટલે જ્ઞાનમાં જ તે બધા બિરાજતા હોય–એમ જણાય છે. માટે તું તારા જ્ઞાન સામે જોઈને તારા જ્ઞાનસામર્થ્યની પ્રતીત કર. અનંતા સિદ્ધભગવંતો, કેવળી ભગવંતો તેમ જ ધર્મ-અધર્મ-આકાશને કાળ તથા અનંતા પુદ્‌ગલો વગેરે બધાયના જ્ઞાનથી આત્મા ભરેલો છે; આવા આત્માને ઓળખીને તેની દૃષ્ટિ કરે તો સ્વાધીનદૃષ્ટિ અને સમ્યગ્જ્ઞાન થાય છે.

જેમ લીંડીપીપરમાં ચોસઠપોરી તીખાસ પ્રગટવાનો સ્વભાવ છે તેમાંથી જ તે પ્રગટે છે; તેમ હું મારામાં કેવળજ્ઞાનાદિ જે પર્યાય પ્રગટ કરવા માગું છું તેનું સામર્થ્ય મારા સ્વભાવમાં ભરેલું છે, વર્તમાન પર્યાય વિકારમાં અટકતી હોવા છતાં પૂર્ણ શક્તિથી મારો આત્મા ભરેલો છે, તેમાંથી જ પૂર્ણતા આવે છે, ક્યાંય બહારથી આવતી નથી.—આમ સાધકજીવ પોતાના સ્વભાવસામર્થ્યને જાણે છે; એટલે ક્યાંય બહારના અવલંબને મારી પર્યાયમાં વિકાસ થશે—એમ તે માનતા નથી. મારી અંતરશક્તિનું જેટલું અવલંબન લઉં તેટલો મારી પર્યાયમાં વિકાસ થાય. મારી પર્યાય વર્તમાનમાં ઓછી છે ને તે પૂર્ણ કરવાની છે, તો તે પૂરી પર્યાય કયાંથી આવશે?—કે આત્માનો ધ્રુવસ્વભાવ પૂર્ણતાથી ભરેલો છે તેમાંથી જ તે પૂરી પર્યાય આવશે. નિમિત્તોથી તો આત્મા ખાલી છે એટલે તે નિમિત્તોના સંગથી પૂર્ણ પર્યાય નહિ આવે, તેમ જ વર્તમાન પર્યાય પોતે ઓછી છે તેમાંથી પણ પૂરી પર્યાય નહિ આવે; જે પૂર્ણ સામર્થ્યથી સદા ભરપૂર છે એવા સ્વભાવમાં એકાગ્રતાથી જ પૂર્ણ પર્યાય પ્રગટી જશે. આત્મા પોતે પૂર્ણ સામર્થ્યથી ભરેલો છે તો પછી પરનો આશ્રય લેવાની જરૂર ક્યાં રહી? અને પરથી તો આત્મા ખાલી છે માટે પરનો આશ્રય લેવાનું ક્યાં રહ્યું?—આ રીતે આત્માના ધર્મોની પ્રતીત કરતાં સ્વાશ્રય જ આવે છે, અને સ્વભાવના આશ્રયે પર્યાય નિર્મળ થતી જાય છે.

જુઓ, આચાર્યભગવાને આત્માની કેવી સરસ અને મીઠી વાત કરી છે! આ વાત સાંભળતાં પોતાને અંતરમાં તેનો રસ આવવો જોઈએ અને અપૂર્વતા ભાસવી જોઈએ. અંતરમાં આત્માનો રસ લાવીને આ વાત સમજશે તેનું અપૂર્વ કલ્યાણ થશે.

—અહીં ૨૩મા અશૂન્યનયથી આત્માનું વર્ણન પૂરું થયું.

# જ્ઞાનજ્ઞેય–અદ્વૈતનયે આત્માનું વર્ણન

## [૨૪]

આત્મા અનંત ધર્મોવાળું એક દ્રવ્ય છે; જ્ઞાન અને જ્ઞેયના અદ્વૈતરૂપ નયે જોતાં તે આત્મદ્રવ્ય, મોટા ઈંધનસમૂહરૂપે પરિણત અગ્નિની માફક એક છે.

જિજ્ઞાસુ શિષ્યે પૂછ્યું હતું કે પ્રભો! આ આત્મા કેવો છે? તેનું સ્વરૂપ શું છે? તેનો આ ઉત્તર ચાલે છે. આત્મા ચૈતન્યસ્વરૂપ વસ્તુ છે, તેનામાં અનંત ધર્મો છે. ખરેખર આત્મા પોતે પોતામાં છે ને પર પરમાં છે, આત્મામાં પર પદાર્થો આવી જતા નથી; પરંતુ આત્માનો જ્ઞાનસ્વભાવ એવો વિશાળ છે કે તેમાં બધાય જ્ઞેયો જણાય છે. જેમ અગ્નિના મોટા ભડકામાં અનેક જાતનાં લાકડા વગેરે બળતાં હોય ત્યાં અગ્નિનો એક મોટો ભડકો જ દેખાય છે. તેમ આત્માની જ્ઞાનજ્યોતનું એવું મોટું સામર્થ્ય છે કે બધા જ્ઞેયોને જાણી લે છે, તે અપેક્ષાએ જ્ઞાન જાણે કે બધા જ્ઞેયો સાથે અદ્વૈત હોય!–એમ કહ્યું છે. એકલું જ્ઞાન જાણે પોતે અનંત પદાર્થોપણે થતું હોય—એમ બધા જ્ઞેયોને જાણવાનો તેનો સ્વભાવ છે. આ સ્વભાવ કોઈ નિમિત્તોને લીધે કે રાગને લીધે નથી, જગતમાં કેવળીભગવાન વગેરે છે માટે આ આત્માનું તેનું જ્ઞાન કરવાનો ધર્મ છે—એમ નથી. જ્ઞાન કરવાનો ધર્મ તો પોતાના કારણે છે ને જ્ઞેયો તેમના કારણે છે, કોઈના કારણે કોઈ નથી.

જ્ઞાન અને જ્ઞેયપદાર્થો કદી એકમેક થઈ જતાં નથી, પણ જ્ઞાનસ્વભાવી આત્મામાં એક એવો સ્વ-પરપ્રકાશકધર્મ છે કે લોકાલોકના સમસ્ત જ્ઞેયો જાણે કે જ્ઞાનમાં કોતરાઈ ગયા હોય–એમ જણાય છે. પહેલાં ૨૦૦મી ગાથામાં પણ કહ્યું હતું કે 'એક જ્ઞાયકભાવનો સર્વ જ્ઞેયોને જાણવાનો સ્વભાવ હોવાથી, ક્રમે પ્રવર્તતા અનંત, ભૂત-વર્તમાન-ભાવિ વિચિત્ર પર્યાયસમૂહવાળાં, અગાધસ્વભાવ અને ગંભીર એવાં સમસ્ત દ્રવ્યમાત્રને—જાણે કે તે દ્રવ્યો જ્ઞાયકમાં કોતરાઈ ગયાં હોય....ચીતરાઈ ગયાં હોય....દટાઈ ગયા હોય....ખોડાઈ ગયાં હોય....ડૂબી ગયાં હોય....સમાઈ ગયાં હોય....પ્રતિબિંબિત થયા હોય એમ એક ક્ષણમાં જ શુદ્ધ આત્મા પ્રત્યક્ષ કરે છે.' આવા જ્ઞેયજ્ઞાયક સંબંધને લીધે જ્ઞાન અને જ્ઞેયો જાણે કે એકમેક હોય–એમ પ્રતિભાસે છે; તો પણ આત્મા પોતાના જ્ઞાનસ્વભાવની એકતાને છોડીને પર જ્ઞેયો સાથે એકમેક થઈ ગયો નથી. જ્ઞાનની જ એવી વિશેષતા છે કે જ્ઞેયો તેમાં જણાય છે, પણ કાંઈ જ્ઞેયોને લીધે જ્ઞાન થતું નથી. ભગવાનની વાણી હતી માટે તેને લીધે આત્માને જ્ઞાન થયું–એમ નથી, સામે સાક્ષાત્ તીર્થંકર ભગવાન કે તેમની પ્રતિમા બિરાજતા હતા માટે તે જ્ઞેયને લીધે જ્ઞાન થયું–એમ નથી, સમ્મેદશિખરજી કે ગિરનારજી તીર્થ હતા માટે તે જ્ઞેયને લીધે તેનું જ્ઞાન થયું–એમ નથી; તેમ જ તે પ્રકારના જ્ઞેયોનું જ્ઞાન આત્મામાં નથી થતું–એમ પણ નથી. આત્માનો પોતાનો જ જાણવાનો સ્વભાવ છે તેથી તે જાણવારૂપે પરિણમે છે, ત્યાં

સ્વપરપ્રકાશક સ્વભાવને લીધે પરજ્ઞેયો જ્ઞાનમાં જણાતાં, આત્મા તે જ્ઞેયોની સાથે જાણે કે એક થઈ ગયો હોય—એમ જ્ઞાન અને જ્ઞેયના અદ્વૈતનયથી ભાસે છે, આવો પણ આત્માનો એક ધર્મ છે. આ ધર્મથી જુઓ તોપણ અનંતધર્મોવાળો શુદ્ધચૈતન્યસ્વરૂપ આત્મા જ અંતરમાં દેખાય છે. આવો ચૈતન્યસ્વભાવ ખ્યાલમાં લીધા વિના શ્રદ્ધા—જ્ઞાન સાચા થાય નહિ, અને સાચા શ્રદ્ધા-જ્ઞાન થયા વિના ગમે તેટલા દયા વગેરેના શુભભાવ કરે તો પણ તેનાથી જીવનું કાંઈપણ હિત થાય નહિ; શુભભાવથી સંસારમાં સંયોગની પ્રાપ્તિ થાય, પણ સ્વભાવની પ્રાપ્તિ ન થાય, મુક્તિ ન થાય.

આત્માનો સ્વભાવ શું!....કે જ્ઞાન. જ્ઞાન સિવાય આ જડ શરીર—મન—વાણીને લક્ષમાંથી છોડી દ્યો ને અંદરની શુભ-અશુભ લાગણીને પણ લક્ષમાંથી છોડી દ્યો, તે બધાથી પાર અંતરમાં એકલા જ્ઞાનને લક્ષમાં લ્યો, તે જ્ઞાનસ્વભાવી આત્મા છે. આવો આત્મા ખરેખર પરજ્ઞેયોથી જુદો છે, પણ તેના જ્ઞાનમાં પરજ્ઞેયો જણાય છે તેથી જ્ઞાન અને જ્ઞેયનું અદ્વૈત હોય એમ કહેવાય છે. જેમ છાણાં—લાકડાં વગેરે અનેક પ્રકારનાં ઈંધનને બાળનારો મોટો અગ્નિ એક જ લાગે છે, તેમાં છાણાં લાકડાં વગેરે જુદા દેખાતા નથી, તેમ જાણનાર સ્વભાવ વડે આત્મા પોતે પોતાના જ્ઞાનમાં પરિણત થઈને અનંત જ્ઞેયપદાર્થોના જ્ઞાનરૂપે પરિણમે છે, ત્યાં જાણે કે બધા જ્ઞેયપદાર્થોપણે એક જ્ઞાન જ પરિણમી ગયું હોય—એમ જ્ઞાનજ્ઞેયના અદ્વૈતનયે પ્રતિભાસે છે. જુઓ, અહીં જ્ઞાન અને જ્ઞેયનું એકપણું સાબિત નથી કરવું, પણ જ્ઞાનસામર્થ્યમાં બધા જ્ઞેયો જણાય છે—એમ સાબિત કરીને આત્માનો જ્ઞાનસ્વભાવ ઓળખાવવો છે. પરજ્ઞેયો તો ત્રણેકાળે પરમાં જ રહે છે પણ જ્ઞાનમાં જણાવાની અપેક્ષાએ તેમને જ્ઞાન સાથે અદ્વૈત કહીને જ્ઞાનનું સામર્થ્ય જણાવ્યું છે. અનંતા સિદ્ધો વગેરે જ્ઞેયો છે તેમને લીધે અહીં તેનું જ્ઞાન થાય છે એમ નથી, પણ જ્ઞાનનું જ એવું દિવ્ય સામર્થ્ય છે તેથી જ્ઞાન પોતે જ તેવા જ્ઞેયોના પ્રતિભાસરૂપે પરિણમે છે, જ્ઞાનની જ એવી મોટાઈ છે કે સમસ્ત જ્ઞેયોના જ્ઞાનપણે પોતે એક જ ભાસે છે.

જેમ અગ્નિનો એવો સ્વભાવ છે કે રૂના મોટા મોટા લાખો ધોકડાં તેમ જ લાકડાના ગંજને બાળીને પોતે ભડકારૂપે પરિણમી જાય, તેમ જ્ઞાનનો સ્વભાવ એવો છે કે એક ક્ષણમાં સમસ્ત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જાણવારૂપે પરિણમી જાય છે. અરીસો તો સ્થૂળ વસ્તુ છે, તેમાં બહુ દૂરની, ભૂત-ભવિષ્યની કે પાછળની વસ્તુઓ જણાતી નથી, અરીસો પોતે જડ વસ્તુ છે, તે કાંઈ જાણતો નથી; પરંતુ જ્ઞાનનો સ્વભાવ તો બધું ય જાણવાનો છે, દૂરનું તેમ જ ભૂત ભવિષ્યનું બધું જ્ઞાન જાણે છે. જ્ઞાન પોતાની સન્મુખ રહીને બધાને જાણી લેવાના સ્વભાવવાળું છે.

વસ્તુનો સ્વભાવ શું છે તે ઓળખવું જોઈએ. જુઓ, મોટા ઊછળતા સમુદ્રમાં લાખો મણની સ્ટીમર તરે છે તેમ જ લાકડાની ઝીણી કટકી પણ તરે છે, લાખ મણ વજનનું હોય તો પણ લાકડું પાણીમાં તરે છે ને પાઈભાર લોઢું પણ પાણીમાં ડૂબી જાય છે, તેનું કારણ?—કે એવો જ એ પદાર્થોનો સ્વભાવ છે. તેના તે સ્વભાવને જાણ્યો કોણે? કોઈ ઇન્દ્રિયોથી તે સ્વભાવ જણાતો નથી, પણ જ્ઞાનથી જ તે જણાય છે. બીજાના સ્વભાવને પણ જ્ઞાન જાણે છે એટલે જ્ઞાનનો જાણવાનો

સ્વભાવ છે. પણ અજ્ઞાનીને પોતાના જ્ઞાનસ્વભાવની ખબર નથી, તેને પરનો મહિમા ભાસે છે પણ પરને જાણનાર પોતાનું જ્ઞાન છે તેનો તેને મહિમા આવતો નથી. જો **જ્ઞાનની મહત્તા ભાસે તો તો સંસારસમુદ્રથી તરી જાય, કેમ કે જ્ઞાનનો તરવાનો સ્વભાવ છે.** અનંતા જ્ઞેયોથી ઊછળતા સમુદ્રની મધ્યમાં પડવા છતાં મારા જ્ઞાનનો સ્વભાવ તેમનાથી ભિન્ન રહીને તરવાનો છે, મારો જ્ઞાનનો સ્વભાવ જાણવાનો છે પણ ક્યાંય પરમાં અહંપણું કરીને અટકે એવો મારો જ્ઞાનનો સ્વભાવ નથી. બધાય જ્ઞેયોના જ્ઞાનપણે પરિણમવા છતાં તે જ્ઞેયોથી જુદો ને જુદો રહે—એવો મારો સ્વભાવ છે,—આમ જો પોતાના જ્ઞાનસ્વભાવની પ્રતીત કરે તો સમ્યગ્દર્શન થાય અને ભવસમુદ્રથી તે જીવ તરી જાય.

આત્માનો જાણવાનો સ્વભાવ છે તો તે કોને ન જાણે? જેનો જાણવાનો સ્વભાવ હોય તે પૂરું જ જાણે, તેના જ્ઞાનસામર્થ્યમાં મર્યાદા ન હોય. અધૂરું જાણે તો તેના પરિણમનની કચાશ છે, પણ સ્વભાવસામર્થ્યમાં કચાશ નથી. આ વાત સાધક જીવને માટે છે કેમકે નયો સાધકને જ હોય છે. પોતાની પર્યાયમાં કચાશ હોવા છતાં સાધક જીવ અંતર્મુખદૃષ્ટિ વડે પોતાના પરિપૂર્ણ સ્વભાવને પ્રતીતમાં લ્યે છે.

આત્માનો સ્વભાવ બધાને જાણવાનો છે; પણ કોઈ પરને પોતાનું કરે એવો તેનો સ્વભાવ નથી; જગતમાં નરક વગેરે બીજા જીવોના દુઃખની તેને ખબર પડે પણ તેના જ્ઞાન ભેગું કાંઈ તે જીવોના દુઃખનું વેદન પોતાને થતું નથી. જેમ કોઈને વીંછી કરડ્યો હોય ત્યાં તેને કેવું દુઃખ થાય છે તે બીજા માણસો જાણે છે, પણ તે જોનારા માણસોને કાંઈ તેવા દુઃખનું વેદન થતું નથી; તેમ બધા પદાર્થોને જાણવામાં ક્યાંય રાગ-દ્વેષ કરવાનું આત્માનું સ્વરૂપ નથી.

અજ્ઞાની માને છે કે મારે અમુક વસ્તુ વગર ચાલતું નથી; પણ જ્ઞાની તેને સમજાવે છે કે અરે ભાઈ! તું તો જ્ઞાન છો, તે તારા જ્ઞાન સિવાયના પરપદાર્થો વિના જ અનાદિથી ચલાવ્યું છે; બધા આત્માને પર વસ્તુ વિના જ ચાલી રહ્યું છે, પણ જ્ઞાન વગર એક ક્ષણ પણ ચાલતું નથી. જો જ્ઞાન ન હોય તો આત્માનો જ અભાવ થઈ જાય. પર્યાયમાં અલ્પ રાગ-દ્વેષ થતા હોવા છતાં 'હું તો જ્ઞાન છું—એમ જેણે નક્કી કર્યું. તે જીવ આરાધક થયો, હવે જ્ઞાનમાં એકાગ્રતાના જોરે વચ્ચેથી બાધકભાવ તો નીકળી જવાનો છે ને જ્ઞાન પૂરું ખીલી જવાનું છે.

અજ્ઞાની લોકો તો બહારમાં જ 'મારે આ ખપે ને આ ન ખપે'—એમ પરદ્રવ્યના અભિમાનમાં રોકાઈ ગયા છે, પણ અંતરમાં 'હું જ્ઞાન છું' એની તેને ખબર નથી. જ્ઞાની તો જાણે છે કે હું જ્ઞાનસ્વભાવ છું' મારે જ્ઞાન કરવા માટે જ્ઞેય તરીકે બધા પદાર્થો ખપે છે. પણ કોઈપણ પર જ્ઞેય મારામાં ખપતું નથી; મારા જ્ઞાનસામર્થ્યમાં બધાય પદાર્થો જ્ઞેય તરીકે ભલે જણાય, પણ કોઈ પણ પરજ્ઞેયને મારાપણે હું સ્વીકારતો નથી. અરે જીવ! એક વાર પ્રતીત તો કર કે મારો જ્ઞાનસ્વભાવ છે, મારામાં બધાને જાણી લેવાનું સામર્થ્ય છે, પર જ્ઞેયોના અવલંબન વગર મારા સ્વભાવના અવલંબનથી જ સમસ્ત લોકોલોકનો હું જ્ઞાયક છું.—આવા જ્ઞાયકપણાની પ્રતીત કરે તો આખા જગતથી ઉદાસીનતા થઈને જ્ઞાન અંતરમાં ઠરી જાય.

લોકાલોકને લઈને જીવને તેનું જ્ઞાન થાય છે એમ નથી, જો લોકાલોકને લીધે તેનું જ્ઞાન થતું હોય તો બધા જીવોને લોકાલોકનું જ્ઞાન થઈ જવું જોઈએ કેમકે લોકાલોક તો સદાય છે; માટે જ્ઞાનસ્વભાવના સામર્થ્યથી જ જ્ઞાન થયા છે. આવા નિજસ્વભાવની પ્રતીત કરીને તે જ્ઞાન સ્વભાવની એકની ભાવનામાં જ વ્રતાદિ બધું સમાઈ જાય છે. બાર ભાવના તે વ્યવહારથી છે, ખરેખર બારે ભાવનાનો આધાર તો આત્મા છે; આત્માના આશ્રયે સાચી બાર ભાવના છે, બાર પ્રકારના ભેદ ઉપરના લક્ષે તો વિકલ્પ થાય છે. માટે કોઈ પણ નયથી આત્માના ધર્મનું વર્ણન કર્યું હોય, પણ તે ધર્મદ્વારા ધર્મી એવા અખંડ આત્માને દૃષ્ટિમાં લઈને તેનું અવલંબન કરવું એ જ તાત્પર્ય છે.

અહીં ૨૪મા જ્ઞાનજ્ઞેય—અદ્વૈતનયથી આત્માનું વર્ણન પૂરું થયું.

❀ હે જીવ! આત્માના આનંદની કમાણીની આ મોસમ છે. સત્સમાગમે આત્માની સમજણ કરીને સમ્યગ્દર્શન વડે તારા આત્મામાં મોક્ષમંદિરનું શિલાન્યાસ કર. હવે બીજે ક્યાંય રોકાઈશ મા. શીઘ્ર તારા ચૈતન્યરત્નની કમાણી કરી લેજે.

*

સમ્યક્દર્શન શ્રેષ્ઠ છે ત્રણ જગતની માંય,
સર્વ પ્રકાર ઉદ્યમ વડે સેવો એ સુખદાય.

સમ્યક્રત્ન ઉપાસવા ધર્માત્માનો સંગ;
આરાધન કરતાં અહો! લાગે આતમ રંગ.

ચૈતન્યરત્ન જ સાર છે શ્રુતસમુદ્ર મોઝાર,
આનંદથી અનુભવ કરી શીઘ્ર લહો ભવપાર.

# જ્ઞાનજ્ઞેય—દ્વૈતનયે આત્માનું વર્ણન

## [૨૫]

આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેય દ્વૈત નયે, પરનાં પ્રતિબિંબોથી સંપૃક્ત દર્પણની માફક, અનેક છે. જેમાં અનેક ચીજોનું પ્રતિબિંબ ઝળકતું હોય એવો અરીસો પોતે અનેકરૂપ થયો છે તેમ જ્ઞાનમાં અનેક—પ્રકારના પર જ્ઞેયો ઝળકે છે—જણાય છે, ત્યાં જ્ઞાન પોતાના સ્વભાવથી જ એવી અનેકતારૂપ પરિણમ્યું છે, પરજ્ઞેયો કાંઈ જ્ઞાનમા નથી પેઠા.

આખો ભગવાન આત્મા અનંત ધર્મનો ધણી તે પ્રમાણ જ્ઞાનનો વિષય છે; ને તે પ્રમાણ જ્ઞાનના કિરણ વડે તેનો એકેક ધર્મ જણાય છે. પ્રમાણપૂર્વક જ નય હોય છે. તેમાંથી અહીં ૨૫મા નયથી આત્માનું વર્ણન ચાલે છે.

પહેલાં જ્ઞાનજ્ઞેયના અદ્વૈતનયથી આત્માને એક કહ્યો. તેમાં પણ આત્મા પરથી તો જુદો જ છે, ને અહીં જ્ઞાનજ્ઞેયના દ્વૈતનયથી આત્માને અનેક કહ્યો, તેમાં પણ પરથી તો જુદો જ છે. એકપણે તેમ જ અનેકપણે ભાસે એવો આત્માનો જ સ્વભાવ છે. આત્મામાં તે બંને ધર્મો એકસાથે જ છે. આત્માનું એકપણું જોનાર નય હો કે અનેકપણું જોનાર નય હો—તે બધા નયો આત્માને જ તે તે ધર્મની મુખ્યતાથી દેખે છે, પણ પરને લીધે આત્માનો ધર્મ છે—એમ તે માનતા નથી. એકપણું તથા અનેકપણું એ બંનેને પરસ્પર વિરોધ છે, પણ પ્રમાણજ્ઞાન તે વિરોધને ટાળીને આત્મસ્વભાવને સિદ્ધ કરે છે.

જેમ અરીસામાં મોર, સોનું, આંબા, જાંબુડા, લીમડા વગેરે અનેક પદાર્થોનું પ્રતિબિંબ દેખાતાં અરીસાની પણ અનેકતા ભાસે છે તેમ ચૈતન્યજયોત અરીસો ભગવાન આત્મા અનેક પદાર્થોને જાણતાં તેનું જ્ઞાન પણ અનેકતારૂપે પરિણમે છે, તેથી આત્મામાં અનેકપણાંરૂપ ધર્મ પણ છે. જ્ઞેયોનું અનેકપણું જ્ઞેયોમાં છે, તેમનાથી તો આત્મા જુદો છે, પણ અર્હંત—સિદ્ધ, જડ—ચેતન વગેરે અનેક જ્ઞેય પદાર્થોને જાણતાં જ્ઞાન પોતે પોતાના સ્વભાવથી જ અનેકતારૂપે થાય છે, તે અનેકતા કાંઈ પરજ્ઞેયોને લીધે થતી નથી. જેમ અરીસામાં અનેક પદાર્થોનું પ્રતિબિંબ દેખાય છે તે અરીસાની જ અવસ્થા છે, અરીસો પોતાના સ્વચ્છ સ્વભાવથી તેવી જ અનેકાકારરૂપ પર્યાયે પરિણમ્યો છે, તેમ જ્ઞાન પણ પોતાના સ્વ-પરપ્રકાશક સ્વભાવને લીધે અનેક જ્ઞેયાકારોરૂપ પરિણમે છે, તે જ્ઞાનની પોતાની અવસ્થા છે, પરજ્ઞેયોનો આકાર જ્ઞાનમાં આવી જતો નથી.

જુઓ, આ આત્માના ધર્મોનું વર્ણન ચાલે છે, આત્માના પોતાના વૈભવનું આ વર્ણન છે; આવા ધર્મો વડે ધર્મી—આત્મા ઓળખાય છે. આવા ધર્મો વડે આત્માને જાણે તો સ્વભાવની રુચિ અને સમ્યગ્જ્ઞાન થાય, તથા તેમાં એકાગ્રતા વડે મુક્તિ થાય.

**પ્રશ્ન :**—આત્માના આટલા બધા ધર્મો જાણવા તે તો ઉપાધિ અને રાગનું કારણ થાય?

**ઉત્તર :**—અરે ભાઈ! આત્માનું સ્વરૂપ જ આવું છે, તેથી આત્માના આ ધર્મોને જાણવા તે કાંઈ ઉપાધિ કે રાગનું કારણ નથી, પરંતુ આ ધર્મોથી આત્માને જાણતાં રાગ તૂટીને જ્ઞાનની નિર્મળતા વધે છે, એટલે નિરુપાધિકપણું થાય છે. સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનમાં લોકાલોકની અનેકતા જણાતી હોવા છતાં તેમના જ્ઞાનમાં ઉપાધિ નથી, વિકલ્પ નથી પણ વીતરાગતા છે. અનેકતાને પણ જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે, જ્ઞાનમાં અનેકતા જણાય તે કાંઈ રાગનું કારણ નથી. જ્ઞાનનો દ્વૈતસ્વભાવ પોતાનો છે, તે લોકાલોકને લીધે નથી. જ્ઞાનમાં લોકાલોકનો જે પ્રતિભાસ થાય છે તે કાંઈ લોકાલોકની અવસ્થા નથી પણ તે તો જ્ઞાન પોતે જ પોતાના તેવા ધર્મરૂપે પરિણમ્યું છે, લોકાલોક તો જ્ઞાનની બહાર છે.—આમ દ્વૈતનયથી અનેકાકાર જ્ઞાનસ્વભાવી આત્માને જાણવો તે સમ્યગ્જ્ઞાન અને વીતરાગતાનું કારણ છે. જેમ જેમ વિશેષ વિશેષ પડખાંથી આત્મસ્વભાવનો નિર્ણય કરે તેમ તેમ જીવને જ્ઞાનની વિશુદ્ધતા વધતી જાય છે અને રાગ તૂટતો જાય છે. વસ્તુના સ્વરૂપનું સાચું જ્ઞાન કદી પણ ઉપાધિનું કે રાગનું કારણ થાય નહિ.

આત્મા જ્ઞાનસ્વભાવી છે તે સમસ્ત જ્ઞેયોને જાણવાના સ્વભાવવાળો છે; તેનું જ્ઞાન એકરૂપે રહેવા છતાં અનેક જ્ઞેયોના જ્ઞાનપણે અનેકરૂપ પણ થાય છે—એવો તેનો ધર્મ છે. એકપણે રહેવું તે પણ આત્માનો ધર્મ છે ને અનેકપણે થવું તે પણ આત્માનો જ ધર્મ છે. આત્મામાં તે બંને ધર્મો એકસાથે રહેલા છે, ને એવા અનંત ધર્મોનો પિંડ ચૈતન્યમૂર્તિ આત્મા છે.

જ્ઞાનમાં અનેક પદાર્થો જણાતાં, અનેક પદાર્થોના જ્ઞાનપણે તે પરિણમ્યું છે; ત્યાં જ્ઞાન પોતાનું છે, જ્ઞેયોનું નથી; અને જ્ઞેયો જ્ઞેયોમાં છે, જ્ઞાનમાં નથી. આ રીતે જ્ઞાન અને જ્ઞેયોનું ભિન્નપણું છે. જ્ઞાનમાં પોતાના સ્વભાવથી દ્વૈતપણું—અનેકપણું ભાસવા છતાં તે ઉપાધિ નથી, તેમ જ રાગનું કારણ નથી. આ બધા ધર્મો આત્માના છે, ધર્મો વડે આત્માનું જ્ઞાન થતાં પ્રમાણ-સમ્યગ્જ્ઞાન થાય છે, તે જ્ઞાન રાગનું કારણ નથી પણ વીતરાગતાનું જ કારણ છે.

જુઓ, અહીં કહેવાય છે એવા અનંત ધર્મોનો પિંડ થઈને પરિપૂર્ણ આત્મદ્રવ્ય છે, તે પ્રમાણનો વિષય છે. આત્માના આ બધા ધર્મોમાંથી એકપણ ધર્મને ઓછો કલ્પે તો પરિપૂર્ણ આત્મદ્રવ્ય પ્રતીતમાં આવતું નથી તેમ જ આત્માનું સાચું જ્ઞાન થતું નથી. સાધક ધર્માત્મા અનંતા ધર્મોને ભિન્નભિન્નરૂપે ભલે ન જાણી શકે, પરંતુ પોતાના જ્ઞાનમાં આવી શકે એવો પ્રયોજનભૂત ધર્મો વડે તે અનંતધર્મસ્વરૂપ આત્માને સ્વાનુભવપૂર્વક જાણે છે, આત્માના અનંત ધર્મોની તેને નિઃશંક પ્રતીતિ છે, તેમાં શંકા પડતી નથી.

જેને હજી આત્માના સ્વરૂપમાં જ શંકા વેદાતી હોય તે જીવ ભલે ત્યાગી થઈને બેસે, પણ તેને સાચાં વ્રત હોય જ નહિ, કેમ કે તેને હજી મિથ્યાત્વનું મોટું શલ્ય ટળ્યું નથી તો પછી વ્રતાદિ ક્યાંથી હોય? તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે કે નિઃશલ્યો વ્રતી—શલ્યરહિત જીવ જ વ્રતી હોય છે. જ્યાં મિથ્યાત્વાદિ શલ્ય વિદ્યમાન હોય ત્યાં વ્રત હોય નહિ. સ્વાનુભવપૂર્વક યથાર્થ આત્મદ્રવ્યને જાણીને

નિઃશંક ન થાય અને મિથ્યાત્વાદિ શલ્યને ન ટાળે ત્યાં સુધી સાચા વ્રતાદિ હોતા નથી.

જ્ઞાનમાં પરનું પ્રતિબિંબ પડે છે એમ કહેવાય છે ત્યાં ખરેખર કાંઈ જ્ઞાનમાં પરપદાર્થોનું પ્રતિબિંબ પડતું નથી, પણ જ્ઞાનની જ તેવી અવસ્થા દેખાય છે. જ્ઞાન તો અરૂપી છે ને ઝાડ વગેરે તો રૂપી છે, તો અરૂપીમાં રૂપી વસ્તુનું પ્રતિબિંબ કઈ રીતે પડે? જ્ઞાનમાં પરને પણ જાણવાની તાકાત છે તેથી તેમાં પર જણાય છે તે અપેક્ષાએ જ્ઞાનમાં પરનું પ્રતિબિંબ કહ્યું છે. જ્ઞાનનું સ્વપરપ્રકાશક સામર્થ્ય બતાવવા માટે નિમિત્તથી તેમ કહ્યું છે. જો જ્ઞાનમાં ખરેખર પરનું પ્રતિબિંબ પડતું હોય તો કોલસાનું પ્રતિબિંબ પડતાં જ્ઞાન કાળું થઈ જાય, દસ હાથ ઊંચા લીમડાનું પ્રતિબિંબ પડતાં જ્ઞાનને પણ દસ હાથ પહોળું થવું પડે! પણ એમ થતું નથી, જ્ઞાન પોતા સાડા ત્રણ હાથમાં રહીને પણ દસ હાથના લીમડાને જાણી લ્યે છે; માટે પરજ્ઞેયનો આકાર કે પ્રતિબિંબ જ્ઞાનમાં આવતા નથી, પણ જ્ઞાન તેને જાણી લે છે તે અપેક્ષાએ જ્ઞાનમાં તેનું પ્રતિબિંબ કહ્યું છે.

જ્ઞાન પોતાના જ્ઞાનભાવપણે એકરૂપ હોવા છતાં, અનેક જ્ઞેયો જણાય છે તે અપેક્ષાએ તેનામાં અનેકતા પણ છે. જ્ઞાનમાં અનેક પદાર્થો જણાતાં જે અનેકતા થાય છે તે ઉપાધિ કે મેલ નથી પણ જ્ઞાનનું જ સ્વરૂપ છે. જેમ અરીસામાં કોલસાનું પ્રતિબિંબ જણાતાં જે કાળાપણું દેખાય છે તે કાંઈ અરીસાનો મેલ નથી પણ તે તો તેની સ્વચ્છતાનું પરિણમન છે; તેમ જ્ઞાનમાં અનેક જ્ઞેયો જણાતાં જે અનેકરૂપતા થાય છે તે કાંઈ જ્ઞાનનો મેલ નથી પણ જ્ઞાનની સ્વચ્છતાનો તેવો સ્વભાવ છે કે બધા જ્ઞેયો તેમાં જણાય. સાકરને, લીમડાને કે લીંબુને જાણતાં જ્ઞાન કાંઈ મીઠું કડવું કે ખાટું થઈ જતું નથી, કેમ કે જ્ઞાનમાં પરજ્ઞેયનો અભાવ છે, તે તે પ્રકારના અનેકવિધ પદાર્થોના જ્ઞાનપણે થવાનો જ્ઞાનનો સ્વભાવ છે.

જેમ જ્ઞાન પરપદાર્થને જાણે છે પણ પરની ઉપાધિ જ્ઞાનમાં નથી, તેમ ખરેખર તો જ્ઞાન વિકારને પણ જાણે છે પણ જ્ઞાનમાં વિકારની ઉપાધિ નથી. જેમ કોઈને પૂર્વે કાંઈ દોષ થયો હોય અને વર્તમાન જ્ઞાનમાં તે યાદ આવે કે અમુક વર્ષ પહેલાં મને આ જાતના ખરાબ પરિણામ થયા હતા; તો ત્યાં પૂર્વના વિકારી પરિણામનું જ્ઞાન થાય છે પણ તે જ્ઞાન ભેગી કાંઈ પૂર્વના વિકારી પરિણામની ઉપાધિ આવી જતી નથી. જ્ઞાન પોતે વિકાર વગરનું રહીને વિકારને પણ જાણે—એવો તેનો સ્વભાવ છે. અનેક પ્રકારના સમસ્ત જ્ઞેયોને જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે પણ રાગ કરવાનો તેનો સ્વભાવ નથી. જ્ઞાન વખતે સાથે જે રાગ થાય તે દોષ છે તેથી તે તો નીકળી જાય છે, પણ જ્ઞાનમાં જે અનેકતા (અનેક પદાર્થોનું જ્ઞાન) થાય છે તે તો તેનો સ્વભાવ છે, જો તેને કાઢી નાખો તો તો જ્ઞાનનો જ નાશ થઈ જાય, એટલે કે જો જ્ઞાનની અનેકતા થાય છે તેને ન માને તો જ્ઞાનસ્વભાવ પ્રતીતમાં આવતો નથી, માટે હે ભાઈ! તું ધીરો થઈને તારા જ્ઞાનસ્વભાવની પ્રતીત કર. તારા જ્ઞાનસ્વભાવમાં કેવા કેવા ધર્મો રહેલા છે તે આચાર્યદેવ ઓળખાવે છે, માટે તેનો મહિમા લાવીને ઓળખાણ કર.

અહો આત્માનું જ્ઞાનસામર્થ્ય! જ્ઞાન કોને ન જાણે? બધાને જાણે. જાણવું તે કાંઈ દોષનું

કારણ નથી. પૂર્વના વિકારનું જ્ઞાન કરવું તે કાંઈ દોષ નથી. પણ જેણે વર્તમાનમાં આત્માનો શુદ્ધસ્વભાવ જાણ્યો હોય ને તે સ્વભાવમાં વિકાર નથી એમ જાણ્યું હોય તે જ પૂર્વના વિકારનું યથાર્થ જ્ઞાન કરી શકે. તે જ્ઞાન કાંઈ વિકારનું કારણ નથી. સર્વજ્ઞના જ્ઞાનમાં શું ન જણાય? કેવળીભગવાન પૂર્વે નિગોદદશામાં હતા તેને પણ જાણે છે, જગતની બધી ગૂઢમાં ગૂઢ બાબતોને પણ તે જાણે છે, છતાં તેમના જ્ઞાનમાં કિંચિત્ પણ વિકાર થતો નથી.—તો હે જીવ! શું તારામાં પણ તેવો સ્વભાવ નથી? સર્વજ્ઞનો તેવો સ્વભાવ પ્રગટ્યો ક્યાંથી? અંદર આત્મામાં તેવો સ્વભાવ શક્તિરૂપે હતો જ, તેના જ અવલંબને તે પ્રગટ્યો છે. ને તારા આત્મામાં પણ તેવો જ જ્ઞાનસ્વભાવ છે, અંતર્મુખ થઈને તેની પ્રતીત કરીને તેનું અવલંબન કર તો તારામાં પણ સર્વજ્ઞ જેવું સ્વભાવસામર્થ્ય પ્રગટી જાય. સર્વજ્ઞ ભગવાન થયા તેમની શક્તિમાં અને તારા આત્માની શક્તિમાં કાંઈ ફેર નથી, સર્વજ્ઞ કરતાં તારા આત્માની શક્તિમાં કિંચિત્ પણ ઓછાપણું નથી. જો આત્મામાં સર્વજ્ઞ જેટલી જ પરિપૂર્ણ તાકાત ન હોય તો સર્વજ્ઞતા ક્યાંથી આવશે? વર્તમાન પર્યાયમાં હીનતા અને વિકારીભાવ થાય તે દોષ છે, પણ ચૈતન્યના જ્ઞાનસામર્થ્યમાં પૂર્વનો વિકાર જણાય તે કાંઈ દોષ નથી, તે તો જ્ઞાનનું તે પ્રકારનું સામર્થ્ય છે. ચૈતન્યને પાપથી ભિન્ન .ખીને પાપનું જ્ઞાન કરે—તે તો ચૈતન્યની સ્વચ્છતાનો મહિમા છે. જ્ઞાન આંધળું નથી કે વિકારને ન જાણે. વિકારને ન કરે એવો જ્ઞાનનો સ્વભાવ છે, પણ પૂર્વે જે વિકાર થઈ ગયો તેને ન જાણે—એવો કાંઈ જ્ઞાનનો સ્વભાવ નથી. કોઈ જીવ વિકારનું જ્ઞાન કાઢી નાંખવા માંગે તો તેને જ્ઞાનસ્વભાવની જ ખબર નથી. અરે ભાઈ! વિકાર જણાય છે તે તો તારા જ્ઞાનનું સામર્થ્ય છે, માટે તે જ્ઞાનસામર્થ્યને જાણ તો તેના અવલંબને વિકાર ટળી જશે. આત્માનો વિકાસ થતાં વિકાર ટળી જશે પણ વિકારનું જ્ઞાન નહિ ટળે. બધાનું જ્ઞાન કરીને જ્ઞાનપણે રહેવું ને વિકારપણે ન થવું—તે જ આત્માનો સ્વભાવ છે. પોતાના જ્ઞાનમાં અનેક પર પદાર્થોને જાણતાં જ્ઞાનની અનેકતા થાય છે, પણ તે જ્ઞાન કાંઈ પરરૂપે થઈ જતું નથી.—આમ પોતાના જ્ઞાનની પ્રતીત કરવી જોઈએ.

સાકર ગળી છે, અફીણ કડવું છે, લીંબુને દેખતાં જીભમાં પાણી આવી જાય ને આંબલી દેખતાં મોઢામાં અમી ઝરે એ પ્રમાણે બધા પદાર્થોની પ્રતીત કરે છે, તથા આંબલી મોઢામાં લીધા વિના માત્ર તેને દેખતાં મોઢામાં અમી ઝરે છે—એમ માને છે, તો હે ભાઈ! પરજ્ઞેયો જ્ઞાનમાં પ્રવેશ્યા વિના ચૌદ બ્રહ્માંડના સમસ્ત જ્ઞેય પદાર્થોને દેખતાં આત્મામાં તેનું જ્ઞાન થાય ને અપૂર્વ આનંદનો રસ ઝરે—એમ તારા જ્ઞાનસ્વભાવની પ્રતીત કેમ નથી કરતો? જ્ઞાનસ્વભાવને ચૂકીને પરજ્ઞેયોમાં મારાપણું માનીને તેમાં રાગ-દ્વેષ કરીને અટક્યો ત્યારે પૂરું જ્ઞાન ન થયું ને આત્મામાં આનંદનો રસ ન ઝર્યો. પણ બધા જ્ઞેયોથી ભિન્ન પોતાના જ્ઞાનસ્વભાવને ઓળખતાં જેમ છે તેમ જાણનાર રહ્યો ને ક્યાંય રાગ-દ્વેષમાં ન અટક્યો ત્યાં પૂર્ણ જ્ઞાન થયું ને આત્મામાં અપૂર્વ અમૃત ઝર્યું. જ્ઞાનસ્વભાવની પ્રતીત સિવાય બીજા કોઈ ઉપાયથી આત્માના સહજ આનંદરૂપી અમૃતનો અનુભવ થાય નહિ.

—અહીં ૨૫મા જ્ઞાનજ્ઞેયદ્વૈતનયથી આત્માનું વર્ણન પૂરું થયું. હવે નિયતિનય તથા અનિયતિનયથી આત્મદ્રવ્યનું વર્ણન કરશે. *

# નિયતિનયે આત્માનું વર્ણન

## [૨૬]

અનંતધર્મવાળો ચૈતન્યમૂર્તિ આત્મા પ્રમાણજ્ઞાનથી જણાય છે, તેનું ૨૫ નયોથી અનેક પ્રકારે વર્ણન કર્યું; હવે નિયતિ, સ્વભાવ, કાળ, પુરુષાર્થ અને દૈવ—એ પાંચ બોલ વર્ણવે છે, તેમાં પ્રથમ નિયતિનયથી આત્મા કેવો છે તે કહે છે.

આત્મદ્રવ્ય નિયતિનયે નિયતસ્વભાવે ભાસે છે, જેમ ઉષ્ણતા તે અગ્નિનો નિયતસ્વભાવ છે તેમ નિયતિનયે આત્મા પણ પોતાના નિયતસ્વભાવવાળો ભાસે છે. આત્માના ત્રિકાળ એકરૂપ સ્વભાવને અહીં નિયતસ્વભાવ કહ્યો છે, તે સ્વભાવને જોનાર નિયતનયથી જ્યારે જુઓ ત્યારે આત્મા પોતાના ચૈતન્યસ્વભાવપણે એકરૂપ ભાસે છે. પર્યાયમાં ક્યારેક તીવ્ર રાગ, ક્યારેક મંદ રાગ અને ક્યારેક રાગરહિતપણું; વળી ક્યારેક રાગ પલટીને દ્વેષ, ક્યારેક મતિજ્ઞાન ને ક્યારેક કેવળજ્ઞાન, એક ક્ષણે મનુષ્ય ને બીજી ક્ષણે દેવ—એ પ્રમાણે અનેક પ્રકારો થાય છે તેને આત્માના અનિયતસ્વભાવ તરીકે હવે પછીના બોલમાં વર્ણવશે. અહીં આત્માના નિયતસ્વભાવની વાત છે. જેવો શુદ્ધ ચૈતન્ય જ્ઞાનાનંદસ્વભાવ છે તેવા જ નિયતસ્વભાવે આત્મા સદાય ભાસે છે, પર્યાય ઓછી હો કે વધારે હો, વિકારી હો કે નિર્મળ હો,—પણ નિયતસ્વભાવથી તો આત્મા સદા એકરૂપ છે. આવા નિયતસ્વભાવને જે જુએ તેને એકલી પર્યાયબુદ્ધિ રહે નહિ પણ દ્રવ્યસ્વભાવનું અવલંબન હોય. પર્યાયબુદ્ધિવાળો જીવ આત્માને એકરૂપ નિયતસ્વભાવે દેખી શકતો નથી ને તેને નિયતનય હોતો નથી.

અહીં દ્રવ્યના ત્રિકાળી સ્વભાવને જ નિયત કહેલ છે; જેમ ઉષ્ણતા તે અગ્નિનો નિયતસ્વભાવ છે, અગ્નિ સદાય ઉષ્ણ જ હોય, અગ્નિ ઉષ્ણતા વગરનો હોય એમ કદી બને નહિ, તેમ ચૈતન્યપણું તે આત્માનો નિયતસ્વભાવ છે, તે સ્વભાવથી જ્યારે જુઓ ત્યારે આત્મા એકરૂપ ચૈતન્યસ્વરૂપે જણાય છે. જોકે પર્યાયમાં પણ નિયતપણું એટલે કે ક્રમબદ્ધપણું છે, જે સમયે જે પર્યાય થવાની નિયત છે તે જ થાય તે, તેના ક્રમમાં ફેરફાર થતો નથી—આવો પર્યાયનો નિયતસ્વભાવ છે, પરંતુ અત્યારે અહીં તેની વાત નથી; અહીં તો નિમિત્તની અપેક્ષા વગરનો આત્માનો જે ત્રિકાળ એકરૂપ રહેનાર સ્વાભાવિક ધર્મ છે તેનું નામ નિયતસ્વભાવ છે અને તે નિયતનયનો વિષય છે.

જેમ અગ્નિનો ઉષ્ણ સ્વભાવ છે તે નિયત જ છે, નિશ્ચિત જ છે, અગ્નિ સદા ઉષ્ણ જ હોય, તેમ આત્માનો ચૈતન્યસ્વભાવ નિયત–નિશ્ચિત–સદા એકરૂપ છે; નિયતસ્વભાવથી આત્મા અનાદિ-અનંત એકરૂપ નિયત પરમપારિણામિકસ્વભાવે જ ભાસે છે, બંધ-મોક્ષના ભેદ પણ તેનામાં દેખાતા નથી. બંધ અને મોક્ષની પર્યાયો તે નિયત એટલે કે કાયમી એકરૂપ નથી પણ અનિયત છે.

ઉદય-ઉપશમ-ક્ષયોપશમ કે ક્ષાયક એ ચારે ભાવો પણ અનિયત છે, પરમપારિણામિકસ્વભાવ તે નિયત છે. આત્માનો સહજ નિરપેક્ષ શુદ્ધસ્વભાવ જ નિયત છે. નિયતનય આત્માને સદા જ્ઞાયકસ્વભાવે જ દેખે છે. આત્માનો જ્ઞાયકસ્વભાવ છે તે નિયત—નક્કી થયેલો અનાદિઅનંત સ્વભાવ છે, તેમાં કદી ફેર પડે નહિ. આત્માના આવા સ્વભાવને જાણનારો જીવ પર્યાયના અનેક પ્રકારોને પણ જાણતો હોવા છતાં તેને પર્યાયબુદ્ધિ થતી નથી. આત્માના નિયત એકરૂપ ધ્રુવ સ્વભાવને જાણતાં તેનો જ આશ્રય થાય છે, એ સિવાય કોઈ નિમિત્ત, વિકલ્પ કે પર્યાયના આશ્રયની માન્યતા રહેતી નથી. આ રીતે દરેક નયથી શુદ્ધ આત્મા જ સધાય છે. જે જીવ અંતરંગમાં શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્માને નથી દેખતો તેને એક પણ સાચો નય હોતો નથી.

જેમ કોઈ કહે કે—એવો નિયમ બાંધો કે જે કદી ફરે નહિ, તેમ આ નિયતનય આત્માના સ્વભાવનો એવો નિયમ બાંધે છે કે જે કદી ફરે નહિ. આત્માનો નિયમ શું છે?—કે પોતાના શુદ્ધ જ્ઞાનાનંદસ્વભાવે ત્રિકાળ રહેવું તે જ તેનો નિયમ છે. પોતાના જ્ઞાનાનંદસ્વભાવને તે કદી છોડતો નથી. જે આત્મસ્વભાવના આવા નિયમને જાણે તે નિયમથી મુક્તિ પામે.

'જુઓ, આ આત્મસ્વભાવના ગાણાં! સંતોના અંતરઅનુભવમાંથી આ રણકાર ઊઠ્યો છે કે અરે જીવ! તેં તારા નિયત પરમાનંદ સ્વભાવને કદી છોડ્યો નથી, તારો સહજ જ્ઞાન ને આનંદસ્વભાવ તારામાં નિયત છે, તું સદાય અનાકુળ શાંતરસનો કુંડ છો; જો અગ્નિ કદી પોતાની ઉષ્ણતાને છોડે તો ભગવાન આત્મા પોતાના પવિત્ર ચૈતન્યસ્વભાવને છોડે! પણ એમ કદી બનતું નથી. કેવળજ્ઞાન અને પરમ આનંદ પ્રગટવાના સામર્થ્યથી સદાય ભરેલો એવો તારો નિયત સ્વભાવ છે, તે સ્વભાવના અવલંબનથી જ ધર્મ પ્રગટે છે, એ સિવાય કયાંય બહારથી ધર્મ આવતો નથી. એકવાર અંતરમાં તારા આવા નિયતસ્વભાવને દેખ.

નિયતનયથી જોતાં પવિત્રતાનો પિંડ આત્મા પોતે ચૈતન્યસ્વભાવે નિયત જણાય છે—એવો તેનો ધર્મ છે. આ ધર્મ આત્માને સદાય પોતાના પરમશુદ્ધ અમૃતરસમાં ઝીલી રાખે છે, તેના શાંત ઉપશમરસમાં સ્થિર-નિયત રાખે છે. નરકમાં કે સ્વર્ગમાં, અજ્ઞાનદશા વખતે કે સાધકદશા વખતે, નિગોદમાં હતો ત્યારે કે સિદ્ધમાં હશે ત્યારે,—કદી પણ તે પોતાના સ્વભાવને બદલીને બીજી રીતે થઈ જતો નથી—એવો આત્માનો નિયતસ્વભાવ છે. જે આવા નિયતસ્વભાવને જાણે તેને પર્યાયમાં પણ એવું જ નિયત હોય કે અલ્પકાળે મુક્તિ પામે.

એક બાજુ જોતાં અનુકૂળતામાં રાગ ને વળી તે પલટીને પ્રતિકૂળતામાં દ્વેષ—એમ અનિયતસ્વભાવે આત્મા લક્ષમાં આવે છે, અને બીજી બાજુથી જોતાં ત્રણલોકની ગમે તેવી પ્રતિકૂળતા આવી પડે તો પણ આત્મા પોતાના સ્વભાવને કદી છોડતો નથી—એવો તેનો નિયતસ્વભાવ છે.—આમ બંને સ્વભાવથી આત્માને જે જાણે તેને ધ્રુવ એકરૂપ સ્વભાવનો મહિમા આવીને તેમાં અંતરવલણ થયા વિના રહે નહિ.

જેમ અગ્નિમાં ઉષ્ણતા ન હોય—એમ કદી ન બને, તેમ આત્માનો જ્ઞાનાનંદસ્વભાવ

અનાદિઅનંત એકરૂપ છે તેનું નામ નિયતસ્વભાવ છે. અગ્નિનો સ્વભાવ એવો નિયત છે કે તેમાં ઉષ્ણતા હોય જ, તેમ આત્મામાં એવો નિયતધર્મ છે કે પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવથી તે કદી જુદો ન હોય. આત્માનો ત્રિકાળી સ્વભાવ અનંત સહજાનંદની મૂર્તિ છે. તે સ્વભાવને જોનાર જ્ઞાની જીવ, કોઈ અનુકૂળ નિમિત્તોથી મારો સ્વભાવ નવો ઉત્પન્ન થાય અગર પ્રતિકૂળ નિમિત્તોથી મારો સ્વભાવ નાશ પામી જાય કે તેમાં ફેરફાર થઈ જાય—એમ માનતા નથી, એટલે ગમે તેવા અનુકૂળ–પ્રતિકૂળ પ્રસંગમાં પણ તેને અનંતાનુબંધી રાગ–દ્વેષ થતા જ નથી. તે જાણે છે કે મારો આત્મા ત્રિકાળ ચૈતન્ય જ્ઞાયકપણે નિયત છે; મને મારા જ્ઞાયક-સ્વભાવથી છોડાવવાની કોઈ સંયોગોની તો તાકાત નથી, અને પર્યાયના ક્ષણિક વિકારમાં પણ એવી તાકાત નથી કે મને મારા સ્વભાવથી છોડાવે. જેમ માણસો નિયમ લ્યે છે કે અમારે અમુક ચીજ ન ખાવી, તેમ આત્માના નિયતસ્વભાવનો એવો નિયમ છે કે ત્રણ કાળમાં કદી પણ પોતાના ચૈતન્યસ્વભાવને છોડીને વિભાવપણે થવું નહિ. ઘડીએ ઘડીએ જે ફરે તેને નિયમ ન કહેવાય.

જુઓ, આ શેની વાત ચાલે છે? આ ભગવાન આત્માના ગાણાં ગવાય છે. આત્મામાં જે ધર્મો છે તેનો આ મહિમા ગવાય છે. અજ્ઞાનીને અનાદિથી પોતાના સ્વભાવનો મહિમા રૂચતો નથી ને પરનો મહિમા કરે છે. જ્યાં ઊંચો હીરો કે દાગીનો વગેરેનાં વખાણ સાંભળે ત્યાં તેનો મહિમા આવી જાય છે, પણ આત્મા પોતે ત્રણલોકનો પ્રકાશક ચૈતન્યહીરો છે તેના સ્વભાવનો મહિમા ગવાય છે તે સાંભળવામાં અજ્ઞાનીને રુચિ કે ઉત્સાહ આવતો નથી. અહીં તો આત્માનો સ્વભાવ સમજવાની જેને જિજ્ઞાસા જાગી છે તેને આચાર્યદેવ સમજાવે છે. આત્માનો શુદ્ધસ્વભાવ ત્રિકાળ નિયમિત છે, તેના જ આધારે પર્યાયમાં શુદ્ધતા પ્રગટે છે, એ સિવાય ક્યાંય બહારમાંથી, વિકારમાંથી કે ક્ષણિક પર્યાયમાંથી શુદ્ધ પર્યાય આવતી નથી. ભગવાન આત્માએ પોતાની પવિત્રતાના પિંડને કદી છોડ્યો નથી. પર્યાયમાં જે શુદ્ધતા પ્રગટે છે તે તો પહેલાં ન હતી ને નવી પ્રગટી, તેથી તે અનિયત છે, ને શુદ્ધસ્વભાવ ધ્રુવપણે સદા એવો ને એવો જ છે, તેથી તે નિયત છે. પર્યાય જે સમયે જે થવાની હોય તે જ થાય—એવા પ્રકારે પર્યાયનું જે નિયત છે તેની આ નિયતનયમાં વાત નથી પણ અહીં તો દ્રવ્યના નિયતસ્વભાવની વાત છે; કેમકે નિયતની સામે પાછો અનિયતસ્વભાવ પણ કહેશે, તેમાં પર્યાયની વાત લેશે. પર્યાયોના નિયતપણાની (ક્રમબદ્ધ પર્યાયની) જે વાત છે તેમાં નિયત અને અનિયત એવા બે પ્રકાર નથી, તેમાં તો નિયતનો એક જ પ્રકાર છે કે બધી પર્યાયો નિયત જ છે, કોઈ પણ પર્યાય અનિયત નથી. પરંતુ અત્યારે તો આત્મવસ્તુમાં નિયતસ્વભાવ અને અનિયતસ્વભાવ એવા બંને ધર્મો ઉતારવા છે, તેથી અહીં નિયત એટલે દ્રવ્યનો એકરૂપ સ્વભાવ, પર્યાયનો ક્રમ નિયત છે પણ પર્યાયસ્વભાવ ત્રિકાળ એકસરખો રહેનાર નથી તેથી તેને અહીં અનિયતસ્વભાવ કહ્યો છે. જ્યારે પર્યાયનું નિયતપણું, (—ક્રમબદ્ધપણું) કહેવું હોય ત્યારે તો વિકાર પણ નિયત કહેવાય, જ્ઞાન નિયત છે, જ્ઞેયો નિયત છે, વિકાર નિયત છે, સંયોગ અને નિમિત્ત પણ નિયત છે, જે હોય તે જ હોય, બીજા ન હોય, જે સમયે જે થવાનું છે તે બધું નિયત જ છે. આવા નિયતના નિર્ણયમાં પણ જ્ઞાનસ્વભાવની જ દૃષ્ટિ થઈ જાય છે, અને વસ્તુનો નિયત-અનિયત સ્વભાવ કહ્યો તેના નિર્ણયમાં

પણ ધ્રુવસ્વભાવની દૃષ્ટિ થઈ જાય છે. દ્રવ્યના નિયતસ્વભાવને જાણતાં રાગને અનિયતધર્મ તરીકે જાણે છે એટલે તે રાગમાં સ્વભાવબુદ્ધિ થતી નથી, આ રીતે આત્માના નિયતસ્વભાવને જાણતાં રાગથી ભેદજ્ઞાન થઈ જાય છે. રાગ થાય તે આત્માનો અનિયતસ્વભાવ છે—એમ જાણે અગર તો રાગને તે સમયની પર્યાયના નિયત તરીકે જાણે તોપણ તે બંનેમાં, 'આત્માનો નિયતસ્વભાવ તે રાગથી ભિન્ન છે' એવું ભેદજ્ઞાન થઈને સ્વભાવદૃષ્ટિ થાય છે. જે જીવ ત્રિકાળી દ્રવ્યના નિયત સ્વભાવને જાણે તે જ ત્રણે કાળની પર્યાયના નિયતપણાને યથાર્થ જાણે છે, તેમજ ક્ષણિક ભાવોના અનિયતપણાને પણ તે જ જાણે છે. પર્યાયમાં રાગ થયો તે આત્માનો પોતાનો અનિયતધર્મ છે એટલે કર્મના ઉદયને લીધે રાગ થયો એ વાત રહેતી નથી. આત્માનો કાયમી સ્વભાવ તે નિયત છે ને ક્ષણિકભાવ તે અનિયત છે. પૂર્વે અનાદિકાળમાં આત્મા નરક—નિગોદ વગેરે ગમે તે પર્યાયમાં રહ્યા છતાં પણ આત્માના નિયતધર્મે તેને પોતાના શુદ્ધસ્વભાવથી એકરૂપ ટકાવી રાખ્યો છે. જ્યાં જ્યાં રખડ્યો ત્યાં બધેય પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવને સાથે ને સાથે જ રાખીને રખડ્યો છે. જો આવા અંતરસ્વભાવનું જ્ઞાન કરે તો વર્તમાનમાં અપૂર્વ ધર્મ થાય છે.

નિયતનયનો વિષય ત્રિકાળ એકરૂપ રહેનારું દ્રવ્ય છે ને અનિયતનયનો વિષય પર્યાય છે. 'અનિયત'નો અર્થ અક્રમબદ્ધ—અચોક્કસ અથવા આડીઅવળી પર્યાય—એમ ન સમજવો; પરંતુ પર્યાય તે આત્માનો ત્રિકાળ એકરૂપ રહેનારો સ્વભાવ નથી પણ પલટી જાય છે તે અપેક્ષાએ તેને અનિયતધર્મ સમજવો. પર્યાય તો ત્રણેકાળના દરેક સમયની જેમ છે તેમ નિયત છે. તેમાં કાંઈ આડુંઅવળું થાય તેમ નથી. બસ! તું તારા જ્ઞાનની પ્રતીત કરીને તેનો જ્ઞાતા રહી જા. શરીરાદિ મારાં—એ વાત ભૂલી જા, અને રાગને ફેરવું—એ વાત પણ ભૂલી જા, શરીરારદિને અને રાગાદિને બધાને જાણનારો તારો જ્ઞાનસ્વભાવ છે તેને સંભાળ; તે તારો નિયત સ્વભાવ છે. તારા નિયતજ્ઞાનસ્વભાવને તે કદી છોડ્યો નથી.

આત્મા ત્રિકાળ જ્ઞાનસ્વભાવ છે—એમ દ્રવ્યના નિયતસ્વભાવને નક્કી કરે તો તે સ્વભાવદૃષ્ટિથી રાગાદિનો જ્ઞાતા થઈ ગયો.

દ્રવ્યના નિયતસ્વભાવને જાણતાં, રાગને પર્યાયના નિયત તરીકે જાણે—તો તેમાં પણ રાગનો જ્ઞાતા થઈ ગયો.

રાગ તે આત્માનો અનિયતસ્વભાવ છે એટલે કે તે આત્માનો ત્રિકાળ ટકનાર સ્વભાવ નથી—એમ જાણે તો તેમાં પણ રાગ અને સ્વભાવનું ભેદજ્ઞાન થઈને રાગનો જ્ઞાતા રહી ગયો.

આ રીતે ગમે તે પ્રકારે સમજે પણ તેમાં જ્ઞાનસ્વભાવની સન્મુખતા જ કરવાનું આવે છે અને તે જ ધર્મ છે.

'નિયતવાદ'ના બહાને અજ્ઞાનીઓ અનેક પ્રકારના ગોટા ચલાવે છે. સર્વજ્ઞદેવે જેમ જોયું છે તે જ પ્રમાણે નિયમથી થાય છે—આમ સર્વજ્ઞની શ્રદ્ધાપૂર્વકના સમ્યક્નિયતવાદને પણ અજ્ઞાનીઓ

ગૃહીતમિથ્યાત્વ કહે છે, પરંતુ તેમાં જ્ઞાનસ્વભાવના નિર્ણયનો મહાન પુરુષાર્થ આવે છે તેની તેમને ખબર નથી. તથા બીજા સ્વચ્છંદી જીવો, સર્વજ્ઞના નિર્ણયના પુરુષાર્થને સ્વીકાર્યા વગર એકલું નિયતનું નામ લઈને પુરુષાર્થને ઉડાડે છે તેને પણ નિયતસ્વભાવની ખબર નથી.

ગોમ્મટસારમાં નિયતવાદીને ગૃહીતમિથ્યાદૃષ્ટિ કહ્યો છે; તે જીવ તો જ્ઞાનસ્વભાવની પ્રતીતનો સમ્યક્પુરુષાર્થ કરતો નથી. સર્વજ્ઞની પ્રતીત કરતો નથી, પણ વિકારનો અને પરનો સ્વામી થઈને કહે છે કે 'જે નિયત હશે તે થશે.' પરંતુ 'જે નિયત હશે તે થશે' એમ જાણ્યું કોણે? તેનો નિર્ણય શેમાં કર્યો? કે મારા જ્ઞાનમાં; તો તને તારા જ્ઞાનની પ્રતીતિ છે? જ્ઞાનની મોટપ અને જ્ઞાનના મહિમાને જાણીને, તેની સન્મુખ થઈને, જ્ઞેયોના નિયતને જે જાણે છે તે તો મોક્ષમાર્ગી સાધક થઈ ગયો છે. તેની ગોમ્મટસારમાં વાત નથી; પરંતુ જે મિથ્યાદૃષ્ટિ જીવ જ્ઞાનસ્વભાવની સન્મુખ થયા વગર તેમ જ સર્વજ્ઞની શ્રદ્ધા કર્યા વગર એકલા પર સામે જોઈને નિયત માને છે તે મિથ્યા નિયતવાદી છે અને તેને જ ગોમ્મટ્ટસારમાં ગૃહીતમિથ્યાદૃષ્ટિ કહ્યો છે.

સર્વજ્ઞસ્વભાવની શ્રદ્ધાપૂર્વક પોતાના જ્ઞાનસ્વભાવની સન્મુખ થઈને એમ નક્કી કર્યું કે અહો! બધું નિયત છે, જે સમયે જેમ થવાનું છે તેમ જ ક્રમબદ્ધ થાય છે, હું તો સ્વ-પરપ્રકાશી જ્ઞાતા છું.—આવો નિર્ણય તે સમ્યગ્દૃષ્ટિનો સમ્યક્નિયતવાદ છે. આ નિયતમાં દ્રવ્ય—પર્યાય બધું સમાઈ જાય છે, અજ્ઞાનીને આવો નિયતવાદ હોતો નથી. જેણે પોતાના જ્ઞાનસ્વભાવની સન્મુખ થઈને તેની રુચિનો સમ્યક્પુરુષાર્થ પ્રગટ કર્યો અને શુભ—અશુભ ભાવોની રુચિ છોડી તેણે જ ખરેખર સમ્યક્નિયતવાદને માન્યો છે, તેમાં ચૈતન્યનો પુરુષાર્થ છે, મોક્ષનો માર્ગ છે. તેનું વર્ણન સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષાની ૩૨૧-૩૨૨મી ગાથામાં છે, સમ્યગ્દૃષ્ટિ જીવ વસ્તુના યથાર્થસ્વરૂપનું કેવું ચિંતવન કરે છે તે તેમાં બતાવ્યું છે.

અહીં પ્રવચનસારમાં જે નિયતધર્મ કહ્યો છે તે ત્રીજી વાત છે. અહીં તો આત્માનો જે ત્રિકાળ એકરૂપ શુદ્ધ નિરપેક્ષ ચૈતન્યસ્વભાવ છે તેનું નામ નિયતધર્મ છે; સ્વભાવવાન કદી પોતાના મૂળ સ્વભાવને ન છોડે એવો તેનો નિયતધર્મ છે. આ નિયતધર્મ તો જ્ઞાની અજ્ઞાની બધા જીવોમાં છે, પણ નિયતનય વડે જ્ઞાની જ તેને જાણે છે. નિયતધર્મ બધા આત્મામાં છે, પણ નિયતનય બધા આત્માને હોતો નથી, જે જ્ઞાની આત્માના નિયતસ્વભાવને જાણે તેને જ નિયતનય હોય છે.

એ પ્રમાણે નિયતના ત્રણ પ્રકાર થયા—

(૧) ગોમ્મટસારમાં કહેલો, જ્ઞાનની પ્રતીત વગરનો ગૃહીતમિથ્યાદૃષ્ટિનો નિયતવાદ,

(૨) સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં કહેલો, જ્ઞાનીનો નિયતવાદ; તેમાં સમ્યગ્દૃષ્ટિ જીવ જ્ઞાનસ્વભાવની ભાવનાપૂર્વક સર્વજ્ઞદેવે જોયેલા વસ્તુસ્વરૂપનું ચિંતન કરતો, જેમ થાય તેમ પર્યાયના નિયતને જાણે છે, તેમાં વિષમભાવ થવા દેતો નથી, એટલે આ જ્ઞાનીનો નિયતવાદ તો વીતરાગતા અને સર્વજ્ઞતાનું કારણ છે.

(૩) આ પ્રવચનસારમાં કહેલો નિયત સ્વભાવ; નિયતનયથી બધા જીવો ત્રિકાળ એકરૂપ જ્ઞાનસ્વભાવે નિયત છે.

ઉપરના ત્રણેય પ્રકારમાંથી, ગોમ્મટ્ટસારમાં જે નિયતવાદને ગૃહીતમિથ્યાત્વમાં ગણ્યો છે તે અજ્ઞાનીનો છે, તેને સર્વજ્ઞની શ્રદ્ધા નથી. સ્વામી કાર્તિકિયાનુપ્રેક્ષામાં વર્ણવેલો નિયતવાદ તો સર્વજ્ઞની શ્રદ્ધાસહિત અને જ્ઞાતાદૃષ્ટાસ્વભાવની સન્મુખતાના પુરુષાર્થ સહિત જ્ઞાનીનો સમ્યક્નિયતવાદ છે અને પ્રવચનસારમાં જે નિયતનયની વાત છે તે બધા જીવોનો ત્રિકાળ એકરૂપ શુદ્ધ ચિદાનંદસ્વભાવ છે તેની વાત છે. આત્મા પોતાના અસલી ચૈતન્ય સ્વભાવનેય કદી ન છોડે એવો તેનો નિયતસ્વભાવ છે. જે જીવ આવા નિયતસ્વભાવને જાણે તેને વિકાર ઉપર બુદ્ધિ ન રહે, કેમકે વિકાર તે આત્માનો ત્રિકાળી સ્વભાવ નથી તેથી આ નિયતમાં તેનો સ્વીકાર નથી. આ ત્રીજા બોલની અપેક્ષાએ વિકાર તે આત્માનો 'અનિતયભાવ' છે. અને બીજા બોલની અપેક્ષાએ તો વિકારભાવ પણ 'નિયત' છે કેમ કે તે સમયે તે જ પર્યાયનો ક્રમ નિયત છે.

વિકાર થાય તે આત્માનો ત્રિકાળી સ્વભાવ નથી માટે તેને અનિયત તરીકે વર્ણવશે, પણ તે અનિયતનો અર્થ એવો નથી કે તે સમયની પર્યાયના ક્રમમાં ભંગ પડ્યો! આત્માની પર્યાયમાં વિકાર ક્યારેક હોય છે ને ક્યારેક નથી હોતો, તેમ જ તે સદા એકસરખો પણ નથી રહેતો—માટે તેને અનિયત કહ્યો છે, પણ પર્યાયના ક્રમની અપેક્ષાએ તો તે પણ નિયત જ છે. વસ્તુસ્વભાવ ત્રણેકાળ વ્યવસ્થિત પરિણમી રહ્યો છે, તેની ત્રણેકાળની પર્યાયોમાં એટલી નિયમિતતા છે કે તેના ક્રમનો ભંગ કરવા અનંતા તીર્થંકરો પણ સમર્થ નથી. પર્યાયોનું આવું વ્યવસ્થિતપણું નક્કી કરનાર જીવ પોતે ત્રિકાળી દ્રવ્યની સામે જોઈને તે નક્કી કરે છે એટલે તે પોતે સ્વભાવ તરફ ઢળેલો ને મોક્ષપંથે પડેલો સાધક થઈ ગયો છે; ક્રમરૂપ પર્યાયો એક સાથે હોતી નથી એટલે તે ક્રમની પ્રતીત કરનારની દૃષ્ટિ અક્રમરૂપ દ્રવ્યસ્વભાવ ઉપર હોય છે, ને તેમાં જ મોક્ષમાર્ગનો પુરુષાર્થ આવી જાય છે.

ધર્મી જીવ નિયતનયથી એમ જાણે છે કે મેં મારા સ્વભાવને સદા એવો ને એવો નિયત ટકાવી રાખ્યો છે, મારા આત્મસ્વભાવમાં કંઈ પણ ઓછું કે વધતું થતું નથી; વિકાર વખતે મારા સ્વભાવમાંથી કાંઈ ઓછું થઈ ગયું નથી ને કેવળજ્ઞાન થતાં મારા સ્વભાવમાં કાંઈ વધી જતું નથી; પર્યાયમાં વિકાર હો કે નિર્વિકારપણું હો, પણ મારા નિયતસ્વભાવે તો હું સદા એકરૂપ છું. આમ પર્યાય અપેક્ષાએ અનિયતધર્મ પણ રહેલો છે તેને પણ ધર્મી જાણે છે, તેનું વર્ણન હવેના બોલમાં કરશે.

*

અગ્નિ ક્યારેક ઠંડો હોય ને ક્યારેક ઊનો હોય—એવા બે પ્રકાર તેનામાં નથી, અગ્નિ ઊનો જ હોય એવો એક નિયત પ્રકાર છે, તેમ નિયતનયથી આત્મામાં પણ એવો નિયતસ્વભાવ છે કે તે સદા એકરૂપ શુદ્ધ ચૈતન્યસ્વરૂપે જ રહે છે. જેમ અગ્નિ કદી પોતાની ઉષ્ણતાથી છૂટો ન પડે એવો

તેના સ્વભાવનો નિયમ છે તેમ આત્માના સ્વભાવનો એવો નિયમ છે કે પોતાના શુદ્ધ ચૈતન્યપણાથી તે કદી છૂટો પડે નહિ.

અહીં ત્રિકાળી શુદ્ધસ્વભાવના નિયમને નિયત કહેલ છે. ગોમ્મટ્ટસારનો નિયતવાદી તો જ્ઞાનસ્વભાવની પ્રતીતના પુરુષાર્થ વગરનો છે તેથી તે ગૃહીતમિથ્યાદષ્ટિ છે અને દ્વાદશાનુપ્રેક્ષામાં જ્ઞાનસ્વભાવની પ્રતીતના પુરુષાર્થ સહિત સમ્યગ્દષ્ટિના સમ્યક્ નિયતવાદનું વર્ણન છે. જે પદાર્થની જે સમયે જે પ્રમાણે જે અવસ્થા થવાનું સર્વજ્ઞદેવના જ્ઞાનમાં પ્રતિભાસ્યું છે તે પદાર્થની તે સમયે તે પ્રમાણે તે જ અવસ્થા નિયમથી થાય છે. કોઈ ઈન્દ્ર નરેન્દ્ર કે જિનેન્દ્ર પણ તેમાં ફેરફાર કરી શકતા નથી– આવું વસ્તુસ્વરૂપ સમજનાર સમ્યગ્દષ્ટિને ભેગી એવી પણ પ્રતીત છે હું જ્ઞાતા છું. એટલે પરથી ઉદાસીન થઈને તેનો જ્ઞાતા રહ્યો, ને પોતાની પર્યાયનો આધાર દ્રવ્ય છે તે દ્રવ્ય તરફ વળ્યો, દ્રવ્યદષ્ટિથી તેને ક્રમે ક્રમે પર્યાયની શુદ્ધતા થવા માંડે છે.—આવો આ સમ્યક્ નિયતવાદ છે.

જુઓ, ગોમ્મટ્ટસારમાં નિયતવાદીને ગૃહીત મિથ્યાદષ્ટિ કહ્યો અને અહીં સમ્યગ્દષ્ટિના નિયતવાદને યથાર્થ કહ્યો. ક્યાં કઈ અપેક્ષા છે તે ગુરુગમે સમજવું જોઈએ.

**જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ,**
**ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થી જન એહ.**

કેટલાક તો 'નિયત' એવું નામ આવે ત્યાં ભડકે છે; પણ અરે ભાઈ! તું સમજ તો ખરો કે જ્ઞાની શું કહે છે? 'ક્રમબદ્ધ જેમ થવાનું નિયત છે તેમજ થાય છે'—એમ જાણવાનું બીડું ઝીલ્યું કોણે? જે જ્ઞાને તે બીડું ઝીલ્યું તે પોતાના જ્ઞાનસામર્થ્યની પ્રતીત વગર તે બીડું ઝીલી શકે નહિ; ક્રમબદ્ધ જેમ થવાનું નિયત છે તેમ જ થાય છે—એવું બીડું ઝીલનાર જ્ઞાનમાં જ્ઞાનસ્વભાવની સન્મુખતાનો પુરુષાર્થ વગેરે બધા સમવાયો આવી જાય છે.

(૧) અહીં કહેલો નિયતધર્મ બધા જીવોમાં છે.

(૨) દ્વાદશઅનુપ્રેક્ષામાં કહેલો સમ્યક્ નિયતવાદ સમ્યગ્દષ્ટિને જ હોય છે.

(૩) ગોમ્મટ્ટસારમાં કહેલો મિથ્યાનિયતવાદ ગૃહીત મિથ્યાદષ્ટિને જ હોય છે.

—માટે નિયતનો જ્યાં જે પ્રકાર હોય તે સમજવો જોઈએ; માત્ર 'નિયત' શબ્દ સાંભળીને ભડકવું ન જોઈએ.

'નિયત સ્વભાવ' તે પણ આત્માનો એક ધર્મ છે, અને તે ધર્મથી આત્માને જાણતાં તેના બીજા અનંતા ધર્મોનો સ્વીકાર પણ ભેગો આવી જાય છે. આત્મામાં અનંત ધર્મો એક સાથે છે, તેમાં એક ધર્મની યથાર્થ પ્રતીત કરવા જતાં બીજા બધા ધર્મોની પ્રતીત પણ ભેગી આવી જ જાય છે ને પ્રમાણજ્ઞાન થઈને અનંત ધર્મના પિંડરૂપ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્માનો અનુભવ થાય છે.

પાંચ સમયવાયકારણોમાં જે ભવિતવ્ય અથવા નિયતિ આવે છે તે સમ્યક નિયતવાદ છે, તેની સાથે બીજા ચારે સમવાય પણ આવી જાય છે. જે ન બનવાનું હોય તે બની જાય—એમ કદી

થાય નહિ, જે બને છે તે બધું નિયત જ છે. પણ તે નિયતના નિર્ણયમાં જ્ઞાતાસ્વભાવનો 'પુરુષાર્થ' છે, તે વખતે જે નિર્મળ સ્વપર્યાય પ્રગટી તે જ તે સમયનો 'કાળ' છે, સ્વભાવમાં જે પર્યાય હતી તે જ પ્રગટી છે—તેથી તેમાં 'સ્વભાવ' પણ આવી ગયો, અને જેટલે અંશે નિર્મળ પર્યાય પ્રગટી તેટલે અંશે કર્મનો અભાવ છે—તે 'નિમિત્ત' છે. આ રીતે એક સમયમાં પાંચે બોલ એક સાથે આવી જાય છે. તેમાં નિયત-અનિયતરૂપ અનેકાંત ઉતારવો હોય તો, જે ભવિતવ્ય છે તે 'નિયત' અને નિયત સિવાયના બીજા ચાર બોલ તે 'અનિયત'—એ રીતે નિયત અનિયતરૂપ અનેકાંત તે ભગવાનનો માર્ગ છે.—પણ તેમાં 'અનિયત' શબ્દનો અર્થ 'આઘુંપાછું કે અનિશ્ચિત'—એમ ન સમજવો, પરંતુ આત્માના નિયત ધર્મ સિવાયના બીજા ધર્મોનું નામ 'અનિયત' સમજવું.

સમ્યક્‌નિયતમાં તો વિકારી—અવિકારી તેમ જ જડની બધી પર્યાયો આવે છે, કેમ કે બધી પર્યાયોનો ક્રમ નિયત જ છે અને અહીં કહેલા નિયત સ્વભાવમાં તો એકલો જીવસ્વભાવ જ આવે છે, તેમાં પર્યાય ન આવે.

પર્યાયના નિયતનો નિર્ણય પણ દ્રવ્યના નિર્ણય વગર કરી શકાતો નથી કેમ કે પર્યાયો દ્રવ્યમાંથી જ આવે છે. નિશ્ચિત પર્યાયનો નિર્ણય કરવામાં દ્રવ્યસન્મુખનો અપૂર્વ પુરુષાર્થ છે, તે નિર્ણય કરનારને પર્યાયબુદ્ધિ રહેતી નથી; વર્તમાનપર્યાયની બુદ્ધિ અંતર્મુખ થઈને દ્રવ્યમાં ઘૂસી જાય ત્યારે જ સમ્યક્‌નિયતનો નિર્ણય થાય છે. પર્યાયમાં સમય—સમયનો વિકાર છે તે મારા ત્રિકાળસ્વભાવમાં નથી—એમ બંને ધર્મોથી આત્માને જાણે તો અવસ્થા વિકાર તરફથી પાછી ખસીને ચૈતન્યસ્વભાવ તરફ ઢળી જાય છે ને સમ્યગ્જ્ઞાન થાય છે.

દ્રવ્યનો ત્રિકાળ નિયતસ્વભાવ છે તેની દૃષ્ટિ કરે કે પર્યાયના નિયતનો યથાર્થ નિર્ણય કરે, અથવા નિયત અને પુરુષાર્થ વગેરે પાંચે સમવાયો એક સાથે છે તેને સમજે—તો મિથ્યાબુદ્ધિ ટળીને સ્વભાવ તરફનું વલણ થઈ જાય છે. જેણે નિયતિનો યથાર્થ નિર્ણય કર્યો તેને આત્માના જ્ઞાન–સ્વભાવનો અને કેવળીભગવાનનો તેમ જ પુરુષાર્થનો વિશ્વાસ પણ ભેગો જ છે. નિયતિનો નિર્ણય કહો, સ્વભાવનો નિર્ણય કહો, કેવળજ્ઞાનનો નિર્ણય કહો, પાંચ સમવાયનો નિર્ણય કહો, સમ્યક્ પુરુષાર્થ કહો—તે બધું એક સાથે જ છે.

નિયત સાથેના બીજા પુરુષાર્થ વગેરે ચાર બોલ છે તેને નિયતમાં ખતવાતા નથી માટે તેને અનિયત કહેવાય છે; એ રીતે નિયત અને અનિયત એવો વસ્તુસ્વભાવ છે. અથવી બીજી રીતે—દ્રવ્યનો એકરૂપ સ્વભાવ તે નિયત ધર્મ છે અને પર્યાયમાં વિવિધતા થાય છે તે અનિયતધર્મ છે—એ રીતે નિયત અને અનિયત બંને ધર્મો એક સાથે રહેલા છે. તેમાં નિયતનયથી આત્માના દ્રવ્યસ્વભાવનું વર્ણન કર્યું, હવે અનિયતનયથી પર્યાયની વાત કરશે.

—અહીં ૨૬મા નિયતિનયથી આત્માનું વર્ણન પૂરું થયું.

*

# અનિયતિનયે આત્માનું વર્ણન

## [૨૭]

નિયતિનયથી આત્માના એકરૂપ દ્રવ્યસ્વભાવનું વર્ણન કર્યું હવે અનિયતિનયથી પર્યાયની વાત કરે છે. આત્મદ્રવ્ય અનિયતિનયે અનિયતસ્વભાવે ભાસે છે, જેમ પાણીમાં ઉષ્ણતા નિયમિત નથી પણ અગ્નિના નિમિત્તે ક્યારેક તેમાં ઉષ્ણતા થાય છે તેમ અનિયતિનયથી આત્મા રાગાદિ અનિયતસ્વભાવપણે જણાય છે.

પાણીનો કાયમી સ્વભાવ ઠંડો છે તે નિયત છે, ને ઉષ્ણતા તેના ઠંડા સ્વભાવથી વિપરીત દશા છે, તે ઉષ્ણતા પાણીમાં કાયમ રહેનાર નથી તેથી અનિયત છે; તેમ આત્માની અવસ્થામાં રાગાદિ વિકારી ભાવો થાય છે તે કાયમી રહેનાર નથી પણ ક્ષણિક છે માટે તે અનિયત છે. આવું અનિયતપણું તે પણ આત્માનો એક ધર્મ છે. પરંતુ 'થવાનું ન હતું ને થયું' એવો અહીં અનિયતનો અર્થ નથી. રાગાદિને અનિયત કહ્યા તેથી કાંઈ પર્યાયનો ક્રમ તૂટી જાય છે—એમ નથી. જે રાગાદિ થયા તે કાંઈ પર્યાયનો ક્રમ તૂટીને થયા નથી. પર્યાયના ક્રમની અપેક્ષાએ તો રાગાદિ પણ નિયત ક્રમમાં જ છે, પરંતુ રાગાદિ અશુદ્ધભાવ છે તે આત્માનો કાયમી સ્વભાવ નથી માટે તેને અનિયત સ્વભાવ કહ્યો છે. અનિયતનયથી જુઓ તો તેમાં પણ કાંઈ ક્રમબદ્ધ પર્યાયનો ફેરફાર થવાનું નથી આવતું, પર્યાયનો ક્રમ તો નિયત જ છે.

ગોમ્મટ્ટસારમાં નિયતવાદીને મિથ્યાદૃષ્ટિ કહ્યો છે તે તો જુદી વાત છે ને અહીં જુદી વાત છે. ગોમ્મટ્ટસારમાં જે નિયતવાદીને મિથ્યાદૃષ્ટિ કહ્યો છે તે તો નિયતના નામે માત્ર સ્વચ્છંદ સેવે છે, પણ નિયત સાથે પોતાનો જ્ઞાતા સ્વભાવ છે તેને તે જાણતો નથી, સર્વજ્ઞને માનતો નથી, પરસન્મુખ જ રુચિ રાખે છે પણ જ્ઞાનસ્વભાવની રુચિ કરતો નથી, સ્વભાવની સમ્યક્શ્રદ્ધા—જ્ઞાનના પુરુષાર્થને તે સ્વીકારતો નથી, પોતાની નિર્મળ પર્યાયરૂપ સ્વકાળને તે જાણતો નથી, તેમ જ નિમિત્તમાં કેટલા કર્મોનો અભાવ થયો તેને પણ તે સમજતો નથી—એ પ્રમાણે કોઈ જાતના મેળ વગર માત્ર નિયતની વાતો કરીને સ્વચ્છંદી થાય છે; નિયતની સાથેના બીજા સમવાયોને તે માનતો નથી ને શ્રદ્ધા—જ્ઞાનનો સમ્યક્પુરુષાર્થ પ્રગટ કરતો નથી તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. પરંતુ સમ્યગ્દૃષ્ટિ તો નિયતના નિર્ણયની સાથેસાથે સર્વજ્ઞનો પણ નિર્ણય કરે છે અને 'હું જ્ઞાતાસ્વભાવ છું' એમ પણ સ્વસન્મુખ થઈને પ્રતીતિ કરે છે એટલે નિયતના નિર્ણયમાં તેને સમ્યક્શ્રદ્ધા—જ્ઞાનનો પુરુષાર્થ પણ ભેગો જ છે, તે વખતે નિર્મળપર્યાયરૂપ સ્વકાળ છે તથા નિમિત્તમાં મિથ્યાત્વાદિ કર્મનો અભાવ છે, આ પ્રમાણે સમ્યગ્દૃષ્ટિને એક સાથે પાંચ સમવાયો આવી જાય છે. નિયતના નિર્ણય સંબંધમાં મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિનો આ મોટો તફાવત છે તે અજ્ઞાનીઓ સમજી શકતા નથી એટલે તેમને ભ્રમથી બંનેમાં

સમાનતા લાગે છે, પણ ખરેખર તો તે બંનેમાં આકાશ પાતાળ જેટલું અંતર છે.

'હું જ્ઞાયક છું' એમ પોતાના જ્ઞાનસ્વભાવની જેને પ્રતીત નથી અને પરમા ફેરફાર કરવાનું મિથ્યા અભિમાન જેઓ સેવી રહ્યા છે તેઓ નિયત વસ્તુસ્વભાવની આ વાત સાંભળતા ભડકી ઊઠે છે કે 'અરે! શું બધુ જ નિયત!! અમારા પુરુષાર્થથી કાંઈ ફેરફાર ન થાય?' એટલે એણે જ્ઞાતા નથી રહેવું પણ ફેરફાર કરવો છે,—એ બુદ્ધિ જ મિથ્યાત્વ છે. અજ્ઞાની માને છે કે વસ્તુની પર્યાય નિયત નથી એટલે કે નિશ્ચિત નથી, તેમાં અમારી મરજી પ્રમાણે અમે ફેરફાર કરી દઈએ;—તેની આ માન્યતા જુઠી છે કેમકે વસ્તુની પર્યાયોમાં એવું અનિયતપણું નથી કે આઘીપાછી થાય! અહીં આત્માનો અનિયતધર્મ વર્ણવે છે તેમાં તો જુદી વાત છે, કાંઈ પર્યાયના ક્રમમાં ફેરફાર કરવાની વાત તેમાં નથી.

અજ્ઞાની જાણે કે આ અનિયતનયમાં તો અમારી માન્યતા પ્રમાણે વસ્તુની ક્રમબદ્ધપર્યાયમાં ફેરફાર થવાનું આવશે!—પણ એમ નથી; કોઈ પર્યાયનો ક્રમ તો ફરતો જ નથી—એ નિયમ તો અબાધિત રાખીને જ બધી વાત છે. દ્રવ્યસ્વભાવની દૃષ્ટિથી જોતાં આત્મા શુદ્ધપણે દેખાય છે ને પર્યાય દૃષ્ટિથી જોતાં આત્મા અશુદ્ધ દેખાય છે, તે અશુદ્ધપણું આત્માનો અનિયત સ્વભાવ છે, ક્ષણિક અશુદ્ધતાને પણ આત્મા પોતે પોતાની પર્યાયમાં ધારી રાખે છે.

આત્માના અનિયતધર્મને કોણ માની શકે?

આત્મા એકાંત શુદ્ધ છે તેના પર્યાયમાં પણ વિભાવ નથી—એમ જે માને છે તેણે આત્માના અનિયતધર્મને જાણ્યો નથી;

અથવા આત્માની પર્યાયમાં જે વિકાર છે તે પરને કારણે થાય છે એમ માને તો તે પણ આત્માના અનિયત ધર્મને જાણતો નથી;

વળી પર્યાયમાં જે ક્ષણિક વિકાર છે તેને જ જો આત્માનો કાયમી સ્વભાવ માની લ્યે તો તેણે આત્માના અનિયત ધર્મને જાણ્યો નથી;

પર્યાયમાં વિકાર છે તે પોતાના કારણે છે પરંતુ તે આત્માનો ત્રિકાળ રહેનારો સ્વભાવ નથી પણ ક્ષણિક અશુદ્ધભાવ છે—એમ જે જાણે તેણે જ આત્માના અનિયત ધર્મને યથાર્થપણે માન્યો કહેવાય.

•

સર્વે જીવો કર્મને વશ છે એમ અજ્ઞાની માને છે એટલે કર્મ જ જીવને વિકાર કરાવે છે એમ તે માને છે, પણ આત્માના અનિયત ધર્મને તે જાણતો નથી. રાગાદિ વિકાર થાય છે તે કાંઈ જડ કર્મનો ધર્મ નથી, પરંતુ તે રાગાદિ આત્માની જ અવસ્થામાં થાય છે એટલે આત્માનો જ અનિયત ધર્મ છે. તત્ત્વાર્થસૂત્રમાં પણ ઔદયિકભાવનેય આત્માનું સ્વતત્ત્વ કહ્યું છે. રાગાદિભાવો આત્માનો અનિયત ધર્મ છે તે કાંઈ કર્મને વશ નથી; આત્માનો આ ધર્મ કાંઈ જડ કર્મને લીધે નથી.

'આત્માની પર્યાયમાં વિકાર થવાનો ન હતો, પણ ઘણા કર્મોનો એક સાથે ઉદય આવ્યો

તેથી વિકાર થયો'—એવું અનિયતપણું નથી; પરંતુ આત્માના સ્વભાવનો જે એકરૂપ નિયમ છે તેવો પર્યાયમાં નથી માટે પર્યાયના વિકારને અનિયત કહ્યો છે. ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા ત્રિકાળ છે. તેની અવસ્થામાં વિકાર અને સંસાર છે તે અનિયતસ્વભાવે છે, એક સમય પૂરતો અચોક્કસ છે માટે આત્મામાં તે કાયમ રહેશે નહિ, ને શુદ્ધસ્વભાવ તો કાયમ એવો ને એવો રહેનાર છે; તે સ્વભાવનો મહિમા કરીને તેની સન્મુખ રહેતાં પર્યાયમાંથી અનિયત એવો સંસાર ટળી જશે માટે હે જીવ! જ્ઞાયક આનંદકંદ સ્વભાવે હું નિયત છું ને અવસ્થાનો વિકાર તે અનિયત છે—એમ પ્રતીત કરીને સ્વભાવસન્મુખ થા. વિકાર આત્મામાં કાયમી રહેવાવાળો ભાવ નથી માટે પર્યાયમાં વિકાર ગમે તેટલો હો તેનાથી મુંઝા નહિ, પણ તે વિકારની તુચ્છતા જાણ અને કાયમી શુદ્ધ નિયતસ્વભાવનો મહિમા લાવીને તેની સન્મુખ દૃષ્ટિ કરીને તેમાં ઠર. એમ કરવાથી, જેવો કાયમી શુદ્ધસ્વભાવ છે તેવી શુદ્ધતા પર્યાયમાં પ્રગટી જશે અને વિકાર ટળી જશે. આત્માના શુદ્ધ સ્વભાવના આશ્રયે અનિયત એવો વિકાર ટળી જવા યોગ્ય છે, પણ પર્યાયના ક્ષણિક વિકારથી કાંઈ આત્માના નિયતસ્વભાવનો નાશ થઈ જતો નથી. રાગાદિ વિકાર તો ક્ષણિક અનિયત નાશવંત છે તે શરણભૂત થઈ શકતા નથી, અને દ્રવ્યનો નિયતસ્વભાવ તો સદા શુદ્ધ છે. તેના શરણે જીવને શાંતિ અને કલ્યાણ થાય છે. આ પ્રમાણે નિયતસ્વભાવ અને અનિયતસ્વભાવ એ બંનેથી આત્માને જાણીને ધ્રુવ સ્વભાવનો આશ્રય કરવો તે પ્રયોજન છે.

ભાઈ! તારો દ્રવ્યસ્વભાવ શુદ્ધ ચૈતન્યમય છે તે નિયત છે ને પર્યાયમાં વિકારી સંસારભાવ છે તે અનિયત છે, માટે તે ટળી જશે. નિયત શુદ્ધસ્વભાવની દૃષ્ટિ કરતાં અનિયત એવો વિકારભાવ ટળી જશે. વિકાર તારો પોતાનો ધર્મ હોવા છતાં તે અનિયત છે એટલે પાણીની ઉષ્ણતાની જેમ તે ટળી જાય છે. અગ્નિની ઉષ્ણતા તે તેનો નિયતસ્વભાવ છે એટલે તે ટળે નહિ પણ પાણીની ઉષ્ણતા તે અનિયત છે એટલે તે ટળી જાય છે; તેમ આત્માનો શુદ્ધચૈતન્યમય દ્રવ્યસ્વભાવ તો નિયત છે તેનો કદી નાશ થતો નથી, ને પર્યાયનો વિકાર અનિયતસ્વભાવે છે તેથી તે ટળી જાય છે. માટે પર્યાયમાં એક સમયનો વિકાર દેખીને મૂંઝા નહિ કેમકે આખું દ્રવ્ય વિકારપણે થઈ ગયું નથી. દ્રવ્ય તો શુદ્ધસ્વભાવે રહ્યું છે, તેની દૃષ્ટિ કર, એટલે વિકાર ટળી જશે ને શુદ્ધતા પ્રગટી જશે. પર્યાયનો સ્વભાવ અનિયત છે એમ જાણીને તેનો આશ્રય છોડ, ને દ્રવ્યનો સ્વભાવ નિયત છે એમ જાણીને તેનો આશ્રય કર. અહો, હું સદા એકરૂપે પરમ પારિણામિકભાવે નિયત છું—એમ જાણીને સ્વાશ્રય કરતા સમ્યગ્દર્શનાદિ અપૂર્વભાવ પ્રગટી જાય છે.

આત્મા સદાય ચૈતન્ય પ્રભુતાથી ભરેલો છે—એમ નિયતનય દેખે છે અને પર્યાયમાં પામરતા છે તેને અનિયતનય દેખે છે. એ બંને ધર્મો આત્મામાં એક સાથે છે. આત્માના આવા બંને ધર્મોને જે જાણે તેનું જોર સ્વભાવની પ્રભુતા તરફ વળ્યા વિના રહે નહિ, એટલે દ્રવ્યની પ્રભુતાના જોરે પર્યાયની પામરતાનો નાશ થયા વિના રહે નહિ.

દ્રવ્યસ્વભાવમાં વિકાર નથી ને પર્યાયમાં વિકાર થયો તો કે ક્યાંથી આવ્યો? શું કર્મને લીધે

આવ્યો? ના; વિકાર પણ આત્માનો જ અનિયતધર્મ છે. આત્માની પર્યાયમાં તે જાતની લાયકાત છે. અગ્નિના સંયોગ વખતે પાણી ઊનું થયું તે અગ્નિને લીધે થયું નથી પણ પાણીની પર્યાયમાં તે પ્રકારની લાયકાત છે, તે ઉષ્ણતા પાણીનો અનિયતધર્મ છે, તેમ આત્મામાં જે રાગાદિ પર્યાય થાય છે તે તેનો અનિયતધર્મ છે. જો તે એક ધર્મને પણ કાઢી નાખો કે પરને માનો તો આખી આત્મવસ્તુ જ સિદ્ધ થતી નથી એટલે કે સમ્યગ્જ્ઞાન થતું નથી. જેમ સો વર્ષની ઉંમરનો કોઈ માણસ હોય, તેના સો વર્ષમાંથી વચ્ચેનો એક સમય પણ કાઢી નાંખો તો તે માણસનું સો વર્ષનું અખંડપણું રહેતું નથી પણ તેના બે કટકા થઈ જાય છે, તેમાં આત્મા અનંત ધર્મોનો અખંડ પિંડ છે, તેમાંથી તેના એક પણ અંશને કાઢી નાંખો તો અખંડ વસ્તુ સિદ્ધ થતી નથી.

અહીં નયથી જે જે ધર્મોનું વર્ણન કર્યું છે તે ધર્મો આત્માના છે એટલે નયજ્ઞાન સ્વ તરફ જુએ છે. પર તરફ જોયે આત્માના ધર્મોનું યથાર્થ જ્ઞાન નથી થતું પણ આત્મા તરફ વળીને જ તેના ધર્મોનું યથાર્થ જ્ઞાન થાય છે.

કેવળી ભગવાનને તેરમાં ગુણસ્થાને યોગનું કંપન છે તે તેમનો અનિયતધર્મ છે, અઘાતિ કર્મને લીધે તે કંપન નથી. યોગનું કંપન તે પણ આત્માનો પોતાનો ઔદયિકભાવ છે, તે પણ સ્વતત્ત્વનો ધર્મ છે. દ્રવ્ય અને પર્યાય બંને થઈને પ્રમાણ છે. પર્યાયનો ધર્મ તે પણ આત્માનો પોતાનો ધર્મ છે, પર્યાયનો ધર્મ કાંઈ પરના આધારે રહેલો નથી. પર્યાયમાં જે વિકાર થયો તે વિકારપણે કોણ ભાસે છે? કે અનિયતનયે આત્મદ્રવ્ય પોતે જ વિકારપણે ભાસે છે, કાંઈ પર દ્રવ્ય વિકારપણે થતું ભાસતું નથી.

વસ્તુના અનંત ધર્મોને સર્વજ્ઞદેવ પ્રત્યક્ષ જાણે છે, ને સાધક સમ્યગ્જ્ઞાની તેને પ્રતીતમાં લ્યે છે. આ ધર્મો આખા આત્માની પ્રતીતિ કરાવે છે, ધર્મી એવા આત્માની પ્રતીતિ વગર તેના ધર્મની પ્રતીત થાય નહિ. આ તો વીતરાગતાના મંત્રો છે.

પ્રમાણજ્ઞાન કરાવવા માટે દ્રવ્ય અને પર્યાય બંનેની વાત સાથે ને સાથે લીધી છે. નિયતનયે, દ્રવ્ય અપેક્ષાએ આત્માના નિયતસ્વભાવને જુએ છે અને તે જ વખતે પર્યાય અપેક્ષાએ આત્મામાં અનિયતસ્વભાવ પણ છે, તેને જોનારો અનિયતનય છે. આત્માની પર્યાયમાં ભૂલ અને વિકાર સર્વથા છે જ નહિ—એમ નથી, ભૂલ અને વિકાર તે પણ આત્માનો પોતાનો અનિયત સ્વભાવ છે, અને આત્માનો કાયમી સ્વભાવ ભૂલ વગરનો ચૈતન્યસ્વરૂપી છે. વસ્તુમાં જેમ હોય તેમ બધું જો ન જાણે તો જ્ઞાનનો મહિમા શું? અને તેની પ્રમાણતા શી? આત્માના વિકારરહિત ત્રિકાળી સ્વભાવને જ્ઞાન જાણે છે અને પર્યાયના ક્ષણિક વિકારને પણ જાણે છે; જો સ્વભાવને અને વિકારને—બંનેને ન જાણે તો વિકારમાંથી એકાગ્રતા ટાળીને સ્વભાવમાં એકાગ્ર થવાનું રહેતું નથી, ને સમ્યગ્જ્ઞાન પણ થતું નથી એટલે કોઈ જાતનો ધર્મ થતો નથી.

દ્રવ્યપણે તો આત્મા સદા એકરૂપ નિયત સ્વભાવે છે, ને તેની પર્યાયમાં હીનાધિકતાના અનેક પ્રકારો પડે છે તેથી અનિયતપણું પણ છે. પર્યાયમાં અનેક પ્રકારો ને વિકારો છે તેને જો ન

જાણે તો જ્ઞાન સમ્યક્ થતું નથી. જેમ અગ્નિમાં ઉષ્ણતા તો નિયત છે, ને પાણીમાં ઉષ્ણતા અનિયત છે એટલે ક્યારેક હોય ને ક્યારેક ન પણ હોય. પાણીનો કાયમી સ્વભાવ ઠંડો હોવા છતાં તેની વર્તમાન હાલતમાં જે ઉષ્ણતા છે તે તેનો પોતાનો અનિયત સ્વભાવ છે, ઉષ્ણતાપણે થવાની તેની પોતાની ક્ષણિક લાયકાત છે; જો તે અનિયત ઉષ્ણસ્વભાવને ન જાણે અને પાણીને એકાંત ઠંડું માનીને પીવા માંડે તો શું થાય?—મોઢું દાઝી જાય! તેમ ચૈતન્યભગવાન આત્મા ઉપશમરસનો સમુદ્ર નિયતસ્વભાવે શુદ્ધ એકરૂપ હોવા છતાં તેની પર્યાયમાં જે રાગાદિ છે તે પણ તેનો એક સમયનો અનિયત સ્વભાવ છે. પોતાની પર્યાયમાં તે રાગાદિ છે એમ જો ન જાણે અને આત્માને સર્વથા શુદ્ધ માને તો તેને શુદ્ધતાનો તો અનુભવ નહિ થાય પણ એકલા રાગાદિની આકુળતાનો જ અનુભવ થશે. આત્માની પર્યાયમાં જે ક્ષણિક વિકાર થાય છે તે તેનો અનિયત સ્વભાવ છે અને તે 'અનિયતનય'નો વિષય છે, તે આત્માનો કાયમી સ્વભાવ નથી. પરંતુ જો તે વિકાર એક સમય પૂરતો પણ પર્યાયમાં ન થતો હોય તો તેને ટાળીને સ્વભાવમાં એકાગ્ર થવાનો પ્રયત્ન કરવાનું રહેતું નથી. એટલે કે મોક્ષમાર્ગ જ રહેતો નથી માટે દ્રવ્ય અને પર્યાય બંનેનું યથાર્થ જ્ઞાન હોય તો જ મોક્ષમાર્ગ સાધી શકાય છે.

વસ્તુમાં નિયત અનિયત બંને ધર્મો છે. વસ્તુનો જે સદા એકરૂપ રહેનારો સ્વભાવ છે તે નિયત છે, અને વસ્તુનો જે ક્ષણિક સ્વભાવ છે તે અનિયત છે. પરંતુ ક્રમબદ્ધપર્યાયમાં જે પર્યાય થવાની હોય તેને બદલે આડીઅવળી થઈને અનિયત થઈ જાય—એમ અહીં અનિયતનો અર્થ નથી. જેમ દ્રવ્યો નિયત છે, તેના જડ ચેતન વગેરે ગુણો નિયત છે, તેમ તેની સમય સમયની પર્યાયો પણ નિયત છે. પર્યાયનો ક્રમ કાંઈ અનિયત નથી, જે સમયે જે પર્યાય થવાનું નિયત છે તે સમયે તે જ પર્યાય નિયમથી થશે. સર્વજ્ઞ તેને જાણે છે. સર્વજ્ઞનું જ્ઞાન અન્યથા થતું નથી ને વસ્તુના પર્યાયનો ક્રમ પણ તૂટતો નથી. અહો, આ નિર્ણયમાં વસ્તુસ્વભાવનો નિર્ણય આવી જાય છે અને પુરુષાર્થનું વલણ પર તરફથી ખસીને પોતાના જ્ઞાનસ્વભાવ તરફ વળી જાય છે. આ અંતરદૃષ્ટિની વાત છે; ઘણા લોકો પોતાની કલ્પિત દૃષ્ટિ પ્રમાણે શાસ્ત્રો વાંચી જાય છે પણ ગુરુગમના અભાવે અંતરદૃષ્ટિનું આ રહસ્ય સમજી શકતા નથી. કોઈ તો એમ કહે છે કે 'દ્રવ્યોની સંખ્યા નિયત છે, તેના ચેતન કે અચેતન ગુણો નિયત છે તથા દરેક ક્ષણે તેનું કોઈ ને કોઈ પ્રકારનું પરિણમન થશે તે પણ નિયત છે, પરંતુ અમુક સમયમાં અમુક જ પરિણમન થશે—એ વાત નિયત નથી, જેવા સંયોગ આવશે તેવી પર્યાય થશે.' જુઓ, આમ કહેનારને વસ્તુસ્વરૂપની કાંઈ ખબર નથી ને સર્વજ્ઞની પણ શ્રદ્ધા નથી; આ વાત આગળ ઘણીવાર વિસ્તારથી કહેવાઈ ગઈ છે. 'દ્રવ્યની શક્તિ તો નિયત છે પણ પરિણમન ક્યારે કેવું થશે તે અનિયત છે—આ પ્રમાણે નિયત—અનિયતપણું તે જૈનદર્શનનો અનેકાંતવાદ છે'—એમ અજ્ઞાનીઓ માને છે, પરંતુ તે વાત જુઠી છે; જૈનદર્શનના અનેકાંતવાદનું એવું સ્વરૂપ નથી. નિયત અને અનિયતનો અર્થ તો અહીં કહેવાયો તે રીતે છે. દ્રવ્યસ્વભાવે આત્મા નિયત શુદ્ધ એકરૂપ હોવા છતાં, તેની પર્યાયમાં જે વિકાર થાય છે તે તેનો અનિયતસ્વભાવ છે; વિકાર કાયમ એકરૂપ રહેનારો ભાવ નથી માટે તેને અનિયત કહ્યો છે—એમ સમજવું.

નિયતધર્મથી જોતાં આત્મા એકરૂપ શુદ્ધ જ સદા ભાસે છે અને અનિયતધર્મથી જોતાં આત્મા વિકારવાળો પણ છે. જો આત્મામાં પોતામાં અનિયતપણે વિકાર થવાનો ધર્મ ન હોય તો અનંતા કર્મો ભેગા થઈને પણ તેને વિકારી કરી શકે નહિ. વિકાર અનિયત હોવા છતાં તે પરને લીધે નથી પણ આત્માનો પોતાનો ભાવ છે. શુદ્ધસ્વભાવ ત્રિકાળ ધ્રુવ છે તેમાં વિકાર નથી ને પર્યાયમાં વિકાર થયો—માટે તેને અનિયત કહ્યો; પરંતુ તે વિકાર થવાનો ન હતો ને થઈ ગયો—એવો અનિયતસ્વભાવ નથી. પર્યાયનું જે નિયતપણું છે તે વાત અહીં નથી લીધી, અહીં નિયત તરીકે ત્રિકાળીસ્વભાવ લીધો છે ને અનિયત તરીકે પર્યાયની ક્ષણિક અશુદ્ધતા લીધી છે.

૨૭મા અનિયતનયથી આત્માનું વર્ણન અહીં પૂરું થયું.

અહીં પ્રવચનસારના પરિશિષ્ટમાં પાંચ સમવાયના બોલ લીધા છે પણ તે બીજી શૈલીથી લીધા છે; તેમાં નિયત તથા અનિયત ધર્મનું વર્ણન કર્યું, હવે આત્માના સ્વભાવધર્મ અને અસ્વભાવધર્મની વાત કરશે. ત્યાર પછી કાળ તથા અકાળ તેમ જ પુરુષાર્થ અને દૈવનું પણ વર્ણન કરશે.

❀ ચૈતન્યસ્વરૂપની સ્વાનુભૂતિમાં રમતા જ્ઞાનીઓને દેખીને મુમુક્ષુને સ્વાનુભવની પ્રેરણા જાગે છે.

❀ સ્વાનુભૂતિની નિર્મળપર્યાયરૂપ માર્ગદ્વારા હે જીવ! તું તારા ચૈતન્યના આનંદસરોવરમાં પ્રવેશ કર. તારા ઉપયોગને તારા અંતરમાં લઈ જા—કે તરત જ તને આનંદની અનુભૂતિ થશે. આ અનુભૂતિના પંથ જગતથી ન્યારા છે.

❀ મારે મારા આત્માના જ્ઞાનસ્વભાવ સાથે કામ છે. બીજા કોઈ સાથે મારે કામ નથી. મારા સ્વભાવમાં ઊંડો ઊતરીને તેને એકને જ હું સદાય ભાવું છું, તેનો જ વારંવાર પરિચય કરું છું.

# સ્વભાવનયે આત્માનું વર્ણન

## [૨૮]

આત્મદ્રવ્ય સ્વભાવનયે સંસ્કારને નિરર્થક કરનારું છે; જેમ તીક્ષ્ણ કાંટો સ્વભાવથી જ અણીવાળો છે, તેને કોઈથી અણી કાઢવામાં આવતી નથી, તેમ આત્માનો જે એકરૂપ સ્વભાવ છે તેમાં સંસ્કાર નિરુપયોગી છે. સ્વભાવનયથી જોતાં, આત્માનો જે સ્વભાવ છે તેમાં કોઈના સંસ્કાર પડતા નથી. સંસ્કાર તો ક્ષણિક પર્યાયમાં કામ કરી શકે; ધ્રુવસ્વભાવ તો એકરૂપ છે તેમાં સંસ્કાર શું કરે? જેમ કે ભવ્યજીવનો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પામવાની લાયકાતરૂપ ભવ્યસ્વભાવ છે, તે ભવ્યજીવે અનાદિથી પર્યાયમાં ગમે તેટલો અધર્મ કર્યો, મહાકષાય અને પાપભાવો કર્યા છતાં તેનો ભવ્યસ્વભાવ પલટી જતો નથી એટલે તેના પર્યાયના જે સંસ્કાર છે તે સ્વભાવમાં પડતા નથી, એ રીતે સ્વભાવમાં સંસ્કારો નિરર્થક છે. પર્યાયમાં મહાકષાય હિંસા વગેરેના સંસ્કાર છે પણ તે સંસ્કાર ધ્રુવસ્વભાવમાં કાંઈ ફેરફાર કરી શકતા નથી; ધ્રુવસ્વભાવમાં પાપના સંસ્કાર પડીને, ભવ્યનો સ્વભાવ પલટીને તે અભવ્ય થઈ જાય—એમ કદી બનતું નથી. તીવ્ર પાપ કરે માટે ભવ્યમાંથી અભવ્ય થઈ જાય—એમ પણ બનતું નથી; તેમજ વ્રત-તપ વગેરેના ઘણા શુભ ભાવ કરવાથી અભવ્યનો સ્વભાવ પલટીને તે ભવ્ય થઈ જાય એમ પણ બનતું નથી. આ રીતે જેનો જે સ્વભાવ છે તે ફરતો નથી, એટલે સ્વભાવમાં સંસ્કાર કામ કરી શકતા નથી. 'અનાદિથી નિગોદમાં રખડ્યો અને પર્યાયમાં ઘણી અશુદ્ધતા કરી. તેના સંસ્કાર આત્મામાં પડી ગયા માટે હવે કદી અશુદ્ધતા ટાળીને તેની શુદ્ધતા થઈ શકશે જ નહિ'—એમ નથી, કેમકે પર્યાયના સંસ્કાર દ્રવ્યસ્વભાવમાં પડી ગયા નથી; પર્યાયમાં અનાદિથી અશુદ્ધતા કરી હોવા છતાં દ્રવ્યસ્વભાવ એવો ને એવો શુદ્ધ છે; તેનું અવલંબન કરતાં જ પર્યાયમાંથી અશુદ્ધતાના સંસ્કાર ટળીને શુદ્ધતાના સંસ્કાર પ્રગટે છે.

આત્માનો સ્વભાવ એવો છે કે ક્ષણિક પર્યાયના સંસ્કારને તે નિરર્થક કરી નાંખે છે, પર્યાયના વિકારને સ્વભાવમાં પ્રવેશવા દેતો નથી. અનાદિથી પર્યાયમાં ગમે તેટલા વિકાર ભાવો કર્યા પણ તે ભાવો ધ્રુવચૈતન્યસ્વભાવને ફેરવી નાખવા સમર્થ નથી, ધ્રુવસ્વભાવને અશુદ્ધ કરી નાંખે એવી તેની તાકાત નથી. કોઈ જીવ ઘણાં પાપ કરે માટે તેનો ચૈતન્યસ્વભાવ મટીને તે જડ થઈ જાય—એમ કદી બને નહિ, કેમકે આત્માનો સ્વભાવ સંસ્કારને નિરર્થક કરી નાંખે છે.

જ્યાં આવા સ્વભાવનું ભાન થયું ત્યાં પર્યાયમાં પણ પૂર્વના અધર્મના સંસ્કાર ટળીને અપૂર્વ ધર્મના સંસ્કાર પ્રગટ્યા. અહો! મારો આત્મા પર્યાયના વિકારના સંસ્કારને નિરર્થક કરી નાંખે એવા સ્વભાવવાળો છે, પર્યાયના સંસ્કારો મારા સ્વભાવને બગાડી શકતા નથી,—મારા

સ્વભાવમાં વિકાર પેઠો જ નથી—એમ જ્યાં સ્વભાવની ખબર પડી, ત્યાં પૂર્વે જેટલા અધર્મભાવો કર્યા હતા તેના સંસ્કાર નિરર્થક થઈ ગયા.

જેમ તીક્ષ્ણ કાંટો સ્વભાવથી અણીવાળો જ છે, કોઈએ તેને સંસ્કાર કરીને અણી કાઢી નથી. તેમ ભગવાન આત્મા સ્વભાવથી જ અનાદિ અનંત ટંકોત્કીર્ણ જ્ઞાનમૂર્તિ છે, તેમાં કોઈથી સંસ્કાર પડતા નથી. માટે હે ભાઈ! ક્ષણિક વિકારથી તું મુંઝા નહિ, પણ આત્માના સ્વભાવને જો, તારો સ્વભાવ ત્રિકાળ એવો ને એવો સિદ્ધસ્વરૂપી ભગવાન છે. જ્યાં પર્યાયે અંદર સ્વભાવમાં જોયું ત્યાં પૂર્વના સંસ્કારને નિરર્થક જાણ્યા, ને વિકાર સાથેની એકતાબુદ્ધિ છૂટી ગઈ.

પર્યાયમાં વિકાર થાય તેથી આત્માનો સ્વભાવ કાંઈ હણાઈ જતો નથી, પરંતુ આથી કોઈ એમ કહે કે 'પર્યાયનો વિકાર સ્વભાવમાં નુકશાન કરતો નથી માટે ગમે તેવો વિકાર કરવો તેમાં વાંધો નથી'—તો એમ કહેનારની દૃષ્ટિ એકદમ ઊંધી છે, તે આ વાતને સમજ્યો જ નથી; જે આ વાત સમજે તેને તો સ્વભાવદૃષ્ટિ થઈ જાય એટલે પર્યાયમાં પણ તીવ્ર વિકાર તો તેને હોય જ નહિ. 'પર્યાયનો વિકાર સ્વભાવમાં નુકસાન કરતો નથી' એમ કહેનાર કોની સામે જોઈને તે કહે છે? સ્વભાવ સામે જોઈને કહે છે. જેની દૃષ્ટિ સ્વભાવ સામે હોય તેને વિકારની ભાવના હોય જ નહિ.

અહીં તો કહે છે કે હે ભાઈ! પૂર્વે વિકાર થઈ ગયો તેથી તું મૂંઝા નહિ, તે વિકારે તારા આખા આત્મસ્વભાવને વિકારી કરી નાંખ્યો નથી. 'અરેરે! મેં ઘણાં પાપ કર્યા, હવે મારું શું થશે?' એમ મૂઝવણ ન કર'–પાપ ક્યાં કર્યાં?–માત્ર એક સમયની પર્યાયમાં તે પાપ થયાં છે. પણ તારા ધ્રુવ ચૈતન્ય સ્વભાવમાં તે પાપ થયાં જ નથી; તે એક સમયની પર્યાયના સંસ્કારને તારો સ્વભાવ નિરર્થક કરી નાંખે છે, માટે તે સ્વભાવની સામે જો. જેનો સ્વભાવ અલ્પકાળમાં મોક્ષ જવાનો છે તેને પૂર્વના અધર્મભાવો રોકી શકે નહિ. જેમાંથી પરમાત્મદશા પ્રગટે એવો સ્વભાવ આત્મામાં ત્રિકાળ છે. ચિદાનંદ ભગવાન એવો ને એવો ચૈતન્યમૂર્તિ છે, તેના સ્વભાવને નવો બનાવવો પડતો નથી. જેમ મોરલો સ્વભાવથી જ રંગબેરંગી ચિત્રામણવાળો હોય છે, તેને ચીતરવો પડતો નથી, તેમ આત્મામાં પરમાત્મદશા પ્રગટવાનો સ્વભાવ સ્વયંસિદ્ધ છે, તે કોઈથી નવો બનતો નથી, તેમ જ બીજા કોઈ સંસ્કારથી તે સ્વભાવને અન્યથા કરી શકતો નથી. તે સ્વભાવને આશ્રયે સમ્યક્ પુરુષાર્થ કરતાં પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કે સિદ્ધપદ પ્રગટે, તો પણ તે સ્વભાવમાંથી કાંઈ ઓછું થઈ જતું નથી; સ્વભાવનયથી તે એવો ને એવો ત્રિકાળ એકરૂપ છે.

જુઓ, એક જીવને પર્યાયમાં ઓછું સામર્થ્ય વ્યક્ત થયું છે ત્યારે શક્તિમાં તેને ઘણું સામર્થ્ય બાકી રહ્યું, ને પછી જ્યારે પર્યાયમાં ઘણું વધારે સામર્થ્ય વ્યક્ત થયું ત્યારે શક્તિમાં તેને ઓછું સામર્થ્ય બાકી રહ્યું—એમ બનતું હશે?–ના; પર્યાયમાં અલ્પ નિર્મળતા હો કે ઘણી હો પણ

શક્તિરૂપ સ્વભાવ તો એવો ને એવો જ પરિપૂર્ણ રહે છે. તેમાં કાંઈ હીનાધિકપણું થતું નથી. આ રીતે સંસ્કારને નિરર્થક કરી નાંખે એવો આત્માનો સ્વભાવ છે. નિગોદ પર્યાય કે સિદ્ધપર્યાય, અજ્ઞાનપર્યાય કે કેવળજ્ઞાન પર્યાય તે દરેક વખતે પણ ધ્રુવ સ્વભાવ એવો ને એવો જ વિદ્યમાન છે, તે સ્વભાવનો નાશ થઈ ગયો નથી તેમ જ તેમાં જરાપણ હાનિ થઈ નથી. તેથી, ''અરેરે! અત્યાર સુધી અમે પાપ કર્યાં, હવે અમારું શું થશે?'' એમ મૂંઝવણ કરવાનું ન રહ્યું, કેમકે સ્વભાવમાં તે સંસ્કાર પેસી ગયા નથી. જ્યાં દૃષ્ટિ ફેરવીને સ્વભાવ ઉપર દૃષ્ટિ કરી ત્યાં પાપના સંસ્કાર રહેતા નથી. એક સમયમાં પર્યાય ફેરવીને સ્વભાવ દૃષ્ટિથી સમ્યગ્દર્શન થઈ શકે છે. ધ્રુવસ્વભાવની મોટી ઓથ છે, તે સ્વભાવ બધા વિકારના સંસ્કારને નિરર્થક કરી નાંખે છે. માટે હે ભાઈ! તું તારા આવા ધ્રુવસ્વભાવની રુચિ કર ને તેનું અવલંબન કર. હું ભગવાન સિદ્ધપરમાત્મા જેવો નિત્યાનંદ અશરીરી શુદ્ધ ચૈતન્યમૂર્તિ સદાય એવો ને એવો છું, મારો સ્વભાવ જરાય ઓછો થયો નથી—આમ સહજ એકરૂપ સ્વભાવને જાણીને તેનું અવલંબન કરે તેને જ વાસ્તવિકપણે સ્વભાવનય હોય છે.

—અહીં ૨૮મા સ્વભાવનયથી આત્માનું વર્ણન પૂરું થયું.

❀ આ જીવને પોતાના શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિથી જે સંતોષ થાય છે, તેવો સંતોષ આ જગતમાં કલ્પવૃક્ષ-ચિંતામણિ-કામધેનુ-અમૃત કે ઇન્દ્રપદ વગેરે કોઈપણ પદાર્થની પ્રાપ્તિથી થતી નથી.

❀ અહો સમ્યગ્દૃષ્ટિ તો પરમાત્માનો પુત્ર થઈ ગયો, સાધક થઈને તે સર્વજ્ઞપરમાત્માના ખોળે બેઠો; હવે તેને કેવળજ્ઞાન-વારસો લેવાની તૈયારી છે. મોક્ષમહેલની સીડી ઉપર ચડવાનું તેણે શરૂ કરી દીધું છે. તેની દશાનું આ વર્ણન છે.

# અસ્વભાવનયે આત્માનું વર્ણન

## [૨૯]

હવે અસ્વભાવનયથી આત્મા કેવો છે? તે કહે છે : 'આત્મદ્રવ્ય અસ્વભાવનયે સંસ્કારને સાર્થક કરનારું છે.' જેમ તીરને સ્વભાવથી અણી હોતી નથી પણ સંસ્કાર કરીને લુહાર વડે અણી કાઢવામાં આવી હોય છે, તેમ અસ્વભાવનયે આત્માને સંસ્કાર ઉપયોગી છે એટલે કે તેની પર્યાયમાં નવા સંસ્કાર પડે છે. જુઓ, પર્યાયમાં અનાદિનું મિથ્યાત્વ છે માટે તે ફેરવીને હવે સમ્યગ્જ્ઞાન ન થઈ શકે—એમ નથી, પણ સવળી રુચિના સંસ્કાર વડે અનાદિનું અજ્ઞાન ટળીને એક ક્ષણમાં સમ્યગ્જ્ઞાન થઈ શકે છે. અનાદિકાળના ઊંધા ભાવોના સંસ્કાર ટાળીને વર્તમાન પર્યાયમાં સવળા ભાવ થઈ શકે છે, એ રીતે આત્મા સંસ્કારને સાર્થક કરનાર છે.

આત્મામાં પૂર્ણાનંદ પરમાત્મસ્વભાવ ભર્યો છે, પણ અવસ્થામાં તે સ્વભાવને કદી માન્યો નથી ને પોતાને તુચ્છ—પામર માન્યો છે, તે ઊંધી માન્યતા છોડીને, પૂર્ણાનંદ સ્વભાવની શ્રદ્ધા–જ્ઞાન વડે તારી પર્યાયમાં એક ક્ષણમાં પરમાત્માપણાના સંસ્કાર થઈ શકે છે; માટે હે ભાઈ! 'હું પામર હું પાપી'—એવી તુચ્છ માન્યતાના સંસ્કાર કાઢી નાંખ, અને 'મારો આત્મા જ પરમાત્મા છે.' એમ તારા સ્વભાવ સામર્થ્યની શ્રદ્ધા કરીને સ્વભાવના અપૂર્વ સંસ્કાર પ્રગટ કર. જુઓ, આ આત્માના સંસ્કાર! લોકો કહે છે કે સારા સંસ્કાર પાડવા. તો આત્મામાં સારા સંસ્કાર કેમ પડે તેની આ વાત છે. ભાઈ! પરનાં સંસ્કાર તારામાં નથી, 'હું રાગી, હું જડનો કર્તા.'—એવા જે કુસંસ્કાર છે તે કાઢી નાંખ, અને 'હું તો રાગ રહિત ચિદાનંદ સ્વભાવ છું' એમ અંતર-સન્મુખ થઈને તારી પર્યાયમાં સ્વભાવના સંસ્કાર પાડ, તે જ ખરા સુસંસ્કાર છે. જેમ તીરમાં નવી અણી કઢાય છે તેમ આત્માની પર્યાયમાં નવા સંસ્કાર પડે છે, માટે હે જીવ! તું મૂંઝા નહિ, ઘણા કાળના ઊંધા સંસ્કાર તે હવે મારાથી કેમ ટળશે?—એમ હતાશ ન થા, પણ હું મારા સ્વભાવની જાગૃતિ વડે અનાદિના ઊંધા સંસ્કારને એક ક્ષણમાં દૂર કરીને અપૂર્વ સંસ્કાર પ્રગટ કરી શકું છું—એવું મારામાં સામર્થ્ય છે,—એમ સ્વસામર્થ્યની પ્રતીત કરીને તું પ્રસન્ન થા.

અહીં તીરનું દૃષ્ટાંત છે તે સિદ્ધાંત સમજાવવા માટે છે. તે તીર તો જડ છે, તેથી દૃષ્ટાંતમાં નિમિત્તથી એમ કહ્યું કે લુહાર વડે તેને અણી કઢાય છે, પરંતુ સિદ્ધાંતમાં તો ચૈતન્યમૂર્તિ આત્મા પોતે જ પોતાનો લુહાર છે એટલે કે પોતાની પર્યાયનું ઘડતર કરીને પોતે જ તેમાં સંસ્કાર પાડનાર છે, કોઈ બીજો આત્માની પર્યાયને ઘડનાર નથી, એમ સમજવું. 'હું પામર છું, મારે પરચીજ વગર એક ક્ષણ પણ ન ચાલે?'—એવા ઊંધા સંસ્કાર છે, તેને બદલે 'હું પોતે ચિદાનંદ

ભગવાન છું, મારે ત્રણેકાળે પરચીજ વિના જ ચાલે છે, પણ મારી પરમાત્મશક્તિ વગર મારે એક ક્ષણ પણ ન ચાલે'—એમ સ્વસન્મુખ થઈને આત્મા પોતે પોતાની પર્યાયમાં સવળા સંસ્કારી પાડી શકે છે. આત્મા સવળો થાય તો અનંતકાળના પાપ એક ક્ષણમાં પલટી જાય છે ને ધર્મના અપૂર્વ સંસ્કાર પ્રગટે છે, માટે અવસ્થામાં આત્મા સંસ્કારને સાર્થક કરનારો છે.

આત્મા કેવો છે તેનું આ વર્ણન ચાલે છે; આત્મામાં એક સાથે અનંત ધર્મો રહેલા છે. તેમાં સ્વભાવનયથી જોતાં આત્મા સદા એકરૂપ છે. તેના સ્વભાવમાં કોઈ નવા સંસ્કાર પડતાં નથી; પણ અસ્વભાવનયથી જોતાં આત્માની અવસ્થામાં ક્ષણે ક્ષણે નવા સંસ્કાર થાય છે. પર્યાયમાં અનાદિના ઊંધા સંસ્કાર છે તેને ફેરવીને સ્વભાવની રુચિ કરતાં સમ્યગ્દર્શન વગેરેના નવા સંસ્કાર પડે છે, એટલે પર્યાયમાં પુરુષાર્થ સાર્થક થઈ શકે છે. દ્રવ્યસ્વભાવમાં તો કાંઈ ફેરફાર થતો નથી, પણ પર્યાયમાં પુરુષાર્થ વડે ઊંધા સંસ્કાર પલટીને સવળા થઈ શકે છે. 'ચેતનરૂપ અનૂપ અમૂરત સિદ્ધ સમાન સદા પદ મેરો'—એવા સ્વીકાર વડે પર્યાયમાં શુદ્ધ સંસ્કાર પડે છે. એક સમયની પર્યાયનું પાપ ત્રિકાળી સ્વભાવમાં તો નથી, તેમજ તે એક સમયની પર્યાયનું પાપ બીજા સમયની પર્યાયમાં પણ આવતું નથી. એટલે પહેલા સમયે પાપ કર્યું માટે બીજા સમયે તે સુધરી ન શકે—એમ નથી. બીજી પર્યાયમાં પોતે જેવા સંસ્કાર પાડે તેવા પડી શકે છે; પોતાની સમય-સમયની પર્યાયનું ઘડતર કરવામાં આત્મા સ્વતંત્ર છે. સંસાર તો એક સમય માત્રનો છે પણ ઊંધા સંસ્કારથી તેને મોટું રૂપ આપી દીધું છે, પણ જો અંતરસ્વભાવ તરફ વળે તો સ્વભાવના સંસ્કાર પડે ને સંસારના સંસ્કાર ટળે. ત્રિકાળી દ્રવ્યમાં સંસ્કારની અસર નથી પણ પર્યાયમાં પોતે જેવા સંસ્કાર પાડે તેવા પડે છે. ભવ્ય સ્વભાવ પલટીને અભવ્ય ન થાય, જીવ સ્વભાવ પલટીને અજીવ ન થાય, પણ અજ્ઞાન પલટીને સમ્યગ્જ્ઞાન થાય, સંસાર પલટીને મોક્ષ થાય—આ રીતે પર્યાયમાં સંસ્કાર પડે છે.

પર્યાયમાં ઊંધા સંસ્કારને ફેરવીને સવળા સંસ્કાર થઈ શકે છે, જૂના સંસ્કાર ટળીને નવા સંસ્કાર પ્રગટી શકે છે; અહીં પર્યાયના સંસ્કારને ફેરવી શકાય છે—એમ કહ્યું તેથી એમ ન સમજવું કે પર્યાયના ક્રમને ફેરવીને અન્યથા થઈ શકે છે. જે ક્રમબદ્ધપર્યાય છે તેનો ક્રમ તો કદી તૂટતો જ નથી. પરંતુ ક્રમબદ્ધપર્યાયનો યથાર્થ નિર્ણય કરનારને જ્ઞાનસ્વભાવની દૃષ્ટિ થતાં પર્યાયમાં નવા વીતરાગી સંસ્કાર શરૂ થાય છે.—ત્યાં પણ પર્યાયનો તે પ્રકારનો જ ક્રમ છે. પરંતુ પર્યાયમાં પહેલા તેવી નિર્મળતા ન હતી ને હવે જ્ઞાનસ્વભાવની દૃષ્ટિથી નિર્મળતા પ્રગટી તે અપેક્ષાએ પર્યાયના સંસ્કાર ફર્યા કહેવાય, પણ કાંઈ પર્યાયનો ક્રમ ફર્યો નથી.

એક જીવ અનાદિથી નિગોદદશામાં હતો, અને નિગોદમાંથી નીકળી મનુષ્ય થઈ આઠ વર્ષે તે કેવળજ્ઞાન પામ્યો; ત્યાં તે જીવનો દ્રવ્યસ્વભાવ તો એવો ને એવો એકરૂપ છે, પણ તે સ્વભાવના આશ્રયે પર્યાયમાં નવા સંસ્કાર પડ્યા છે; દ્રવ્યસ્વભાવ તો તેનો તે જ છે પણ પર્યાયમાં

સંસ્કાર પલટી ગયા છે. નિગોદદશામાં તેવા સંસ્કાર ન હતા ને કેવળજ્ઞાનદશામાં તેવા અપૂર્વ સંસ્કાર પડ્યા, છતાં દ્રવ્યસ્વભાવ એવો ને એવો છે.

જેને જેવા સંસ્કાર હોય તેને તેવા જ ભણકાર આવે. જેને સ્વભાવના સવળા સંસ્કાર હોય તેને ભણકાર સ્વભાવના આવે; સ્વપ્નમાં પણ તેને એવા ભણકારા જાગે કે 'હું વિમાનમાં બેસીને સિદ્ધલોકમાં જાઉં છું, મારા અસંખ્યપ્રદેશ આ દેહથી જુદા પડી ગયા છે, હું અલ્પકાળમાં ભગવાન થઈશ' અને સ્વભાવની તીવ્ર વિરાધના કરીને જેણે ઘણા ઊંધા સંસ્કાર પાડ્યા હોય તેને આભાસ પણ એવો થાય કે 'હું મરીને તિર્યંચમાં જઈશ, હું વાંદરી થઈશ, મને કોઈક ખેંચી જાય છે.' આ રીતે જેવા સંસ્કાર પાડે તેવા ભણકાર જાગે. માટે હે ભાઈ! તારી પર્યાયને અંતરસ્વભાવમાં વાળીને એવા સંસ્કાર પાડ કે 'હું પરમાત્મા છું આ સંસારને ટાળીને હું હવે અલ્પકાળમાં પરમાત્મા થવાનો છું. મારી પર્યાયમાં મેં સ્વભાવના સંસ્કાર પાડ્યા તેથી હવે ઊંધા સંસ્કાર મારામાં રહી જ ન શકે; મારી પર્યાયમાં મોક્ષના સંસ્કાર પાડતા હવે સંસાર ક્યાંય રહે જ નહિ'—આ રીતે પર્યાયને અંતરસ્વભાવસન્મુખ કરીને આત્મામાં સ્વભાવના સંસ્કાર પ્રગટ કરે તેને વિચાર અને સ્વપ્નાં પણ એવાં સારાં આવે કે હું સંતમુનિઓના ટોળામાં બેઠો છું, હું ભગવાન થયો, મારું અસંખ્યપ્રદેશી ચૈતન્યબિંબ આ શરીરમાંથી છૂટું પડી ગયું....આ રીતે સ્વભાવના ભાનથી પર્યાયમાં અપૂર્વ સંસ્કાર પ્રગટ કરી શકાય છે. શુદ્ધસ્વભાવને પ્રતીતમાં લઈને પર્યાયમાં તેના સંસ્કાર પાડતાં જેવો શુદ્ધસ્વભાવ છે તેવી જ શુદ્ધ પર્યાય થઈ જાય છે. અનંતકાળના ઊંધા સંસ્કારની ગુલાંટ મારીને સવળા અપૂર્વ સંસ્કાર પ્રગટ કરવામાં માત્ર એક સમયનો સ્વાશ્રિત પુરુષાર્થ માંગે છે. અરે! એક સેકંડનોય અસંખ્યમો ભાગ!—એકવાર એવો સમ્યક્ પુરુષાર્થ કરીને પર્યાયમાં શુદ્ધસ્વભાવના સંસ્કાર પાડતાં અનાદિના ઊંધા સંસ્કાર ટળે છે ને અલ્પકાળમાં જ મુક્તિ થાય છે.

જેમ દીકરીને સાસરે વળાવે ત્યારે તેનાં માબાપ તેને કરિયાવર આપે છે, તેમ અહીં આચાર્ય ભગવાન આત્માને સંસારમાંથી મોક્ષમાં વળાવવા માટે તેને તેનો કરિયાવર બતાવે છે; જો ભાઈ! તારા આત્મામાં અનંતા ધર્મો એક સાથે છે, તારા આત્માના અનંતા ધર્મની ઋદ્ધિ તારામાં ભરી છે, તેને જાણીને તું ખુશી થા....ખુશી થા! શુદ્ધ ચૈતન્યદ્રવ્યમાં ડૂબકી મારીને પર્યાયમાં પ્રમોદ કર....આનંદિત થા....કે અહો! મારી સંપૂર્ણ ચૈતન્યરિદ્ધિનો દરિયો મારામાં ભર્યો છે, શાંતરસનો સાગર મારા આત્મામાં ઊછળી રહ્યો છે.

જિજ્ઞાસુ શિષ્યે પૂછ્યું હતું કે પ્રભો! આ આત્મા કોણ છે? તેને આત્માનું સ્વરૂપ સ્પષ્ટપણે સમજાવવા માટે અહીં આચાર્ય ભગવાને ૪૭ નયોથી આત્માનું વર્ણન કર્યું છે. આ ૪૭ નયોમાં સપ્તભંગી (અસ્તિત્વ–નાસ્તિત્વ વગેરે)ના સાત નયો છે, નામ સ્થાપના–દ્રવ્ય ને ભાવ એ ચાર બોલના ચાર નયો છે, અને દ્રવ્ય–પર્યાય, નિત્ય–અનિત્ય ઇત્યાદિ અઢાર જોડકાંના છત્રીસ નયો છે. આ પ્રમાણે ૪૭ નયોથી વર્ણન કરીને છેવટે આચાર્યદેવ કહેશે કે સ્યાદવાદ અનુસાર કોઈપણ

નયથી જુઓ, કે પ્રમાણથી જુઓ, તોપણ અંદરમાં અનંતધર્મવાળો પોતાનો આત્મા શુદ્ધચૈતન્યમાત્ર દેખાય છે. માટે આવા શુદ્ધચૈતન્યમાત્ર આત્મસ્વભાવને અંતરદૃષ્ટિથી દેખવો તે જ બધા નયોનું તાત્પર્ય છે. કેમકે નય જે ધર્મને વિષય કરે છે તે એક ધર્મ કાંઈ જુદો રહેતો નથી, તે ધર્મ તો ધર્મી એવા અભેદ આત્માના આશ્રયે જ રહેલો છે, એટલે અખંડ ધર્મી એવો જે શુદ્ધ ચૈતન્યમાત્ર આત્મા, તેને દૃષ્ટિમાં લીધા વિના તેના એકેક ધર્મનું જ્ઞાન પણ સાચું ન થાય, એટલે કે શુદ્ધ ચૈતન્ય સ્વભાવની દૃષ્ટિ વગર એકપણ નય સાચો હોય નહિ. માટે બધાય નયોના વર્ણનમાં શુદ્ધસ્વભાવની દૃષ્ટિ તો સાથે ને સાથે રાખીને સમજવું.

—૨૯મા અસ્વભાવનયથી આત્માનું વર્ણન અહીં પૂરું થયું.

## સંતોનો સાદ

સ્વાનુભવપૂર્વક અંતરમાં નિજપદને સાધી રહેલા ધર્માત્મા બીજા જીવોને પણ શુદ્ધચૈતન્યપદ દેખાડીને મોક્ષમાર્ગમાં બોલાવે છે કે અરે જીવો! આનંદમય નિજપદની સાધના કરવા માટે તમે પણ આ માર્ગે આવો....આ માર્ગે આવો.

❀ સમ્યગ્દૃષ્ટિ જીવની ગતિ, એટલે કે તેની પરિણતિનો પ્રવાહ સિદ્ધગતિ તરફ જ વહે છે; તેનાં પરિણામ ઉજ્વળ હોય છે. આનંદમય મોક્ષગતિને સાધતાં-સાધતાં વચ્ચે સાધકભાવની સાથે તેને ઉદયભાવો પણ એવા જ હોય છે કે જેનાથી સંસારની ઉત્તમ ગતિમાં જ અવતરે. જો કે તેના સમ્યક્ત્વાદિ સાધકભાવો તો તે ગતિ વગેરે સર્વે ઉદયભાવોથી અત્યંત ભિન્ન વર્તે છે ને સિદ્ધપદ તરફ જ તેની સમ્યક્ગતિ ઝડપથી ચાલી રહી છે, પણ સમ્યક્ત્વ સાથે ઊંચા પુણ્યનો કેવો મેળ હોય તે અહીં બતાવ્યું છે. બાકી તો સમ્યગ્દૃષ્ટિ પોતાને રાગથીયે જુદો અનુભવે છે, ત્યાં પુણ્યની કે સંયોગની શી વાત!

# કાળનયે આત્માનું વર્ણન

## [૩૦]

આત્મદ્રવ્ય કાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખે છે એવું છે,—ઉનાળાના દિવસ અનુસાર પાકતા આમ્રફળની માફક. આત્માની મુક્તિ જે સમયે થવાની છે તે સમયે જ થાય—એવો કાળનયથી આત્માનો એક ધર્મ છે. જે કાળે મુક્તિ થાય છે તે કાળે પણ તે પુરુષાર્થપૂર્વક જ થાય છે, પરંતુ પુરુષાર્થથી કથન ન કરતાં 'સ્વકાળથી મુક્તિ થઈ' એમ કાળનયથી કહેવામાં આવે છે. સ્વકાળથી મુક્તિ થઈ માટે પુરુષાર્થ ઊડી જાય છે—એમ નથી. સ્વકાળે મુક્તિ થઈ તેમાં પણ પુરુષાર્થ તો ભેગો જ છે.

જે સમયે મુક્તિ થવાની છે તે સમયે થાય છે, પણ તે મુક્તિ ક્યાંથી થાય છે? કે દ્રવ્યમાંથી થાય છે, એટલે આમ નક્કી કરનારનું લક્ષ એકલી મુક્તિની પર્યાય ઉપર નથી રહેતું પણ પર્યાયના આધારભૂત દ્રવ્ય ઉપર તેની દૃષ્ટિ જાય છે. 'જે કાળે મુક્તિ થવાની હોય તે કાળે થાય'—આવો ધર્મ તો આત્મદ્રવ્યનો છે એટલે આત્મદ્રવ્ય ઉપર જેની દૃષ્ટિ છે તે જ આ ધર્મનો નિર્ણય કરી શકે છે; એટલે આ નિર્ણયમાં મુક્તિનો પુરુષાર્થ આવી જ જાય છે. પોતાની મુક્તપર્યાયના કાળને જોનાર ખરેખર દ્રવ્યની સામે જુએ છે, કેમકે 'જેની સિદ્ધિ સમય પર આધાર રાખે' એવો ધર્મ દ્રવ્યનો છે; દ્રવ્યની સામું જોયું તે જ અપૂર્વ પુરુષાર્થ છે. દ્રવ્યની સામે જોનારે નિમિત્ત વિકારકે પર્યાય ઉપરથી દૃષ્ટિ ઊઠાવી લીધી છે, તેમજ એકેક ગુણના ભેદ ઉપર પણ તેની દૃષ્ટિ નથી; આવી દ્રવ્યદૃષ્ટિમાં જ ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય, સ્વકાળનો નિર્ણય, ભેદજ્ઞાન, મોક્ષમાર્ગનો પુરુષાર્થ, કેવળીનો નિર્ણય વગેરે બધું આવી જાય છે. કાળનયનું પરમાર્થ તાત્પર્ય પણ એ જ છે કે સ્વદ્રવ્યની દૃષ્ટિ કરવી. આ ધર્મ કાંઈ કાળના આધારે નથી પણ આત્માના આધારે છે, એટલે મુક્તિના કાળનો નિર્ણય કરનાર કાળ સામે નથી જોતો પણ આત્મા સામે જુએ છે.

કેવળી ભગવાને કેવળજ્ઞાનમાં જે કાળ જોયો તે કાળે જ મુક્તિ થાય, મુક્તિનો કાળ ફરે નહિ—એવો આત્મદ્રવ્યનો એક ધર્મ છે; આત્માના આ ધર્મનો નિર્ણય પરની સામે જોઈને થતો નથી પણ આત્મદ્રવ્યની સામે જોવાથી જ તેના ધર્મનો નિર્ણય થાય છે. કાળનય પણ કોને જુએ છે? કે જેની સિદ્ધિ કાળ ઉપર આધાર રાખે છે એવા આત્મદ્રવ્યને તે જુએ છે, એટલે જે જીવ અંતર્મુખ થઈને આત્મદ્રવ્ય ઉપર જુએ છે તેણે જ કાળનયને સાચો માન્યો કહેવાય અને તેનો મુક્તિનો કાળ અલ્પકાળમાં જ થવાનો હોય.

જુઓ, અહીં એકેક ધર્મને સિદ્ધ નથી કરવો પણ આખા આત્મદ્રવ્યને સિદ્ધ કરવું છે, માટે ધર્મ જોનારે પોતાનું જ્ઞાન આત્મા તરફ વાળવાનું છે. આ રીતે દ્રવ્યદૃષ્ટિ કરીને શુદ્ધ આત્માને પ્રતીતમાં

લેવો તે જ આ બધાનું તાત્પર્ય છે. જે જીવ આખા આત્માને તો પ્રતીતમાં લેતો નથી ને એકેક ધર્મને જ જુદો પાડીને દેખે છે તેના તો બધા નયો મિથ્યા છે. પ્રમાણજ્ઞાનથી અનંત ધર્માત્મક અખંડ આત્માને સ્વીકાર્યા વગર તેના એકેક ધર્મનું સાચું જ્ઞાન હોય નહિ,—એટલે કે નય હોય નહિ.

કાળનય કહે છે કે આત્મામાં જે સમ્યગ્દર્શન થવાનું તે જ સમયે થવાનું–પણ તે કોને બેઠું? કે જેણે દ્રવ્ય સામે જોયું તેને એટલે જેને આ વાત બેઠી તેને તો સમ્યગ્દર્શનનો કાળ આવી જ ગયો છે. આત્માનો જે ધર્મ છે તે ક્ષણિક પર્યાયના આધારે નથી પણ દ્રવ્યના આધારે છે. પર્યાય તો સમયે સમયે ચાલી જ જાય છે, અનેક પર્યાયો તો એક સમયે હોતી નથી, ને દ્રવ્ય તો સદા એકરૂપ છે, માટે તે દ્રવ્ય ઉપર દૃષ્ટિ થતાં જ પર્યાયના કાળનો કે ક્રમબદ્ધ પર્યાયનો યથાર્થ નિર્ણય થાય છે.

એકેક સમયની પર્યાયનો કાળ વ્યવસ્થિત છે. જે પર્યાયનો જે કાળ છે તેમાં ફેરફાર થાય નહિ. જો તેમાં ફેરફાર થાય તો વસ્તુસ્વભાવ કે કેવળજ્ઞાન જ સાબિત થાય નહિ. અને આમ હોવા છતાં આમાં પુરુષાર્થ પણ આવી જાય છે, કેમકે પર્યાયનો નિર્ણય કરનારનું મુખ આત્મદ્રવ્ય ઉપર છે, દ્રવ્યની જ તેની દૃષ્ટિમાં મુખ્યતા છે, દ્રવ્યની સન્મુખ દૃષ્ટિમાં તેને પર્યાય ફેરવવાની બુદ્ધિ રહેતી નથી, પરંતુ દ્રવ્યના આશ્રયમાં પર્યાયનું નિર્મળ પરિણમન થઈ જાય છે અને તેને અલ્પકાળમાં કેવળજ્ઞાન થઈ જાય છે.

અહો! વીતરાગી સંતો ગમે તે પડખાથી વાત સમજાવે, પણ તેમાં વસ્તુનો મૂળ સ્વભાવ જ બતાવવા માંગે છે.

* * *

જે મુક્તિનો સમય છે તે સમયે જ મુક્તિ થાય છે—આવો કાળનયથી આત્માનો સ્વભાવ છે. હવે આતમાની મુક્તિનો સમય નક્કી કરનારને સ્વભાવસન્મુખ દૃષ્ટિથી જ તે નક્કી થાય છે, એટલે સ્વભાવસન્મુખ દૃષ્ટિમાં અલ્પકાળે મુક્તિ થાય એવો કાળ તેને હોય જ. સર્વજ્ઞ ભગવાને જોયું તે જ સમયે મુક્તિ થાય—એવો કાળનયે આત્માનો ધર્મ છે; પણ તે ધર્મ નક્કી ક્યારે થાય? તે ધર્મ પરના આશ્રયે નથી પણ આત્માના આશ્રયે છે એટલે જ્યારે આખો આત્મા દૃષ્ટિમાં લ્યે ત્યારે તેનો આ ધર્મ નક્કી થાય. અને જેણે આત્માને દૃષ્ટિમાં લીધો તેને અલ્પકાળમાં જ મુક્તિનો સ્વકાળ અવશ્ય હોય છે. આ કાળનય પણ કાંઈ પુરુષાર્થ ઊડાવવા માટે નથી, પરંતુ તેમાં વીતરાગી જ્ઞાતાદૃષ્ટાપણાનો સમ્યક્ પુરુષાર્થ આવી જાય છે, તે મોક્ષનું કારણ છે. સ્વભાવ ઉપર દૃષ્ટિ કરે તેને જ આ નય યથાર્થપણે બેસે છે, બીજાને આ નય બેસતો નથી.

શંકા :—કાળનયે આત્માની સિદ્ધિ સમય ઉપર આધાર રાખે છે, એટલે હવે અમારે શું રહ્યું? અમારે તો કાળ સામે જોઈને બેસી રહેવાનું જ રહ્યું?

સમાધાન :—એમ નથી; સાંભળ ભાઈ! કાળનયે જેની સિદ્ધિ સમય ઉપર આધાર રાખે છે—એવું કોણ છે?—કે આત્મદ્રવ્ય! તો આ ધર્મ માનનારે કાળ સામે જોવાનું ન રહ્યું. પણ આત્મા

સામે જોવાનું રહ્યું, આત્માના સ્વભાવ ઉપર દૃષ્ટિ ગઈ ત્યાં સ્વકાળ અલ્પ સમયમાં પાકવાનો જ હોય. અહીં દૃષ્ટાંતમાં પણ એવી કેરી લીધી છે કે ઉનાળાનો કાળ આવતાં જે પાકી જાય છે તેમ સિદ્ધાંતમાં એવો આત્મા લેવો કે સ્વભાવનો નિર્ણય કરીને સ્વભાવ તરફના સમ્યક્ પુરુષાર્થથી જેને મુક્તિનો કાળ પાકી જાય છે. સર્વજ્ઞદેવે તો મુક્તિનો જે સમય છે તે જોયો છે, પણ 'હું મુક્ત થઈશ, મુક્ત થવાનો મારા આત્માનો સ્વભાવ છે'—એમ જેણે નક્કી કર્યું તેને બંધનની કે રાગની રુચિ રહેતી નથી, પણ જેમાંથી મુક્તદશા આવવાની છે એવા સ્વદ્રવ્ય તરફ તે જુએ છે, ને અલ્પકાળે તેને મુક્તિનો સ્વકાળ પાકી જ જાય છે. જેને રાગની કે નિમિત્તની રુચિ છે તેને ખરેખર મુક્તિનો નિર્ણય નથી. મુક્તિનો નિર્ણય કરનાર આત્માને જુએ છે, કેમકે મુક્તિ કોઈ નિમિત્તના આશ્રયે રાગના આશ્રયે કે પર્યાયના આશ્રયે નથી પણ આત્મદ્રવ્યના આશ્રયે છે; તેથી તે આત્મદ્રવ્યનું અવલંબન કરીને જ્ઞાતાદૃષ્ટા રહે છે, તેને પર્યાય બુદ્ધિની અધીરજ કે ઉતાવળ થતી નથી, જ્ઞાતાદૃષ્ટાપણે વર્તતા તેને મુક્તિ અલ્પકાળમાં થઈ જાય છે.

જેણે પોતાની મુક્તિ થવાનો નિર્ણય કર્યો કે સ્વકાળે મુક્તિ પર્યાય થવાનો ધર્મ મારા આત્મામાં છે, તેણે રાગમાં એકાગ્ર થઈને તે નિર્ણય નથી કર્યો પણ જ્ઞાતાદ્રવ્યમાં જ્ઞાન પર્યાયને એકાગ્ર કરીને તે નિર્ણય કર્યો છે એટલે વર્તમાનમાં તે સાધક તો થયો છે. હવે તેની દૃષ્ટિ આત્માના સ્વભાવ ઉપર છે, 'હું ઝટ મુક્તિ કરું ને સંસાર ટાળું'—એવી પર્યાય દૃષ્ટિ તેને નથી, હવે સ્વભાવમાં એકાગ્ર થતાં તેને અલ્પકાળમાં મુક્તદશા થઈ જશે.

હું ઘણું જોર કરીને ઝટ મારી મુક્તિ કરી નાંખું, દયા આકરા વ્રત તપ વગેરે કરીને મારી મુક્તિ વહેલી કરી દઉં—એમ પર્યાય સામે જોઈને આકુળતા કરે તેમાં તો વિષમતા છે, એવી વિષમતાથી મુક્તિ થતી નથી, પણ હું તો જ્ઞાન છું—એમ જ્ઞાનસ્વભાવને લક્ષમાં લઈને તેમાં એકાગ્ર થતાં મુક્તિ થઈ જાય છે. જ્ઞાતાદૃષ્ટા સ્વભાવમાં રહેતાં જે સમયે મુક્તિ થવાની છે તે સમયે થઈ જાય છે, તેને મુક્તિના સમય વચ્ચે લાંબો કાળ હોતો નથી. અરે! વેલો મોક્ષ કરું—એ પણ વિષમભાવ છે, કેમકે અવસ્થા એ જ વસ્તુની વ્યવસ્થા છે, ઝટ મોક્ષ કરું—એમ કહે પણ મોક્ષ થવાનો ઉપાય તો સ્વદ્રવ્યનો આશ્રય કરવો તે છે, તે ઉપાય તો કરે નહિ તો મોક્ષ ક્યાંથી થાય? સ્વદ્રવ્યની દૃષ્ટિ કરતાં મોક્ષ અલ્પકાળમાં થઈ જાય છે પણ ત્યાં મોક્ષપર્યાય ઉપર દૃષ્ટિ રહેતી નથી. સ્વભાવનું અવલંબન રાખીને જ્ઞાતાદૃષ્ટા થયો તેમાં પર્યાયની ઉતાવળ કરવાનું રહે છે જ ક્યાં? કેમકે સ્વભાવના અવલંબને તેની પર્યાય ખીલતી જ જાય છે, હવે તેને મોક્ષ થતાં ઝાઝી વાર લાગશે નહિ.

જુઓ, આ કાળનયનું રહસ્ય! જેણે આ કાળનયથી પણ આત્માનો નિર્ણય કર્યો તેના જ્ઞાનમાં જ્ઞાતાદૃષ્ટાપણાની ધીરજ થઈ ગઈ, તેના આત્મદ્રવ્યમાં અલ્પકાળે મુક્તિ થવાનો સ્વકાળ છે જ, કેવળી ભગવાને પણ અલ્પકાળમાં તેનો મોક્ષ જોયો છે. કાળનયથી આત્માની મુક્તિ સમય ઉપર આધાર રાખે છે—એમ કહ્યું તેમાં પુરુષાર્થની નબળાઈ નથી પણ સ્વભાવ દૃષ્ટિનું જોર છે; આનો નિર્ણય કરનાર જીવ દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ રાખીને બંધ મોક્ષનો પણ જ્ઞાતા રહી જાય છે, ને

અલ્પકાળમાં તેની મુક્તિ થઈ જાય છે, કેવળી ભગવાનના જ્ઞાનમાં તેની મુક્તિનાં પ્રમાણ નોંધાઈ ગયા છે, અને તે આત્માના સ્વભાવમાં પણ તેવો ધર્મ છે. અહો? આમાં મોક્ષનો પુરુષાર્થ છે પણ આકુળતા નથી, જ્ઞાતાદૃષ્ટાપણાની ધીરજ છે. ઉતાવળ કરે તો તેને જ્ઞાતાદૃષ્ટાપણું ન રહ્યું પણ આકુળતા થઈ વિષમભાવ થયો, તે તો મોક્ષનો રોકનાર છે. શ્રીમદ્ રાજચંદ્ર પણ કહે છે કે— ઉતાવળ તેટલી કચાશ, અને કચાશ તેટલી ખટાશ. સ્વભાવદૃષ્ટિમાં ધર્મીને ઉતાવળ નથી, અને પુરુષાર્થની કચાશ પણ નથી; સ્વભાવની દૃષ્ટિમાં જ્ઞાતાદૃષ્ટાપણે મોક્ષનો પ્રયત્ન તેને ચાલુ જ છે ને અલ્પકાળે તેને મોક્ષદશા થઈ જાય છે.

જુઓ, કાળનયને આચાર્યદેવે ગુપ્ત નથી રાખ્યો; કાળનયના વર્ણનમાં પણ શુદ્ધ દ્રવ્યસ્વભાવનો આશ્રય કરવાનું જ તાત્પર્ય નીકળે છે. અજ્ઞાનીઓ સમજ્યા વિના પોતાની સ્વચ્છંદ કલ્પનાથી ઊંધા અર્થ કરે છે.

ધર્મી કહે છે કે 'ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો'—પણ તે કોની દૃષ્ટિએ! સ્વસ્વભાવની દૃષ્ટિએ; સ્વભાવદૃષ્ટિમાં બંધ–મોક્ષ ઉપર ધર્મીને સમભાવ છે, એટલે કે બંધ ટાળું ને મોક્ષ કરું—એમ પર્યાયની વિષમતા ઉપર તેની દૃષ્ટિ નથી પણ એકરૂપ ચિદાનંદ સ્વભાવ ઉપર તેની દૃષ્ટિ છે તે સ્વભાવની દૃષ્ટિમાં અલ્પકાળે ભવ ટળીને મોક્ષ થયા વિના રહે નહિ.

આ વિકાર મારે નથી જોઈતો—એમ વિકાર સામે જોયા કરે તો તે વિષમભાવ છે તેને વિકાર ટળતો નથી. મારે વિકાર નથી જોઈતો—એમ જે વિકારને ટાળવા માંગે છે તેની દૃષ્ટિ વિકાર સામે ન હોય પણ શુદ્ધસ્વભાવ ઉપર તેની દૃષ્ટિ હોય; શુદ્ધસ્વભાવમાં વિકાર નથી એટલે તે સ્વભાવની દૃષ્ટિથી વિકાર ટળી જાય છે ને અવિકારી મોક્ષદશા પ્રગટી જાય છે.

આત્મામાં મોક્ષદશા પ્રગટવાનો જે કાળ છે તે કાળે જ તે મોક્ષદશા પ્રગટે છે—એવો આત્મદ્રવ્યનો ધર્મ છે આમ જેણે કાળનયથી જાણ્યું તે જીવની દૃષ્ટિ તો શુદ્ધચૈતન્ય દ્રવ્ય ઉપર જ પડી છે અને તે દ્રવ્યના આશ્રયે અલ્પકાળમાં જરૂર તેની મુક્તિ થઈ જાય છે.

—આ પ્રમાણે ૩૦મા કાળનયથી આત્માનું વર્ણન પૂરું થયું.

# અકાળનયે આત્માનું વર્ણન

## [૩૧]

''આત્મદ્રવ્ય અકાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખતી નથી એવું છે,–કૃત્રિમ ગરમીથી પકવવામાં આવતા આમ્રફળની માફક.''

જેને સ્વભાવદૃષ્ટિ છે તે જીવ અલ્પકાળમાં મુક્તિ પામે છે. કોઈ જીવ ઉગ્ર પ્રયત્ન વડે સ્વભાવમાં એકાગ્ર થઈને અલ્પકાળમાં મુક્તિ પામે ત્યાં એમ કહેવાય છે કે આ જીવ ઉગ્ર પુરુષાર્થથી ઝટ મુક્તિ પામ્યો, આ જીવે अचिरेण એટલે કે શીઘ્ર મુક્તિ પ્રાપ્ત કરી. વળી ગુરુ પણ શિષ્યને એમ આશીર્વાદ આપે કે સ્વભાવના અવલંબને તું अचिरं એટલે કે શીઘ્ર મોક્ષપદને પામીશ. અકાળનયથી આમ કહેવામાં આવે છે, પણ તેનો અર્થ એમ નથી કે મોક્ષનો જે સમય છે તે ફરી જાય છે. જેમ કેરીને ઘાસમાં રાખીને પકાવે, ત્યાં પણ તે કેરી તો તેના પાકવા કાળે જ પાકી છે, પણ ઘાસમાં રાખી હતી તેથી એમ કહેવાય છે કે આ કેરીને ઘાસમાં રાખીને ઝટ પકાવી દીધી. તેમ અલ્પ સમયમાં ઉગ્ર પુરુષાર્થ કરીને જીવ મુક્તિ પામે ત્યાં એમ કહેવાય છે કે આ જીવ પુરુષાર્થથી શીઘ્ર મુક્તિ પામ્યો, તે અકાળનયનું કથન છે અને તેવો એક ધર્મ આત્મામાં છે. મુક્તિ તો તેનો જે સમય હતો તે સમયે જ થઈ છે, તેનો સમય કાંઈ ફર્યો નથી.

આ જીવ આસન્ન ભવ્ય છે, આ જીવ પુરુષાર્થ વડે શીઘ્ર વહેલો મુક્તિ પામશે–એમ કહેવાય છે, તેનું વાચ્ય પણ વસ્તુમાં છે. શિષ્ય પણ ગુરુ પ્રત્યે વિનયથી કહે કે હે નાથ! હે સ્વામી! આપે અમને આ સંસારથી તાર્યા....આપ ન મળ્યા હોત તો અમે અનંત સંસારમાં રખડી મરત, આપના ચરણકમળના પ્રસાદથી ઝટ અમારા સંસારનો અંત આવી ગયો, ને અમે હવે અલ્પકાળમાં મોક્ષ પામશું. આપના ઉપકારથી અમારો અનંત સંસાર છેદાઈ ગયો ને મોક્ષ નજીક આવ્યો.—આ પ્રમાણે અકાળનયથી કહેવાય છે, મોક્ષ થવાનો કાળ તો જે છે તે જ છે, તે કાળ કાંઈ આઘોપાછો થઈ ગયો નથી.

આત્મા કેવો છે એમ શિષ્યે પૂછ્યું હતું, તેને આત્માના ધર્મો વડે આત્મા ઓળખાવે છે. અહીં આચાર્યદેવે ૪૭ નયોથી ૪૭ ધર્મોનું કથન કરીને આત્માનું સ્વરૂપ બતાવ્યું છે. તેમાં કાળનયથી એમ કહ્યું કે જે સમયે તેની મુક્તિનો સ્વકાળ છે ત્યારે જ તે મુક્તિ પામે છે. જેમ કેરી તેની ઋતુથી પાકે છે તેમ આત્માના સ્વભાવમાં મુક્તિનો જે સમય છે તે સમયે તે મુક્તિપણે પરિણમી જાય છે. સ્વભાવની દૃષ્ટિ કરીને ઠરે ત્યાં આત્માની મુક્તિ થાય છે, ત્યાં આત્માના સ્વકાળથી મુક્તિ થઈ એમ કાળનયથી કહેવામાં આવે છે. પરંતુ તે મુક્તિ પુરુષાર્થ વગર થઈ નથી.

ઉગ્ર પુરુષાર્થ વડે જીવે શીઘ્ર મુક્તિ પ્રાપ્ત કરી લીધી—એમ અકાળનયથી કહેવામાં આવે

છે, તેમાં પણ મુક્તિનો સમય તો જે છે તે જ છે, તે સમય કાંઈ ફરી ગયો નથી. જીવે અનંત પુરુષાર્થ કરીને ઘણાં કાળના કર્મોનો અલ્પકાળમાં નાશ કર્યો ને શીઘ્ર મુક્તિ પ્રાપ્ત કરી—એમ લક્ષમાં લેવું તે અકાળનય છે.

આ જે ધર્મો કહેવાય છે તે બધાય ધર્મો શુદ્ધ ચૈતન્યવસ્તુના આધારે છે; કોઈ નિમિત્તના આધારે, રાગના આધારે, એકલી પર્યાયના આધારે કે એકેક ધર્મના આધારે આ ધર્મ રહેલા નથી. એટલે આ ધર્મનો નિર્ણય કરવા જતાં ધર્મી એવું ચૈતન્યદ્રવ્ય લક્ષમાં આવે છે. આખા વસ્તુ સ્વભાવને દૃષ્ટિમાં લીધા વિના તેના ધર્મનો યથાર્થ નિર્ણય થઈ શકે નહિ. આત્મદ્રવ્યની સન્મુખતાથી જ તેના ધર્મની સાચી પ્રતીતિ થાય છે, ચૈતન્ય સ્વભાવ-સન્મુખ જેનો પુરુષાર્થ વળ્યો તેને અચિરં (શીઘ્ર) મુક્તિ થયા વિના રહે નહીં.

જેમ અચાનક સર્પ વગેરે કરડતાં નાની ઉંમરમાં કોઈ માણસ મરી જાય તો ત્યાં એમ કહેવાય છે કે આ માણસનું અકાળે અવસાન થયું. ખરેખર તો તેનું આયુષ્ય જે સમયે પૂરું થવાનું હતું તે સમયે જ થયું છે, કાંઈ વહેલું નથી થયું; પણ લોકવ્યવહારમાં અકાળે અવસાન પામ્યો એમ કહેવાય છે. તેમ આત્મામાં એક એવો ધર્મ છે કે આત્મા પુરુષાર્થ કરીને અકાળે મોક્ષ પામ્યો અર્થાત્ વહેલો મોક્ષ પામ્યો—એમ અકાળનયથી કહેવામાં આવે છે. જે જીવ વસ્તુસ્વભાવથી ઊંધું માને છે. ને ઊંધું પ્રરૂપે છે તે જીવ ક્ષણે ક્ષણે અનંત સંસાર વધારે છે, તેમજ સ્વભાવની દૃષ્ટિના જોરે સમકીતિ જીવ અનંત સંસારને એક ક્ષણમાં તોડી નાંખે છે ને શીઘ્ર મુક્તિ પામે છે—એમ અકાળનયથી કહેવામાં આવે છે. પહેલાં સ્વભાવ ઉપર દૃષ્ટિ ન હતી ને સંસાર ઉપર દૃષ્ટિ હતી ત્યારે ક્ષણે ક્ષણે અનંત સંસાર વધારે છે એમ કહ્યું, અને જ્યાં સત્સમાગમે ઊંધી દૃષ્ટિ ટાળીને સ્વભાવદૃષ્ટિ કરી ત્યાં એક ક્ષણમાં અનંત સંસારને કટ કરી નાખ્યો—એમ અકાળનયથી કહેવાય છે. પણ સંસાર થવાનો હતો ને ટાળ્યો અથવા તો તે કાળે મોક્ષ થવાનો ન હતો ને થઈ ગયો—એવો અકાળનયનો અર્થ નથી. અકાળનયથી પર્યાયનો ક્રમ ફરી જાય છે—એમ નથી. પણ અનંતકાળનાં કર્મો અલ્પકાળમાં તોડી નાંખ્યાં—એમ અકાળનયથી કહેવાય છે. આ નયો છદ્મસ્થના જ્ઞાનમાં હોય છે, કેવળી ભગવાનના જ્ઞાનમાં નય હોતા નથી. તેમને તો એક સાથે સંપૂર્ણ પ્રત્યક્ષ જ્ઞાન વર્તી રહ્યું છે.

જુઓ, કાળનયથી અને અકાળનયથી જુદા જુદા બે ધર્મો કહ્યા, તે બંને ધર્મો જુદા જુદા જીવમાં નથી પણ એક જ જીવમાં તે બંને ધર્મો એક સાથે વર્તી રહ્યા છે; એ જ પ્રમાણે નિયતિ–અનિયતિ વગેરે નયથી જે ધર્મો કહ્યા તે પણ એકેક આત્મામાં એક સાથે વર્તી રહ્યા છે. એક જીવ સ્વકાળ અનુસાર મુક્તિ પામે ને બીજો જીવ પુરુષાર્થ કરીને અકાળે મુક્તિ પામે—એમ નથી અર્થાત્ એક ધર્મ એક જીવમાં અને બીજો ધર્મ બીજા જીવમાં એમ નથી, એક જ જીવમાં બધા ધર્મ એક સાથે રહેલા છે.

કાળનયથી તો જીવ જે સમયે મુક્તિ પામવાનો હોય તે જ સમયે જ પામે ને અકાળનયથી તેમાં ફેરફાર થાય—એમ નથી.

આ જીવ તેના સ્વકાળ અનુસાર મુક્તિ પામ્યો એમ કહેવું તે કાળનયનું કથન છે. પરંતુ, સ્વકાળે જીવ મુક્તિ પામ્યો એમ જ્યારે કાળનયથી કહ્યું ત્યારે પણ, પુરુષાર્થ વગર તે મુક્તિ પામ્યો—એવો તેનો અર્થ નથી, સ્વકાળ વખતે પણ પુરુષાર્થ તો ભેગો જ છે.

અને આ જીવ ઉગ્ર પુરુષાર્થ વડે શીઘ્ર મુક્તિ પામ્યો—એમ કહેવું તે અકાળનયનું કથન છે. પરંતુ, પુરુષાર્થથી શીઘ્ર મુક્તિ પામ્યો એમ જ્યારે અકાળનયથી કહ્યું ત્યારે પણ, મુક્તિનો દૈવકાળ ન હતો ને મુક્તિ થઈ—એવો તેનો અર્થ નથી. પુરુષાર્થ વખતે તેનો સ્વકાળ પણ તેવો જ છે.

આ રીતે કાળનય અને અકાળનય એ બંને નયોના વિષયરૂપ બંને ધર્મો આત્મામાં એક સાથે જ રહેલા છે એમ સમજવું. અહીં જે ધર્મો કહેવાય છે તે બધાય ધર્મોનો અધિષ્ઠાતા તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્મા છે, એવા આત્માને દૃષ્ટિમાં લેવો તે જ આ બધા ધર્મોને જાણવાનું ફળ છે.

**—અહીં ૩૧મા અકાળનયથી આત્માનું વર્ણન પૂરું થયું.**

**(હવે પુરુષકારનય અને દૈવનયથી આત્માનું વર્ણન કરે છે.)**

## સિદ્ધ સમાન સદા પદ મેરો

શ્રી આચાર્યદેવ કહે છે કે—'હું પ્રભુ છું, પૂર્ણ છું'—એમ નક્કી કરીને તમે પણ પ્રભુત્વ માનજો. સર્વજ્ઞ ભગવાન અને અનંત જ્ઞાની--આચાર્યોએ બધા આત્માને પૂર્ણપણે જોયા છે. તું પણ પૂર્ણ છે, પરમાત્મા જેવો છે. જ્ઞાનીઓ સ્વભાવ જોઈને કહે છે કે તું પ્રભુ છે, કારણ કે ભૂલ અને અશુદ્ધતા તારું સ્વરૂપ નથી. અવસ્થામાં ક્ષણિક ભૂલ છે તેને અમે ગૌણ કરીએ છીએ. ભૂલને અમે ન જોઈએ કારણ કે અમે ભૂલ રહિત આત્મસ્વભાવને મુખ્યપણે જોનારા છીએ. અને એવા પૂર્ણ સ્વભાવને કબૂલ કરીને તેમાં સ્થિરતાવડે અનંત જીવો પરમાત્મદશારૂપ થયા છે. તેથી તારાથી થઈ શકે તે જ કહેવાય છે.....'હું સિદ્ધ સમાન પ્રભુ છું' એવો વિશ્વાસ તને તારાથી ન આવે ત્યાંસુધી સર્વજ્ઞ પરમાત્માએ કહેલી વાતો તારા અંતરમાં બેસે નહિ.

# પુરુષકારનયે આત્માનું વર્ણન

## [૩૨]

'આત્મદ્રવ્ય પુરુષકારનયે જેની સિદ્ધિ યત્નસાધ્ય એવું છે,—જેને પુરુષકારથી લીંબુનું ઝાડ પ્રાપ્ત થાય છે એવા પુરુષકારવાદીની માફક.' આત્મામાં એક એવો સ્વભાવ છે કે તેની સિદ્ધિ યત્નસાધ્ય છે. જેમ કોઈ માણસ લીંબુ વાવે ને તેને લીંબુનું ઝાડ ઊગે, તેમ ચૈતન્યસ્વભાવની સન્મુખ થઈને તેની રુચિ અને એકાગ્રતાના પ્રયત્ન વડે આત્માની સિદ્ધિ પ્રાપ્ત થાય છે.—આવું જાણનાર પુરુષકારનય છે. આવા પુરુષકારનય વગર નિયતિનય કે કાળનય હોતા નથી. બધા નયોથી—બધા પડખાંથી દ્રવ્યને જાણીને પ્રતીતમાં લેવું જોઈએ. પુરુષાર્થથી જ આત્માની સિદ્ધિ થાય—એવો ધર્મ આત્મામાં ત્રિકાળ છે.—કયો પુરુષાર્થ? નિમિત્ત તરફનો કે રાગ તરફનો પુરુષાર્થ તે કાંઈ મુક્તિનું કારણ નથી પણ આત્મા તરફ વળીને સ્વભાવનો પુરુષાર્થ તે મુક્તિનું કારણ છે. આવા પ્રયત્ન વગર આત્માની સિદ્ધિ સાધ્ય થતી નથી. યત્નસાધ્ય થાય એવો ધર્મ કોનો છે? આત્મદ્રવ્યનો તે ધર્મ છે એટલે આત્મા સામે જોવાનું રહ્યું, અંતર્મુખ આત્મસ્વભાવની દૃષ્ટિ અને એકાગ્રતાના પ્રયત્નથી જ ધર્મ થાય છે.

નિયતિનય કે કાળનયના વર્ણન વખતે પણ આ પુરુષાર્થ ધર્મ વસ્તુમાં ભેગો જ છે. આ પુરુષાર્થ ધર્મને ઉડાડીને એકલી નિયતિને, માને તો તે મિથ્યાદૃષ્ટિ છે, તેણે ખરેખર આત્માને માન્યો નથી, તેમ જ પુરુષાર્થ વખતે પણ બીજા પણ અનંત ધર્મો ભેગા જ છે, એટલે પુરુષાર્થ કરનારે પણ એકલાં પુરુષાર્થધર્મ સામે જોવાનું નથી પણ અખંડ આત્મદ્રવ્યની સામે જોવાનું છે, કેમકે પુરુષાર્થધર્મ આત્માનો છે—અંતરના પ્રયત્નથી મુક્તિ થાય—એવો મારો આત્મા છે એમ યત્નસાધ્યધર્મ વડે આત્માને લક્ષમાં લ્યે તે પુરુષકારનય છે. આના પછી હવે દૈવનયથી અયત્નસાધ્ય ધર્મ કહેશે, પણ તે વખતે ય આ પુરુષાર્થધર્મ તો ભેગો જ છે, પુરુષાર્થ વગરનું એકલું દૈવ નથી. એક જ ધર્મનો એકાંત ખેંચે ને આત્માના બીજા ધર્મો તે વખતે સાથે જ વર્તે છે તેને ન સ્વીકારે તો મિથ્યાદૃષ્ટિ છે ને તેના બધાય નયો મિથ્યા છે, જ્ઞાની તો અનંત ધર્મના આધારભૂત પોતાના શુદ્ધ ચૈતન્યદ્રવ્યની દૃષ્ટિ રાખીને, પ્રમાણજ્ઞાનપૂર્વક દરેક ધર્મને તે તે પ્રકારના નયથી જાણે છે, એટલે જ્ઞાનીને જ સમ્યક્ નય હોય છે—એમ સમજવું.

**એ પ્રમાણે ૩૨મા પુરુષકારનયથી આત્માનું વર્ણન કર્યું.**

# દૈવનયે આત્માનું વર્ણન

# [૩૩]

આત્મદ્રવ્ય દૈવનયે જેની સિદ્ધિ અયત્નસાધ્ય છે એવું છે,—પુરુષકારવાદીએ દીધેલા લીંબુના ઝાડની અંદરથી જેને (યત્ન વિના, દૈવથી) માણેક પ્રાપ્ત થાય છે એવા દૈવવાદીની માફક.'

અહીં દૈવવાદીનો દાખલો આપીને સમજાવ્યું છે. મોટા પુણ્યવંત પુરુષોનાં મગજમાં તેમજ હાથીના મસ્તકમાં મુક્તાફળ—મોતી પાકે છે, તેમ કોઈ જીવને પુણ્ય પ્રતાપે લીંબુના ઝાડમાંથી પણ મોતી નીકળી પડે, ત્યાં તેને મોતી મેળવવાનો પ્રયત્ન ન હતો ને મળ્યા, તેથી તેને દૈવ કહ્યું. તેમ જે જીવ સ્વભાવ તરફના પ્રયત્નથી મોક્ષમાર્ગને સાધે છે તે જીવને કર્મો સ્વયમેવ ટળતા જાય છે, કર્મને ટાળવા તરફનો તેનો પુરુષાર્થ નથી માટે તેને દૈવ કહ્યું. પરંતુ જેમ દૈવવાદીને લીંબુમાંથી મોતી મળ્યાં તેમાં પણ તેને તે જાતના પુણ્ય છે તેમ દૈવનયથી આત્માના યત્ન વિના કર્મો ટળ્યા ને મુક્તિ થઈ—એમ કહેવાય, તેમાં પણ સ્વભાવ તરફનો પુરુષાર્થ તો છે જ. અંતરમાં ચૈતન્યસ્વભાવ તરફનો પુરુષાર્થ કર્યો ત્યાં જડ કર્મોનો અભાવ સ્વયમેવ થઈ જાય છે, તેને ટાળવાનો યત્ન કરવો પડતો નથી, આ અપેક્ષાએ આત્માની સિદ્ધિ અયત્નસાધ્ય કહેવાય છે. દૈવનયમાં એમ નથી કે કર્મ માર્ગ આપે ત્યારે મુક્તિ થાય ને તેમાં જીવનો પુરુષાર્થ ન ચાલે! જીવ પોતાના સ્વભાવનો પુરુષાર્થ કરે ત્યાં કર્મ એની મેળે ટળી જાય છે, તેમાં જુદો યત્ન કરવો પડતો નથી માટે તેનું નામ દૈવ છે.

કોઈને તો પુરુષાર્થથી મુક્તિ થાય અને કોઈને દૈવથી મુક્તિ થાય—એમ જુદા જુદા આત્માની આ વાત નથી, એકેક આત્મામાં જ એ બંને ધર્મો રહેલા છે. દૈવનય વખતે બીજા નયોની વિવક્ષાનું જ્ઞાન પણ સાથે જ હોવું જોઈએ, તો જ દૈવનયનું જ્ઞાન સાચું કહેવાય, પુરુષાર્થ વડે મુક્તિ થઈ—એમ ન કહેતાં, કર્મો ટળ્યાં ને મુક્તિ થઈ અથવા દૈવથી મુક્તિ થઈ—એમ કહેવું તે દૈવવાદ છે, પરંતુ તેમાં પણ ચૈતન્યસ્વભાવના પુરુષાર્થનો તો સ્વીકાર ભેગો છે જ. યત્નસાધ્ય તે સ્વ અપેક્ષાએ, ને અયત્નસાધ્ય તે પર અપેક્ષાએ; પોતામાં પુરુષાર્થ છે ને પરને માટે પુરુષાર્થ નથી. સ્વના પુરુષાર્થની સાથે કર્મના અભાવરૂપ દૈવ પણ છે. આ દૈવનયવાળાને પણ આત્મસન્મુખતા છે, તેને કાંઈ પુરુષાર્થનો નિષેધ નથી.

જ્યાં જીવને સ્વભાવનો પુરુષાર્થ હોય ત્યાં દૈવ પણ એવું જ હોય કે જડ કર્મો એની મેળે ટળી જાય છે, કર્મને ટાળવા માટે યત્ન કરવો નથી પડતો. ત્યાં કર્મ ટળવાથી આત્માની મુક્તિ થાય છે—એવું દૈવનયનું કથન છે.—પણ કર્મ ટળે ક્યારે? કર્મ સામે જોવાથી કર્મ ન ટળે, પણ સ્વભાવસન્મુખ એકાગ્રતાનો પ્રયત્ન કરતાં કર્મો સ્વયં ટળી જાય છે ને મુક્તિ થઈ જાય છે. પુરુષાર્થની વિવક્ષા ગૌણ કરીને દૈવનયમાં કર્મની વિવક્ષાથી કથન કર્યું છે. વસ્તુમાં તો પુરુષાર્થ વગેરે

અનંતધર્મો એક સાથે રહેલા છે, તેમાં એક મુખ્ય ને બીજો ગૌણ એવા પ્રકાર નથી, અભેદ વસ્તુમાં બધા ધર્મો એક સાથે છે. પણ છદ્મસ્થને શ્રુતજ્ઞાનમાં નય પડે છે, તે નયમાં મુખ્ય–ગૌણ હોય છે. એક નય છે તે બીજા નયોના વિષયભૂત ધર્મોને ગૌણ કરે છે–પણ તેનો સર્વથા નિષેધ નથી કરતો. જો બીજા ધર્મોનો સર્વથા નિષેધ કરે તો અનેકાન્તમય વસ્તુસ્વરૂપ જ સાબિત ન થાય એટલે કે વસ્તુનું પ્રમાણજ્ઞાન જ ન થાય, ને પ્રમાણ વિના નય પણ કયાંથી હોય? ન જ હોય, કેમકે નય તે શ્રુતજ્ઞાન પ્રમાણનો અંશ છે.

દૈવનયથી અયત્નસાધ્ય છે—એમ કહ્યું તે ધર્મ પણ આત્માનો છે, એટલે દૈવનયવાળો પણ આત્મા તરફ વળીને તેના ધર્મને જાણે છે, આ રીતે દૈવનયમાં પણ દ્રવ્ય તરફનો પુરુષાર્થ આવી જ જાય છે. દૈવનય જે ધર્મને લક્ષમાં લે છે તે ધર્મ પરનો નથી પણ આત્માનો છે, માટે આત્માની સન્મુખ દૃષ્ટિ કરે તેને જ તેના ધર્મોનું યથાર્થ જ્ઞાન થાય છે. કર્મ સામે જોઈને દૈવનયની પ્રતીત નથી થતી પણ આત્માની સામે જોઈને તેની પ્રતીત થાય છે. આત્મદ્રવ્યમાં જ મુક્તિ થવાનો ધર્મ છે, તે ધર્મ કાંઈ કર્મમાંથી નથી આવતો, પણ આત્માનો જ તે ધર્મ છે. આત્માના સ્વભાવ ઉપર દૃષ્ટિ થઈ ત્યાં પર્યાય અને કર્મ ઉપરની દૃષ્ટિ ગઈ, ત્યારે આવા ધર્મોનું ભાન થયું. આમાં પોતાનો મહિમા આવવો જોઈએ કે અહો! આ તો બધું મારા ધર્મોનું જ વર્ણન છે, આમાં પરનો મહિમા કયાંય નથી પણ મારા ચૈતન્યસ્વભાવનો જ મહિમા છે, ઘણા નયોની વિધવિધ વિવિક્ષાથી વર્ણન કર્યું તે તો મારા સ્વભાવની વિશાળતા છે. આમ આત્મસ્વભાવનો મહિમા લાવીને સમજવું જોઈએ, પણ કંટાળો ન લાવવો જોઈએ.

'આઠ કર્મોનો અભાવ થતાં આત્માની મુક્તિ થાય છે'–એમ કહેતાં કર્મની સામે જોવાનું નથી પણ આત્માની સામે જોવાનું છે કેમકે મુક્તિ આત્માની થાય છે; આત્માના જ સ્વભાવમાંથી મુક્તિ આવે છે. આ પુરુષાર્થ, દૈવ વગેરે જેટલા ધર્મો વર્ણવ્યા તેમાં પર ઉપર કે વિકાર ઉપર વજન દેવાનું નથી કેમકે આ ધર્મો પરના આધારે કે વિકારના આધારે નથી; તેમજ એકેક ધર્મ જુદો રહેતો નથી માટે તે એકેક ધર્મ ઉપર પણ વજન દેવાનું નથી; અખંડ આત્માના જ આશ્રયે આ બધા ધર્મો એક સાથે રહેલા છે; ધર્મ કોનો? કે ધર્મીનો; ધર્મી એટલે આખો આત્મા; તે અખંડ આત્મા શુદ્ધચૈતન્યમૂર્તિ છે તેના ઉપર જ વજન દેવાનું છે. વજન દેવું એટલે શું? કે શ્રદ્ધા–જ્ઞાનનું જોર તે અખંડ સ્વભાવ તરફ વાળીને તેમાં એકાગ્ર થવું,—તે શુદ્ધ આત્માની પ્રાપ્તિનો ઉપાય છે. અત્યારે 'આત્મા કોણ છે' તે આચાર્ય પ્રભુ સમજાવે છે, અને આત્માની પ્રાપ્તિના ઉપાયનું વર્ણન હવે પછી કહેશે.

અહીં 'યત્નસાધ્ય' અને 'અયત્નસાધ્ય' એવા બે ધર્મો કહ્યા તે બંને ધર્મો દરેક આત્મામાં એક સાથે છે. આ ધર્મો ચૈતન્યદ્રવ્યના આશ્રયે રહેલા છે, પર્યાયના આશ્રયે નથી, એટલે પર્યાયબુદ્ધિ છોડીને ચૈતન્યદ્રવ્ય તરફ જોતાં આ ધર્મોની યથાર્થ ઓળખાણ થાય છે, પર્યાયબુદ્ધિવાળાને આ ધર્મોની ઓળખાણ હોતી નથી. પુરુષાર્થનયથી કહો કે દૈવનયથી કહો, પણ જેઓ મોક્ષ પામે છે તે બધાય પુરુષાર્થપૂર્વક જ મોક્ષ પામે છે. જો એકલા દૈવથી જ મુક્તિ થાય ને પુરુષાર્થ ન હોય તો

તે જીવમાં એક દૈવધર્મ રહ્યો પણ પુરુષાર્થધર્મ ન રહ્યો, ને પુરુષાર્થવાળાને એકલો પુરુષાર્થ ધર્મ જ રહ્યો—પણ એમ બનતું નથી; બંનેમાં બંને ધર્મો છે. એક જીવને એકલા પુરુષાર્થથી મુક્તિ ને બીજાને એકલા દૈવથી મુક્તિ—એમ જુદા જુદા બે જીવનું વર્ણન નથી, પણ એક જ જીવમાં અનંતા ધર્મો એક સાથે રહેલા છે, તે ધર્મોનું આ વર્ણન છે. કથનમાં ભલે એક ધર્મની મુખ્યતા આવે, પણ તે જ વખતે બીજા અનંતા ધર્મો વસ્તુમાં પડ્યા જ છે. જો એક ધર્મને માને ને બીજા ધર્મોને ન માને તો જ્ઞાન પ્રમાણ થતું નથી. વસ્તુ એક સાથે અનંતધર્મોવાળી છે, તે વસ્તુની દૃષ્ટિ પૂર્વકના આ નયો છે, એટલે આ નયો વડે એકેક ધર્મનું જ્ઞાન કરનારની દૃષ્ટિ તે એક ધર્મ ઉપર નથી હોતી પણ આખા ધર્મી ઉપર (ચૈતન્યસ્વભાવ ઉપર) તેની દૃષ્ટિ હોય છે. કથનમાં આ ધર્મો એક પછી એક આવે છે પણ વસ્તુમાં કાંઈ તે એક પછી એક નથી, વસ્તુમાં તો એક સાથે બધા ધર્મો છે આ બધા ધર્મો આત્મદ્રવ્યના છે, આત્મદ્રવ્ય આ બધા ધર્મોને ધારી રાખે છે; આવા અખંડ આત્મદ્રવ્યને અંતરંગ દૃષ્ટિમાં લેવું તે જ આ બધા ધર્મોના વર્ણનનું તાત્પર્ય છે.

અહીં આચાર્યદેવે લીંબુના ઝાડનું દૃષ્ટાંત આપીને સમજાવ્યું છે. પુરુષાર્થવાદીએ લીંબુના ઝાડ વાવ્યા, અને તેમાંથી એક ઝાડ દૈવવાદીને આપ્યું, ત્યાં દૈવવાદીને તે લીંબુના ઝાડમાંથી માણેકની પ્રાપ્તિ થઈ. તેમ અહીં આત્માએ પ્રયત્ન કર્યો પોતામાં, ત્યાં કર્મ ટળીને ચૈતન્યરત્ન પ્રાપ્ત થયું. દૈવવાદીને લીંબુના ઝાડમાંથી માણેક નીકળ્યા તેમાં તેના તે પ્રકારના પુણ્ય છે તેમ અહીં દૈવનયવાળાને પણ મુક્તિ પ્રાપ્ત થવામાં તે પ્રકારનો પ્રયત્ન છે. દૃષ્ટાંતમાં દૈવવાદી અને પુરુષાર્થવાદી જુદા છે પણ સિદ્ધાંતમાં દૈવધર્મ અને પુરુષાર્થધર્મ કાંઈ જુદા જુદા આત્માના નથી, એક જ આત્માના બંને ધર્મો છે. જેણે પોતાના જ્ઞાયકસ્વભાવ તરફનો પુરુષાર્થ કર્યો તેને કર્મ તરફનો પ્રયત્ન ન હોવા છતાં કર્મ ટળીને સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્ર ને મોક્ષરૂપી રત્નની પ્રાપ્તિ થઈ જાય છે. પણ કોઈક જીવનો પુરુષાર્થ—બીજા જીવને કામ આવી જાય—એમ બનતું નથી. દૈવનય પણ પુરુષાર્થ—ધર્મનો નિષેધ નથી કરતો; જો એકલા દૈવને જ માનીને પુરુષાર્થનો નિષેધ કરે તો તે એકાંત મિથ્યાદૃષ્ટિ છે.

મોટા હાથીના મસ્તકમાં મોતી પાકે છે. જેમ કેસરીસિંહ પંજો મારીને હાથીને ફાડી નાંખે છે ને તેનાં મોતીને જમીન ઉપર વેરી નાંખે છે, તેમ અહીં આત્મા—પુરુષાર્થરૂપી સિંહ કર્મરૂપી કુંજરને ફાડીને મોક્ષરત્ન પ્રાપ્ત કરે છે. આમાં આત્માએ પુરુષાર્થથી જડ કર્મોને ટાળ્યા એમ કહેવું તે નિમિત્તથી કથન છે, અને કર્મ ટળવાથી આત્માની મુક્તિ થઈ—એ પણ નિમિત્તથી કથન છે. આત્માનો પુરુષાર્થ આત્મામાં છે ને કર્મની અવસ્થા જડમાં છે. આત્મા તો પોતાના સ્વભાવનો જ પુરુષાર્થ કરે છે ત્યાં કર્મ તેની મેળે ટળી જાય છે ને મુક્તિ થઈ જાય છે. આમાં કર્મને ટાળવા તરફ જીવનો યત્ન નથી છતાં કર્મ ટળી જાય છે ને મુક્તિ થઈ જાય છે. તેથી અયત્નસાધ્યધર્મ કહેવામાં આવ્યો છે.

દૈવ અને પુરુષાર્થ બાબતમાં એક બીજો દાખલો આ પ્રમાણે આવે છે; બે મિત્રો હતા, તેમાં

એક દૈવવાદી, ને બીજો પુરુષાર્થવાદી, એક વાર બંને એક ગામમાં ગયા ને ક્ષુધા લાગી. ત્યારે દૈવવાદી કહે કે મારા દૈવમાં હશે ત્યારે ખોરાક મલી રહેશે. પુરુષાર્થવાદી, કહે કે હું ગામમાં જઈને યત્નથી ખોરાક મેળવી આવું છું. પછી પુરુષાર્થવાદી ગામમાં જઈને બે લાડવા લઈ આવ્યો અને આવીને દૈવવાદીને કહ્યું કે જો, હું પ્રયત્નથી લાડવા લઈ આવ્યો. પછી એક લાડવો તેણે પોતાની પાસે રાખીને બીજો દૈવવાદીને આપ્યો. ત્યારે દૈવવાદીએ કહ્યું કે જો, મારા દૈવપ્રમાણે મને પણ લાડવો મળી ગયો.—હવે આ દૃષ્ટાંતમાં ખરેખર તો દૈવવાદીને તેમજ પુરુષાર્થવાદીને બંનેને પોતાના 'પુણ્યથી' જ લાડવાની પ્રાપ્તિ થઈ છે; પણ એકને પુરુષાર્થનો વિકલ્પ નિમિત્તરૂપે છે તેથી તેને પુરુષાર્થથી લાડવાની પ્રાપ્તિ કહી, અને બીજાને તેવો વિકલ્પ નથી તેથી તેને યત્ન વગર દૈવથી લાડવાની પ્રાપ્તિ કહી. પણ બંનેમાં એક જ પ્રકાર છે કે તે પ્રકારના પુણ્ય હોય તો પ્રાપ્તિ થાય. તેમ અહીં સિદ્ધાંતમાં પુણ્યના સ્થાને પુરુષાર્થ છે. દૈવનયમાં કે પુરુષાર્થનયમાં બંનેમાં જીવના 'પુરુષાર્થપૂર્વક' જ મોક્ષની પ્રાપ્તિ થઈ છે. પણ તેમાં સ્વભાવ તરફનો પ્રયત્ન છે તે અપેક્ષાએ અયત્નસાધ્ય કહ્યો. દૈવનયથી કથન હો કે પુરુષાર્થનયથી કથન હો, તે બંનેમાં આ તો એક જ પ્રકાર છે કે બંનેને તેવો પુરુષાર્થ છે, સ્વભાવના પુરુષાર્થ વિના બેમાંથી કોઈને મોક્ષ પ્રાપ્ત થાય—એમ બનતું નથી.

પુરુષાર્થ તેમજ દૈવ બંને ધર્મનો ધરનાર આત્મા તો એક જ છે, એટલે દૃષ્ટિમાં લેવા જેવો આત્મા તો એક જ છે. અભેદ ચૈતન્યસ્વભાવને દૃષ્ટિમાં લેવો તે જ બધાનો સાર છે. શુદ્ધ ચૈતન્યસ્વભાવ ઉપર દૃષ્ટિ મૂકીને એકાગ્ર થતાં પરિણમનનો પ્રવાહ સ્વસન્મુખ વળી જાય છે ને સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્ર તથા મોક્ષદશા પ્રગટી જાય છે.

આત્મદ્રવ્ય તે પ્રમાણનો વિષય છે, તેમાં અનંત ધર્મો છે, તે અનંત ધર્મોને જાણનાર અનંત નયો છે. તેમાં એકેક ધર્મના લક્ષે પ્રમાણ થતું નથી પણ આખા ધર્મીના લક્ષે પ્રમાણ થાય છે અને તે પ્રમાણપૂર્વક જ નય હોય છે.

આત્માને કોઈવાર પુરુષાર્થથી મુક્તિ થાય ને કોઈવાર દૈવથી મુક્તિ થાય છે—એવું અનેકાંતનું સ્વરૂપ નથી. જેમ કોઈ વાર જીવની મુક્તિ થાય ને કોઈવાર પુદ્ગલની મુક્તિ થાય—એમ નથી, તેમજ કોઈવાર જીવના લક્ષે મુક્તિ થાય ને કોઈવાર જડના લક્ષે મુક્તિ થાય—એમ પણ નથી, તેમ કોઈવાર એકલા પુરુષાર્થથી મુક્તિ થાય ને કોઈવાર એકલા દૈવથી મુક્તિ થાય—એમ પણ નથી. આત્મામાં પુરુષાર્થ અને દૈવ બંને એક સાથે જ છે. કર્મની પદ્ધતિ સામે જોઈને આત્માના આવા ધર્મની પ્રતીત થતી નથી પણ આત્માની સામે જોઈને જ તેના ધર્મોની પ્રતીત થાય છે. આત્માના આવા દૈવધર્મને ઓળખવા જાય તો ત્યાં પણ તે ધર્મના આધારભૂત ધર્મીની (એટલે કે શુદ્ધચૈતન્યમાત્ર આત્મતત્ત્વની) દૃષ્ટિ કરવાનું આવે છે એટલે તેમાં પણ સ્વભાવદૃષ્ટિનો પુરુષાર્થ આવી જાય છે. આત્માના અનંત ધર્મોમાંથી પુરુષાર્થ વગેરે કોઈ એક ધર્મને જુદો પાડીને લક્ષમાં લ્યે તો તેના લક્ષે મુક્તિ થતી નથી. એકલા પુરુષાર્થ ધર્મના લક્ષે મુક્તિ થતી નથી માટે આત્મા

અયત્નસાધ્ય છે. એટલે ભેદની દૃષ્ટિ છોડીને અખંડ આત્મસ્વરૂપની દૃષ્ટિ કરવી તે જ તાત્પર્ય છે. અયત્નસાધ્યધર્મ દ્વારા આત્માને જાણે તો તેમાં પણ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય ઉપર જ દૃષ્ટિ જાય છે, કેમકે અયત્નસાધ્યધર્મ તેનાથી જુદો નથી. આ રીતે અયત્નસાધ્યધર્મને જાણનારનું જ્ઞાન પણ શુદ્ધ સ્વભાવ તરફ વળેલું હોય છે ને તેને જ દૈવનય હોય છે.

આ બધા નયો સાધક આત્માના છે, સાધકના શ્રુતજ્ઞાનમાં જ નય હોય છે. કેવળી ભગવાનને નય હોતા નથી. તેમ અજ્ઞાનીને પણ નય હોતા નથી. કેવળી ભગવાનને બધા નયોનું જ્ઞાન હોય છે પણ તેમના પોતાના જ્ઞાનમાં નય હોતા નથી.

કોઈ એમ કહે કે આત્માના કાર્યમાં આત્માનો પ્રયત્ન ચાલે છે માટે પુરુષાર્થનય આત્મામાં લાગુ પાડવો, અને પરના કાર્યોમાં આત્માનો પ્રયત્ન ચાલતો નથી, બહારના સંયોગ–વિયોગ દૈવ પ્રમાણે થયા કરે છે માટે દૈવનય બહારમાં લાગુ પાડવો.—તો એ વિવિક્ષા અહીં લાગુ પડતી નથી, કેમકે અહીં તો આત્માના ધર્મોનું વર્ણન છે એટલે બધા નયો આત્મામાં જ લાગુ પડે છે. અહીં આત્માના મોક્ષ માટે પુરુષાર્થ અને દૈવ બંને એક સાથે બતાવવા છે; એક આત્મામાં તે બંને ધર્મો એક સાથે રહેલા છે. માટે અહીં જે નયની જે વિવક્ષા છે તે જાણવી જોઈએ.

**૩૩માં દૈવનયથી આત્માનું વર્ણન અહીં પૂર્ણ થયું.**

## નાનકડા સિદ્ધ

સમ્યગ્દર્શન પ્રગટ થતાં આત્માનો અનુભવ થાય છે. જેવો સિદ્ધ ભગવાનને હોય છે તેવો ચોથે ગુણસ્થાને સમકિતી જીવને અનુભવ હોય છે; સિદ્ધને પૂર્ણ અનુભવ હોય છે ને સમકિતીને અંશે અનુભવ હોય છે, પણ જાત તો તે જ. સમકિતી આનંદસાગરના અમૃતનો અપૂર્વ સ્વાદ લઈ રહ્યો છે, આનંદના ઝરણામાં મોજ માણી રહ્યો છે.

*—સમયસાર બંધ અધિકારના પ્રવચનોમાંથી*

# ઈશ્વરનયે આત્માનું વર્ણન

## [૩૪]

"આત્મદ્રવ્ય ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે,—ધાવની દુકાને ધવડાવવામાં આવતાં મુસાફરના બાળકની માફક."

સાધકને સ્વભાવની દૃષ્ટિપૂર્વક પર્યાયનું જ્ઞાન હોય છે; તે જાણે કે મારી પર્યાયમાં જેટલા રાગાદિ થાય છે તેટલી મારી પરતંત્રતા છે, તે પરતંત્રતા પરને લીધે થઈ નથી પણ મારી પર્યાયમાં જ પરતંત્ર થવાનો તેવો ધર્મ છે. અસ્થિરતાને લીધે કર્મના ઉદયમાં જોડાતા વિકાર થાય, ત્યાં ધર્મીને પોતાના ચૈતન્યની ઈશ્વરતાનું ભાન છે અને વિકાર થયો તેમાં કર્મને ઈશ્વરતા આપીને કહે છે કે કર્મને આધીન વિકાર થાય છે.—આમ જાણવું તે ઈશ્વરનય છે. વસ્તુની દૃષ્ટિપૂર્વકના આ નયો છે. સ્વભાવની મોટપનું ભાન રાખીને પર્યાયની નબળાઈને ધર્મી જાણે છે કે હજી મારી પર્યાયમાં આટલી પરાધીનતા થાય છે. હું કર્મને આધીન થઈને વિકાર કરું છું તે મારો એક સમયની પર્યાયનો ધર્મ છે. દૃષ્ટિના વિષયમાં તો એમ આવે કે વિકારને આત્મા કરતો જ નથી, પરંતુ અહીં પ્રમાણપૂર્વકના નયોનું વર્ણન છે, તેથી પર્યાયના વિકારને આત્મા પોતે પરાધીન થઈને કરે છે—એમ જ્ઞાન કરાવ્યું છે. આત્મા પોતે પરતંત્ર થઈને પર્યાયમાં વિકાર કરે એવો તેનો ધર્મ છે, પણ કર્મ આ જીવને પરાણે વિકાર કરાવે એવો ધર્મ તો પરમાં નથી ને આત્મામાં પણ નથી. સાધકને પોતાની પર્યાયમાં હજી સર્વજ્ઞતા નથી પણ સાધકપણું છે, અને સાધકદશામાં બાધકભાવ પણ સાથે વર્તે છે અને તે બાધકભાવ પરાશ્રયે થાય છે તેથી તેટલી આત્માની પરતંત્રતા છે—એમ ધર્મી જાણે છે.

(૧) જો સ્વાશ્રય સંપૂર્ણ થઈ ગયો હોય તો સર્વજ્ઞતા થઈ જાય, ને વિકાર જરાપણ ન રહે, અને ત્યાં નય પણ ન હોય.

(૨) જો સ્વાશ્રયભાવ બિલકુલ ન હોય, એકલો પરાશ્રયભાવ જ હોય તો મિથ્યાદૃષ્ટિપણું હોય, તેને પણ નય ન હોય.

(૩) જેને સમ્યક્શ્રદ્ધા-જ્ઞાનનો સ્વાશ્રયભાવ ખીલ્યો છે અને હજી ચારિત્રમાં અંશે પરાશ્રયભાવ પણ વર્તે છે—એવા સાધક જીવની આ વાત છે; તે જ્યારે પોતાની પર્યાયની પરાધીનતાને જાણે ત્યારે તેને ઈશ્વરનય હોય છે. તે વખતેય સાધકની દૃષ્ટિ તો શુદ્ધ સ્વભાવ ઉપર જ પડી છે.

ક્ષાયક સમ્યગ્દર્શન થયા પછી પણ ધર્મીને રાગ-દ્વેષ થાય, ત્યાં ધર્મી તેને પોતાની પરાધીનતા સમજે છે, પરને લીધે તે વિકાર થયો એમ માનતો નથી પણ પોતાનો અપરાધ સમજે

છે, પોતામાં હજી પરાધીન થવાની તેટલી લાયકાત છે—એમ જાણે છે. આત્મામાં આ પરતંત્રતા ભોગવવાનો ધર્મ ત્રિકાળીસ્વભાવરૂપ નથી પણ ક્ષણિક પર્યાયને આશ્રિત છે.

અહીં જે ધર્મોનું વર્ણન કર્યું છે તેમાંથી કેટલાક ધર્મો ત્રિકાળીસ્વભાવરૂપ છે અને કેટલાક ધર્મો ક્ષણિકપર્યાયરૂપ છે. કેટલાક ધર્મો એવા છે કે જે સાધકદશામાં હોય છે ને પછી નથી હોતા. આ રીતે આ ધર્મો અપેક્ષિત છે; બધાય જીવોને આ બધાય ધર્મો લાગુ ન પડે. અહીં સાધક જીવ કયા નયથી કેવા ધર્મને જાણે છે તેનું વર્ણન છે.

ધર્મી જાણે છે કે મારો આત્મા શુદ્ધચિદાનંદ સ્વરૂપ છે, રાગ મારો સ્વભાવ નથી, મારા સ્વભાવને આશ્રિત રાગ થતો નથી, રાગ પરને આશ્રયે થાય છે માટે તે પરતંત્રતા છે, અને આત્મા પોતે તે પરતંત્રતાને ભોગવનાર છે. આ રીતે સ્વભાવની સ્વતંત્રતા ને પર્યાયની અમુક પરતંત્રતા—બંનેનું જ્ઞાન કરીને ધર્મી પોતાના સ્વભાવમાં ઢળતો જાય છે ને પરતંત્રતાને તોડતો જાય છે.

જેમ બાળક માતાની ગોદમાં હોય ત્યારે તો જ્યારે ધાવવું હોય ત્યારે ધાવે—એમ સ્વતંત્ર છે, પણ માતાની ગોદમાંથી નીકળીને પરદેશમાં ગયો ત્યાં તો ધાવમાતાની દુકાને અમુક વખત જ ધવરાવે, એટલે તેમાં બાળક પરતંત્રપણે ધાવનાર છે. તેમ માતા એટલે શુદ્ધ ચૈતન્યમૂર્તિ સ્વભાવ, તેની ગોદમાં રહે એટલે કે સ્વભાવનો આશ્રય કરીને તેમાં લીન રહે તો તે આત્મા પરતંત્ર થતો નથી પણ પોતાના આનંદને સ્વાધીનપણે ભોગવે છે. પણ જ્યાં સ્વભાવની ગોદમાંથી બહાર નીકળીને પરનો આશ્રય કર્યો ત્યાં પરતંત્રપણે રાગાદિને ભોગવે છે. માટે ઈશ્વરનયથી આત્મા પરતંત્રતા ભોગવનાર છે. જો સ્વભાવનો આશ્રય કરીને સંપૂર્ણ ઈશ્વરતા પ્રગટી જાય તો પરતંત્રતા રહે નહિ ને ત્યાં ઈશ્વરનય લાગુ પડે નહિ. પણ હજી સ્વભાવની પૂર્ણ ઈશ્વરતા પ્રગટી નથી ને અંશે પરનો આશ્રય થાય છે તેટલી પરાધીનતા છે, તે પરાધીનતામાં આત્મા પોતે પરને મોટપ ઈશ્વરતા આપે છે, તેથી ઈશ્વરનયે તે પરતંત્રતા ભોગવનાર છે. ધર્મીએ પોતાના ચૈતન્યસ્વભાવની ઈશ્વરતાને જાણીને તેનો આશ્રય તો લીધો છે પણ હજી પૂરો આશ્રય નથી લીધો તેથી કાંઈક પરાશ્રય પણ થાય છે. તેટલી પોતાની પરાધીનતા છે. સ્વતંત્ર વસ્તુસ્વભાવને જે સમજ્યો છે તે આ પરાધીનતાને પણ જાણે છે. પર્યાયની પરાધીનતા તે ઈશ્વયનયનો વિષય છે, અને આખું આત્મદ્રવ્ય તે પ્રમાણનો વિષય છે. પ્રમાણથી જાણે કે નયથી જાણે પણ તે બધાનો સાર તો શુદ્ધ ચૈતન્યસ્વભાવ તરફ ઢળવું તે જ છે. એ વાત છેલ્લે ૪૪૮માં પાને આચાર્યદેવે કરી છે.

પર્યાયમાં પરતંત્રતા ભોગવવાની લાયકાત આત્માની છે, તે પણ એક ધર્મ છે; એટલે કર્મના ઉદય પ્રમાણે જીવને વિકાર કરવો પડે—એમ નથી, કર્મ આત્માને પરાધીન નથી કરતું; પણ આત્મા પોતે પરને ઈશ્વરતા આપીને (અર્થાત્ પરનો આશ્રય કરીને) પરાધીનતા ભોગવે છે. ધર્મીની દૃષ્ટિમાં તો શુદ્ધ ચૈતન્ય પિંડનો જ આશ્રય વર્તે છે પણ હજી ચારિત્રમાં વિકાર થાય છે તે નિમિત્તના આશ્રયે થાય છે તેટલી નિમિત્તની ઈશ્વરતા છે ને આત્માની પરાધીનતા છે. સ્વભાવની દૃષ્ટિમાં પોતાની ઈશ્વરતાનું ભાન રાખીને, પર્યાયમાં જે વિકાર થાય છે તેટલી પોતાની પરાધીનતા છે—એમ ધર્મી જાણે

છે. પણ પરદ્રવ્ય પરાણે બરજોરીથી જીવને વિકાર કરાવે—એવો કોઈ ધર્મ આત્મામાં કે પરદ્રવ્યમાં નથી. સ્વભાવની સ્વતંત્ર ઈશ્વરતા-પ્રભુતાને ચૂકીને, એકલા નિમિત્તને જ ઈશ્વરતા આપીને તેની સામે જોયા કરે તેને આવો ઈશ્વરનય હોતો નથી. અહીં તો જેને આત્માની પ્રભુતાનું ભાન થયું છે એવા જ્ઞાની કોઈવાર ઈશ્વરનયથી એમ કહે છે કે આ રાગદ્વેષ થાય છે તે મારા સ્વભાવની ઈશ્વરતાથી થતા નથી પણ નિમિત્તની—કર્મની મોટપથી થાય છે અને તેટલો પરાધીનતાનો ભોગવટો છે. કર્મની બળજોરીથી વિકાર થયો—એમ પણ કહેવાય,—પણ એમ કહેનારની દૃષ્ટિ કયાં હોય? વિકાર વગરનું શુદ્ધચૈતન્યદ્રવ્ય સ્વતંત્ર છે એમ જેણે જાણ્યું હોય, એટલે સ્વભાવની બળજોરી પ્રગટી હોય, તે જીવ સ્વભાવદૃષ્ટિના બળથી વિકારને કર્મની બળજોરીથી થયેલો કહે છે, ને તેને જ ઈશ્વરનય હોય છે.

શિષ્યે પૂછ્યું છે કે પ્રભો! આ આત્મા કોણ છે—કેવો છે? કે જેને જાણવાથી મારું કલ્યાણ થાય? તેનો આ ઉત્તર ચાલે છે. અહીં ઓળખાવવો છે તો શુદ્ધચૈતન્યમાત્ર આત્મા, પણ તેને ઓળખાવવા માટે તેના ધર્મોનું વર્ણન કર્યું છે. 'જેમ મુસાફરના બાળકને ધાવમાતા ધવરાવે ત્યાં તે બાળક પરાધીનપણે ધાવે છે' તેમ અનંતધર્મનો પિંડ ચૈતન્યમૂર્તિ આત્મા સ્વભાવથી તો રાગાદિનો ભોગવનાર નથી પણ પર્યાયમાં રાગાદિ ભાવોને પરાધીનપણે ભોગવે છે, તેથી ઈશ્વરનયે આત્મા પરતંત્રતા ભોગવનાર છે—એમ કહ્યું. ઈશ્વરનયથી પરાધીનતા જાણનાર, તે જ વખતે પોતાના સ્વભાવની સ્વાધીનતાને પણ સમજે છે. જો એકલી પરાધીનતાને જ માને ને સ્વીધીનતાને ન જાણે તો તે પર્યાયમૂઢ મિથ્યાદૃષ્ટિ છે; અને એકલી સ્વાધીનતા જ માની લ્યે, પર્યાયમાં પરાધીનતા છે તેને જાણે નહિ તો તે પણ મિથ્યાદૃષ્ટિ છે. દ્રવ્ય અને પર્યાય બંનેની વસ્તુને જેમ છે તેમ જાણવી જોઈએ. દ્રવ્ય અને પર્યાય બંનેને યથાર્થપણે જે ઓળખે તેની દૃષ્ટિનું જોર શુદ્ધ દ્રવ્ય તરફ જ વળી જાય છે; કોઈ પણ નયથી જુએ કે પ્રમાણથી જુએ તો પણ અંતરંગમાં આત્માને શુદ્ધ ચૈતન્યમાત્ર દેખે છે. 'સ્યાત્કારને વશ વર્તતા' ઈશ્વરનયથી જુઓ કે કોઈપણ નયથી જુઓ તો પણ અનંત ધર્મોવાળું નિજ આત્મદ્રવ્ય શુદ્ધ ચૈતન્યસ્વરૂપ દેખાય છે, એકેક ધર્મ આખા ધર્મીને (શુદ્ધ ચૈતન્યદ્રવ્યને) બતાવે છે, એને એ જ નયજ્ઞાનનું ખરું ફળ છે. નયો કાંઈ વિકલ્પમાં અટકવા માટે નથી પણ વસ્તુને સાધવા માટે છે. ઈશ્વરનયથી આત્મા પરાધીન છે—એમ જોનારને પણ તે વખતે અંતરમાં શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્માની દૃષ્ટિ છૂટતી નથી.

અનંતધર્મોનો પિંડ ચૈતન્યસ્વરૂપ આત્મા છે, તેના આ ધર્મો છે. શુદ્ધ ચૈતન્યદ્રવ્ય તરફ વલણ કરવું તે જ આ બધા ધર્મોનો સરવાળો છે. શરૂઆતમાં પણ એ જ ભૂમિકા કરી હતી કે આત્મા ખરેખર ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત અનંતધર્મોના આધારરૂપ એક દ્રવ્ય છે. ભાઈ! તું અંતરમાં તારા શુદ્ધ ચૈતન્યદ્રવ્યને જો, તેને માટે જ આ વાત કરી છે, હજી પર્યાયમાં નબળાઈથી રાગાદિ થાય છે તેથી ઈશ્વરનયથી પરાધીનતાનું જ્ઞાન કરાવ્યું છે, પણ પરાધીનતા કહીને પર સામે જોવા માટે નથી કહયું, પણ અંતરના શુદ્ધ ચૈતન્યદ્રવ્ય તરફ વાળવા માટે કહ્યું છે. પરાધીનતા તે તો એક ક્ષણિક અંશ છે ને તે જ સમયે આખો અંશી શુદ્ધ ચૈતન્યશક્તિપણે બિરાજમાન છે માટે તારા આત્માને શુદ્ધ ચૈતન્યપણે અંતરંગમાં દેખ,—આવું ઉપદેશનું તાત્પર્ય છે.

—આ પ્રમાણે ૩૪મા ઈશ્વરનયથી આત્માનું વર્ણન પૂરું થયું.

# અનીશ્વરનયે આત્માનું વર્ણન

## [૩૫]

''આત્મદ્રવ્ય અનીશ્વરનયે સ્વતંત્રતા ભોગવનાર છે,–હરણને સ્વચ્છંદે સ્વતંત્રપણે ફાડી ખાતા સિંહની માફક.'' હે જીવ! તારો આત્મા સિંહ જેવો સ્વતંત્ર છે. 'અનીશ્વર' એટલે જેના માથે બીજો કોઈ ઈશ્વર નથી એવો સ્વતંત્ર આત્મા છે. જેમ સિંહ તે જંગલનો રાજા છે, તેના માથે બીજો કોઈ નથી, તેમ આત્મા પોતે અનંત શક્તિનો પ્રભુ છે, તે પોતાની પ્રભુતા સિવાય બીજા કોઈને પ્રભુતા આપે તેવો નથી. જેમ જંગલમાં સિંહ હરણને સ્વતંત્રપણે ફાડી ખાય છે, ત્યાં તેને બીજા કોઈનો એવો ભય નથી કે આ હરણના સગાંવહાલાં આવીને મને મારશે! અરે! મોટા હાથીનાં ટોળાં આવે તો પણ તેનાથી સિંહ ડરતો નથી તેમ પોતાના સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રને સાધનારો આત્મા સિંહ જેવો નિઃશંક છે–નિર્ભય છે, તેને કોઈ કર્મનો–ક્ષેત્રનો કે પ્રતિકૂળ પરિષહનો એવો ભય નથી કે આ મારી પ્રભુતાને લૂંટી લેશે! પોતે સ્વતંત્રપણે આત્માના આનંદને ભોગવે છે. આત્માનો સ્વભાવ એવો સ્વતંત્ર અનીશ્વર છે કે તે બીજા કોઈને ઈશ્વરતા આપતો નથી. આત્માની સ્વતંત્રતાનો પ્રતાપ અખંડિત છે.

સમયસારના પરિશિષ્ટમાં આત્માની ૪૭ શક્તિઓનું વર્ણન કર્યું છે. ત્યાં 'પ્રભુત્વશક્તિ'નું વર્ણન કરીને આત્માની પ્રભુતા બતાવી છે. અને આ પ્રવચનસારના પરિશિષ્ટમાં ૪૭ નયથી આત્માનું વર્ણન કર્યું છે તેમાં આ અનીશ્વરનયથી આત્માની સ્વતંત્રતાનું વર્ણન કરીને આત્માની પ્રભુતા બતાવી છે. સ્વતંત્રતાથી શોભિતપણું તે પ્રભુતાનું લક્ષણ છે. પણ અજ્ઞાનીના અંતરમાં પોતાની પ્રભુતા બેસતી નથી ને પરાશ્રયની માંગણબુદ્ધિ છૂટતી નથી. એક ભિખારણને મોટા રાજાએ પોતાની રાણી બનાવીને બંગલામાં રાખી, પણ તેની માંગવાની ટેવ ન ગઈ; એટલે ખાવાના વખતે ગોખલામાં ભોજન મૂકીને, ગોખલા પાસે ભીખ માગે કે 'દેજો માબાપ કાંઈ વધ્યું હોય તો!'—એમ ભીખ માંગીને પછી ખાય. તેમ અજ્ઞાની જીવ ભગવાનના સમવસરણરૂપી બંગલે ગયો ને ભગવાને તેને તેની પ્રભુતા બતાવી ને કહ્યું કે હે આત્મા! તારી પ્રભુતા તારી પાસે છે, માટે પરાશ્રયથી લાભ થાય–એવી માંગણબુદ્ધિ છોડ! પણ તે અજ્ઞાનીને આત્માની સ્વાધીનપ્રભુતા રુચતી નથી ને પરથી મને લાભ થાય—વ્યવહારના આશ્રયથી કાંઈક લાભ થાય—એવી પરાશ્રયની બુદ્ધિ તેને ખસતી નથી. અહીં અનીશ્વરનયથી આચાર્યદેવ આત્માની પ્રભુતા સમજાવે છે કે હે ભાઈ! તું સ્વતંત્રતા ભોગવનાર છો, તું પોતે જ પોતાનો પ્રભુ છો, તારા આત્માનો ધણી બીજો કોઈ નથી. તારા આત્મામાં કર્મની ઈશ્વરતા તો નથી અને તીર્થંકરભગવાનની પ્રભુતા પણ ખરેખર તારા આત્મામાં નથી. તેમની પ્રભુતા તેમનામાં, ને તારી પ્રભુતા તારામાં.

આત્માની પર્યાયમાં પરવશપણે એટલે કે પરના આશ્રયે વિકાર થાય છે તેટલી પરાધીનતા

છે પણ તે જ વખતે સ્વભાવની સ્વાધીન પ્રભુતા પણ આત્મામાં પડી જ છે. ઈશ્વરનયથી આત્માની પરતંત્રતાને જાણતી વખતે પણ સ્વભાવની સ્વતંત્ર પ્રભુતાનું ભાન ધર્મીને ભેગું જ છે. પર્યાયના જ્ઞાન વખતે પણ સ્વભાવની પ્રભુતાની દૃષ્ટિ ધર્મીને છૂટતી નથી, ને પર્યાયબુદ્ધિ થતી નથી. સ્વભાવની પ્રભુતાને અજ્ઞાની જાણતો નથી એટલે પર્યાયને જાણતાં તેને એકલી પર્યાયબુદ્ધિ થઈ જાય છે-પર્યાય જેટલો જ આખો આત્મા તે માને છે, તેથી તેને નય કે પ્રમાણ હોતાં નથી.

એક આત્મામાં સ્વાધીનતારૂપ ધર્મ ને બીજા આત્મામાં પરાધીનતારૂપ ધર્મ—એમ જુદા જુદા આત્માના આ ધર્મો નથી, પણ એક જ આત્મામાં આ ધર્મો રહેલા છે. ઈશ્વરનયથી જુઓ કે અનીશ્વરનયથી જુઓ, કે પ્રમાણથી જુઓ, પણ અંતરંગદૃષ્ટિમાં આત્મા શુદ્ધચૈતન્યસ્વરૂપ જ દેખાય છે. ઈશ્વરનયથી પરાધીન પર્યાયને જાણતી વખતે પણ ધર્મીની દૃષ્ટિમાં તે પરાધીનતાની પ્રધાનતા થઈ જતી નથી. તેની દૃષ્ટિમાં તો શુદ્ધચૈતન્યસ્વરૂપે જ આત્મા પ્રકાશે છે. આત્માના ધર્મો અનંત છે પણ આત્મા તો એક જ છે આવા આત્માને પ્રમાણ વડે જુઓ કે પ્રમાણપૂર્વકના કોઈ નય વડે જુઓ તો પણ અંતરંગમાં તે શુદ્ધચૈતન્ય માત્ર દેખાય છે.

જેમ વનનો રાજા સિંહ જંગલમાં હરણને પોતાની ઈચ્છા મુજબ ફાડી ખાતો હોય ત્યાં તેને કોણ રોકનાર છે? તેમ ચૈતન્યરાજા ભગવાન આત્મા પોતાની શક્તિના પુરુષાર્થથી અંતરસ્વરૂપમાં એકાગ્ર થઈને પોતાના આનંદને ભોગવે છે ત્યાં તે સ્વતંત્રપણે આનંદનો ભોગવનાર છે, તેને કોઈ રોકનાર નથી. 'કર્મને આધીન થઈને આત્મા રખડે છે' એમ ઈશ્વરનયથી આત્માને પરાધીન કહ્યો ત્યાં પણ એકલી પરાધીનતા બતાવવાનું તાત્પર્ય નથી. પરંતુ ક્ષણિક પરાધીનતાનું જ્ઞાન કરાવીને શુદ્ધ ચૈતન્યદ્રવ્ય તરફ વાળવાનું જ તાત્પર્ય છે. ભાઈ! પરથી તારું કલ્યાણ થાય કે પરથી તારું કલ્યાણ અટકે—એ બુદ્ધિ છોડી દે. તને કોઈ બીજો ડુબાડે કે તને કોઈ બીજો ઉગારે—એવું સ્વરૂપમાં છે જ નહિ. તારા આત્મામાં એવી સ્વતંત્ર પ્રભુતા છે કે તે કોઈ બીજાને મોટપ ન આપે, કોઈ બીજો તેનો સ્વામી નથી. પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રપર્યાયરૂપ જે શુદ્ધકાર્ય, તેના કારણરૂપ પોતે જ કારણ-પરમાત્મા છે, બીજું કોઈ તેનું કારણ નથી.—આમ તારા આત્માની સ્વતંત્ર ઈશ્વરતાને 'અનીશ્વરનય'થી તું જાણ.

વર્તમાન પર્યાય સ્વભાવ તરફ ઢળતાં અંતરની આનંદ શક્તિને ચીરીને આત્મા પોતે સ્વતંત્રપણે તે આનંદનો ભોગવનાર છે. જેમ સિંહ સ્વતંત્રતાપૂર્વક હરણને ચીરી ખાય છે તેમ અનંત પરાક્રમનો સ્વામી આત્મા પોતે પોતાની સ્વતંત્રતાથી આનંદનો ભોગવનાર છે; તેના ઉપર બીજો કોઈ ઈશ્વર નથી. એટલે આત્મા કોઈને આધીન નથી. આનંદના સ્વાધીન ભોગવટામાં આત્માને વિઘ્ન કરનાર આ બ્રહ્માંડમાં કોઈ છે જ નહિ. જેમ સિંહ એટલે વનનો રાજા. તે જંગલમાં ડરપોક હરણિયાંને મારીને સ્વેચ્છાપૂર્વક ભોગવે છે તેમ આત્મા એટલે ચૈતન્યરાજા તે અંતરસ્વરૂપમાં એકાગ્રતા વડે મોહને મારીને સ્વેચ્છાપૂર્વક પોતાના આનંદનો ભોગવનાર છે. આવો તેનો એક ધર્મ છે. આવા ધર્મથી જે પોતાના આત્માને ઓળખે તે પરનો ઓશીયાળો ન થાય. ધર્મી જાણે છે કે આ

જગતમાં કોઈ પણ દ્રવ્યમાં ગુણમાં કે પર્યાયમાં એવી તાકાત નથી કે મારી સ્વતંત્રતાને લૂંટી શકે. હું અનીશ્વર છું એટલે કે મારા ઉપર બીજો કોઈ ઈશ્વર નથી, હું જ મારા ઘરનો મોટો ઈશ્વર છું. મારાથી મોટો એવો કોઈ ઈશ્વર આ જગતમાં નથી કે જે મારા સ્વાધીન સ્વભાવને લૂંટીને મને પરાધીન બનાવે. દેવાધિદેવ તીર્થંકર પરમાત્માને આત્માનું કેવળજ્ઞાનાદિ પૂર્ણ ઐશ્વર્ય પ્રગટી ગયું છે તેથી તેઓ પરમેશ્વર છે, પણ તેમની ઈશ્વરતા તેમના આત્મામાં છે, મારામાં તેમની ઈશ્વરતા નથી. શક્તિપણે તીર્થંકર ભગવાન અને મારો આત્મા બંને સરખા છે, મારા દ્રવ્યમાં પણ તીર્થંકર ભગવાન જેવું જ ઈશ્વરપણું સ્વભાવરૂપે ભર્યું છે. વિનયથી ધર્મી પણ એમ કહે કે અહો! તીર્થંકર પરમાત્મા અમારા નાથ છે. તીર્થંકર પરમાત્મા જેવા ધીંગધણી અમે ધાર્યા છે તેથી હવે અમને શીં ચિંતા છે? પણ તે જ વખતે અંતરમાં ભાન વર્તે છે કે પરમાર્થે મારો ધીંગધણી ભગવાન તો મારો આત્મા જ છે. ખરેખર મારો આત્મા પોતે જ મારો સ્વામી છે—એમ અનુપચાર સ્વરૂપના ભાન સહિત, ભગવાનને ધીંગધણી કહેવા તે ઉપચાર છે. હે વીતરાગ ચૈતન્યમૂર્તિ આત્મા! અંતરદૃષ્ટિથી મેં તને દીઠો ને તને ધણી સ્વીકાર્યો, ધીંગધણી એવા ચૈતન્ય પરમેશ્વરને દૃષ્ટિમાં ધારણ કર્યો, ત્યાં મારાં દુઃખ ને દુર્ભાગ્ય દૂર થઈ ગયાં ને આત્માની આનંદસંપદાનો ભેટો થયો. આવી દૃષ્ટિપૂર્વક, વિકલ્પ વખતે ભગવાનને ધીંગધણી કહે તો ત્યાં ઈશ્વરનય લાગુ પડે. પણ એક દ્રવ્ય બીજા દ્રવ્યનું ધણી છે એમ જ માને તો દ્રવ્યની—સ્વતંત્રતાનું ભાન રહેતું નથી, ત્યાં તો એકાંત થઈ જાય છે એટલે ત્યાં નય પણ લાગુ પડતો નથી. અહીં તો કહે છે કે આત્માના દ્રવ્ય—ગુણ ને પર્યાય ત્રણે સ્વતંત્ર છે—આવી સ્વાધીનતાની પ્રતીત કરીને શુદ્ધ ચૈતન્યદ્રવ્યનો અનુભવ કરવો તે બધા નયોનું ફળ છે.

જેમ જંગલમાં હરણને ફાડી ખાતો સિંહ કોઈને આધીન નથી, તેમ સ્વભાવ તરફ વળીને અતીન્દ્રિય આનંદને ભોગવતો આત્મા કોઈને આધીન નથી, કાળને આધીન નથી, ધર્મને આધીન નથી, નિમિત્તોને આધીન નથી, પણ સ્વાધીનપણે ભોગવનાર છે. આ રીતે અનીશ્વરનયે આત્મા પોતે જ પોતાનો નાથ છે, બીજો કોઈ તેનો ધણી નથી.

**પ્રશ્ન :—**સ્ત્રીને માથે તો ધણી હોય છે, એટલે તેને આ વાત કઈ રીતે લાગુ પડે?

**ઉત્તર :—**અરે ભાઈ! બધા આત્માને આ વાત લાગુ પડે છે સ્વભાવથી બધા આત્મા સ્વાધીન ચૈતન્યમૂર્તિ છે. સ્ત્રી અને પુરુષ તે તો દેહ છે, પરન્તુ સ્ત્રીદેહમાં રહેલો આત્મા પણ પોતાના સ્વભાવનું આવું ભાન કરી શકે છે કે અનીશ્વરનયે હું સ્વાધીન છું, મારો કોઈ ધણી નથી. રાગ હોય એટલે નિમિત્તથી બીજાને ધણી કહેવાય, પણ તે વખતેય અંતરની દૃષ્ટિમાં તો એકધારી પ્રતીત વર્તે છે કે હું પોતે ચૈતન્ય પરમેશ્વર છું, મારા આત્મા સિવાય બીજો કોઈ મારો ઈશ્વર કે સ્વામી નથી. અરે! આઠ વરસની રાજકુંવરીને સમ્યગ્દર્શન થાય તે પણ એમ જાણે છે કે હું સ્ત્રી નથી પણ હું તો શુદ્ધચૈતન્યમૂર્તિ આત્મા છું, મારી પ્રભુતા મારામાં છે, બહારમાં બીજો કોઈ મારા આત્માનો સ્વામી નથી. તે સમ્યગ્દૃષ્ટિ બાલિકાને આવું ભાન હોવા છતાં પછી પરણે પણ ખરી, ને પતિને સ્વામી કહીને બોલાવે, છતાં તેને પોતાના આત્માની ઈશ્વરતાનું ભાન અંતરમાંથી ખસે નહિ.

વળી કોઈવાર શેઠ મિથ્યાદૃષ્ટિ હોય અને નોકર સમકીતિ હોય, અથવા મિથ્યાદૃષ્ટિ રાજા હોય ને સમકીતિ તેનો દિવાન હોય ત્યાં તે સમકીતિ, શેઠને અગર તો રાજાને એમ પણ કહે કે 'તમે અમારા સ્વામી છો' પર્યાયમાં રાગ હોવાથી આટલી પરાધીનતા છે—એનું ધર્મીને જ્ઞાન વર્તે છે, પણ તે જ વખતે અંતરદૃષ્ટિમાં આત્માની સ્વાધીન પ્રભુતાનું પણ ભાન વર્તે છે; ઈશ્વરનય વખતે અનિશ્વરનયની અપેક્ષા પણ ભેગી છે. પોતાના દ્રવ્યસ્વભાવની ત્રિકાળી ઈશ્વરતાને ચૂક્યા વગર પર્યાયની પરાધીનતા પૂરતી પરને ઈશ્વરતા આપે છે—ત્યાં ઈશ્વરનય સાચો છે. પણ પોતાના સ્વભાવની ઈશ્વરતાને ભૂલીને એકલા પરને જ જે ઈશ્વરતા આપે છે તેને ઈશ્વરનય પણ સાચો નથી તે તો પર્યાયમાં જ મૂઢ હોવાથી મિથ્યાદૃષ્ટિ છે. સ્વભાવની ઈશ્વરતા ચૂકીને એકલા પરને ઈશ્વરતા આપી તેને સ્વભાવ તરફ વળવાનું તો રહ્યું જ નહિ. શરૂઆતમાં આચાર્યદેવે કહ્યું હતું કે શ્રુતજ્ઞાન પ્રમાણથી સ્વાનુભવ વડે આત્મા જણાય છે; એ રીતે આત્મા જે જાણે તેને જ સમ્યક્નય હોય છે, કેમકે નય તે શ્રુતજ્ઞાન પ્રમાણનો અંશ છે. ધર્મી વસ્તુના જ્ઞાન વગર તેના ધર્મનું સાચુ જ્ઞાન હોય નહિ. છેલ્લે પણ આચાર્યદેવ કહેશે કે સ્યાદ્વાદ અનુસાર નયથી જાણે કે પ્રમાણથી જાણે તો પણ જીવ અંતરમાં પોતાના આત્માને શુદ્ધ ચૈતન્યમાત્ર દેખે છે જ. અંતર્મુખ દૃષ્ટિ કરીને જેણે પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્માને અનુભવ કર્યો તેણે ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યો છે. પોતાનો શુદ્ધ આત્મા તે જ ચૈતન્ય પરમેશ્વર છે, સ્વસંવેદન પ્રત્યક્ષથી તેનો અનુભવ કરવો તે જ ઈશ્વરનો સાક્ષાત્કાર છે; એ સિવાય બીજા કોઈ ઈશ્વર દર્શન દેવા આવતા નથી.

અત્યારે મહાવિદેહક્ષેત્રમાં સીમંધર પરમેશ્વર સાક્ષાત્ બિરાજે છે, તેમના સમવસરણની સભામાં ગણધરો તેમજ સંત—મુનિઓ વગેરે બિરાજે છે. ત્યાં ગણધરદેવ પણ ભક્તિથી ભગવાનને એમ કહે કે 'હે નાથ! હે પ્રભો! આપ અમારા તીર્થપતિ છો, ચારે તીર્થના આપ નાયક છો. આપ જ અમારા ઈશ્વર છો.'—તે વખતે અંતરમાં તેમને શુદ્ધ ચૈતન્યસ્વભાવ ઉપર જ દૃષ્ટિ પડી છે. હું તો અનંત ધર્મનો પિંડ શુદ્ધ ચૈતન્ય માત્ર આત્મા છું, મારો આત્મા સ્વાધીન છે, તેનો કોઈ નાથ નથી—એવું અંતરભાન ઈશ્વરનય વખતે પણ ધર્માત્માને વર્તે છે.

મેળવેલાનું રક્ષણ કરે અને અણમળેલું મેળવી આપે,—આ રીતે જોગ—ક્ષેમનો કરનાર હોય તેને 'નાથ' કહેવાય છે. આત્મા પોતાના સ્વાશ્રયે મેળવેલા સમ્યગ્દર્શન—જ્ઞાન વગેરેનું સ્વભાવદૃષ્ટિથી પોતે જ રક્ષણ કરે છે, અને નહિ મળેલા એવા સમ્યક્ ચારિત્ર વીતરાગતા—કેવળજ્ઞાન વગેરેને પોતે જ અંતરસ્વભાવમાં એકાગ્ર થઈને મેળવે છે. આ રીતે આત્મા પોતે પોતાના જોગ—ક્ષેમનો કરનાર છે તેથી ભગવાન આત્મા પોતે જ પોતાનો નાથ છે. ભક્તિને લીધે તીર્થંકર ભગવાનને આત્માના નાથ કહેવા તે વિનયના નિમિત્તથી કથન છે. સ્યાદ્વાદ અનુસાર ગમે તે નયનું કથન હો, તેમાં કાંઈ વિરોધ આવતો નથી. ગમે તે નયથી કે પ્રમાણથી જોતાં સ્યાદ્વાદી ધર્માત્માને પોતાનો આત્મા શુદ્ધ ચૈતન્યમાત્ર સ્વરૂપે જ અંતરમાં દેખાય છે. અંતરદૃષ્ટિ કરીને જે આવા આત્માને દેખે તેણે જ આત્માને ઓળખ્યો કહેવાય.

આ પ્રમાણે ૩૫મા અનીશ્વરનયથી આત્માનું વર્ણન પૂરું થયું.

# ગુણીનયે આત્માનું વર્ણન

## [૩૬]

'આત્મદ્રવ્ય ગુણીનયે ગુણગ્રાહી છે,—શિક્ષક વડે જેને કેળવણી આપવામાં આવે છે એવા કુમારની માફક.'

જેમ શિક્ષક જેવું શીખવે છે તેવું કુમાર શીખી લે છે, તેમ નિમિત્ત તરીકે જ્ઞાની ગુરુ પાસેથી આત્મા બોધ ગ્રહણ કરે છે.—એવો તેનો એક ધર્મ છે. જેવો ઉપદેશ શ્રીગુરુ આપે તેવું ગ્રહણ કરી લેવાની આત્મામાં તાકાત છે. સમ્યગ્દર્શનાદિ ગુણનું ગ્રહણ કરવામાં ગુરુ તો નિમિત્ત છે, પણ તે ગુણને ગ્રહણ કરવાનો નૈમિત્તિક ધર્મ તો આ આત્માનો છે. ગુરુ પાસેથી ગુણ ગ્રહણ કર્યા, અમુક ગુરુ પાસેથી સમ્યક્ત્વ ગ્રહણ કર્યું, અમુક ગુરુ પાસેથી ચારિત્રનું ગ્રહણ કર્યું—એમ કહેવાય છે, પણ તે ગુણોને ગ્રહણ કરવાની તાકાત કોની છે? તે ધર્મ તો જીવનો છે; માટે ગુણગ્રાહીનયમાં પણ નિમિત્તાધીનપણું નથી, તે નય પણ આત્માના ધર્મને દેખે છે.

વળી અહીં 'ગુણગ્રાહી' કહ્યું છે, તેમાં 'ગુણ' એટલે સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્ર વગેરે; ગુરુ પાસેથી આવા ગુણોને ગ્રહણ કરવાની આત્માની તાકાત છે. તો જે ગુરુના નિમિત્તે આવા ગુણોનું ગ્રહણ કરે છે તે ગુરુ પાસે પણ સમ્યક્ત્વાદિ ગુણો હોવા જોઈએ. ગુરુ પાસે ગુણ હોય તો શિષ્ય ગ્રહણ કરે ને? માટે ગુરુ પણ સમ્યગ્દર્શન વગેરે ગુણો સહિત જ્ઞાની જ હોવા જોઈએ. અજ્ઞાની—મિથ્યાદૃષ્ટિ કુગુરુ પાસે તો સમ્યગ્દર્શનાદિ કોઈ પણ ગુણ હોય નહિ એટલે તેની પાસેથી ગુણનું ગ્રહણ ક્યાંથી થાય? અજ્ઞાની પાસેથી પણ કંઈક ગુણગ્રહણ કરવાનું જે માને છે તેણે ખરેખર ગુણને ઓળખ્યા નથી અને આત્માના ગુણગ્રાહીસ્વરૂપને પણ ઓળખ્યું નથી; એવા જીવને ગુણગ્રાહીનય હોતો નથી. જેણે સમ્યગ્દર્શનાદિ કાંઈક ગુણોનું ગ્રહણ કર્યું હોય તે નિમિત્તમાં આરોપ કરીને એમ કહી શકે કે 'અહો! મારા ગુરુ પાસેથી મેં ગુણનું ગ્રહણ કર્યું, મારા ગુરુએ મને સમ્યગ્દર્શન આપ્યું'—અને તેને ગુણગ્રાહીનય હોય. પણ જેણે હજી સાચા ગુરુને જ જાણ્યા નથી, ગુણનું ગ્રહણ કર્યું નથી, તેને તો 'ગુરુએ ગુણ આપ્યા' એમ કહેવાનું ઉપચારથી પણ નથી એટલે તેને ગુણગ્રાહીનય હોતો નથી.

જુઓ, અહીં એમ પણ કહ્યું છે કે શ્રીગુરુ જે કાંઈ સમજાવે તે બધું સમજીને ગ્રહણ કરવાની આત્માની તાકાત છે. 'ઘણી સૂક્ષ્મ વાત હોય તે આત્મા ગ્રહણ ન કરી શકે'—એમ નથી કહ્યું. એટલે ગમે તેવી સૂક્ષ્મ વાત હોય તે સમજવાની આત્માની તાકાત છે,—સમ્યગ્દર્શનથી માંડીને ઠેઠ કેવળજ્ઞાન સુધીના ગુણને ગ્રહણ કરી શકે એવો આત્માનો ધર્મ છે.

વળી આત્મા 'ગુણગ્રાહી' છે એટલે ગુણને ગ્રહણ કરવાનો તેનો સ્વભાવ છે, પણ દોષને કે

પરને ગ્રહણ કરે એવો આત્માનો સ્વભાવ નથી. દોષને કે નિમિત્તને જાણે છે ખરો પણ તેને ગ્રહણ કરતો નથી, સમ્યગ્દર્શનાદિ ગુણને જ ગ્રહણ કરે છે. હવે તે ગુણોનું ગ્રહણ તો સ્વભાવના આશ્રયે જ થાય છે, તેથી આ ગુણીનયમાં પણ શુદ્ધચૈતન્યસ્વભાવના આશ્રયનો જ અભિપ્રાય છે.

નિમિત્ત તરીકે ગુરુ પાસેથી ગુણનું ગ્રહણ કરે છે,—તેમાં પણ એ વાત આવી કે ગુરુ જેવું સમજાવે છે તેવું જ પોતે સમજી જાય છે, જ્ઞાની ગુરુના અભિપ્રાયથી જરાય વિપરીત ગ્રહણ કરતો નથી. ગુરુ કહે કાંઈક અને શિષ્ય ગ્રહણ કરે બીજું—એમ નથી, પણ જેવું ગુરુ કહે તેવું જ શિષ્ય ગ્રહણ કરે એવો તેનો ગુણગ્રાહીધર્મ છે. શ્રી ગુરુ આત્માના શુદ્ધસ્વભાવ ઉપર જોર દેવા માંગે છે ને શિષ્ય પણ એવું જ સમજીને ગુણગ્રહણ કરે છે. શ્રીગુરુ કહે છે કે હે જીવ! તેં તારી ભૂલથી અનંત ભવો કર્યા છે છતાં એક અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન લેવાની તારા આત્માની તાકાત છે,—આવા તારા સ્વભાવનો તું વિશ્વાસ કર તો તેમાં તારું ભવભ્રમણ મટે. ગુરુની આવી શિક્ષા ઝીલીને તે પ્રમાણે કરવાની શિષ્યની તાકાત છે. જેમ શાહી પડી હોય તેને ચૂસી લેવાનો બ્લોટિંગપેપરનો સ્વભાવ છે, અથવા કોરા ઘડા ઉપર પાણીનું ટીપું પડતાં જેમ તે ઘડો પાણીને ચૂસી લ્યે છે, તેમ શ્રીગુરુ જેવું કહે છે તેવું ઝીલીને શિષ્ય ચૂસી લ્યે છે ને પોતામાં ગુણ પ્રગટ કરે છે.—આવો ગુણગ્રાહી આત્મા છે.

પોતાના ગુણમાં જે નિમિત્ત હોય તે ગુરુનું જ્ઞાન કરે, ત્યાં એમ પણ કહેવાય કે આ ગુરુએ મને ચૈતન્યવિદ્યા આપી. ગુરુએ વિદ્યા શીખવી, પણ તે ગ્રહણ કરી કોણે? ગુરુએ જે શીખવ્યું તે ગ્રહણ કરવાનો સ્વભાવ તો આત્માનો છે, કાંઈ ગુરુ પરાણે ગ્રહણ કરાવી દેતા નથી. ગુણને ગ્રહણ કરે એવો ગુણગ્રાહીધર્મ આત્માનો પોતાનો છે. આ રીતે ગુણીનયનું વજન પર નિમિત્ત ઉપર નથી, જેવું નિમિત્ત હોય તેવું જ્ઞાન થાય એમ નથી, ગુણગ્રાહીધર્મનું ધારક અંતરમાં શુદ્ધ સ્વાધીન ચૈતન્ય દ્રવ્ય છે તેને દેખવું તે આ ગુણનયનું તાત્પર્ય છે.

નય છે તે ધર્મને જુએ છે; ધર્મ એકલો રહેતો નથી પણ અનંત ધર્મના પિંડ એવા ધર્મીના આધારે ધર્મ રહે છે, એટલે ધર્મીની (ચૈતન્યદ્રવ્યની) દૃષ્ટિ રાખીને તેના એકેક ધર્મને જાણે છે તે જ સાચો નય છે. ગુણી નયથી એમ કહેવાય કે આત્મા ગુરુ પાસેથી ગુણનું ગ્રહણ કરે એવો ગુણગ્રાહી છે. પરંતુ ત્યાં ધર્મી જાણે છે કે આવો ગુણગ્રાહીધર્મ પણ મારા આત્મ દ્રવ્યનો છે, મારો ધર્મ કાંઈ ગુરુના આધારે નથી; તેથી મારે મારા આત્મા સામે જ જોવાનું છે. આ પ્રમાણે ધર્મી જીવ નયના બધાં પડખાને સ્વ તરફ વાળીને અંતરમાં પોતાના આત્માને શુદ્ધચૈતન્યસ્વરૂપે દેખે છે. શુદ્ધચૈતન્યમાત્ર આત્મા ઉપર દૃષ્ટિ કરે તેને જ આ નયોનું જ્ઞાન સાચું થાય છે.

જેમ ઉષ્ણતા અગ્નિને બતાવે છે કેમકે તે તેનો સ્વભાવ છે; તેમ આ ગુણગ્રાહીધર્મ કઈ વસ્તુને બતાવે છે? એ ધર્મ નિમિત્તને નથી બતાવતો કેમકે તે તે ધર્મ નિમિત્તનો નથી; તે ધર્મ તો ધર્મી એવા આત્મદ્રવ્યને જ બતાવે છે કે 'આ ધર્મ આ આત્માનો છે.' આ રીતે નયનું ધ્યેય પણ શુદ્ધ આત્માને જ લક્ષમાં લેવાનું છે; આ એકેય નયમાં પરાશ્રય કરાવવાનું ધ્યેય નથી.

આત્મા ગુણગ્રાહી છે—એમ કહ્યું તેનો અર્થ એવો નથી કે જ્યાં—ત્યાં પરમાંથી ગુણગ્રહણ કરવા. પરમાં આત્માનો કોઈ ગુણ છે જ નહિ. પરમાંથી મારા ગુણ આવશે—એમ માનીને પર સામે જ જોયા કરે તો તેને કદી સમ્યગ્દર્શનાદિ ગુણ પ્રગટે નહિ. વળી કેટલાક લોકો એમ કહે છે કે 'સામો જીવ ભલે મિથ્યાદૃષ્ટિ કે ગમે તેવો હોય, પણ આપણે કોઈને ખોટા ન કહેવા, આપણે તો બધામાંથી ગુણ ગ્રહણ કરવા.'—તો આનું નામ કાંઈ ગુણગ્રાહીપણું નથી, એ તો ચોકખો વિનયમિથ્યાદૃષ્ટિ છે, સાચા ખોટાનો પણ તેને વિવેક નથી. શ્રી ગુરુએ જે રીતે કહ્યું તે રીતે સમજીને પોતાના સ્વભાવના અવલંબને સમ્યગ્દર્શનાદિ પ્રગટ કરવા તેનું નામ ગુણગ્રાહીપણું છે.

'હે પ્રભો! અમે કાંઈ જાણતા ન હતા, અમે બાળક હતા, આપે સૂક્ષ્મ ચૈતન્યતત્ત્વની કેળવણી આપી—આપીને અમારો ઉદ્ધાર કર્યો, આપે જ અમને આત્મવિદ્યા શીખવી',—આમ ગુણીનયથી શિષ્ય કહે છે, પણ તે ગુણને ગ્રહણ કરવાનો સ્વભાવ તો મારો છે—એમ જો સ્વાશ્રયની દૃષ્ટિ રાખીને કહે તો તેને ગુણીનય સાચો છે. અહીં તો ચારે પડખાથી સ્વાશ્રયનું જ પોષણ છે. અહો! યથાર્થ દૃષ્ટિ રાખીને કોઈપણ પડખેથી જુઓ તો આત્મામાં કેવળજ્ઞાનનો કંદ ઊભો થાય છે. આત્માને જોનારું જે શ્રુતજ્ઞાન છે તે અનંતનયોવાળું છે, તેમાંથી કોઈપણ નય વડે આત્માને જુઓ તો આત્મા અનંતગુણનો પિંડ શુદ્ધચૈતન્યમૂર્તિ જ દેખાય છે.

વિનયી શિષ્ય ગુણીનયથી એમ કહે છે કે હે પ્રભો! અમે ક્યાં ઊભા હતા ને હળવે હળવે ઉપાડીને આપે અમને ઠેઠ ક્યાં લાવી દીધા? અમારું આખું ચક્ર ફેરવી નાંખ્યું! આપ ન મલ્યા હોત તો અમે ધર્મ કેમ પામત? દર્શનસારમાં દેવસેનાચાર્યે પણ કહ્યું છે કે "શ્રી સીમંધરસ્વામી પાસેથી મળેલા દિવ્ય જ્ઞાન વડે શ્રી પદ્મનંદિનાથે અર્થાત્ શ્રી કુંદકુંદાચાર્યદેવે બોધ ન આપ્યો હોત તો મુનિજનો સાચા માર્ગને કેમ જાણત?" આવા ગુણીનય વખતે ધર્મીને અંતરમાં ભાન છે કે ગુણોનું ગ્રહણ કરે એવો ધર્મ તો મારો પોતાનો છે. ધર્મને જોનાર નય તે વર્તમાન જ્ઞાન છે, વર્તમાન દ્વારા ત્રિકાળીસ્વભાવને જોવો, ધર્મ દ્વારા ધર્મીને લક્ષમાં લેવો, તે નયનું ફળ છે. મૂળ ધ્યેય તો અખંડાનંદ ધ્રુવ ચૈતન્યસ્વરૂપ શુદ્ધ આત્મા છે, તેના જ અવલંબને સમ્યગ્દર્શન છે, તેના જ અવલંબને સમ્યગ્જ્ઞાન છે, તેના જ અવલંબને સમ્યક્ચારિત્ર છે, તેના જ અવલંબને પૂર્ણ વીતરાગતા ને કેવળજ્ઞાન છે. ગમે તે નયથી ગમે તે ધર્મનું વર્ણન હોય, પણ આ મૂળ ધ્યેયને લક્ષમાં રાખીને જ બધી વાત છે.

ગુણીનયથી એમ કહ્યું કે ગુરુ પાસેથી ગુણને ગ્રહણ કરે એવો ગુણગ્રાહી—ધર્મ છે,—પણ તે ધર્મ કોનો? ગુરુનો કે આ આત્માનો? તે ધર્મ આ આત્માનો જ છે, એટલે તેમાં પણ આત્મા સામે જ જોવાનું આવ્યું. કથન ભલે નિમિત્તથી હોય, પણ દૃષ્ટિમાં તો શુદ્ધચૈતન્યદ્રવ્યનો જ આશ્રય ધર્મીને હોય છે. ગુણીનયના દૃષ્ટાંતમાં શિક્ષક વડે કુમારને કેળવણી આપવાનું કહ્યું, પણ તે કેળવણી લેનાર તો કુમાર છે ને? કુમારમાં તે ગ્રહણ કરવાની તાકાત છે; તેમ સિદ્ધાંતમાં પણ સમજવું કે—ગુરુ શીખવે છે ને શિષ્ય તે પ્રમાણે ગુણનું ગ્રહણ કરે છે, ત્યાં ગુણનું ગ્રહણ કરવાનો ધર્મ શિષ્યનો છે. શિષ્ય જ પોતાની તાકાતથી ગુરુનો ઉપદેશ ઝીલીને ગુણનું ગ્રહણ કરે છે. કોઈ પણ નયથી

આત્માના ધર્મને જુઓ તો ત્યાં એક ધર્મને જુદો પાડીને જોવાનું ધ્યેય નથી પણ શુદ્ધચૈતન્યસ્વરૂપ નિજ આત્મા દેખાય છે.

સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્રની જેવી કેળવણી શ્રીગુરુ આપે તેવું શીખીને ગ્રહણ કરે એવો આત્માનો એક ધર્મ છે; તે ધર્મ જોનારને પણ ધર્મી એવા આત્મદ્રવ્યની સન્મુખ જોવાનું રહે છે. નિમિત્તનું ભેદ જ્ઞાન કરાવ્યું છે પણ તે ધર્મ તો આત્માનો પોતાનો જ છે.

વિકલ્પ વખતે ગુણીનયથી શિષ્ય એમ કહે છે કે આ ગુરુ પાસેથી ગુણ ગ્રહણ કર્યો. હવે આવા વિકલ્પ વખતે પણ તે વિકલ્પને કે નિમિત્તને ગ્રહણ કરતો નથી, પણ તે વખતેય વિકલ્પ અને નિમિત્ત બંનેના સાક્ષીપણે રહેવાનો ધર્મ જીવમાં છે, તેનું વર્ણન હવે 'અગુણીનય'થી કહે છે.

—૩૬મા ગુણીનયથી આત્માનું વર્ણન અહીં પૂરું થયું.

## એક વાર તો જ્ઞાનસમુદ્રમાં ડૂબકી માર!

પુણ્ય-પાપ તે પરસમય છે, અનાત્મા છે, તેનું જ હોવાપણું જેને ભાસે છે ને તેનાથી ભિન્ન ચૈતન્યનું હોવાપણું નથી ભાસતું તે મિથ્યાદૃષ્ટિ છે. પુણ્ય-પાપ વખતે જ ચૈતન્ય સ્વભાવમાં દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા જેને ભાસે છે તે સમ્યગ્દૃષ્ટિ છે. સમ્યગ્દર્શનના પ્રભાવે પર્યાયે પર્યાયે સ્વભાવમાં એકતા જ થતી જાય છે, માટે આચાર્યભગવાન કહે છે કે હે ભાઈ! એક વાર તું એમ તો માન કે જ્ઞાનસ્વરૂપ જ હું છું, રાગાદિ મારામાં છે જ નહિ. પર્યાયમાં રાગાદિ થાય તે મારા સ્વરૂપમાં નથી, ને મારું જ્ઞાન તે રાગમાં એકમેક થઈ જતું નથી. આમ રાગ અને જ્ઞાનની ભિન્નતાને જાણીને એક વાર તો રાગથી જુદો પડીને આત્માના જ્ઞાનનો અનુભવ કર! તારા જ્ઞાનસમુદ્રમાં એક વાર તો ડૂબકી માર.

# અગુણીનયે આત્માનું વર્ણન
[૩૭]

આત્મદ્રવ્ય અગુણીનયે કેવળ સાક્ષી જ છે,—શિક્ષક વડે જેને કેળવણી આપવામાં આવે છે એવો જે કુમાર તેને જોનાર પુરુષની માફક.

અહીં 'અગુણીનય' કહ્યો તે દોષસૂચક નથી પણ આત્માના સાક્ષીપણાનો સૂચક છે. ગુરુ પાસેથી જ્ઞાન લઉં એવો નિમિત્ત તરફનો વિકલ્પ આવે, પણ તે વિકલ્પ જ કરે એવો આત્માનો સ્વભાવ નથી, વિકલ્પ અને વાણી બંનેના સાક્ષીપણે રહેવાનો આત્માનો ધર્મ છે. ભગવાન કે સંતોની વાણી ઝીલીને આત્મા ગુણ ગ્રહણ કરે છે—એમ કહેનાર ગુણીનય પણ આત્માને જ બતાવે છે; અને આત્મા કોઈ બીજા પાસેથી શીખતો નથી, આત્મા તો સાક્ષીપણે જોનાર જ છે—એમ કહેનાર આ અગુણીનય પણ આત્માને જ બતાવે છે. ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની દિવ્યવાણી છૂટે ને તે ઝીલીને પાત્ર જીવો સમ્યગ્દર્શનાદિ પામી જાય, ગણધરદેવ બાર અંગની રચના કરે, ત્યાં શું આત્માએ પરમાથી ગુણગ્રહણ કર્યા?—ના; તે વખતે પણ સાક્ષી રહેવાનો આત્માનો સ્વભાવ છે. દિવ્યધ્વનિનો પણ સાક્ષી, ગુરુના ઉપદેશનો પણ સાક્ષી, તે વખતે વિકલ્પ વર્તતો હોય તેનો પણ સાક્ષી—આવો આત્માનો ધર્મ છે. ક્યાંય પરમાંથી ગુણ મળશે—એમ ધર્મી માનતો નથી અને પરને માટે તે વિકલ્પ ઉઠાવતો નથી. વિકલ્પ વખતેય પોતાના સાક્ષી સ્વભાવની તેને પ્રતીત છે. સાક્ષીપણું અને ગુણગ્રાહીપણું બંને ધર્મો આત્મામાં એક સાથે છે. સમ્યક્ નયની વિવક્ષાથી જોતાં પરસ્પર વિરુદ્ધ ધર્મીને સાથે રહેવામાં કાંઈ વિરોધ આવતો નથી, પણ યથાર્થ વસ્તુસ્વરૂપ સિદ્ધ પણ મૂંઝવણ થાય છે. નયોની વિવક્ષા તે મૂંઝવણ થવાનું કારણ નથી, મટાડીને જ્ઞાનની સ્પષ્ટતાનું કારણ છે.

❀ અનંત ધર્મો સ્વરૂપ આત્મદ્રવ્ય છે;

❀ અનંત નયો સ્વરૂપ શ્રુતજ્ઞાનપ્રમાણ છે;

❀ તે શ્રુતજ્ઞાનપ્રમાણથી સ્વાનુભવ વડે આત્મદ્રવ્ય પ્રમેય થાય છે.

❀ અનંતધર્મોને જાણનારા અનંતનયો છે.

❀ ચૈતન્યમૂર્તિ આત્મદ્રવ્ય ઓળખાવવા માટે અહીં કેટલાક નયોથી તેના ધર્મોનું વર્ણન કર્યું છે.

❀ તેમાં આ ૩૭મા 'અગુણીનય'થી આત્માના સાક્ષી ધર્મનું વર્ણન ચાલી રહ્યું છે.

જેમ શિક્ષક વડે કુમારને કેળવણી અપાતી હોય અને તે વખતે બીજો માણસ ત્યાં ઊભો ઊભો જોતો હોય, તેમાં કુમાર તો શિક્ષા ગ્રહણ કરનાર છે ને બીજો માણસ તો તેનો સાક્ષી જ છે. કુમારને આવડે તો હોંસ થાય ને ન આવડે તો મૂંઝવણ થાય, પણ જે મધ્યસ્થપણે જોનારો છે તે

તો સાક્ષી જ છે. તેમ ચૈતન્યમૂર્તિ આત્મા સાક્ષીપણે જાણનાર છે. વિકલ્પ ઊઠતાં ગુરુ વગેરે નિમિત્ત ઉપર લક્ષ જાય છે ત્યારે ગુણગ્રાહી કહ્યો,—એવો એક ધર્મ છે, અને વિકલ્પ રહિત માત્ર સાક્ષીપણે રહે—શુદ્ધજ્ઞાન ચેતનાપણે રહે એવો સાક્ષીસ્વભાવ પણ આત્મામાં છે. 'ગુણગ્રાહી'માં જરાક વિકલ્પ છે ને સાક્ષીપણામાં વિકલ્પ નથી. વાણીનો સાક્ષી, વિકલ્પનો સાક્ષી, આખા જગતનો સાક્ષી એવો આત્માનો સ્વભાવ છે.

(૧) અહીં જે સાક્ષીપણું કહ્યું છે તે ગુણગ્રાહીપણાની સામે કહ્યું છે.

(૨) હવે ૩૯માં નયમાં સાક્ષીપણું કહેશે તે રાગના કર્તૃત્વની સામેનું સાક્ષીપણું કહેશે.

(૩) ૪૧મા નયમાં હર્ષ-શોકના ભોકતા સામેનું સાક્ષીપણું કહેશે.

—એ રીતે ત્રણ પ્રકારે આત્માનું સાક્ષીપણું કહેશે.

જુઓ, આત્માનો સાક્ષીસ્વભાવ! નિમિત્તનો સાક્ષી, કર્મના ઉદયનો સાક્ષી, ઘોર ઉપસર્ગ દેહ ઉપર આવી પડે તેનોય સાક્ષી, અલ્પ રાગ કે દ્વેષ થાય તેનો પણ સાક્ષી,—આમ આખા જગતનો સાક્ષીસ્વભાવ છે, જગતમાં કયાંય ઊથલપાથલ કરવાનો સ્વભાવ નથી. રાગની પર્યાયનો ક્રમ ફેરવી નાંખું—એ વાત પણ સાક્ષીપણામાં રહેતી નથી. અહો! આવા સાક્ષીસ્વભાવને સ્વીકારીને, સાક્ષીપણે જેમ છે તેમ જો; કયાંય ફેરફાર થવાનો નથી; ફેરફાર કરવાનો તું અભિપ્રાય કરીશ તો તારું જ્ઞાન મિથ્યા થશે. પરમાં તો તારાથી ફેરફાર ન થાય, પણ તારી પર્યાયમાં ફેરફાર કરીને આઘીપાછી કરવાનું પણ બનતું નથી, કેમકે જે પર્યાય થઈ છે તે ફરે નહિ, અને જે પર્યાય થઈ જ નથી તેમાં પણ ફેરફાર કરવાનું બનતું નથી; એટલે તું સાક્ષીપણે પ્રેક્ષક જ રહી જા. આવું સાક્ષીપણું કહીને અહીં આત્માનો શુદ્ધચેતનાસ્વભાવ બતાવ્યો છે.

અગુણીનયથી આત્માનો એવો સ્વભાવ છે કે બીજા પાસેથી ગુણનું ગ્રહણ ન કરે પણ સાક્ષીપણે જ રહે. ગુણી નયથી ગુણગ્રહણનો વિકલ્પ હોય, પણ તે વિકલ્પ વખતેય આવા સાક્ષી—સ્વભાવનું ધર્મીને ભાન વર્તે છે, એટલે એને વિકલ્પની મુખ્યતા નથી પણ સાક્ષીસ્વભાવની જ મુખ્યતા છે, તેની પર્યાયમાં ક્ષણેક્ષણે સાક્ષીપણાનું પરિણમન વધતું જાય છે ને વિકલ્પ તૂટતો જાય છે. સાધકને 'અગુણીનય' સદાય ન હોય, પણ સાક્ષીપણાનું પરિણમન તો સદાય વર્તી જ રહ્યું છે. 'નય' તો તે તરફનો ઉપયોગ મૂકે ત્યારે જ હોય.

—આ રીતે ૩૭મા અગુણીનયથી આત્માનું વર્ણન પૂરું થયું.

(હવે સાધકને પર્યાયમાં કંઈક રાગાદિ થાય છે તેટલું રાગનું કર્તાપણું છે, અને સ્વભાવની મુખ્યતામાં તે જ વખતે તેનું સાક્ષીપણું છે—એ બંને ધર્મોનું વર્ણન ૩૮–૩૯ નયમાં કહેશે.)

# કર્તૃનયે આત્માનું વર્ણન

## [૩૮]

'આત્મદ્રવ્ય કર્તૃનયે, રંગરેજની માફક રાગાદિ પરિણામનું કરનાર છે. જેમ રંગારો રંગ કામનો કરનાર છે તેમ કર્તૃનયે આત્મા રાગાદિ પરિણામનો કર્તા છે.

'હું અનંત ગુણનો પિંડ શુદ્ધ ચિદાનંદ સ્વભાવ છું, મારા શુદ્ધ ચૈતન્યદ્રવ્યમાં રાગનો અંશ પણ નથી એટલે રાગનું કર્તાપણું મારા સ્વરૂપમાં નથી'—આવી અંતર-સ્વભાવની દૃષ્ટિપૂર્વક, પર્યાયમાં જે અલ્પરાગ થાય છે તેને સાધકજીવ પોતાનું પરિણમન જાણે છે, તેને કર્તૃનય હોય છે, રાગરહિત ચિદાનંદસ્વભાવની દૃષ્ટિ છોડીને એકલા રાગના જ કર્તાપણામાં રોકાય તેને આ કર્તૃનય હોતો નથી. પરનો કર્તા થાય એવો તો કોઈ ધર્મ આત્મામાં ત્રણકાળમાં નથી, તેમ જ પરવસ્તુ જીવને રાગાદિપણે પરિણમાવે—એવો ધર્મ પણ આત્મામાં કે પરચીજમાં નથી.

અહીં તો એ વાત છે કે જીવની પર્યાયમાં જે રાગ થાય છે તેનો કર્તા કોણ? તે જીવદ્રવ્યનું પરિણમન છે માટે જીવ તેનો કર્તા છે એમ કર્તૃનયે જાણવું જોઈએ. કર્મના ઉદયથી જીવને વિકાર થાય—એમ શાસ્ત્રમાં નિમિત્તથી કથન ભલે હોય,—પણ ત્યાં વિકાર થવાનો ધર્મ કોનામાં છે?—વિકારપણે કોણ પરિણમે છે? આત્મા પોતે પર્યાયમાં વિકારપણે પરિણમે છે તેથી આત્માનો જ તે ધર્મ છે, તેનો કર્તા આત્મા છે, પણ કર્મ તેનો કર્તા નથી. આ સાધકના નયની વાત છે. સિદ્ધભગવાનને રાગ પણ નથી ને નય પણ નથી. જેને હજી પર્યાયમાં રાગ થાય છે એવો સાધકજીવ કર્તૃનયથી એમ જાણે છે કે આ રાગ છે તેનો હું કર્તા છું, બીજું કોઈ તેનું કર્તા કે કરાવનાર નથી; તેમ જ મારા ત્રિકાળી ચૈતન્યસ્વભાવમાં આ રાગનું કર્તાપણું નથી.—આમ જાણવું તે અનેકાન્ત છે.

સમયસારના પરિશિષ્ટમાં જે ૪૭ શક્તિઓનું વર્ણન કર્યું છે તે તો ત્રિકાળી સ્વભાવરૂપ ધર્મો છે; ત્યાં પણ ૪૨મી શક્તિમાં 'કર્તૃત્વશક્તિ'નું વર્ણન કર્યું છે, તે કર્તૃત્વશક્તિ તો બધા જીવોમાં છે, સિદ્ધમાંય તે કર્તૃત્વ છે. અને અહીં કર્તૃનયથી જે કર્તાપણાનું વર્ણન કર્યું છે તેમાં તો રાગના કર્તાપણાની વાત છે, તે ત્રિકાળી સ્વભાવરૂપ ધર્મ નથી પણ એક ક્ષણ પૂરતી પર્યાયનો ધર્મ છે; તે પર્યાય આત્માની છે તેથી તેને આત્માનો ધર્મ કહેવાય છે.

**પ્રશ્ન :**—રાગને કરવો તે તો દોષ છે, છતાં અહીં તેને આત્માનો ધર્મ કેમ કહ્યો?

**ઉત્તર :**—તે આત્માના ત્રિકાળી સ્વભાવરૂપ ધર્મ નથી, તેમજ તે મોક્ષમાર્ગરૂપ ધર્મ પણ નથી, પરંતુ રાગ આત્માની પર્યાયમાં થાય છે, રાગને જ્યાં સુધી પોતાની પર્યાયમાં ધારી રાખે છે ત્યાં સુધી તે આત્માનો પોતાનો ધર્મ છે ને તેનો કર્તા આત્મા છે. પોતાની પર્યાયમાં થાય છે માટે તેને પોતાનો ધર્મ કહ્યો છે, તે ત્રિકાળી નથી પણ ક્ષણિક પર્યાય પૂરતો છે. કર્તૃનયથી આ રાગના

કર્તાપણાને જાણનાર ખરેખર તો તેનો સાક્ષી રહે છે, કેમકે રાગના ક્ષણિક કર્તાપણા વખતે જ બીજા અનંતધર્મોનો શુદ્ધ ચૈતન્યપિંડ આત્મા છે તેની દૃષ્ટિમાં રાગની મુખ્યતા રહેતી નથી.

શુભ કે અશુભભાવ તેના કાળે થાય છે, તેનો કાળ ફરે નહિ—એમ જાણીને તેનો જ્ઞાતા રહી ગયો એટલે કે તે રાગમાં જ ન અટકતાં શુદ્ધચૈતન્યસ્વભાવ તરફ વળી ગયો ત્યાં તે રાગાદિ ઘટતા જાય છે. જો શુભ–અશુભને ફેરવવાની બુદ્ધિ કરે તો મિથ્યાત્વ થાય છે. પણ શુદ્ધ ચૈતન્યસ્વભાવ ઉપર દૃષ્ટિ રાખીને તેનો સાક્ષી રહ્યો ત્યાં તે રાગ તૂટતો જ જાય છે. રાગ થાય છે તેટલી પોતાની પર્યાયની લાયકાત છે તેથી તે પણ પોતાનો ધર્મ છે, ને તેના જ્ઞાતાપણે રહેવું તે પણ પોતાનો ધર્મ છે. અહીં પ્રમાણના વિષયરૂપ સામાન્ય–વિશેષાત્મક દ્રવ્ય બતાવ્યું છે; પણ તે બંને પડખાંને જાણતાં જ્ઞાનનું વલણ ત્રિકાળી શુદ્ધદ્રવ્ય તરફ જ વળે છે, ને પર્યાયમાંથી રાગનું કર્તાપણું ટળે છે.

રાગનો કર્તા તે વ્યવહાર છે ને રાગનો અકર્તા એટલે કે સાક્ષી તે નિશ્ચય છે.

**પ્રશ્ન :—**પહેલો વ્યવહાર કે પહેલો નિશ્ચય?

**ઉત્તર :—**સાધકને બંને એક સાથે છે; પણ તેમાં મુખ્યતા નિશ્ચયની છે, ને વ્યવહારની ગૌણતા છે. સ્વભાવદૃષ્ટિને લીધે સાધકને પર્યાયમાં રાગનું કર્તાપણું ટળતું જાય છે, ને સાક્ષીપણું વધતું જાય છે—એમ જાણવું.

આત્મામાં અનંત ધર્મો છે તેમાં એક કર્તા નામનો ધર્મ છે, તેથી આત્મા રાગાદિના કર્તાપણે પરિણમે છે, પણ કોઈ પર તેને રાગ કરાવે છે—એમ નથી. કર્મ આત્માને વિકાર કરાવે છે એવી જેની માન્યતા છે તેણે કર્તૃત્વધર્મને જાણ્યો નથી એટલે કર્તૃત્વધર્મવાળા આત્માને જ જાણ્યો નથી.

**પ્રશ્ન :—**રાગાદિનો કર્તા થવાનો આત્માનો ધર્મ હોય તો તે કેમ ટળે? આત્મા સદાય રાગાદિને કર્યા જ કરશે?

**ઉત્તર :—**ના; એમ નથી. આ ધર્મ અનાદિ અનંત નથી પણ સાધકદશા પૂરતો જ આ ધર્મ છે. વળી આવો ધર્મ છે એમ જાણે તો આત્મદ્રવ્યને પણ જાણે ને રાગાદિનો સાક્ષી થઈ જાય. રાગાદિપણે આત્મા થાય છે—એમ આત્માના ધર્મ વડે જેણે આત્માને જાણ્યો તેની દૃષ્ટિ એક ગુણ ઉપર ન રહેતાં, અનંત ગુણના પિંડ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય ઉપર જાય છે ને તે રાગનો પણ સાક્ષી થઈ જાય છે. રાગના કર્તાપણારૂપ ક્ષણિક ધર્મને જે જાણે તે ત્રિકાળી ધર્મીને પણ જાણે, ને ત્રિકાળી દ્રવ્યમાં તો રાગનું અકર્તાપણું છે, તેની મુખ્યતામાં રાગનું કર્તાપણું અલ્પકાળમાં પર્યાયમાંથી પણ ટળી જાય છે. પર્યાયમાં રાગ હોય ત્યાં સુધીનો જ આ ધર્મ છે—એમ સમજવું. ત્યાર પાછી કર્તૃનય પણ નથી રહેતો ને રાગનું કર્તૃત્વ પણ નથી રહેતું.

જેમ રંગારો રંગ કામનો કરનાર છે તેમ આત્મા પોતે પર્યાયમાં જ્યાં સુધી રાગથી રંગાય છે ત્યાં સુધી તે રાગનો કર્તા છે એવો તેનો કર્તૃધર્મ છે—પણ આ ધર્મ માનનારની દૃષ્ટિ ક્યાં

હોય? અનંતધર્મવાળા શુદ્ધ ચૈતન્યદ્રવ્ય ઉપર તેની દૃષ્ટિ હોય છે.

"સિદ્ધ ભગવાનને કર્મ નથી માટે તેમને વિકાર થતો નથી, અને સંસારીને કર્મનો ઉદય છે માટે તેને વિકાર થાય છે, એટલે કર્મના ઉદય પ્રમાણે વિકાર થાય છે"—એમ કોઈ માને તો તે વાત તદ્દન ખોટી છે. જો ઉદય પ્રમાણે જ વિકાર થાય તો તીવ્રમાંથી મંદ મિથ્યાત્વ કરવાનું પણ જીવના હાથમાં રહેતું નથી, અશુભ પલટીને શુભ કરવાનું પણ જીવના હાથમાં રહેતું નથી, અરે! અનાદિ નિગોદમાંથી નીકળીને ત્રસપર્યાય પામવાનું પણ રહેતું નથી; કેમકે નિગોદના જીવને તો સદાય સ્થાવરનામકર્મનો ઉદય વર્તે છે એટલે તે નિગોદમાંથી નીકળીને ત્રસ કદી થઈ જ ન શકે! માટે ઉદય પ્રમાણે જીવને વિકાર થાય—એ માન્યતા તો મહા વિપરીત છે, 'મારે તીવ્ર મિથ્યાત્વનો ઉદય આવે તો તેવું તીવ્ર મિથ્યાત્વ કરવું જ પડે' એવું મિથ્યાત્વનું જોર તેના અભિપ્રાયમાં પડ્યું છે. અહીં ભગવાન અમૃતચંદ્રાચાર્યદેવ સ્પષ્ટ ખુલાસો કરે છે કે કર્મના ઉદય પ્રમાણે વિકાર થતો નથી પણ જીવના કર્તૃધર્મ પ્રમાણે વિકાર થાય છે, એટલે કે જીવ પોતે પોતાના રાગપરિણામને કરનાર છે. કર્મ વિકાર કરાવે એ વાત તો છે જ નહિ, અને 'હું રાગનો કર્તા છું' એમ એકલા રાગની સામે જોઈને માનવાની પણ આ વાત નથી; અહીં તો, સાધકજીવે અનંતધર્મવાળા શુદ્ધ ચૈતન્યદ્રવ્યને જાણ્યું છે અને તે દ્રવ્યની દૃષ્ટિપૂર્વક પર્યાયના રાગનું જ્ઞાન કરે છે તેની આ વાત છે. શુદ્ધચૈતન્યદ્રવ્ય ઉપર જ તેની દૃષ્ટિનું જોર હોવાથી તેને અલ્પકાળમાં વિકારનું પરિણમન ટળી જશે ને દિવ્ય મહિમાવાળું કેવળજ્ઞાન પ્રગટી જશે.

યથાર્થનયથી ધર્મને જોતાં તેના આધારરૂપ ધર્મી પણ દૃષ્ટિમાં આવે છે, એટલે સ્વભાવ તરફ વલણ થઈને અલ્પકાળમાં મુક્તિ થયા વિના રહેતી નથી; આ રીતે સમ્યક્ નયોનું ફળ મોક્ષ છે.

'કર્તૃનયથી આત્મા વિકારનો કર્તા છે'—એમ કહ્યું, તો પણ એકલા વિકાર સામે જોઈને આ ધર્મ મનાતો નથી, પણ આત્મદ્રવ્યની સામે જોઈને આ ધર્મ જણાય છે; કેમકે આ ધર્મ આત્માથી બહારમાં નથી એટલે આ ધર્મ માનનારને બહારમાં જોવાનું રહેતું નથી. વિકારનું પરિણમન પરને લીધે થતું નથી પણ આત્મદ્રવ્યનો તેવો કર્તૃધર્મ છે—એમ નયજ્ઞાનથી જોતાં જ્ઞાન આત્માસન્મુખ થાય છે, ને ત્યાં રાગના કર્તાપણાની મુખ્યતા નથી રહેતી પણ આખા દ્રવ્યની મુખ્યતા થઈ જાય છે. આ રીતે શુદ્ધસ્વભાવની સામે દૃષ્ટિ રાખીને પર્યાયમાં રાગના કર્તાપણાનું જ્ઞાન કરે તેને જ 'કર્તૃનય' હોય છે, બીજાને 'કર્તૃનય' હોતો નથી. 'નય' તે સમ્યગ્જ્ઞાનરૂપી સૂર્યનું કિરણ છે, અજ્ઞાનીને નય હોતા નથી.

કર્તૃનયે પણ આત્મા શરીર વગેરે પરનો કર્તા છે જ નહિ, માત્ર પોતાની પર્યાયમાં રાગાદિનો કર્તા છે; અને તે કર્તાપણું પણ ત્રિકાળી સ્વભાવ નથી; રાગપણે જ્યાં સુધી પરિણમે છે ત્યાં સુધી જ તેનામાં કર્તાપણું છે, અને તે વખતે ય સ્વભાવ દૃષ્ટિમાં તો શુદ્ધચેતનાનું જ કર્તાપણું વર્તે છે. કર્તૃનયથી આત્માને જુએ તેને પણ એમ નથી થતું કે મારો આત્મા સદાય રાગાદિનો કર્તા જ રહેશે! કર્તૃનયવાળાને પણ ક્ષણે ક્ષણે પર્યાયમાંથી રાગનું કર્તાપણું ઘટતું જાય છે ને સાક્ષીપણું વધતું જાય છે. અત્યારે રાગને કરે છે એવો મારા આત્માનો એક ધર્મ છે—એમ કર્તૃનયથી જોનાર પણ

તે ધર્મ દ્વારા ધર્મી એવી શુદ્ધ ચૈતન્યવસ્તુને અંતરમાં દેખે છે, એટલે કર્તૃનયનું ફળ રાગનો કર્તા રહેવું તે નથી પણ શુદ્ધચૈતન્યદ્રવ્યના અવલંબને રાગ ટળી જાય તે કર્તૃનયનું ફળ છે.

**પ્રશ્ન :**—સમયસારમાં તો એમ કહ્યું છે કે આત્મા જ્ઞાયકસ્વભાવ છે, તે રાગનો કર્તા નથી, રાગનો કર્તા તો પુદ્ગલ છે, અને અહીં એમ કહ્યું છે કે રાગનું કર્તાપણું તે આત્માનો ધર્મ છે.—તો આ બે કથનનો મેળ કઈ રીતે છે?

**ઉત્તર :**—સમયસારમાં દ્રવ્યદૃષ્ટિની પ્રધાનતાથી રાગને પુદ્ગલનું કાર્ય કહ્યું, અને અહીં પ્રમાણના વિષયમાં પર્યાયનું જ્ઞાન કરાવવા તેને આત્માનું કાર્ય કહ્યું, છતાં તેમાં પરસ્પર વિપરીતતા નથી, બંનેનું તાત્પર્ય એક જ છે. 'રાગનો કર્તા આત્મા નથી' એમ કહીને સમયસારમાં શુદ્ધદ્રવ્યદૃષ્ટિ કરાવવાનું તાત્પર્ય છે; અને અહીં પણ, 'કર્તૃનયથી રાગનો કર્તા આત્મા છે'—એમ કહીને તે ધર્મ દ્વારા પણ ધર્મી એવા શુદ્ધ ચૈતન્યદ્રવ્યનું જ લક્ષ કરાવવાનું તાત્પર્ય છે. શાસ્ત્રોની કથનશૈલીમાં ફેર ભલે હોય, પણ તેના ફળમાં ફેર નથી; ફળ તો એ જ છે કે અંતરમાં શુદ્ધચૈતન્યસ્વરૂપ આત્માની પ્રાપ્તિ થાય. અહીં કર્તૃનયથી આત્માને રાગનો કર્તા કહ્યો તેમાં પણ રાગના કર્તાપણામાં અટકાવી દેવાનો આશય નથી, પણ તે ધર્મનું ધારક એવું ત્રિકાળી આત્મદ્રવ્ય ઓળખાવીને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કરાવવાનું જ પ્રયોજન છે.

'કર્તૃનયે રાગાદિનું કરનાર છે.'

—કોણ?

—આત્મદ્રવ્ય.

—માટે કર્તૃનયથી જોનારની દૃષ્ટિ કોના તરફ ગઈ?

—અનંતધર્મોવાળા આત્મદ્રવ્ય તરફ તેની દૃષ્ટિ ગઈ.

—એ વાત તો પહેલેથી જ ખાસ ભારપૂર્વક કહેતા આવ્યા છીએ કે અનંત ધર્મના પિંડ એવા શુદ્ધચૈતન્યસ્વરૂપ આત્માને દેખવો તે જ આ બધાય નયોનું પરમાર્થ તાત્પર્ય છે. જ્યાં શુદ્ધ આત્મદ્રવ્યને દૃષ્ટિમાં લીધું ત્યાં રાગનું કર્તાપણું લંબાઈ—એમ બને જ નહિ, અલ્પકાળમાં જ રાગનું પરિણમન છૂટી જાય.

કર્તૃનયથી આત્માને રાગનો કર્તા માન્યો માટે હવે તે આત્મા અનાદિ અનંત રાગનો કર્તા જ રહેશે—એમ નથી; કેમકે આ ધર્મને જોનાર પણ એકલા ધર્મને જ નથી ભાળતો પરંતુ ધર્મી એવા શુદ્ધ આત્માને ભાળે છે, ને શુદ્ધ આત્માને જોનારો રાગમાં અટકી જતો નથી એટલે કે 'રાગપણે જ હું રહીશ' એમ તે પ્રતીત કરતો નથી, તેને તો એમ નિઃશંકતા છે કે હું મારા શુદ્ધ ચૈતન્યસ્વભાવપણે પરિણમીને અલ્પકાળમાં જ આ રાગનો અભાવ કરી નાંખીશ. અત્યારે રાગપણે જેટલું પરિણમન છે તેટલો મારો ધર્મ છે (—રાગથી જીવને ધર્મ થાય છે એમ અહીં ન સમજવું, પરંતુ રાગ તે જીવનો ભાવ છે, રાગરૂપે આત્મા પોતે પરિણમ્યો છે માટે તેને આત્માનો ધર્મ કહ્યો

છે—) એમ ધર્મી જાણે છે, પરંતુ હું સદાય રાગરૂપે જ પરિણમ્યા કરીશ—એમ ધર્મી જોતો નથી, તે અંતરમાં નિજાત્મદ્રવ્યને શુદ્ધચૈતન્યમાત્ર દેખે છે, તેની પાસે તેને રાગની અત્યંત તુચ્છતા ભાસે છે તેથી તેને રાગ ટળી જ જાય છે.

'આત્માને રાગનું કર્તાપણું સ્વીકારતાં તો તે કર્તાપણું અનાદિ અનંત રહી જશે!—માટે કર્મને જ રાગનો કર્તા કહો'—એમ કોઈને થાય તો તે ખોટું છે, કર્તૃનયના અભિપ્રાયને તે સમજ્યો જ નથી, હે ભાઈ! કર્તૃધર્મ કોનો છે?—આત્મદ્રવ્યનો છે;—તે આત્મદ્રવ્ય કેવું છે? અનંતધર્મના પિંડરૂપ શુદ્ધચૈતન્યમાત્ર છે. આવા આત્મદ્રવ્યની દૃષ્ટિપૂર્વક કર્તૃનયથી રાગનું કર્તાપણું જેણે જાણ્યું તેને રાગ લંબાતો નથી, પણ સ્વભાવદૃષ્ટિના જોરે રાગ તૂટતો જ જાય છે.

હવે કોઈ એમ કહે કે, 'કર્મ આત્માને વિકાર ન કરાવે પણ કર્તૃનયે આત્મા વિકાર કરે—એમ અમે માની લીધું!'—તો તેને પૂછીએ છીએ કે હે ભાઈ! તારી દૃષ્ટિ ક્યાં ઊભી છે? કોની સામે મીટ માંડીને તું આત્માના કર્તૃધર્મને કબુલે છે? તારી મીટ વિકાર ઉપર છે? કે આત્મદ્રવ્ય ઉપર? વિકાર ઉપર મીટ માંડીને આત્માના ધર્મનું યથાર્થ જ્ઞાન થતું નથી, આત્મદ્રવ્યની સામે મીટ માંડીને જ તેના ધર્મનું યથાર્થજ્ઞાન થાય છે. માટે કર્તૃનયથી રાગનું કર્તાપણું જાણનારની દૃષ્ટિ પણ શુદ્ધ આત્મદ્રવ્ય ઉપર જ હોય છે, ને શુદ્ધઆત્મા ઉપર દૃષ્ટિ હોય તેને વિકારનું કર્તૃત્વ ટળીને અલ્પકાળમાં વીતરાગતા થયા વિના રહે જ નહિ. આ રીતે, અનંતધર્મના પિંડરૂપ શુદ્ધ આત્મદ્રવ્યને દૃષ્ટિમાં રાખીને સમજે તો જ બધા કથનનું યથાર્થ તાત્પર્ય સમજાય છે.

—૩૮મા કર્તૃનયથી આત્માનું વર્ણન અહીં પૂરું થયું.

પોતાનું અપૂર્વ કલ્યાણ કરવા માટે આત્માની આ વાત સમજવા જેવી છે. જેમ લૌકિક કથા--વાર્તા હોય તો તે સમજવું સહેલું લાગે છે,--તેમ આ પણ ચૈતન્ય ભગવાન આત્માની વાર્તા જ છે; માટે આ સમજવામાં હોંશ અને ઉત્સાહ આવવો જોઈએ; આત્માની સાચી સમજણ પૂર્વે અનંતકાળમાં કરી નથી તેથી શરૂઆતમાં નવું લાગે પણ રુચિ અને ઉલ્લાસથી સમજવા માંગે તો બધું સમજાય તેમ છે. મારે હવે તો મારા આત્માનું હિત કરવું છે એમ જેને અંતરમાં દરકાર જાગે તેની બુદ્ધિ આત્માની સમજણ તરફ વળ્યા વિના રહે નહિ.

# અકર્તૃનયે આત્માનું વર્ણન

## [૩૯]

આત્મદ્રવ્ય અકર્તૃનયે કેવળ સાક્ષી જ છે; જેમ રંગારો પોતાના રંગકામમાં પ્રવૃત્ત હોય તેને બીજો પુરુષ જોતો હોય, ત્યાં તે જોનાર પુરુષ રંગકામ જેવું થાય છે તેને જાણે છે પણ તેનો તે કર્તા નથી; તે તો તેનો સાક્ષી જ છે, તેમ અકર્તૃનયથી આત્મા રાગાદિનો કર્તા નથી પણ સાક્ષી જ છે.

અહીં પરની વાત નથી, પરનો તો આત્મા અકર્તા છે જ; ને પોતાની પર્યાયમાં રાગ થાય છે તેનો પણ અકર્તા—સાક્ષી જ છે એવો આત્માનો સ્વભાવ છે. રાગ વખતેય રાગના અકર્તારૂપ સ્વભાવ આત્મામાં રહેલો છે. પૂર્વે રાગના કર્તારૂપધર્મ કહ્યો અને અહીં રાગના અકર્તારૂપ ધર્મ કહ્યો, તે બન્ને ધર્મો જુદા જુદા આત્માના નથી, એક આત્મામાં તે બંને ધર્મો એક સાથે વર્તે છે. જે વખતે પર્યાયમાં રાગ છે તે જ વખતે દ્રવ્યસ્વભાવની દૃષ્ટિથી જુઓ તો જ્ઞાયકસ્વભાવરૂપ આત્મા રાગાદિરૂપે પરિણમ્યો જ નથી.

આ આત્માના ધર્મોનું વર્ણન ચાલે છે. આત્મા અનંતધર્મના સ્વભાવવાળો શુદ્ધચૈતન્યસ્વરૂપ છે, તેની દૃષ્ટિપૂર્વક આ ધર્મનું જ્ઞાન કરવું તે નય છે.

સમયસારમાં એમ કહ્યું કે અજ્ઞાનદશામાં મિથ્યાદૃષ્ટિ જીવ રાગનો કર્તા થાય છે. ને ભેદજ્ઞાન થતાં સમ્યગ્દૃષ્ટિ જીવ રાગાદિનો અકર્તા છે.—અહીં એ શૈલી નથી. અહીં તો એમ કહે છે કે સમ્યગ્દૃષ્ટિ જીવ પણ પર્યાયમાં જે રાગ થાય છે તેનો કર્તા અને તે જ વખતે તેનો અકર્તા પણ છે—એવા બંને ધર્મો તેનામાં એક સાથે છે.

જે વખતે કર્તૃનયથી જ્ઞાની પર્યાયના રાગનું કર્તાપણું જાણે છે તે વખતે પણ તેની દૃષ્ટિમાં આત્માનો શુદ્ધચૈતન્ય સ્વભાવ આવ્યો છે એટલે રાગનું અકર્તાપણું પણ તેને વર્તે છે. વિકાર તે મારો અંશ છે, અને તે અંશ છે પણ આખો અંશી નથી, આખો અંશી તો અનંત ધર્મોનો ચૈતન્યપિંડ છે—આમ જાણ્યું—તે શુદ્ધચૈતન્યસ્વભાવની પ્રધાનતામાં રાગનો સાક્ષી જ રહે છે, તેને અકર્તૃનય હોય છે. બધા ધર્મના આધારરૂપ એવા નિજ આત્મદ્રવ્ય ઉપર દૃષ્ટિ રાખીને ધર્મી જીવ તેના ધર્મોને જાણે છે, અકર્તૃનયથી આત્માને રાગનો અકર્તા સાક્ષીસ્વરૂપ પણ જાણે છે ને કર્તૃનયથી રાગપરિણામનો કર્તા પણ જાણે છે.—પરંતુ દૃષ્ટિમાં તો શુદ્ધચૈતન્ય દ્રવ્યની જ પ્રધાનતા હોવાથી પર્યાયમાંથી રાગનું કર્તાપણું છૂટતું જાય છે, ને સાક્ષીપણું વધતું જાય છે.

રંગકામ કરનારને સારું કામ થાય તો રાગ ને ખરાબ કામ થાય તો દ્વેષ થાય છે, પણ

મધ્યસ્થપણે જે જોનાર છે તેને કાંઈ થતું નથી; તે તો માત્ર સાક્ષીપણે જુએ જ છે; તેમ આત્મામાં એક એવો અકર્તાસ્વભાવ છે કે રાગનો તે કર્તા થતો નથી પણ કેવળ સાક્ષી જ રહે છે, જે વખતે જેવો રાગ હોય તે વખતે તેનું તેવું જ્ઞાન કરે છે, પણ આ વખતે આવો જ રાગ લાવું—એવો અભિપ્રાય કરતો નથી એટલે સાક્ષી જ રહે છે. કર્તૃનયથી રાગનો કર્તા, અને તે જ વખતે અકર્તૃનયથી તેનો સાક્ષી—આમ બંને ધર્મોને એક સાથે ધારણ કરનાર આત્મા અનેકાન્તસ્વભાવી છે. આવા ધર્મોથી આત્માને જાણતાં વીતરાગીદૃષ્ટિ થવાનો પ્રસંગ આવે છે. પણ એકલા રાગના કર્તાપણામાં અટકવાનો પ્રસંગ રહેતો નથી.

એક આત્મામાં એક સાથે અનંતધર્મો રહેલા છે. જે ક્ષણે પર્યાયમાં રાગપણે પરિણમે છે તે જ ક્ષણે દ્રવ્યસ્વભાવે રાગપણે પરિણમતો નથી. રાગપણે આત્મા પરિણમતો જ નથી—એમ સર્વથા એકાંતશુદ્ધ માને તો અજ્ઞાની છે. અને સર્વથા રાગપણે પરિણમનારો જ માને પણ રાગના અકર્તાપણે રહેવાનો સાક્ષીસ્વભાવ છે તેને ન જાણે તો તે પણ અજ્ઞાની છે. ધર્મી સાધક જાણે છે કે પર્યાયમાં રાગનું પરિણમન છે અને તે જ ક્ષણે સ્વભાવદૃષ્ટિથી હું રાગપણે નથી પરિણમતો, એટલે તે ક્ષણે પણ વીતરાગીસાધકદશાનું પરિણમન વધતું જાય છે, જે ક્ષણે રાગપરિણામનું કર્તાપણું જાણે છે તે જ ક્ષણે સ્વભાવના આધારે રાગના અકર્તારૂપ વીતરાગી સાક્ષીપણું પણ વધતું જ જાય છે; જો રાગના કર્તાપણા વખતે જ રાગના અકર્તારૂપ વીતરાગતાનું પરિણમન ન વર્તતું હોય તો સાધકપણું જ રહે નહિ.

**પ્રશ્ન :—**સાડત્રીસમા નયથી પણ સાક્ષીધર્મ કહ્યો અને આ ઓગણચાલીસમા નયથી પણ સાક્ષીધર્મ કહ્યો, તો તેમાં શું ફેર છે?

**ઉત્તર :—**સાડત્રીસમા નયમાં ગુણગ્રાહીપણાનો જે વિકલ્પ છે તેની સામે સાક્ષીપણું કહ્યું છે, અહીં ઓગણચાલીસમા નયમાં રાગના કર્તાપણાની સામે સાક્ષીપણું કહ્યું છે, અને હજી એકતાલીસમા નયમાં પણ સાક્ષીપણું કહેશે, ત્યાં હર્ષ—શોકના ભોક્તાપણાની સામે સાક્ષીપણું કહ્યું છે. એ રીતે નય ૩૭—૩૯ ને ૪૧માં કહેલા ત્રણે સાક્ષીધર્મોમાં વિવક્ષા ભેદ છે, પણ તાત્પર્ય તો ત્રણેનું એક જ છે.

(૧) ગુણગ્રાહીપણાના વિકલ્પ વખતેય શુદ્ધસ્વભાવની દૃષ્ટિથી સાધક જીવને સાક્ષીપણું વધતું જાય છે, એટલે વિકલ્પની મુખ્યતા થતી નથી.

(૨) એ જ પ્રમાણે રાગનું કર્તાપણું જાણતી વખતેય શુદ્ધસ્વભાવની દૃષ્ટિને લીધે સાધકજીવને સાક્ષીપણાનું પરિણમન વધતું જાય છે, એટલે રાગની મુખ્યતા નથી.

(૩) ચાલીસમા નયમાં હર્ષ—શોકનું ભોક્તાપણું કહેશે, તેને જાણતી વખતે ય સાધકને સ્વભાવદૃષ્ટિને લીધે સાક્ષીપણાનું પરિણમન વધતું જાય છે, એટલે તેને હર્ષ—શોકના ભોક્તાપણાની મુખ્યતા થતી નથી.

નયમાં મુખ્ય—ગૌણ થાય છે, પણ પરિણમનમાં મુખ્યતા ગૌણતા નથી; એટલે કે કર્તાનય

અને અકર્તાનય—એવા બે નયો એક સાથે ન હોય, પણ તે બંને નયોના વિષયરૂપ ધર્મો એક સાથે વર્તે છે. સાધક જ્યારે કર્તૃનયથી રાગના કર્તાપણાને જુએ છે ત્યારે પણ અકર્તા—સાક્ષીભાવરૂપ વીતરાગી અંશનું પરિણમન તો વર્તી જ રહ્યું છે; અકર્તાનય ભલે તે વખતે ન હોય પણ સાક્ષીધર્મ તો છે જ. સમ્યગ્દષ્ટિને શુભાશુભ રાગ વખતે ય તેના અકર્તાપણાનું પરિણમન થઈ જ રહ્યું છે, આવું પરિણમન ક્યારે થાય? ત્રિકાળી જ્ઞાયકસ્વભાવીદ્રવ્ય રાગનું અકર્તા ને પર્યાયમાં ક્ષણિક રાગનું કર્તાપણું—એ બંનેનું યથાર્થ જ્ઞાન કરીને, પર્યાય જ્ઞાયકસ્વભાવસન્મુખ થઈ ત્યાં તેના આશ્રયે અકર્તાપણે પરિણમન શરૂ થયું, ને રાગનું કર્તાપણું છૂટવા માંડ્યું. દૃષ્ટિમાંથી તો રાગનું કર્તાપણું સર્વથા છૂટી ગયું છે, પણ પરિણમનમાં રાગનું કર્તાપણું ક્રમેક્રમે છૂટે છે, ત્યાં સાધકને નયો હોય છે. પણ સર્વથા રાગના કર્તાપણામાં જ રહે ને અકર્તાપણું—સાક્ષીપણું જરાય ન રાખે—તો તે જીવ એકાંતદૃષ્ટિવાળો મિથ્યાદૃષ્ટિ છે, તેને એકેય નય સાચો હોતો નથી. 'કર્તૃનયે રાગનો કર્તા છે' એવો નય પણ તેને સાચો નથી, કેમકે એક નય વખતે બીજા નયની વિવક્ષાનું જ્ઞાન પણ સાથે હોય—તો જ તે નય સમ્યક્ છે.

આત્મા રાગરૂપે પરિણમે છે તે જુદો ધર્મ છે ને આત્મા રાગરૂપે નથી પરિણમતો એવો બીજો ધર્મ છે; તેમાંથી રાગને લીધે નહિ, પણ રાગના અકર્તા ધર્મને લીધે આત્મા નિશ્ચયરત્નત્રય રૂપે પરિણમે છે, એટલે વ્યવહારરત્નત્રયના રાગવડે નિશ્ચયરત્નત્રય પમાય એ વાત રહેતી નથી; કેમકે વ્યવહારરત્નત્રયનો રાગ તે તો કર્તા ધર્મમાં જાય છે ને નિશ્ચયરત્નત્રય તો રાગના અકર્તાધર્મરૂપ છે, માટે તે બન્ને જુદા છે. આત્માના અનંતધર્મો છે તે પરને લીધે તો નથી અને પોતામાંય એક ધર્મને લીધે બીજો ધર્મ નથી.

કર્તૃનયથી આત્માને રાગનો કર્તા કહ્યો હતો, ત્યાં જેટલો રાગ છે તેટલું બાધકપણું છે પણ સાથે ને સાથે સાધકપણું રાગનું અકર્તાપણું ઊભું જ છે. રાગનું કર્તાપણું તે બાધકપણામાં જાય છે ને તે જ વખતે ચૈતન્યસ્વભાવની દૃષ્ટિથી રાગના સાક્ષીપણારૂપ સાધકપણું છે, ને ત્યાં જ આવા નયો હોય છે. એકલા બાધકપણામાં નય ન હોય, ને સાધ્ય પૂરું સિદ્ધ થઈ જાય ત્યાં પણ નય ન હોય. સાધકપણામાં નય હોય છે, તે નય દ્વારા સાધકજીવ વસ્તુને સાધે છે.

વસ્તુ અનંત ધર્મવાળી છે, તે વસ્તુની અપેક્ષાએ બધા ધર્મો સાપેક્ષ છે, ને ધર્મની અપેક્ષાએ દરેક ધર્મ નિરપેક્ષ છે, એટલે કે એકધર્મ બીજાધર્મને લીધે નથી. જો ધર્મમાં પરસ્પર આવું નિરપેક્ષપણું ન હોય તો અનંતધર્મો સાબિત થઈ શકે નહિ એટલે વસ્તુ જ સાબિત ન થાય. રાગના કર્તાપણારૂપ જે ધર્મ છે તેને લીધે કાંઈ અકર્તાપણારૂપધર્મ નથી, પણ સ્વતંત્ર છે. રાગપણે આત્મા પરિણમે છે તે તો કર્તાધર્મ છે ને તે જ વખતે રાગરહિત જ્ઞાયક સાક્ષીપણે પરિણમે છે તે અકર્તાધર્મ છે. એક સાથે જ બન્નેનું સ્વતંત્ર પરિણમન થઈ રહ્યું છે.

વસ્તુના પરિણામ વસ્તુથી જુદા ન હોય, જે ક્ષણે રાગ પરિણામ થાય છે તે ક્ષણે આત્મા તેનો કર્તા છે; દેવ-ગુરુને લીધે કે કર્મના ઉદય વગેરે નિમિત્તોને લીધે તે રાગ થયો નથી, તેમજ તે

રાગના કર્તાપણાને લીધે અકર્તાધર્મ (સમ્યગ્દર્શન વગેરે) થતો નથી. કેવળી—શ્રુતકેવળીની સમીપમાં ક્ષાયિકસમ્યગ્દર્શન થાય છે તે કાંઈ નિમિત્તના ધર્મને લીધે કે રાગને લીધે થતું નથી, પણ પોતાના રાગના અકર્તારૂપસ્વભાવથી થાય છે. ક્ષાયિક સમ્યગ્દર્શન થયા પહેલાં જેટલી મલિનતા હતી.તેટલો કર્તાધર્મ હતો, ને ક્ષાયિકસમ્યક્ત્વની નિર્મળતા થતાં તે મલિનતા ટળીને અકર્તારૂપ સાક્ષીપણાનું પરિણમન થયું. ક્ષાયોપશમિકસમ્યક્ત્વ થતાં શુદ્ધતા થઈને કંઈક અંશે મલિનતા પણ રહી—તે બંને જીવના ધર્મો છે, પરંતુ તેમાં શુદ્ધતાને લીધે મલિનતા નથી અને મલિનતાને લીધે શુદ્ધતા નથી. રાગના પરિણમન વખતે જ સાધકને જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિથી રાગના અકર્તારૂપ પરિણમન પણ ભેગું છે. રાગ વખતે જો તેના અકર્તારૂપ સાક્ષીધર્મનું પરિણમન ન હોય તો તે જીવને શુદ્ધદ્રવ્યસ્વભાવનું જ્ઞાન નથી. ને તે સાધક નથી પણ મિથ્યાદૃષ્ટિ છે—એમ જાણવું.

આત્મા પરની ક્રિયાનો તો સાક્ષી છે ને શુભાશુભ રાગ થાય તેનો પણ સાક્ષી છે. રાગ વખતે મારો જ્ઞાયકસ્વભાવ આ રાગથી ભિન્ન છે—એવું જેને જ્ઞાન હોય તે જ જ્ઞાયકસ્વભાવના અવલંબને રાગનો સાક્ષી રહી શકે. મિથ્યાજ્ઞાની તો એકાંત પર સામે ને રાગ સામે જ જોનાર છે. સાક્ષીપણાનું તેને ભાન નથી તેથી તેને નય હોતો નથી. સાધક પોતાના આત્માની સામે દૃષ્ટિ રાખીને રાગનો સાક્ષી રહે છે તેને આ નય હોય છે. રાગ થાય છે તે પર્યાયનો સ્વભાવ છે, જે પર્યાયમાં રાગ થાય છે તે જ પર્યાયનો તે સ્વભાવ છે, બીજી પર્યાયમાં તેનો અભાવ છે, તે આત્માનો કાયમી સ્વભાવ હોય તો કદી ટળે નહિ, પણ ક્ષણિકપર્યાયનો ધર્મ હોવાથી તે ટળી શકે છે. રાગને ક્ષણિક પર્યાયનો ધર્મ કહેતાં તેમાં એ વાત આવી ગઈ કે પરને લીધે કે કર્મના ઉદયને લીધે રાગ થયો નથી;—જેનો જે ધર્મ હોય તે બીજી ચીજને લીધે હોઈ શકે નહિ. પર્યાયમાં રાગ અને તે જ વખતે તેનું સાક્ષીપણું એ બંને ધર્મ સાધકને એક સાથે વર્તતા હોવા છતાં, એકના કારણે બીજો ધર્મ નથી. 'રાગ છે માટે તેને જાણે છે?'—ના; રાગને લીધે સાક્ષીપણું નથી, સાક્ષીપણું એક સ્વતંત્ર સ્વભાવ છે.

જે જીવ મોક્ષમાર્ગને સાધે છે તેની આ વાત છે. જો કેવળ પર તરફનું જ વલણ હોય તો રાગ સાથે એકમેકપણાનું મિથ્યાત્વ છે, ત્યાં સાક્ષીપણું તો છે, નહિ એટલે તેને નય નથી. જે વખતે રાગ થાય છે તે જ વખતે રાગથી અધિક રહીને તેના સાક્ષીપણે પરિણમે છે—એવો સાધકનો ધર્મ છે. તેમાં રાગને કારણે સાક્ષીપણું નથી. જો એક ધર્મ બીજા ધર્મને કારણે હોય તો તે ધર્મની હીનતા થાય છે એટલે કે તે ધર્મ સ્વતંત્ર સાબિત થતો નથી. વસ્તુ અપેક્ષાએ જોતાં બધા ધર્મો પરસ્પર સાપેક્ષ છે, પણ તે દરેક ધર્મ પોતપોતાથી જ છે.

જેમ—એક આત્મા પોતાપણે છે ને પરપણે નથી—એવો આંતરો ક્યારે જણાય? કે મારા ધર્મો મારામાં ને પરના ધર્મો પરમાં,—એમ બંનેના ધર્મોની પૃથકતા નક્કી કરે તો બે વચ્ચે આંતરો પડે; વસ્તુના ધર્મો તેને પરથી ભિન્ન ઓળખાવે છે, પણ મારા ધર્મો પરને કારણે ને પરનાં ધર્મો મારા કારણે—એમ માને તો તેને બે વસ્તુ વચ્ચે આંતરો પડતો નથી.

તેમ—એક વસ્તુના બે ધર્મો વચ્ચે આંતરો ક્યારે પડે?—કે બન્નેને એકબીજાથી સ્વતંત્ર જાણે તો; વસ્તુમાં કે સાથે અનેક ધર્મો છે પણ તેમાં એકધર્મના કારણે બીજો ધર્મ નથી. આત્મા એકસાથે અનંતધર્મવાળો છે, તેને બદલે એકલા રાગના કર્તાપણાને જ દેખે ને સાક્ષીરૂપ અકર્તાસ્વભાવને ન દેખે તો તેણે આત્મા સામે જોયું જ નથી, એકાંત રાગ સામે જોયું છે, એટલે તેને ચૈતન્યસ્વરૂપ આત્માની સિદ્ધિ થતી નથી.

નય તે સમ્યગ્જ્ઞાનનો અંશ છે. રાગના કર્તાપણાને જાણનારો જે જ્ઞાનનો અંશ છે તે પણ રાગનો સાક્ષી જ રહે છે, તે જ્ઞાન રાગ સાથે એકમેક થઈ જતું નથી પણ રાગથી ભિન્ન જ રહે છે, અને તે જ વખતે રાગના અકર્તારૂપ નિશ્ચયસ્વભાવનું ભાન પણ સાથે જ રહેલું છે. આ રીતે સાધકને નિશ્ચય-વ્યવહાર બંને એક સાથે હોય છે. પહેલાં વ્યવહાર ને પછી નિશ્ચય—એમ નથી. ક્ષણિક પર્યાયમાં રાગનો કર્તા છે તે વ્યવહાર અને ત્રિકાળી સ્વભાવથી રાગનો અકર્તા છે તે નિશ્ચય. તે બન્ને પોત પોતાના કારણે એક સમયે જ છે. કોઈ એમ કહે કે—પહેલો વ્યવહાર પરિણમે ને પછી વ્યવહાર નિશ્ચયનું કારણ થાય, તો એ વાત તદ્દન મિથ્યા છે. રાગના કર્તારૂપ વ્યવહાર વખતે જ જો અકર્તાસ્વભાવનું ભાન ન વર્તતું હોય તો તેને રાગ સાથે એકત્વબુદ્ધિથી મિથ્યાત્વ છે, તેની દૃષ્ટિ એકાંત રાગ ઉપર પડી છે એટલે તેનો નય પણ સાચો નથી. એકલો રાગનો કર્તા જ થઈને કર્તાધર્મને અને અકર્તાધર્મ (અર્થાત્ સાક્ષીધર્મ) જાણી ન શકાય. પણ પોતે શુદ્ધચૈતન્યની દૃષ્ટિ કરીને રાગનો અંશ અકર્તા થયો છે ને હજી અંશે રાગનું કર્તાપણું પણ છે—એવા સાધકને બન્ને ધર્મોનું યથાર્થ જ્ઞાન હોય છે.

આ વાત કોને સમજાવે છે? જે શિષ્યે જિજ્ઞાસાથી પૂછ્યું છે કે પ્રભો! આત્મા કોણ છે? ને કઈ રીતે તેની પ્રાપ્તિ થાય? તેને આ વાત સમજાવવામાં આવે છે. જેને આત્મા સમજવાની જિજ્ઞાસા નથી—રુચિ નથી તે તો આ વાત સાંભળવા ઊભો નહિ રહે. 'પ્રભો! આત્માનું સ્વરૂપ શું છે? તેનો અનુભવ કેમ થાય?'—એમ વિનયથી પૂછનાર શિષ્યને આત્મા સમજવાની જિજ્ઞાસા છે, સાચા ગુરુની શ્રદ્ધા છે, કુદેવાદિની માન્યતા છૂટી ગઈ છે, સ્વર્ગ વગેરે કેમ મળે—તેની ભાવના નથી, પણ આત્માના આનંદનો અનુભવ કેમ થાય—તે જ ભાવના છે. એવા સુપાત્ર જીવને અહીં આચાર્યદેવ આત્માનું સ્વરૂપ સમજાવે છે. આ ઉપદેશ અનુસાર આત્માનો સ્વભાવ સમજીને તે જીવ સાધક થયા વિના રહે જ નહિ.

આચાર્યદેવ કહે છે કે જો ભાઈ! પર્યાયમાં જે ક્ષણે રાગ થાય છે તે જ ક્ષણે તેનાથી અધિક રહીને સાક્ષીપણે રહેવાનો તારો સ્વભાવ છે. રાગનું કર્તૃત્વ તો ક્ષણ પુરતું છે. તે તારો કાયમી સ્વભાવ નથી. તું તો અનંતધર્મના પિંડરૂપ શુદ્ધચૈતન્ય દ્રવ્ય છો. ''કર્તૃનયથી રાગના કર્તૃત્વનો ધર્મ કહ્યો માટે રાગ થવાનો હશે તેમ થયા કરશે—આત્મા સદા રાગનો કર્તા રહ્યા કરશે''—એમ એકાંત રાગને જ દેખે ને તે જ વખતે અનંતધર્મોનો પિંડ આત્મા છે તેને ન દેખે તો તે એકાંતવાદી મિથ્યાદૃષ્ટિ છે. તેને કર્તૃનયની પણ ખબર નથી. અનંતધર્મના ચૈતન્યપિંડરૂપ આત્મસ્વભાવને જે દેખે

તે જીવ એકલા રાગમાં અટકી જતો નથી, કર્તૃનયથી રાગનું કર્તાપણું જાણે ભલે પણ તેમાં જ અટકી જતો નથી. જે ક્ષણે રાગ થાય છે તે જ ક્ષણે, સ્વદ્રવ્ય તરફના વલણમાં તે રાગથી અધિક થઈને સાક્ષીપણે પરિણમે છે,—આ રીતે સાધકને બંને ધર્મો એક સાથે પરિણમે છે; પણ તેમાં સાક્ષીપણું તો વધતું જ જાય છે ને રાગ ઘટતો જ જાય છે તેને અલ્પકાળે કર્તૃધર્મ ટળી જાય છે ને તે સાક્ષાત્ અકર્તા સાક્ષીસ્વરૂપ થઈ જાય છે. સમયસારના પરિશિષ્ટમાં વર્ણવેલી ૪૭ શક્તિઓમાં પણ અકર્તૃત્વશક્તિનું વર્ણન કરતાં કહ્યું છે કે આત્મા જ્ઞાતાપણા સિવાયનાં રાગાદિ પરિણામોનો કર્તા થતો નથી—એવી તેની અકર્તૃત્વ શક્તિ છે.

અહીં ૩૮ તથા ૩૯મા નયથી કર્તાધર્મ તથા તેની સામે અકર્તારૂપ સાક્ષીધર્મનું વર્ણન કર્યું, તે જ પ્રમાણે હવે ૪૦-૪૧મા નયથી ભોક્તાધર્મ તથા તેની સામે અભોક્તારૂપ સાક્ષીધર્મનું વર્ણન કરશે.

—આ રીતે ૩૯મા અકર્તૃનયથી આત્માનું વર્ણન પૂરું થયું.

## ○ અવિરત સમ્યગ્દૃષ્ટિનું પરિણમન ○

અવિરત સમ્યગ્દૃષ્ટિને પણ અજ્ઞાનમય રાગ-દ્વેષ-મોહ હોતો નથી. મિથ્યાત્વ સહિત રાગાદિક હોય તે જ અજ્ઞાનના પક્ષમાં ગણાય છે. સમ્યક્ત્વ સહિત રાગાદિક અજ્ઞાનના પક્ષમાં નથી.

સમ્યગ્દૃષ્ટિને નિરંતર જ્ઞાનમય જ પરિણમન હોય છે. તેને ચારિત્રની નબળાઈથી જે રાગાદિ થાય છે તેનું સ્વામીપણું તેને નથી. રાગાદિકને રોગ સમાન જાણીને તે પ્રવર્તે છે અને પોતાની શક્તિઅનુસાર તેમને કાપતો જાય છે. માટે જ્ઞાનીને જે રાગાદિક હોય છે. તે વિદ્યમાન છતાં અવિદ્યમાન જેવાં છે; તેઓ આગામી સામાન્ય સંસારનો બંધ કરતા નથી, માત્ર અલ્પ સ્થિતિ-અનુભાગવાળો બંધ કરે છે. આવા અલ્પ બંધને ગૌણ કરી બંધ ગણવામાં આવતો નથી. *(સમયસાર-આસ્રવ અધિકાર)*

# ભોક્તૃનયે આત્માનું વર્ણન
# [૪૦]

આત્મદ્રવ્ય ભોક્તૃનયે સુખ દુઃખાદિનો ભોગવનાર છે,—હિતકારી—અહિતકારી અન્નને ખાનાર રોગીની માફક.

જેમને ભાવલિંગી મુનિદશા વર્તતી હતી અને અંતરમાં આત્માના અતીન્દ્રિય આનંદનો ભોગવટો કરતા હતા; ક્ષણે ને પળે નિર્વિકલ્પ થઈને આત્માના આનંદસ્વરૂપમાં ઝૂલતા હતા એવા દિગંબર સંતોનું આ કથન છે. જે જિજ્ઞાસુ શિષ્ય પાત્ર થઈને સમજવા માંગે છે તેને માટે આ કથન છે. અહીં ૪૭ નયોથી આત્માના ધર્મોનું વર્ણન ચાલે છે. જેને અંતર્મુખ આત્મસ્વભાવના અવલંબને સમ્યક ભાવશ્રુતજ્ઞાન થયું હોય તેને જ સાચા નયો હોય છે.

ભોક્તાનયથી આત્મા સુખ—દુઃખને ભોગવે છે; હર્ષ તે સુખ ને શોક તે દુઃખ, એમ અહીં સુખ અને દુઃખ બંને વિકાર છે. જેમ રોગી હિતકારી—અહિતકારી અન્ન ખાય છે ને તેના ફળરૂપ સાતા—અસાતાને ભોગવે છે, તેમ આત્મા હર્ષ—શોકના વિકારી પરિણામ કરે છે ને તેના ફળરૂપ સુખ—દુઃખને ભોગવે છે. કર્મના ઉદયને લીધે હર્ષ—શોકનો ભોગવટો થાય છે—એમ નથી, પણ જીવની પર્યાયમાં તેવો ભોક્તાધર્મ છે. જડકર્મનો કોઈ ધર્મ આત્મામાં નથી ને આત્માનો કોઈ ધર્મ જડ કર્મને લીધે નથી. કર્મના ઉદયને લીધે હર્ષ—શોક થવાનું જે માને તેણે આત્માનો ધર્મ પરને લીધે માન્યો એટલે ખરેખર આત્માને જાણ્યો નથી; તેમ જ આત્માની પર્યાયમાં હર્ષ—શોકનું ભોક્તાપણું સર્વથા છે જ નહિ—એમ માને તો તેણે પણ આત્માના ભોક્તાધર્મને માન્યો નથી,—તે પણ મિથ્યાદૃષ્ટિ છે.

આત્માનો ભોક્તાધર્મ પરને કારણે નથી, તેમ જ પરને આત્મા ભોગવતો નથી, પણ પોતાની અવસ્થામાં થતા હર્ષ—શોકને ભોગવે એવો તેનો એક ધર્મ છે.

કોઈ કહે છે કે આત્માની પર્યાયમાં હર્ષ—શોકનો ભોગવટો કેમ થાય છે?—શું કર્મના ઉદયને લીધે થાય છે? તો અહીં તેનો ઉત્તર કહે છે કે આત્મામાં વર્તમાનમાં તેવો જ ભોક્તાધર્મ છે, તે કોઈ બીજાના કારણે નથી. વળી પૂછે કે—એવો ધર્મ કેમ થયો? તો કહે છે કે જેમ આત્મા સત્ છે તેમ તેના ધર્મો પણ સત્ છે. પર્યાયમાં પણ એકેક સમયનું સત્પણું છે. સત્ને વિષે 'આમ કેમ' એવો પ્રશ્ન ન હોઈ શકે.

અહીં પ્રમાણના વિષયરૂપ વસ્તુનું વર્ણન છે એટલે દ્રવ્ય તેમ જ પર્યાય બંનેના ધર્મોનું વર્ણન લીધું છે. આ ધર્મોમાં કેટલાક ધર્મો તો ત્રિકાળ છે, ને કેટલાક ધર્મો ત્રિકાળ નથી પણ અમુક પર્યાય પૂરતા જ છે. પરંતુ ત્રિકાળીધર્મ હોય કે પર્યાય પૂરતો ધર્મ હો તે દરેક ધર્મ આત્માનો જ છે, કોઈ પણ ધર્મ પરને લીધે નથી.

જ્યારે દ્રવ્યદૃષ્ટિની પ્રધાનતાથી આત્માનું વર્ણન ચાલતું હોય ત્યારે એમ કહેવાય કે આત્મા પોતાના શાંત—અનાકુળ અતીન્દ્રિય આનંદસ્વભાવનો જ ભોક્તા છે, વિકારનો ભોક્તા તે નથી. સમ્યગ્દર્શનમાં તો શુદ્ધ આત્માની નિર્વિકલ્પ પ્રતીતિ છે, તેના ધ્યેયમાં વિકાર નથી, ત્રિકાળ એકરૂપ શુદ્ધચૈતન્યસ્વભાવને જ તે કબૂલે છે. પણ તે સમ્યગ્દર્શનની સાથે જે સમ્યગ્જ્ઞાન—પ્રમાણ છે તે સામાન્ય વિશેષરૂપ વસ્તુને જાણે છે, પર્યાયની અશુદ્ધતાને પણ તે આત્માની જાણે છે; પર્યાયમાં જે હર્ષ—શોકરૂપ વિકાર થાય છે તેનો ભોક્તા પણ આત્મા છે એમ ભોક્તૃનયથી સમ્યગ્જ્ઞાની જાણે છે. સામાન્ય ધ્રુવચૈતન્યસ્વભાવ શુદ્ધ છે તેના નિર્ણયપૂર્વકનું સમ્યગ્જ્ઞાન હર્ષાદિભાવોના વેદનને પણ પોતાની પર્યાયના ધર્મ તરીકે જાણે છે. સ્વભાવદૃષ્ટિની પ્રધાનતામાં તો વિકાર તે કર્મનું જ કાર્ય છે—આત્માનું કાર્ય નથી એમ પણ કહેવાય, પણ પ્રમાણજ્ઞાન તે પર્યાયને જેમ છે તેમ જાણે છે, ભોક્તૃનયથી આત્મા જ વિકારનો ભોક્તા છે—એમ સમ્યગ્જ્ઞાન જાણે છે. આ રીતે 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ.' વિકાર જડનો છે એમ કહેનારની દૃષ્ટિ પોતાના જ્ઞાનાનંદસ્વભાવ ઉપર હોવી જોઈએ. એકલા જડ ઉપર કે વિકાર ઉપર જ દૃષ્ટિ રાખીને વિકારને જડનો કહે અને પોતાની પર્યાયનો વિવેક પણ ન કરે તો તેનું જ્ઞાન જ ખોટું છે. શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિમાં પર્યાય ગૌણ થઈ જાય છે પરંતુ જ્ઞાન તો દ્રવ્ય અને પર્યાય બંનેને વિષય કરીને જેમ છે તેમ ઓળખે છે; પર્યાયમાં વિકાર છે તેને પણ જાણે છે ને અવિકારીસ્વભાવને પણ જાણે છે.—એ પ્રમાણે બંનેને જાણીને, શુદ્ધનયના અવલંબનના બળથી તે સ્વભાવને સાધતો જાય છે ને વિકારને ટાળતો જાય છે.

ભોગાવળીકર્મ તે જડ છે, આત્માથી જુદું છે, તેને આત્મા ભોગવતો નથી, પણ પોતાની પર્યાયમાં હર્ષ—શોકને ભોગવે એવો આત્માનો ભોક્તાધર્મ છે. આ ભોક્તાધર્મને જાણનાર જ્ઞાની એમ જાણે છે કે આ હર્ષ—શોકને ભોગવવાનો મારો ત્રિકાળીધર્મ નથી, પણ ક્ષણિક પર્યાયનો ધર્મ છે, મારો ત્રિકાળીસ્વભાવ તો ચૈતન્યજ્ઞાતા છે આવા ભાનમાં, અલ્પ ભોક્તાપણાની સાથે તેનું સાક્ષીપણું પણ ભેગું જ વર્તે છે. જ્ઞાનીને પણ હર્ષ—શોક થાય, પરંતુ તે હર્ષ શોકના ભોગવટાની ક્ષણે જ જ્ઞાતાસ્વભાવના અતીન્દ્રિયઆનંદના અંશનો અનુભવ વર્તે છે એટલે તે હર્ષ—શોકના સાક્ષીપણારૂપ અભોક્તા ધર્મનું પણ પરિણમન વર્તી રહ્યું છે.

આત્મા જ આત્માના ધર્મોનો સ્વામી છે ને પર પરના ધર્મોનું સ્વામી છે. આત્માના ધર્મોનો સ્વામી કોઈ પર નથી, ને પરનાં ધર્મોનો સ્વામી આત્મા નથી. આત્માને પોતાના ધર્મોની સાથે જ 'સ્વ—સ્વામી સંબંધ' છે, પરની સાથે આત્માને 'સ્વ—સ્વામી સંબંધ' નથી. આત્માના ધર્મોનો સ્વામી આત્મા છે ને જડકર્મોના ધર્મોનું સ્વામી જડ છે, કોઈ એકબીજાના સ્વામી નથી.

ભોગાવળીકર્મના તીવ્ર ઉદયથી જીવને ચારિત્રથી ભ્રષ્ટ થઈને ભોગમાં રોકાઈ જવું પડે—એમ મૂઢ અજ્ઞાની જીવો માને છે. ભાઈ! ભોગાવળીકર્મ તો જડ છે, તે આત્માથી જુદું છે, તેનો સ્વામી જડ છે, આત્મા તેનો ભોક્તા નથી.

ભોક્તૃનયથી આત્મા હર્ષ—શોકરૂપ પોતાના પરિણામનો ભોક્તા છે—એમ આત્માના

ભોક્તાધર્મને જે જાણે તેની દૃષ્ટિ કર્મ સામે ન હોય પણ પોતાના આત્માની સામે હોય. સ્વભાવને ચૂકીને તે પરની સામે જોતો નથી એટલે ભોગની તીવ્ર આસક્તિના પરિણામ તો તેને હોય જ નહિ; દ્રવ્યસ્વભાવની સન્મુખતામાં તેને ભોગની રુચિ છૂટી ગઈ છે. અસ્થિરતાથી જ હર્ષ–શોકના પરિણામ થાય છે તે અત્યંત અલ્પ છે ને ચૈતન્યસ્વભાવની જ અધિકતા છે. આત્માના ધર્મોની સાચી ઓળખાણ થયા પછી પણ એવા ને એવા તીવ્ર વિષયભોગના પરિણામ રહ્યા કરે એમ કદી બને નહિ. આત્માના અતીન્દ્રિયસુખનો સ્વાદ જાણ્યો ત્યાં ઇન્દ્રિયવિષયોનું અત્યંત તુચ્છપણું ભાસ્યા વિના રહે નહિ. આ રીતે સાધકને પર્યાયમાંથી હર્ષ–શોકનું ભોક્તાપણું ક્રમે ક્રમે ટળતું જાય છે. અને અનાકુળ શાંતિનું વેદન વધતું જાય છે.—આવું ભોક્તૃનયનું ફળ છે. સર્વજ્ઞની શ્રદ્ધા કહો, ક્રમબદ્ધપર્યાયની પ્રતીત કહો, આત્માના ધર્મોની ઓળખાણ કહો, કે કોઈ પણ ન્યાય લ્યો, તે બધાયમાં વસ્તુની એક જ સળંગ સાંકળ છે એટલે કે બધાયનો સાર તો ચૈતન્યદ્રવ્યની સન્મુખતામાં જ આવીને ઊભો રહે છે. ચૈતન્યસ્વભાવની સન્મુખતા વગર સર્વજ્ઞની શ્રદ્ધા સાચી ન થાય, ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા પણ સાચી ન થાય આત્માના કોઈ ધર્મની ઓળખાણ પણ સાચી ન થાય, અને કોઈ પણ નય કે કોઈ ન્યાય સાચો હોય નહિ. સમકીતિ ભલે પોતાની પર્યાયમાં હર્ષ–શોકના ભોક્તાધર્મને જુએ તો પણ તે પોતાના શુદ્ધચૈતન્યની સન્મુખ દૃષ્ટિ રાખીને તે ધર્મને જાણે છે એટલે તેને ભોક્તાપણાની પ્રધાનતા રહેતી નથી પણ શુદ્ધચૈતન્યસ્વભાવની જ પ્રધાનતા રહે છે. પરના ભોક્તાપણાની તો માન્યતા જ તેને નથી. જેને પરના ભોક્તાપણાની માન્યતા છે તેને તો આત્માના ધર્મની સામે લક્ષ જ નથી, પરથી ભિન્ન આત્માના ધર્મોનું તેને ભાન જ નથી.

આત્મા શું વસ્તુ છે તેની અજ્ઞાનીને ખબર નથી એટલે તેને એકાંત મિથ્યાજ્ઞાન છે, તે ટળીને અનેકાંતરૂપ પ્રમાણજ્ઞાન કેમ થાય તેની આ વાત છે. પ્રમાણજ્ઞાન એટલે જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવું જ્ઞાન કરવું તે; મિથ્યાજ્ઞાનનો વિષય ખોટો છે એટલે કે તેનો વિષય જ જગતમાં નથી; અજ્ઞાની જેવું માને છે તેવું વસ્તુનું સ્વરૂપ નથી; ને વસ્તુનું સ્વરૂપ જાણ્યા વિના નય જ્ઞાન પણ સાચું હોય નહિ. જેવું પદાર્થનું સ્વરૂપ હોય તેવું જ જાણે તે સમ્યગ્જ્ઞાન છે, એટલે સમ્યગ્જ્ઞાનનો વિષય સાચો છે. વસ્તુસ્વરૂપનું યથાર્થજ્ઞાન હોય ત્યાં જ નય સાચા હોય.

અહીં ભોક્તૃનયથી આત્માને હર્ષ–શોકનો ભોક્તા કહ્યો, ત્યાં એટલો જ આત્મા માની લ્યે, અને અનંતધર્મના પિંડ સ્વરૂપ ચૈતન્યવસ્તુ છે તેને ન ઓળખે, તો તેણે આત્માનું સ્વરૂપ જાણ્યું નથી ને આત્માના ધર્મને પણ જાણ્યો નથી. સાધક સમ્યગ્જ્ઞાની તો આખી ચૈતન્યવસ્તુના જ્ઞાનપૂર્વક ભોક્તાધર્મને તેના એક ક્ષણિકઅંશ તરીકે જાણે છે, એટલે હર્ષ શોકના ભોક્તાપણા વખતે ય અભોક્તારૂપ સાક્ષીધર્મ પણ તેને ભેગો જ છે. જો ભોક્તા વખતે જ અભોક્તાધર્મ પણ ન વર્તતો હોય, ને હર્ષશોકનું ભોક્તાપણું જ એકાંત વર્તતું હોય,—તો ત્યાં અનંતધર્મસ્વરૂપ આત્મ વસ્તુ દૃષ્ટિમાં ન આવી એટલે એકાંત મિથ્યાત્વ થઈ ગયું, ત્યાં ભોક્તાનય પણ હોતો નથી. હર્ષ–શોકના ક્ષણિક ભોગવટાને જાણતાં, જેને અભોક્તારૂપ સાક્ષી સ્વભાવનું પણ ભાન વર્તે છે એવા જ્ઞાનીને જ ભોક્તાનય હોય છે. ભોક્તાપણું તેમ જ અભોક્તાપણું બંને ધર્મો આત્મામાં એકસાથે છે તેને જાણે

તો અનેકાન્ત થાય, ને તે અનેકાન્તપૂર્વક જ નય હોય.

ભોક્તૃનયે પણ આત્મા સંયોગનો ભોક્તા નથી પણ પોતામાં જે હર્ષ–શોક થાય તેનો ભોક્તા છે. ધર્મી જાણે છે કે મારી પર્યાયમાં આ ક્ષણિક હર્ષ–શોકનું જે વેદન થાય છે તે દુઃખદાયક છે, તેટલો હું ન હોઉં. હું તો અનંતગુણનો ચૈતન્યપિંડ છું, સિદ્ધ ભગવાન જેવા અતીન્દ્રિય આનંદનો સાગર છું. બહારમાં સુંદર આહાર વગેરે અનુકૂળ સામગ્રી હોય તેનું વેદન આત્માને નથી, તેમ જ શરીરમાં તીવ્ર રોગ વગેરે પ્રતિકૂળતા હોય તેનું વેદન પણ આત્માને નથી; સંયોગોને કારણે આત્માને સુખદુઃખનું વેદન નથી. સ્વર્ગની ઇન્દ્રાણી આવે તેને કારણે આત્માને હર્ષ કે સુખ નથી, અને વાઘણ આવીને શરીરને ફાડી ખાય તેને કારણે આત્માને શોક કે દુઃખ નથી. આત્મા કોઈ સંયોગોને લીધે સુખ–દુઃખને ભોગવતો નથી પણ પોતાના ભોક્તૃધર્મથી સુખ–દુઃખને ભોગવે છે, પોતાની પર્યાયનો એવો ધર્મ છે કે હર્ષ–શોકરૂપ સુખ–દુઃખને ભોગવે છે. સાધક ધર્મીને પણ આ ધર્મ લાગુ પડે છે, કેમ કે તેને પણ હજી પર્યાયમાં હર્ષ–શોકના ભાવોનું થોડુંક વેદન થાય છે. પણ આવા ભોક્તાધર્મને યથાર્થપણે જાણે તેને અનંતધર્મોના આધારરૂપ શુદ્ધ ચૈતન્યદ્રવ્યનું સમ્યગ્જ્ઞાન હોય છે, એટલે ક્ષણિક વિકારનું વેદન અને ત્રિકાળી શુદ્ધ ચૈતન્યસ્વભાવ એ બંનેનું ભેદજ્ઞાન તેને વર્તે છે તેથી તેને તે હર્ષ–શોકરૂપ વિકારનું સાક્ષીપણું વર્તે છે. પર્યાયમાં હર્ષ–શોક થાય છે ત્યાં તે જાણે છે કે મારું આખું ચૈતન્યતત્ત્વ આ હર્ષ–શોકના વેદન જેટલું નથી, તેમ જ કોઈ નિમિત્ત કે સંયોગના કારણે પણ મને હર્ષ–શોક થયો નથી, પણ મારી પર્યાયના ભોક્તાધર્મને લીધે હર્ષ–શોકનું વેદન થાય છે; તે ભોક્તાધર્મ પણ મારો છે. 'સુખ–દુઃખ ભોગવવા તે શરીરનો ધર્મ છે' એમ અજ્ઞાની લોકો માને છે, પરન્તુ શરીર તો જડ છે તેને કાંઈ સુખ દુઃખનો ભોગવટો હોતો નથી; સુખ–દુઃખને ભોગવે તેવો આત્માનો એક ધર્મ છે.

**પ્રશ્ન :—**ભોક્તૃનયથી આત્મા સુખ–દુઃખને ભોગવે એવો તેનો ભોક્તાધર્મ છે, તો પછી આત્મા સુખ–દુઃખના (—હર્ષ–શોકના ભોગવટા રહિત કેમ થઈ શકે?)

**ઉત્તર :—**એ બાબત કર્તાધર્મના વર્ણનમાં વિસ્તારથી કહેવાય ગઈ છે તે પ્રમાણે આ ભોક્તાધર્મમાં પણ સમજવું.

(જુઓ, આત્મધર્મ અંક ૧૪૨ પાનું ૨૪૦) વિકારના કર્તા–ભોક્તારૂપ ધર્મ અનાદિઅનંત નથી પણ અમુક અવસ્થા પૂરતો જ છે. વળી આત્માનો આવો ધર્મ છે—એમ જાણે તો આત્મદ્રવ્યને પણ જાણે ને સુખ–દુઃખનો સાક્ષી થઈ જાય, અને હર્ષ–શોકનું ભોક્તાપણું અનુક્રમે તેને ટળતું જાય. ભોક્તૃનયથી હર્ષ–શોકનું ભોક્તાપણું કહ્યું તે તો એક ધર્મ છે, તે ધર્મને જોનારની દૃષ્ટિ એકલા ધર્મ ઉપર હોતી નથી પણ ધર્મી એવા ચૈતન્યદ્રવ્ય ઉપર તેની દૃષ્ટિ જાય છે, એટલે શુદ્ધદ્રવ્ય ઉપર દૃષ્ટિના બળથી અલ્પકાળમાં તે હર્ષ–શોકના ભોક્તાપણાથી રહિત થઈ જાય છે; પછી તેને આવો ભોક્તાધર્મ રહેતો નથી પણ અતીન્દ્રિય આત્મિક સુખનો જ ભોગવટો રહે છે.

પર વસ્તુને તો અજ્ઞાની પણ ભોગવતો નથી, પણ પરમાં સુખ–દુઃખની કલ્પના કરીને,

એકલા હર્ષ—શોકને જ અજ્ઞાની ભોગવે છે; ને જ્ઞાની તો અનંતધર્મવાળા આત્મદ્રવ્યને જોતો થકો, અતીન્દ્રિય આનંદના ભોગવટા સહિત, 'પર્યાયમાં હર્ષ—શોકરૂપ સુખ—દુ:ખનો હું ભોક્તા'—એમ ભોક્તાધર્મને જાણે છે; તેથી તેને હર્ષ—શોકના ભોગવટાનું સાક્ષીપણું પણ ભેગું જ રહે છે. અજ્ઞાની પર્યાય—દૃષ્ટિથી એકલા હર્ષ—શોકના ભોગવટાને જ જુએ છે એટલે તેને સાક્ષીપણું નથી રહેતું. જ્ઞાની પર્યાય ઉપર દૃષ્ટિ રાખીને આ ધર્મને નથી જોતા, પણ શુદ્ધદ્રવ્ય ઉપર દૃષ્ટિ રાખીને આ ભોક્તાધર્મને જાણે છે, એટલે તેની દૃષ્ટિમાં મુખ્યતા ભોક્તાપણાની ન થઈ પણ શુદ્ધ આત્મદ્રવ્યની જ મુખ્યતા થઈ, શુદ્ધ આત્માની મુખ્યતામાં તેને હર્ષ—શોકનું ભોક્તાપણું ટળતું જાય છે.

અહીં, ભોગાવળી કર્મના ઉદયથી આત્મા પાછો પડે એ વાત તો ક્યાંય રહી, પણ પોતામાં એકલા હર્ષ—શોકના વેદનને જ દેખે તો તેની દૃષ્ટિ પણ ઊંધી છે. આત્માનો ભોક્તાધર્મ પરને લીધે નથી, ભોક્તાધર્મને જોતાં આત્માને જોવાય છે ને ત્યાં ભોક્તાપણું લાંબો કાળ રહ્યા કરે એમ બનતું નથી. આખા આત્માને ન જોતાં એકલા ભોક્તાપણાને જ જે દેખે છે તે તો હર્ષ—શોકનો ભોક્તા જ થઈને સંસારની ચાર ગતિમાં રખડે છે, તેનો ભોક્તાનય હોતો નથી.

જેટલા પ્રમાણમાં કર્મનો ઉદય આવે તેટલા પ્રમાણમાં એકવાર તો તેમાં જોડાવું પડે—એમ જે માને છે તે તો તીવ્ર મૂઢતા સેવે છે, કર્મથી જરાપણ ખસીને આત્માની સામે જોવાનો તેને અવકાશ નથી. અગીયારમા ગુણસ્થાનેથી જીવ પાછો નીચેના ગુણસ્થાને આવે છે, તે પોતાની જ પર્યાયના તેવા ધર્મને લીધે આવે છે. જડ કર્મને લીધે નહિ. કર્મ વગેરે પરની ઓથ લઈને જે ભોક્તાપણું માને છે તે તો અજ્ઞાની છે. હું શુદ્ધચિદાનંદમૂર્તિ અનંત ધર્મનો પિંડ છું—એમ સ્વદ્રવ્યની સામે જોઈને તેની ઓથે જ્ઞાની પોતાના ભોક્તાધર્મને પણ જાણે છે, ને એવા જ્ઞાનીને ભોક્તાપણું (—હર્ષ—શોકનું વેદન) બહુ ઓછું હોય છે. ધર્મી જાણે છે કે મારી પર્યાયમાં જ હર્ષ-શોકનું ભોક્તાપણું છે તે પરને લીધે નથી પણ મારી પર્યાયમાં તેવો ભોક્તાધર્મ છે, હું તે ભોક્તાધર્મ જેટલો જ નથી પણ અનંતધર્મનો ચૈતન્યપિંડ છું;—આમ દ્રવ્યને જોનાર ધર્મી સાક્ષી રહીને અલ્પકાળમાં ભોક્તાપણું ટાળીને વીતરાગ થશે.

કોઈ પણ નયથી આત્માને જાણનાર સ્વસન્મુખ જુએ છે, અને તો જ તેનો નય સાચો છે. નય તે સમ્યક્ શ્રુતજ્ઞાનનું પડખું છે, તે સાધકને જ હોય છે. નયજ્ઞાનથી આત્માના ધર્મને જાણનાર કોની સામે જુએ છે?—કર્મની સામે, કે આત્માની સામે? બધા નયો આત્માની જ સામે જોઈને તે તે ધર્મને કબૂલે છે, પરની સામે જોઈને આત્માની ધર્મની યથાર્થ કબુલાત થઈ શકતી નથી. અહીં ભોક્તાનય આત્માના ભોક્તાધર્મને કબૂલે છે, તે કોની સામે જોઈને કબૂલે છે? આત્માની સામે જોઈને આત્માના ભોક્તાધર્મને જાણનાર સાધક જીવ, સ્વભાવના અવલંબને તે ભોક્તાપણું ટાળીને અલ્પકાળમાં પરમાનંદનો ભોગવટો પ્રગટ કરીને સિદ્ધ પરમાત્મા થઈ જશે. આવું આ ભોક્તાનયનું પરમાર્થ ફળ છે.

—અહીં ૪૦મા ભોક્તૃનયથી આત્માનું વર્ણન પૂરું થયું.

# અભોક્તૃનયે આત્માનું વર્ણન

## [૪૧]

આત્મદ્રવ્ય અભોક્તૃનયે સુખ-દુ:ખાદિને ભોગવનાર નથી પણ કેવળ સાક્ષી જ છે. હિતકારી–અહિતકારી અન્નને ખાનાર રોગીને જોનાર વૈદ્યની માફક. જેમ રોગી સુખ–દુ:ખને ભોગવે છે પણ વૈદ્ય તો તેનો સાક્ષી જ છે, તેમ આત્માના પર્યાયમાં હર્ષ–શોકરૂપી જે રોગ છે તેનો જ્ઞાની ભોક્તા નથી પણ સાક્ષી જ છે. આવા સાક્ષીધર્મથી આત્માને લક્ષમાં લેવો તેનું નામ અભોક્તૃનય છે.

ભોક્તાપણું તેમ જ અભોક્તાપણું બંને ધર્મો આત્મામાં એક સાથે જ છે. શુદ્ધચૈતન્યમૂર્તિ આત્મા અનંત ધર્મોનો ધરનાર છે, તે ભોક્તાનયે હર્ષ–શોકનો ભોક્તા પણ છે, ને તે જ વખતે અભોક્તાનયે તેનો સાક્ષી પણ છે. શરીરાદિક પરવસ્તુનો ભોક્તા તો ભોક્તાનયે પણ નથી; ભોક્તાનયે હર્ષ–શોકનું ભોક્તાપણું છે, અને અભોક્તાનયે તો તે હર્ષ–શોકનું ભોક્તાપણું પણ આત્માને નથી, આત્મા સાક્ષીસ્વરૂપ છે. જ્ઞાતાભાવથી જુદાં જે રાગાદિ વિકારી પરિણામો છે તેના ભોગવટાથી રહિત આત્મા છે–એવી અભોક્તૃત્વશક્તિ આત્મામાં ત્રિકાળી છે, તેનું વર્ણન સમયસારના પરિશિષ્ટમાં વર્ણવેલી ૪૭ શક્તિઓમાં કર્યું છે. આત્માના આવા અભોક્તાસ્વભાવની પ્રતીત કરતાં, સાધકને પર્યાયમાં હવે શોકનો અલ્પ ભોગવટો હોવા છતાં તેના સાક્ષીપણાનું પરિણમન વધતું જાય છે. એક આત્મા ભોક્તાધર્મવાળો ને બીજો આત્મા અભોક્તાધર્મવાળો–એમ નથી, તેમ જ એક આત્મામાં કોઈકવાર ભોક્તાધર્મ ને કોઈકવાર અભોક્તાધર્મ એવું ભિન્નપણું પણ નથી, એક આત્મામાં બંને ધર્મો એક સાથે છે. (આ સાધકની વાત છે, એટલે સાધકને ભોક્તાપણાની સાથે અભોક્તાપણું વર્તે છે એમ સમજવું) પર્યાયમાં હર્ષ–શોકનું ભોક્તાપણું, અને તે જ વખતે તેનું અભોક્તાપણું, એમ બંને ધર્મોથી આત્મદ્રવ્યને ઓળખે તો એકલા હર્ષ–શોકના વેદનમાં ન અટકતાં જ્ઞાનસ્વભાવની સન્મુખ થઈને હર્ષશોકનો સાક્ષી થઈ જાય, ને હર્ષ–શોકથી પાર એવા ચૈતન્યસ્વભાવના આનંદનું વેદન પ્રગટે આનું નામ ધર્મ છે.

ભોક્તૃનયથી આત્માને હર્ષ–શોકનો ભોક્તા કહ્યો તેનું પરિણામ (તાત્પર્ય) પણ દ્રવ્યસ્વભાવની સન્મુખ થઈને જાણનાર-દેખનાર રહેવાનું છે, ભોક્તાનયનું પરિણામ કાંઈ હર્ષ–શોકના ભોગવટામાં જ અટકી જવું તે નથી. કેમકે ભોક્તૃનય વખતે પણ આત્મામાં કાંઈ એકલો ભોક્તાધર્મ જ નથી, તે જ વખતે અભોક્તાધર્મ પણ આત્મામાં છે. આત્માના અભોક્તા ધર્મને જાણનાર અલ્પ હર્ષ–શોકાદિનો પણ જાણનાર રહીને અભોક્તા રહે છે, હર્ષ–શોકના ભોગવટામાં તે એકાકાર થતો નથી. હે ભાઈ! આવા ધર્મોથી તું તારા આત્મદ્રવ્યને જો. આત્માની સામે લક્ષ

કરતાં તારો સ્વભાવ જ્ઞાતાદૃષ્ટા સાક્ષી સ્વરૂપ શુદ્ધચૈતન્યમાત્ર છે તે તને ભાસશે, ને તેના અવલંબને જ તને સમ્યગ્દર્શનજ્ઞાન–ચારિત્રરૂપ ધર્મ થશે.

જેણે શરીરને ધર્મનું સાધન માન્યું છે તેને શરીર પુષ્ટ થતાં હર્ષ અને શરીરમાં રોગાદિ થતાં શોક થાય છે, ને તે હર્ષ શોકના વેદનમાં જ લીન થઈને આત્માને ચૂકી જાય છે. શરીરથી ધર્મ માન્યો એટલે શરીરના અસ્તિત્વમાં જ પોતાનું અસ્તિત્વ માની લીધું, તેથી શરીરના લક્ષે એકલા હર્ષ શોકના ભોગવટામાં જ તે લીન થઈ જાય છે, પણ સાક્ષીપણે રહેતો નથી. હર્ષ–શોકના વેદન વખતેય આત્મામાં તેના સાક્ષીપણારૂપ અભોક્તાધર્મ છે, ભોક્તાપણાની ક્ષણે જ અભોક્તાસ્વભાવ વિદ્યમાન છે,–એમ જે જાણે તેને સાધકપણું થયા વિના રહે નહિ; તેને પર્યાયમાં પણ અંશે સાક્ષીપણું–અભોક્તાપણું વર્તે છે.

હર્ષ–શોકના વેદન વખતે જ મારામાં સાક્ષીપણું છે–એમ જાણે તો જ અનેકાંતરૂપ વસ્તુને ઓળખી છે; હર્ષ–શોક વખતે તેટલો જ આત્માને માની લ્યે ને તે જ વખતે આત્મામાં બીજો અભોક્તાસ્વભાવ છે તેને ન ઓળખે તો તેણે અનેકાંતરૂપ વસ્તુને જાણી નથી, પણ એકાંતરૂપ વસ્તુ માની છે, તે મિથ્યાત્વ છે. અને જે પરને કારણે આત્મામાં હર્ષ–શોક થવાનું માને છે અથવા તો આત્મા પરને ભોગવે છે એમ માને છે તે તો મહા મિથ્યાત્વ છે.

(૧) શરીરના રોગાદિને કારણે આત્મા હર્ષ–શોકને ભોગવે એમ હોય તો ભોક્તાધર્મ આત્માનો ન રહ્યો પણ પરનો થઈ ગયો અને (૨) હર્ષ–શોક વખતે જો આત્મા તેટલો જ હોય તો આત્મા અનેકાન્તરૂપ ન રહ્યો પણ એકાંત હર્ષ–શોકરૂપ જ થઈ ગયો. માટે, (૧) પરને કારણે આત્માનો હર્ષ–શોકનો ભોગવટો નથી, અને (૨) હર્ષ–શોકના ભોગવટાં વખતે તેટલો જ આત્મા નથી. આત્મા એક સમયમાં અનંત ધર્મનો પિંડ છે, તેના આશ્રયે, સાધકને હર્ષ–શોક વખતેય તે હર્ષ શોકરહિત સાક્ષીપણું વર્તે છે.

જુઓ, આ આત્માની પ્રાપ્તિનો પંથ! આત્મા શું ચીજ છે તેની ઓળખાણ વગર તેની પ્રાપ્તિ ન થાય; તેથી આત્માની ઓળખાણ માટે તેનું આ વર્ણન ચાલે છે.

ભવભ્રમણથી થાકેલો જિજ્ઞાસુ શિષ્ય આત્માની સમજણ કરવા માટે શ્રીગુરુ પાસે આવીને પૂછે કે : આત્માના ભાન વિના, હે પ્રભો! અનંત અવતારમાં રખડી રખડીને હવે તો હું થાક્યો, નાથ! હવે આ આત્માને સમજીને ભવભ્રમણથી મારો છૂટકારો થાય એવી રીત બતાવો.....આત્માનું વાસ્તવિક સ્વરૂપ મને સમજાવો.

શ્રીગુરુ કહે છે કે ભાઈ! તું આત્માનો ગરજવાન થઈને પૂછવા આવ્યો છે તો અમે તને આત્માનું સ્વરૂપ બતાવીએ છીએ; અમે જે કહીએ છીએ તે ધીરો થઈને તું સાંભળ. આ વાતની હા પાડીને રુચિ કરતાં તેમાં પરિણમન થયા વિના રહે નહિ. આત્માના ધર્મો વડે આત્માને ઓળખવાની આ વાત છે. આત્માના ધર્મોથી આત્માને ઓળખીને તેની રુચિ અને એકાગ્રતા કરવી તે આત્માની

આરાધનાનો રાહ છે, અને તે જ અનાદિના વિરાધકપણાના નાશનો ઉપાય છે.

જે જીવ હજી સાધક છે, પ્રમાણ-નય વડે આત્માને સાધે છે એવા સાધકને પર્યાયમાં ભોકતાપણું તેમ જ અભોકતાપણું બંને ધર્મનું વેદન એક સાથે છે. ભોકતાપણું, અભોકતાપણું ઇત્યાદિ અનંતધર્મોના આધારરૂપ ચૈતન્યવસ્તુને ઓળખીને જેને પ્રમાણજ્ઞાન થયું છે તેને જ ભોકતાનય તથા અભોકતાનય હોય છે. અજ્ઞાનીને નય હોતા નથી; અને જેઓ આત્માને પૂર્ણપણે સાધીને કેવળજ્ઞાન પરમાત્મદશા પામી ગયા છે તેમને પણ નય હોતા નથી, તેમને હવે કાંઈ સાધવાનું બાકી રહ્યું નથી, તેઓ તો હર્ષ–શોકનું ભોક્તાપણું ટાળીને સર્વથા અભોક્તા સાક્ષીસ્વરૂપ જ થઈ ગયા છે. અને અજ્ઞાની એકાંત ભોકતાપણામાં જ અટકયો છે. સાધકને અંશે અભોકતાપણું તેમ જ ભોકતાપણું ઊભું છે, તેથી તે પ્રમાણપૂર્વકના નયવડે તેનું જ્ઞાન કરે છે ને શુદ્ધ આત્માને સાધે છે. તે એકલા હર્ષ–શોકના વેદનારી મુખ્યતા થવા દેતો નથી પણ આખી ચૈતન્ય વસ્તુની સન્મુખ થઈને તેનો સાક્ષી રહે છે ને તે હર્ષ–શોકના વેદનને ટાળીને અભોક્તાપણું વધારતો જાય છે.

શ્રેણિકરાજા ક્ષાયિકસમ્યગ્દષ્ટિ છે, તેઓ અત્યારે નરકમાં છે, ત્યાં તેમને શોકનું વેદન પણ થાય છે, છતાં તે જ વખતે અંતરમાં ભાન છે કે મારો જ્ઞાનાનંદસ્વભાવ છે તે હર્ષ–શોકનો ભોક્તા નથી; આવા ભાનને લીધે શોક વખતે પણ આત્માની અતીન્દ્રિય શાંતિના અંશનું વેદન પણ ભેગું જ વર્તે છે.–આવી સાધકની દશા છે. ભોકતાપણું અને તે જ વખતે તેનું સાક્ષીપણું–એ બંને જો ભેગાં ન હોય તો કાં કેવળી હોય ને કાં અજ્ઞાની હોય. કેવળીભગવાનને હર્ષ–શોકનું ભોક્તાપણું સર્વથા ટળીને એકલું સાક્ષીપણું જ રહ્યું છે, અજ્ઞાનીને એકલું હર્ષશોકનું ભોકતાપણું વર્તે છે ને સાક્ષીપણું નથી. અજ્ઞાનીના આત્મામાં પણ અભોક્તારૂપ સાક્ષીસ્વભાવ તો છે પણ અજ્ઞાનીને તેની ખબર નથી તેથી તેને પર્યાયમાં સાક્ષીપણાનું પરિણમન થતું નથી. સાધકજીવ અભોકતાસ્વભાવને જાણતો થકો હર્ષ–શોક વખતે ય તેના સાક્ષીપણે પરિણમે છે.

—અહીં ૪૧મા અભોકતૃનયથી આત્માનું વર્ણન પૂરું થયું.

# ક્રિયાનયે આત્માનું વર્ણન
## [૪૨]

[પંચાસ્તિકાયની ૧૭૨મી ગાથામાં કહેલા નિશ્ચય-વ્યવહારનો ખુલાસો પણ આમાં આવી જાય છે.]

'આત્મદ્રવ્ય ક્રિયાનયે અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે.' જેમ કોઈ અંધપુરુષને પત્થરના થાંભલા સાથે માથું ફોડવાથી માથામાંના લોહીનો વિકાર દૂર થવાને લીધે આંખો ખૂલી જાય અને નિધાન પ્રાપ્ત થાય, તેમ ક્રિયાનયે અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ થાય એવો આત્મા છે.

અહીં ક્રિયાનયમાં અનુષ્ઠાનની પ્રધાનતા કહી છે, ને હવે ૪૩મા જ્ઞાનનયમાં વિવેકની પ્રધાનતા કહેશે; આચાર્યદેવે આ ૪૨ અને ૪૩મા નયોમાં 'પ્રધાનતા' શબ્દ વાપર્યો છે, તે એમ બતાવે છે કે ગૌણપણે બીજું પણ વર્તે છે; અહીં ૪૨મા ક્રિયાનયમાં અનુષ્ઠાનની એટલે કે શુભની પ્રધાનતા કહી છે તે એમ બતાવે છે કે ગૌણપણે તે જ વખતે સમ્યગ્જ્ઞાનનો વિવેક પણ વર્તે છે. શુભરાગની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એમ ક્રિયાનયથી કહ્યું તે જ વખતે, ગૌણપણે શુદ્ધતા છે તેનું જ્ઞાન ભેગું હોય તો જ, ક્રિયાનય સાચો કહેવાય. શાસ્ત્રમાં કયાંક વ્યવહારની પ્રધાનતાનું કથન આવે ત્યાં અજ્ઞાની જીવો તેનો ઉંધો અર્થ કરે છે કે વ્યવહાર (શુભરાગ) કરતાં કરતાં તેના આશ્રયે પરમાર્થની પ્રાપ્તિ થઈ જશે.—પરંતુ શાસ્ત્રનો—એવો આશય નથી.

**આશંકા :—**પંચાસ્તિકાયની ૧૭૨મી ગાથામાં તો એમ કહ્યું છે કે ભિન્ન સાધ્યસાધનરૂપ વ્યવહારને ન માને તો મિથ્યાદૃષ્ટિ છે-તેનો અર્થ શું છે?

**સમાધાન :—**સાધક અવસ્થામાં શુદ્ધતાના અંશની સાથે ભૂમિકા પ્રમાણે શુભરાગ પણ આવે છે તેનું ત્યાં જ્ઞાન કરાવ્યું છે, અને ઉપચારથી તે રાગને વ્યવહાર સાધન કહ્યું છે. તે વ્યવહારના આશ્રયે નિશ્ચય પમાય એવો તેનો આશય નથી પણ સાધકને તે બંને સાધન એક સાથે વર્તે છે તેનું જ્ઞાન કરાવવા માટે તે કથન છે. સાધકને તે બંને વર્તે છે એમ ન માને તો તે મિથ્યાદૃષ્ટિ છે એમ સમજવું. પણ રાગાદિ વ્યવહારસાધનના અવલંબનથી નિશ્ચય સાધન પમાઈ જશે એમ ન સમજવું. જેને નિશ્ચયનું ભાન નથી, અને ભિન્ન સાધ્ય—સાધનને પણ માનતો નથી, સ્વછંદપણે પાપમાં પ્રવર્તે છે, એવા જીવને મિથ્યાદૃષ્ટિ કહ્યો છે. અને સાથે સાથે ત્યાં જ એમ પણ કહ્યું કે જે નિશ્ચયને તો જાણતા નથી ને કેવળ વ્યવહારઅવલંબી છે તે એકલા ભિન્ન સાધ્યસાધન ભાવને જ અવલોકનારા સદા ખેદખીન્ન વર્તે છે ને શુભરાગરૂપ વ્યવહાર સાધનમાં જ વર્તે છે તે જીવો દર્શન—જ્ઞાન—ચારિત્રની એકતા પરિણતિરૂપ જ્ઞાનચેતનાને કોઈ કાળે પામતા નથી, પણ ક્લેશની પરંપરાને પામીને સંસારમાં જ ભ્રમણ કરે છે.

પંચાસ્તિકાયની ગાથા આ પ્રમાણે છે :—

**तह्मा णिव्वुदिकामो रागं सवत्थ कुणदि मा किंचि।**
**सो तेण वीदरागो भवियो भवसायरं तरदि ॥**

—એટલે કે, રાગ તે સાક્ષાત્ મોક્ષના અંતરાયરૂપ છે માટે જે મોક્ષના કામી છે તે સર્વત્ર કિંચિત્ પણ રાગ ન કરો, જેથી તે ભવ્ય વીતરાગ થઈને ભવસાગરને તરી જાય છે. એમ કહીને ત્યાં વીતરાગતાનું જ તાત્પર્ય બતાવ્યું છે. મૂળસૂત્રમાં એકદમ વીતરાગતાની વાત કરી, પણ હજી સાધકને રાગ તો થાય છે તેથી, ટીકામાં આચાર્યદેવે ભિન્ન સાધ્યસાધનની વાત કરીને તે રાગનું જ્ઞાન કરાવ્યું છે. 'ક્યાંય જરા પણ રાગ ન કર'—એમ કહ્યું, પણ સાધકને રાગ તો થાય છે તેનું શું? તો કહે છે કે તે રાગને ભિન્ન સાધન માન, એટલે કે આત્માના વીતરાગી રત્નત્રયરૂપ જે પરમાર્થ સાધન છે તેનાથી તે રાગને ભિન્ન જાણ.

પહેલાં તો વીતરાગતા તે જ તાત્પર્ય છે—એ વાત સ્થાપીને પછી રાગનું જ્ઞાન કરાવવા તેને ભિન્ન સાધન કહ્યું છે; 'ભિન્નસાધન' કહેતાં જ તે ખરું સાધન નથી એમ તેમાં આવી જાય છે. સાક્ષાત્ કારણ તો વીતરાગભાવ જ છે. નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ જે વીતરાગભાવ છે તે જ મોક્ષનું કારણ છે, રાગ તો અંતરમાં દાહને ઉત્પન્ન કરનાર છે. જેમ ચંદનનો સ્વભાવ તો સુગંધી અને શીતળ છે, પણ તે ચંદનના વનમાં અગ્નિ પ્રવેશ કરતાં દાહ ઉત્પન્ન કરે છે, તેમ વીતરાગભાવરૂપ જે ચંદનવન, તેમાં રાગરૂપી અગ્નિદાહ (બળતરા) ઉત્પન્ન કરે છે; માટે 'ઉત્તમ પુરુષોએ' તે રાગને તાત્પર્ય ન માનવું પણ તેને હેય જાણવો, અને વીતરાગભાવને જ તાત્પર્ય માનવું. તથા તે વીતરાગભાવ શુદ્ધ આત્મદ્રવ્યના અવલંબનથી થાય છે માટે શુદ્ધ આત્મા જ ઉપાદેય છે—એમ જાણવું. સાધકને વચ્ચે રાગ આવ્યા વિના રહેતો નથી, પણ તેને ભિન્નસાધન કહીને સ્વભાવથી જુદો બતાવ્યો છે. રાગને જે તાત્પર્ય માને છે તે 'ઉત્તમપુરુષ' નથી એટલે કે સમ્યગ્દષ્ટિ નથી, પણ પામર-મિથ્યાદષ્ટિ છે.

ચૈતન્યસ્વભાવની જે શાંત-અનાકુળ અમૃતધારા વહે છે તેમાં વચ્ચે રાગ થયો તે તો ઉલટી દશા છે—આકુળતા છે—અશાંતિ છે. અહો! અંતરમાં વીતરાગી આનંદથી ભરેલું આખું ચૈતન્યપૂર વહી રહ્યું છે, તેમાં રાગના અંશથી લાભ થાય એમ માનવું તે વિપરીતતા છે. જેણે આખા ચૈતન્યપૂરનો અનાદર કરીને રાગનો સત્કાર કર્યો તે ક્લેશ પામીને સંસારમાં જ રખડશે. આત્માના અરાગી સ્વભાવમાં રાગથી જેણે લાભ માન્યો તેણે ચંદનના વનમાં આગ લગાડવા જેવું કર્યું છે. રાગને વ્યવહારસાધન કહ્યું—પણ ક્યારે? કે અંતરમાં નિશ્ચયસાધન વર્તી રહ્યું છે ત્યારે. રાગ આવ્યો તેને વ્યવહાર કહેનાર કોણ છે?—આરોપ કરનાર કોણ છે? જ્યારે ત્રિકાળી ચૈતન્યપૂરની દૃષ્ટિથી વીતરાગી પરમાર્થ સાધન પ્રગટ્યું છે ત્યારે સાથે વર્તતા રાગમાં ઉપચાર કરીને તેને વ્યવહારસાધન કહ્યું છે. જ્યાં ત્રિકાળી ચૈતન્યસ્વભાવની દૃષ્ટિ નથી ત્યાં રાગને વ્યવહારસાધન પણ કહેતા નથી. આ રીતે રાગને વ્યવહારસાધનપણાનો આરોપ પણ નિશ્ચયદૃષ્ટિવંત સમકીતિને જ લાગુ

પડે છે, મિથ્યાદૃષ્ટિ ને નહીં. જ્યાં રાગને વ્યવહાર સાધન કહ્યું ત્યાં પણ, શુદ્ધ દ્રવ્યના આશ્રયે જે વીતરાગભાવ થાય તે જ તાત્પર્ય છે, જે રાગ રહ્યો છે તે તાત્પર્ય નથી. માટે આચાર્યભગવાન કહે છે કે મોક્ષમાર્ગનો સાર, અને શાસ્ત્રના તાત્પર્યભૂત, એવો વીતરાગસ્વભાવ જયવંત વર્તો! આ વીતરાગભાવ તે જ સાક્ષાત્ સાધન છે. અને તે વીતરાગભાવ વસ્તુસ્વભાવની દૃષ્ટિ વગર થતો નથી. વસ્તુસ્વભાવની દૃષ્ટિ રાખીને જ બધી વાત છે, વસ્તુસ્વભાવમાં દૃષ્ટિ નહિ જામે તો કાંઈ હાથ આવે તેમ નથી.

અહીં ૪૨મા ક્રિયાનયમાં અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધ થવાનું કહ્યું છે તેની સાથે સંધિવાળી આ વાત છે તેથી અહીં તેનું વિવેચન કર્યું છે. શુભરાગરૂપ અનુષ્ઠાનની પ્રધાનતાથી આત્માની સિદ્ધિ સધાય—એમ ક્રિયાનયમાં વ્યવહારની વાત કરી છે,—પણ ઉપર પ્રમાણે વીતરાગીતાત્પર્ય લક્ષમાં રાખીને એટલે કે વસ્તુસ્વભાવ ઉપર દૃષ્ટિ રાખીને તેનું તાત્પર્ય સમજે તો જ ક્રિયાનય સાચો કહેવાય. જો રાગના જ આશ્રયથી લાભ માની લ્યે તો તેને ક્રિયાનય પણ સાચો નથી.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગનું વર્ણન ચાલતું હોય ત્યાં, પૂર્ણ શુદ્ધતારૂપ મોક્ષ તે સાધ્ય છે ને અધૂરી શુદ્ધ પર્યાયરૂપ મોક્ષમાર્ગ તેનું સાધન છે. તે અધૂરીદશાની સાથે રાગ પણ વર્તે છે માટે તે અધૂરી પર્યાયને જાણતાં રાગને પણ જાણવો જોઈએ. દ્રવ્યદૃષ્ટિના વિષયમાં તો શુદ્ધ એકાકાર આત્મદ્રવ્ય જ સાધ્ય છે; અને જ્ઞાનપ્રધાન અધિકારમાં પૂર્ણ શુદ્ધપર્યાયને પણ સાધ્ય કહેવાય છે, અધૂરી શુદ્ધપર્યાય તેનું સાધન છે, અને ત્યાં વ્યવહારરત્નત્રયનો જે શુભરાગ વર્તે છે તેને પણ ઉપચારથી સાધન કહેવાય છે; કેમ કે સાધકને નિશ્ચય—વ્યવહાર બંને સાથે હોય છે તે બતાવવું છે. સાધકને રાગનું પરિણમન પણ છે, જો ન હોય તો સાધક ન રહે, અને તે જ વખતે જો અવિકારી જ્ઞાનચેતનાનું પરિણમન ન હોય તો પણ સાધકપણું ન રહે. પૂર્ણ શુદ્ધતા નથી થઈ પણ કંઈક અંશે શુદ્ધતા ઉઘડી છે, ને તેની સાથે કંઈક રાગાદિ અશુદ્ધ અંશ પણ વર્તે છે, જો તે રાગને ન જ જાણે ને શુદ્ધતાના અંશને આખી શુદ્ધતા માની લ્યે, તો તેને મોક્ષની, સાધકભાવની કે બાધક ભાવની ઓળખાણ નથી. સાધકને જેટલી શુદ્ધતા પ્રગટી છે તે નિશ્ચય સાધન છે ને તે નિર્જરાનું કારણ છે, તથા જે રાગ રહ્યો છે તેને વ્યવહારસાધન કહ્યું છે તે ખરેખર મોક્ષનું કારણ નથી પણ બંધનું જ કારણ છે. અંશે શુદ્ધતા અને અંશે રાગ—એમ સાધકને બંને ભાવો એક સાથે હોય છે. નિશ્ચયસાધન પ્રગટ કરે નહિ ને એકાંત રાગને જ સાધન માનીને તેનાથી લાભ માને તો તે એકલા બંધભાવમાં જ પડેલો મિથ્યાદૃષ્ટિ છે—એમ જાણવું.

પરમશુદ્ધ નિશ્ચયનયથી એટલે કે દ્રવ્યદૃષ્ટિથી તો, શુદ્ધ દ્રવ્ય જે કારણ પરમાત્મા છે તે જ મોક્ષનું નિશ્ચય કારણ છે ને તે જ સાધ્ય છે. જ્ઞાનપ્રધાન કથનમાં, જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ શુદ્ધપર્યાયરૂપ થઈ તે નિશ્ચય કારણ છે અને જે શુભરાગ રહ્યો તે ઉપચારથી વ્યવહાર કારણ છે. આ રીતે ત્રણ પ્રકારનાં કારણ થયાં—

(૧) શુદ્ધદ્રવ્ય કારણપરમાત્મા

(૨) સમ્યગ્દર્શનાદિ શુદ્ધપર્યાય

(૩) સાધકદશામાં વર્તતો શુભરાગ

નિશ્ચયસ્વભાવ એક સમયમાં પરિપૂર્ણ છે તેને સાધન બનાવીને, એટલે કે તેનો આશ્રય કરીને જે નિશ્ચય-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટયા તે મોક્ષનું નિશ્ચયસાધન છે ને તેની સાથેના રાગમાં ઉપચાર કરીને તેને વ્યવહાર સાધન કહેવાય છે. સમ્યગ્દર્શનમાં ધ્યેયરૂપ તો શુદ્ધદ્રવ્ય જ છે એટલે તે જ સાધ્ય છે. પર્યાય અપેક્ષાએ મોક્ષ સાધ્ય છે, પરંતુ તે મોક્ષનું સાધન પણ દ્રવ્યના જ આશ્રયે થાય છે. દ્રવ્યનું અવલંબન કરતાં જે નિર્મળ પર્યાય પ્રગટી તે પર્યાય દ્રવ્યમાં જ એકાગ્ર થઈ ગઈ, એટલે દ્રવ્યની દૃષ્ટિમાં સાધન ને સાધ્યનો ભેદ રહેતો નથી, દ્રવ્ય જ સાધન છે ને દ્રવ્ય જ સાધ્ય છે,—સાધ્ય-સાધનના ભેદનો વિકલ્પ પણ દૃષ્ટિમાં નથી. આત્મામાં એક કારણશક્તિ ત્રિકાળ છે, એટલે આત્મા પોતે જ સમ્યગ્દર્શનથી માંડીને મોક્ષદશાનું સાધન થાય છે એવો તેનો સ્વતંત્ર સ્વભાવ છે. અભેદ અપેક્ષાએ આત્મા પોતે જ સાધ્ય—સાધન છે. પર્યાય અપેક્ષાએ મોક્ષ તે સાધ્ય, ને નિર્વિકલ્પ રત્નત્રય તે સાધન છે, તથા વ્યવહાર રત્નત્રય તે ઉપચારથી સાધન છે, પરને સાધન કહેવું તે નિમિત્તની અપેક્ષાએ કથન છે, પરનો તો આત્મામાં અભાવ છે. શુદ્ધ દ્રવ્યની અપેક્ષાએ તો નિશ્ચયરત્નત્રય તે પણ વ્યવહાર સાધન છે. નિશ્ચયરત્નત્રય પણ દ્રવ્યના જ આશ્રયે પ્રગટે છે માટે દ્રવ્ય જ નિશ્ચયકારણ છે. 'સાધન'ના નામે લોકો બહુ ગોટા વાળે છે; જડની ક્રિયા અથવા તો શુભરાગ તે સાધન તો છેને?—એમ કહે છે. પણ અરે ભાઈ! જેને પરમાર્થ સાધનની ખબર નથી તેના રાગાદિને તો ઉપચારથી પણ સાધન કહેવાતું નથી; તેના શુભરાગને તો ક્લેશની પ્રાપ્તિનું અને સંસારમાં પરિભ્રમણનું કારણ આચાર્યોએ કહ્યું છે. આ સમજે તો શાસ્ત્રનો મર્મ સમજાય.

શાસ્ત્રોનું તાત્પર્ય શું છે?

—વીતરાગતા.

તે વીતરાગતા કેમ પ્રગટે?

—શુદ્ધદ્રવ્યના આશ્રયે જ વીતરાગતા પ્રગટે.

માટે શુદ્ધદ્રવ્યનો આશ્રય કરવો તે જ શાસ્ત્રોનો સાર થયો. શાસ્ત્ર ભણી ભણીને, જો શુદ્ધદ્રવ્ય તરફ ન વળે તો તેણે શાસ્ત્રનું તાત્પર્ય જાણ્યું નથી. ભલે કયાંક વ્યવહારથી રાગને સાધન કહ્યું, પણ ત્યાં તાત્પર્ય શું છે?—રાગનું તાત્પર્ય છે કે વીતરાગતાનું? રાગને તો 'ભિન્નસાધન' કહ્યું તો તે વખતે 'અભિન્નસાધન' શું છે? શુદ્ધદ્રવ્યસ્વભાવનો આશ્રય કરીને જે નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટયા તે અભિન્ન સાધન છે—તે જ પરમાર્થસાધન છે, પણ હજી સાધકને તેની સાથે વિકલ્પ પણ વર્તે છે તેનું જ્ઞાન કરાવવા માટે તેને વ્યવહારસાધન અથવા ભિન્નસાધન કહ્યું છે. પરંતુ, તે શુભરાગ છે માટે અરાગી સમ્યક્ત્વાદિ છે—એમ નથી. રાગ કારણ અને વીતરાગતા તેનું કાર્ય—એમ નથી. રાગને લીધે જો મોક્ષમાર્ગ હોય તો રાગ અને મોક્ષમાર્ગ બંને એક થઈ જાય છે, એટલે રાગરહિત નિશ્ચય-મોક્ષમાર્ગ જુદો રહેતો નથી, તેનો તો અભાવ થઈ જાય છે. આ રીતે

રાગથી મોક્ષમાર્ગ માને તેની પર્યાયમાં રાગરહિત એવા રત્નત્રયરૂપ મોક્ષમાર્ગનો અભાવ થઈ જાય છે. નિશ્ચયરત્નત્રયરૂપ વીતરાગી મોક્ષમાર્ગ છે તેની સાથેના રાગને ઉપચારથી જ સાધન કહ્યું છે, ખરેખર તો રાગ તે બંધમાર્ગ જ છે.

વળી નિશ્ચયરત્નત્રયરૂપ જે મોક્ષમાર્ગ છે તે પણ પર્યાયના આશ્રયથી પ્રગટતો નથી, પણ ત્રિકાળીદ્રવ્યના આશ્રયે પ્રગટે છે; તેથી મોક્ષમાર્ગનું મૂળ કારણ તો દ્રવ્ય છે. તેના જ આશ્રયે અભિન્ન સાધન-સાધ્ય પ્રગટી જાય છે.—આવો નિર્ણય કરીને દ્રવ્યના અવલંબને જેને નિશ્ચયસાધનની શરૂઆત થઈ તે પણ હજી દ્રવ્યનું પૂરું અવલંબન નથી તેથી રાગ પણ વર્તે છે, ત્યાં તેને ઉપચારથી સાધન કહેવાય છે. ગુરુગમે આ મૂળ વસ્તુને લક્ષમાં લીધા વગર શાસ્ત્રનું તાત્પર્ય સમજાય નહિ. અહીં ૪૨મા ક્રિયાનયમાં અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ થવાનું કહ્યું છે તેનો અર્થ કોઈ ઊંધો ન લ્યે તે માટે આ ચોખવટ થાય છે. પંચાસ્તિકાયની ૧૭૨મી ગાથામાં પણ વ્યવહારસાધનની વાત કરી છે તેનો કેટલાક લોકો ઊંધો અર્થ લ્યે છે તેથી તેનો પણ ખુલાસો અહીં આવી જાય છે.

(૧) ત્યાં તો, જે અજ્ઞાની વસ્તુસ્વભાવની દૃષ્ટિ કરતો નથી તેમ જ પર્યાયના રાગને જાણતો નથી ને સ્વચ્છંદપણે પાપમાં પ્રવર્તે છે—એવા એકાંત નિશ્ચયાભાસી જીવને બંને પડખાં સમજાવવા માટે વ્યવહારસાધનની વાત કરી છે.

(૨) પણ જે એકલા વ્યવહારસાધનને જ (—શુભઅનુષ્ઠાનને જ) સાધન માને છે ને દ્રવ્યસ્વભાવના અવલંબને નિશ્ચયસાધન પ્રગટ કરતો નથી તે જીવ એકાંત વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિ છે.

(૩) સાધક ધર્માત્માને પોતાના જ્ઞાનાનંદ સ્વભાવના અવલંબને સમ્યગ્દર્શનાદિ નિશ્ચયસાધન તો પ્રગટ્યું છે પણ હજી દ્રવ્યસ્વભાવનો પરિપૂર્ણ આશ્રય લઈને વીતરાગતા થઈ નથી એટલે રાગ થાય છે; ત્યાં શુભરાગ અશુભથી બચાવે છે તેથી તેને વ્યવહાર સાધન કહ્યું. રાગરહિત દૃષ્ટિનું જોર સાથે વર્તે છે તેથી તે શુભમાં વ્યવહારનો આરોપ આવ્યો.

(૪) અશુભથી બચવા માટે શુભ રાગ થાય છે એમ કહેવું તે પણ વ્યવહાર છે, ખરેખર તો તે વખતે તે શુભનો જ કાળ છે, અશુભ રાગ થવાનો હતો ને તેનાથી શુભરાગે બચાવ્યો—એમ નથી. તેમ જ તે શુભને સાધન કહ્યું માટે તેના વડે નિશ્ચય પ્રગટશે—એમ પણ નથી. જો રાગને ખરેખર નિશ્ચયનું સાધન માને તો તે મિથ્યાદૃષ્ટિ છે, ને મિથ્યાદૃષ્ટિના રાગને તો વ્યવહારસાધન પણ કહેવાતું નથી.

અહીં તો સાધકની વાત છે; સાધકને સ્વભાવની દૃષ્ટિ છે ને દ્રવ્યનો આશ્રય પૂરો નથી ત્યાં દેવ–ગુરુ–શાસ્ત્ર પ્રત્યે બહુમાનનો ઉલ્લાસ તેમ જ વ્રતાદિનો ભાવ આવે છે પણ અંતરની દૃષ્ટિમાં ખરેખર જ્ઞાનાનંદસ્વભાવ સિવાય કોઈનું બહુમાન નથી. સ્વભાવમાં તદ્દન અભેદતા થઈ જાય તો દ્રવ્ય અને મોક્ષપર્યાય વચ્ચે ભેદ રહે નહિ, ને રાગ પણ ન રહે. હજી સ્વભાવમાં તદ્દન અભેદતા થઈ નથી તેથી નીચલી દશામાં રાગ થાય છે—તેને જ્ઞાની જાણે છે, અને ક્રિયાનયથી તે રાગમાં

મોક્ષસાધનનો આરોપ પણ કરે છે. પણ તે ક્રિયાનય વખતે જ જ્ઞાનનયનું ભાન ભેગું વર્તે છે એટલે ચૈતન્યસ્વભાવનું અવલંબન રાખીને વ્યવહારના અવલંબનને (શુભઅનુષ્ઠાનને) ઉપચારથી સાધન કહ્યું છે; ચૈતન્યસ્વભાવના અવલંબન વગર એકલા વ્યવહારનું અવલંબન તે તો વ્યવહારે પણ સાધન નથી. રાગના કાળે ધર્મીને એકલો રાગ જ વર્તતો નથી, રાગના કાળે પણ દૃષ્ટિમાં તો શુદ્ધ ચૈતન્ય દ્રવ્યનો જ આશ્રય ઊભો છે એટલે રાગરહિત રમણતા પણ વર્તે છે, જો તેવી દશા ન હોય તો સાધકપણું રહેતું નથી.

જેમ આંકડા વગર ગમે તેટલા મીંડાં મૂકે તેની કિંમત શૂન્ય જ છે, તેમ જ્ઞાયકદ્રવ્ય....એક સમયમાં પરિપૂર્ણ પ્રભુતાથી ભરપૂર છે તેના આશ્રયે શ્રદ્ધા–જ્ઞાનના આંકડા મુકયા વિના વ્યવહારના બધા રાગ તે મીંડા સમાન છે,–તેમાં મોક્ષ સાધન જરા પણ નથી. જ્ઞાયક સ્વભાવને દૃષ્ટિમાં મોક્ષસાધનની શરૂઆત થઈ, ત્યાર પછી કઈ ભૂમિકામાં કેવો વ્યવહાર હોય તેને જ્ઞાની જાણે છે. જ્ઞાની જાણે છે કે એક સમયમાં પરિપૂર્ણ મારો જ્ઞાનાનંદસ્વભાવ છે તેના જ આશ્રયે મારું મોક્ષસાધન છે, રાગના આશ્રયે મારું મોક્ષસાધન નથી. શુદ્ધચૈતન્યદ્રવ્યમાં એકાગ્રતાથી જ નિર્વિકલ્પ શાંતદશા પ્રગટે છે; પરના આશ્રયે, રાગના આશ્રયે કે પર્યાયના આશ્રયે નિર્મળદશા પ્રગટતી નથી. માટે જ્ઞાયકદ્રવ્યને દૃષ્ટિમાં લઈને તેમાં એકાગ્ર થવું–એ જ ધર્મની મૂળ ચાવી (Master Key) છે, એના સિવાય બીજું જે કાંઈ ધર્મનું સાધન કહેવાતું હોય તે બધું ઉપચારથી છે–એમ સમજવું.

અહીં પ્રમાણપૂર્વકના નયોથી આત્માનું વર્ણન ચાલે છે, તેમાં અત્યારે 'ક્રિયાનય'થી વર્ણન ચાલે છે. આ નય પણ આત્મા તરફ વળીને આત્માના ધર્મને જાણે છે. ક્રિયાનયે અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ કહી તેનો અર્થ એમ છે કે, અંતરસ્વભાવના આશ્રયે સાધકને અંશે શુદ્ધતા ખીલી છે ને તેની સાથે શુભરાગરૂપ અનુષ્ઠાન પણ વર્તે છે, તે રાગને જાણતી વખતે, જે અરાગ પરિણમન છે તેને ગૌણ રાખીને, અનુષ્ઠાનની પ્રધાનતાથી કથન કર્યું છે ને તેમાં સાધનનો ઉપચાર કર્યો છે. તે વખતે સાધકને ભાન છે કે દ્રવ્યની પ્રધાનતાથી જ મુક્તિ છે. સાધકની દૃષ્ટિમાં નિરંતર શુદ્ધદ્રવ્યની જ પ્રધાનતા વર્તે છે. દૃષ્ટિમાંથી કોઈ પણ વખતે જો દ્રવ્યની પ્રધાનતા છૂટીને પર્યાયની કે રાગની મુખ્યતા થઈ જાય તો ત્યાં સમ્યગ્દર્શન પણ રહેતું નથી. માટે શુદ્ધસ્વભાવની દૃષ્ટિ સળંગપણે એકધારી રાખીને જ આ બધી વાત છે. ક્રિયાનયમાં અનુષ્ઠાનની પ્રધાનતા વખતે શુદ્ધતાની ગૌણતા છે, પરંતુ દૃષ્ટિમાં તો તે વખતેય શુદ્ધચૈતન્ય સ્વભાવની જ મુખ્યતા છે.

જેમ બારભાવનાને સંવર કહ્યો; ત્યાં 'શરીરાદિ અનિત્ય છે, સંસાર આખોય અશરણ છે'—ઇત્યાદિ પ્રકારે બારભેદના અવલંબનમાં તો પરલક્ષ અને રાગ થાય છે, તે કાંઈ સંવર નથી; પણ તે વખતે અંતરમાં ચિદાનંદસ્વભાવની દૃષ્ટિ વર્તે છે ને તે દૃષ્ટિના જોરે રાગ તૂટીને વીતરાગતા વધતી જાય છે તે સંવર છે, ત્યાં નિમિત્તથી બારભાવનાને પણ સંવર કહ્યો છે. તેમ અહીં પણ વિકલ્પ તોડીને સ્વભાવનો આશ્રય કરવો તે જ સાચું મોક્ષસાધન છે, સ્વભાવમાં વળતાં પહેલાં શુભઅનુષ્ઠાનનો વિકલ્પ હતો તેને પણ આરોપથી સાધન કહી દીધું છે. પણ એવો આરોપ કોને

લાગુ પડે? કે તે રાગનો નિષેધ કરીને અભેદસ્વભાવ તરફ વળે તેને જ તેવો આરોપ લાગુ પડે. રાગના અવલંબનથી જ લાભ માનીને ત્યાં જે રોકાઈ જાય તેને તો રાગમાં સાધનનો આરોપ પણ લાગુ પડતો નથી. યથાર્થ વસ્તુ પ્રગટ્યા વિના આરોપ કોનો?

ક્રિયાનયના દૃષ્ટાંતમાં એમ કહ્યું હતું કે. આંધળાનું માથું પથ્થર સાથે ભટકાતાં, તેનો, 'લોહીનો વિકાર દૂર થયો' ને તેની 'આંખો ખૂલી ગઈ' તથા તેને 'નિધાન મળ્યું.' એ ઉપરથી એકાંત પકડીને કોઈ આંધળો થાંભલા સાથે માથું ભટકાવે, તો તે કાંઈ નિધાનપ્રાપ્તિનો ઉપાય નથી, તેને તો માથું ફૂટીને લોહી નીકળે. ભાઈ! અંદરથી લોહીનો વિકાર દૂર થયો ત્યારે આંખો ખૂલી ને નિધાન મળ્યાં છે. તેમ અહીં અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધ થવાનું કહ્યું, તેથી કોઈ અજ્ઞાની જીવ એકાંત પકડીને શુભરાગના જ અવલંબનથી દૃષ્ટિ ખૂલી જવાનું ને ચૈતન્યનિધાન પ્રાપ્ત થવાનું માને, તો તેને મોક્ષનું સાધન થતું નથી પણ મિથ્યાત્વનું સેવન થઈને સંસાર ભ્રમણ જ થાય છે. આંધળાને લોહીનો વિકાર દૂર થયો ત્યારે દૃષ્ટિ ખૂલીને નિધાન મળ્યાં છે, તેમ હે ભાઈ! તું રાગાદિ વિકારની રુચિ છોડ ને શુદ્ધચૈતન્યદ્રવ્યનો આશ્રય કર, તો તેના આશ્રયે તારી દૃષ્ટિ ખૂલે ને તને તારા ચૈતન્યનિધાન દેખાય. આંધળાને ખરેખર તો લોહીનો વિકાર ટળવાથી આંખો ખૂલીને નિધાન મળ્યું, ત્યારે થાંભલા સાથે માથું ભટકાવાનો પણ નિમિત્ત તરીકે તેનું કારણ કહ્યું છે, તેમ સ્વભાવના આશ્રયે 'રાગની રુચિ રૂપી વિકાર ટળીને' 'અરાગી દૃષ્ટિ ખૂલતાં' ચૈતન્યનાં નિધાન દેખાયાં', ત્યાં શુભઅનુષ્ઠાનને પણ નિમિત્ત તરીકે ઉપચારથી સાધન કહ્યું, એમ જાણવું તે ક્રિયાનય છે. ખરેખર દ્રવ્યના આશ્રયે જ દૃષ્ટિ ખૂલે છે, રાગના અવલંબને દૃષ્ટિ ખૂલતી નથી, આવા જ્ઞાનવગર ક્રિયાનય પણ સાચો હોતો નથી.

નય વખતે પ્રમાણ ભેગું જ હોય છે; જો પ્રમાણ ન હોય તો નય સાચો નથી. ક્રિયાનયે અનુષ્ઠાનની પ્રધાનતા કરીને તેને સાધન કહ્યું, તે જ વખતે અભેદ સ્વભાવના આશ્રયે રાગરહિત શુદ્ધતાનો અંશ પ્રગટ્યો છે—તે નિશ્ચય સાધન છે, તેનું જ્ઞાન પણ ભેગું વર્તે છે. જો તેમ ન હોય તો પ્રમાણ થતું નથી. વ્યવહાર સાધન વખતે દ્રવ્યના આશ્રયવાળું નિશ્ચયસાધન પણ છે, જો નિશ્ચયસાધનને ન જાણે ને એકલા રાગથી—વ્યવહારસાધનથી જ કલ્યાણ માને તો એકાંત મિથ્યાત્વ થઈ જાય છે.

પ્રવચનસારના આ પરિશિષ્ટમાં (૪૩૮મા પાને) શરૂઆતની ભૂમિકામાં જ કહ્યું છે કે આત્મા પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે જણાય છે. અને છેલ્લે (૪૪૮મા પાને) પણ કહેશે કે સ્યાદ્વાદઅનુસાર નયોવડે જુઓ કે પ્રમાણ વડે જુઓ તો પણ સ્પષ્ટ અનંતધર્મોવાળું નિજ આત્મદ્રવ્ય અંદરમાં શુદ્ધ ચૈતન્યમાત્ર દેખાય છે. કોઈપણ નયથી જોવાનું તાત્પર્ય શુદ્ધચૈતન્યદ્રવ્યને જાણવું તે જ છે. ક્રિયાનયનું ફળ પણ એ જ છે કે અંતરમાં રાગથી પાર શુદ્ધચૈતન્યસ્વભાવને દેખવો. એકલા શુભરાગને જ જુએ ને શુદ્ધચૈતન્યસ્વભાવને તે જ વખતે દૃષ્ટિમાં ન દેખે તો તેનો ક્રિયાનય પણ મિથ્યા છે.

વસ્તુસ્વરૂપ પોતે જ એવો પોકાર કરે છે કે અમે એક સમયમાં અનંતધર્મથી ભરપૂર છીએ;

ક્ષણિક રાગ જેટલા જ અમે નથી, અનંત ધર્મોથી ભરેલી અમારી ચૈતન્યપ્રભુતા છે. આવી ચૈતન્ય વસ્તુને જાણીને તેનો સ્વાનુભવ કરે તો 'આત્મા કોણ છે' તે જણાય, અને તેની પ્રાપ્તિનો ઉપાય હાથ આવે. અહીં એકેક ધર્મની મુખ્યતાથી વર્ણન કર્યું છે, પણ એક ધર્મની મુખ્યતા વખતે અનંતધર્મવાળી ચૈતન્યવસ્તુને સાથે લક્ષમાં રાખીને આ વાત સમજવાની છે.

ભગવાન આત્મા જડથી ભિન્ન ચૈતન્યમૂર્તિ છે, તેમાં એક સાથે અનંતધર્મોને ધારણ કરવાની તાકાત છે, તેમ જ જ્ઞાનમાં એક સાથે અનંતા ધર્મોને જાણવાની તાકાત છે, પણ છદ્મસ્થની વાણીમાં એક સાથે અનંત ધર્મો કહી શકાતા નથી. કેવળીભગવાનને વાણી સાથે એવો નિમિત્તનૈમિત્તિક સંબંધ છે કે વાણીમાં પણ એક સાથે પૂરું આવે છે; પરંતુ છદ્મસ્થને એવો નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે કે વાણીમાં પણ એક સાથે પૂરું નથી આવતું. સાધકને પ્રતીતમાં તો પૂરું આવ્યું છે પણ હજી જ્ઞાન પૂરું ખીલ્યું નથી એટલે નિમિત્તપણે વાણીમાં પણ પૂરું આવતું નથી.—ભલે ઓછું આવે પણ તેમાં વિપરીતતા આવતી નથી. જ્ઞાની હોવા છતાં વાણીનો યોગ ન હોય એમ બને, પણ જો વાણી હોય તો તેમાં યથાર્થ પ્રરૂપણા જ આવે, પ્રયોજનભૂત તત્ત્વોની વિપરીત પ્રરૂપણા આવે જ નહિ—એવો નિયમ છે. પ્રગટપણે જેની વાણીમાં મૂળતત્ત્વોની વિપરીત પ્રરૂપણા આવે છે તે તો મિથ્યાદૃષ્ટિ જ છે એમ જાણવું. અજ્ઞાનીને જ્ઞાનનો ઉઘાડ ગમે તેટલો હોય તો પણ તેનું બધું જ્ઞાન મિથ્યા જ છે કેમ કે તેણે મૂળવસ્તુને જાણી નથી; ને જ્ઞાનીને જ્ઞાનનો ઉઘાડ કદાચ ઓછો હોય તો પણ તેનું બધું જ્ઞાન સમ્યક્ છે કેમકે મૂળભૂત ચૈતન્યવસ્તુને યથાર્થપણે સ્વાનુભવથી તેણે જાણી છે. માટે અંતરમાં આનંદસ્વભાવથી ભરેલી ચૈતન્યવસ્તુને જ્ઞાનમાં લેવાનો મૂળભૂત પ્રયત્ન કરવો તે જ કર્તવ્ય છે.

અહીં આચાર્યદેવ જિજ્ઞાસુ જીવને આત્માનું સ્વરૂપ સમજાવે છે. જેને આત્માનું સ્વરૂપ સમજવાની ખરી જિજ્ઞાસા જાગી છે એવા આત્માર્થીને આ વાત ન સમજાય—એમ બને નહિ. આત્મામાં અનંતા ધર્મો છે તે બધાય ચૈતન્ય સામાન્ય વડે વ્યાપ્ત છે, એટલે તેના કોઈપણ ધર્મને જાણતી વખતે ચૈતન્યસામાન્યનું ભાન રહેવું જ જોઈએ. એક સમયમાં અનંતધર્મોવાળો આત્મા છે તે ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત છે, એટલે આત્મા જાગૃત સ્વભાવવાળો છે. નય હો કે પ્રમાણ હો, તે બંનેમાં આવી જાગ્રત ચૈતન્યસત્તાને દેખવી તે જ પ્રયોજન છે. સ્વાનુભવપ્રમાણ વડે અનંતધર્મવાળા આત્માને જાણ્યા પછી તેના એકેક ધર્મનું જ્ઞાન કરવું તે નય છે. નયથી એકેક ધર્મનું જ્ઞાન કરીને પછી તે બધા નયોનું જ્ઞાન એકઠું થઈને પ્રમાણ થાય છે—એમ નથી, પણ અનંત ધર્મથી અભેદરૂપ એવી ચૈતન્યવસ્તુને જાણતાં જે પ્રમાણજ્ઞાન થયું, તે પ્રમાણપૂર્વક વસ્તુના એક ધર્મને પ્રધાન કરીને જાણે તે નય છે. ક્ષણિકપર્યાયનો વિકાર, અને તે જ વખતે અનંતધર્મસ્વરૂપ એવું શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય—એમ બંનેનું અસ્તિત્વ જાણતાં પ્રમાણજ્ઞાન થઈને આત્માનો સ્વાનુભવ થાય છે. જે જ્ઞાને ક્ષણિક રાગને અને ત્રિકાળી શુદ્ધ દ્રવ્યને—બંનેને જાણ્યા તે જ્ઞાન ત્રિકાળી શુદ્ધ દ્રવ્યનો જ મહિમા કરીને તેની સન્મુખ એકાગ્ર થઈ જાય છે એટલે શુદ્ધઆત્માનો સ્વાનુભવ થાય છે. પ્રમાણજ્ઞાનપૂર્વક આવો સ્વાનુભવ થાય ત્યારે જ ખરેખર આત્માને જાણ્યો કહેવાય, અને પછી જ તેને સાચા નય હોય. પ્રમાણથી આત્માને જાણ્યા વગર એકલા રાગને જાણવા જાય તો તે રાગ સાથે એકત્વબુદ્ધિ થઈને

એકાંત થઈ જાય છે, તે મિથ્યાત્વ છે. ધર્મીને આખી આત્મવસ્તુનું જ્ઞાન હોવાથી રાગને જાણતી વખતે રાગ સાથે એકત્વબુદ્ધિ થતી નથી, પણ અનંતધર્મના પિંડરૂપ શુદ્ધચૈતન્ય સાથે જ એકત્વબુદ્ધિ રહે છે.

ધર્મી જાણે છે કે ક્રિયાનયથી જોતાં અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવો આત્મા છે. હજી પોતાની પર્યાયમાં વ્યવહારરત્નત્રય વગેરેનો શુભરાગ વર્તે છે,–શુદ્ધચૈતન્યસ્વભાવની દૃષ્ટિ થઈ છે તે તો સાથે છે જ, તે દૃષ્ટિપૂર્વક ઘણો રાગ તો ટળી ગયો છે, ને બાકી રહેલો રાગ પણ ક્રમેક્રમે ટળીને શુદ્ધતા થઈ જશે, તેથી ધર્મીના તે શુભઅનુષ્ઠાનને નિમિત્ત ગણીને તેની પ્રધાનતાથી સિદ્ધ થવાનું કહ્યું છે. આવો પણ આત્માનો એક ધર્મ છે—એમ, શુદ્ધઉપાદાન ઉપર દૃષ્ટિ રાખીને ધર્મીજીવ જાણે છે. સામાન્ય ચૈતન્યસ્વભાવ ઉપરની દૃષ્ટિને કાયમ રાખીને ધર્મીજીવ નયમાં ધર્મોને મુખ્ય–ગૌણ કરીને જાણે છે. અને એ જાણીને પણ વસ્તુની શુદ્ધતાને જ સાધે છે.

સાધકને શુભરાગ છે તે પણ આત્માની પર્યાયનો અંશ છે, અશુદ્ધનિશ્ચયથી તે રાગ આત્માનો છે. શુદ્ધનિશ્ચયરૂપ દ્રવ્યના આશ્રયે સાધક પોતાનું કલ્યાણ સાધી રહ્યો છે, ત્યાં અશુદ્ધનિશ્ચયરૂપ શુભ રાગને જાણતાં તેની પ્રધાનતાથી સિદ્ધિ થવાનું ઉપચારથી કહેવાય છે, કેમકે વીતરાગીદૃષ્ટિપૂર્વક તે શુભ વખતે અશુભરાગ ટળ્યો તે અપેક્ષાએ શુભને પણ સાધન કહી દીધું.–એવું નયવિવક્ષાનું કથન છે. પરંતુ—અંતરના શુદ્ધસ્વભાવની દૃષ્ટિ વગર એકલા શુભરાગથી સિદ્ધ થઈ જાય—એમ કદી બનતું નથી, એ મુખ્ય વાત ભૂલવી ન જોઈએ.

આત્માના પરમાર્થસ્વભાવનો આશ્રય લેવો તે જ સિદ્ધિનું સાધન છે, પણ સાધકને રાગ વખતે અશુભથી બચવા (અર્થાત્ અશુભવચનાર્થે) વ્યવહારરત્નત્રય વગેરેનો શુભરાગ હોય છે, તેથી ક્રિયાનયમાં વ્યવહાર પ્રધાનતાથી એમ પણ કહેવાય કે વ્યવહારરત્નત્રય તે સાધન ને નિશ્ચયરત્નત્રય તે સાધ્ય; ક્રિયાનયથી આવા ધર્મને જાણતી વખતે શુદ્ધચૈતન્ય દ્રવ્યના અવલંબને નિશ્ચય સાધનનું પરિણમન પણ ભેગું જ વર્તી રહ્યું છે. આ રીતે ક્રિયાનય, સાધકદશામાં નિશ્ચયસહિત વ્યવહારરત્નત્રય વર્તે છે. તેનું જ્ઞાન કરે છે. હવે પછીના બોલમાં જ્ઞાનનયથી વર્ણન કરશે.

શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મામાં અનંત ધર્મો છે. નય ભલે તે ધર્મોને મુખ્ય ગૌણ કરીને જાણે, પણ વસ્તુમાં કાંઈ તે ધર્મો મુખ્ય ગૌણપણે રહેલા નથી, વસ્તુમાં તો બધા ધર્મો એક સાથે રહેલા છે. શુદ્ધસ્વરૂપનું અવલંબન લઈને જ્યાં સાધકદશા પ્રગટી ત્યાં શુભરાગ હોય છે, ને રાગ ઘટતાં-ઘટતાં શુદ્ધઆત્મારૂપ નિધાનની પ્રાપ્તિ થઈ જાય છે, ત્યાં શુભની પ્રધાનતાથી સિદ્ધ થવાનું કહેવાય છે એવો પણ આત્માનો એક ધર્મ છે, ને તેને જાણનાર ક્રિયાનય છે. ક્રિયાનયમાં શુભની પ્રધાનતા કીધી ત્યાં તેની સાથે ગૌણપણે સમ્યક્ શ્રદ્ધા–જ્ઞાન–રમણતારૂપ શુદ્ધતા પણ પડી જ છે. જો તે શુદ્ધતા ન હોય ને એકલો શુભરાગ જ હોય તો તે શુભની 'પ્રધાનતા' કહેવાનું બની શકતું નથી. 'પ્રધાનતા' શબ્દ જ બીજાનું અસ્તિત્વ બતાવે છે. ક્રિયાનયથી શુભઅનુષ્ઠાનની પ્રધાનતા કરી તે વખતે જ બીજા અનંત ધર્મો આત્મામાં રહેલા છે. 'કોઈક આત્માને શુભરાગની પ્રધાનતાથી સિદ્ધિ

થાય ને બીજા કોઈક આત્માને જ્ઞાનની પ્રધાનતાથી સિદ્ધિ થાય'—એમ એકેક ધર્મ જુદા જુદા આત્માના નથી, પણ એક જ આત્મામાં એક સાથે આ ધર્મો રહેલાં છે. ક્રિયાનયથી જોતાં આત્માને શુભઅનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ થઈ એમ લક્ષમાં આવે છે. અહીં એકલા એકેક ધર્મને જાણવાનું તાત્પર્ય નથી, પણ અનંતધર્મના પિંડરૂપ ચૈતન્યવસ્તુનો યથાર્થ નિર્ણય કરીને તેનો સ્વાનુભવ કરવાનું તાત્પર્ય છે. એકેક ધર્મની પ્રધાનતાથી કહેવું તે વચન વિલાસ છે ને તેમાં રાગનો વિકલ્પ છે. એક ધર્મને લક્ષમાં લેતાં મુક્તિ નથી થતી, મુક્તિ તો અનંત ધર્મના પિંડરૂપ આત્મદ્રવ્યની સન્મુખ જોઈને તેમાં એકાગ્ર થવાથી જ થાય છે. આત્મા કાંઈ એક જ નયના વિષય જેટલો નથી, આત્મામાં તો અનંતધર્મો હોવાથી તે અનંત નયોનો વિષય થાય છે, એટલે અનંતનયસ્વરૂપ જે શ્રુતજ્ઞાન પ્રમાણ છે તેના વડે આત્માનો સ્વાનુભવ થાય છે. આવા પ્રકારે આત્માને જાણ્યા વિના એકલા ક્રિયાનયના વિષય જેટલો જ આત્મા માની લ્યે તો તે એકાંત છે. પ્રમાણ આખા આત્માને જુએ છે; ને નય તેના એકધર્મને પ્રધાન કરીને જુએ છે. પ્રમાણપૂર્વક જ નય હોય છે; સાથે રહેલા બીજા અનંતધર્મોને માન્યા વગર એકાંત એકધર્મને જ માને તો તે નય મિથ્યા છે. આ સંબંધમાં ૪૪૭મા પાને આચાર્યદેવ કહેશે કે 'પરસમયોનું એટલે કે મિથ્યામતીઓનું વચન સર્વથા [એકાંત] કહેવામાં આવતું હોવાથી ખરેખર મિથ્યા છે; અને જૈનોનું એટલે કે સમ્યગ્દષ્ટિ—જ્ઞાનીનું વચન કવચિત્ (અપેક્ષા સહિત) કહેવામાં આવતું હોવાથી ખરેખર સમ્યક્ છે.'

**પ્રશ્ન :—**આત્માના અનંત ધર્મોમાંથી એક ધર્મને લક્ષમાં લઈને પુરુષાર્થ કરે તો?

**ઉત્તર :—**અનંતધર્મ પિંડરૂપ ધર્મીને લક્ષમાં લીધા વગર તેના એક ધર્મનું પણ સાચું જ્ઞાન ન થાય, ને એકધર્મના લક્ષે મોક્ષનો પુરુષાર્થ ન થાય. એક ધર્મને યથાર્થપણે લક્ષમાં લેવા જાય ત્યાં ધર્મી એવું આત્મદ્રવ્ય લક્ષમાં આવી જાય છે, ને તે શુદ્ધચૈતન્યસ્વરૂપ આત્માના આશ્રયે સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગનો પુરુષાર્થ થઈ જાય છે. એકેક ધર્મના ભેદને જોતાં ધર્મનો વિકાસ થતો નથી, પણ અનંત ધર્મોથી અભેદ એવો આત્મા શુદ્ધચૈતન્ય સ્વરૂપ છે તેની સન્મુખ જોતાં બધાં ધર્મ નિર્મળપણે ખીલી જાય છે. અનંત ધર્મવાળું આખું દ્રવ્ય લક્ષમાં લઈને અનેકાન્ત—પ્રમાણ થયા વિના દ્રવ્યના એક અંશનું (—એકધર્મનું) જ્ઞાન પણ સાચું થતું નથી. જો પ્રમાણના વિષયરૂપ આખી વસ્તુને ઓળખે તો જ તેના અંશના જ્ઞાનને સાચો નય કહેવાય; પ્રમાણ વગર નય સમ્યક્ હોતો નથી. અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ થાય—એમ જ્યારે ક્રિયાનય જાણે છે ત્યારે તે નયની સાથેનું પ્રમાણજ્ઞાન અનંતધર્મવાળા શુદ્ધઆત્મદ્રવ્યને પણ જુએ છે. નય સાથે પ્રમાણજ્ઞાન છે તે એક ધર્મને જ નથી જોતું અનંત ધર્મોના પિંડરૂપ શુદ્ધચૈતન્યદ્રવ્યને જુએ છે. જો શુદ્ધઆત્મદ્રવ્યને ન જુએ ને એકલા રાગને જ જુએ તો ત્યાં પ્રમાણજ્ઞાન નથી પણ મિથ્યાજ્ઞાન છે, ને તેનો નય પણ મિથ્યા છે.

આ બધા ધર્મો કહ્યા તે દરેક અંશ છે, ને બધા ધર્મોનો ધરનાર તો ભગવાન આત્મા છે, ભાવશ્રુતપ્રમાણથી તે આત્માના જ્ઞાનપૂર્વક તેના એક ધર્મનું જ્ઞાન તે નય છે. જેમ સોનાની ઓળખાણપૂર્વક તેની પીળાશનું જ્ઞાન કરે તો તે સાચું છે, પણ સોનાના જ્ઞાન વગર એકલી પીળાશને

જાણવા જાય તો પીળું તો પીત્તળ વગેરે પણ છે,—માટે સોનાને જાણ્યા વિના તેની પીળાશનું જ્ઞાન પણ સાચું થતું નથી સોનું તે વસ્તુ છે ને પીળાશ તેનો એક ધર્મ છે. તેમ આત્મવસ્તુમાં અનંત ધર્મો છે તેના જ્ઞાનપૂર્વક એક ધર્મનું જ્ઞાન થાય છે, પણ આખા આત્માના લક્ષ વગર એક જ ધર્મ ઉપર વજન આપવા જાય તો ત્યાં મિથ્યાનય થઈ જાય છે.

જુઓ, 'જ્ઞાન તે આત્મા' એમ જ્ઞાનનો ભેદ પાડીને લક્ષમાં લ્યે, પણ જ્ઞાન તો બીજા આત્માઓમાં પણ છે એટલે તેમાં બીજા આત્માથી પોતાનું ભિન્નપણું તો લક્ષમાં ન આવ્યું, પણ 'જ્ઞાન કોનું?' કે મારું જ્ઞાન છે તે મારા આત્મા સાથે અભેદપણું ધરાવે છે,—એ રીતે જ્ઞાનને આત્મા સાથે અભેદ કરીને આત્માનું સ્વસંવેદન કરતાં આત્મા યથાર્થપણે જણાય છે. અને એ રીતે આત્માને જાણ્યા પછી તેના ધર્મોનું સાચું જ્ઞાન થાય છે. આખી ચીજના જ્ઞાન વગર 'આ અંશ આનો છે' એવું જ્ઞાન થાય નહિ. અંશ કોનો?—કટકો કોનો? કે આખી વસ્તુનો. તેમ આ ધર્મ કોનો? કે આખા આત્માનો; આ રીતે પ્રમાણથી આત્માને જાણ્યા વગર નય હોય નહિ. ધર્મીના જ્ઞાન વગર તેના ધર્મની સાચી ઓળખાણ થાય નહિ. ધર્મની ઓળખાણ વગર 'આ ધર્મ કોનો છે?' તેની ખબર પડે નહિ એટલે ત્યાં એકાંત મિથ્યાનય હોય છે. ધર્મીના લક્ષપૂર્વક (એટલે કે વસ્તુની દૃષ્ટિપૂર્વક) તેના કોઈ એક ધર્મને પ્રધાન કરીને જાણે તો તે સમ્યક્ નય છે.

એક આત્માને વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ થાય ને બીજા આત્માને વિવેક વગર શુભઅનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ થાય એમ નથી, પણ એક જ આત્મામાં બધા ધર્મો એક સાથે રહેલા છે. તેમાં નય એક ધર્મને મુખ્ય કરીને જુએ તે વખતે પ્રમાણરૂપ વસ્તુનું જ્ઞાન પણ ગૌણપણે રહેલું છે. એક ધર્મ એકલો રહેતો નથી પણ બીજા અનંતધર્મોની સાથે રહેલો છે, તેનું ભાન થયા વિના એક ધર્મનું જ્ઞાન સાચું થતું નથી.

'ક્રિયાનયે અનુષ્ઠાનની પ્રધાનતાથી જેની સિદ્ધિ સધાય છે એવું છે.'—એવું કોણ છે?—એવો એકધર્મ નથી પણ એવું આત્મદ્રવ્ય છે; તે આત્મદ્રવ્યનો આ તો એક ધર્મ છે, બીજા અનંતાધર્મો તેની સાથે જ ગૌણપણે પડ્યા છે. જો તે ગૌણપણે ન હોય તો 'અનુષ્ઠાનની પ્રધાનતા' એમ કહેવાય નહિ. એકને પ્રધાન કહેતાં બીજું ગૌણપણે રહેલું જ છે,—આવી નયના વર્ણનની શૈલી છે. માટે વસ્તુના જ્ઞાન વગર એક જ ધર્મને લક્ષમાં લઈને વિકાસ કરવા માગે તો ત્યાં મિથ્યાનય છે, તેને ધર્મનો વિકાસ થતો નથી. શુદ્ધચૈતન્યવસ્તુ આત્મા અનંત ધર્મનો પિંડ છે, તે વસ્તુનો આશ્રય કરતાં બધા ધર્મો નિર્મળપણે વિકસી જાય છે.

બધા જીવોને માટે આ સામાન્ય અબાધિત નિયમ છે કે શુદ્ધચૈતન્યવસ્તુના આશ્રયે જ ધર્મનો વિકાસ થાય છે; સમ્યગ્દર્શનની શરૂઆતથી માંડીને કેવળજ્ઞાન સુધીનો પૂર્ણ વિકાસ ચૈતન્યસ્વભાવરૂપ શુદ્ધ આત્મદ્રવ્યના આશ્રયે જ થાય છે.

એક જીવને ક્રિયાની પ્રધાનતાથી મુક્તિ થાય ને બીજા જીવને જ્ઞાનની પ્રધાનતાથી મુક્તિ થાય—એમ ભિન્ન ભિન્ન આત્માના જો ભિન્ન ભિન્ન ધર્મો હોય તો તે બંને આત્મા એક જાતના

ન રહ્યા, આત્મા જ જુદી જુદી જાતના થઈ ગયા; તેમ જ એક આત્માના બધા ધર્મો ન રહ્યા, પણ ધર્મદીઠ આત્મા ભિન્ન ભિન્ન થઈ ગયા. પણ એવી વસ્તુસ્થિતિ નથી. જગતના જીવોમાં જેમ 'ભવ્ય સ્વભાવ' અને 'અભવ્ય સ્વભાવ' એમ બે પ્રકારના ભિન્ન ભિન્ન સ્વભાવવાળા જીવો છે, તેમ કાંઈ અમુક જીવ શુભક્રિયાની પ્રધાનતાથી મુક્તિ પામે એવા સ્વભાવવાળો, ને અમુક જીવ જ્ઞાનની પ્રધાનતાથી મુક્તિ પામે એવા સ્વભાવવાળો—એવા ભિન્ન ભિન્ન સ્વભાવવાળા જીવો નથી. અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ થાય છે—એમ ક્રિયાનયે જે આત્માને લક્ષમાં લીધો, તે જ આત્માને જ્ઞાનનયથી જુઓ તો જ્ઞાનની પ્રધાનતાથી સિદ્ધિ થાય એવો તેનો ધર્મ છે. આ રીતે ક્રિયાનય તેમ જ જ્ઞાનનય એ બંને નયોના વિષયરૂપ બંને ધર્મો એક સાથે એક આત્મામાં રહેલા છે. જુદા જુદા નયો જુદા જુદા ધર્મો દ્વારા એક શુદ્ધચૈતન્યસ્વરૂપ આત્મદ્રવ્યને જ જુએ છે. પ્રમાણપૂર્વક સ્વાનુભવથી આત્મદ્રવ્ય પ્રમેય થાય છે, ને તેના અનંતધર્મોને જાણનારા અનંત નયો છે. એકેક ધર્મના ક્રમથી અનંતધર્મોને જાણવા જાય તો અનંતકાળ લાગે એટલે કે એકલા ભેદના લક્ષથી વસ્તુસ્વરૂપ કદી જાણી શકાય નહિ. પણ ધર્મ અને ધર્મીના અભેદરૂપ વસ્તુનો અનુભવ કરતાં પ્રમાણજ્ઞાન ખીલી જાય છે ને અનંતાધર્મો પ્રતીતમાં આવી જાય છે. પછી સાધકદશામાં પોતાનું વિશેષ પ્રયોજન સાધવા માટે સાધકજીવ નયદ્વારા ધર્મોને મુખ્ય ગૌણ કરીને વસ્તુને સાધે છે. એક ધર્મને મુખ્ય કરીને જાણતાં આખી વસ્તુને પણ સાથે લક્ષમાં રાખે છે. અજ્ઞાની તો એક ધર્મને જાણતાં આખી વસ્તુને લક્ષમાંથી છોડી દે છે એટલે તેને એકાંત—મિથ્યાનય થઈ જાય છે.

અહીં આત્મા કઈ રીતે પ્રમેય થાય એટલે કે કઈ રીતે જણાય તેની વાત આ વાત છે. આત્મા અનંતધર્મવાળું એક દ્રવ્ય છે. ધર્મો અનંત છે પણ પ્રમેયરૂપ આત્મા એક છે; બધા ધર્મોદ્વારા પ્રમેય થવા યોગ્ય આત્મા તો એક જ છે. ધર્મો અનંત ભિન્ન ભિન્ન છે પણ તે બધા ધર્મોને ધારણ કરનાર ધર્મી આત્મા એક છે, તે એકના લક્ષે પ્રમાણજ્ઞાન થઈને આત્મા પ્રમેય થાય છે.

ચૈતન્યમૂર્તિ આત્મા અનંત શક્તિસંપન્ન છે; તેમાં સર્વથા ભેદ પાડીને એકેક શક્તિને જ જોતાં તો આત્મા ખંડખંડરૂપ થઈ જાય છે પણ વાસ્તવિકપણે જણાતો નથી; અનંત શક્તિના એક પિંડરૂપ શુદ્ધચૈતન્યદ્રવ્યપણે આત્માને પ્રતીતમાં લેતાં, તેની અનંત શક્તિઓ સહિત તે યથાર્થપણે જણાય છે. સમયસારના ૨૭૦માં કલશમાં આચાર્યદેવ કહે છે કે 'અનેક પ્રકારની નિજ શક્તિઓના સમુદાયમય આ આત્મા નયોની દૃષ્ટિથી ખંડખંડરૂપ કરવામાં આવતાં તત્કાળ નાશ પામે છે, માટે હું એમ અનુભવું છું કે—જેમાંથી ખંડોને નિરાકૃત (દૂર) કરવામાં આવ્યા નથી છતાં જે અખંડ છે, એક છે, એકાંત શાંત છે અને અચળ છે એવું ચૈતન્યમાત્ર તેજ હું છું.' આવા અનુભવપૂર્વક નય હોય તો તે સાચા છે. તે નય ભલે એક ધર્મને મુખ્ય કરીને જાણે પરંતુ ત્યાં પ્રમાણ ખસતું નથી એટલે નય વખતે પણ શુદ્ધચૈતન્યદ્રવ્યની દૃષ્ટિ ધર્મીને છૂટતી નથી. જો અખંડ આત્મદ્રવ્યની દૃષ્ટિ છોડીને એકલા નયોથી એકેક ધર્મને જોવા જાય તો ત્યાં એકલી ભેદ દૃષ્ટિથી આત્મા છિન્નભિન્ન થઈ જાય છે એટલે કે ત્યાં સમ્યક્ આત્માનો અનુભવ થતો નથી પણ એકલા વિકલ્પો જ થાય છે.

આગળ (પ્રવચનસાર પૃ. ૫૪૭માં) આચાર્યદેવ કહેશે કે વસ્તુના અનંતધર્મોને 'અતદ્ભાવપણામાત્ર' વડે જુદા પાડવા અશક્ય છે, એટલે કે એક વસ્તુમાં રહેલા અનંતધર્મોમાં 'જે એકધર્મ છે તે બીજા ધર્મરૂપ નથી' એવું પરસ્પર અતદ્ભાવપણું છે પરંતુ એટલા માત્રથી કાંઈ ધર્મો જુદા પડી જતા નથી,–વીંખાઈ જતા નથી, કેમકે વસ્તુપણે તો એકતા છે. ભિન્ન ભિન્ન અનંતધર્મો હોવા છતાં, અનંતધર્મસ્વરૂપ વસ્તુ તો એક છે. નયોની પદ્ધતિમાં એકધર્મને મુખ્ય ને બીજાને ગૌણ કરવામાં આવે તેથી કાંઈ તે ધર્મ વસ્તુથી જુદો પડી જતો નથી. વસ્તુમાંથી એકધર્મને જુદો પાડીને વિકાસ કરવા જાય તો ત્યાં મિથ્યાત્વ થઈ જાય છે. ધર્મો અનંત છે, પણ ધર્મી એક છે, તે ધર્મી સાથે બધા ધર્મો અભિન્ન છે, તે ધર્મીની દૃષ્ટિથી તેના બધા ધર્મોનો વિકાસ થઈ જાય છે. એક ધર્મને મુખ્ય કરીને લક્ષમાં લેનારો નય પણ તે ધર્મસ્વરૂપે શુદ્ધચૈતન્યદ્રવ્યને દેખે છે. જો શુદ્ધચૈતન્યદ્રવ્યની દૃષ્ટિ ન હોય તો નય પણ મિથ્યા છે ને વચન પણ મિથ્યા છે.

આત્મામાં બધા ધર્મો એક સાથે આત્માના જ આશ્રયે રહેલા છે, ને તે બધા એક સાથે પોતપોતાનું કાર્ય કરે છે. આત્મદ્રવ્ય પલટતાં તેનાં બધાં ધર્મો પણ ક્ષણેક્ષણે પરિણમી રહ્યાં છે. એક ક્ષણે એક ધર્મ, ને બીજો ધર્મ બીજી ક્ષણે–એમ ક્રમક્રમથી આ ધર્મો નથી.

★ એક જીવ ગર્ભકાળથી શરૂ કરીને આઠ વર્ષની ઉંમરે આત્મજ્ઞાનપૂર્વક મુનિ થઈને, અંતર્મુહૂર્તમાં જ શુક્લધ્યાનથી કેવળજ્ઞાન પામીને સિદ્ધિ સાધે છે.

★ બીજો જીવ આત્મજ્ઞાનપૂર્વક મુનિ થયા બાદ કરોડો અબજો વર્ષો સુધી ચારિત્ર પાળે છે ને પછી શુક્લધ્યાનથી કેવળજ્ઞાન પામીને સિદ્ધિ સાધે છે.

—તો ત્યાં આઠ વર્ષે મુક્તિ પામનાર જીવમાં જ્ઞાનપ્રધાનતાથી સિદ્ધ થવાનો ધર્મ, અને કરોડો વર્ષનું ચારિત્ર પાળીને પછી મુક્તિ પામનાર જીવમાં ક્રિયાની પ્રધાનતાથી સિદ્ધિ થવાનો ધર્મ–એમ નથી. પરંતુ બંને જીવમાં તે બંને ધર્મો રહેલા છે, પણ નય તેને મુખ્ય ગૌણ કરીને જાણે છે. અહીં તો ખરેખર નય વડે પોતે પોતાના આત્માને જ જોવાની જ વાત છે. પ્રમાણ વડે કે નય વડે પોતે પોતાના આત્માને શુદ્ધચૈતન્યસ્વરૂપે અંતરમાં દેખવો તે જ ખરું તાત્પર્ય છે.

આત્માના શુદ્ધજ્ઞાનાનંદસ્વરૂપનું ભાન રાખીને, અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ થવાનું કહે તો તે ક્રિયાનય સાચો છે; પણ જો સાક્ષીપણું વગેરે ધર્મોને તોડીને એકલા અનુષ્ઠાનથી–શુભરાગથી જ સિદ્ધિ થવાનું માને તો તે ક્રિયાનય પણ મિથ્યા છે; કેમકે અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ થાય–એવા એક જ ધર્મને લક્ષમાં લીધો તો તે વખતે રાગનો અકર્તા–સાક્ષી રહે એવો અકર્તૃધર્મ (સાક્ષીસ્વરૂપ ધર્મ) ક્યાં ગયો? (વિકારનો અભોક્તા રહે એવો અભોક્તાધર્મ) ક્યાં ગયો? સ્વભાવની મોટપમાં રાગને મોટપ ન આપે એવો અનીશ્વરધર્મ અથવા પ્રભુત્વ ધર્મ ક્યાં ગયો? રાગના કારણ વગર પોતે સ્વતંત્રપણે મોક્ષને કરે એવો કર્તાધર્મ ક્યાં ગયો? અન્ય સાધન વગર પોતે સ્વભાવથી જ મોક્ષનું સાધન થાય એવો કરણધર્મ ક્યાં ગયો? માટે અનંત ધર્મોવાળા શુદ્ધચિન્માત્ર આત્મદ્રવ્ય પ્રમાણપૂર્વક સ્વાનુભવથી ન જાણે તો તેના એકેય ધર્મનું સાચું જ્ઞાન થતું નથી.

સાધકદશામાં શુભરાગરૂપ અનુષ્ઠાન પણ હોય છે અને ક્રિયાનયથી તે અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ થવાનું કહેવાય છે એવો એક ધર્મ છે.–પણ તે ક્રિયાનય કોને જુએ છે? શું એકલા શુભરાગને જ જુએ કે આત્મદ્રવ્યને જુએ છે? **તે ધર્મ** આત્માનો છે તેથી ક્રિયાનય એકલા રાગને જ નથી જોતો, પણ શુદ્ધચિન્માત્ર આત્મદ્રવ્યના જ્ઞાન સહિત રાગને પણ જાણે છે. એ રીતે આત્મદ્રવ્યને જોતાં તેના અવલંબન વડે સાધકને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર વગેરે ધર્મો ખીલતાં જાય છે ને મુક્તદશા પ્રગટી જાય છે. સમ્યક્ નયોથી આત્માને જોવાનું તે ફળ છે.

——આ રીતે ૪૨મા ક્રિયાનયથી આત્માનું વર્ણન પૂરું થયું.

❑ ❑ ❑

## ○ સાધકનો અપૂર્વ પુરુષાર્થ ○

જેણે સમ્યગ્દર્શન પ્રગટાવવાનો પૂર્વે કદી નહિ કરેલો એવો અનંતો સમ્યક્ પુરુષાર્થ કરીને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે અને એ રીતે સંપૂર્ણ સ્વરૂપનો સાધક થયો છે તે જીવ કોઈપણ સંયોગમાં, ભયથી, લજ્જાથી લાલચથી કે કોઈપણ કારણથી અસત્‌ને પોષણ નહિ જ આપે....એ માટે કદાચ કોઈ વાર દેહ છૂટવા સુધીની પ્રતિકૂળતા આવી પડે તોપણ સત્‌થી ચ્યુત નહિ થાય, અસત્‌નો આદર કદી નહિ કરે. સ્વરૂપના સાધકો નિશંક અને નીડર હોય છે. સત્ સ્વરૂપની શ્રદ્ધાના જોરમાં અને સત્‌ના માહાત્મ્ય પાસે તેને કોઈ પ્રતિકૂળતા છે જ નહિ. જો સત્‌થી જરાપણ ચ્યુત થાય તો તેને પ્રતિકૂળતા **આવી** કહેવાય, પણ જે ક્ષણે ક્ષણે સત્‌માં વિશેષ વિશેષ દૃઢતા કરી રહ્યો છે તેને તો પોતાના બેહદ પુરુષાર્થ પાસે જગતમાં કાંઈપણ પ્રતિકૂળતા જ નથી. એ તો પરિપૂર્ણ સત્‌સ્વરૂપ સાથે અભેદ થઈ ગયો–– તેને ડગાવવા ત્રણ જગતમાં કોણ સમર્થ? **અહો!** આવા સ્વરૂપના સાધકને ધન્ય છે!!

# જ્ઞાનનયે આત્માનું વર્ણન
## [૪૩]

જ્ઞાનનયથી જોતાં, વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ સધાય છે—એવું આત્મદ્રવ્ય છે. જેમ કોઈ રત્નનો પારખુ વેપારી ઘરના ખૂણામાં બેઠો હોય ને ભરવાડને મૂઠી ચણા આપીને તેની પાસેથી ચિંતામણી ખરીદી લ્યે; તેમ આત્મા વિવેક વડે એટલે કે સમ્યગ્જ્ઞાન વડે ચૈતન્યચિંતામણી ભગવાન આત્માને ઓળખીને તેમાં અંતરએકાગ્રતા વડે ક્ષણમાત્રમાં સિદ્ધિ પ્રાપ્ત કરે છે. ત્યાં વિવેકની પ્રધાનતાથી એટલે કે સમ્યગ્જ્ઞાનની પ્રધાનતાથી આત્માની સિદ્ધિ થઈ—એમ જ્ઞાનનય જાણે છે. જ્ઞાનની પ્રધાનતાથી મુક્તિ થઈ એમ જોનારો જ્ઞાનનય કે ક્રિયાની પ્રધાનતાથી મુક્તિ થઈ એમ જોનારો ક્રિયાનય, તે બંને નય શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મામાં જ જુએ છે, ને જ્ઞાનને આત્મા તરફ વાળીને એકાગ્ર કરે છે.

એકલા જ્ઞાનધર્મને માનવાથી મુક્તિ થઈ જતી નથી પણ જ્ઞાનની સાથે જ આનંદ વગેરે બીજા અનંતધર્મો આત્મામાં છે, એવા આત્મસ્વભાવની દૃષ્ટિ કરીને તેના અવલંબનથી જ મુક્તિ થાય છે. ત્યાં જ્ઞાનનય વખતે એમ કહેવાય કે વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ થાય છે. પણ તે જ્ઞાનનય ક્યારે હોય?—કે આખા આત્માની દૃષ્ટિ થઈ હોય ત્યારે. આખા આત્મસ્વભાવના જ્ઞાનપૂર્વક જ 'જ્ઞાનનય' સિદ્ધ થાય છે, તે સિવાય જ્ઞાનનય સિદ્ધ થતો નથી. અજ્ઞાનીને એકપણ નય હોતો નથી, કેમકે આ બધા નયો તે પ્રમાણ જ્ઞાનના અંશો છે, પ્રમાણ વગર નય સાચા હોય નહિ. જેને અનંતધર્મોવાળી શુદ્ધચૈતન્ય વસ્તુનું પ્રમાણજ્ઞાન થયું નથી તેને તેના એકેક ધર્મનું જ્ઞાન પણ સાચું હોતું નથી.

આ કયો વિષય ચાલે છે?....જેને સ્વર્ગાદિ સંયોગને પ્રાપ્ત કરવાની ભાવના નથી પણ આત્માનું સ્વરૂપ જાણીને તેની જ પ્રાપ્તિ કરવાની ભાવના છે, એવા જિજ્ઞાસુ શિષ્યે પૂછ્યું કે હે ભગવાન! આ આત્મા કેવો છે....અને કઈ રીતે તેની પ્રાપ્તિ થાય છે? તે સમજાવો. પ્રભો! અનાદિથી નહિ જાણેલો એવા આત્માનું સ્વરૂપ જાણીને હું તેની પ્રાપ્તિ કરું , અને સંસાર પરિભ્રમણનો અંત આવીને મારી મુક્તિ થાય—એવું સ્વરૂપ મને બતાવો. આવી જિજ્ઞાસાવાળા શિષ્યને આચાર્યદેવ આત્માનું સ્વરૂપ અને તેની પ્રાપ્તિનો ઉપાય બતાવે છે, તેનું આ વર્ણન ચાલે છે. જો આત્માના વાસ્તવિક સ્વરૂપને ઓળખે તો તેમાં એકાગ્ર થઈને તેની પ્રાપ્તિ કરે એટલે મુક્તિ થાય. આત્માનું સ્વરૂપ જાણે નહિ તો તેની પ્રાપ્તિ ક્યાંથી થાય? માટે જેણે સંસાર પરિભ્રમણથી છૂટવું હોય ને આત્માની મોક્ષ—દશા પ્રાપ્ત કરવી હોય તેણે આત્મસ્વરૂપને ઓળખવું જોઈએ.

આત્મામાં એકસાથે અનંત ધર્મો છે; અનંતધર્મો હોવા છતાં તે બધાય ચૈતન્ય સામાન્યથી

વ્યાપ્ત છે, એટલે શુદ્ધ—ચૈતન્યસ્વરૂપે આત્માનો અનુભવ કરતાં તે યથાર્થ પ્રકારે જણાય છે. અનંતધર્મોને ધારણ કરનારો શુદ્ધચૈતન્ય મૂર્તિ આત્મા છે, તેના જ અવલંબને મોક્ષમાર્ગરૂપ ધર્મ થાય છે, એના સિવાય બીજા કોઈના અવલંબને ધર્મ થતો નથી. આત્માના સ્વરૂપનો બધા પડખેથી અવિરુદ્ધ નિર્ણય કરીને, શ્રુતજ્ઞાનને અંતર્મુખ વાળીને સ્વાનુભવ વડે આત્માને જાણતાં, તેમાં એકાગ્રતાથી સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્ર થઈને મુક્તિ થાય છે, તેનું નામ શુદ્ધાત્માની પ્રાપ્તિ છે. શ્રદ્ધા અપેક્ષાએ તો ચોથા ગુણસ્થાને સમ્યગ્દષ્ટિને પણ શુદ્ધ આત્માની પ્રાપ્તિ થઈ ગઈ છે—તેની પ્રતીતિમાં શુદ્ધ આત્મા આવી ગયો છે, પણ સંપૂર્ણ શુદ્ધ આત્માની પ્રાપ્તિ તો મુક્ત દશામાં છે. તેની પ્રાપ્તિ માટે સાધકજીવ વારંવાર શુદ્ધચૈતન્યદ્રવ્યની સન્મુખ એકાગ્ર થઈને ઉદ્યમ કરે છે. તે સાધકજીવ કેવા કેવા નયથી આત્માને કેવો જાણે છે—તેનું આ વર્ણન છે. તે પ્રમાણથી જુએ કે નયથી જુએ, પણ અંતરમાં પોતાના આત્માને શુદ્ધચૈતન્યમાત્ર સ્વરૂપે દેખે છે, ને તેના જ આશ્રયે શુદ્ધતાને સાધે છે—એ વાત ઘણીવાર સ્પષ્ટ કહેવાઈ ગઈ છે.

સાધકને ક્રિયાનયનો ઉપયોગ હોય તે વખતે પણ 'જ્ઞાનની પ્રધાનતાથી સિદ્ધિ થાય' એવા આ ધર્મનું જ્ઞાન પણ સાથે જ વર્તે છે, ને શુદ્ધચૈતન્યદ્રવ્ય ઉપર જ દૃષ્ટિ વર્તે છે—એ બાબત ૪૨મા નયના વિસ્તારમાં ઘણી વિસ્તારથી કહેવાઈ ગઈ છે તે પ્રમાણે બધે ઠેકાણે સમજી લેવું.

—અહીં ૪૩મા જ્ઞાનનયથી આત્માનું વર્ણન પૂરું થયું.

વન-જંગલમાં વીતરાગી સંતો ક્ષણેને પળે પોતાના અંતરતત્ત્વને નિર્વિકલ્પ થઈને અનુભવે છે. અહા! ધન્ય છે તે અનુભવની પળ! ધર્મી-ગૃહસ્થ પણ ઘરમાં ક્યારેક આવો નિર્વિકલ્પ અનુભવ કરે છે. અહા, પોતાના અંતર્તત્ત્વનો નિર્ણય કરે તો અંતરમાં ઊતરીને અનુભવ કરવાનો અવસર આવે. સ્વદ્રવ્ય કેવું છે તેને ઓળખીને તે ઉપાદેય કરવા જેવું છે. ઉપાદેય કઈ રીતે કરવું?—તેની સન્મુખ થઈને અનુભવ કર્યો એટલે એ ઉપાદેય થયું; અને તેનાથી વિરુદ્ધ બધા વિભાવો હેય થઈ ગયા, તેમનું લક્ષ છૂટી ગયું....ને ચૈતન્યની મહા આનંદમય અનુભૂતિ રહી ગઈ.

# વ્યવહારનયે આત્માનું વર્ણન

## [૪૪]

અહીં ૪૭ નયોથી આત્મદ્રવ્યનું વર્ણન કર્યું છે તેમાંથી ૪૩ નયો કહેવાઈ ગયા, હવે ૪ નયો બાકી છે; પ્રથમ વ્યવહાર અને નિશ્ચય એ બે નયો છે અને પછી છેલ્લે અશુદ્ધનય અને શુદ્ધનયથી વર્ણન છે.

વ્યવહારથી જોતાં આત્મદ્રવ્ય બંધ અને મોક્ષને વિષે દ્વૈતને અનુસરનારું છે. જેમ પરમાણુના બંધને વિષે તે પરમાણુ અન્ય પરમાણુ સાથે સંયોગ પામવારૂપ દ્વૈતને પામે છે, અને પરમાણુના મોક્ષને વિષે—એટલે કે એક પરમાણુ છૂટો પડે તેમાં તે પરમાણુ બીજા પરમાણુથી છૂટો થવારૂપ દ્વૈતને પામે છે; તેમ વ્યવહારનયથી આત્માના બંધને વિષે કર્મ સાથેના સંયોગની અપેક્ષા આવતી હોવાથી દ્વૈત છે અને આત્માના મોક્ષને વિષે કર્મના વિયોગની અપેક્ષા આવતી હોવાથી ત્યાં પણ દ્વૈત છે.

જુઓ, કર્મથી નિરપેક્ષ એકલા પરમ ચૈતન્યસ્વભાવને જ લક્ષમાં લઈને જુઓ તો ભગવાન આત્મા ત્રિકાળ એકરૂપ, બંધ–મોક્ષ રહિત છે. પરંતુ પર્યાયમાં બંધ તેમ જ મોક્ષ છે, અને તેમાં બંધમાં કર્મના સદ્ભાવનું નિમિત્ત છે, ને મોક્ષમાં કર્મના અભાવનું નિમિત્ત છે. આ રીતે વ્યવહારથી બંધ અને મોક્ષ બન્નેમાં આત્માને પુદ્ગલકર્મની અપેક્ષા આવે છે તેથી તે દ્વૈતને અનુસરનારો છે–એમ કહ્યું છે. પરંતુ તે દ્વૈતને અનુસરવાનો ધર્મ આત્માનો પોતાનો છે, કાંઈ કર્મને લીધે તે ધર્મ નથી. પોતાની પર્યાયમાં બંધની લાયકાત વખતે આત્મા પોતે કર્મના સદ્ભાવને અનુસરે છે, અને પોતાની પર્યાયમાં મોક્ષની લાયકાત વખતે આત્મા કર્મના અભાવને અનુસરે છે, પણ કર્મમાં એવો ધર્મ નથી કે તે બળજોરીથી આત્માને અનુસરાવે. જેટલો કર્મનો ઉદય આવે તેટલા પ્રમાણમાં આત્માએ તેને અનુસરવું જ પડે—એમ નથી. કર્મના ઉદયને ન અનુસરતાં પોતાના સ્વભાવને અનુસરે તો મોક્ષનું સાધન થાય ને મોક્ષદશા પ્રગટે, તે મોક્ષમાં આત્મા કર્મના અભાવને અનુસરે છે. સ્વભાવને ન અનુસરતાં કર્મને અનુસરે તો બંધન થાય છે ને કર્મને ન અનુસરતાં સ્વભાવને અનુસરે—અર્થાત્ કર્મના અભાવને અનુસરે–તો મોક્ષ થાય છે. આ રીતે બંધમાં કર્મના સદ્ભાવનું નિમિત્ત છે ને મોક્ષમાં કર્મના અભાવનું નિમિત્ત છે, એમ જાણવું જોઈએ. બંધ કે મોક્ષની અવસ્થારૂપ પરિણમન તો આત્મા પોતે એકલો જ કરે છે, માત્ર તેમાં કર્મના સદ્ભાવ કે અભાવરૂપ નિમિત્તની અપેક્ષા આવે છે, તેથી વ્યવહારનયે આત્મા દ્વૈતને અનુસરનાર છે–એમ કહ્યું છે; પરંતુ કર્મ આત્માને બંધ–મોક્ષ કરાવે છે—એવો એનો અર્થ નથી. નિશ્ચયથી તો આત્મા રાગ કરે ને વ્યવહારથી કર્મ રાગ કરાવે—એમ પણ નથી. આત્મા પોતે રાગ કરે ત્યારે કર્મને અનુસરે છે, સ્વભાવને અનુસરીને રાગ ન થાય; માટે રાગમાં કર્મના નિમિત્તની અપેક્ષા છે તેનું જ્ઞાન કરવું તે વ્યવહારનય છે, પરંતુ કર્મ રાગ કરાવે છે–એમ માનવું તે તો ભ્રમ છે. પ્રવચનસારની ૧૨૯મી ગાથામાં આચાર્યદેવે એ વાત સ્પષ્ટ કરી છે કે અજ્ઞાનદશામાં કે

જ્ઞાનદશામાં, સંસારમાં કે મોક્ષમાં, આત્મા પોતે એકલો જ કર્તા છે.

**પ્રશ્ન :—**એક જીવને ક્ષાયિક સમ્યક્ત્વ થયું, રાગદ્વેષ આત્માનો સ્વભાવ નથી, આત્મા રાગ–દ્વેષ રહિત જ્ઞાયકસ્વભાવ છે—એવું ભાન થયું, છતાં તેને પણ રાગ-દ્વેષ કેમ થાય છે? કર્મ જ તેને રાગ-દ્વેષ કરાવે છે, કેમકે રાગ-દ્વેષ કરવાની તેની ભાવના તો નથી.

**ઉત્તર :—**ક્ષાયિક સમ્યક્ત્વ થયું હોવા છતાં, અને રાગ—દ્વેષ રહિત ચિદાનંદસ્વભાવનું ભાન થયું હોવા છતાં, તે જીવને જે રાગ-દ્વેષ થાય છે તે કર્મ નથી કરાવતું પરંતુ તે આત્મા પોતે કર્મને અનુસરે છે તેથી રાગ-દ્વેષ થાય છે; કર્મનો ઉદય તેને પરાણે રાગ-દ્વેષ કરાવે છે—એમ નથી. રાગ-દ્વેષ કરવાની ધર્મીને ભાવના નથી, ભાવના તો સ્વભાવને જ અનુસરવાની છે, પરંતુ અસ્થિરતાથી હજી રાગ-દ્વેષ થાય છે તે કર્મને અનુસરીને થાય છે,—એમ તે જાણે છે, ને સ્વભાવની દૃષ્ટિના જોરે ક્ષણે ક્ષણે તેને કર્મનું અવલંબન તૂટતું જાય છે ને સ્વભાવનું અવલંબન વધતું જાય છે, એ રીતે સ્વભાવનું પૂર્ણ અવલંબન થતાં મોક્ષ થશે, ત્યારે આત્મા કર્મના અભાવને અનુસરશે આ રીતે વ્યવહારે બંધ તેમ જ મોક્ષમાં આત્મા દ્વૈતને અનુસરે છે.

અહીં આ નયો સાધકના છે; સાધકની વાત છે, એકલા રખડનારની આ વાત નથી. જેની દૃષ્ટિમાં એકલા કર્મનું જ અવલંબન છે, સ્વભાવનું અવલંબન જરાપણ નથી તેને તો આ વ્યવહારનય પણ હોતો નથી. જ્ઞાનીને દૃષ્ટિમાં તો નિરપેક્ષ જ્ઞાયકસ્વભાવનું અવલંબન વર્તે છે ને હજી સાધક દશામાં કંઈક રાગ—દ્વેષ થાય છે તેટલું કર્મનું અવલંબન છે. જેટલો રાગ છે તેટલું કર્મનું નિમિત્ત છે એમ તે જાણે છે અને સ્વભાવના અવલંબને કર્મના નિમિત્તનો અભાવ થતો જાય છે તેને પણ તે જાણે છે. અહીં બંધ અને મોક્ષમાં આત્મા સિવાય બીજાની અપેક્ષા આવી માટે તેઆં વ્યવહારે દ્વૈત કહ્યું.

સમયસારમાં દૃષ્ટિપ્રધાન કથનમાં સમકીતિસંતને ચોથા ગુણસ્થાને પણ અબંધ કહ્યો, તેને બંધન થતું જ નથી એમ દૃષ્ટિના જોરે કહ્યું : પરંતુ, ચોથે—પાંચમે—છઠ્ઠે ગુણસ્થાને હજી ચારિત્રની અસ્થિરતાથી જેટલા રાગ-દ્વેષ થાય છે તેટલું બંધન છે, અને તે બંધનમાં કર્મના નિમિત્તની અપેક્ષા આવે છે, તેને સાધક વ્યવહારનયથી જાણે છે; અબંધ સ્વભાવની દૃષ્ટિ રાખીને બંધનને અને તેના નિમિત્તને તે જાણે છે. અબંધ સ્વભાવની દૃષ્ટિ વિના અજ્ઞાનીને તો બંધનનું જ્ઞાન પણ સાચું થતું નથી.

જેમ એક પરમાણુ 'બંધાયો કે છૂટો થયો' એમ લક્ષમાં લેતાં તેમાં બીજા પરમાણુની અપેક્ષા આવે છે,—'આની સાથે બંધાયો અથવા તો આનાથી છુટો થયો' એમ બીજા પરમાણુની અપેક્ષા આવે છે તેથી તે પરમાણુ બંધમાં ને મોક્ષમાં દ્વૈતને અનુસરનારું છે; બીજા પરમાણુની અપેક્ષા વગર તેને બંધ—મોક્ષ કહી શકાય નહિ, તેમ આત્માના બંધ કે મોક્ષને લક્ષમાં લેતાં તેમાં કર્મની અપેક્ષા આવે છે, બંધ અને મોક્ષ તો આત્મા પોતે સ્વતંત્રપણે કરે છે પણ તેમાં કર્મના સદ્‌ભાવની કે અભાવની અપેક્ષા આવે છે તેથી વ્યવહારનયે આત્મા બંધમાં કર્મને અનુસરે, કે મોક્ષ વખતે કર્મના અભાવને અનુસરે, તે બંને પ્રકાર આમાં આવી જાય છે. સાધકની પર્યાય અંશે કર્મને અનુસરે છે ને અંશે કર્મના અભાવને પણ અનુસરે છે, સર્વથા કર્મના સદ્‌ભાવને જ અનુસરે છે—એમ નથી, પરંતુ તે જ વખતે

અંશે સ્વભાવને પણ અનુસરે છે એટલે કર્મના અભાવને પણ અનુસરે છે.–આ રીતે સાધકની વાત છે. પરમ પારિણામિકભાવરૂપ નિરપેક્ષ-સ્વભાવની દૃષ્ટિ રાખીને, પર્યાયના બંધ મોક્ષમાં કર્મના સદ્‌ભાવની કે અભાવની જેટલી અપેક્ષા આવે છે તેને પણ સાધકજીવ જાણે છે. બંધ–મોક્ષમાં દ્વૈતને અનુસરે છે તે મારી પર્યાયનો ધર્મ છે એટલે બંધ–મોક્ષમાં કર્મના નિમિત્તની અપેક્ષા આવતી હોવા છતાં, તે બંધ અને મોક્ષ બંનેમાં મારા આત્માની સ્વતંત્રતા છે—એમ ધર્મી જાણે છે.

જો કર્મ આત્માને વિકાર કરાવી દેતું હોય તો તે નિમિત્ત તરીકે ન રહ્યું, પણ નિમિત્ત પોતે ઉપાદાનના ધર્મમાં આવી ગયું, એટલે ઉપાદાનનો ધર્મ પણ સ્વતંત્ર ન રહ્યો. પરંતુ—એમ નથી. અહીં તો આત્મા એકલો પોતાથી જ બંધ–મોક્ષપણે પરિણમે છે, પણ તેમાં કર્મની અપેક્ષા આવે છે તેટલી વાત છે. જીવ પોતે વિકાર કરીને કર્મના ઉદયને અનુસરે છે ત્યારે કર્મને નિમિત્ત કહેવાય છે. નિમિત્ત વિકાર કરાવે એ માન્યતા તો સ્થૂળ ઊંધી છે. હજી તો, પર વિકાર ન કરાવે પણ પોતાના દોષથી જ વિકાર થાય એમ માનીને પણ તે વિકાર સામે જ દૃષ્ટિ રાખ્યા કરે, વિકાર જેટલો જ આત્માને અનુભવ્યા કરે, તો તે પણ મિથ્યાદૃષ્ટિ છે.

અહીં આત્માની બંધ–મોક્ષપર્યાયમાં કર્મની અપેક્ષા આવે છે તેટલા પૂરતા દ્વૈતને વ્યવહાર કહ્યો છે, ને બંધ–મોક્ષ પર્યાયને નિરપેક્ષ કહેવી તેને નિશ્ચય કહ્યો છે. ત્યારે સમયસારમાં અધ્યાત્મદૃષ્ટિની પ્રધાનતાથી બંધ–મોક્ષપર્યાયને પણ વ્યવહાર ગણ્યો છે, ભેદમાત્રને ત્યાં વ્યવહાર ગણ્યો છે ને શુદ્ધ–અભેદઆત્માને જ નિશ્ચય ગણ્યો છે. સમ્યગ્દૃષ્ટિને વ્યવહારનો–ભેદનો આશ્રય નથી. સમકીતિની દૃષ્ટિમાં તો એકરૂપ અભેદ શુદ્ધઆત્મા જ સાધ્ય ને ધ્યેય છે; તે વખતે ધ્યેયમાં એકાગ્રતા કરતાં પર્યાયની નિર્મળતા ખીલતી જાય છે, બંધ ટળતો જાય છે ને મોક્ષપર્યાય થતી જાય છે. પણ સમ્યગ્દર્શનના વિષયમાં તે પર્યાયનો ભેદ અભૂતાર્થ છે.

અહીં જ્ઞાનપ્રધાન કથનમાં સ્વની પર્યાયને પણ નિશ્ચય કહ્યો ને તેમાં પરની અપેક્ષા લાગી તેને વ્યવહાર કહ્યો; બંધ–મોક્ષપર્યાયપણે આત્મા એકલો જ પરિણમે છે એમ જાણવું તે નિશ્ચયનય છે, ને તે બંધમોક્ષપર્યાયમાં કર્મની અપેક્ષા લઈને, આત્મા દ્વૈતને અનુસરે છે એમ જાણવું તે વ્યવહારનય છે. જો આત્મા સર્વથા કર્મના અભાવને અનુસરે તો મોક્ષદશા હોય; સર્વથા કર્મના ઉદયને જ અનુસરે તો મિથ્યાદૃષ્ટિ હોય; સાધકને બંને ધારા એક સાથે છે એટલે કે સ્વભાવના અવલબંને અંશે કર્મના અભાવને પણ અનુસરે છે ને હજી અલ્પ વિકાર છે તેટલા અંશે કર્મને પણ અનુસરે છે.

એક છૂટા પરમાણુમાં લાયકાત થતાં તે બીજા પરમાણુ સાથે બંધાય છે, ત્યાં બીજા પરમાણુ સાથે બંધાવાનો ધર્મ તેનો પોતાનો છે, બીજા પરમાણુને લીધે તેનામાં બંધાવાનો ધર્મ થયો—એમ નથી. પરમાણુને બંધન થવામાં 'બે ગુણ અધિક' સાથે બંધાય—એ નિયમ છે. પણ છૂટવામાં કોઈ નિયમ નથી. બે પરમાણુનો સંયોગ થયો તે બંધન, ને બે પરમાણુ છૂટા પડ્યા તે મોક્ષ,–એમ બંધ–મોક્ષમાં પરમાણુને દ્વૈતપણું છે. સ્પર્શગુણની ચાર અંશ લૂખાશ કે ચીકાસવાળા પરમાણુ સાથે બે

અંશવાળો પરમાણુ બંધાય, ત્યાં તે ચાર અંશવાળા પરમાણુને 'બંધક' (બંધ કરનાર) કહેવાય છે; ને અન્ય પરમાણુથી તે છૂટો પડે ત્યારે અન્ય પરમાણુને 'મોચક', (મુક્ત કરનાર) કહેવાય છે. એ રીતે પરમાણુને બંધ–મોક્ષમાં અન્ય પરમાણુની અપેક્ષા આવતી હોવાથી વ્યવહારનયે દ્વૈતપણું છે. તેમ આત્માની અવસ્થામાં પોતાની લાયકાત અનુસાર બંધમોક્ષ થાય છે, 'ત્યાં આત્મા બંધાયો અને મુક્ત થયો' એમ કહેવામાં કર્મથી બંધાયો ને કર્મથી છૂટ્યો—એવી કર્મની અપેક્ષા લેતાં દ્વૈતપણું આવે છે એટલે આત્મા વ્યવહારનયે દ્વૈતને અનુસરે છે—આવો આત્માનો એક ધર્મ છે.

કાર્તિકેય સ્વામીની દ્વાદશ–અનુપ્રેક્ષાની ૨૧૧મી ગાથામાં પુદ્‌ગલની બડી શક્તિ વર્ણવી છે. આત્માનો જે કેવળજ્ઞાનરૂપ મહાન સ્વભાવ, તેને આવરવામાં નિમિત્ત થાય એવી પુદ્‌ગલની મહાન શક્તિ છે—એમ કહીને ત્યાં તો નિમિત્ત તરીકે પુદ્‌ગલની પર્યાયમાં કેવો ઉત્કૃષ્ટધર્મ છે તે બતાવ્યું છે. પણ આ તરફ જીવનો ઉત્કૃષ્ટસ્વભાવ કેવળજ્ઞાન સામર્થ્યથી ભરેલો છે–તેની પ્રતીત કરે તો જ પુદ્‌ગલના સ્વભાવનું યથાર્થ જ્ઞાન થાય. એકલા પુદ્‌ગલનું જ સામર્થ્ય છે ને પુદ્‌ગલ જ જીવની શક્તિને રોકે છે—એમ જે માને તેની તો દૃષ્ટિ જ ઊંધી છે, તેણે તો જીવ–પુદ્‌ગલની ભિન્નતા પણ નથી માની, તો જીવની શક્તિ શું ને પુદ્‌ગલની શક્તિ શું તેની તેને ખબર પડે નહિ. પુદ્‌ગલની શક્તિ પુદ્‌ગલમાં છે ને જીવનો ધર્મ જીવમાં સ્વતંત્ર છે; પુદ્‌ગલને અનુસરવું કે પોતાના ચિદાનંદસ્વભાવને અનુસરવું તેમાં જીવ પોતે સ્વતંત્ર છે. વ્યવહારનયથી જીવના ધર્મનું વર્ણન હોય કે નિશ્ચયનયથી વર્ણન હોય, તેમાં સ્વતંત્ર જીવના દ્રવ્ય-ગુણ-પર્યાયની સ્વતંત્રતા રાખીને તે વર્ણન છે એમ સમજવું જોઈએ, અને એમ સમજવું તે જ સર્વજ્ઞભગવાનના અનેકાન્તશાસનનું રહસ્ય છે. જીવ પોતે કેવળજ્ઞાનરૂપે ન પરિણમતાં અલ્પજ્ઞરૂપે પરિણમે છે ત્યારે તે કેવળજ્ઞાનાવર્ણીયકર્મને અનુસરે છે. ત્યાં કેવળજ્ઞાનાવરણીયકર્મે જીવની કેવળજ્ઞાન શક્તિને રોકી એમ કહેવું તે તો ફક્ત નિમિત્તના ઉપચારનું કથન છે. ભગવાન! 'કેવળજ્ઞાનવરણીય કર્મ છે માટે આત્માએ તેને અનુસરવું પડે છે' એમ ઊંધું ન લે, પણ બંધભાવ વખતે કર્મને અનુસરે'એવો તારો પોતાનો ધર્મ છે—એમ આત્મા તરફથી સવળું લે; તો તને આત્માના ધર્મ દ્વારા આત્મદ્રવ્યની ઓળખાણ થાય અને તારો વ્યવહારનય સાચો થાય.

ત્રિકાળી સ્વભાવને લક્ષમાં લઈને જુઓ તો આત્મા શુદ્ધ એકરૂપ છે, તેની પર્યાય વિકારીભાવમાં અટકે તે ભાવબંધ છે અને તે ભાવબંધમાં કર્મસંયોગરૂપ નિમિત્ત તે બીજું છે, એ રીતે બંધમાં દ્વૈત છે. તેમ જ સ્વભાવમાં લીન થઈને મોક્ષપર્યાય પ્રગટ કરે તેમાં પણ કર્મના નાશની અપેક્ષા હોવાથી દ્વૈત છે. આ રીતે પરની અપેક્ષા સહિત બંધ–મોક્ષ પર્યાયનું કથન કરવું તે વ્યવહારનયનો વિષય છે. વ્યવહારનયથી આત્મા બંધ અને મોક્ષ બંનેમાં દ્વૈતની-અપેક્ષા રાખનાર છે. અહીં, એકરૂપ આત્મામાં બંધ અને મોક્ષ એવા બે પ્રકાર પડ્યા માટે વ્યવહાર–એમ નથી, પરંતુ બંધ અને મોક્ષ એ બન્ને પર્યાયમાં પરની અપેક્ષારૂપ દ્વૈત હોવાથી તેને વ્યવહાર કહ્યો છે. અને કર્મની અપેક્ષા ન લેતાં, આત્મા એકલો જ બંધ-મોક્ષદશારૂપ થાય છે—એમ લક્ષમાં લેવું તેને નિશ્ચય કહેશે. આ રીતે અહીં બંધ–મોક્ષ પર્યાયનું કથન નિમિત્તની અપેક્ષા સહિત કરવું તે વ્યવહાર છે ને એકલા

પોતાથી બંધ–મોક્ષપર્યાયનું વર્ણન કરવું તે નિશ્ચય છે. જ્યાં જે અપેક્ષાથી નિશ્ચય–વ્યવહાર કહેવામાં આવ્યા હોય ત્યાં તે પ્રકારથી સમજવું જોઈએ.

પુદ્‌ગલકર્મ જીવને ભાવબંધ કરાવે છે એમ નથી પરંતુ જીવનો એક એવો ધર્મ છે કે પોતાના ભાવબંધમાં તે પુદ્‌ગલકર્મને અનુસરે છે; આત્મા પોતે નિમિત્તને અનુસરે છે, પરંતુ નિમિત્તમાં એવો ધર્મ નથી. કે તે આત્માને પરાણે અનુસરણ કરાવે! આ ધર્મને સમજે તો તેમાં પણ આત્માની સ્વતંત્રતા સમજાય છે. આ ધર્મો કહેવાય છે તે બધા ધર્મોવાળું તો આત્મદ્રવ્ય છે, માટે અનંત ધર્મસ્વરૂપ આત્મદ્રવ્યના લક્ષપૂર્વક જ્ઞાની પોતાના ધર્મને જાણે છે. પર્યાયમાં હજી બંધભાવ છે તેટલો આત્મા કર્મને અનુસરે છે, ક્ષણિક પર્યાયમાં તેવો ધર્મ છે; કર્મને અનુસરવાનો ત્રિકાળી સ્વભાવ નથી પરંતુ કર્મના અભાવને અનુસરવાનો આત્માનો ત્રિકાળી સ્વભાવ છે.–આવા સ્વભાવની પ્રતીતિમાં ધર્મીને અવસ્થામાંથી કર્મનું અનુસરણ છૂટતું જાય છે ને કર્મના અભાવનું અનુસરણ થતું જાય છે. આ રીતે વ્યવહારનયે બંધમાં તેમ જ મોક્ષમાં આત્મા દ્વૈતને અનુસરનાર છે.

પુદ્‌ગલકર્મમાં કાંઈ એવો ધર્મ નથી કે આત્માના બંધ–મોક્ષને કરે; આત્મા પોતે જ પોતાના બંધ–મોક્ષને કરે છે, ને પોતે દ્વૈતને અનુસરે છે. બંધ અને મોક્ષ તો ક્રમે છે, બંધદશા વખતે મોક્ષ–દશા ન હોય ને મોક્ષદશા વખતે બંધદશા ન હોય; પણ તે બંધ અને મોક્ષ બંને દશામાં દ્વૈતને અનુસરવા રૂપ ધર્મ આત્મામાં છે. બંધ વખતે દ્વૈતને અનુસરવારૂપ જુદો ધર્મ, ને મોક્ષ વખતે દ્વૈતને અનુસરવારૂપ જુદો ધર્મ–એમ જુદા જુદા બે ધર્મ નથી લીધા, પણ દ્વૈતને અનુસરવા રૂપ એક ધર્મ છે, તે ધર્મથી આત્મા બંધ વખતે તેમ જ મોક્ષ વખતે દ્વૈતને અનુસરે છે, એટલે કે તેની બંધ–મોક્ષપર્યાયમાં બીજા નિમિત્તની અપેક્ષા પણ આવે છે.

મોક્ષપર્યાયમાં પણ આત્મા દ્વૈતને અનુસરે છે એમ વ્યવહારે કહ્યું, તેથી કાંઈ તેમાં પરનું અવલંબન નથી. પોતાની મોક્ષપર્યાયની લાયકાત વખતે આત્મા પોતે કર્મના અભાવને અનુસરે છે, એટલે એક પોતે ને બીજું કર્મના અભાવરૂપ નિમિત્ત,–એ રીતે આત્મા દ્વૈતને અનુસરે છે.

આ દ્વૈતને અનુસરવા રૂપ ધર્મ પણ કાંઈ પરના આશ્રયે નથી તે ધર્મ પણ આત્માના જ આશ્રયે છે.

જુઓ આ ચૈતન્યવસ્તુનો મહિમા? તેનામાં અનંત ધર્મોનો વાસ છે. ચૈતન્યવસ્તુ અનંતધર્મોની વસતીથી વસેલી છે, અનંતધર્મોનું તેનામાં વાસ્તુ છે. જેમ મોટા મકાનોમાં વાસ્તુ કરીને માણસો તેમાં વાસ કરે છે, પણ જો માણસો જ ન વસતા હોય તો ખાલી મકાનમાં વાસ્તુ શેનુ? તેમ આ આત્મામાં વાસ્તુ થાય છે. આત્મવસ્તુમાં કોણ વસે છે?—આત્મવસ્તુમાં પોતાના અનંત ધર્મો વસે છે, તે અનંત ધર્મોનું વાસ્તુ આત્મા છે. ભગવાન! તારી આવી વસ્તુના મહિમાને લક્ષમાં લઈને તેમાં તું વાસ કર.—તો તારો ભવ–વાસ મટે ને મોક્ષદશા પ્રગટે.

આત્માના અનંતધર્મોમાં એક એવો ધર્મ છે કે બંધ અને મોક્ષમાં તે દ્વૈતને અનુસરે છે. બંધ

વખતે કર્મનો ઉદય છે માટે તે કર્મને લીધે આત્મા દ્વૈતને અનુસરે છે—એમ નથી, કેમકે મોક્ષ વખતે તો કર્મનો અભાવ હોવા છતાં ત્યાં પણ આત્મા દ્વૈતને અનુસરે છે એમ કહ્યું છે, વ્યવહાર નયથી મોક્ષમાં પણ પરની (કર્મના અભાવની) અપેક્ષા લાગુ પડતી હોવાથી ત્યાં પણ આત્મા દ્વૈતને અનુસરે છે એમ કહ્યું છે. આ રીતે દ્વૈતને અનુસરવામાં પણ આત્માની સ્વતંત્રતા છે. પરંતુ એમ નથી કે કર્મના ઉદયનું જોર છે માટે આત્માએ તેને અનુસરીને બંધભાવ કરવો પડે છે અને કર્મ છોડે ત્યારે આત્માની મુક્તિ થાય. આત્મા બંધન વખતે પોતે કર્મના ઉદયને અનુસરે છે ને મોક્ષ વખતે પોતે કર્મના અભાવને અનુસરે છે—એવો દ્વૈતને અનુસરવાનો ધર્મ પોતાનો છે. પરસન્મુખદ્રષ્ટિથી આ ધર્મની કબુલાત યથાર્થપણે થઈ શકતી નથી, પણ આત્મદ્રવ્યની સન્મુખ દ્રષ્ટિ રાખીને જ તેના ધર્મનો યથાર્થપણે સ્વીકાર થાય છે.

આત્માના એક ધર્મનો યથાર્થ સ્વીકાર કરવા જાય તો તેમાં પણ બધું રહસ્ય આવી જાય છે. આત્મા એક વસ્તુ, તેનામાં અનંત ધર્મો, તે અનંતધર્મોરૂપ વસ્તુને જાણનારું પ્રમાણજ્ઞાન, એકેક ધર્મને જાણનાર એકેક નય, એવા અનંતનયોસ્વરૂપ શ્રુતજ્ઞાન પ્રમાણ, અવસ્થામાં વિકાર અને તેનું નિમિત્ત,—આ બધું રહસ્ય આમાં સમાઈ જાય છે. આવી વાત સર્વજ્ઞના કહેલા જૈનદર્શન સિવાય બીજે ક્યાંય આવતી નથી.

અહીં આત્મદ્રવ્ય સમજાવવા માટે તેના જુદા જુદા ધર્મો વડે તેનું વર્ણન કર્યું છે; તેમાં જોર ક્યાં આપવાનું છે? એકેક ધર્મનો ભેદ પાડીને તેના ઉપર જોર આપવાનું નથી, પણ આત્માના આ ધર્મોદ્વારા ધર્મી એવા શુદ્ધ ચૈતન્યમાત્ર આત્મદ્રવ્યનો નિર્ણય કરીને તેના ઉપર દ્રષ્ટિનું જોર આપવાનું છે. અંતરંગમાં પોતાના આત્માને શુદ્ધ ચૈતન્યમાત્ર દેખવો તે જ આ બધા નયોનું તાત્પર્ય છે. એ સિવાય નિમિત્ત ઉપર, વિકાર ઉપર કે ભેદ ઉપર વજન આપવું એવું કોઈ પણ નયનું તાત્પર્ય નથી. અનંતધર્મોના પિંડરૂપ શુદ્ધચૈતન્યમૂર્તિ આત્મદ્રવ્ય છે તેના આ બધા ધર્મો છે—એમ જાણીને, તે શુદ્ધચૈતન્યમૂર્તિ આત્માનું જ અવલંબન કરતાં શુદ્ધઆત્માની પ્રાપ્તિ થાય છે એટલે કે આત્માની પૂર્ણશુદ્ધ મુક્તદશા પ્રગટી જાય છે.

જુઓ અહીં વ્યવહારનયમાં પણ એમ નથી કે કર્મનો ઉદય આત્માને બંધન કરાવે. વ્યવહારનયથી કર્મની એટલી અપેક્ષા છે કે આત્મા પોતે બંધ વખતે તેને અનુસરે છે. કર્મને એવો ધર્મ નથી કે આત્માને બંધ–મોક્ષ કરાવે. બંધ–મોક્ષ વખતે કર્મના સદ્‌ભાવ કે અભાવને અનુસરે એવો આત્માનો ધર્મ છે. વ્યવહારનય પણ આત્માના ધર્મને બતાવે છે, તે કાંઈ નિમિત્તના ધર્મને નથી બતાવતો 'વ્યવહારનયથી આત્મા બંધ–મોક્ષમાં દ્વૈતને અનુસરે છે.' એમ કહ્યું, તેમાં દ્વૈતને અનુસરવારૂપ જે ધર્મ છે તે તો આત્મામાં નિશ્ચયથી જ છે. વ્યવહારનયના વિષયરૂપ ધર્મ પણ આત્મામાં નિશ્ચયથી જ છે; વ્યવહારનયના વિષયરૂપ ધર્મ આત્મામાં નથી—એમ નથી; આત્માના જે અનંતા ધર્મો છે તે બધાય નિશ્ચયથી જ આત્મામાં છે. તેમાંથી આ બંધ–મોક્ષમાં દ્વૈતને અનુસરવારૂપ ધર્મ વડે આત્માને લક્ષમાં લેનારું જ્ઞાન તે વ્યવહારનય છે, કેમ કે તે નિમિત્તની

અપેક્ષા લઈને બંધ–મોક્ષને જાણે છે માટે તે વ્યવહારનય છે.

જેમ બે અંશ કે તેથી વધારે લૂખાશ કે ચીકાશવાળા પરમાણુમાં બંધ થવાની લાયકાત થતાં તે પરમાણુ પોતાથી બે અંશ જ અધિક એવા અન્ય પરમાણુ કે સ્કંધને અનુસરીને પોતે પણ તેટલી લૂખાશ કે ચીકાશરૂપે પરિણમીને બંધાય છે; એ રીતે વ્યવહારનયથી તે પરમાણુ બંધમાં દ્વૈતને અનુસર્યો છે. અનુસરવાનો ધર્મ તો તે પરમાણુનો પોતાનો છે. કાંઈ બીજા બે અંશ અધિક પરમાણુના કારણે તે ધર્મ નથી આવ્યો. એ જ પ્રમાણે તે પરમાણુની લાયકાત થતાં સ્કંધથી છૂટો પડે, ત્યાં પણ અન્ય પરમાણુથી છુટો પડવારૂપ દ્વૈતને અનુસરે છે. તેમ આત્મા બંધ મોક્ષમાં દ્વૈતને અનુસરે છે. બંધન કહેતાં કર્મના સંયોગની અપેક્ષા આવી જાય છે, ને મોક્ષ કહેતાં કર્મના વિયોગની અપેક્ષા આવી જાય છે. આત્મા અને કર્મ એવા દ્વૈત વિના બંધ–મોક્ષ સાબિત થતા નથી, માટે વ્યવહારનયે બંધમાં તેમ જ મોક્ષમાં આત્મા દ્વૈતને અનુસરનાર છે. વ્યવહારનયથી પણ એમ નથી કહ્યું કે પરને લીધે આત્માને બંધ–મોક્ષ થાય છે. બંધ–મોક્ષ તો પોતાથી જ થાય છે, પણ વ્યવહારે તેમાં કર્મના સંયોગ–વિયોગની અપેક્ષા આવે છે તેથી બંધ–મોક્ષમાં દ્વૈત ગણ્યું છે. આમ સમજે તો કર્મને કારણે જીવને બંધ–મોક્ષ થવાની માન્યતા ન રહે એટલે પરાધીનદૃષ્ટિ ન રહે, પણ આ ધર્મ આત્માનો છે તેથી આત્મદ્રવ્ય તરફ જોવાનું રહે છે. નિમિત્ત ઉપર કે વિકાર ઉપર જેની દૃષ્ટિનું વજન છે તેને આત્માના એક પણ ધર્મની યથાર્થ ઓળખાણ થતી નથી. ધર્મદ્વારા ધર્મી એવા શુદ્ધચૈતન્યરૂપ આત્મદ્રવ્યને ઓળખીને તેના ઉપર દૃષ્ટિનું જોર જતાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે અને ત્યારે જ આત્માના ધર્મોની યથાર્થ ઓળખાણ થાય છે. આ રીતે આ કોઈપણ ધર્મના જ્ઞાનદ્વારા અનંત ધર્મના પિંડરૂપ શુદ્ધચૈતન્યદ્રવ્યને દૃષ્ટિમાં લઈને તેનો અનુભવ કરવો તે જ કરવાનું છે.

અહો! અનંત ગુણોથી સ્વાધીન એવા ચૈતન્યસ્વરૂપ શુદ્ધ આત્માને ઓળખીને તેનો મહિમા અને અનુભવ કરે તો અનાદિના મિથ્યાત્વનું મહાપાપ છૂટીને આત્મા હળવો થઈ જાય. એકવાર આવા આત્મા ઉપર દૃષ્ટિ કરતાં જ અનંત સંસારના કારણરૂપ મોહભાવ છૂટી જાય. પછી તે શુદ્ધ આત્માનું અવલંબન લઈને જેમ જેમ તેમાં એકાગ્ર થતો જાય તેમ તેમ અવિરતિ વગેરે પાપો પણ છૂટીને આત્મા હળવો થતો જાય ને અતીન્દ્રિયઆનંદનું વેદન વધતું જાય; છેવટે પૂર્ણપણે શુદ્ધાત્મસ્વરૂપમાં એકાગ્ર થતાં વિકારનો ભાર સર્વથા ટળીને આત્મા તદ્દન હળવો થઈ જાય એટલે કે સંપૂર્ણ શુદ્ધ થઈ જાય ને પૂર્ણ અતીન્દ્રિય આનંદ પ્રગટી જાય. પહેલાં બંધદશામાં કર્મના નિમિત્તનો સદ્ભાવ હતો, ને હવે મોક્ષદશામાં કર્મનો અભાવ થઈ ગયો એટલે કર્મથી છૂટકારો થયો, એ રીતે બંધમાં તેમ જ મોક્ષમાં આત્મા દ્વૈતને અનુસરે છે–એવો તેનો એક ધર્મ છે, ને તે ધર્મથી આત્માને જાણનારું જ્ઞાન તે વ્યવહારનય છે.

—આ રીતે ૪૪મા વ્યવહારનયથી આત્માનું વર્ણન પૂરું થયું.

*

# નિશ્ચયનયે આત્માનું વર્ણન

## [૪૫]

આત્મદ્રવ્ય નિશ્ચયનયે બંધ અને મોક્ષને વિષે અદ્વૈતને અનુસરનારું છે. જેમ બંધ–મોક્ષને યોગ્ય એવી લૂખાશ કે ચીકાસરૂપે પરિણમીને પરમાણુ એકલો જ બંધાય કે મુક્ત થાય છે, તેમ નિશ્ચયનયથી આત્મા એકલો જ બંધ કે મોક્ષદશારૂપે થાય છે; બંધમાં કે મોક્ષમાં પોતાની યોગ્યતાથી જ પરિણમે છે, તેમા નિશ્ચયથી બીજાની અપેક્ષા રાખતો નથી. અહીં બંધ મોક્ષની પર્યાયને નિશ્ચયનયનો વિષય કહ્યો છે, તે બંધ મોક્ષમાં પરની અપેક્ષા ન લેતાં એકલાં આત્માથી જ તે પર્યાયો થતી જાણવી તે નિશ્ચયનય છે. તે નિશ્ચયનયથી બંધ મોક્ષમાં આત્મા એકલો જ છે એટલે આત્મા અદ્વૈતને અનુસરે છે.

અહીં, નિશ્ચયનયથી આત્મા બંધ–મોક્ષમાં અદ્વૈતને અનુસરે છે એમ કહ્યું તેમાં, 'નિશ્ચયથી આત્માનો ત્રિકાળ એકરૂપ સ્વભાવ–કે જે દૃષ્ટિનો વિષય છે' તેની વાત નથી પણ બંધ–મોક્ષપર્યાયમાં આત્મા એકલો જ પરિણમે છે–એમ એકલા આત્માની અપેક્ષાથી બંધ મોક્ષપર્યાયને લક્ષમાં લેવાની વાત છે. બંધ પર્યાયમાં પણ એકલો આત્મા જ પરિણમે છે ને મોક્ષપર્યાયમાં પણ એકલો આત્મા જ પરિણમે છે, એ રીતે બંધ–મોક્ષ પર્યાય નિરપેક્ષ છે, એટલે નિશ્ચયથી આત્મા બંધમાં તેમ જ મોક્ષમાં અદ્વૈતને અનુસરનાર છે, એવો તેનો એક ધર્મ છે.

વસ્તુના એક ધર્મને જ જાણવામાં ન અટકતાં, તે ધર્મદ્વારા અનંતધર્મને ધારણ કરનાર એવી આખી ચૈતન્યવસ્તુને ઓળખે તો સમ્યક્ શ્રદ્ધા જ્ઞાન થાય પુણ્યના શુભરાગથી ધર્મ થાય એમ જેણે માન્યું તેણે અનંતધર્મસ્વરૂપ આત્માને માન્યો નથી, પણ એક ક્ષણિક વિકારને જ આત્મા માન્યો છે. શુભ રાગ તે તો આત્માના અનંતગુણોમાંથી એક ચારિત્ર ગુણની એક સમયની વિકારી અવસ્થા છે, તે જ વખતે આત્મામાં તે ચારિત્ર ગુણની અનંતી શુદ્ધપર્યાયો થવાની તાકાત છે તેમ જ ચારિત્ર સિવાયના જ્ઞાન–શ્રદ્ધા વગેરે અનંતા ગુણો છે. જો આવા અનંત ગુણના ધરનાર આત્માને લક્ષમાં લ્યે તો તે જીવને ક્ષણિક રાગમાં એકતા બુદ્ધિ થાય નહિ ને રાગથી લાભ માને નહિ. ક્ષણિક રાગથી લાભ માનનારે અનંત ધર્મના પિંડ શુદ્ધચૈતન્ય સ્વરૂપ આત્માને માન્યો નથી, તેથી તેને ધર્મ થતો નથી.

હે ભગવાન આત્મા કેવો છે?–કે જેને ઓળખીને અંતરમાં એકાગ્ર થવાથી ધર્મ થાય,–એમ જિજ્ઞાસુ શિષ્યે પૂછ્યું છે, તેનો આ ઉત્તર ચાલે છે. તેમાં આચાર્યદેવે અનેક નયોથી વર્ણન કરીને આત્માનું સ્વરૂપ સમજાવ્યું છે. નયોથી આત્માના જે જે ધર્મોનું વર્ણન કર્યું છે તે બધા ધર્મો આત્મામાં પોતાથી જ છે, પરને લીધે આત્માના ધર્મો નથી; એટલે પર સામે જોવાનું રહેતું નથી પણ ધર્મના આધારરૂપ એવા શુદ્ધચૈતન્યદ્રવ્યની સામે જોવાનું રહે છે.

નિશ્ચયથી આત્મા પોતે એકલો જ બંધ મોક્ષરૂપે પરિણમે છે; બંધ થવામાં કર્મનું નિમિત્ત, ને મોક્ષ થવામાં દેવ–ગુરુ–શાસ્ત્રનું નિમિત્ત–એમ પરની અપેક્ષાથી બંધમોક્ષને લક્ષમાં લેવા તે વ્યવહાર છે. આત્મા પોતે પોતાની પર્યાયમાં જ બંધાય છે ને પોતે પોતાની પર્યાયમાં જ મોક્ષ પામે છે એ રીતે બંધ મોક્ષમાં પોતે એકલો જ હોવાથી નિશ્ચયથી આત્મા અદ્વૈતને અનુસરે છે. નિશ્ચયથી બંધમાં કે મોક્ષમાં આત્મા પોતાના ભાવને જ અનુસરે છે, પરને અનુસરતો નથી. પોતે વિકારભાવરૂપે પરિણમીને તે વિકારથી બંધાય છે ને શુદ્ધચૈતન્યસ્વભાવના આશ્રયે પોતે જ શુદ્ધભાવરૂપે પરિણમીને મુક્ત થાય છે, આ રીતે નિશ્ચયથી આત્મા બંધમાં કે મોક્ષમાં પોતાના સિવાય કોઈ પરને નથી અનુસરતો, તેથી બંધ–મોક્ષમાં અદ્વૈતને અનુસરે છે એવો તેનો ધર્મ છે. આ વાત સમજે તો બંધ મોક્ષરૂપે પરિણમનાર એવા આત્મા ઉપર દૃષ્ટિ જાય ને શુદ્ધચૈતન્યસ્વરૂપ આત્મા તેની દૃષ્ટિમાં આવી જાય; પર ચીજ બંધ–મોક્ષ કરાવે–એ માન્યતા તો તેને રહે જ નહિ. અને જેને આવી દૃષ્ટિ થઈ કે 'બંધ–મોક્ષરૂપે મારો આત્મા એકલો જ પરિણમે છે'–તેને પોતામાં એકલું બંધરૂપ પરિણમન ન હોય પરંતુ મોક્ષમાર્ગરૂપ પરિણમન તેને શરૂ થઈ જ જાય. ૪૪મા નયમાં વ્યવહારનયથી બંધ–મોક્ષમાં દ્વૈતને અનુસરવાનો ધર્મ કહ્યો તેમાં પણ, તે ધર્મ આત્માનો પોતાનો હોવાથી આત્મદ્રવ્યની સામે જ જોવાનું આવે છે, કાંઈ પર સામે દૃષ્ટિ કરવાનું નથી આવતું. દ્વૈતને અનુસરવારૂપ ધર્મ (અર્થાત્ અદ્વૈતને અનુસરવારૂપ ધર્મ) પણ આત્મામાં છે, એ રીતે અનંત ધર્મો એક સાથે વર્તે છે, તે બધા ધર્મોને કબુલતાં આખું આત્મદ્રવ્ય જ શુદ્ધચૈતન્યમાત્રપણે દૃષ્ટિમાં આવી જાય છે. અનંત ધર્મના પિંડરૂપ આખા આત્મદ્રવ્યને ભૂલીને, એક ધર્મ ઉપર જ લક્ષ રાખ્યા કરે તો ત્યાં આત્મદ્રવ્ય યથાર્થપણે પ્રતીતમાં આવતું નથી. અનંતધર્મવાળા આત્મદ્રવ્યને લક્ષમાં લેતાં તે શુદ્ધચૈતન્યમાત્રપણે દૃષ્ટિમાં (–પ્રતીતમાં) આવે છે, ત્યાં અપૂર્વ સમ્યગ્દર્શન થાય છે ને અનાદિના મિથ્યાત્વનો નાશ થઈ જાય છે–અહીંથી સાધકદશાની અપૂર્વ શરૂઆત થાય છે. પણ તે શુદ્ધચૈતન્યમાત્ર આત્મામાં જ એકાગ્ર થતાં ચારિત્રદશારૂપ મુનિપણું પ્રગટે છે ને અસ્થિરતાનો નાશ થઈ જાય છે—આ જ ધર્મ અને મોક્ષમાર્ગ છે.

અજ્ઞાનીને અનંતધર્મસ્વરૂપ પોતાના આત્માનો મહિમા ન આવતાં પરનો મહિમા આવે છે ને બહુ તો એકેક ધર્મ ભેદ પાડીને તેના વિકલ્પમાં જ લાભ માનીને તે રોકાઈ જાય છે તેથી શુદ્ધચૈતન્યદ્રવ્ય તેની પ્રતીતમાં આવતું નથી, ને તેના મિથ્યાત્વનો નાશ થતો નથી.

અહીં આચાર્યદેવ કહે છે કે બંધમાર્ગમાં પણ આત્મા પોતે એકલો જ બંધભાવને કરે છે. મોક્ષમાર્ગમાં પણ આત્મા એકલો જ પોતાના જ છ કારકથી પોતે મોક્ષમાર્ગરૂપે પરિણમે છે ને મોક્ષમાં પણ પોતે એકલો જ છે. મોક્ષમાર્ગ વખતે વ્યવહારે બીજા નિમિત્તની અપેક્ષા ભલે હો, પરંતુ ખરેખર મોક્ષમાર્ગમાં આત્મા પોતાના સ્વભાવને જ અનુસરે છે. પરને અનુસરીને મોક્ષમાર્ગ નથી. 'બંધમાર્ગમાં તેમજ મોક્ષમાર્ગમાં હું એકલો જ છું, કોઈ અન્ય દ્રવ્ય સાથે મારે સંબંધ નથી.' એમ નક્કી કરનાર જીવ પરદ્રવ્ય સાથેની એકત્વબુદ્ધિ તોડીને, સ્વદ્રવ્ય તરફ વળતાં શુદ્ધ આત્માને પામે છે. આ પ્રવચનસારની ૧૨૬મી ગાથામાં આચાર્યદેવે કહ્યું હતું કે—જ્યારે હું સંસારી હતો ત્યારે (અજ્ઞાન-દશામાં) પણ ખરેખર મારું કોઈ પણ નહોતું; ત્યારે પણ હું એકલો જ કર્તા હતો, કારણ કે હું

એકલો જ ઉપરક્ત ચૈતન્યસ્વરૂપ સ્વભાવ વડે સ્વતંત્ર હતો....અને હમણાં મુમુક્ષુદશામાં અર્થાત્ જ્ઞાનદશામાં પણ ખરેખર મારું કોઈ પણ નથી; હમણાં પણ હું એકલો જ કર્તા છું કારણ કે હું એકલો જ સુવિશુદ્ધ ચૈતન્યરૂપ સ્વભાવ વડે સ્વતંત્ર છું....આ રીતે બંધમાર્ગમાં તેમ જ મોક્ષમાર્ગમાં આત્મા એકલો જ છે એમ ભાવનાર આ પુરુષ પરમાણુની માફક એકત્વ ભાવનામાં ઉન્મુખ—તત્પર હોવાથી, તેને પરદ્રવ્ય પરિણતિ બિલકુલ થતી નથી, અને પરમાણુની માફક એકત્વને ભાવનાર પુરુષ પર સાથે સંપૃકત થતો નથી; તેથી પરદ્રવ્ય સાથે અસંપૃકતપણાને લીધે તે સુવિશુદ્ધ હોય છે.

બંધ–મોક્ષમાં દ્વૈતને અનુસરવાની વાત કરી તેમાં પણ બંધ–મોક્ષ તો જીવની પોતાની જ લાયકાતથી છે, કાંઈ પરને લીધે બંધમોક્ષ નથી, પણ સાથે નિમિત્તની અપેક્ષાનું ત્યાં જ્ઞાન કરાવ્યું છે. ને અહીં બંધ–મોક્ષમાં અદ્વૈતને અનુસરવાનું કહીને એ બતાવ્યું કે બંધમાં, મોક્ષમાર્ગમાં કે મોક્ષમાં પરદ્રવ્યથી નિરપેક્ષપણે આત્મા પોતે એકલો જ પરિણમે છે; બંધ–મોક્ષ સ્વતઃ પોતાથી જ થાય છે. નિશ્ચયથી આત્મા અદ્વૈતને અનુસરે છે–એમ અહીં કહ્યું તેનો અર્થ એમ નથી કે 'આત્માને બંધન જ નહિ' બંધનમાં પણ નિશ્ચયથી આત્મા એકલો જ પરિણમે છે—તેથી તેને અદ્વૈતને અનુસરનાર કહ્યો છે—એમ સમજવું.

જેમ પરમાણુ પોતેપોતામાં જ બંધ કે મોક્ષને ઉચિત એવી લૂખાશ–ચિકાશરૂપે પરિણમે છે; બીજા પરમાણુઓ સાથે બંધાય તે વખતે પણ બંધ અવસ્થારૂપે પોતે પોતામાં જ પરિણમે છે, તેમ જ અન્યપરમાણુઓથી છૂટો પડે ત્યારે તે છૂટા પડવારૂપ અવસ્થારૂપે પણ તે પોતે પોતામાં જ પરિણમે છે. આ રીતે નિશ્ચયથી તે પરમાણુના બંધ મોક્ષમાં બીજા પરમાણુની અપેક્ષા નથી, તેમ નિશ્ચયનયથી જોતાં આત્માના બંધ–મોક્ષમાં પરની અપેક્ષા નથી, આત્મા પોતે એકલો જ બંધ મોક્ષને યોગ્ય પોતાની પર્યાયથી બંધાય કે મુકાય છે. વ્યવહારનયથી પણ કાંઈ બંધ મોક્ષરૂપે આત્માને બીજો નથી પરિણમાવતો, પરંતુ વ્યવહારનયે આત્માના બંધ મોક્ષમાં પર નિમિત્તોની અપેક્ષા આવે છે, છતાં ત્યાં પણ બંધ–મોક્ષરૂપે આત્મા પોતે પોતાથી એકલો જ પરિણમે છે. 'હું પરની ક્રિયાને કરું અને પરચીજ મારી બંધ–મોક્ષ અવસ્થાને કરે' એમ માનનાર તો મોટા મિથ્યાત્વનો ધણી છે, પોતાના સ્વાધીન ધર્મોનું તેને ભાન નથી, ને પરચીજને પણ તે સ્વતંત્ર માનતો નથી.—એવા મિથ્યાદૃષ્ટિને કિંચિત્‌ધર્મ થતો નથી.

આત્મા શુદ્ધચૈતન્યમાત્ર વસ્તુ છે. તે વસ્તુમાં તેના અનંતધર્મો એક સાથે રહેલા છે. એક સાથે અનંતધર્મો સહિત વસ્તુને જાણનારું જ્ઞાન તે પ્રમાણ છે, અને તેના ધર્મોને મુખ્ય–ગૌણ કરીને જાણનારું જ્ઞાન તે નય છે. અનંતધર્મ સ્વરૂપ આખી વસ્તુના જ્ઞાનપૂર્વક તેના કોઈ ધર્મને મુખ્ય કરીને જાણે તો તે નય સાચો છે. આખી વસ્તુના જ્ઞાન વગરનો નય સાચો હોતો નથી. આ રીતે સાધકને જ નય હોય છે.

અહીં ૪૪-૪૫મા નયોમાં, સાપેક્ષ અને નિરપેક્ષ બંને રીતે આત્માની બંધ–મોક્ષપર્યાયનું જ્ઞાન કરાવ્યું છે. એક આત્માને બંધ–મોક્ષમાં કર્મની અપેક્ષા આવે ને બીજા આત્માને બંધ–મોક્ષ કર્મની

અપેક્ષા વગર થાય—એમ જુદા જુદા બે આત્માના ધર્મોની આ વાત નથી, પરંતુ એક જ આત્માના ધર્મોની આ વાત છે. એક જ આત્મામાં એવા ધર્મો એક સાથે છે કે વ્યવહારનયથી તે બંધ-મોક્ષમાં દ્વૈતને અનુસરે છે. અહીં પ્રમાણના વિષયરૂપ વસ્તુનું વર્ણન છે, તેથી આત્માની અવસ્થામાં બંધન થાય છે તે પણ આત્માનો ધર્મ છે. કાંઈ પરવસ્તુને કારણે તે બંધન નથી. તે બંધન થવા રૂપ ધર્મ આત્માના ત્રિકાળીસ્વભાવરૂપ નથી. પણ બંધ થવાને યોગ્ય ક્ષણિક પર્યાયના આશ્રયે તે ધર્મ છે; તેથી બંધની લાયકાત ટળીને શુદ્ધ દ્રવ્યના આશ્રયે મોક્ષની લાયકાત થતાં સિદ્ધદશામાં તે બંધન થવારૂપ ધર્મનો અભાવ થઈ જાય છે.

એ ખાસ ધ્યાન રાખવું કે પ્રમાણના વિષયરૂપ વસ્તુને જાણતાં પણ જ્ઞાનનું જોર ત્રિકાળી શુદ્ધદ્રવ્યસ્વભાવ તરફ જ જાય છે; કેમકે વસ્તુનો ત્રિકાળી શુદ્ધસ્વભાવ અને ક્ષણિક અશુદ્ધતા એ બંનેને જાણનારું જ્ઞાન, ક્ષણિક અશુદ્ધતામાં જ ન અટકતાં, ત્રિકાળી શુદ્ધસ્વાભાવનો જ મહિમા કરીને તેમાં એકાગ્ર થાય છે. આ રીતે અનંતધર્માત્મક વસ્તુને જાણનારની દૃષ્ટિ શુદ્ધચૈતન્યદ્રવ્ય ઉપર જ હોય છે, જો એવી દૃષ્ટિ ન હોય તો તેને વસ્તુનું જ્ઞાન જ સાચું નથી.

બંધ-મોક્ષમાં આત્મામાં એકલો જ છે—એમ જાણે તો આત્માને પરદ્રવ્યોથી ભિન્ન સમજે, ને પોતાના અનંતધર્મો પોતામાં જ છે એમ ઓળખીને શુદ્ધઆત્માની દૃષ્ટિ કરે. કોઈ પણ પરદ્રવ્યના કારણે આત્માને બંધ-મોક્ષ થવાનું તે માને નહિ. નિશ્ચયથી આત્મા પોતાના બંધ-મોક્ષમાં પરની અપેક્ષારૂપ દ્વૈતને અનુસરતો નથી, અદ્વૈતને અનુસરીને એટલે કે પોતે એકલો જ બંધ-મોક્ષરૂપે પરિણમે છે.

કર્મનું નિમિત્ત છે માટે જીવને બંધન થયું?—ના;<br>
કર્મ છૂટ્યા માટે જીવની મુક્તિ થઈ?—ના;<br>
કર્મની પર્યાય કર્મમાં, ને જીવની પર્યાય જીવમાં.

જીવ પોતે પોતાની પર્યાયમાં વિકારરૂપે પરિણમ્યો તેથી બંધન થયું, અને જીવ પોતે પોતાની પર્યાયમાં મોક્ષરૂપે પરિણમ્યો તેથી મુક્તિ થઈ.—આ પ્રમાણે નિશ્ચયનયથી બંધ-મોક્ષમાં આત્મા અદ્વૈતને અનુસરે છે એટલે કે તેમાં પરની અપેક્ષા નથી. આમ છતાં વ્યવહારનયે, આત્માની બંધ-મોક્ષપર્યાયમાં કર્મના સંયોગ વિયોગની જે અપેક્ષા છે તેનું પણ સાધકને જ્ઞાન છે—એ વાત ૪૪મા નયમાં સિદ્ધ કરી છે.

—૪૫મા નિશ્ચયનયથી આત્માનું વર્ણન અહીં પૂરું થયું.

# અશુદ્ધનયે આત્માનું વર્ણન

[૪૬]

અશુદ્ધનયે જોતાં, ઘટ અને રામપાત્રથી વિશિષ્ટ માટીમાત્રની માફક, આત્મદ્રવ્ય સોપાધિ સ્વભાવવાળું છે.

જેમ માટીમાં ઘડો, રામપાત્ર વગેરે અવસ્થાઓ થાય છે તે તેનો એકરૂપ ભાવ નથી તે અપેક્ષાએ તે ઉપાધિભાવ છે. તેમ આત્માની અવસ્થામાં જે વિકારીભાવો થાય છે તે તેનો એકરૂપ સ્વભાવ નથી પણ ઉપાધિભાવ છે, અશુદ્ધ છે. પુદ્ગલમાં તો ઘડો વગેરે જુદી જુદી અવસ્થા થયા કરે એવો તેનો સ્વભાવ છે, પણ આત્માની પર્યાયમાં જે અશુદ્ધતા થાય છે, તે કાયમી થયા કરે એવો તેનો સ્વભાવ નથી, એટલે અશુદ્ધતા તેનો કાયમી સ્વભાવ નથી પણ ઉપાધિભાવ છે. છતાં, તે ઉપાધિભાવને પણ એક સમયપુરતી પર્યાયમાં આત્માએ પોતે ધારણ કરી રાખ્યો છે તેથી તે પણ આત્માનો એક ધર્મ છે, અને તે ધર્મની અપેક્ષાએ જોતાં આત્મા સોપાધિસ્વભાવવાળો છે. અહીં 'સોપાધિસ્વભાવ' કહ્યો તે ત્રિકાળી સ્વભાવ ન સમજવો પણ અશુદ્ધપર્યાય પૂરતો ક્ષણિકસ્વભાવ સમજવો. જ્ઞાની જાણે છે કે આ અશુદ્ધતા છે તે મારી પર્યાયમાં થાય છે, એટલે અશુદ્ધનયથી હું ઉપાધિવાળો અશુદ્ધ છું.

ધ્યાન રાખજો, કે અહીં અશુદ્ધનયે આત્માનું વર્ણન કરે છે તેમાં પણ શુદ્ધ શુદ્ધચૈતન્યમાત્ર આત્મદ્રવ્યની દૃષ્ટિ કરાવવી તે જ તાત્પર્ય છે કઈ રીતે? જુઓ આ અશુદ્ધનયથી અશુદ્ધતા દેખાય છે તે તો એક ક્ષણિક ધર્મ છે અને આત્મદ્રવ્ય તો એક સાથે અનંતધર્મવાળું છે, અનંતધર્મોની કબૂલાત કરવા જતાં શુદ્ધચૈતન્યમાત્ર આત્માની દૃષ્ટિ થયા વિના રહેતી નથી; માટે આ અશુદ્ધનય પણ તેને જ હોય કે જેની દૃષ્ટિ શુદ્ધચૈતન્યમાત્ર આત્મા ઉપર હોય. 'અશુદ્ધનય' તે પોતે કાંઈ અશુદ્ધતા નથી, તે પોતે તો શ્રુતજ્ઞાનનું એક નિર્મળ પડખું છે.

આત્મામાં અનંત ધર્મો છે તેના ખ્યાલપૂર્વક સાધક જીવ ઉપાધિધર્મને જાણે છે; અશુદ્ધતારૂપ ક્ષણિક ઉપાધિધર્મ વખતે જ મારા આત્મામાં શુદ્ધસ્વભાવરૂપ નિરુપાધિકધર્મ પણ ભેગો જ છે, એમ સાધક જાણે છે, એટલે અશુદ્ધનયથી ઉપાધિને જાણતી વખતે નિરુપાધિક સ્વભાવનું પણ અંશે પરિણમન તેને વર્તે છે; સાધકને એકલી અશુદ્ધતા જ નથી પરિણમતી, અશુદ્ધતા વખતે અંશે શુદ્ધતા પણ ભેગી જ પરિણમે છે અને તેને જ સમ્યક્ અનેકાન્ત તથા નય હોય છે. જે જીવને પોતામાં એકલી અશુદ્ધતાનું જ પરિણમન ભાસે ને શુદ્ધતા જરાપણ ન ભાસે તેને તો આવો અશુદ્ધનય પણ હોતો નથી, તે તો મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાદૃષ્ટિને એક પણ નય સાચા હોતા નથી.

વિકારની જે ઉપાધિ છે તે પણ જીવની વર્તમાન પર્યાયનો સ્વભાવ છે, અશુદ્ધનયથી જોતાં

તે ઉપાધિવાળો આત્મા દેખાય છે. રાગથી ધર્મ થાય, વ્યવહારના આશ્રયે નિશ્ચય થાય એવી મિથ્યામાન્યતાનો ભાવ તે તો અજ્ઞાનીનો ઉપાધિભાવ છે. તે મિથ્યામાન્યતા ટળ્યા પછી અસ્થિરતાથી જે ક્રોધાદિભાવો થાય છે તે પણ ઉપાધિભાવ છે. તે ઉપાધિભાવ પણ આત્મામાં થાય છે એમ અશુદ્ધનયથી જ્ઞાની જાણે છે. અહીં નયની વાત છે, નય જ્ઞાનીને જ હોય છે; ને જ્ઞાનીને મિથ્યાત્વનો ઉપાધિભાવ તો થતો જ નથી. મિથ્યાત્વ સિવાયના જે રાગાદિ ઉપાધિભાવ થાય છે તે કોઈ પરને લીધે નથી પણ પોતાની પર્યાયનો તેવો સ્વભાવ છે એમ ધર્મી જાણે છે. દ્રવ્યના શુદ્ધસ્વભાવના જ્ઞાનપૂર્વક પર્યાયની અશુદ્ધતાને જાણે છે. આત્માની પર્યાયમાં જે વિકારીભાવો થાય છે તે તેનો એક સમયનો ઉપાધિભાવ છે, તે ઉપાધિભાવ પરમાં નથી તેમ જ પરને લીધે નથી, પણ આત્માની પર્યાયનો તેવો ધર્મ છે. ઉપાધિભાવ થાય તેવો ધર્મ જો આત્માનો પોતાનો ન હોય તો બીજા અનંતા પરદ્રવ્યો ભેગા થઈને પણ તેનામાં ઉપાધિભાવની ઉત્પત્તિ ન કરાવી શકે. નિગોદથી માંડીને ચૌદમાં ગુણસ્થાનના અંત સુધી જે ઉપાધિભાવ—વિકારભાવ ઉદયભાવ—સંસારભાવ છે તેને તે-તે પર્યાયમાં આત્મા પોતે ધારી રાખે છે તેથી અશુદ્ધનયથી તે પણ આત્માનો ધર્મ છે, તે ત્રિકાળી સ્વભાવ નથી તેમ જ પરને લીધે પણ નથી. લક્ષ્મી-શરીર-સ્ત્રી-પુત્ર-ઘરબાર-દુકાન વગેરે પરચીજની ઉપાધિ આત્મામાં નથી, પરની ઉપાધિવાળો આત્મા નથી, પણ પોતાની પર્યાયમાં જે વિકાર થાય છે તે વિકારની ઉપાધિવાળો આત્મા છે. 'ઉપાધિ' કહેતાં જ તે કાયમી મૂળસ્વભાવ નથી એ વાત તેમાં આવી જાય છે. પર્યાયમાં એક સમયની ઉપાધિ છે પણ શુદ્ધનયથી અંતર્મુખ સ્વભાવને જોતાં તેમાં ઉપાધિ નથી. આ રીતે બંને પડખાંથી આત્મદ્રવ્યને જાણવું અને તે જાણીને શુદ્ધતા તરફ વળવું તેનું નામ ધર્મ છે. ત્રિકાળ નિરુપાધિ એવું શુદ્ધદ્રવ્ય, અને ક્ષણિકઉપાધિરૂપ અશુદ્ધતા એ બંનેની યથાર્થ ઓળખાણ થતાં, શુદ્ધદ્રવ્યની દૃષ્ટિથી પર્યાયનો ઉપાધિભાવ ટળતો જાય છે ને શુદ્ધતા થતી જાય છે.

અશુદ્ધનયે ઉપાધિસ્વભાવવાળું છે—, પણ કોણ? કે આત્મદ્રવ્ય. તે આત્મદ્રવ્ય કેવું છે? એક સાથે અનંતધર્મોવાળું છે, આત્મદ્રવ્ય સર્વથા અશુદ્ધ—ઉપાધિવાળું—નથી પણ અશુદ્ધનયથી ઉપાધિવાળું છે એટલે અશુદ્ધનય વખતે પણ બીજા શુદ્ધપડખાનું જ્ઞાન ધર્મીને વર્તે છે. અનંતધર્મવાળા શુદ્ધઆત્મદ્રવ્યના લક્ષે ઉપાધિસ્વભાવનું યથાર્થ જ્ઞાન થાય છે, એકલી ઉપાધિના જ લક્ષે ઉપાધિનું જ્ઞાન યથાર્થ થતું નથી, પણ એકાંત અશુદ્ધનય થઈ જાય છે.

ઉપાધિભાવ તે એક સમયની પર્યાયનો ધર્મ છે, ત્રિકાળ રહે એવો તેનો સ્વભાવ નથી. અહીં પ્રમાણના વિષયમાં દ્રવ્ય-પર્યાય બંનેનું વર્ણન છે, એટલે ઉપાધિભાવને પણ આત્માનો સ્વભાવ કહીને તે પર્યાયનું જ્ઞાન કરાવ્યું છે. વિકાર એક સમય પૂરતો આત્માએ પોતે ધારી રાખ્યો છે. જો તેને ન જાણે તો પૂરી વસ્તુનું પ્રમાણ થાય નહિ એટલે સમ્યગ્જ્ઞાન થાય નહિ.

શું પંચમ કાળને લીધે આત્મામાં ઉપાધિ છે?—ના; પંચમ કાળને લીધે ઉપાધિ નથી પણ જીવનો જ તેવો ધર્મ છે. જુઓ, સંતો એમ કહે છે કે તારો ઉપાધિભાવ તારે લીધે જ છે, પરને લીધે નથી; છતાં જે જીવ આમ નથી માનતો ને પરને લીધે ઉપાધિ માને છે તે ખરેખર ભગવાનની કે

સંતોની આજ્ઞા માનતો નથી. પંચમકાળમાં જન્મેલો કોઈ જીવ તે ભવે કેવળજ્ઞાન પામે એમ કદી ન બને—પણ તેનું કારણ? કાંઈ પંચમકાળને લીધે કેવળજ્ઞાન નથી અટક્યું, પરંતુ જીવની પોતાની પર્યાયમાં તે પ્રકારના ઉપાધિભાવને લીધે જ કેવળજ્ઞાન અટક્યું છે.

વળી, નરકગતિનું આયુષ્ય જેને બંધાયું હોય તેને પંચમ ગુણસ્થાન આવે નહિ, તેમ જ જુગલિયામાં, દેવગતિમાં કે નરકમાં સમ્યગ્દર્શન થાય પણ વ્રતાદિ ન થાય—પંચમ ગુણસ્થાન ન થાય; ત્રીજી નરક સુધીથી નીકળીને મનુષ્ય થયેલો જીવ જ તીર્થંકર થઈ શકે, ત્યારપછી ચોથી નરકથી નીકળેલો જીવ કેવળજ્ઞાન પામી શકે તીર્થંકર ન થાય; પાંચમી નરકથી નીકળેલો જીવ મુનિદશા પામે પણ કેવળજ્ઞાન ન પામી શકે; છઠ્ઠી નરકથી નીકળેલો જીવ પાંચમા ગુણસ્થાનની શ્રાવકદશા પામે પણ મુનિદશા ન પામી શકે; સાતમી નરકથી નીકળેલો જીવ મનુષ્ય ન થાય—આવો નિયમ છે—પણ તેનું કારણ? શું કર્મને લીધે કે પૂર્વ પર્યાયને લીધે તેમ થાય છે? ના, પરંતુ તે તે જીવોને તે પર્યાયમાં જ તેવો ઉપાધિભાવરૂપ ધર્મ છે, અને તે કારણે જ તેના કેવળજ્ઞાનાદિ અટક્યા છે. સમકીતિ જાણે છે કે મારી પર્યાયમાં જ આવો ઉપાધિભાવ છે તેથી જ કેવળજ્ઞાન, મુનિદશા કે શ્રાવકદશા અટકી છે, કોઈ પરને કારણે મારી દશા અટકી નથી, તેમ જ પરને કારણે ઉપાધિભાવ નથી. ક્ષણિક ઉપાધિ વખતે પણ શુદ્ધનયથી તો હું નિરુપાધિક શુદ્ધસ્વભાવ છું—એવું ભાન ધર્મીને ખસતું નથી. પૂર્વના તેવા ઊંચા સંસ્કાર છે માટે અત્યારે ઉપાધિભાવ છે—એમ કહેવું તે પૂર્વપર્યાયના ઉપચારનું કથન છે, ખરેખર વર્તમાન પર્યાય જ તેવા ઉપાધિસ્વભાવે થઈ છે એટલે તે પર્યાયનો જ તેવો ધર્મ છે. એ જ પ્રમાણે, સિદ્ધદશા થતાં જે ઊર્ધ્વગમન થાય છે તે પૂર્વ પ્રયોગને લીધે થાય છે એમ કહેવું તે પણ ઉપચારથી છે, ખરેખર તો તેની તે સમયની પર્યાયનો જ તેવો ઊર્ધ્વગમનસ્વભાવ છે. આ સ્વભાવ ઉર્ધ્વગમન છે તે ઉપાધિભાવ નથી પણ પર્યાયનો નિરુપાધિક ભાવ છે. ધર્મી જીવ પોતાની પર્યાયના ઉપાધિધર્મને જાણતો હોય કે નિરુપાધિસ્વભાવને જાણતો હોય, પણ શુદ્ધચૈતન્યદ્રવ્ય ઉપરથી તેની દૃષ્ટિ ખસતી નથી.

—અહીં ૪૬મા અશુદ્ધનયથી આત્માનું વર્ણન પૂરું થયું.

# શુદ્ધનયે આત્માનું વર્ણન
## [૪૭]

આત્મદ્રવ્ય શુદ્ધનયે કેવળ માટીમાત્રની માફક, નિરુપાધિકસ્વભાવવાળું છે. જેમ એકલી માટીનો પિંડ પડ્યો હોય તે કેવળ માટી જ છે તેમાં કોઈ ઉપાધિ નથી, તેમ શુદ્ધનયથી જોતાં નિરુપાધિક એકરૂપ સ્વભાવી આત્મા છે, તેમાં કોઈ ઉપાધિ નથી. ક્ષણિક પર્યાયમાં અશુદ્ધતા છે તે અપેક્ષાએ ઉપાધિ છે પણ સામાન્યસ્વભાવની અપેક્ષાએ આત્મામાં ઉપાધિ નથી. ઉપાધિ વખતેય આ નિરૂપાધિક સ્વભાવ આત્મામાં છે. એક સમયે આત્મા આવા અનેક ધર્મોવાળો છે. શુદ્ધચૈતન્યમાત્ર આત્માને દૃષ્ટિમાં લેવો તે આ બધા ધર્મોને જાણવાનું ફળ છે.

પર્યાયમાં ક્ષણિક ઉપાધિ છે તે જ ક્ષણે સાધકને નિરુપાધિ શુદ્ધસ્વભાવનું ભાન છે, ને પર્યાયમાં પણ અંશે નિરુપાધિકપણું પ્રગટ્યું છે, એટલે સાધકને પર્યાયમાં પણ ઉપાધિપણું ને નિરુપાધિપણું બંને ધર્મો એક સાથે પરિણમે છે. જો તેમ ન હોય ને એકલી ઉપાધિ જ હોય તો એકાંત થઈ જાય છે.

અહીં અનેક પ્રકારે આત્માના ધર્મોનું વર્ણન કરીને આત્મદ્રવ્યની ઓળખાણ કરવી છે. આ બધા ધર્મો આત્માના પોતાના છે, તે કોઈ પરને લીધે નથી. ગમન, સ્થિરતા, અવગાહના, પરિણમન તે બધા ધર્મો પોતાના છે. ધર્મ, અધર્મ, આકાશ ને કાળ તે નિમિત્ત છે પરંતુ તે ગતિ વગેરે ધર્મો કાંઈ નિમિત્તના નથી તેમ જ નિમિત્તને લીધે નથી, તે ધર્મો તો પોતાના જ છે. આમ અનંતધર્મોને ધરનાર સ્વયંસિદ્ધ આત્માને જાણે તે જ્ઞાન સમ્યક્ છે.

ભગવાન આત્મા અનંતધર્મના પિંડરૂપ શુદ્ધચૈતન્યદ્રવ્ય છે, વચનથી તો તેના અમુક ધર્મોનું વર્ણન થઈ શકે. અહીં આચાર્યદેવે ૪૭ ધર્મોદ્વારા આત્માનું વર્ણન કર્યું. આ ધર્મોમાંથી જેટલા ઉપાધિરૂપ અર્થાત્ અશુદ્ધતા રૂપ છે તે ધર્મો સિદ્ધદશામાં નથી હોતા, ને જે સ્વાભાવિક ધર્મો છે તે બધા સિદ્ધદશામાં પણ હોય છે. સિદ્ધભગવાનને કાંઈ નયથી જોવાનું રહ્યું નથી, તેમને કાંઈ સાધવાનું બાકી નથી, અહીં તો સાધક જીવ પોતે પોતાના આત્માને પ્રમાણ અને નય વડે સાધે છે તેની વાત છે.

જે શિષ્ય જિજ્ઞાસુ થઈને આત્માનું સ્વરૂપ સમજવા માંગે છે તેણે પૂછ્યું હતું કે હે પ્રભો! આ આત્મા કોણ છે? એવા જિજ્ઞાસુ શિષ્યને ભગવાન આચાર્યદેવે પ્રથમ તો એમ બતાવ્યું કે આત્મા ખરેખર ચૈતન્યસામાન્યવડે વ્યાપ્ત અનંતધર્મોનું અધિષ્ઠાતા એક દ્રવ્ય છે. તે શ્રુતજ્ઞાન પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે જણાય છે. એટલું કહીને પછી ૪૭ નયોદ્વારા આત્માનું સ્વરૂપ સમજાવ્યું. શિષ્યને આ વાત સમજવાની ઝંખના છે એટલે શિષ્ય આ વાત વેઠથી નથી સાંભળતો પણ અંતરમાં આત્માને સમજવાની ધગશથી સાંભળે છે, એવા શિષ્યને આ સમજાવ્યું છે.

—અહીં ૪૭મા શુદ્ધનયથી આત્માનું વર્ણન પૂરું થયું.

(હવે, જે નયો અપેક્ષાસહિત છે તે જ નયો સમ્યક્ છે ને અપેક્ષાવગરના એકાંત નયો તે મિથ્યા છે—એ વાત કહેશે. ત્યારપછી 'શુદ્ધચૈતન્યમાત્ર નિજ આત્મદ્રવ્યને અંતરમાં દેખવું તે જ તાત્પર્ય છે'—એમ બતાવશે. એ રીતે આત્મદ્રવ્યનું કથન પૂરું કરીને પછી તેની પ્રાપ્તિની રીત કહેશે.

અહો, આ તો ખરેખરી પ્રયોજનભૂત, સ્વાનુભવની ઉત્તમ વાત છે. સ્વાનુભવની આવી સરસ વાર્તા પણ મહાભાગ્યે જ સાંભળવા મળે છે, ને એ અનુભવદશાની તો શી વાત!

મોક્ષમાર્ગનું ઉદ્ઘાટન નિર્વિકલ્પ-સ્વાનુભવ વડે થાય છે.

* * *

સંસારમાં ગમે તેવા ક્લેશના કે પ્રતિકૂળતાના
પ્રસંગો આવે પણ જ્ઞાનીને જ્યાં ચૈતન્યની
સ્ફૂરણા થઈ ત્યાં તે બધાય ક્લેશ ક્યાંય
ભાગી જાય છે. ગમે તેવા પ્રસંગમાય
એના શ્રદ્ધા-જ્ઞાન ઘેરાઈ જતા નથી.
જ્યાં ચિદાનંદ હંસલાનું સ્મરણ
કર્યું ત્યાં જ દુનિયાના બધા
ક્લેશો દૂર ભાગી જાય છે.
સંસારના ઝેરને ઉતારી
નાંખનારી આ જડીબુટ્ટી
છે. એ જડીબુટ્ટી
સૂંઘતા સંસારના
થાક ક્ષણભરમાં
ઉતરી જાય
છે.

## પોતાનો શુદ્ધ ચૈતન્ય સ્વભાવ અનુકૂળ છે. પર પદાર્થો અનુકૂળ કે પ્રતિકૂળ છે જ નહિ.

શિષ્યે એમ પૂછ્યું હતું કે આત્મા કોણ છે કે જે જાણ્યે કલ્યાણ થાય? આત્મા કોણ છે તે કહેવાઈ ગયું છે. શાંતિ ને ધર્મ કેમ થાય? તેનો ઉપાય શું છે? તેનો ઉત્તર આપે છે. પહેલી વાત એ કરી કે અનાદિથી અજ્ઞાની પોતાના જ્ઞાનસ્વભાવને ચૂકીને પર વસ્તુને જે જ્ઞેય છે.—જ્ઞાનમાં જણાવા યોગ્ય છે તેની સાથે પ્રીતિ કરે છે. પર પદાર્થોથી લાભ થાય તેમ માનીને તેની મૈત્રી છોડતો નથી ને જ્ઞાનાનંદ સ્વભાવની મૈત્રી કરતો નથી. આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે, તેની અવસ્થામાં પુણ્ય પાપ થાય છે તે દોષ છે. તે દોષ તથા બીજા પદાર્થો આત્માથી પરચીજ છે. અજ્ઞાની પરચીજની મૈત્રી કરે છે. પર હોય તો ઠીક ને પર ન હોય તો ઠીક પડે નહિ તેવી મૈત્રીને મિથ્યા ભાવ કહે છે પોતાનો શુદ્ધ સ્વભાવ એક જ અનુકૂળ છે પર ચીજો અનુકૂળ—પ્રતિકૂળ નથી. પરચીજનો આત્મામાં અભાવ છે, પણ અજ્ઞાની ભ્રાંતિ ઊભી કરીને પરને અનુકૂળ—પ્રતિકૂળ માની રાગદ્વેષ કર્યા કરે છે.

## અનાદિથી મિથ્યાદૃષ્ટિ જીવ જ્ઞેયો સાથે પ્રીતિ કરી મોહ દ્વેષ કર્યા કરે છે તેથી સંસારમાં રખડે છે,

અહીં શિષ્ય પૂછે છે કે "હે પ્રભુ! શાંતિ કેમ થાય? અમો અનાદિ કાળથી દુઃખી છીએ, સંસારમાં રખડીએ છીએ. અમારી અશાંતિ ટળી શાંતિ કેમ થાય? અધર્મ ટળી ધર્મ કેમ થાય? અકલ્યાણ કેમ ટળે!"—એમ પૂછે છે, શ્રી ગુરુ જવાબ આપે છે કે ભાઈ, તું જ્ઞાનસ્વરૂપ છો, તારો સ્વભાવ જાણવા—દેખવાનો છે, તેને ભૂલીને તારામાં અનેક પ્રકારની જ્ઞપ્તિ—જાણવાની ક્રિયા થાય છે, તે જ્ઞાનપર્યાયો જ્ઞેયો સાથે મૈત્રી કરે છે. શરીર, મન, વાણી, તથા કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર સાથે મૈત્રી કરે છે તેને મિથ્યાદર્શન કહે છે, તે અનંત સંસારનું કારણ છે. તેને હિત-અહિતનું ભાન નથી. પરને મેળવું તો લાભ થાય, પરને દૂર કરું તો ઠીક પડે—એવી માન્યતા કરે છે. તેને સાચા દેવગુરુ શાસ્ત્ર શું કહે છે તેની ખબર નથી. વળી સાચા દેવ ગુરુનો સંયોગ મળે પણ જો તેનાથી લાભ માને તો પણ મિથ્યાભાવ છે કારણ કે તેઓ પણ આત્માથી પર છે ઘણા જીવો તો કુદેવ કુગુરુના નિમિત્તે સંસારમાં રખડે છે. તેઓ કહે કે રાગ ઘટાડો, દાન કરો, બાહ્ય દયા કરો, ને આટલા પૈસા ખરચી નાખો. આમ પ્રરૂપણા સાંભળી અજ્ઞાનીને તે વાત પહેલેથી બેઠી તો હતી ને આવી વાત સાંભળતા પોતાના અજ્ઞાનના કારણે તે જ વાત દૃઢ કરે છે. પણ પૈસા પરવસ્તુ છે તેનાથી લાભ—નુકસાન નથી. પોતે રાગ ઘટાડે તો પુણ્ય છે પણ ધર્મ નથી. ધર્મ તો ચૈતન્ય સ્વભાવથી થાય છે એ વાત તેને બેસતી નથી ને પરવસ્તુ સાથે મૈત્રી કરી મિથ્યાત્વને સેવે છે ને ભ્રાંતિને લીધે રખડે છે. તેને આત્મપ્રાપ્તિ દૂર જ છે.

## પોતાના જ્ઞાન સ્વભાવના આશ્રયે શ્રદ્ધા જ્ઞાન કરે છે ત્યારે સાચા દેવ ગુરુ શાસ્ત્રનો શુભરાગ નિમિત્ત હોય છે તેથી કર્મકાંડથી જ્ઞાનકાંડ પ્રચંડ કર્યો એમ કહેવાય છે.

અનાદિનો મિથ્યાદૃષ્ટિ જીવ સાચા દેવ ગુરુ પાસે જઈ પોતાનું હિત કેમ થાય, તેનો ઉપાય શું છે તે પૂછે છે. હિત કહો, શ્રેય કહો, કલ્યાણ કહો, શ્રેયનો માર્ગ કહો, સુખી થવું છે કહો, એ બધું એક જ છે તેનો ઉપાય કહે છે.

''પરંતુ હવે જ્યારે આજ આત્મા પ્રચંડ કર્મકાંડ વડે અખંડ જ્ઞાનકાંડને પ્રચંડ કરવાથી'' તેનું સ્પષ્ટીકરણ–પ્રથમ તો તે જીવ સાચા દેવગુરુશાસ્ત્રની ઓળખાણ કરે છે, એક સમયમાં ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન વર્તે છે ને વીતરાગદશા વર્તે છે તે સાચા દેવ છે સમ્યગ્દર્શન જ્ઞાન સહિત બાહ્ય અભ્યંતર નિર્ગ્રંથદશા વર્તે છે તે ગુરુ છે ને અનેકાંતને બતાવનારાં સાચા શાસ્ત્ર છે એમ સાચા દેવગુરુ શાસ્ત્રની ઓળખાણ કરવી જોઈએ ને તેમના દ્વારા વસ્તુસ્વરૂપ યથાર્થ જાણવું જોઈએ દેહ, મન, વાણી, કર્મ, આત્માથી પર છે. રાગદ્વેષ વિકાર છે. વિકારથી રહિત આત્મા શુદ્ધ સ્વભાવી છે ને તેના આશ્રયે ધર્મ છે એમ પ્રથમ વ્યવહાર જાણપણું કરવું જોઈએ કુદેવ; કુગુરુ, કુશાસ્ત્રની શ્રદ્ધા છોડવી જોઈએ. સાચા દેવગુરુશાસ્ત્રનો રાગ પણ વ્યવહાર છે પુણ્ય છે. હવે તે તરફનો વિકલ્પ છોડી તે શુભભાવ પણ હું નથી હું તો જ્ઞાતાદ્રષ્ટા છું દેહની ને જડની ક્રિયા વિનાનો પુણ્યપાપ વિનાનો શાંતસ્વરૂપ છું એવા શ્રદ્ધા–જ્ઞાન કરે તો કર્મકાંડ વડે અખંડ જ્ઞાનકાંડ પ્રચંડ કર્યો કહેવાય છે. આત્માનાં શ્રદ્ધા જ્ઞાન ને એકાગ્રતાથી કલ્યાણ થાય છે, બીજી રીતે કલ્યાણ નથી. સાધકદશામાં સાચા દેવગુરુ પ્રત્યેનો રાગ હોય છે ખરો પણ તેથી કલ્યાણ નથી. કલ્યાણ છે એમ કયાંય કહ્યું હોય તો તે નિમિત્ત બતાવવા કહ્યું છે એમ સમજવું.

## પર પદાર્થોમાં ને પાપમાં સુખબુદ્ધિ ને પુણ્યથી ધર્મ છે એ માન્યતા અનાદિનો મોહ છે.

અનાદિ પૌદ્‌ગલિક કર્મરચિત મોહને વધ્ય–ઘાતકના વિભાગ જ્ઞાનપૂર્વક જુદો કરવાને લીધે....

આત્મા વધ્ય છે–હણાવાયોગ્ય છે ને મોહ ઘાતક છે એટલે હણનાર છે. અનાદિના પુદ્‌ગલકર્મના નિમિત્તે થતા મોહને તથા આત્માને જ્ઞાનપૂર્વક જુદો પાડે છે. તે મોહ કેવો છે? મોહ પ્રવાહરૂપે અનાદિથી છે. ને જીવ નવો નવો મોહ કરે છે તેમાં જડ કર્મ નિમિત્ત છે. સ્ત્રી, કુટુંબ પૈસામાં સુખ છે ને પુણ્યમાં ધર્મ છે એ માન્યતા મોહ છે. પૂર્વનાં પુણ્યથી આપણે સુખી છીએ એમ માનવું તે ભ્રાંતિ છે. પુણ્યકર્મ ને તેના નિમિત્તે મળતાં સંયોગો જડ છે. તેમાં પ્રીતિ કરે, પરથી લાભ માને, બૈરાં છોકરાં સારાં હોય તો ઠીક પડે. ખાનપાન સારાં હોય તો ઠીક પડે. શરીર નીરોગી હોય તો ઠીક પડે, એમ માનનાર પોતાને નમાલો માને છે. ચૈતન્ય અખંડ જ્ઞાનસ્વભાવી હું છું તેવી પ્રતીતિ કરતો નથી.

પર ચીજો આત્માને લાભ–નુકસાન કરતી નથી. તીર્થંકર દેવના સમવસરણમાં અનંતવાર ગયો પણ તીર્થંકર દેવ ધર્મ પમાડી શક્યા નહિ કારણ કે તીર્થંકર પર છે. તે ધર્મ પમાડે નહિ પણ પોતે પામે તો તીર્થંકરને નિમિત્ત કહેવાય. અજ્ઞાની જીવ કહે છે કે :

**પહેલું સુખ તે જાતે નર્યા, બીજું સુખ તે ચાર દીકરા,**
**ત્રીજું સુખ સુકુળની નાર, ચોથું સુખ કોઠીએ જાર,**

આમ મોહથી સંસારના પદાર્થોમાં સુખ માન્યું છે. વળી ધર્મના નામે કદાચ બાહ્ય દયા, દાન, વ્રત, તપ કરે ને તેમાં રાગ ઘટાડે તો પુણ્ય છે, પણ તેનાથી લાભ માને તો મિથ્યાત્વ છે. કુગુરુઓએ ધર્મની વાત સોંઘી કરી નાખી છે. આટલા રૂપિયા દાનમાં આપો તો ધર્મ થઈ જશે એમ કહીને દયા–દાનમાં ધર્મ બતાવે છે. 'પુણ્ય–પાપ રહિત આત્મા સમજવામાં ઘણો પુરુષાર્થ જોઈએ, એ આપણાથી થઈ ન શકે' એમ બતાવી અજ્ઞાની ગુરુએ પૈસા ખરચવાનું ને દયાદાનવ્રત તપ કરવાનું બતાવ્યું તે અજ્ઞાનીને તુરત બેસી જાય છે. તેથી તેવાં નિમિત્તોમાં પ્રીતિ કરે છે. પણ શરીર જડ છે, તે ધર્મને મદદ કરે નહિ. દયાદાન શુભભાવ છે તેથી લાભ નથી લાભ પોતાના આત્માનાં શ્રદ્ધા જ્ઞાનથી છે તે વાત કોઈ રીતે અજ્ઞાનીને બેસતી નથી, તેને કહે કે લાડવામાં મીઠાશ એટલે સુખ નથી તે માને? ન જ માને. તે કહે કે પ્રત્યક્ષ સુખ દેખાય છે ને? પૈસા ધૂળ છે માટી છે તેમાં સુખ નથી. દયાદાન વિકૃત સ્વરૂપ છે, પુણ્યથી લાભ થાય નહિ, પાપથી સુખ હોય નહિ છતાં અજ્ઞાની પુણ્ય પાપમાં સુખ માને છે તે જ ભ્રાંતિ ને સંસાર છે.

## પર્યાયબુદ્ધિ આત્મા વધ્ય છે—હણાવાયોગ્ય છે ને મોહ ઘાતક છે એટલે હણનાર છે

પરચીજમાં લાભ–નુકસાન માનવાની તથા પુણ્યથી ધર્મ માનવાની જે આત્માની યોગ્યતા થઈ તે આત્મા વધ્ય છે હણાવા યોગ્ય છે. ને મોહ આત્માને હણનાર છે—ઘાતક છે મિથ્યાત્વભાવ શાંતિનો હણનાર છે અખંડ જ્ઞાન સ્વરૂપી હું ચૈતન્ય છું એવી અંતર એકાગ્રતા ચૂકીને નિમિત્તની મૈત્રીનો ભાવ આત્માને હણનાર છે. પરચીજથી લાભ માનવો, પરની રક્ષા કરી શકું છું વગેરે ભાવ તે બધો મોહભાવ છે. અનંત શક્તિનો ભંડાર અંતરતત્ત્વ પડ્યું છે તેને ન માનતાં નિમિત્તની મૈત્રી ને પુણ્યની મૈત્રી કરી તે પર્યાયબુદ્ધિ આત્મા હણાવાયોગ્ય છે ને મોહભાવ આત્માને હણે છે. અનાકુળ–શાંતરસને ઉત્પન્ન થવા દેતો નથી. આવા મોહમાં પુદ્‌ગલકર્મ નિમિત્ત છે.

## શુદ્ધ ચૈતન્ય સ્વભાવને મોહરાગદ્વેષથી સમ્યક્‌ ભેદજ્ઞાન વડે જુદો પાડે છે

અનાદિના મોહનો નાશ કેવી રીતે કરે છે? ''વિભાગજ્ઞાન પૂર્વક જુદો કરવાને લીધે'' અહો આત્મા તો શુદ્ધચૈતન્ય સ્વરૂપ છે. શરીર અને મન, વાણી જડ છે પર છે. બીજા આત્માઓ સિદ્ધ અર્હંત તથા ગુરુ તથા બૈરાં–છોકરાં વગેરે આત્માથી પર છે ને રાગદ્વેષ હોવા છતાં રાગદ્વેષ જેટલો

આત્મા નથી. આત્મા તો નિર્વિકારી જ્ઞાન સ્વરૂપ છે પરમાં ભ્રાંતિ કરી સુખ માનું છું તે મારું સુખ નથી. હું તો અનાકુળ શાંત સ્વભાવી અનાદિઅનંત રહેનારો છું એવું ભાન કરી આત્મા તથા મોહનો વિભાગ કરે છે. બેને જુદા પાડે છે, શુભાશુભ ભાવો વિકાર છે અને હું તો સાક્ષી છું બધા પદાર્થોનો જાણનાર છું. ચૈતન્ય સ્વભાવમાં કેવળજ્ઞાનરૂપી મૂડી ભરી છે. **'सिद्ध समान सदा पद मेरो'** આમ વિકાર વિનાની અંતરશક્તિ સિદ્ધના જેટલી પડી છે. તે જ્ઞાનસ્વભાવના શ્રદ્ધા જ્ઞાન એકાગ્રતાથી મિથ્યાત્વનો નાશ થાય છે, આ સિવાય બીજો ઉપાય નથી. આવી રીતે આત્મા ને મોહના વિભાગજ્ઞાન પૂર્વક અનાદિ પુદ્ગલ કર્મરચિત મોહને જુદો કરે છે.

## સુખ માટે બહારમાં ને પુણ્યમાં મનના ઘોડા દોડાવ્યા પણ સમ્યક્ જ્ઞાન થતાં ધર્મી જીવ શુદ્ધ સ્વભાવ સાથે મૈત્રી કરે છે ને તેની સાથે સાદિઅનંત કાળ રહેવાના કોલકરાર કરે છે

શુદ્ધ ચૈતન્ય સ્વભાવ સિવાય બીજું કોઈ શરણ નથી. પૈસાથી ધર્મ થતો નથી. પૈસા ખરચવામાં રાગ ઘટાડે તો પુણ્ય થાય પણ પુણ્યથી લાભ માને તો મિથ્યાત્વ થાય. માટે પુણ્ય શરણ નથી. અનાદિકાળથી જીવ પોતાના સુખ માટે બહાર શોધ કરે છે પણ ભાઈ, બહારમાં કયાંય સુખ નથી. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ લક્ષ્મીનું શરણ શોધતો નથી તેથી દુઃખી થઈ રહ્યો છે આનંદઘનજી ધર્મજિનેશ્વરના સ્તવનમાં કહે છે કે :

**દોડ દોડત દોડિયો જેતી મનની રે દોડ જિનેશ્વર**
**પ્રેમ પ્રતીત વિચારો ઢુંકડી, ગુરુગમ લેજોરે જોડ જિનેશ્વર**
**ધર્મજિનેશ્વર ગાઉં હો રંગ શું ભંગ મ પડશો હો પ્રીત જિનેશ્વર**
**બીજો મનમંદિર આણું નહિ એ અમ કુળવટ રીત જિનેશ્વર**
**ધર્મ જિનેશ્વર.**

હે ધર્મનાથ ભગવાન—આત્માનો શુદ્ધસ્વભાવ તે જ ધર્મનાથ છે ને તે જ શરણનો દાતાર છે. હે શુદ્ધસ્વભાવ મારા સુખ માટે મારા મનના વિચારો જયાં સુધી દોડાવ્યા ત્યાં સુધી દોડાવ્યે રાખ્યા પણ હવે ગુરુગમ દ્વારા મને પ્રતીતિ થઈ છે, મેં નક્કી કરેલ છે કે સુખ તો મારી નજીક રહેવાથી મળે તેમ છે. બહારમાં બીજા કોઈ સાથે મૈત્રી કરવાથી મળે તેમ નથી. અધૂરી દશામાં પાપથી બચવા શુભભાવ આવે છે પણ તેમાં સુખ કે ધર્મ નથી. તેથી હે શુદ્ધ સ્વભાવ! તારાં ગાણાં ગાઉં છું ને તારી સાથેની પ્રીતમાં સાદિઅનંતકાળ સુધીમાં કયાંય ભંગ પાડીશ નહિ. અનંત તીર્થંકરો, કેવળીઓ આ જ વિધિથી મોક્ષે ગયા છે. જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વભાવ એ એક જ અમારી ચીજ છે પુણ્ય—પાપ અમારી ચીજ નથી તેથી જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વભાવ સિવાય બીજા કોઈને મારામાં દાખલ થવા દઈશ નહિ. જ્ઞાનસ્વભાવની રુચિ સિવાય પુણ્યની કે નિમિત્તની મૈત્રી થવા દઈશ નહિ, એ અમારી કુળવટની રીત છે. સિદ્ધ ભગવાન, તીર્થંકરો વગેરે થયા એ અમારું કુળ છે. તેઓ શુદ્ધસ્વભાવના આશ્રયે મોક્ષે ગયા છે એથી અમારી કુળવટની રીત એ જ છે તેથી બીજા કોઈ પણ પુણ્યને વ્યવહારને મારા મનમાં

આણીશ નહિ, આમ ધર્મી જીવ પોતાના શુદ્ધસ્વભાવ સાથે કોલકરાર કરે છે ને વિકલ્પ ઊઠ્યો છે તેનો ઉપચાર ધર્મજિનેશ્વર ઉપર કરે છે.

આવી રીતે જ્ઞાનકાંડને પ્રચંડ કરવાથી ભેદજ્ઞાન પૂર્વક આત્માને મોહથી જુદો પાડે છે.

## આત્માનુભવના પ્રભાવથી પરિણતિ આત્મામાં નિશ્ચળ હોવાથી ધર્મી જીવ શાંત સમુદ્રની માફક અતિ નિષ્કંપ રહે છે.

''પોતે કેવળ આત્મભાવનાના (આત્માના અનુભવના) પ્રભાવ વડે પરિણતિ નિશ્ચળ કરી હોવાથી સમુદ્રની માફક પોતામાં જ અતિ નિષ્કંપ રહેતો થકો.''

આવી રીતે ધર્મી જીવે પોતાની પરિણતિ સ્થિર કરી છે તે કોના પ્રભાવ વડે? કોઈ નિમિત્તના પ્રભાવ વડે કે વ્યવહાર રત્નત્રયના અનુભવના પ્રભાવ વડે કહ્યું નથી. આવાં નિમિત્તોને મેળવું તો નિશ્ચળ થાઉં એમ કહ્યું નથી પણ કેવળ આત્માના અનુભવના પ્રભાવ વડે નિશ્ચળ કરેલ છે. 'કેવળ' શબ્દ ઉપર વજન છે. પરથી લાભ થાય, નિમિત્તોથી ધર્મ થાય, એવા મોહના પ્રભાવ વડે નહિ, દયાદાનના અનુભવ વડે નહિ, કેવળ માત્ર આત્માના શુદ્ધ સ્વભાવનાં શ્રદ્ધા, જ્ઞાન ને એકાગ્રતા એ જ આત્માનો અનુભવ છે. તેના પ્રભાવ વડે પોતાની પરિણતિ સ્થિર કરી છે. જેવી રીતે સમુદ્ર શાંત હોય છે ત્યારે સ્થિર દેખાય છે તેમ જ્ઞાનીની પરિણતિ પોતાના શુદ્ધ સ્વભાવ સાથે અભેદ થતાં પોતે અતિ નિષ્કંપ—સ્થિર—કોઈપણ પ્રકારની વૃત્તિના ઉત્થાન વિનાનો—શાંત રહે છે.

સંસારમાં અનાદિકાળથી જીવને ઊંધી ટેવ પડી ગઈ છે. જે બળદો જોતરે જોડાવાને ટેવાઈ ગયા હોય છે; તે જોતરૂં ઊંચુ કરવામાં આવતાં તુરત માથું જોતરામાં નાખી દે છે તેમ સંસારનો ડાહ્યો ગણાતો પુરુષ, છોકરા ના પાડતા હોય તો પણ, દુકાન ને વ્યવહારનાં કામમાં માથું માર્યા કરે છે. ને સંસારરૂપી જોતરે જોડાય છે, ને કહે કે અમારે હાથે બહુ કામ થયાં છે, અમોને તે ફાવી ગયું છે એમ સંસારમાં જે ટેવ પડી ગઈ હતી ને તેમાં રચ્યો પચ્યો રહેતો તે હવે પલટો ખાય છે. જ્ઞાન સ્વભાવમાં એકાગ્ર રહેવાની ટેવ પાડે છે. શરીરાદિ પર પદાર્થો હું નહિ, પુણ્ય પાપ ભાવો હું નહિ, હું તો જ્ઞાયક સ્વભાવી છું એમ શ્રદ્ધા—જ્ઞાન કરી, પરિપૂર્ણ વીતરાગતા પ્રગટ કરે છે. કેવળ શુદ્ધાત્મામાં લીન રહેતો શાંત સમુદ્રની માફક સ્થિર રહે છે.

## મિથ્યાદશામાં જ્ઞાનપર્યાયો એક પછી એક નિમિત્તોમાં ને રાગમાં કુદડી ફર્યા કરતી તેથી આત્મા પરિવર્તન પામતો હતો તે હવે મોહનો અભાવ થવાથી અનંત જ્ઞાનપર્યાયોમાં વ્યાપીને આત્મા બિલકુલ પરિવર્તન પામતો નથી.

''એકી સાથે જ અનંત જ્ઞપ્તિવ્યક્તિઓમાં વ્યાપીને અવકાશના અભાવને લીધે બિલકુલ વિવર્તન (પરિવર્તન) પામતો નથી'', જ્ઞપ્તિવ્યક્તિઓ જ્ઞાનની પ્રગટ દશાઓ સંસારદશામાં જ્ઞાનની પ્રગટ દશાઓ શેમાં રોકાતી? જુદાં જુદાં નિમિત્તોમાં રોકાતી હતી. જેમકે આ છોકરો સારો છે. વહુ કંકુવર્ણે પગલે

આવી છે, ત્યારથી ઘરમાં સરખાઈ છે, ઘર ભર્યું ભર્યું રહે છે પણ ભાઈ, પૈસા મકાન વગેરે વોંકળાની વેળુ (નદીની રેતી)ની જેમ માટી સમાન છે તે પુદ્‌ગલ છે. તે તારું ઘર નથી તારું ઘર તો ચૈતન્યમૂર્તિ જ્ઞાનઘર છે. પણ મિથ્યાદશામાં ચૈતન્યના સાચા શ્રદ્ધા જ્ઞાનથી પોતે ખાલી છે ને ધર્મના નામે કહે કે ભગવાન અમોને તારી દેશે; 'હે ભગવાન્! આ ભવોના દુઃખ અમારાથી સહ્યાં જતાં નથી માટે તું ઉગાર' ભગવાન કહે છે કે પુણ્ય પાપ રહિત શુદ્ધ ચૈતન્યનાં શ્રદ્ધા જ્ઞાન કર પુણ્ય પાપની રુચિ છોડ. અમો તારવા સમર્થ નથી તું પોતે તારો તરણ તારણ ચૈતન્ય દેવ છો પણ તે વાત અજ્ઞાનીને બેસતી ન હતી ને કુગુરુ બહારથી ધર્મ મનાવી દે કે શત્રુંજય ને સમ્મેદશિખર જવાથી ધર્મ થશે, પાંચ લાખ રૂપિયા ખરચી નાખો તો ધર્મ થશે, રાગમંદ પાડો તો ધર્મ થશે એમ વાત કરે ને અજ્ઞાનીને તે વાત બેસી જતી હતી તેથી તેની જ્ઞાનપર્યાયો એક પછી એક નિમિત્તોમાં ને પુણ્ય–પાપના ભાવોમાં ફેરફુદરડી માર્યા કરતી હતી. જેમ એક પૂણી કંતાઈ ગયા પછી બીજી પૂણી સાંધે છે. તેમ એક રાગ પછી બીજો રાગ, બીજા પછી ત્રીજો રાગ એમ અનાદિથી જ્ઞાનપર્યાયો રાગમાં ને પર પદાર્થોમાં ઘૂમરી ખાતી હતી તેથી તે પરિવર્તન પામતો હતો તે હવે કેવળજ્ઞાન થતાં પર્યાયો ઘૂમરી ખાતી નથી ને પરિવર્તન પામતી નથી નિમિત્તો મારાથી જુદાં છે, શુભાશુભ ભાવો મારું સ્વરૂપ નથી; હું તો જ્ઞાન સ્વરૂપી આત્મા છું એવા નિશ્ચળ સ્વભાવમાં પરિણતિ એકાગ્ર હોવાથી જ્ઞાનીનો આત્મા બહારમાં જતો નથી. સાચા શ્રદ્ધા, જ્ઞાનને પરિપૂર્ણ લીનતા હોવાથી પર તરફ ને પુણ્ય તરફ વળવાનો અવકાશ નથી. કારણ કે મોહનો નાશ કર્યો છે તેથી જાણનક્રિયા રૂપ પર્યાયો પરમાં જતી નથી ને સ્વનો છેડો છોડતી નથી કેવળજ્ઞાન પ્રગટ્યું હોવાથી આત્મા એકીસાથે જ બધી જ્ઞાન પર્યાયોમાં વ્યાપીને બિલકુલ પરિવર્તન પામતો નથી.

**શરીર, દ્રવ્યકર્મ તથા ભાવકર્મરૂપ ત્રણે કાયા તરફનું લક્ષ છોડી શુદ્ધ સ્વભાવમાં સ્થિર થવું તે કાયોત્સર્ગ છે.**

આ સમજયા વિના પોષધ, પ્રતિક્રમણ, સામાયિકાદિ સાચાં હોઈ શકે નહિ. **"तावकायं, ठाणेणं, मोणेणं, झाणेणं अप्पाणं वोसिरामि"** વગેરે પાઠ બોલી જાય પણ કાર્યોત્સર્ગ કોને કહેવો તેની ખબર વિના કાર્યોત્સર્ગ થઈ શકે નહિ. શરીર સ્થિર બેસે તેને કાર્યોત્સર્ગ કહેતા નથી. શરીરની ક્રિયા આત્મા કરી શકતો નથી. પુણ્ય–પાપના ભાવો તે પણ કાયામાં જાય છે. શરીર, કર્મ ને પુણ્ય–પાપ—એમ ત્રણે કાયા તરફનું લક્ષ છોડી જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવમાં સ્થિરતા કરવી તે કાર્યોત્સર્ગ છે. જેમ નાળિયેરનાં ઉપલાં છાલાં કાચલી ને રાતડથી રહિત ધોળા ટોપરાંનો ગોટો છે તેમ ભગવાન આત્મા ધોળા ટોપરા જેવો છે. શરીર ઉપલાં-છાલાં છે, કર્મ કાચલી સમાન છે, પુણ્ય–પાપના ભાવ રાતડ છે. ને તે બધાથી રહિત આનંદકંદ મીઠો અમૃતમય આત્મા છે. તેમાં સ્થિર રહેવું તે કાર્યોત્સર્ગ છે.

**બધા માટે સુખી થવાનો ઉપાય–પોતાના શુદ્ધસ્વભાવનાં શ્રદ્ધા–જ્ઞાન કરવાં એ એક જ ઉપાય છે.**

શિષ્ય પૂછે છે કે "હે પ્રભુ! અમારા જ્ઞાનમાં પર નિમિત્તો તરવરે છે. હું શુદ્ધ ચૈતન્ય છું

તે તરવરતો નથી. અમો ક્યારે આત્મ પ્રભુને ભેટીએ? અનાદિકાળથી પરને તથા વિકારને ભેટી રહ્યા છીએ તો શુદ્ધ ચિદાનંદ આત્માને ક્યારે ભેટીએ? એમ શિષ્યે પૂછેલું તેનો ઉત્તર આપે છે. ભાઈ, તારું સુખ તો તારી પાસે છે, ભગવાન, ગુરુ કે શાસ્ત્ર કાંઈ આપી દે તેમ નથી. અનંતા સિદ્ધો થયા તે પોતાની શક્તિ અંતરમાં હતી તે પ્રગટ કરીને થયા છે.

**''चेतनरुप अनूप अमूरत, सिद्धसमान सदा पद मेरौ''** ।

મારું સ્વરૂપ સદા ચૈતન્યરૂપ, ઉપમા રહિત, નિરાકાર સિદ્ધસમાન છે.

તારું રૂપ તો સદા શુદ્ધ છે. સિદ્ધસમાન છે, નિમિત્તો, પુણ્ય–પાપની એકાગ્રતા છોડી, તારામાં શ્રદ્ધા કરી ઠર તો તને આત્મ ભગવાનનો ભેટો થશે.

## તારી નજરની આળસે તારું ચૈતન્યરૂપ નિહાળવું બાકી રહ્યું છે.

અજ્ઞાની જીવને આ વાત બેસતી નથી. એક આંખની પાંપણ ચલાવવાની જીવની તાકાત નથી છતાં માને કે જડનું કામ હું કરું છું, ચોપડા હું લખી શકું એમ માને છે, મારા વિના કોઈ બીજાથી થાય નહિ એમ માને છે. તેમાં જો રાતમાં પક્ષઘાત થયો તો બધું પડ્યું રહે છે. શરીરના પક્ષઘાતની અવસ્થા આત્મા પલટાવી શકતો નથી તો પરનું ને ચોપડાનું કે દુકાનનું કરી શકું છું એ માન્યતા જ મિથ્યા છે. આમ વેપારમાં પૈસા માટે મમતાના પરિણામ કર્યા કરે છે. ભાઈ, તું પૈસા ખાતો નથી પણ મમતા ખાય છે. તો આટલી બધી મમતા કોના માટે? જ્યારે દયા દાનાદિના પરિણામથી પણ ધર્મ તથા સુખ નથી તો પાપના પરિણામથી ને પરપદાર્થથી સુખ હોય એમ કેમ બને? છતાં પાપથી ને નિમિત્તથી લાભ માને તે મિથ્યાદ્રષ્ટિ છે. બહારના કામમાં પોતાને હોશિયાર માને છે. ત્યાં તે પ્રકારનો રાગ અને પુરુષાર્થ કરે છે પણ એક રજકણ ફેરવવાની તાકાત આત્મામાં નથી. માટે સ્વ તરફ પુરુષાર્થ કરી તારું ચૈતન્યનિધાન અંદર ભર્યું પડ્યું છે તેને જો. તારી નજરની આળસે તારું રૂપ નિહાળવું બાકી રહ્યું છે. પર ચીજ તારામાં નથી તેની મૈત્રી શું? જ્યાં તું નથી ને જેમાં તું નથી એવી પરચીજની મૈત્રી શું? તું તારામાં ને તે તેમાં–માટે એકવાર ચૈતન્યને નિહાળ.

## જ્ઞાની જ્ઞેયભૂત પદાર્થોને જાણી લ્યે છે પણ કોઈ પણ જ્ઞેય પ્રત્યે તેને પ્રીતિ વર્તતી નથી

અહીં તો શિષ્ય સમજીને ઉપાય કરે છે ને પોતાની પરિણતિ પોતામાં સ્થિર કરે છે. ને તે પરિવર્તન પામતો નથી. ત્યારે શું થાય છે તે વાત કરે છે. નિષ્કંપ રહેવું, પરિવર્તન ન પામવું, બાહ્ય પદાર્થ સાથે મૈત્રી ન થવી, અંતર્મુખ થવું–વગેરે સમજાવવાનો ક્રમ છે.

''ત્યારે જ્ઞપ્તિવ્યક્તિઓનાં નિમિત્તરૂપ હોવાથી જે જ્ઞેયભૂત છે એવી બાહ્ય પદાર્થ વ્યક્તિઓ પ્રત્યે તેને ખરેખર મૈત્રી પ્રવર્તતી નથી.''

મિથ્યાત્વદશામાં પરમાં સુખબુદ્ધિ હતી ત્યારે અનેક બાહ્ય પદાર્થો સાથે મૈત્રી પ્રવર્તતી હતી, હવે પોતાના જ્ઞાન ને સુખ પોતામાં જ છે એમ નક્કી કરીને પરિપૂર્ણ દશા પ્રગટ થતાં બહારમાં

વલણ જતું નથી. સ્વ-પરપ્રકાશક જ્ઞાનમાં બધા જ્ઞેયભૂત પદાર્થો—દેવગુરુશાસ્ત્ર, સ્ત્રી કુટુંબ પરિવાર જેમ છે તેમ જણાય છે. જેમ અરીસામાં બધી વસ્તુ જણાય છે તેમ ચૈતન્ય અરીસામાં મકાન દાગીનાં કપડાં, સમ્મેદ શિખર, શેત્રુંજય—બધું જણાઈ જાય છે ને પોતાના જ્ઞાન સ્વરૂપની બહાર નીકળવાનો અભાવ થયો છે. તે જ્ઞેયોને જાણશે ખરો પણ એ પદાર્થોથી મને લાભ થશે તેમ માનશે નહિ. ત્રણલોકના નાથ તીર્થંકર ભગવાનના ધ્વનિથી લાભ થશે તેવી માન્યતા નથી તેથી તેની મૈત્રી થતી નથી. કારણ કે તે જાણે છે કે વાણી પર છે, વાણીથી જ્ઞાન થતું નથી પણ જ્ઞાનસ્વભાવ અંતર શક્તિરૂપ પડ્યો છે તે વ્યક્ત થાય છે. ચૈતન્યની ખાણ ખોદતાં જ્ઞાન પ્રગટે છે, વીતરાગદશા ન થાય ત્યાં સુધી રાગ આવે છે પણ રાગ અને નિમિત્તથી લાભ માનતો નથી, પણ પોતાના શુદ્ધચૈતન્યસ્વભાવથી લાભ માને છે. સમ્યગ્દૃષ્ટિ જીવને ગૃહસ્થદશામાં સ્ત્રી, કુટુંબાદિ હોય છે પણ તેને તે લાભદાયક માનતો નથી, વિષયોમાં સુખબુદ્ધિ ધર્મી જીવને હોતી નથી, આસક્તિ થઈ જાય છે પણ આસક્તિથી ને નિમિત્તોથી લાભ માનતો નથી આમ દૃષ્ટિનું ચક્ર સવળું થયું છે તેથી તેને કોઈ પણ પદાર્થ પ્રત્યે મૈત્રી પ્રવર્તતી નથી. દેવગુરુ શાસ્ત્ર ને સાક્ષાત્ ભગવાનની વાણી પ્રત્યે પ્રીતિ વર્તતી નથી. કેવળજ્ઞાન પ્રગટી ગયું હોય તેને પછી કાંઈ જાણવાનું બાકી નથી પણ નીચલી દશાવાળો સાધકદશાથી માંડીને કેવળજ્ઞાન સુધીની દશાનો ક્રમ સમજે છે.

## જ્ઞાની પોતાના જ્ઞાતા સ્વભાવમાં વિશેષ પુરુષાર્થ લાવી સ્થિર થતાં રાગદ્વેષનો નાશ કરે છે.

''અને તેથી આત્મવિવેક સુપ્રતિષ્ઠિત (સુસ્થિત) થયો હોવાને લીધે અત્યંત અંતર્મુખ થયેલો એવો આ આત્મા પૌદ્ગલિક કર્મને રચનારા રાગદ્વેષદ્વૈતરૂપ પરિણતિથી દૂર થયો થકો.''

અજ્ઞાનદશામાં આત્મવિવેક ન હતો. ભગવાન જાણે! આત્મા શું હશે? હાલે, ચાલે ને બોલે તે આત્મા—એમ માનતો. અથવા તો શુભાશુભભાવ તે આત્મા એમ માનતો હતો. પણ ભાઈ! તે શરીર, મન, વાણી વગેરે જડપરમાણુની અવસ્થા છે, શુભાશુભભાવ વિકાર છે, આત્મા શરીર, મન વાણીથી રહિત અને વિકારથી પણ રહિત શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે એમ ભાન કરી, પોતામાં સુસ્થિત રહે છે. પ્રથમ બહિર્મુખ વલણ હતું, હવે અંતર્મુખ વલણ કરવાથી રાગદ્વેષ ઉત્પન્ન થતા નથી આ જગંતમાં કોઈ વસ્તુ અનુકૂળ કે પ્રતિકૂળ છે જ નહિ, હું તો જ્ઞાતા છું. આમ દ્રષ્ટિ થવાથી પરને અનુકૂળ માની રાગ કરવાનો ને પ્રતિકૂળ માની દ્વેષ કરવાનો રહ્યો નહિ. પણ પોતાના સ્વભાવમાં સારી રીતે સ્થિત રહે છે તેથી રાગદ્વેષ ઉત્પન્ન થતા નથી ને નવાં જડ કર્મો બંધાતાં નથી, આને રાગદ્વેષની પરિણતિ દૂર કરી કહેવાય છે. રાગને દૂર કરી શકાતો નથી પણ પોતાના સ્વભાવમાં સ્થિર થતાં રાગદ્વેષ ઉત્પન્ન થતાં નથી એને રાગદ્વેષ દૂર કર્યા કહેવાય છે.

આનું નામ જ્ઞાનની ક્રિયા કે જે ક્રિયાના ફળમાં વીતરાગતા ને કેવળજ્ઞાન પ્રગટે. આમાં આત્માનો અનુભવ થયો ને મોહનો વિભાગ થયો. સાચા દેવગુરુશાસ્ત્ર નિમિત્તરૂપે હોય છે ને કુદેવાદિ નિમિત્તરૂપે હોતાં નથી. છતાં સાચા દેવગુરુથી લાભ થયો માનતો નથી. વળી 'અત્યંત અંતર્મુખ થયેલો'

શબ્દમાં અત્યંત ઉપર વજન છે. સ્વમાં ઉગ્રપણે ઢળેલો—જે પાછો ન ફરે પણ વીતરાગતા ને કેવળજ્ઞાન પ્રગટ કરે તેવો.

## જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન આત્માની પ્રાપ્તિ આ એક જ અપૂર્વ છે.

'પૂર્વે નહિ અનુભવેલા અપૂર્વ જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન આત્માને અત્યંતપણે જ પ્રાપ્ત કરે છે.'

અનાદિકાળથી અનંતા ભવો કર્યા—નરકના, કીડીના, કાગડાના, કૂતરાના, સ્વર્ગના, મનુષ્યના ઘણા ભવો કર્યા પણ ક્યાંય જ્ઞાનાનંદ આત્માનો અનુભવ થયો નહિ. દ્રવ્યલિંગી મુનિપણું ધારણ કર્યું ને સ્વર્ગમાં ગયો તે અપૂર્વ નથી. અનંતવાર એવા ભવ કર્યા છે ને સંયોગ મળ્યા છે તે અપૂર્વ નથી. વળી ધર્મના નામે વ્રત, તપ, ક્રિયાકાંડ કર્યા તે અપૂર્વ નથી. અપૂર્વ શું છે? જ્ઞાનાનંદ સ્વભાવી ભગવાન આત્માની પ્રાપ્તિ થવી તે અપૂર્વ છે. કેવો છે આત્મા? જ્ઞાન ને **વીતરાગી આનંદસ્વભાવી આત્મા છે. તેનાં શ્રદ્ધા—જ્ઞાન કરી, વીતરાગી પર્યાય** પ્રગટ કરવી તે અપૂર્વ છે.

આ આત્માની પ્રાપ્તિનો ઉપાય બતાવ્યો. સાચા દેવગુરુ શાસ્ત્રને ઓળખી આત્માના જ્ઞાનકાંડથી મોહનો નાશ થાય છે. **આને ભગવાનનો ભેટો કહે છે, ભગવાનનો સાક્ષાત્કાર કહે છે.** સિદ્ધ ભગવાન ઉપરથી નીચે દર્શન દેવા આવતા નથી પણ **ચૈતન્ય જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવમાં પરિપૂર્ણ શુદ્ધ પર્યાય પ્રગટ થવી તે ભગવાનને ભેટયા કહેવાય છે.**

## જુઓ આચાર્ય ભગવાન ઉલ્લાસમાં સાગમટે નોતરું આપે છે કે જગતના સર્વે જીવો જ્ઞાનાનંદ પરમાત્મદશાને પ્રાપ્ત કરો જ.

''જગત પણ જ્ઞાનાનંદાત્મક પરમાત્માને પ્રાપ્ત કરો જ.'' અહીં હવે આચાર્ય ભગવાન ઉલ્લાસમાં આવી સાગમટે નોતરું આપે છે. જગત એટલે જગતમાં રહેનારા હે આત્માઓ! પુણ્ય પાપ રહિત આત્માનાં શ્રદ્ધા—જ્ઞાન કરી શુદ્ધ આત્માને અનુભવો ને પરમ આનંદદશાને પ્રાપ્ત કરો જ. ત્રણ પ્રકારના આત્મા છે.

૧. જે જીવ શરીરની ક્રિયા તથા વિકારને આત્માનાં માને છે તે બહિરાત્મા છે.

૨. શરીરની ક્રિયા આત્મા કરી શકતો નથી, વિકાર આત્માનું સ્વરૂપ નથી, આત્મા તો જ્ઞાનાનંદ-સ્વભાવી છે એવાં શ્રદ્ધા—જ્ઞાન થયાં છે પણ હજી અલ્પરાગ વર્તે છે તે સાધકજીવ અંતરાત્મા છે.

૩. આત્માનાં શ્રદ્ધા—જ્ઞાન ઉપરાંત પરિપૂર્ણ લીનતા કરી વીતરાગદશા પ્રાપ્ત કરી કેવળજ્ઞાન પ્રગટ કરે છે તે જીવ પરમાત્મા છે.

અહીં આચાર્ય ભગવાન કહે છે કે હે જીવો! **આ પરમાત્મપદને જરૂર પ્રાપ્ત કરો જ.** ન **થાય તેમ કહેશો નહિ. મુંઝાશો નહિ. પરમાત્મા જરૂર થાઓ.** બહિરાત્મપણું છોડી, જેવો આત્મા છે તેવાં **શ્રદ્ધા—જ્ઞાન કરી અંતરાત્મપણું પ્રગટ કરી વિશેષ પુરુષાર્થ લાવી પરમાત્મા દશાને પ્રાપ્ત**

કરો જ. આમ આચાર્ય ભગવાનનો આદેશ ને ઉપદેશ છે. પ્રાપ્ત કરો જ, 'જ' શબ્દ ઉપર વજન છે. એટલે જરૂર પ્રાપ્ત કરો. જરૂર એ જ પરમદશાને અનુભવો—એ એમનો ઉગ્ર પુરુષાર્થ બતાવે છે.

## અજ્ઞાનીની અજ્ઞાનદશા ને જ્ઞાનીની જ્ઞાનદશા વચ્ચે આંતરો

(વ્યાખ્યાનો ઉપરથી સારાંશ)

પ્રાપ્તિના પ્રકારની રીતમાં પ્રથમ આચાર્ય ભગવાને સંસારનું કારણ બતાવેલ હતું ને પછી સંસાર ટાળવાનો ને શુદ્ધ આત્માની પ્રાપ્તિનો પ્રકાર બતાવ્યો. તેનો સાર નીચે મુજબ છે.

૧. (અ) અજ્ઞાની જીવને મોહભાવના છે તેમાં અનાદિ પુદ્ગલકર્મ નિમિત્ત છે.

(અજ્ઞાનીમાં 'અનાદિ' શબ્દ વાપરેલ છે તે અજ્ઞાન અનાદિથી છે એમ બતાવે છે.)

(બ) જ્ઞાનીને જ્ઞાનકાંડ પ્રચંડ છે એટલે જ્ઞાનસ્વભાવમાં એકાગ્રતા છે. તેમાં કર્મકાંડ (વ્યવહાર રત્નત્રય) નિમિત્ત છે. ને જ્ઞાનકાંડથી અનાદિ કર્મરચિત મોહને જુદો કરે છે. (જ્ઞાનીમાં 'હવે' શબ્દ વાપરેલ છે. તે સાદિ એટલે સમ્યક્જ્ઞાનની શરૂઆત બતાવે છે.)

૨. (અ) અજ્ઞાની જીવને મોહભાવનો પ્રભાવ છે.

(બ) જ્ઞાનીને આત્માના અનુભવનો પ્રભાવ છે.

૩. (અ) અજ્ઞાનીની આત્મપરિણતિ સદાય ઘૂમરી ખાય છે.

(બ) જ્ઞાનીની આત્મપરિણતિ નિશ્ચળ રહે છે.

૪. (અ) અજ્ઞાની તોફાની સમુદ્રની માફક પોતામાં જ ક્ષુબ્ધ થાય છે.

(બ) જ્ઞાની શાંત સમુદ્રની માફક પોતામાં જ અતિ નિષ્કંપ રહે છે.

૫. (અ) અજ્ઞાની ક્રમે પ્રવર્તતી અનંત જ્ઞાનપર્યાયો વડે પરિવર્તન પામે છે.

(બ) જ્ઞાની એકી સાથે જ અનંત જ્ઞાનપર્યાયોમાં વ્યાપીને પરિવર્તન પામતો નથી.

૬. (અ) અજ્ઞાનીને જ્ઞાનપર્યાયોનાં નિમિત્તો એવા જ્ઞેયભૂત પદાર્થો સાથે મૈત્રી પ્રવર્તે છે.

(બ) જ્ઞાનીને જ્ઞાનપર્યાયોનાં નિમિત્તો એવા જ્ઞેયભૂત પદાર્થો સાથે ખરેખર મૈત્રી પ્રવર્તતી નથી.

૭. (અ) અજ્ઞાનીને આત્મવિવેકનો અભાવ છે.

(બ) જ્ઞાનીને આત્મવિવેક સુસ્થિત થયો છે.

૮. (અ) અજ્ઞાની અત્યંત બહિર્મુખ છે.

(બ) જ્ઞાની અત્યંત અંતર્મુખ થયેલો છે.

૯. (અ) અજ્ઞાની રાગદ્વેષરૂપે પરિણમે છે.

(બ) જ્ઞાની રાગદ્વેષરૂપે પરિણમતો નથી.

૧૦. (અ) અજ્ઞાનીને નવાં પુદ્‌ગલકર્મો બંધાય છે.

(બ) જ્ઞાનીને નવાં પુદ્‌ગલકર્મો બંધાતાં નથી.

૧૧. (અ) અજ્ઞાનીને આત્મ પ્રાપ્તિ દૂર જ છે.

(બ) જ્ઞાની અપૂર્વ જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન આત્માને અત્યંતપણે જ પ્રાપ્ત કરે છે.

## "ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવમાં પ્રતીતિ ને લીનતા કરવાથી પરમાત્મદશા પ્રાપ્ત થાય છે"

આત્માની પ્રાપ્તિનો ઉપાય કહ્યો, આત્મા અંતરંગમાં શુદ્ધ સ્વભાવી છે પણ અવસ્થામાં વિકારભાવ કરી પરવસ્તુથી લાભ માની જે મોહ કરે છે તે જીવને શુદ્ધ સ્વભાવનું ભાન નથી. વર્તમાન પર્યાયમાં રાગ દ્વેષ વડે ખંડ ખંડ અવસ્થા થાય છે, તેની રુચિ છોડી તથા પરવસ્તુની રુચિ છોડી, પરથી લાભ થાય તેવી માન્યતા છોડી ધર્મીજીવ અખંડ જ્ઞાન સ્વભાવી આત્માની પ્રચંડ જ્ઞાન દૃષ્ટિ કરીને મોહને જુદો કરે છે. એકલા ચૈતન્ય સ્વભાવમાં જ વીર્યને રોકવાથી પરિણતિ નિશ્ચલ રહે છે ત્યારે પોતામાં અતિ નિષ્કંપ રહે છે ને જ્ઞાન પર્યાય પોતા તરફ વળવાથી પર વસ્તુની મૈત્રી છૂટી જાય છે, તેનો આત્મા વિવેક સુસ્થિત થાય છે, અજ્ઞાન દશામાં પરવસ્તુથી લાભ માનીને બહિર્મુખ થતો, તે દૃષ્ટિ છોડીને હું જ્ઞાતા છું, જ્ઞાનથી ભરેલો છું એવી અંતર્મુખ દૃષ્ટિ થઈ અંતર્મુખ વળ્યો તેથી રાગ દ્વેષની પરિણતિ ઉત્પન્ન થતી નથી. તે અપૂર્વ જ્ઞાનાનંદ સ્વભાવની પ્રાપ્તિ કરે છે. કેવો છે આત્મા? વિકાર સ્વભાવી આત્મા નથી, પરનું ભલું—ભૂંડું કરે તેવો આત્મા નથી, પરથી, ભલું—ભૂંડું થાય એવો આત્મા નથી, રાગ દ્વેષ તો દુઃખ છે દુઃખ રહિત અંતર જ્ઞાનાનંદ ભગવાન આત્માની પ્રતીતિ ને રમણતા કરવાથી અત્યંતપણે પ્રગટ મુક્ત દશાને પામે છે આ ઉપાય કહ્યો.

## "ત્રણે કાળ મોક્ષનો ઉપાય એક જ છે"

"જગત પણ જ્ઞાનાનંદાત્મક પરમાત્માને પ્રાપ્ત કરો જ." આચાર્ય ભગવાન આદેશ આપે છે કે હે જીવો! આત્માનો સ્વભાવ જ્ઞાન ને આનંદ છે તેને તમો પામો. લોકો પૈસામાં આનંદ માને છે. પુણ્ય—પાપમાં આનંદ માને છે. પણ તેમાં આનંદ નથી. લોકો આત્માને પુણ્ય સ્વભાવી, પરનું કરવારૂપ સ્વભાવી, પરથી લાભ ઉઠાવે તેવા સ્વભાવી, શરીર સ્વભાવી માને છે પણ તે માન્યતા ભ્રમ છે, પરથી લાભ થાય તેવું બહિરાત્મપણું છોડી, અંતરાત્મપણું પ્રગટ કરી, પરમાત્મદશા પ્રગટ કરી અશરીરી સિદ્ધદશાને પ્રાપ્ત કરો જ. પૂર્વે કેવળી તથા સિદ્ધ થયા એ આ જ ઉપાયથી થયા છે. વર્તમાન મહાવિદેહમાં આ રીતે કેવલી થઈને તીર્થંકર પદે બિરાજે છે ને સિદ્ધદશા પ્રાપ્ત કરે છે. ને ભવિષ્યમાં પણ આ જ ઉપાયથી પરમાત્મદશાને પ્રાપ્ત કરશે.

## "હે ભવ્ય જીવો! તમો પણ પરમ આનંદ દશાને પ્રાપ્ત કરો જ"

અહીં આચાર્ય ભગવાન ઉપદેશ કરતાં આદેશ પણ આપે છે કે હે ભવ્ય જીવો! તમો પણ

જ્ઞાનાનંદ સ્વભાવને પ્રાપ્ત કરો જ. 'આપ મુએ પીછે ડૂબ ગઈ દુનિયા' માટે તમો તમારું કરો. પોતાના શુદ્ધસ્વભાવના અવલોકનની આળસે સંસાર હતો પણ જેવો શુદ્ધ સ્વભાવ દૃષ્ટિમાં લીધો કે તુરત જ દૃષ્ટિ અપેક્ષાએ સંસારનો નાશ થયો ને તે પરમાત્મા જરૂર થવાનો. અહીં આચાર્ય ભગવાનને ચૈતન્યનાં શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા વર્તે છે. પોતે પરમાત્મા થવાના જ એવી નિઃશંકતા વર્તે છે. જરા શુભ વિકલ્પ ઊઠ્યો એટલે તમો બધા પણ આ પરમાત્મદશાને પામો એમ ઉલ્લાસપૂર્વક કહ્યું છે. જેમ સાકરની ઉપર જરા મેલ દેખાય તે સાકરનું સ્વરૂપ નથી, મીઠાશ ને ધોળાશ વગેરે ગુણોનો પિંડ તે સાકર છે. તેમ દયા, દાન, વ્રત, વિકલ્પો ઉપર ઉપર દેખાય છે તે મેલ છે, ઉપાધિ છે; તે રહિત આત્મા શુદ્ધ ચિદાનંદ અમૃત રસથી ભરેલો છે. તેનાં શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર કરી, મોક્ષ દશાને પ્રાપ્ત કરો, આચાર્ય ભગવાન બધા જીવોને સંબોધે છે. આ બધાય જીવો પરમાત્મા થઈ શકશે કે નહિ, એવી શંકા તેમને ઊઠતી નથી કારણ કે આચાર્ય ભગવાન પોતે પરમાત્મદશાને પ્રાપ્ત કરવાના છે એવી નિઃશંકતા તેમને વર્તે છે, તેથી બહારમાં પણ કથન એ પ્રકારે આવેલ છે.

## ''બહારના પદાર્થોનું આત્મા કાંઈ કરી શકતો નથી. દૃષ્ટિ ફેરવ ને સ્વભાવ દૃષ્ટિ કર એ સુખનો એક જ ઉપાય છે''

અહીં કોઈ પ્રશ્ન કરે કે અમારે બહારનું કરવું કે પરમાત્મા થવું?

**સમાધાન :—**ભાઈ, પ્રથમ દૃષ્ટિ ફેરવ, બહારનું, શરીરનું, પૈસાનું, કુટુંબનું જે કાંઈ થાય તે તારે આધિન નથી, જ્ઞાનાનંદ સ્વભાવને ભૂલીને પુણ્ય-પાપ વિકારમાં લાભ માનવાની દૃષ્ટિ છોડ અને જ્ઞાનાનંદ સ્વભાવની દૃષ્ટિ કર તો પરમાત્મ પદની પ્રાપ્તિ થશે. અહીં આચાર્ય ભગવાને લક્ષ્મી ને પ્રાપ્ત કરો એમ કહ્યું નથી, મનુષ્ય કે સ્વર્ગના ભવો પ્રાપ્ત કરો એમ કહ્યું નથી. શુભાશુભ ભાવોને પ્રાપ્ત કરો એમ કહ્યું નથી, તમો અધૂરા રહો એમ કહ્યું નથી. પણ પરમાત્મ સ્વરૂપ પ્રાપ્ત કરો એમ કહ્યું છે. શરીરાદિ પર છે, તેમાં સુખ નથી. પુણ્ય–પાપના ભાવો વિકાર છે એ અધર્મ ભાવ છે. એ વિનાનું કાયમી તત્ત્વ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે એવાં શ્રદ્ધા–જ્ઞાન કરો તો પરમાત્મ પદને પામશો. આ એક જ ઉપાય છે, બીજો ઉપાય નથી. ''એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ'' પરમાર્થને પામવાનો રસ્તો એક જ છે, બે નથી.

અહીં શ્લોક પણ છે :— (પા. ૪૪૯-૪૫૦)

(અર્થ :—આનંદામૃતના પૂરથી ભરચક વહેતી કૈવલ્ય સરિતામાં (મુક્તિરૂપી સરિતામાં) જે ડૂબેલું છે, જગતને જોવાને સમર્થ એવી મહા સંવેદનરૂપી શ્રી (મહા જ્ઞાનરૂપી લક્ષ્મી) જેમાં મુખ્ય છે, ઉત્તમ રત્નના કિરણ જેવું જે સ્પષ્ટ છે અને જે ઇષ્ટ છે એવા ઉલ્લસતા (પ્રકાશમાન, આનંદમય) સ્વતત્ત્વને જનો સ્યાત્કાર લક્ષણ જિનેશ શાસનના વશે પામો (–'સ્યાત્કાર' જેનું ચિહ્ન છે એવા જિન ભગવાનના શાસનનો આશ્રય કરીને પામો.)]

## (૧) કેવું છે સ્વતત્ત્વ? સ્વતત્ત્વ આનંદ ને અમૃતના પૂરથી ભરચક વહેતી નદીમાં ડૂબેલું છે....

(૧) કેવું છે સ્વતત્ત્વ? આનંદામૃતના પૂરથી ભરચક વહેતી કેવલ્ય સરિતામાં જે ડૂબેલું છે. અર્હન્ત તથા સિદ્ધ ભગવંતો અંતર દૃષ્ટિના અવલંબનથી પરમાત્મ દશાને પામ્યા છે. જેમ નદીનું મીઠું પાણી વહ્યે જાય છે, તેમ મુક્તિરૂપી નદીમાં આનંદરૂપી અમૃતનું પૂર ભરચક વહ્યી જાય છે. દયા, દાન, કરુણા, કોમળતાના ભાવ ઝેર છે, અમૃત નથી માટે તેનાથી રહિત ત્રિકાળી સ્વભાવની શ્રદ્ધા કર, વર્તમાન પર્યાયમાં દુઃખ હોવા છતાં ત્રિકાળી સ્વભાવમાં આનંદ છે, વર્તમાન પર્યાયમાં ઉપાધિ હોવા છતાં ત્રિકાળી સ્વભાવ નિરુપાધિમય છે. વર્તમાન પર્યાયમાં અશુદ્ધતા હોવા છતાં ત્રિકાળી સ્વભાવ પરિપૂર્ણ શુદ્ધ છે, જગતના જીવો વિષયોમાં આનંદ માને છે તે આનંદ નથી, તે ઝેરનો આનંદ છે, સુખ નથી, જેમ ચોમાસામાં નદી બે કાંઠે વહે છે તેમ સ્વભાવ ભરચક ભરેલો છે. કૈવલ્ય સરિતામાં ચૈતન્ય રત્ન ડૂબેલું છે. તેમાંથી તે બહાર નીકળતું નથી. આ સ્વતત્ત્વને ઓળખીને રમણતા કરો.

## (૨) જેમાં (સ્વતત્ત્વમાં) લોકાલોકને જોવાને સમર્થ એવી મહાજ્ઞાનરૂપી લક્ષ્મી મુખ્ય છે....

(૨) ''જગતને જોવાને સમર્થ એવી મહા સંવેદનરૂપી શ્રી (મહાજ્ઞાનરૂપી લક્ષ્મી) જેમાં મુખ્ય છે.'' કેવું છે સ્વતત્ત્વ? જેમાં કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી ભરી છે, જે લોકાલોકને જોવાને સમર્થ છે, સિદ્ધ ભગવાનને તથા અર્હન્તને પ્રગટ થયેલ છે તેથી તેઓ જગતને પ્રત્યક્ષ જાણે છે. આત્મામાં અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ આદિ અનંતા ગુણો છે પણ તેમાં જ્ઞાન ગુણ મુખ્ય છે, તે સ્વ–પર પ્રકાશક છે અર્થાત્ પોતાને જાણે છે ને પરને પણ જાણે છે.

## (૩) "જે ઉત્તમ રત્નના કિરણ જેવું સ્પષ્ટ છે, ઈષ્ટ છે ને આનંદમય છે"

(૩) ''ઉત્તમ રત્નના કિરણ જેવું જે સ્પષ્ટ છે અને જે ઈષ્ટ છે એવા ઉલ્લસતા સ્વતત્ત્વને'' જેવી રીતે ઉત્તમ રત્નનાં કિરણ સ્પષ્ટ હોય છે, તેમાં ડાઘા હોતા નથી, તેમ શુદ્ધાત્મ તત્ત્વ પણ વિકાર રહિત સ્પષ્ટ છે, માટે પરની તેમ જ વિકારની રુચિ છોડ, વળી, સ્વતત્ત્વ જ આત્મને ઈષ્ટ છે, પુણ્ય–પાપના ભાવો ઈષ્ટ નથી, નિમિત્તો ઈષ્ટ નથી, લોકાલોકને જોવું તે ઈષ્ટ નથી પણ સ્વતત્ત્વ ઈષ્ટ છે, આનંદથી ભરેલી નદીમાં સ્વતત્ત્વ એકમેક થયેલું છે. એવા સ્વતત્ત્વને પામો.

## "સ્યાત્કાર લક્ષણવાળું જિનેશ શાસન"

''એવા સ્વતત્ત્વને જનો સ્યાત્કાર લક્ષણ જિનેશ શાસનના વશે પામો.'' હે જનો! આવા સ્વતત્ત્વને સ્યાતકાર ચિહ્નવાળા જિન ભગવાનના શાસનનો આશ્રય કરીને પામો, સ્યાત્કાર=કોઈ અપેક્ષાએ કથન કરવું તે, દૃષ્ટાંતો :—આત્મામાં દુઃખ લાગે છે ને? કોઈ અપેક્ષાએ બરાબર છે. વર્તમાન પર્યાયમાં દુઃખ હોવા છતાં સ્વભાવમાં દુઃખ નથી, સ્વભાવમાં સુખ છે. આત્મામાં અશુદ્ધતા

દેખાય છે ને? જવાબ—કથંચિત્ વર્તમાન પૂરતી છે. ત્રિકાળ સ્વભાવમાં સંસાર નથી, ભય પામીશ નહિ, અમો દુઃખી છીએ ને? કથંચિત્ વર્તમાન પૂરતા દુઃખ છો, સ્વભાવમાં દુઃખ નથી.

આ પુણ્ય પાપ દેખાય છે ને? કથંચિત્ ક્ષણિક વર્તમાન પૂરતા દેખાય છે, સ્વભાવમાં પુણ્ય પાપ નથી. જે વખતે પર્યાયમાં દુઃખ છે, તે જ વખતે ત્રિકાળી સ્વભાવ સુખથી ભરેલો છે. જે વખતે પર્યાયમાં અશુદ્ધતા છે, તે જ વખતે ત્રિકાળી સ્વભાવ શુદ્ધતાથી ભરેલો છે, જે વખતે પર્યાયમાં અલ્પજ્ઞતા છે, તે જ વખતે ત્રિકાળી સ્વભાવ સર્વજ્ઞતાથી ભરેલો છે, જે વખતે પર્યાયમાં ક્રોધ છે, તે જ વખતે ત્રિકાળી સ્વભાવ ક્ષમાનો દરિયો છે, જે વખતે શરીરના સંયોગ રૂપે દેખાય છે તે જ વખતે ત્રિકાળી સ્વભાવની અપેક્ષા એ શરીરના સંયોગ રહિત છે, જે વખતે કર્મના સંયોગ રૂપે દેખાય છે તે જ વખતે ત્રિકાળી સ્વભાવ કર્મના સંયોગ રહિત છે.

આમ અપેક્ષા બરાબર સમજવી જોઈએ. આત્માનું તત્ત્વ પરિપૂર્ણ, શુદ્ધ, અસંગ છે.

પણ વર્તમાન અમોને એવું પ્રગટ ભાસતું નથી ને? કથંચિત્ પર્યાયમાં ભાસતું નથી, પણ અંતરમાં અનંત શક્તિ ભરેલી ભાસે છે.

નિમિત્ત વિના ભાસતું નથી ને? ખોટી વાત છે, તું સદાય નિમિત્ત વિનાનો છો તું નિમિતનો આશ્રય લે તો પણ તે કથંચિત્ છે, સ્વભાવમાં નિમિત્તનો આશ્રય નથી.

આત્મતત્ત્વ સર્વથા વિકારી હોય તેમ બને નહિ કારણ કે સ્વભાવમાં વિકાર નથી,

આત્મ તત્ત્વ સંસાર અવસ્થામાં સર્વથા અવિકારી હોય તેમ બને નહિ કારણ કે પર્યાયમાં વિકાર છે ભાઈ સાહેબ! અમો તો પામર છીએ ને? કથંચિત્ પર્યાયમાં પામરતા છે. સ્વભાવમાં પામરતા નથી. પણ પ્રભુતા છે. પામરતા પર્યાયમાં કબૂલી છે તે જ વખતે સ્વભાવમાં પ્રભુતા છે એવી શ્રદ્ધા કરે તો પામરતા ટળીને પ્રભુતા થશે.

બૈરાં, છોકરાંમાં, પૈસામાં આનંદ દેખાય છે તેવો આનંદ પ્રત્યક્ષ દેખીયે તો માનીએ? પ્રથમ નક્કી કરે કે તે આનંદ નથી. પણ આકુળતા ને દુઃખ છે, તે કથંચિત્ સમય પૂરતા છે. ત્રિકાળ સ્વભાવમાં શુદ્ધતા, અભેદતા, અખંડતા ભરેલી છે, એવી શ્રદ્ધા કર આ જ માર્ગ છે.

## "તેવા આનંદમય સ્વતત્ત્વને સ્યાતકાર ચિન્હવાળા જિન ભગવાનના શાસન દ્વારા પામો"

આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે. તેનું લક્ષ કરીને જે જિનેશ્વર ભગવાનની આજ્ઞાને આધિન વર્તે છે એટલે કે તેમણે કહેલા સ્યાદ્વાદ કથન મુજબ શ્રદ્ધા—જ્ઞાન કરે છે તેને ધર્મ થાય છે. પુણ્ય—પાપના ભાવો વિકાર છે, તે સમય પૂરતા છે, આત્મા તો વિકાર રહિત શુદ્ધ છે તેના અવલંબનથી સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર પર્યાય પ્રગટ થાય છે, જ્ઞાનાનંદનું પૂર વહે છે. અનંતા સિદ્ધો થઈ ગયા છે તેમને જ્ઞાનાનંદનું પૂર વહી રહ્યું છે, તારામાં પૂર વહે તેવી શક્તિ છે.

અજ્ઞાની જીવો કહે છે કે જેમ તપેલાને કાટ ચડ્યો હોય તો સીંદરીથી ઘસીએ તો કાટ જાય તેમ અનાદિના નિધ્ધત ને નિકાચિત કર્મોનો કાટ આત્માને ચોંટયો છે તે તપશ્ચર્યા વિના શી રીતે જાય? એમ અજ્ઞાની દલીલ કરે છે.

ભાઈ, શુભ ભાવ તે તપ નથી જ્ઞાનાનંદ સ્વભાવની રુચિ કરી તેમાં ઠરવું તે તપ છે ને ચારિત્ર છે, સમજ્યા વિનાનો તપ ફોતરાં ખાંડવા સમાન છે. માટે પ્રથમ સાચાં શ્રદ્ધા—જ્ઞાન તો કરો પછી ક્રમે ક્રમે રાગ ટળી, વીતરાગદશા થશે.

વર્તમાન પર્યાયમાં વિકાર છે ને આત્મા ત્રિકાળ સ્વભાવે શુદ્ધ છે, સ્વભાવમાં રમણતા કર તો વિકાર ઘટતો જશે અંતે વીતરાગતા ને કેવળદશાની પ્રાપ્તિ થશે, જેવી રીતે લક્ષણથી લક્ષ્ય પદાર્થ ઓળખાય છે તેમ અહીં સ્યાત્કાર લક્ષણ છે—અપેક્ષાથી કથનનું જ્ઞાન તે લક્ષણ છે ને લક્ષ્ય આત્મા છે એવા પ્રકારે સ્યાત્કાર ચિન્હ દ્વારા આત્માને ઓળખો ને સ્વતત્ત્વને પામો.

[હવે, અમૃતચંદ્ર સૂરિ આ ટીકાના રચનાર છે એમ માનવું યોગ્ય નથી એવા અર્થના કાવ્યદ્વારા યથાર્થ વસ્તુ સ્વરૂપને દર્શાવી સ્વતત્ત્વ પ્રાપ્તિની પ્રેરણા કરવામાં આવે છે :

## શ્લોક ૨૦

[અર્થ :—] (ખરેખર પુદ્‌ગલો જ સ્વયં શબ્દરૂપે પરિણમે છે, આત્મા તેમને પરિણમાવી શકતો નથી, તેમ ખરેખર સર્વ પદાર્થો જ સ્વયં જ્ઞેયપણે—પ્રમેયપણે પરિણમે છે, શબ્દો તેમને જ્ઞેય બનાવી સમજાવી શકતા નથી માટે) ''આત્મા સહિત વિશ્વ તે વ્યાખ્યેય (સમજાવવા યોગ્ય) છે, વાણીની ગૂંથણી તે વ્યાખ્યા (સમજૂતી) છે અને અમૃતચંદ્રસૂરિ તે વ્યાખ્યાતા (વ્યાખ્યા કરનાર, સમજાવનાર) છે'' એમ મોહથી જનો ન નાચો (-ન ફુલાઓ), પરંતુ સ્યાદ્‌વાદ વિદ્યાના બળથી વિશુદ્ધ જ્ઞાનની કળાવડે આ એક આખા શાશ્વત સ્વતત્ત્વને પ્રાપ્ત કરીને આજે (જનો) અવ્યાકુળપણે નાચો (—પરમાનંદ પરિણામે પરિણમો).

## આત્મા શબ્દોને પરિણમાવતો નથી, પુદ્‌ગલો સ્વયં શબ્દરૂપે પરિણમે છે.

આચાર્ય ભગવાન કહે છે કે ''અમોએ આત્માને વાણીદ્વારા કહ્યો તે વાત સાચી નથી. ચૈતન્યના સ્વરૂપને શબ્દોથી વર્ણવવાની તાકાત આત્માની નથી, તે વાણીની તાકાત છે.'' આચાર્ય ભગવાન નિર્માની છે માટે આમ કહે છે એમ ન સમજવું. ત્રણે કાળ આત્મા વાણીનો કર્તા નથી. આત્મા તો જ્ઞાતાદ્રષ્ટા સ્વરૂપ છે, કોઈ કહે કે 'આ ટીકાના રચનાર અમો છીએ' તો તેમ માનવું યોગ્ય નથી. ખરેખર પુદ્‌ગલો જ સ્વયં શબ્દરૂપે પરિણમે છે. આત્મા તેમને પરિણમાવી શકતો નથી.

અહીં કોઈ પૂછે કે તો પછી ભીંતમાંથી અવાજ કેમ નીકળતો નથી?

સમાધાન :—ભાષાના કાળે ભાષા થાય છે, ભાષાનો પર્યાય ન થવાનો હોય તો ન થાય જ્યારે પરિણમવાનો યોગ્ય કાળ હોય ત્યારે પરિણમે છે, આત્મા તેનો કર્તા નથી.

અજ્ઞાની જીવ અભિમાન કરે છે કે અમારો કંઠ કેવો સારો છે! અમો ભાષણ કરીએ ત્યારે હજારો માણસો ભેગા થાય ને સ્તબ્ધ થઈ જાય પણ ભાઈ, એમ માનવું તે ભ્રમ છે. આત્મા ચૈતન્ય અરૂપી પદાર્થ છે. પુદ્‌ગલ અચેતન, રૂપી પદાર્થ છે. આત્મામાં ભાષાની ખાણ નથી કે તે બોલે બન્ને ને અત્યંત અભાવ છે. જગતમાં ભાષાવર્ગણાના પરમાણુ પડ્યા છે તે શબ્દરૂપે પરિણમન કરે છે. આત્મા તેને પરિણમાવી શકતો નથી. આત્મા જ્ઞાન કરે અથવા અભિમાન કરે પણ ભાષાનું પરિણમન કરી શકે નહિ.

## શરીર, વાણી વગેરે પુદ્‌ગલનું પરિણમન છે.

ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનનો ૐ ધ્વનિ જડ છે, રૂપી પુદ્‌ગલ છે, તેનું પરિણમન પુદ્‌ગલ પરમાણુના કારણે થાય છે. જડની પર્યાય આત્મા કરી શકતો નથી. અજ્ઞાની અહંકાર કરે છે. અહીં તો બીજું કહેવું છે કે જેમ ઝીણા લોટમાંથી મેસુબ બને છે ને જાડા લોટમાંથી મગજ બને છે તેમ ઝીણા પરમાણુમાંથી વાણી બને છે ને જાડા પરમાણુમાંથી શરીર બને છે. શરીર ને વાણીનો કર્તા પુદ્‌ગલ પરમાણુ છે. આત્મા તેનો કર્તા નથી.

અહીં કોઈ પૂછે કે જેવું બોલવા માગે તેવું આત્મા બોલી શકે ને?

**સમાધાન :—**ભાઈ તું ઈચ્છા કરી શકે છે પણ તારી ઈચ્છાની તાકાત નથી કે ભાષા કરી શકે? ભાષા સ્વતંત્ર ને ઈચ્છા સ્વતંત્ર છે. આવા ભાન વિના અજ્ઞાની કહે કે અમો સામાયિક કરીએ, પોષધ કરીએ, પ્રતિક્રમણ કરીએ છીએ, ધર્મ કરીએ છીએ પણ ભાઈ જે જીવ શરીરની કે વાણીની ક્રિયાનો સ્વામી થાય છે તે અજ્ઞાની છે, તેને ધર્મ થતો નથી. માટે આચાર્ય ભગવાન કહે છે કે અમોએ શાસ્ત્રની રચના કરી છે એમ માનશો નહિ કારણ કે આત્મા શબ્દોને પરિણમાવી શકતો નથી.

## ભગવાનનો ૐ ધ્વનિ પણ પદાર્થોને જ્ઞેય બનાવી—સમજાવી શકતો નથી

ખરેખર સર્વ પદાર્થો જ સ્વયં જ્ઞેયપણે પરિણમે છે. શબ્દો તેમને જ્ઞેય બનાવી સમજાવી શકતા નથી. શબ્દમાં તાકાત નથી કે તે આત્માને સમજાવે પણ જ્ઞાન વડે આત્મા સમજી શકાય એવો છે. માટે તારા જ્ઞાનપર્યાય વડે તારા આત્માને પ્રમેય બનાવ. શબ્દના કારણે જ્ઞાન થાય તે વાત કોઈ રીતે બની શકતી નથી. શબ્દ તો પુદ્‌ગલની પર્યાય છે ને સમજણ તે આત્માની જ્ઞાનપર્યાય છે. જો શબ્દથી જીવ સમજતો હોય તો ઘણા તીર્થંકરો થઈ ગયા તેનાથી બધા સમજી જવા જોઈએ પણ એમ બનતું નથી. પોતે સમજે તો વાણીને નિમિત્ત કહેવાય.

જ્ઞાનમાં તાકાત છે કે તે આત્માને પ્રમેય બનાવે,
વાણીમાં તાકાત નથી કે તે આત્માને પ્રમેય બનાવે.
પુણ્ય-પાપની તાકાત નથી કે આત્માને ખ્યાલમાં લાવે,
ભગવાનની વાણી જ્ઞાન કરાવી આપે એવી તાકાત વાણીમાં નથી,
જ્ઞાન આત્મામાં છે, વાણીમાં નથી. આમ વસ્તુ સ્વરૂપ સમજે તો કામ આવે.

## આત્મા સહિત બધા પદાર્થો વાણી દ્વારા સમજવા યોગ્ય થાય એવી તે પદાર્થોની લાયકાત નથી.

'આત્મા સહિત વિશ્વ તે વ્યાખ્યેય (સમજાવવા યોગ્ય છે) એમ મોહથી જનો ન નાચો.'

આ જગતમાં આત્મા સહિત છ દ્રવ્યો છે. તે વાણીથી સમજાવવા યોગ્ય છે એમ મોહથી ન નાચો. તે પદાર્થો જ એવા છે કે તે વાણીથી પ્રમેય બની શકે તેવા નથી. પદાર્થો વાણીથી સમજાવવા યોગ્ય છે એમ ન માનો. ત્રિલોકનાથ તીર્થંકર ભગવાને વસ્તુ સ્વરૂપ બનાવ્યું નથી પણ જેવું સ્વરૂપ છે તેવું જાણ્યું ને વાણી દ્વારા આવ્યાં તે વાણીમાં એમ આવ્યું કે વાણી દ્વારા સમજવા યોગ્ય થાય તેવો આત્મા નથી. પુદ્‌ગલ વગેરે બીજાં દ્રવ્યો પણ વાણી દ્વારા સમજવા યોગ્ય થાય તેવાં નથી. પણ તે પદાર્થો જ્ઞાન દ્વારા જાણી શકાય–પ્રમેય થઈ શકે એવા છે. જે પદાર્થો જ્ઞાન દ્વારા જાણી શકાય–પ્રમેય થઈ શકે તે વાણી દ્વારા પ્રમેય થઈ શકે એમ કેમ બને? ન જ બને. માટે આત્મા સહિત છ દ્રવ્યો વાણીથી સમજાવવા યોગ્ય છે એવા મોહથી હે જનો! તમો ન ફુલાઓ એટલે કે એવો મોહ તમો કરો નહિં.

## ભગવાનની વાણી પદાર્થોને સમજાવી શકે ને જ્ઞાન આપે એવી વાણીમાં તાકાત નથી.

''વાણીની ગૂંથણી તે વ્યાખ્યા (સમજૂતી) છે એમ મોહથી જનો ન નાચો'' વાણી તો ભાષા વર્ગણાનું પરિણમન છે તે તો જડની પર્યાયમાં છે ને સમજણ થવી તે આત્માની પર્યાય છે. બન્નેને અત્યંત અભાવ છે. માટે વાણીથી જ્ઞાન થતું નથી પણ પોતાથી જ્ઞાન થાય છે એમ સાચું જ્ઞાન કરો. વાણીથી જ્ઞાન થતું હોય તો જેટલા વાણી સાંભળે તે બધાને સરખું જ્ઞાન થવું જોઈએ. પણ એમ બનતું નથી. વાણીથી સમજૂતી થાય છે એમ જ્યાં સુધી મિથ્યા માન્યતા જીવની રહે ત્યાં સુધી તેનું લક્ષ સદાય વાણી ઉપર જ રહ્યા કરશે, વાણી ઉપરનું લક્ષ છોડી પોતાના જ્ઞાન સ્વભાવ ઉપર લક્ષ કરવાનો પ્રસંગ આવશે નહિ. ને તેને સાચું જ્ઞાન કદી થશે નહિ માટે વાણીથી સમજૂતી થાય છે. એવા મોહથી જનો ન નાચો એવા મિથ્યાભાવથી કૂદકો ન મારો.

## આત્મા વાણી તથા અક્ષરનો કર્તા થઈ શકે એવી આત્મામાં તાકાત નથી

'અમૃતચંદ્રસૂરિ તે વ્યાખ્યાતા (વ્યાખ્યા કરનાર, સમજાવનાર) છે એમ મોહથી જનો ન નાચો'

અહીં આચાર્ય ભગવાન કહે છે કે અમો સમજાવનાર છીએ એમ ન માનો અમો આ શબ્દોના કર્તા નથી. પુદ્‌ગલ શબ્દરૂપે પરિણમે છે. આ પરમાણુઓ જગતના પદાર્થો છે. તેનામાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ થયા કરે છે. એક અક્ષર અનંતા પરમાણુની સ્કંધરૂપ અવસ્થા છે તેના અમો પરિણમાવનાર નથી ને વાણી જે બોલાય છે તેના પણ અમો કર્તા નથી.

અહીં કોઈ કહે કે આવું તે હોય? વ્યવહારે પણ ન બોલી શકાય? આત્મા આ બોલે છે ને?

**સમાધાન :** ભાઈ, આત્મા બોલતો નથી. બોલે તે આત્મા નહિ, બોલે તે બીજો, બોલે તે જડ. અજ્ઞાની જીવ કંઠનું, સૂરનું, ભાષાનું અભિમાન કરે છે. ભાષાનો કર્તા આત્મા નથી. આચાર્ય ભગવાન કહે છે કે અમોને વાણીના શબ્દના કર્તા ન બનાવો, અમોને જડના કર્તા ન બનાવો, ભાષા ભાષાપણે છે ને આત્માપણે નથી. આત્મા આત્માપણે છે ને ભાષાપણે નથી. માટે આત્મા ભાષાનો કે અક્ષરનો કર્તા છે, અથવા અમૃતચંદ્રસૂરિ આ ટીકાના કરનાર છે એવા મોહથી જનો ન નાચો, એટલે કે એવો મોહ કરો નહિ.

## જ્ઞાન, પદાર્થ, વાણી ત્રણે એક સાથે હોવા છતાં સ્વતંત્ર છે, એકબીજાને પરાધીન નથી

ધર્મી જીવને, સ્વભાવમાં ઠરી ન શકે ત્યાં સુધી, વિકલ્પ ઊઠે છે ને ભાષામાં આવે કે કુંદકુંદાચાર્ય ભગવાનનો ને અમૃતચંદ્રાચાર્ય ભગવાનનો ઉપકાર ઘણો છે. એવી ભાષા ભાષાના કારણે નીકળે છે. જ્ઞાનમાં ભાષાનો અભાવ છે. જ્ઞાન, પદાર્થ ને વાણી ત્રણે છે ખરા કોઈનો પણ અભાવ નથી, છતાં ત્રણે સ્વતંત્ર છે. અમુક શબ્દો બોલાય ત્યારે શબ્દ તથા પદાર્થને જાણનાર જ્ઞાન છે, પદાર્થ પણ છે ને શબ્દો પણ છે. ત્રણે સાથે હોવા છતાં એકબીજાને પરાધીન નથી એમ અહીં કહેવું છે. નિમિત્તને લીધે વાણી નીકળી નથી. ઈચ્છાને લીધે વાણી નીકળી નથી પણ વાણી નીકળે ત્યારે જો ઈચ્છા હોય તો ઈચ્છાથી વાણી નીકળી એમ કથન કરવામાં આવે છે પણ ઈચ્છાથી વાણીનું પરિણમન થાય છે એમ માની લેશો નહિ.

## પ્રશંસા, નિંદા વગેરે જડની પર્યાયો છે, આત્મા તેનો કર્તા નથી. તેનાથી આત્માને લાભ–નુકસાન નથી

આમ જ્યારે આત્મા વાણીનો કે શબ્દરૂપે લખાવાની પર્યાયનો કર્તા નથી તો તેનાથી ઘણા દૂર વર્તતા પદાર્થોને દૂર કરી શકે કે લાવી શકે તે વાત અશક્ય છે. અજ્ઞાની જીવ માને છે કે રીતભાત સારી હોય તો રૂપિયા ભેગા કરી શકાય. ધ્યાન રાખ્યું તો મોતીના દાણા જેવા અક્ષર થયા. પણ ભાઈ એ બધી માન્યતા મિથ્યા છે. પર પદાર્થનું પરિણમન આત્માને આધીન નથી માટે તેનું અભિમાન છોડ. આમ નક્કી કરે તો ઘણું સમાધાન થાય. કોઈ જીવ પ્રશંસા કે નિંદા કરે તો વિચારે કે કોણ કોની નિંદા કરે? પ્રશંસા કે નિંદાના શબ્દો તો જડની પર્યાય છે, તેને સામો જીવ કરી શકતો નથી. તે જડની પર્યાયને લીધે મને લાભ કે નુકસાન નથી. આમ સાચી સમજણ થતાં શાંતિ થાય છે. અજ્ઞાની જીવ જ્ઞાતાદ્રષ્ટા નહિ રહેતાં પ્રશંસા કે નિંદાથી મને આમ થયું એમ મિથ્યાત્વનાં લાકડાં ખોસે છે. અહીં આચાર્ય ભગવાન કહે છે કે આત્મા વાણીનો કર્તા છે એવા મોહથી ન નાચો.

## અનેકાંતસ્વરૂપ સમ્યગ્જ્ઞાનના બળથી શાશ્વત સ્વતત્ત્વને પ્રાપ્ત કરી પરમ આનંદને અનુભવો

"પરંતુ સ્યાદ્વાદ વિદ્યાના બળથી વિશુદ્ધ જ્ઞાનની કળા વડે આ એક આખા શાશ્વત સ્વ તત્ત્વને પ્રાપ્ત કરીને આજે (જનો) અવ્યાકુળપણે નાચો (પરમાનંદ પરિણામે પરિણમો).

આત્મા વાણીનો કર્તા છે ને વાણીથી જ્ઞાન છે તેવો મોહ કરશો નહિ પરંતુ સ્યાદ્વાદ વિદ્યાના બળથી ને વિશુદ્ધ જ્ઞાનની કળા વડે આત્માનો અનુભવ કરો. આત્મા સ્વપણે છે ને પરપણે નથી; આત્મા આત્માપણે છે, વાણીપણે નથી; ભાષા ભાષાપણે છે, આત્માપણે નથી, અલ્પજ્ઞતા પર્યાયમાં હોવા છતાં સર્વજ્ઞ થઈ શકાય છે. વિકાર હોવા છતાં અવિકારી થઈ શકાય છે. એમ સ્યાદ્વાદ વિદ્યાના બળથી અનુભવ કરો. જુઓ, અહીં શબ્દ **સ્યાદ્વાદવિદ્યા** વાપરેલ છે. સ્યાદ્વાદ કથન કહ્યું નથી, પણ અનેકાંત સમ્યગ્જ્ઞાન લીધું છે. નિમિત્તને તથા પુણ્ય પાપને વેદવાની દૃષ્ટિ છોડીને અખંડ સ્વભાવની દૃષ્ટિ કરીને અનુભવ કરો. વર્તમાન પર્યાયમાં રાગદ્વેષ હોવા છતાં ને જ્ઞાનની પર્યાયમાં વ્યક્તરૂપે આખો આત્મા ભલે પ્રત્યક્ષ ન જણાય, છતાં આખો આત્મા શુદ્ધ પરિપૂર્ણ છે એવી પ્રતીતિ કરી શકાય છે. આમ અંતરજ્ઞાનમાં નક્કી કરેલ છે તેને વિશુદ્ધ જ્ઞાનકળા કહેવાય છે. જ્ઞાનકળા વડે સ્વતત્ત્વને પ્રાપ્ત કરો એમ કહ્યું છે. પણ નિમિત્ત વડે, પુણ્ય—પાપ વડે, રાગ વડે, વાણી વડે પ્રાપ્ત કરો એમ કહ્યું નથી. જ્ઞાનકળા વડે આ એક આખા શાશ્વત નિરાકુળ શુદ્ધ આત્માને પ્રાપ્ત કરીને આજે પરમાનંદ પરિણામે પરિણમો, પરમાં ન નાચો, મોહમાં ન નાચો, પુણ્યમાં ન નાચો, વાણીનું ને રાગનું અભિમાન છોડો ને જ્ઞાનની દૃઢતા કરો.

કોઈ કહે કે પંચમકાળ છે ને આવો પરમાનંદનો અનુભવ કરવાનું કેમ કહ્યું?

**સમાધાન :** ભાઈ, કાળ સામે કોણ જુએ છે? દૃષ્ટિ અખંડ શુદ્ધ ચૈતન્ય ઉપર જ છે. પંચમકાળમાં સ્વરૂપ સમજાય તેવું નથી એમ કહીને સ્વરૂપને જે જીવ કઠણ માને છે તે જીવોને પુણ્યની રુચિ એટલે જડની રુચિ છે, પણ આત્માની રુચિ નથી. આત્માનું સ્વરૂપ કઠણ કહેનારા અને પુણ્ય તથા જડનું કાર્ય સહેલું કરનારા ને માનનારા બહિરાત્મા છે, તેથી આચાર્ય ભગવાન કહે છે કે મોહને છોડી સ્યાદ્વાદ વિદ્યાના બળથી પરમ શુદ્ધ આનંદદશાને આજે જ પામો—એમ આશીર્વાદપૂર્વક આદેશ આપે છે.

## સ્યાદ્વાદ વિદ્યા વસ્તુના અનેકાંત સ્વરૂપને બતાવે છે

"પરંતુ સ્યાદ્વાદ વિદ્યાના બળથી વિશુદ્ધ જ્ઞાનની કળા વડે આ એક આખા શાશ્વત સ્વતત્ત્વને પ્રાપ્ત કરીને આજે જનો અવ્યાકુળપણે નાચો (પરમાનંદ પરિણામે) પરિણમો.

અહીં આચાર્ય ભગવાન આશીર્વાદ પૂર્વક આદેશ આપે છે કે અનેકાંતરૂપી જ્ઞાનથી સ્વતત્ત્વને પ્રાપ્ત કરીને પરમ આનંદને અનુભવો, કેવી છે સ્યાદ્વાદ વિદ્યા? વર્તમાન વિકાર હોવા છતાં ત્રિકાળ સ્વભાવમાં વિકાર નથી. આત્મવસ્તુ એક હોવા છતાં અનંતા ગુણોનો પિંડ છે ને અનંતા ગુણો હોવા

છતાં વસ્તુએ એક છે. એક છે તે જ અનેક છે, અનેક છે તે જ એક છે. ત્રિકાળ સ્વભાવ નિર્મળ હોવા છતાં પર્યાયમાં મલિનતા છે. આત્મા દ્રવ્યદૃષ્ટિએ કાયમ રહેનારો છે તે જ સમય સમયની અવસ્થા દૃષ્ટિએ ક્ષણિક છે. આમ પર્યાયમાં વિકલ્પ દ્વારા જીવ નક્કી કરે છે તે વખતે રાગ સહિત દેખાય છે છતાં સ્વભાવ તો રાગ રહિત છે. આનું નામ સ્યાદ્વાદવિદ્યાનું બળ અથવા અનેકાંત છે. તેથી જ્ઞાન વિશુદ્ધતા પામ્યું છે.

## અનેકાંત શ્રુતજ્ઞાનના બળવડે શુદ્ધ આત્માને પામી પરમ આનંદને અનુભવો

આવા અનેકાંતમય વિશુદ્ધ જ્ઞાનના બળથી આ એક શાશ્વત સ્વતત્ત્વને પ્રાપ્ત કરીને આજે જનો પરમાનંદરૂપે પરિણમો સમયે સમયે જે જ્ઞાનની પર્યાય દેખાય છે તે વડે એકાગ્ર થવાય છે પણ નિમિત્ત વડે કે પુણ્ય વડે એકાગ્ર થવાતું નથી પરમેશ્વરે આત્મા બનાવ્યો નથી પણ બતાવ્યો છે. તેઓ કહે છે કે શરીર, સ્ત્રી, લક્ષ્મી આદિનો ધણી આત્મા નથી પુણ્ય પાપનો પણ ધણી નથી. અંતર જ્ઞાન આનંદાદિ લક્ષ્મી પડી છે તેનો ધણી આત્મા છે. એમ સમ્યગ્જ્ઞાન કળા વડે આખા સ્વતત્ત્વને પર્યાયમાં લક્ષમાં લ્યેને દેહની ક્રિયાને પુણ્ય–પાપની ક્રિયાની રુચિ છોડે તો સ્વતત્ત્વના આનંદનો અનુભવ થાય તેમ છે. વર્તમાન પર્યાય ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિ કરે તો આજે આત્માનું ભાન થઈ અંતર અનુભવ થઈ શકે એમ છે. વળી શાશ્વત સ્વતત્ત્વ કહ્યું છે ભૂતકાળમાં જ હતો એમ નહિ, તેમ જ વર્તમાન જેટલો પણ નહિ પરંતુ ત્રણે કાળ શાશ્વત રહેનારો છે. વર્તમાન પર્યાય પૂર્ણ નહિ હોવા છતા પૂર્ણને લક્ષમાં લ્યે છે. એક સમયની પર્યાયમાં આખું શાશ્વતદ્રવ્ય આવી જતું નથી છતાં એક સમયની પર્યાય આખા દ્રવ્યને પ્રતીતિમાં લ્યે છે એનું નામ સ્યાદ્વાદ છે. આવા જ્ઞાનના બળથી શુદ્ધ ચૈતન્યકંદ આત્માને પ્રાપ્ત કરી જનો પરમ આનંદ દશા પ્રાપ્ત કરો એમ આચાર્ય ભગવાન આદેશ સાથે આશીર્વાદ આપે છે. પણ **જે સમજે તેને માટે આશીર્વાદ છે.**

[હવે કાવ્ય દ્વારા ચૈતન્યનો મહિમા ગાઈને તે જ એક અનુભવવા યોગ્ય છે, એમ પ્રેરણા કરીને આ પરમ પવિત્ર પરમાગમની પુર્ણાહૂતિ કરવામાં આવે છે.]

### કળશ ૨૧

**અર્થ :** આ રીતે (આ પરમાગમમાં) અમંદપણે [જોરથી બળવાનપણે, મોટે અવાજે] જે થોડું ઘણું તત્ત્વ કહેવામાં આવ્યું, તે બધું ચૈતન્યને વિષે ખરેખર અગ્નિમાં હોમાયેલી વસ્તુ સમાન [સ્વાહા] થઈ ગયું. [અગ્નિને વિષે હોમવામાં આવતા ઘીને અગ્નિ ખાઈ જાય છે. જાણે કે કાંઈ હોમાયું જ ન હોય! તેવી રીતે અનંત મહાત્મ્યવંત ચૈતન્યનું ગમે તેટલું વર્ણન કરવામાં આવે તો પણ જાણે કે એ સમસ્ત વર્ણનને અનંત મહિમાવંત ચૈતન્ય ખાઈ જાય છે, ચૈતન્યના અનંત મહિમા પાસે બધું વર્ણન જાણે કે વર્ણન જ ન થયું હોય એમ તુચ્છતાને પામે છે.] તે ચૈતન્યને જ ચૈતન્ય આજે પ્રબળપણે–ઉગ્રપણે અનુભવો [અર્થાત્ તે ચિત્સ્વરૂપ આત્માને જ આત્મા આજે અત્યંત અનુભવો] કારણ કે આ લોકમાં બીજું કાંઈ જ [ઉત્તમ] નથી ચૈતન્ય જ એક પરમ [ઉત્તમ] તત્ત્વ છે.

**આ પરમ આગમમાં દિવ્યધ્વનિનો સાર થોડો ઘણો બળવાનપણે કહેવાયો છે.**

તીર્થંકર ભગવાનની વાણીમાં જે વસ્તુસ્વરૂપ આવેલું તે મહામુનિઓએ ઝીલેલું છે. કુંદકુંદાચાર્ય ભગવાન બે હજાર વરસ પહેલાં સીમંધર ભગવાનની વાણી સાંભળવા આઠ દિવસ મહાવિદેહ ક્ષેત્રમાં ગયા હતા. તે વાણી સાંભળીને ભરત ક્ષેત્રમાં આવીને, આ પરમાગમ બનાવેલ છે તેથી ભગવાનની વાણીનો સાર આમાં છે એટલે કે પ્રવચનનો સાર છે. તેમાં જોરથી થોડું ઘણું તત્ત્વ કહેવામાં આવ્યું છે. જ્ઞાન અધિકાર જ્ઞેય અધિકાર, ચરણાનુયોગ અધિકારમાં ઘણું કહેવાઈ ગયું છે આત્મા શરીરાદિથી પર છે, વિકાર તેનું સ્વરૂપ નથી, આત્મા તો જ્ઞાન—આનંદ સ્વરૂપ છે. તેનાં શ્રદ્ધા, જ્ઞાન ને રમણતાથી મોક્ષ થાય તેમ છે, બીજો ઉપાય નથી. આ વીતરાગ માર્ગ એક જ છે એમ જોરથી કહીએ છીએ. ધીમે ધીમે કહેતા નથી કોણ જાણે મોક્ષ કેમ થતો હશે? આવી રીતે હશે કે આમ હશે? એમ ડામાડોળ રાખતા નથી. પરથી કે પુણ્યથી ધર્મ નથી, વિકાર ક્ષણિક છે, આત્મા વિકાર રહિત છે તેનાથી જ ધર્મ છે. આ વસ્તુ આત્માથી પ્રત્યક્ષ પ્રગટ થયેલ છે, સર્વજ્ઞથી રજીસ્ટર થયેલ છે. આમ થોડું ઘણું કહેવામાં આવેલ છે.

**છતાં ચૈતન્યના મહિમા પાસે એ તત્ત્વનું ઘણું વર્ણન તુચ્છતાને પામે છે.**

છતાં પણ જે થોડું ઘણું તત્ત્વ કહેવામાં આવ્યું તે જેમ અગ્નિમાં નાખવામાં આવતા ઘીને અગ્નિ ખાઈ જાય છે, જાણે કે કાંઈ હોમાયું જ ન હોય તેવી રીતે અનંત મહાત્મ્યવાળો ચૈતન્યસ્વરૂપી આત્મા એ સમસ્ત વર્ણનને ખાઈ જાય છે એટલે કે ચૈતન્યના મહિમા પાસે બધું વર્ણન જાણે કે વર્ણન જ ન થયું હોય એમ તુચ્છતાને પામે છે. કારણ કે ચૈતન્ય સ્વરૂપ આત્મા વચનાતીત, મનાતીત, વિકલ્પાતીત છે, વાણીના વિલાસ સામું જોવાથી રાગ ઊઠે છે, રાગના ઉત્થાનને લીધે સ્વરૂપમાં ઠરી શકાતું નથી માટે વાણીના વિલાસ સામું નહિ જોતાં શુદ્ધ આત્મ તત્ત્વની સામે જોવું એમ કહેવાનો આશય છે.

**સર્વજ્ઞ ભગવાનનો ૐ ધ્વનિ પણ આત્માના સ્વરૂપને પૂરું કહી શકતો નથી.**

આત્મસ્વરૂપનું પૂરું વર્ણન ભગવાનની વાણીમાં પણ આવી શકતું નથી શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે :—

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહિ પણ તે શ્રી ભગવાન જો,
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે,
**અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ૦**

આત્મા ચિદાનંદ સ્વરૂપ સિદ્ધ સમાન છે, પુણ્ય—પાપ રહિત છે. પરમ પૂર્ણાનંદ દશાને સર્વજ્ઞ ભગવાન જ્ઞાન વડે જાણે છે પણ ૐ ધ્વનિદ્વારા તેઓ પણ પૂરું કહી શકયા નથી તો તે સ્વરૂપને છદ્મસ્થની વાણી શું કહી શકે? વાણીથી તે સ્વરૂપ પૂરું પડે તેમ નથી કારણ કે વાણી જડ છે. ને આત્મા અરૂપી જ્ઞાનસ્વરૂપ છે એટલે તે તો માત્ર અનુભવ ગોચર છે.

## આત્મા જ્ઞાન, દર્શન, વીર્ય આદિ સ્વરૂપલક્ષ્મીનો પૂર્ણભંડાર છે, તેનો એકવાર ભરોસો કર

એક છોકરાને બાપની મૂડીની ખબર ન હતી તેથી પૈસા માટે પરની ઓશિયાળ કરતો હતો. બાપના મિત્રે છોકરાને કહ્યું કે તારા બાપ મરતી વખતે તારા નામથી પચીસ લાખ રૂપિયા મૂકી ગયા છે ને તારી ઊમર મોટી થશે ત્યારે તને આપવામાં આવશે માટે ભિખારાવેડા છોડ. જ્યારે છોકરાને ખબર પડી કે હું પચીસ લાખનો આસામી છું ત્યારથી તેણે ભિખારાવેડા છોડી દીધા. તેમ સર્વજ્ઞ ભગવાન દરેક આત્માને કહે છે કે તું અનંત અનંત ગુણનો ભંડાર છો. જ્ઞાન, દર્શન, ચારિત્ર, અસ્તિત્વ, વસ્તુત્વ, કર્તૃત્વ, સ્વચ્છત્વ, વિભુત્વ, પ્રભુત્વ વગેરે અનંત શક્તિઓ તારામાં ભરી છે. તારા સુખ, આનંદ, ધર્મ માટે તારે બીજાના ઓશિયાળની જરૂર નથી. હે આત્મા! તારે મારી પણ ઓશિયાળ નથી. તું જ્ઞાન, દર્શન, વીર્યે પૂરો છો. શક્તિએ પૂરો છો એમ કબૂલ કર તો પર્યાયે પૂરો થઈશ. દયા, દાનાદિ વિકાર છે, સંસાર છે, તે તારું તત્ત્વ નથી. તું તો શુદ્ધ છો. જે વસ્તુ હોય તે અધૂરી હોઈ શકે નહિ, નિમિત્તનો તથા વિકલ્પનો આશ્રય લઈને અધૂરી કલ્પી છે. વસ્તુ અધૂરી નથી, પૂરી છે. એવી પૂર્ણની દૃષ્ટિ કર તો મોક્ષમાર્ગ પ્રગટ થઈ મોક્ષ પ્રાપ્ત થાય તેમ છે.

## આચાર્ય ભગવાનનો આદેશ :— શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્માને જ આજે પ્રબળપણે અનુભવો

અહીં આચાર્ય ભગવાન કહે છે કે નિમિત્તોની તથા પુણ્ય પાપની રુચિ છોડો ને શુદ્ધ ચૈતન્યની રુચિ કરો. જ્ઞાતાદૃષ્ટા સ્વભાવમાં ઠરો ને તેને જ ઉગ્રપણે અનુભવો. આજે ચૈતન્યને જ પ્રબળપણે અનુભવો પણ પુણ્ય–પાપને તથા આકુળતાને ન અનુભવો. જુઓ, આચાર્ય ભગવાન ઉગ્રતાથી અનુભવવાનું કહે છે. વળી આજે અનુભવો એમ કહે છે, વાયદા કરશો નહિ.

'આવી રીતે ક્રિયા કરીએ તો ધર્મ થાય, દયા, દાન, પૂજા, કરીએ તો ધર્મ થાય.' તે બધી વાત અજ્ઞાનીએ મનાવેલી છે. માટે તે અજ્ઞાન છોડી સાચી દૃષ્ટિ કરો, ચૈતન્યને જ ચૈતન્ય અનુભવો, અંદર નજર કરો, નજર કરનારને નજરમાં લ્યો, દેખનારને (દ્રષ્ટાને) દૃશ્ય બનાવો, જ્ઞાતાને જ્ઞેય બનાવો શ્રદ્ધા કરનારને શ્રદ્ધેય બનાવો, પ્રબળપણે અનુભવો.

અહીં કોઈ કહે કે ભાઈ સાહેબ, અમારે તો દાતણ વિના ન ચાલે, ચોખા વિના ન ચાલે, ચા વિના ન ચાલે એવી અમારી સ્થિતિ છે. બૈરાં છોકરાં, ધંધાપાણી અમોને ગળે વળગ્યા છે, તમો કહો છો કે અનંત લક્ષ્મીનો ભંડાર છો પણ અમોને તે લક્ષ્મી ક્યાંય નજરમાં આવતી નથી.

## પરનો ભરોસો છોડી આત્માની શક્તિનો ભરોસો કર, અનંત જીવો એ જ ઉપાયથી મોક્ષે ગયા છે

**સમાધાન :**—એ બધી પરવસ્તુ વગર જ જીવે ચલાવ્યું છે પણ તે વિના ન ચાલે તેવી

ઊંધી માન્યતા વગર ચલાવ્યું નથી. આત્માનું સ્વરૂપ સમજીને ઊંધી માન્યતા કાઢી નાખ એક પરમાણુ ને ફેરવવાની તાકાત જીવમાં નથી, પરમાણુ પરમાણુના કારણે છે ને જીવ જીવના કારણે છે. તું પોતે અનંત શક્તિનો ધણી છો એવો ભરોસો આવતો નથી. જગતની બધી વસ્તુનો ભરોસો આવે પણ પોતામાં આત્માની અનંત શક્તિનો ભરોસો આવતો નથી. જેટલા પરમેશ્વર થઈ ગયા તે પણ પ્રથમ સંસાર દશામાં હતા, પ્રથમ ઊંધી માન્યતા હતી પણ પછી સાચી શ્રદ્ધા કરી—આત્મા દેહ, મન, વાણીથી રહિત, પુણ્ય પાપથી રહિત શુદ્ધ છે એવાં શ્રદ્ધા, જ્ઞાન કરીને સ્થિરતા કરીને મોક્ષપદને પામ્યા છે. આ એક જ ઉપાય છે, કર્મને યાદ કરીશ નહિ. કોઈ કહે આ વિકાર થાય છે ને? અરે! વિકારને પણ યાદ કરીશ નહિ, વિકાર તારું સ્વરૂપ નથી, ક્ષણિક છે, તારા જ્ઞાતા દ્રષ્ટા સ્વભાવને પ્રબળપણે અનુભવ.

અહીં કોઈ કહે કે આત્માને જ અનુભવવાનું કહો છો, બીજું કાંઈ કરવાનું નહિ? પૈસા રળવાનું, દયા કરવાનું, પૂજા કરવાનું કાંઈ નહિ?

## પરની ક્રિયા આત્મા કરી શકતો નથી, શુભભાવ વિકારી ક્રિયા છે. શુદ્ધ આત્મા જાણવા–દેખવાની ક્રિયાવાળો છે.

**સમાધાન :** ભાઈ, પર વસ્તુની ક્રિયા આત્મા કરી શકતો નથી. જે કરી શકતો નથી તે કરવાનું કેવી રીતે કહેવાય? દયા, દાન, પૂજા વગેરેના ભાવો અથવા કમાવાના ભાવો ઉઠે છે તે બધા વિકાર છે, આકુળતાવાળા છે. જેમાં દુઃખ છે તે તારું ખરું સ્વરૂપ નથી માટે તેના ઉપરનું લક્ષ છોડી શુદ્ધ ચૈતન્ય સ્વભાવની દૃષ્ટિ કરી, સ્થિર થા ને એનો અનુભવ કર. જાણવા–દેખવાના સ્વભાવથી ભરેલો ધ્રુવ દરિયો છે, જેમ ગોળનો સ્વભાવ ગળપણ છે તેમ આત્માનો સ્વભાવ જાણવા–દેખવાનો છે. તેમાં એકાગ્ર થઈ સ્થિર થા તો તેમાંથી શાંતિ પ્રગટ થશે. આ એક જ અભંગ, અચળ ઉપાય છે.

## શુદ્ધ ચૈતન્ય સ્વભાવ એક જ ઉત્તમ વસ્તુ છે, બીજું કાંઈ ઉત્તમ નથી

ચૈતન્યને અનુભવવાનું કહ્યું એનું કારણ એ છે કે આ લોકમાં બીજું કાંઈ ઉત્તમ નથી, ચૈતન્ય જ પરમતત્ત્વ છે.

૧. બૈરાં, છોકરાં, કુટુંબ, મકાન, લક્ષ્મી ઇત્યાદિ આ જગતના પદાર્થો ઉત્તમ ચીજ નથી કારણ કે તે પર વસ્તુ છે.

૨. રાજાપણું મળવું, શેઠાઈ મળવી, મનુષ્યભવ મળવો, દેવના ભવો મળવા—તે પણ ઉત્તમ નથી કારણ કે તે પરવસ્તુ છે.

૩. ત્રિલોકનાથ પ્રભુ સર્વજ્ઞદેવ પોતાના માટે ઉત્તમ છે પણ બીજાને માટે ઉત્તમ નથી કારણ કે તે પરદ્રવ્ય છે.

૪. દયા દાનના પરિણામ ઉત્તમ ચીજ નથી સાચા દેવગુરુ શાસ્ત્રની શ્રદ્ધા નવ તત્ત્વનું વ્યવહાર જ્ઞાન, પૂજા, ભક્તિ, વ્રત આદિ કષાયમંદતાના પરિણામ વ્યવહાર રત્નત્રય પણ ઉત્તમ નથી કારણ કે તે ઉપાધિભાવ છે. વિભાવભાવ છે, તે ચૈતન્યનું ખરું સ્વરૂપ નથી.

૫. કોઈ કહે કે મંગલિકમાં ચાર ઉત્તમ આવે છે તે ઉત્તમ ખરા કે નહિ? અર્હંત લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહુ લોગુત્તમા, કેવલી પણ્ણતો ધમ્મો લોગુત્તમા ચારે ઉત્તમ ખરા? ના ચારેને જાણનારો ઉત્તમ છે.

૬. આખી ચૈતન્યવસ્તુ ઋદ્ધિથી ભરેલી છે તેવી દૃષ્ટિ કરીને અભેદ થયેલો શુદ્ધ ચૈતન્ય આત્મા એક જ ઉત્તમ છે. નિરુપાધિ સ્વભાવ પુણ્ય–પાપની લાગણી વિનાનો શુદ્ધ સ્વભાવ, જાણવા–દેખવાનો સ્વભાવ ભરપૂર ભરેલો છે એવો ચૈતન્યમય આત્મા એક જ ઉત્તમ છે.

અહીં આચાર્ય ભગવાને 'બીજું કાંઈ ઉત્તમ નથી' એમ નાસ્તિથી પહેલાં વાત કરીને છેવટે ચૈતન્ય જ એક પરમ તત્ત્વ છે એમ અસ્તિથી વાત કરીને આ મહાન પરમાગમ પ્રવચનસાર પૂરું કર્યું છે.

આ મહાન આગમમાં જ્ઞાન અધિકાર, જ્ઞેય અધિકાર ને ચરણાનુયોગ ચૂલિકામાં ઘણું કહેવાયું છે, વસ્તુનું સ્વરૂપ બહુ અલૌકિક રીતે કહેવાયું છે. વાદવિવાદ કરવાથી પાર આવે તેમ નથી. માટે જેને શ્રેય કરવું હોય, કલ્યાણ કરવું હોય, મુદ્દાની રકમ હાથમાં લેવી હોય તે સર્વેનો સાર એ જ છે કે આત્મા શુદ્ધ ચૈતન્યકંદ છે. તેની રુચિ કરીને રમણતા કર, આ એક જ સાર છે. વ્યવહારની વાતો ઘણી આવે પણ વ્યવહારથી પરમાર્થ પમાતો નથી. નીચેના મુદ્દા ખાસ લક્ષમાં લેવા જેવા છે.

## (૧) પૂર્વે નહિ અનુભવેલા અપૂર્વ જ્ઞાન ને આનંદસ્વરૂપ પરમાત્માને પ્રાપ્ત કરો જ.

પૃષ્ઠ ૪૪૯ ''પૂર્વે નહિ અનુભવેલા અપૂર્વ જ્ઞાનાનંદ સ્વભાવી ભગવાન આત્માને અત્યંતપણે જ પ્રાપ્ત કરે છે, જગત પણ જ્ઞાનાનંદાત્મક પરમાત્માને પ્રાપ્ત કરો જ.'' દયા, દાન, વ્રત, તપના ભાવ ઘણીવાર કર્યા છે, પાંચ મહાવ્રતનું પાલન કરી દ્રવ્યલિંગ ધારણ કર્યું છે. તેના ફળમાં અનંતીવાર નવમી ગ્રૈવેયકે ગયો છે, સાધુપણા વખતે ઈંદ્રાણી ડગાવે કે બીજા પરિષહો આવે તો પણ ડગે નહિ તેવું સાધુપદ પણ અપૂર્વ નથી. એવા ક્રિયાકાંડ તો ઘણીવાર કર્યા છે. રાજા ઘણીવાર થયો છે; ગૃહસ્થના ભવ કર્યા છે, નિર્ધન ને સધનનાં ભવ કર્યા છે, નરક ને નિગોદના ભવ કર્યા છે તેમાં નવાઈ નથી.

સંસારના લોલુપી જીવને પાંચ પચીસ લાખ રૂપિયા મળ્યા ત્યાં તો માને કે ''હું પહોળો ને શેરી સાંકડી.'' બાપા પાસે પૈસા ન હતા ને અમે અમારી કળાને લીધે કમાયા આમ અભિમાન કરે છે. ભાઈ, એ જડનું અભિમાન કર નહિ. એની પ્રાપ્તિ પુણ્યના યોગે થાય છે, તે અપૂર્વ નથી.

બીજો જીવ ધર્મના નામે કહે કે અમોએ વ્રત કર્યાં, પૂજા કરી, અમારા જેટલી તપશ્ચર્યા કોઈએ નહિ કરી હોય. એવું અભિમાન કરે છે પણ ભાઈ, એના કરતાં પણ વિશેષ ક્રિયાકાંડ કરીને નવમી ગ્રૈવેયકે અનંતીવાર ગયો તે અપૂર્વ નથી.

વિષયોમાં સુખ નથી, પુણ્યમાં સુખ નથી, તે આત્માનો સ્વભાવ નથી. આત્મા પોતે જ્ઞાન ને સુખસ્વરૂપ છે. એમ નક્કી કરીને અપૂર્વ જ્ઞાનાનંદ સ્વભાવને અનુભવો. પૂર્વે એક વાર પણ અનુભવ્યો નથી માટે તે જ અપૂર્વ છે. અહો ભવ્ય પ્રાણીઓ! આનંદને જન્મ આપનાર આત્માઓ! તમો વિકારને જન્મ આપનાર નથી. શ્રદ્ધા, જ્ઞાન, આનંદ અંતરમાં છે તેની પ્રસુતિ કરો. પ્રથમ શ્રદ્ધા—જ્ઞાન કરી સ્વભાવ તરફ ઢળતાં પરમાત્મપદને પ્રાપ્ત કરો જ.

## (૨) મહાજ્ઞાનરૂપી લક્ષ્મીવાળા પ્રકાશ ને આનંદમય સ્વતત્ત્વને સ્યાત્કાર લક્ષણ જિનેશ શાસનના વશે પામો.

(પૃષ્ઠ ૪૫૦) ''પ્રકાશમાન—આનંદમય સ્વતત્ત્વને જનો સ્યાત્કાર લક્ષણ જિનેશ શાસનના વશે પામો.''

કેવું છે સ્વતત્ત્વ? મુક્તિ સરિતામાં ડૂબેલું છે, મહાજ્ઞાનરૂપી લક્ષ્મી જેમાં મુખ્ય છે, ઉત્તમ રત્નના કિરણ જેવું સ્પષ્ટ છે, ઈષ્ટ છે ને પ્રકાશમાન છે એવા સ્વતત્ત્વને સ્યાત્કારલક્ષણ જિનેન્દ્રના શાસનના વશે પામો. આચાર્ય ભગવંતનો અંતર પોકાર છે કે 'પ્રાપ્ત કરો જ.' કેવું છે અનેકાંત? ગોળના રવા ઉપર જરા ધૂળ દેખાતી હોય તે તેનું સ્વરૂપ નથી પણ અંદર ગોળ મીઠો ભર્યો છે તેમ વિકાર જરા ઉપર દેખાતો હોય તે આત્માનું સ્વરૂપ નથી. પણ અંદર આત્મા અમૃતકુંભ છે.

પર્યાયે પલટતો છે, અંતર દ્રવ્ય સ્વભાવે કૂટસ્થ છે, વસ્તુપણે એક છે, જ્ઞાન, દર્શન, ચારિત્ર વિગેરે અપેક્ષાએ અનેક છે, પોતાપણે છે ને પરપણે નથી. પરથી અભાવ સ્વરૂપ છે, કર્મ શરીર, દેવગુરુ શાસ્ત્ર, બૈરાં, છોકરાં, લક્ષ્મી ઈત્યાદિથી અભાવ સ્વરૂપ છે ને પોતાથી પોતાના સ્વરૂપ છે. આમ સ્યાત્કાર ચિન્હ દ્વારા સ્વતત્ત્વને પામો.

## (૩) સ્યાદ્વાદ વિદ્યાના બળથી શાશ્વત સ્વતત્ત્વને પ્રાપ્ત કરી પરમાનંદરૂપે પરિણમો

(પૃષ્ઠ ૪૫૦) ''સ્યાદ્વાદ વિદ્યાના બળથી વિશુદ્ધ જ્ઞાનની કળા વડે આ એક આખા શાશ્વત સ્વતત્ત્વને પ્રાપ્ત કરીને આજે જનો અવ્યાકુળપણે નાચો.'

અજ્ઞાની શરીરના બળનું અભિમાન કરે છે તે તો પર ચીજ છે. લગ્ન કરતી વખતે વરપક્ષવાળા ગાય છે કે લક્ષ્મીનો બળિયો લગ્ન કર્યા વિના પાછો ફરશે નહિ. (તે લક્ષ્મીના બળમાં તો કાંઈ માલ નથી ને લગ્નના ભાવ વિકાર છે તેમાં સુખ નથી) તેમ અહીં કહે છે કે 'સ્યાદ્વાદ વિદ્યાનું બળ' પ્રાપ્ત કર્યું છે, તેણે પુણ્ય—પાપની રુચિ છોડી છે ને પોતાના સ્વભાવમાં જ્ઞાન જોડ્યું

છે. તે પુણ્ય–પાપથી કે જગતનાં મેણાંથી રોક્યો રોકાય તેવો નથી. જેમ દાગીનો વર્તમાન ઘડેલો દેખાય એટલું જ સોનું નથી તે તો વર્તમાન પર્યાય છે. સોનું અખંડ પરિપૂર્ણ છે તેમ વર્તમાન ઉઘાડ જેટલો આત્મા નથી. અંદર આત્મા અનંત અનંત શક્તિનો ભંડાર ભર્યો છે તેવી પ્રતીતિ જેણે સ્યાદ્વાદના બળથી કરી તે જીવ કોઈનો રોક્યો રોકાશે નહિ પણ મોક્ષલક્ષ્મીને જરૂર વરશે એટલા માટે અહીં આચાર્ય ભગવાન કહે છે કે સ્વતત્ત્વને પ્રાપ્ત કરી પરમ આનંદરૂપે પરિણમો.

## (૪) ચિત્‌સ્વરૂપ આત્માને જ આજે ઉગ્રપણે અનુભવો

(પૃષ્ઠ ૪૫૧) તે ચૈતન્યને જ ચૈતન્ય આજે પ્રબળપણે ઉગ્રપણે અનુભવો.

આ શુદ્ધ ચૈતન્યનાં શ્રદ્ધા–જ્ઞાન કરી પુરુષાર્થ કરી, લીનતા કરી તેને અનુભવો, આજે જ અનુભવો, વાયદા કરશો નહિ. જુઓ આચાર્ય ભગવંતના અપૂર્વ પુરુષાર્થના અપૂર્વ ભણકાર અપૂર્વ ઉપદેશ !

**આ ચાર બોલમાં આરાધકપણું કહ્યું છે, ઉગ્રપણું બતાવ્યું તે તીર્થંકર ભગવાનની દિવ્યધ્વનિનો સાર મૂકી દીધો છે, હવે વખત ગુમાવો નહિ નિમિત્ત, વિકારને અંશની રુચિ છોડો ને સ્વભાવની રુચિ કરી સ્વભાવને આજે જ અનુભવો, આ પ્રમાણે આચાર્ય ભગવાનનો આદેશ ઉપદેશ અને આશીર્વાદ છે.**

**[સમાપ્ત]**

દુઃખથી ત્રાસીને શાંતિ માટે ધા નાખતો જિજ્ઞાસુ વેગપૂર્વક આનંદધામ તરફ દોડે છે.

* * *

સમ્યક્ત્વને ઝંખતો જીવ પ્રથમ એટલો વિશ્વાસ કરે છે કે જગતમાં સુખનું ધામ કોઈ હોય તો તે મારું ચૈતન્યપદ જ છે. આવા વિશ્વાસના જોરે જેમ-જેમ અંતરમાં તેની લગની વધતી જાય છે તેમ તેમ આનંદનું ધામ તેને પોતાની અંદર નજીકને નજીક દેખાતું જાય છે....ને અંતે જેમ તરસ્યું હરણું પાણીના સરોવર તરફ દોડે તેમ તેની પરિણતિ વેગપૂર્વક આનંદમય સ્વધામમાં પ્રવેશીને સમ્યક્ત્વ વડે તે આનંદિત થાય છે....